[illegible]

વિધ વિધ નવાં પુસ્તકો.

વેદાંત:—

કિંમત.	રૂ.–આ.–પા.
મણિરત્નમાળા–મૂળસહિત ગુજરાતી ભાષાંતર.	૧— ૦—૦
ભગવદ્ ગીતા– મૂળ સહિત ગુજરાતી ભાષાન્તર.	૦— ૭—૦
ભગવદ્ ગીતા પંચરત્ન–મૂળ સહિત ગુજરાતી ભાષાન્તર	૦—૧૨—૦
યોગવાશિષ્ઠ (વૈરાગ્ય અને મુમુક્ષુ) (બે પ્રકરણ) ગુજરાતી	૦—૧૨—૦
અષ્ટાવક્ર ગીતા–મૂળસહિત ગુજરાતી ભાષાન્તર	૦— ૮—૦
ત્રયશતક ભર્તુહરિકૃત—મૂળસહિત ગુજરાતી ભાષાન્તર	૦—૧૨—૦

ધર્મ:—

મનુસ્મૃતિ—મૂળસહિત ગુજરાતી ભાષાન્તર	૨— ૮—૦
શ્રી પુરૂષોના પરસ્પરધર્મ ગુજરાતી	૦— ૨—૦
વ્યવહાર મયુખ મૂળસહિત ગુજરાતી ભાષાન્તર	૧— ૮—૦

યોગ:—

શિવસ્વરોદય—(શિવપાર્વતી સંવાદ) મૂળસહિત ગુજરાતી ભાષાંતર	૦— ૮—૦
રાજયોગ (સ્વા૦વિવેકાનંદકૃત અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં	૦—૧૨—૦
પાતાંજલ યોગદર્શન—મૂળસહિત ગુજરાતી ભાષાન્તર	૦—૧૨—૦
અધ્યાત્મ વિજ્ઞાન તત્ત્વ અથવા પૂર્વજોની સાથે વાતચિત કરવાની વિધા	૦— ૮—૦

વૈષ્ણવોપયોગી:—

વલ્લભ દિગ્વિજય પુરૂષોત્તમ સહસ્ત્રનામ સહિત ગુજરાતીમા	૧— ૮—૦
વૈષ્ણવોના નિત્યનિયમના ૩૨ ગ્રંથ મૂળસહિતગુજરાતી ભાષાન્તર	૦—૧૦—૦
બસો બાવન વૈષ્ણવની વાર્તા—ગુજરાતીમાં	૧— ૮—૦

વૈદક:—

યોગચિન્તામણી—મૂળસહિત ગુજરાતી ભાષાન્તર	૧— ૬—૦
નાડીજ્ઞાન તરંગિણિ તથા અનુપાનતરંગિણિ અને કાળજ્ઞાન મૂળસહિત ગુજરાતી ભાષાન્તર	૧— ૦—૦
પ્રૅક્ટીશ ઑફ મેડીસીન અથવા ઔષધોનો અનુભવ ગુજરાતી	૧— ૦—૦
અમૃતસાગર (પ્રતાપસાગર) ગુજરાતી	૨— ૦—૦
અનંતરંગ અથવા રસિકરંગ વિલાસ	૦—૧૨—૦
જંગલની જડી બુટ્ટી—ગુજરાતી	૦— ૮—૦
નપુષકાનંદમંદાર અથવા કામ કુતુહલ ભાગ ૧—૨ મૂળ સહિત ગુજરાતી ભાષાન્તર	૧— ૦—૦

ઉપરનાં પુસ્તકો શિવાય બીજાં સંસ્કૃત ગુજરાતી હિંદુસ્થાની વગેરે વગેરે પુસ્તકોનું "**સૂચીપત્ર**" અર્ધા આનાની ટીકીટ મોકલી મંગાવી લો.

પુસ્તકો મળવાનું ઠેકાણું.

મહાદેવ રામચંદ્ર જાગુંટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

ધાર્મિકતા—વીરતા—ધીરતા—સતીત્વતા—દેશપ્રેમિકતા

ભક્તિ ભરિત.

સતીચરિત્રસંગ્રહ.

લેખક—પુરોહિત પૂર્ણચંદ્ર શર્મ્મા.

પાટવી સરદાર પરાખિયા જાગીર.

પ્રકાશક.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણદરવાજા—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૨૦૦

"શ્રી સત્યનારાયણ" પ્રીન્ટીંગ પ્રેસમાં

પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યો.

ધીકાંટા—અમદાવાદ.

સંવત ૧૯૬૭. સને ૧૯૧૧.

મૂલ્ય. રૂ. ૧-૮-૦

આ અસાર સંસારમાં સારરૂપ સતી સુંદરીજ છે, એથીજ યોગીંદ્ર-પદધારક છતાં શ્રીમહાદેવજી સતી પાર્વતીજીને અર્ધાંગમાં રાખે છે.

સતી સુંદરિયોની હયાતી એજ સંસારસુખ, સ્વદેશોદય અને આત્મોદ્ધાર રૂપ સૂર્યપ્રભાની હયાતી છે!

જે દેશ અને ઘરમાં સતી સુંદરિયોના પગરજથી પવિત્ર થએલી રેણુ વિદ્યમાન છે તેજ દેશ અને ઘર ધન્યાતિધન્ય છે!!!

અર્પણ પત્ર.

જેઓ આર્યાવર્ત્તના અનુપમ અલંકારરૂપ આર્ય-આચારધા-
રિણી બાળાઓ, પોતાના વિવાહિત પતિને પ્રશંસનીય
પવિત્ર પ્રેમપુરઃસર ઇષ્ટદેવ-પરમગતિદાતાપંથ-મનોજ્ઞમિત્ર
અને શરીર ધન શૃંગારાદિ સંપત્તિનું જીવન માને છે
તેમ જ તન મન વચન રૂપ ત્રિપુટીની શુદ્ધતા
વડે નિશ્ચળ-અમલ સ્નેહ ભક્તિમાં સદૈવ લીન
રહી પ્રાણાદિ સર્વસ્વ સમર્પણ કરવા કટી-
બદ્ધ રહે છે. અથવા જેઓ સન્નારિયોના
સર્વોચ્ચપદ પ્રાપ્તિના પંથની પ્રવાસિકા
થવામાં ઉત્કટ અભિલાષાવંત છે, તે-
ઓ પતિવ્રત ધર્મપરાયણ-ઉદાર
હૃદયા સુશીલા-સુશિક્ષિતા-
પવિત્રાચારિણીઓનેજ આ
પુનીત વૃત્તાંતપૂર્ણ
પુસ્તકને અત્યંત
પ્રેમપૂર્વક સમ-
ર્પણ કરી
પરમાનંદ
પામું
છું.

ભારતભૂષણ ભગિનિયોનો ભ્રાતા
પૂર્ણચંદ્ર શર્મા.

प्रवेशक पत्र.

साध्वी शीलवती दयावसुमती दाक्षिण्य लज्जावती
तन्वी व्याजपराङ्मुखी स्मितवती मुग्धा प्रियालापिनी
देवब्राह्मणबन्धुसज्जनरता यस्यास्ति भार्या गृहे
तस्यार्थागमकाममोक्षफलदां कुर्वन्ति पुण्यप्रियाः ॥

પ્રિય પાઠકગણ ! શિરોલિખિત શ્લોક એજ દર્શાવી રહેલ છે કે જે ગૃહસ્થના ઘરમાં પતિવ્રતાધર્મપરાયણ–સદાચારિણી સતી કે જે દયા, લજ્જા, ભક્તિ, આચાર, વિચાર અને ધર્મમર્મવડે રસ બસ થયેલા હૃદયવાળી તથા હસતા ચ્હેરા યુક્ત મીઠું–સત્ય બોલનારી, અદંભી, આસ્તિક, અતિથિ આદિનો યોગ્ય સતકાર કરનારી હોય, તે ગૃહસ્થજ ચતુર્વર્ગ પુરૂષાર્થનો લાભ મેળવી જગતમાં અમર નામનાનો અધિકાર સ્વાધીન કરવા ભાગ્યશાળી નીવડે છે; કેમકે,—

"સતી સુંદરીઓ એજ સંસારનો સર્વોત્તમ શૃંગાર, સ્વધર્મ સ્વદેશોન્નતિનો આધાર, સદ્દગતી પ્રાપ્તિનો સત્ય સલાહકાર અને સર્વ આપત્તિઓનો સંહાર કરનાર તથા સમગ્ર સુદ્દસંપત્તિ બક્ષનાર મહાન પાઠસિદ્ધિ મંત્ર છે!" એમ મહાત્મા મનુજીનું માનનીય મહાવાક્ય છે। માટેજ હમેશાં દરેક નર નારીએ સતી ચરિત્રનોપાઠ સબળ ભાવના યુક્ત કરવો કે જેથી તે ભાવનાની પ્રબલતાવાળા વાતાવરણવડે ભવિષ્યમાં પોતાના દેશની દેશભ્રાતાની અને પોતાના ધર્મની ચડતીનો સમય સ્વાધીન થતાં સર્વ સિદ્ધિની સફળતા પ્રાપ્ત થાય છે.

માનસશાસ્ત્ર (Psychology) ના જ્ઞાતાઓ માને છે કે, એક વસ્તુ કે પ્રાણીનો આકાર તૈયાર થવો કિંવા એક અવયવ પૈદા થવા એનો મુખ્ય આધાર માનવોના ગુપ્ત મનોબળ ઉપરજ છે. પોતાનાં કામ અને આચાર વિચાર મુજબજ શરીરની રચના અને મનની વૃત્તિઓ રચાય છે.

પ્રોફેસર ક્લાઉસ્ટન પણ કહે છે કે—બચ્ચાઓની પૈદાશ અને જાતિની સર્વ ક્રિયા જેટલો શરીર સાથે સંબંધ રાખેછે તેટલોજ મન

સાથે સંબંધ રાખે છે. તે ક્રિયા સ્ત્રી અને પુરૂષના અવયવો સાથે તેમજ બાળક પેદા કરવાની ક્રિયા સાથે જેટલો સંબંધ રાખે છે તેટલોજ સંબંધ ઉપરના બેજા અને મન સાથે રાખે છે.

મનના વિચારો સારા રાખનાર સારાં નીતિ ધર્મ વીરત્વ અને સદાચારના સુલેખો પૂર્ણ પુસ્તકો જ છે. જેવાં પુસ્તકો વાંચિયે તેવાજ વિચારોનું હર વખ્ત અદોલન થયાંજ કરે છે, અને જે વિચારોનું આંદોલન થાય તેજ વિચારમય પોતાની સંતતી જન્મી તે તે વિચારને અમલમાં આણે છે.

મહાન્ નામાંકિત નરો અને પ્રશંસનીય સન્નારિયોનાં જે જે ચરિત્રો અવલોકિયે છિયે તે તે ચરિત્રો એજ પ્રતીતિ આપે છે કે સંતતીનાં માતા પિતા જે જે વિચારોને દઢતા પૂર્વક આચારમાં મૂકે તે તે વિચારોની દઢતામય પોતાની સંતતી નીવડે છે. કારણકે આહાર તેવાજ ઓડકાર. વિચાર તેવોજ આચાર, બીજ તેવાંજ ફળ અને પ્રેમ તેવીજ પ્રતીતપ્રભા હોય છે એમાં જરા શક નથી.

મનમાં રમી રહેલ હમેશના વિચારો તથા ગર્ભાધાન સમયની વિચારસૃષ્ટિ સંતતીમાં સારી કે નઠારી વર્તણુક બીજને ઉદ્ભવાવી નવ પલ્લવ કરી સફળતા સાથે બેટાડે છે એ નિર્વિવાદનો વિષય છે, અને એ બાબતની સાબેતી સંબંધમાં પ્રાચીન સમયના આર્ય દ્રષ્ટાંત અને પાશ્ચિમાત્ય પ્રજાના અર્વાચીન દાખલાઓ પુષ્કળ છે; પરંતુ તે બધા અત્ર ટાંકી બતાવતાં એક નાનકડા ગ્રંથ સમાન લેખ થઇ પડે, જેથી માત્ર આટલો ઇસારોજ બસ છે એમ માની કહીશ કે **"મહિલામહોદય"** અથવા **"સ્વદેશની ચડતીનું સર્વોત્તમ સાધન"** અથવા **"સારી સંતતી"** એઓ પુસ્તકોનું અવલોકન કરો કે તેઓના અવલોકનવડે સર્વ સંશય દૂર થઇ 'મા બાપ ધારે તેવી પ્રજા ઉત્પન્ન કરી શકે છે' એ સિદ્ધાંતને આપ આપોઆપ માન્યપૂર્વક વધાવી સદાને માટે તેને પોતાના મનમંદિરમાં કાયમ કરશોજ.

જ્યારે આમ છે ત્યારે પોતાનાં પુત્ર પુત્રીને જેવાં ચાહિયે તેવા ગુણવાળાં બનાવી શકવા સંતતીનાં માતા પિતાજ શક્તિમાન છે એ પ્રમાણુ વાર્તાને અવલંબી એ વાત પણ નિશ્ચયાત્મકરૂપે માનવીજ પડશે કે સદ્ગુણી સદાચારી સુવિચારી માતા પિતાઓએ નિયમ

સેહ વર્તી સંકલ્પસિદ્ધિ બળવડે પોતાની સુશીળ ...રૂપ સુગુણા-લંકૃત સંતતી (પુત્ર પુત્રી) પેદા કરવા પૂર્વક ૧માં ખંત રાખેલીજ હતી અને એથીજ પૂર્વકાળમાં જગે જગે સદ્ગુણી સ્ત્રી પુરૂષો ઝળકી આર્યાવર્ત્તમાં પ્રકાશ વિસ્તારતાં હતાં; પરંતુ જેમ જેમ માતાઓ તથા પિતાઓ તે તે નિયમો તરફ બેદરકારી બતાવી સ્વચ્છંદપણે વિચરવાનો માર્ગ હાથ ધરતાં ગયાં તેમ તેમ તેવાં રત્ન-રૂપ નર નારી રત્નોની અછત થતી ચાલી. મતલબ કે આપણા આર્યાવર્ત્તની ચડતીને પડતી સાથે ભેટાડવાનું પગરણ આપણેજ માંડેલું છે અને તેનાં કડવાં ફળ પણ આપણેજ ચાખવાં પડે છે એ આપણીજ ભૂલનું પરિણામ છે ।

હજુ પણ પ્રાચીન કહો કે અર્વાચીન શોધની સિદ્ધાંત પ્રણા-લિકા કહો; પણ તે પૂર્વ પ્રણાલિકાને પૂર્ણ પ્રકારે અમલમાં લેવાય તો પૂર્વવત્ સતીઓ અને વીરમણીયોનું અવતરણ થઇ ભારત ભૂમિની જાહોજલાલીનો સોનેરી સમય ચક્ષુસમીપ રજુ થાય.

ઇંગ્લાંડ—અમેરીકા—જાપાન વગેરે સુધરેલા દેશોના મહાશયો, સ્તુત્ય કેળવણીમાં આગળ વધી મન તન વચનને ઉત્તમ પ્રકારે ઉત્તમોત્તમ જ્ઞાનવડે કેળવી મનમાનતી સંતતી પેદા કરી પોતપોતાની ઇચ્છા સફળ કર્યા કરે છે અને વિશ્વના વિદ્વાનવર્ગ તરફથી મહા માન મેળવી રહેલ છે.

એક વખત અત્રેના સુપ્રસિદ્ધ કિતાબફરોશ, પુસ્તકપ્રકાશક અને સ્વદેશગરિમાના જ્ઞાતા શેઠ મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેની મુલાકાત સમય પ્રસંગોપાત સ્વદેશની ગૌરવતા તથા પ્રશંસનીય સતી સુંદરીઓ અને તેમના કર્ત્તવ્ય સંબંધી વિષય ચર્ચાતાં આર્યાવર્ત્તની શૂરી સતી-ઓનાં ચરિત્રસંગ્રહ લખવા વિષે મને તેમણે ભલામણ કરી. એથી મેં તે વિષયને લગતી હકીકતોને અજવાળામાં લાવવા જોધપુરના શ્રીયુત મુન્સફ દેવીપ્રસાદજી મુન્શી સાહેબ અને ગૌરીશંકરજી હીરા-ચંદજી ઓઝા સાહેબ અજમેરનિવાસી કે જેઓ બેઉ ઇતિહાસની શોધમાં એક્કા છે તેમની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો, તેમ જ દેળદર, બીકાનેર તથા સ્વર્ગસ્થ જૈનયતીશ્રી જુહારમલજીના પુસ્તકસંગ્રહ અને પ્રસિદ્ધ વહીવંચાઓ દ્વારા બનતી મદદ મેળવવા યત્ન આદર્યો; પરંતુ સંસારિક અણધારી ઉપાધીઓને લીધે મને મન માનતો પ્રકાશ પાડવાનો લાભ મળી શક્યો નહીં; તો પણ બનતી

કાળજીએ કંઇક નવીન પ્રકાશ કરી શકાયો છે અને જગતનિયંતાની ઇચ્છા અને મારો સ્થૂળ દેહ સ્વસ્થતાવંત હશે તો બીજી આવૃત્તીમાં, તથા બીજા ભાગમાં આ ભાગ કરતાં વિશેષ પ્રકાશ પાડી ઐતિહાસિક શોધના રસિકોને આનંદ આપવા સુભાગ્યશાળી થઇશ.

મારી ઇચ્છા તો એવી છે કે બીજા ભાગમાં ફરીથી વિક્રમ સંવત પૂર્વેથી બાકી રહેલાં સતીઓનાં વૃત્તાંત મેળવી (તથા છપાઇ ગયેલા વૃત્તાંતો માટે પણ જે કંઇ જાણવા જોગ રહેલી બાબતો જણાઇ આવશે તો તે પણ) પ્રકાશમાં લાવવા ખાસ જોધપુર (મારવાડ), મેવાડ, કાઠિયાવાડ વગેરે વિભાગોમાં ફરી શિળાલેખો આદિ તપાસી બનતી મહેનતે ઉમેદ બર લાવીશ.

ક્ષત્રીઓની જુદા જુદા અવટંકના જુદા જુદા વહીવંચા છે, તેમજ પુરોહિત તથા ચારણ વગેરે શરી જાતિયોના કુળગુરૂઓ છે તેમના ચોપડાઓમાં સતીઓના શિળાલેખના દાખલા મોજુદ છે. પણ તેઓ પોતાના ચરિતાર્થને (ધંધાને) ધક્કો પહોચવાની શંકાથી, તથા અમારા વિના એ બિના બીજાઓની પાસે નથી એવી ગર્વતા પૂર્ણ ખોટી મોટાઇના ઢંગથી ખરી વાત કહેતા કે બતાવતાજ નથી એના લીધે તથા મુસલમાન ઇતિહાસકારોએ આર્યોની ચડતીને વિશેષપણે પ્રકાશમાં ન લાવવા ખરી (આર્ય) વાતને શંકાભરી કે વિચિત્ર રૂપકાલંકારથી મઢી કહાડી પ્રસિદ્ધમાં મૂકેલી છે. એ સબબના લીધે ઘણી ખરી વાતોનું સત્ય સ્વરૂપ પ્રાપ્ત થવું દુર્લભ થઇ પડયું છે; છતાં થોડું થોડું અજવાળું પડતાં કંઇક મુદત વીતયે જો સુભાગી લેખકો સ્વદેશની ખ્યાતોને ખુબી સાથ વિખ્યાતીમાં લાવવા એક સરખા મચ્યાજ રહેશે તો બેશક દિનપ્રતિદિન વિશેષ વિશેષ પ્રકાશ જાહેરમાં આવ્યાજ કરશે.

ઘણા ખરા લેખકો વૃત્તાંત લખતી વખતે ચાલતા વિષયને પ્રતિપાદન કરવાનો અને પૂર્વાપરના લેખને ધ્યાનમાં રાખી વિષયને દોષિત ન થવા દેવાનો ખ્યાલ બહુધા રાખતા નથી અને ખરી વાત ખોળવા કાળ ધનની આહુતી પણ આપતા નથી જેથી લેખનો મુદ્દો પાર પાડવામાં વાંધો રહે છે. કવિતા અને વાર્તામાં કવિયો અને લેખકો સાહિત્યમાં કહેલ મુખ સંભાળવા ભાગ્યેજ દરકાર રાખે છે, એટલે કે શ્રીમુખ, સન્મુખ, પરમુખ અને પરાંમુખ એ ચાર મુખ પૈકી એક મુખના વિષયમાં બીજા મુખના વિષયની બાબત

આવવીજ ન જોઇએ, અને કવિતાની આસ્થાઇને પ્રતિ ગાથાની સાથે સંબંધ ધરાવનારી રાખવી જોઇયે વગેરે વગેરે-તથા દેશ કાળ જ્ઞાતિરિવાજ આદિને પણ ધ્યાનમાં રાખવાં જોઇયે, તે ભાગ્યેજ રાખતા હોવાથી શંકાને સ્થાન મળે છે અને લેખિની દુષિત થાય છે.

ઉપરની બાબત પર મારાથી બન્યું તેટલું ધ્યાન અપાયું છે, તો પણ "निर्दोष एको हरि:" કેમ કે જગત માત્ર ભૂલનેજ પાત્ર છે, તો પછી તે જગત પૈકીનો હું ભૂલ ન ખાઉં એમ બનેજ શી રીતે?! માટે આ ભાગમાં આવેલા વૃત્તાંતોની અંદર જ્યાં જ્યાં જે કંઇ ભૂલ થઇ કે રહી હોય તો ત્યાં ત્યાં તે તે સુધારવા અને સૂચવવા સુજ્ઞ મહાશયો કૃપા કરશે તો હું તેઓશ્રીનો કૃત કૃત્ય થઇશ અને તે તે સૂચનાઓને શિરોધાર્ય કરી યોગ્ય પ્રશ્નોત્તરના અંતે આવેલ પરિણામને વધાવી લઇ પ્રકાશમાં આણીશ. પૂર્ણ આશા છે કે મમઅભ્યુદયાભિલાષી અને આર્યોદયાભિમાની મતિવંત મહાત્મનો અવશ્ય આ વિશેષ જ્ઞાન મેળવવા ઉત્સુક રહેલા નામના લેખકને ઉત્તમ લેખકની ઓળમાં લાવવા મહત્ કૃપાવંત થશેજ! सुज्ञेषु किंबहुना ?!

વિ. સંવત ૧૯૬૭ }
કુતાણની. }

કવિ કોવિંદનો કૃપાપાત્ર.
પૂર્ણચંદ્ર શર્મા.

અનુક્રમણિકા.

॥ ૐ ॥

श्री श्रीशं वन्दे !

સતીચરિત્રસંગ્રહ.

પુસ્તક–પહેલું.

વસ્તુનિર્દેશાત્મક–મંગલાચરણ.

(શાર્દૂલવિક્રીડિત છંદ.)

જેણે આ જગમધ્ય જીવન ધરી દાખી ખરી વીરતા,
જેણે કષ્ટ પડ્યે કદી નહિ કરી ઝાંખી જરી ધીરતા;
જેણે જીવ જતાં લગી ન તજિયો સતશીળશંગારને,
તેવી શ્રેષ્ઠ સતી સદા ઉદ્ભવી તારોજ સંસારને. ૧
છે શંગાર સુશોભનીક જગનો રૂરી પુનીતા સતી,
જેની સંતતી ખંતથી નિત કરે સારી સ્વદેશોન્નતી;
જેની તાલિમથી અતી ઝડપથી જંગી પ્રજા નીવડે,
તેવી શ્રેષ્ઠ સતી સુમંગળ કરો માંગલ્યવ્યક્તિવડે. ૨

પુસ્તક પ્રકટ કરવાનું પ્રયોજન.

(દોહરા–છંદ.)

નિત નિત નીતિનિયોગના, નિર્મળ લેખ નવીન;
પ્રસરે તો પૃથિવ વિષે, બને સુનીતિ સંગીન. ૩
નીતિતણી નિશાળ છે, સતીઓતણાં ચરિત્ર;
[1]પઢે પ્રેમથી [2]પ્રતિપળે, થાએ જન્મ પવિત્ર. ૪
સુધરેલી સ્ત્રીથી સદા, સુધરે છે સંસાર;
સુધારણાનું મૂળ સ્ત્રી, સર્વ સૌખ્યનો સાર. ૫
[3]એ હિત કથું ફરી ફરી, સતીકથા સુખદાય;
ધ્યાન વિષે ધારો સદા, સર્વે સ્વાર્થ સધાય. ૬

---

૧ સુણે, વાંચે. ૨ દરેક પળે. ૩ એ માટે.

કેમકે:—

(પ્રીતિ પાતરની કરનાર—એ રાહ.)

શૂરી સતીઓથી સંસાર, શોભે સરસ સુખદ શ્રીકાર;
સતીઓ [1]મહીમંડન મનોહાર, મહીમા જેનો અગમ અપાર.
પુરૂષોત્તમ પંડિત પુન્યાત્મા, શૂર સંત સુજ્ઞાની;
ઇત્યાદિ સતીકુખથી ઉપજે, છે ન વાત એ છાની. શૂરી. ૧
એ સંતતી અતિ ખંતે કરે આ–જગની જાહોજલાલી;
દેશદ્રોહી દુષ્ટોને દમીને, બક્ષે સહુને વ્હાલી. શૂરી. ૨
સતીપ્રતાપે પ્રસરે સહુ સ્થળ, સદાચાર શુભ રીતિ;
ટળે પલકમાં ખલક વિષેથી, [2]આરતી અને અનીતિ. શૂરી. ૩
[3]વિશદકથા વાંચ્યેથી [4]વારૂ, અસર અંગમાં આવે;
સંતતી પણ અતિ [5]સુભગ પ્રતાપી, પ્રકટે એ અસર પ્રભાવે. શૂરી. ૪
એ હિત સદા સતીચરિત્રોને, જરૂર વાંચવાં જોઈએ;
પૂર્ણચંદ્ર કહે એથી પળમાં, ખ્વારી માત્રને ખોઈએ. શૂરી. ૫

વ્હાલા વિવેકશીળ વાચકવૃંદ! ઉપરની દલીલ વાંચ્યા છતાંપણ કદાચ એવો સવાલ કરવામાં આવે કે–સતીચરિત્ર સંબંધી પુસ્તકો ગુજરાતી ભાષામાં પાંચ સાત લેખકોની કસાયલી કલમથી લખાઇ પ્રસિદ્ધ થઇ ચૂક્યાં છે; છતાં આ "**સતીચરિત્રસંગ્રહ**" પ્રકટ થવામાં શું વિશેષ પ્રયોજન સમાયલું હતું? તો એના જવાબમાં રૂચિકર વ્યાજબી દલીલ આપ મહાશયો સમક્ષ રજુ કરીશ કે–મિષ્ટ ને સ્વાદિષ્ટ ભોજન પદાર્થો ઘી–ઘઉ–ગોળ–ખાંડ કે સાકરના સંયોગથી કિંવા મસાલાના મિલાપથી સહુ કોઈ બનાવે છે; છતાં અમુક શહેરમાંની અમુકના હાથથી તૈયાર કરાયલી રસવતી કે મીઠાઇને શા સારૂ આપણ વિશેષ ચાહિયે છિયે? ફક્ત જુદા જુદા હાથની જુદી જુદી ખૂબીથી જુદી જુદી લ્હેજત આપવાથીજ દિલ આકર્ષાય છે! એજ મુજબ એકનું એક ગાયન કે એકનો એક ખેલ સાંભળ્યા ને જોયા છતાં નવીન નવીન ગવૈયા અને નવીન નવીન ખેલાડિયો મારફત તેનો આનંદ અનુભવવા શા સારૂ અત્યાતુર રહિયે છિયે? ફક્ત જુદા જુદા ગળા–કંઠમાં કુદરતની કરામાતથી રહેલી જુદી જુદી ખૂબી ભરી ખટક ખરજ અને ભિન્ન ભિન્ન પ્રકારની અજબ છટા–ચટક મટક–હાવભાવ ભરી અદાજ આપણું મન પોતાના ભણી ખીંચી લે છે! તેમજ

૧ પૃથ્વીનું ભૂષણ ૨ ચિંતા. ૩ પવિત્ર. ૪ સારી. ૫ સૌભાગ્યશાળી.

અનેક અલબેલી છબીલી રસીલી સુંદર સુંદરીઓને વારંવાર નિહાળ્યા છતાં વિશેષ લાવણ્યવતી લલિત લલનાનું મોહક મુખ અવલોકવા માટે શા સારૂ ઉત્કંઠા ધરાવિયે છિયે ? ફક્ત તેણીની લલિત લાવણ્યતા ભરી લીલાજ લગની લગાડી દે છે ! તેજ મુજબ એકજ પ્રકારની ઘણી ચોપડીઓ (ઘણા લેખો ઉપદેશો) વાંચી, સાંભળેલ હોય છે; તથાપિ "**નવીનમાં મોહ વધે વધારે**"—કારણ કે નવીન નવીન લેખક–કવિ–વક્તાના પદ લાલિત્યાદિથી જુદી જુદી અજબ મનવેધક છટા વાચક વર્ગના મન ઉપર લોહચુંબકની પેઠે ગુપ્ત છતાં વિલક્ષણ ચમત્કાર ઉપજાવી શકે છે. મતલબ એજ કે કુદરતે દરેક મગજની અંદર જુદા જુદા પ્રકારની અકલનો ગુપ્ત છતાં અમૂલ્ય અનૂપમ ખજાનો બક્ષેલ હોય છે, જેથી તે ગુપ્ત ખજાનાની ચિત્રવિચિત્ર ઋદ્ધિ સિદ્ધિયો પ્રકટયાજ કરે છે; માટેજ જુદા જુદા લેખક કવિ ને વક્તાઓની મહામૂલી મગજશક્તિનો અલૌકિક આનંદ અનુભવવાની અત્યાવશ્યકતા છે–એ હેતુને અવલંબી આ "**સતી ચરિત્રસંગ્રહ**" પણ પ્રકટ કરવામાં આવેલ છે.

આ શિવાય અન્ય પણ પ્રયોજન એ છે કે:—આ માયામયી સંસાર ચક્રની અંદર મહા મોહનિદ્રાને લીધે પ્રાપ્ત થયેલા ઘોર ઘેનમાં ઘેરાઈ પડેલાઓને જાગ્રત કરવા માટે વારંવાર વાક્ય પ્રયોગ કરવાની ઘણીજ જરૂર છે. કહ્યું છે કે:—

"રંગ લાગત લાગત લાગેગો, ભ્રમ ભાગત ભાગત ભાગેગો;
બહુત દિનુંકા સોતા મનવા, જાગત જાગત જાગેગો."

માટેજ પુનઃ પુનઃ ચાનકદાર ટોંકણીની વધારે જરૂર છે; કારણ કે "**મહેનત એજ મહાન્ સિદ્ધિ મંત્ર છે!**" અને એ સંબંધે ન્યાયનિપુણ કવિ **બિહારીદાસે** તેમજ ગુર્જરકવિપિતામહ **દલપતરામજીએ** પણ કહ્યું છે કે:—

"કરત કરત અભ્યાસતેં, જડમતિ હોત સુજાન;
રસરી આવત જાવતેં, શિલપર પરત નિસાન."(બિહારી).

"કુવા ઉપરના કઠણ જે, પાકા કાળા પ્હાણ;
દોરડીએ છેદાયછે, એ જોવું એંધાણ." (દલપત.) ૨

એજ મુજબ હિતશિક્ષાવચનોના વારંવાર પ્રહારથી પણ દુરાચારી જનો દુરાચારને ત્યજી દઇ સદાચારી બને છે; એટલુંજ નહીં

પણ એવા સદ્દબોધની થયલી સચ્ચોટ અસરના અનેકાનેક દાખલાઓ દરેક પંથના માનનીય ગ્રંથોની અંદર નજરે આવે છે. તો એથી સાબિતજ થાય છે કે–તેવા અસરકારક બોધદાયી દાખલાઓવાળાં નીતિમય પુસ્તકો ઉપરાચાપરી પ્રકટ થવાની જરૂરજ છે! આ ઉપરથી પ્રિય પાઠકગણ "**સતીચરિત્રસંગ્રહ**" નું પ્રકટ થવું પણ સફળતાવંતજ માની પ્રેમપૂર્વક વધાવી લઇ વાંચી–વિચારી–મનન કરી આ હિતવચનામૃતનું પરમોત્સાહ સહ પાન કરશેજ!!

અસ્તુ!!!

ગ્રન્થારમ્ભ.

(રૂચિરા–છંદ.)

વીરસતીમાં ધર્મવીર કેઇ દાનવીર રણવીર થઇ,
બુદ્ધિવીર કેઇ ભક્તિવીર થઇ વીરતણી વર છાપ લઇ;
એ સહુ વીરસતીની વ્યાખ્યા વદું અતી આનંદ વડે,
સુવિવેકી વાચકને એથી સુનીતિપંથ ઝટ હાથ ચડે. ૧

ધર્મવીર સતી પ્રીતિસુંદરી અને ગુણસુંદરી.

આ બન્ને સતીઓ પ્રાચીન સમયની અંદર આ આર્યાવર્ત્તના **રતિવર્દ્ધન** શહેરમાં જન્મેલીઓ હતી, અને તે વણિકકુળભૂષણ મંત્રીશ્વર **મતિસુંદર** વેરે પરણેલીઓ હતી. તેણીઓનાં માતા પિતાનાં નામ શું હતાં એ ઇતિહાસને પાને ન ચડવાથી અંધારામાંજ રહેલાં છે; તથાપિ તેણીઓનાં ઉજ્વળ ચરિત્ર ઇતિહાસ પત્રમાં સુવર્ણાક્ષરોસહ અમરકીર્તિ વિદિત કરી રહેલ છે.

સદર્હુ શહેરનો **નરવીર** નામનો મહારાજા હતો, તથા તેમની અગાડી પ્રપંચવાદી અને કપટના પૂતળારૂપ **વસુસાર** નામનો પુરોહિત હતો, અને તે પુરોહિત ધર્મના વિરૂદ્ધતાથી એટલે કે નાસ્તિક હોવાથી આસ્તિક મંત્રીશ્વર મતિસુંદર સાથે કટ્ટી દુશ્મનતા ધરાવતો હતો. એ સબબના લીધે મહારાજાના મનમાં વિવિધ ચુગારી

વાતો કસાવી કામાંધ બનાવી મહારાજાને મતિસુંદરની સ્ત્રીઓના રૂપ ઉપર લટ્ટુ બનાવ્યો હતો.

એક વખત મતિસુંદરને ત્યાં દેવમંદિરની પ્રતિષ્ઠા સમય જ્ઞાતિભોજનનો સમારંભ હતો, એથી મંત્રીશ્વરે મહારાજાને અનુયાયી મંડળ સહિત આમંત્રણ કર્યું, અને જ્યારે મહારાજા જમવા બિરાજ્યા ત્યારે રાજાને પિતારૂપ માની પ્રધાને પોતાની બન્ને પતિવ્રતા સુંદરીઓને ઘુંઘટ રહિત પિરસવા આવવાની આજ્ઞા કરી. આમ હોવાથી રાજાની નજરે તેણીઓનાં નિર્મળ મુખારવિંદ જોવામાં આવ્યાં અને જોતાંજ દુષ્ટ પુરોહિતના કથન ઉપર વિશ્વાસ આવ્યો, તથા રાજાને અત્યંત કામવિહ્વલતા પ્રાપ્ત થઈ, જેથી ખાવાપીવામાં પણ પૂરૂં ભાન રહ્યું નહીં, ફક્ત તિલોત્તમારૂપ તરૂણીઓના તાનમાંજ તેતો ગુલતાન બની રહ્યો હતો. જો કે રાજાની ચેષ્ટા વગેરે જોતાં સુઘડ શિરોમણિ તે બેઉ સુંદરીઓને અને મુખ્ય પ્રધાનને કંઇ નવાઇ જેવું તો જણાયું; તથાપિ રાજા સદાચારી છે એવી પ્રતીતિને લીધે તે તરફ તેમણે બેદરકારી બતાવી. એઓના જાણવામાં ન હતું કે દૂધની મિઠાશ છાશની સંગતથી ખટાશ પૂર્ણ બની ગઇ છે ? હમેશાં ગમે તેવો સારો માણુસ હોય; પણ તેને જો નઠારા લોકોની વધારે સોબત હોય તો તેનામાં કંઇ ન કંઇ જરૂર ખરાબ અસર આવશેજ આવશે. કહેલું છે કે :—

(દિગ્વિજય કરી હું આવું—એ રાહ.)

હા ! દુષ્ટસંગ દુખદાઈ, તજો દુષ્ટસંગ દુખદાઈ;
મૂળ થકી ટાળે મનુષ્યાઈ. દુષ્ટસંગ દુખદાઈ.
ધન મન સુખ યશ નીતિ નસાડી, ડાહાપણુમાં દે લાહ્ય લગાડી;
ભોગ મેળવે ભાઈ—તજો દુષ્ટ. ૧
દુર્વ્યસનો શિખવે દુર્નીતિ, પ્રપંચ પર પ્રકટાવે પ્રીતિ;
હરે સહુ સલુકાઈ—તજો દુષ્ટ. ૨
પરધન પરમન પરહિત હરવા, કૃતઘ્નતાનાં કામો કરવા;
આપે મહા મર્દાઈ—તજો દુષ્ટ. ૩
દુષ્ટપંથમાં દિલને દોરે, ચાર કૃત્યમાં ચિતડું ચોરે;
ધારી સદા ધીઠાઈ—તજો દુષ્ટ. ૪
પેટ ભરીને રોજ રડાવે, અંતે અવગતિમાં અથડાવે;
કરાવી પાપકમાઈ—તજો દુષ્ટ. ૫

વેધક પૂર્ણચંદ્રની વાણી, હૈયે ધારો હિતકર જાણી;
સજી સત્સંગ સગાઈ—તજો દુષ્ટ. ૬

એજ મુજબ ભોજન કર્યા પછી મુખવાસાદિ લઈ મહારાજ મ્હેલમાં ગયો અને દુષ્ટ પુરોહિતને કહેવા લાગ્યો કે—“વ્હાલા પુરોહિત! તમારા કહેવા મુજબજ મંત્રીશ્વરની સ્ત્રીઓ દેવાંગના રૂપજછે; પરંતુ તેણીઓનો મિલાપ થઇ શકે તેમ નથી, એથી ઝૂરી ઝૂરીને યમ લોકની ભેટ લીધા વિના દુઃખથી મુક્ત થવાશેજ નહીં. હા દૈવ! મારા મહેલને શોભાવનાર સુંદરિયોને એક વણિકને ઘેર સર્જાવી! ખચિત તારી પણ અઘટિતજ ઘટના છે!”

પુરોહિત બોલ્યો—“પણ આમ શોચને વશ થવાની જરૂરજ શી છે? તેણીઓને તાબે કરવામાં તે શી મોટી વાત છે! તાબાના માણસના કબજામાં રહેલી વસ્તુ તાબે કરવામાં વાર શી લાગવાની?”

રાજાએ કહ્યું—“એ તમારૂં કહેવું ઠીક છે; પરંતુ પરસ્ત્રીનો મેં ત્યાગ કરેલો છે, જેથી તેણીનો સંગ શી રીતે કરાય. તેમજ પરસ્ત્રીને પટાવી લેવાથી લોકમાં મારી નઠારી વર્ત્તણુક દરતાં નિંદાપાત્ર થયે બાજી બગડી જાય, તથા તે મંત્રિયે મને સદ્ધર્મનો બોધ આપી ધર્મજ્ઞ બનાવેલ છે જેથી તે મારો ઉપકારી પૂજ્ય છે. અને એને વિનાપરાધે શિક્ષા દેવી એ પણ અઘટિત છે. આમ હોવાથી લાચાર—ગમખ્વાર છું; પણ મને કામદેવ બહુજ સંતાપે છે તો મરણના શરણ શિવાય હવે કોનું શરણ લેવાય તેમ છે?”

પ્રધાને કહ્યું—“આપ વાતોના વિચાર જાણો છો; પણ નીતિનું જ્ઞાન ધરાવતા નથી એ આપનાજ બોલવાથીજ સાબિત થાય છે. હમેશાં નીતિ છે કે—જે રાજાના દેશમાં જે ચીજ પેદા થાય તે ચીજ ઉપર કુલ સત્તા રાજ્યકર્ત્તાનીજ હોય છે, અને જ્યારે તમામ ચીજ રાજાના તાબામાં છે ત્યારે પછી તે ચીજ પરાઈ છે એમ કહેવાયજ ક્યાંથી? માટે એ સુંદરીઓ પણ આપના રાજ્યની પેદાશ છે જેથી આપનીજ છે; પણ પારકી નથી! એમાં જો પાપ લાગતું ગણતા હો તો તે બધું પાપ મારે માથે, પછી કંઈ?”

રાજા બોલ્યો—“પણ સ્વામીભક્ત પ્રધાનને ત્યાં એવું કરવાથી વિશ્વાસઘાતી ગણાઉં, એથી એમ કરવું એ તો મને વ્યાજબી લાગતું નથી.”

પુરોહિતે કહ્યું—"જો સ્વામીભક્ત હોય તો તો સ્વામીનું દુઃખ જાણી તુરત પોતાની સુંદરીઓને આપને સ્વાધીન કરી દે કે ઝટ દુઃખનો આરોજ આવી જાય; પણ એ સ્વામીભક્ત નથી, મહા માયાવી છે. રાજ્યદ્રોહી છે. માત્ર વિશ્વાસ બેસાડવાજ એ વિશેષ પ્યાર ને ચોખ બતાવનારો છે. જો ભરોસો નહીં પડતો હશે તો ટુંક વખતમાંજ તેનાં બુરાં કાવતરાં જાહેરમાં આણીશ એટલે ખબર પડશે કે સ્વામીભક્ત છે કે સ્વામીદ્રોહી છે. હમેશાં **ધુતારા બહુજ વિશ્વાસ બેસાડનારા હોય છે.**"

રાજાએ કહ્યું—"ઠીક છે, તેવી ખાત્રી થશે તો તેના માટે યોગ્ય વિચાર અમલમાં લેવાશે; પણ હાલ તો સાચું શું અને જૂઠું શું તેનો કશો નિર્ણય કરી શકતો નથી." ઇત્યાદિ પરસ્પર વાત થયા પછી પુરોહિત પોતાને ઘેર ગયો અને પ્રધાનનું કાસળ નિકળે, પોતાની દાઝ વળે, અને સુંદરીઓ મળે તેવી તજવીજમાં રોકાયો.

એ અરસામાં નરવીર રાજાને **ગિરિસંગમ** નગરના **સમરવીર** રાજા સાથે બહુજ દ્વેષ વધી પડ્યો હતો, જેથી દરેક દરવાજે છુપા જાસુસો મૂકી તેણે એ ખબર રખાવી કે—"કોઈ જાસાચીઠ્ઠી કે જાસાનો લેખ અથવા તો કોઈ ખેપીઓ નજરે પડે તો તુરત તેની તપાસ કરવી અને તેમાં શક જેવું જણાય તો તેને મારી આગળ રજુ કરવો."

ઉપરની બિના દુષ્ટ પુરોહિતના જાણવામાં આવતાં તેણે પ્રધાનનો ખરેખરો ઘાટ ઘડવો ધારી એક દરિદ્રી બ્રાહ્મણને લોભથી લલચાવી તાબે કરી એક કાગળ લખી તેને હાથ સોંપ્યો. તથા સોળ તોલા સોનું આપી જે શીખવાડવું હતું તે શીખવાડી ધુઘરા જેવો બનાવ્યો. એથી તે બ્રાહ્મણ પાંચેક ગાઉનો પંથ કરી લાંબી મુસાફરીથી આવ્યો હોય તેવો ડોળ બતાવી ડરતો ચમકતો ને આડું અવળું જોતો શહેરના દરવાજામાં દાખલ થયો. એને જોઈ દરવાજા આગળ ફરતા છુપા જાસુસને પૂરો શક પડ્યો કે—'આ કોઈ જાસુસજ છે; એમ ધારી તુરત તેને પકડી પૂછપરછ કરી અને તેમ કરતાં વિશેષ શક જવાથી ઝડતી લીધી તો સોળ તોલા સોનું અને મુખ્ય પ્રધાનના નામનો ખાનગી કાગળ હાથ લાગ્યો કે તુરત તેને પકડી મહારાજા અગાડી રજુ કર્યો.

રાજાએ પૂછ્યું તો તેણે ધ્રૂજતે ધ્રૂજતે કહ્યું કે—"આ સોનું

અને આગળ મને ગિરિસંગમના રાજા સમરવીરે આપ્યું છે અને આ કાગળ મુખ્ય પ્રધાનના હાથોહાથ આપવાનું કહેલ છે."

આવું તેનું બોલવું સાંભળી રાજા બહુજ આશ્ચર્ય પામ્યો અને તુરત તે કાગળનું સીલ દૂર કરી વાંચવા માંડ્યો તો તેમાં એટલુંજ લખેલું હતું કે:—

" ગિરિસંગમ નગરથી રાજાધિરાજ સમરવીર, રતિવર્ધ્ધનપુરમાં મંત્રી મતિસુંદર યોગ્ય, લખવાનું કે-તમારી લખેલી બધી બિના જાણી હું તેજ ગોઠવણ કરી તાકીદે છુપી રીતે શહેરને ઘેરી લેવા આવું છું. તમો રાજાને ખૂબ વિશ્વાસ બેસાડી અંગીજનોમાં ફાટાફુટ થાય તેમ કર્યાજ કરજો. જેથી કામ ફતેહ થયે અરધું રાજ્ય તમનેજ બક્ષીશ; પણ મારે આવવાનો ચોક્સ દિવસ લખો કે તુરત નગારે ડંકા દઉં. તમો મારા જીગરના મિત્ર છો તેથી હવે જીભની ભલામણ દાંતને વધારે કરવાની જરૂર જોતો નથી; માટે નિઃશંકથી કામ કરવું." ઈત્યાદિ મતલબ ભર્યો લેખ વાંચતાંજ રાજા મહા કોપવંત થયો; કેમકે તેના શત્રુનો લખેલો તે કાગળ હતો, અને વળી પોતાનો મુખ્ય પ્રધાનજ તેને મળી પોતાનું કાસળ કહડાવવાનો લેખ હતો. આમ હોવાથી તેણે તુરત તે કાગળ પ્રધાનને વંચાવી સખત શબ્દોમાં ધિક્કાર આપી તેને કેદમાં લઈ જવાનો હુકમ કર્યો, તથા ઘરબાર મિલકત જપ્ત કરી તેની સ્ત્રીઓને પણ પોતાના અંતઃપુરમાં દાખલ કરવાનો બંદોબસ્ત કર્યો. અને આખર બધા ઉપકાર ભૂલી જઈ પોતાનો દુષ્ટ વિચાર પાર પાડવા આગળ વધી મંત્રી પર ગજબ ગુજાર્યો.

વાંચનાર! રાજા કોઇના ગોઠીયા થયેલા જાણ્યા નથી ને જોયા પણ નથી. હમેશાં તેઓ દુર્બળ કાનના (કાચા કાનના)જ હોય છે; માટે રાજાની ઘણી મહેરબાની જોઇ રાજી ન થતાં સદા ચેતીનેજ રહેવું, નહીં તો મતિસુંદર ઉપર જેમ ગેબી ગોળો આવી લાગ્યો તેમ તમને પણ આવી લાગશે. તેમજ દુષ્ટની સોબતથી મન ઉપર રહેતાં રહેતાં કેવી દુષ્ટ અસર થાય છે? તે પણ પુરોહિતના કૃત્યથી ધ્યાનમાં લ્યો. અને રાજાની અગાડી સદા ચાડિયા તૈયારજ રહે છે; માટે તે તરફ નિગાહ રાખી રાજ્યકારભાર કે અન્ય કામ કરજો, નહીં તો ઘોડેથી ઊતરી ગધેડા ઉપર બેસવાનો તુરતજ વખત રજુ થશે. તથા સ્ત્રીનો છંદ લાગ્યા પછી મનુષ્ય ગમે તેવો જ્ઞાની કે ધર્માત્મા હોય; તો પણ તે અનીતિવંત ને

દીવાનો બની અકૃત્ય કરનાર થાય છે, તે પણ નરવીરની રીતિ જોઈ યાદીમાં રાખો કે જેથી તેવા સમયમાં બેવકૂફ ન બનાય.

મતિસુંદર અને તેણીની બેઉ સ્ત્રીઓ પ્રાણસંકટમાં સપડતાં તેઓ અન્યનો નહીં પણ પ્રારબ્ધનોજ દોષ કહાડી તે શોચવા લાગ્યાં કે–"અન્ય તો કશી ફિકર નથી; પણ કામાંધ રાજા શીળભંગ કરશે એજ ફિકર છે, તો તે માટે સર્વથી બળવંત પરમાત્માનું શરણ લેવું એજ સર્વોત્તમ છે. અત્યારે એના શિવાય આપણું કોઈ બેલી નથી." એમ વિચારી મતિસુંદરે તુરંગખાનામાં પ્રભુ ધ્યાનની તાળી લગાડી અને બેઉ સતી સુંદરીઓ અંતઃપુરમાં સબળ સુરતા સાથે ધ્યાન ધરી પરમાત્માને અરજ ગુજારવા લાગી.

સાચા ધ્યાનનું ફળ અપાર, અવર્ણનીય અને અનંત સબળ છે, જેથી સત્ય ધ્યાન ધરતાં પરમાત્માનો ખિદમતગાર દેવ સત્યનો સંગી બની તુરત ધ્યાન બળથી આકર્ષાઈ આવ્યો, અને પ્રથમ તેણે મતિસુંદરને કહ્યું કે–"કાલે સવારમાં સર્વ વિઘ્ન દૂર થઈ જશે, જરા પણ ફિકર રાખવી નહીં." આટલુંજ કહી પછી સતીઓની રૂબરૂ જઈ કહ્યું કે–"ઉભયકુળ ઉદ્ધારિણી સતીઓ! તમારા ધ્યાન બળથી અને સત્યશીળ પ્રભાવથી મને પણ આવવાની ફરજ પડી છે. તમો જરા પણ ફિકર ન કરો. પ્રાતઃકાળે પતિની ભેટ થશે અને સર્વે વિઘ્ન શાંત થઈ જશે. પણ આજે શીળ સચવાવા તમારૂં શરીર રોગ ગ્રસ્ત થયું જણાય તો તેથી સંતાપ કરતાં નહીં. તેમ થવાથી કામાંધ રાજા શુદ્ધિમાં આવશે; માટે બેફિકર રહી હમેશાં શીળને શોભાવશો." આ પ્રમાણે અમોઘ વાક્ય કહી દેવ પોતાના સ્થાન પ્રત્યે ગયો.

રાત્રિ પડી કે કામાંધ રાજા નરવીરે જ્યાં સતી સ્ત્રીઓ છે ત્યાં પાપીપગલાં કર્યાં અને તે કહેવા લાગ્યો—"રસિલીઓ! રસભર મારી સંગે રંગે રમો, વિરહાગ્નિથી બળતા આ શરીરને શાંતિ આપો, આ તમારા યાચકને રતિદાન આપો, અને સંસારનો ફેરો સફળ કરાવો. મોહિનીઓ! હું તમારા રૂપથી મોહ પામી નીતિ રીતિ પ્રીતિ વગેરેથી ભ્રષ્ટ થઈ ફક્ત તમારી ઉપાસનામાં લીન બન્યો છું. સુંદરીઓ! તમારા શિવાય મને અન્ય કશું સુંદર લાગતુંજ નથી. છબિલીઓ! તમારી બાંકડી છબીએ મને વગર દમડે વેચાણ કરી લીધો છે. અલબેલીઓ! આ અલબેલાને તુરત પ્રેમાલિંગન આપી સર્વે સંતાપ કાપી નાખો. હવે મારાથી વિરહજ્વાળા સહન થઈ શકતી નથી.

વણિકની હવેલીમાંથી રાજ્યભુવનમાં આવવા ભાગ્યશાળિની થઇયે છો એ અહોભાગ્ય માનવું ઘટે છે, એક નોકરના ઘરમાંથી છત્રપતિના મંદિરમાં આવવા જેવો બનાવ બને એ ન્હાના સૂના ભાગ્યની વાત છે ? માટે પ્રેમરસ પીઓ અને મને પાઓ કે જેથી આનંદ આનંદ થાય અને સર્વ સંતાપ જાય.”

સુંદરીઓ બોલી—“ પિતાજી ! પોતાની દીકરીઓ ઉપર આવો જુલ્મ ન ગુજારો. તમો પ્રજાપાળક પિતા છો તે બિરૂદને સંભાળો. જ્યારે વાડ વેલાનેજ ખાય, ચોકીદારજ ચોરી કરે અને માવિત્રજ પોતાના ફરજંદોનો રોળવાળવા ચાંપતાં પગલાં ભરે ત્યારે પછી કેવી રીતે બચાવ થાય ! જે આપને સદ્ધર્મનો બોધ દેનાર ગુરૂ સમાન ગણાય તે પુરૂષને કલંક આપી કેદને શરણ કર્યા જેથી આપ ગુરૂ-ઘાતી–વિશ્વાસઘાતી થયા છો, પુત્રીઓપર અત્યાચાર કરવા તત્પર થવાથી નિંદ્ય ને નીચકર્મી થઇ નીચ ગતિનું આમંત્રણ કરવા મંડ્યા છો, પરસ્ત્રી ગમનનું મહાન્ પાપ છે તે જાણો છો છતાં તે વ્રતભંગ કરવા આતુર બન્યા છો જેથી પ્રતિજ્ઞાપાળક નહીં પણ પ્રતિજ્ઞા ટાળક પદ વ્હોરવાની અણી ઉપર પહોંચ્યા છો, અને પૂર્વ પુન્યથી મળેલી રાજ્યસમૃદ્ધિને ઉંધી વાળવા બેઠા છો. જરા વિચાર કરો. આ ખાનાખરાબી ખિસલતમાં કોઇએ ફાયદો મેળવ્યો નથી, કોઈ મેળવતો નથી ને મેળવશે પણ નહીં. જેથી હજુ પણ શુદ્ધિ બુદ્ધિ ઠેકાણે લાવી શોચો. દુષ્ટના કહેવાથી અમો નિર્દોષ પુત્રીઓપર જુલ્મ ગુજારો છો; પણ આ ગંદી દેહ છે તેના પર શું ગુલતાન બનવું યોગ્ય છે ? જો અમારા બોલો તરફ વિશ્વાસ ન બેસતો હોય તો જરા નજીક આવો કે એની પૂરેપૂરી પ્રતીતિ થશે.”

જો કે સુંદરીઓનું શરીર તો દેવવચનથી દુર્ગંધિમય રસી વહેતું થઈ ગયું હતું; તો પણ રાજા કામાંધ અને સાચા ભાન વગરનો હોવાથી દૂર રહેતાં કશું કળી શક્યો નહતો. એ તો અંધ થઈ એકદમ બળાત્કાર કરી આલિંગન દેવા આગળ ધસ્યો આવ્યો; પણ સતીઓની નજીક આવી પહોંચતાં માથું ફાટી જાય તેવી બદબુ ઉછળતી માલમ પડી કે તુરત તે પૂછવા લાગ્યો કે—“આ દુર્ગંધ ક્યારથી ઉછળી રહી છે ?” સતીઓ બોલી—“ જ્યારથી રોગ થયો ત્યારથી.” રાજા બોલ્યો—“ શું આ રોગમય તમારૂં શરીર છે ?” સતીઓ બોલી—“ હા.” પ્રજાપતિ બોલ્યો—“ પણ હું જ્યારે તમારે ત્યાં જમવા આવ્યો ત્યારે તો તમો મને સૌંદર્યતાના ખજાના રૂપ જણાયાં હતાં તેનું કારણ શું ?” સતીઓ બોલી—“ તે

વખતે કામાંધપણાનો રોગ લાગુ થયેલો હોવાથી પૂરેપૂરૂં સુઝેલું નહીં એજ કારણ હતું." રાજા બોલ્યો—"પણ મેં વ્રત ધર્મ નીતિ ઉપર પગ દઈ પાપની છાપ વ્હોરી લીધી તે તો નાક કપાયા છતાં પણ ઘી ચાખવાનો વખત ન મલ્યો તેવું થયું; માટે હવે શું કરવું?" સતીઓએ કહ્યું—"શું કરવું તે સુનીતિ ભજવી, જુલ્મગારી તજવી અને સુમતી સજવી એટલે સર્વ પાપ પશ્ચાતાપ દૂર થઈ જશે."

આ પ્રમાણે વાતચીત થતાં રાજા સતીઓ પાસે થયેલા અપરાધની માફી માગી તુરત પાછો વળ્યો અને રાજાએ પ્રભાત કાળે દરિદ્રી બ્રાહ્મણ મારફત મળેલા શંકાવાળા પત્ર સંબંધી તે દરિદ્રી બ્રાહ્મણને બોલાવી કીંમતું રત્ન આપી સત્ય વાર્ત્તા તપાસી જોઇ તેથી દુષ્ટ પુરોહિતને દેશવટો દીધો. મતિસુંદરને કષ્ટથી મુક્ત કરી આપેલા દુઃખ સંબંધી સભાસમક્ષ મહાન્ દિલગીરી દર્શાવી. અને તેજ ક્ષણે તેણે સતીઓ સહિત મતિસુંદરને ગાજતે વાજતે પોતાને મકાને પહોચાડી તેની સર્વ મિલકત ને મંત્રીશ્વરની સત્તા સુંપરદ કરી દીધી.

. વાચક વર્ગ! આ વાર્ત્તા આપણને એટલીજ શિક્ષા આપે છે કે સતીઓ પ્રાણસંકટમાં આવી પડે; તો પણ તે પોતાનું સત્યશીળ છોડતીઓ નથી. તેમજ મળીતા મહાન્ સુખને પણ તે ઠોકર મારી પોતાની ગરીબી હાલતનેજ મુબારકબાદી આપે છે, અને પોતાના સત્યશીળ પ્રભાવથી દેવોને પણ સહાયભૂત બનાવી લે છે. ધન્ય છે એવી ભૂમિભૂષણ ભામિનીઓને કે જેણીઓએ મહા કષ્ટ વેઠી ભૂમિને શોભાવંત બનાવી! વ્હાલાં આર્યસંતાનો! તમો પણ તેવી સુશીળતાને વિમળ મનથી સન્માન આપી આર્યાવર્ત્તને શોભાવા તત્પર થાઓ કે જેથી આર્યાવર્ત્તનો પુનરોદ્ધાર થાય.

ધર્મવીર સતી મદનસેના અને મદનમંજૂષા.

રામાવતારના સમયની અંદર એ બેઉ સતીઓનો જન્મ જુદે જુદે ઠેકાણે થયો હતો એટલે કે **મદનસેના** સતીનો જન્મ **બબ્બરકુળ અંદરના** મહારાજા **મહાકાળ**ને ત્યાં થયો હતો, અને **મદનમંજૂષા** **સતીનો** જન્મ **રત્નદ્વીપના રત્નસાનુ** પર્વતપરના **રત્નસંચયા**

નગરીપતિ વિદ્યાધર કનકકેતુની પટરાણી **રત્નમાળાના** ઉદરથી થયો હતો. અને એ બેઉએ વિદ્યા ગુણ સંપન્ન થઇ **ચંપાનગરીના** રાજ-રાજેશ્વર **શ્રીપાળ** મહારાજાના અંતઃપુરને શોભાવંત કર્યું હતું.

એ બેઉ સતીઓના અડગ ચિત્તની કસોટી એ પ્રમાણે થઈ હતી કેઃ–એણીઓનો પતિ શ્રીપાળકુમાર **કૌસંબી** નગરીના ધનપાત્ર **ધવળશેઠની** સાથે દરિયાની મુસાફરી કરી ભાગ્યદેવીને સાનુકૂળ કરવા વિચરતો હતો અને ફક્ત બે ત્રણ માસના અરસામાંજ ઇષ્ટદેવની અને દૈવની કૃપાથી તે કુમારશ્રી તેજ શેઠનાં પાંચસો વ્હાણોમાંથી અઢીસો વ્હાણ અને બે રાજકુમારિયો તથા અપાર ધન દૌલત પ્રાપ્ત કરી શક્યો હતો. એથી નામ ધવળ છતાં કાળા હૃદયવાળો ધવળશેઠ બહુજ ઝૂરવા લાગ્યો કે–" ઓ અદેખા દૈવ! જે એકલો ખાલી હાથે મારી સાથે આવ્યો હતો, છતાં ટુંક વખતમાં મારા કરતાં પણ વિશેષ સાહેબીનો ધણી થઇને બેઠો છે, હાય! તે શી રીતે સહન કરી શકાય? અઢીસો વ્હાણ પણ ભર્યાં પૂર્યાં વાત વાતમાં મારી પાસેથી લઇ લીધાં! અને મોટો ધનવાન્–ભાગ્યવાન્ બની બેઠો છે; પણ જોઉં છું કે શી રીતે એ માલમત્તા લઈ કુશળતા પૂર્વક ઘેર પહોંચે છે!! એ એકલો હોવાથી આ રત્નાગર સાગરમાં એને ફેંકી દઈ પછી એની સઘળી માલમતા ને બન્ને સુંદર સુંદરીઓને વગર અડચણે હાથ કરી લઇશ. **ઉપાય કરવાથી શું વસ્તુ મુશ્કેલ હોય છે!**" ઈત્યાદિ નઠારા અને વિશ્વાસઘાતી વિચાર કરી એનીજ ગડમથલ કરવા લાગ્યો. તથા એજ જંખનામાં મશગુલ બની ખાવું પીવું સુવું વગેરે સર્વ છોડી દઈ અભાગીયા યોગ સાધકોની પેઠે કુયોગને હાથ કરવા બાથ ભીડી નાથને વિસારી અનાથ થવાના ઉદ્યમ આદરી બેઠો.

પ્રિય પાઠકગણ! દુષ્ટ મનુષ્યોનો એજ નિત્ય નિયમ છે કેઃ–વાંક ગુન્હા વગર વાંકાંવસમાં પગલાં ભરી સુજનને સંતાપવા કટિબદ્ધજ રહે છે. દુષ્ટોને જો કોઈનું કંઈ બગડ્યું તો આનંદ અને સુધર્યું તો અફશોશ થાય છે. પ્રભુગુણરૂપ ચંદ્રને પીડવા તો તે દુષ્ટ જન રાહુ સરખા, બીજાનું કામ બગાડવા માટે શરાપૂરા સહસ્રબાહુ જેવા, પારકા દોષ જોવા માટે હજાર નેત્રધારી ઇંદ્રના જેવા, પરાયાના ઘીરૂપ સ્વાર્થને દૂષિત કરવા માખી જેવા, તેજમાં પ્રચંડ અગ્નિજેવા, ગુસ્સામાં યમરાજ જેવા, પાપ અવગુણરૂપ ધનના સંગ્રહ માટે તે

કુબેરભંડારી જેવા, દર્શન દેતાંજ અહિતસૂચક ધૂમકેતુ–પૂંછડીઆ તારા જેવા, પારકાનું બુરૂં કરવા પોતે નાશ પામતાં લગી પણ પીછો નહીં છોડનાર ખેતીનું કાસલ કહાડનાર કરા જેવા, પારકા અવગુણ–છિદ્ર બોલવામાં હજાર જીભવાળા શેષનાગ જેવા, પારકાની પાપકથા સાંભળવામાં દશ હજાર કાનવાળા પૃથુરાજ જેવા, અને વચન પ્રહાર કરવામાં કઠોર વજ્ર જેવા હોય છે. જેમ વર્ષાદ વરસવાથી સર્વ વનસ્પતિ લીલીકચ જેવી થઈ જણાય કે દુપી જવાસો તેમની સંપત્તિ નિહાળી સુકી ખાખ થાય છે, તેમ ઈર્ષ્યાખોર લોકો પણ પારકી ચડતી જોઈ બળી મરનારા હોય છે. જુઓ કે શ્રીપાળકુંવરને પોતાના ભાગ્ય બળથીજ સકળ ઋદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી; છતાં ધવળશેઠ તે ઋદ્ધિને પચાવી લઈ પોતાની કરવા મચ્યો હતો, અને ઉપરા ઉપર નિશ્વાસ નાખી અજંપા સહિત 'કયે પ્રકારે ફતેહ પામું' એજ દાવપેંચ ખોળતો હતો.

કહેવત છે કે–'**જેવાને તેવા મળીજ રહે છે.**' મતલબ કે ઉત્તમને ઉત્તમ અને નીચને નીચ (વ્યસનીને વ્યસની અને દુષ્ટને દુષ્ટ) એની મેળેજ આવી ભેટે છે. એજ મુજબ ધવળશેઠને પણ પોતાના વિચારને મળતો એક દોસ્ત આવી મળ્યો અને હળીમળી સંતાપ થવાનું કારણ જાણવામાં આવતાં કહેવા લાગ્યો કે–ફિકર શું કરવા કરવી જોઈયે ? 'હણતાને હણવું એમાં પાપ દોષ શું ગણવું ?' આસ્તિક અને પાપથી બ્હીનારા લોકો હમેશાં ગરીબ સ્થિતિજ ભોગવનારા હોય છે; માટે પાપ પુન્યને ન ગણકારતાં પૈસો એકઠો કરવો કે પછી બધી રીતે પાવન થવાશે. પૈસાવડે પાપી કે પાજી હશે તોપણ ઉત્તમ ને પ્રતિષ્ઠિત ગણાશે, પૈસાવડે દેવને પ્રસન્ન કરાશે અને દાનાદિ ઉત્તમ કામો કરી સદ્‌ગતિમાં જવા શક્તિમાન થવાશે–એ માટેજ જેમ બને તેમ લક્ષ્મી જોડવી એજ સકળ સિદ્ધિદાયક મંત્ર છે. કહ્યું છે કે:—

(મનહર છંદ.)

પૈસે બિન બાપ કહે પૂત તો કપૂત ભયો–
પૈસે બિન ભાઈ કહે બન્ધુ દુખદાયીહે,
પૈસે બિન જોરૂ કહે નકટેસું કામ પર્યો–
પૈસે બિન સસુર કહે કિનકો જમાઇહે ?
પૈસે બિન યાર શાહુકાર ન પતીજ ધરે–
પૈસે બિન દુનિયામે મુંહકો છુપાઇયે,

કહે કવિ વિકટરામ સુનહો દીનદયાલ–
પૈસે બિન મુર્દે કો લકડી ન પાઇયે.

બેત.

જરકી મહોબત જરકે તાબે જર તો જગમેં પ્યારહૈ,
જિસ જાયપૈ દેખો યારો તો જરસેં બેડા પારહૈ.

धनमार्जय काकुस्थ धनमूलमिदं जगत् ॥
अन्तरं नैव पश्यामि निर्धनस्य मृतस्यच

વિશ્વામિત્રજીએ કહ્યું કે–હે રામ! ધન પેદા કરો! આ જગતનું મૂળજ ધન છે, અને નિર્ધન તથા મરેલામાં કશો પણ તફાવત હું જોતોજ નથી, તથા જેની પાસે ઘણું ધન હોય તોપણ વિશેષ ધન હાથ કરવા હરવક્ત યત્નવાન્ રહેવુંજ ઘટે છે, અને જેમ બને તેમ અધિકાધિક ધનપાત્ર થવાથીજ વિશેષ લાભ છે. એ શ્રીપાળકુંવરે જે ઋદ્ધિસિદ્ધિ મેળવી છે તે તમારાજ માટે મેળવી છે. એ તો કીડી કણ સંગ્રહ કરે તે તેતરના ઉપયોગને માટેજ, ઉંદર દર ગોડે તે સાપને વસવા માટેજ, માખીઓ મહા મહેનતવડે મધ એકઠું કરે તે વાઘરીને લાભ મળવા માટેજ, અને અભાગીઆ રળે તે ભાગ્યશાળીને માટેજ, એ માટે એ દોલત અને સુંદરીઓ હાથ કરવા પ્રપંચજાળ ફેલાવી કારમી પ્રીતિ બતાવી કુંવરને ખૂબ વિશ્વાસ બેસાડવાની ખાસ જરૂર છે, અને એમ થવાથી બેડો પારજ થશે. ”

ધવળશેઠે એ વિચારને વધાવી લઈ કુંવરની સાથે કપટભરી મીઠી વાતો કરી લટપટ વધારી આવજા કરવી શરૂ રાખી. કુંવરનો વિશેષ વિનય સાચવી તે કહવા લાગ્યો કે–“ પ્રભો ! આપ અમારા જીવનના આધાર છો, અમારા પૂર્વે પુન્યના પ્રતાપથી આપશ્રીની સેવા કરવાની મળી છે, પગલે પગલે આપ પ્રતાપથી અમારી આશા ફળતી આવે છે, અને આપનું મુખારવિંદ જોતાં અમને અત્યંત આનંદ મળે છે. પ્રભુ સદા આપની અલાબલા દૂર કરો અને અમારી હરકત હરો. ” વગેરે વગેરે મીઠી વાણી બોલી ધવળશેઠ પોતાની કાળી ધારણાને બર લાવવા પટઆખટ કરવા લાગ્યો.

કુંવર તો ધોળું એટલું દૂધજ જાણતો હતો, એથી ધવળની કાળી કરણી તેમની જાણવા બહારજ હોવાને લીધે તે દુષ્ટ ધવળની સાથે નિર્મળ વૃત્તિથી વર્ત્તતો હતો. એ ભલાઇનો બદલો બુરાઇથી

વાળવા ધવળે એ પ્રપંચ રચના રચી કે વ્હાણની કોર ઉપર એક માંચડો બાંધી તેમાં બેસી દરિયાઈ સ્હેલ જોવાની ગોઠવણ કરી, અને ઉતાવળે કુંવરની પાસે આવી કહ્યું કે-" જુદા જુદા આઠ મ્હોંડાનો મચ્છ જોવો હોય તો તાકીદે પધારો. પછી કહેશો કે કહ્યું નહીં." આ પ્રમાણે કૌતુકની વાત સાંભળી કુંવર ભોળેભાવે ત્યાં ગયો અને માંચડામાં બેસી તે મચ્છ જોવા માટે દૃષ્ટિ ફેરવવા લાગ્યો. એટલામાં તો પાપી શેઠે અને તેના પાપી દોસ્તે અગાડીના ભાગના માંચડાનાં દોરડાં એકી સાથે કાપી નાખ્યાં, એથી કુંવર દરીઆમાં પડ્યો ને પડતાંજ ઈષ્ટદેવનું સ્મરણ કરવા લાગ્યો. તે ઈષ્ટસ્મરણથી અને જળતરણી ઔષધીના બળથી એક મચ્છની પીઠપર સ્થિર થઇ જતાં થોડીજવારમાં કોંકણકાંઠે સહીસલામતે જઈ પહોંચી ચંપાના ઝાડ નીચે સૂઈ ગયો.

પાપીએ પુન્યાત્માને પ્રાણસંકટ આપી પછી પાપને વગોવવા રોવું કકળવું ને છાતી માથું કૂટવું શરૂ કર્યું અને કહેવા લાગ્યો કે-" હાય! હાય! અદેખાદૈવે આ શો ગજબ ગુજાર્યો!! મચ્છની ગમ્મત જોવા ચડ્યા ત્યાં તો માંચડાનાં જૂનાં દોર તૂટી જતાં પ્રાણજીવન દરીયામાં પડ્યો. મારા મુરબ્બી! આપ અમને મધ્ય દરિયે રઝળતા મ્હેલી ક્યાં અગમપંથે સિધાવી ગયા! હવે અમને કોનો આધાર રહ્યો! અને કોની ઓથ રહી! અરેરે! ક્યાં જાઉં ને શું કરૂં!" ઈત્યાદિ મ્હોંડેથી વિલાપ કરતો અને હૈયામાં (ધારેલી ધારણા પાર પડવાથી) હસતો જ્યાં કુંવરની બેઉ સતીસ્ત્રીઓ હતી ત્યાં કાળાં કર્મનો કરનાર ધવળ આવી ધડપછાડા કરવા લાગ્યો.

સતીસુંદરીઓએ પતિના મરણની વાત સાંભળી કે તરત તેઓ અચેતન થઈ ધરણીપર ઢળી પડી. એ જોઈ સાહેલી અને દાસીઓએ દોડી આવી શીતોપચાર વડે તેણીઓને સચેતન કરી. એટલે તો તેણીઓએ કલ્પાંત કરવો શરૂ કર્યો કે-" હે પ્રાણજીવન પ્રભુ! અહીં અધવચ રઝળતી મૂકી અકાળે અને કશું પણ કહ્યા વિના કેમ પરલોક પધારી ગયા! આપના લીધે માબાપનો પણ સંગ છોડ્યો છતાં આપે પણ ભરદરિયે દગો દઈ વ્હાણ બુડાડી દીધું? હે હૈયા! તું પણ નિઠોર કઠોર છે કે નાથનો વિયોગ થયા છતાં ફાટી કેમ નથી જતું? હે અંતરવાહક આત્મા! સ્વામીના પ્રાણ પરલોક પધાર્યા છતાં તું સ્થૂળ શરીરનો સંગ છોડી કેમ જીવજીવનને મળવા દોડી

નથી જતો ? શું અરધું અંગ ગયા છતાં બાકીના અરધ અંગને આ દુનિઆમાં રહેવું યોગ્ય છે ?" ઇત્યાદિ હૈયાફાટ વિલાપ સહિત ચોધારાં આંસુનો ક્રમ ચાલુ હતો, તેટલામાં તો કુકર્મી ધવળ આવી વ્યંગવચન કહેવા લાગ્યો કે—"અદેખા દૈવને શું કહેવું ! અને તેને શ્રાપ પણ શા આપવા ! દુઃખ સહનારાં માણુસજ હોય છે માટે હવે ધૈર્યતા ધરી ગઇગુજરી વાત માટે વિશેષ કલ્પાંત ન કરો; નહીં તો તે પુન્યાત્માને આવા દુષ્ટ ધ્યાનથી દુઃખ થશે."

આ પ્રમાણે બોલવું થતાં સતીઓ શંકાશીળ બની વિચારવા લાગી કે—"આના બનાવટી અફશોષના બોલોજ કહી આપે છે કે ધન રમણીની લાલચે આ પાપીએ આપણા નાથના પ્રાણ લીધા છે; છતાં સ્વામીદ્રોહી મીઠું બોલી આપણને ધીરજ આપી રહેલ છે. ધિઃકાર છે એના જીવતરને ! અને ધૂળ પડો એના મનખામાં કે જેણે ઉપકારીનુંજ માઠું કર્યું. તેમજ આની વિચારણા હવે આપણું શીળ ચૂકાવા ઉપરજ ટમટમી રહેલ છે; માટે શીળરત્નને સાચવવા જેમ સ્વામીએ દરિયાનું શરણું લઇ સ્વર્ગને શોભાવ્યું, તેમ આપણે પણ દરિયામાં પડતું મ્હેલી સ્વામીને મળવા સ્વર્ગની વાટ પકડીએ એટલે બળાપાનોજ અંત આવી જાય. સ્વામીનો વિયોગ થયા પછી જીવવું એ પણ અયોગ્ય છે. **પ્રાણ જતાંપણ રહેશે તો જીવન કરતાં મરણ વિશેષ વખણાશે;** માટે એજ વિચાર સર્વોત્તમ છે." એમ નિશ્ચય કરી કેડે સાડી બાંધી લઇ ઇષ્ટસ્મરણ કરી દરિયામાં પડી પ્રાણને પતિચરણમાં મોકલવા ઉઠી ઉભી થઇ પરંતુ ઇષ્ટદેવ અને શીળરક્ષક દેવોના પ્રતાપથી ઓચિંતો ઉત્પાત થઇ આવ્યો. તોફાની પવન સાથે મેઘઘટાનો પૂરેપૂરો દેખાવ થતાં અંધારઘોર થઇ ગયું, અને ખુલ્લા ખડ્ગથી ક્ષેત્રપાળ હુંકાર શબ્દ કરતો બાવનવીર સહિત આવ્યો, તથા ભારે દબદબા સહિત દેવી મંડળ યુક્ત સિંહવાહની ચક્રધારિણી દેવી પણ પધાર્યાં. આવતાં સાથેજ દુષ્ટ સલાહકારને ખેત્રપાળે ખડ્ગને તાબે કરી—ખંડોખંડ કરી દરિયામાં ફેંકી દીધો. એ જોઇ ધવળ ધ્રુજતો ધ્રુજતો સતીઓને શરણે જઇ પેસી ગયો.

દેવી ચક્રધારિણીએ કહ્યું—"દુષ્ટ ! સતીશરણ પ્રતાપથી જીવતો મૂકું છું; પણ અંતે દુષ્કૃત્યને લીધે જીવ ગુમાવી દુર્ગતિનો ભાગી થઇશ." એમ કહી સતીઓ પ્રત્યે કહ્યું—"પ્રિય વત્સે ! કંઇ પણ ચિંતા કરવાનું કારણ નથી. તમારો નાથ કુશળ સાથ ઠાણાપુરમાં

રાજકુંવરી વરી આનંદ અનુભવે છે, તેનો બરોબર એક મહીને મિલાપ થશે. વળી આ પુષ્પહારો આપું છું, તે કંઠમાં પહેરી લ્યો કે જેથી દુષ્ટ વિચારવાળો સ્હામું જોતાંજ અંધાપો પામશે." એટલું કહી દેવદેવી પોતપોતાને સ્થાને પળ્યાં અને સર્વ ઉત્પાત દૂર થતાં વ્હાણો નિર્વિઘ્નપણે ગતિ કરવા લાગ્યાં.

દુષ્ટ ધવળે ઠાણાપુરમાં કુંવર કુશળતા પૂર્વક છે એમ દેવીવચન દ્વારા જાણી લેવાથી વ્હાણને બીજી બાજુએ લઇ જવા યત્ન કરાવ્યા; પણ તે સર્વે વ્યર્થ નિવડ્યા; તથાપિ તેણે પોતાની દુષ્ટ ધારણા છોડી નહીં; તેમજ સતીસ્ત્રીઓ તરફ દુષ્ટ ઇરાદો ચલાવવો શરૂજ રાખ્યો.

એક વખત દૂતીની મારફત ધવળે પોતાની ભેટ લેવા કહેણ મોકલ્યું અને ઘણી આજીજી બતાવી; પરંતુ સતીઓએ તો તેણીને ગળચીથી પકડી પુષ્પાંજલી આપી ભૂંડે હવાલે બ્હાર કહાડી મૂકી; છતાં પણ દુષ્ટ નિર્લજ થઇ પોતે જાતે સ્ત્રીરૂપથી સતીઓનો ધર્મ છોડાવા ત્યાં ગયો; પરંતુ દેવદત્ત પુષ્પમાળના પ્રભાવથી સતીઓને જોતાંજ અંધ થઇગયો, જેથી ઉપહાસ્ય કરી તેને બ્હાર કહાડી મૂક્યો. આમ થવાથી તે બહુજ ખીજવાયો, પણ કશો ઉપાય ચાલ્યો નહીં એટલે લાચાર બની રહ્યો. વ્હાણો મહીનો પૂરો થતાં ઠાણે જઇ પહોંચ્યાં અને ભેટણું આપવા જતાં રાજ્યસભામાં કુંવર શ્રીપાળની ભેટ પણ થઇ, એથી ધવળનું મ્હોં કાળું થઇ ગયું.

તદનંતર દરવાનની મારફત કુંવરને વનમાંથી લઇ આવી ન્યાત જાત પૂછ્યા વગર ઠાણાપતિયે પોતાની મદનરેખા કુંવરી પરણાવાની બિનાથી વાકેફ થઇ શેઠે ડૂંબોને ધનથી લલચાવી કુંવરને ડૂંબ બનાવાની યુક્તિ અમલમાં લીધી; પણ આખર વ્હાણમાંથી સતી સ્ત્રીઓનું આવવું થતાં સત્ય તરી આવ્યું, આનંદનાં વાજાં વાગ્યાં, સતીઓને પતિની ભેટ થતાં સકળ દુઃખ ભાગ્યાં, અને દંપતિ લીલા લ્હેર કરવા લાગ્યાં.

વિવેકી વાચકવર્ગ! આ વાર્ત્તા આપણને શું બોધ આપી રહેલ છે, તે તરફ જરા ધ્યાન દેવું જરૂરનું છે કે સત્યશીળના પ્રભાવ વડે દેવો પણ આવી સહાયતા આપે છે! તેમજ સતીસુંદરીઓ પ્રાણ કરતાં પણ (પ્રતિજ્ઞા)ની વિશેષ દરકાર રાખે છે! દુષ્ટપુરુષો પારકાની ચડતી જોઇ તેનું બુરૂં કરવા કેવાં દુષ્ટ પગલાં ભરે છે? તથા દુષ્ટજનને દુષ્ટદોસ્તોનો સમાગમ થઇ આવતાં દુષ્ટવિચારણાને કેવી

પુષ્ટિ મળે છે? તેમજ પ્રાણસંકટ વખતે પણ ઇષ્ટદેવનું સ્મરણ કરવાથી અવસ્ય સંકટ ટળી જાય છે અને આખર સત્યનો જય ને પાપનો ક્ષય થાય છે વગેરે વગેરે પૂર્ણપણે નિધાહમાં રાખી વર્તવું કે જેથી સર્વેનો શ્રમ સફળ થાય. ઘણાખરા વાચકો, શ્રોતાઓ, એવી સાહુકારી રાખે છે કે જ્યાંથી વાંચ્યું કે જ્યાંથી સાંભળ્યું, ત્યાંજ તેઓ વાંચેલું ને સાંભળેલું પાછું સોંપી દે છે; કેમકે લઈ જવાથી સાહુકાર મટી ચોર ગણાય; માટે વાંચેલું પુસ્તકમાંજ અને સાંભળેલું ઉપદેશકના મુખમાંજ રહેવા દે છે, સારી સારી બોધની વાતો કે ગુણ શિખવામાં તો પક્કા ચોર થવાનીજ જરૂર છે. અને જેમ બને તેમ તે જ્યાં મળે ત્યાંથી તાકીદે પોતાને તાબેજ કરી લેવાંજ યોગ્ય છે, માટેજ પુનઃ પુનઃ કહું છું કે આપણ બધાઓને સારા ગુણો ગ્રહણ કરવામાં—વાતનો સારાંશ સમજવામાં બેશક ચોરી કરતાં શીખવુંજ લાયક છે.

કહ્યું છે કે:—

"શ્રોતા વાચકને સહી, ચોર થવું ધરી ચૂંપ;
સાંભળ્યું વાંચ્યું તેહનો, તત્વ ગ્રહો સુખ રૂપ."

ધર્મવીર સતી રાજેમતી.

કૃષ્ણાવતારના સમયમાં **મથુરાં**ના રાજા **ઉગ્રસેન**ના અંતઃપુરમાં **ધારણી** રાણીના કુખથી એ જગતિલક સ્ત્રીરત્ન ઉત્પન્ન થયેલ હતું અને એણીનું વેવિશાળ **સોરીપુર**ના યાદવંશ **સમુદ્રવિજય** ને **શિવાદેવી**ના વિશ્વવિદિત કુમાર **નેમી** કુંવર સાથે જોડવામાં આવ્યું હતું. તે એવી રીતે કે **કૃષ્ણવાસુદેવે** નેમીકુંવરમાં અતુલિત બળ-પરાક્રમ જોયું, એથી વિશેષ બળીઆને હીનબળી કરવાની રાજનિતિને ધ્યાનમાં રાખી નેમીકુંવરનું બળ કમતી થવા પોતાની અષ્ટ પટરાણીઓ મારફત હાસ્યવિનોદ મ્હેણાં ટોણાં વગેરેની વાક્ય ચાતુરી વડે વિવાહ કબુલ કર્યાની અફવા ફેલાવી શ્રાવણ શુદી છઠ્ઠનું લગ્ન લેવરાવ્યું.

જરાસંધના ઉત્પાતથી યાદવોએ પોતાની રાજ્યધાની દેવરચિત **દ્વારીકા**માં કરી હતી, અને કપૂત પુત્ર કંસના ત્રાસથી ઉગ્રસેને પણ

પોતાનું રહેઠાણ જુનાગઢમાં રાખ્યું હતું. એથી નેમીકુંવરની જાન દ્વારિકાથી મંગળપ્રયાણ કરી ભારી દબદબા સહિત રાજરીતિ પ્રમાણે પંથ પસાર કરતી જુનાગઢ નજીક જઇ પહોંચી, પરંતુ ગોરવ દેવા માટે ક્ષત્રીઓના રિવાજ પ્રમાણે વનચર પશુપંખીઓને પકડી પાડી વાડો ભરી રાખવામાં આવ્યો હતો. તેમાં થતો પશુઓનો કરૂણાજનક પુકાર નેમીકુંવરને કાને આવી લાગતાં સારથીને પશુને પકડી એકઠા કરવાનું કારણ પૂછ્યું તો 'ગોરવનું જમણ દેવામાં આ પશુઓનું માંસ ઉપયોગી થવા માટે એકઠાં કર્યાં છે.' એવો જવાબ મળ્યો કે નેમીકુંવરને મૂળ તો પરણવા તરફ તિરસ્કારજ હતો; તો પણ માતા પિતા અને વડિલ બન્ધુ કૃષ્ણનું માન જાળવવાની ખાતર ચૂપકી પકડેલી હતી, તેમાં આ બ્હાનું હાથ લાગતાં વિચાર આવ્યો કે—"હું પરણીને માબાપ વગેરેને આનંદ આપીશ; પણ તે કરવા જતાં સેંકડો જીવોના અમૂલ્ય જીવ નાશ પામશે. **'अहिंसा परमोधर्म' એ પવિત્ર ધર્મ માત્રનું ફરમાન છે, તો તે પવિત્ર ફરમાન ઉપર પગ મૂકી હિંસાને ખાસ જાણીબુઝીને ઉત્તેજન આપવું એ આર્યનું કામ નહીં, પણ અનાર્યનુંજ કામ છે. દયા એજ ધર્મની જનેતા છે, દયા એજ પ્રાણી માત્રથી મિત્રતા રાખવાનું સર્વોત્તમ સાધન છે, દયા એજ ધર્મવૃક્ષનું મુખ્ય મૂળ છે, અને દયા એજ પરમપદદાયક પાવન પંથ છે.** તો તે દયાને મારા પરણવાથી દેશવટોજ મળશે ને તે પાપનું કારણ હુંજ ગણાઇશ; માટે પરણ્યા વિનાજ પાછું ફરવું અત્યુત્તમ છે કે જેથી સેંકડો જીવોને અભયતા પ્રાપ્ત થશે. એમ ધારી રથ ઉપરથી હેઠળ ઉતરી તમામ પશુપંખીઓને છોડી નસાડી ઉડાડી મૂક્યાં અને તે સેંકડો જીવોનો આશિર્વાદ લઇ તુરત રથને ગિરનાર તરફ પાછો ફેરવરાવ્યો.

એ જોઇ માતા પિતા વડિલ બાંધવો વગેરેએ આવી રથ પાછો ફેરવવાનું કારણ જાણી તેમ ન કરવા બહુ બહુ સમજાવ્યું; પણ તે સર્વેને નેમીકુંવરે યુક્તિ પ્રયુક્તિ ને ધર્મશાસ્ત્રના રહસ્યથી સમજાવી તેજ ક્ષણે ગિરનાર પર્વતના સહસામ્રવન (સહેસા વન) ભણીનો માર્ગ લીધો ને ત્યાં જઇ સંસારની સર્વ મમતા ત્યજી દઇ ત્યાગી થયા.

જ્યારે એ વાતની રાજેમતીને જાણ થઇ ત્યારે તે અત્યંત શોક કરવા લાગી, એથી સગાં સંબંધીઓએ કહ્યું કે—"એ કાળાવર ઉપર તે વળી આવડો બધો શો મોહ રાખે છે? ગોરા વરની સાથે

પરણાવી તારા જીવનને સફળ કરીશું."

રાજેમતી બોલી—"શિવાદેવીનંદન કાળા વર્ણવાળા છતાં અનંત ઉજ્વળ ગુણધારક છે અને અન્ય ગોરા રાજકુમારો છતાં કાળાં કૃત્ય કરનાર કાળા આશયવાળા છે; માટે કાળાશને જોવાની જરાએ જરૂર નથી. કાળી વસ્તુઓ તો કામણગારી અને અતિ ઉપયોગી થનારી હોય છે. જુઓ કાજળ કાળી છે; પણ આંખોમાં આંજ-વાથી ઉત્તમ ફાયદો ને શોભા બક્ષે છે. કસ્તૂરી કાળી છે; પણ અનૂપમ ગુણદાયક છે. મેઘઘટા કાળી છે; પણ જગતને જીવાડે છે, હાથી કાળા છે; પણ રાજ્યદ્વારને રળિયામણું બનાવે છે. વાળ કાળા છે; પણ શરીરને સુંદરતા બક્ષે છે. આંખની કીકી કાળી છે; પણ જગતની રચના જ્ઞાન વગેરેનો બોધ કરે છે. કસોટી કાળી છે; પણ સોના પીતળનું પારખું કરી શકે છે. રાત્રિ કાળી છે; પણ લોકોને આરામ આપે છે. અરિષ્ટ રત્ન કાળાં છે; પણ અમૂલ્ય સત્તા ધરાવે છે. શાહી કાળી છે; પણ તે વિના જરાએ સંસાર વ્યવહારનો કારોબાર ચાલતો નથી. ચિત્રાવેલી તેમજ રૂદ્રવંતી કાળી છે; પણ ઉપાસકનું દારિદ્રય દૂર કરે છે. અને ચંદ્રમાં કાળું લાંછન છે; પણ તે વિના રસકસ આદિને કશું પોષણ મળી શકતુંજ નથી; માટે કાળી ચીજો તો જગતના આધારભૂત છે. ધોળી ચીજોમાં મીઠું ધોળું છે, તો ખારૂં છે. દહીં ધોળું છે, તો ખાટું છે. ચૂનો ધોળો છે, તો દાહક છે. ઘણો ગોરો હોય, તો તે કોઢીઓ ગણાય છે, અને કરા–બરફ ધોળો છે તો ખેતીનો નાશ કરનાર છે. માટે ધોળી ચીજોજ સારી છે એ કહેવું તદ્દન ગેરવ્યાજબી છે. તેમજ **જીભેથી એકવાર જેને મારા પતિ કહ્યા તેમનો વિયોગ થતાં અવરને ઈચ્છવો એ સતી સ્ત્રીઓનો (કુળવંતીઓનો) ધર્મ નથી!** ભલે મારા ભાગ્ય-વશથી એમણે મારા હાથ સાથે હાથ મેળવી મને પોતાની અનુ-ચરી ન કરી; તો પણ હું તો તે હાથને માથે મૂકાવી તેમનીજ આજ્ઞાનુગામી થઈશ; માટે મને જે કહેશો તે સઘળું નકામુંજ છે." ઈત્યાદિ કહી તે પણ ગિરનાર પર્વત ભણી ચાલી નીકળી.

ગિરનારની પહેલી ટુંકે જતાં પહેલા પુષ્કળ વરસાદ પડ્યો, જેથી રાજેમતીનાં વસ્ત્ર ભીંજી ગયાં, એટલે તેને નીચોવી કોરાં કરવા માટે એક ગુફામાં પેસી તેણીએ તમામ વસ્ત્રો કહાડી નીચોવી અંદર સુકવી દીધાં, અને તે નગ્ન દશામાંજ રહી પતિનું સ્મરણ કરતી ઉભી હતી. એટલામાં તેજ ગુફાની અંદર તેણીનો દિયર **રથનેમી** કે જે

કેટલાક વખત અગાઉથી ગૃહસ્થાશ્રમ ત્યજીને ત્યાગી થયો હતો તે આત્મકલ્યાણના માટે કઠીન તપશ્ચર્યા કરતો હતો, તેની નજર રાજેમતી તરફ પડી. રાજેમતી સુંદર સ્વરૂપવંત નવયૌવના લાવણ્ય વતી છતાં મોટા મુનીવરોનાં પણ મન મોહિત થાય તેવી નગ્નદશાવાળી જોવામાં આવતાંજ તપસી તો તપથી લપસી પડ્યો, અને કામવાસનાને વશ્ય થઈ તેણીની અગાડી આવી પ્રાર્થના કરવા લાગ્યો:—

"મનમોહિની રંભા! તારા વિશ્વમોહક અનૂપમ રૂપ લાવણ્યતાએ મારૂં મન ભ્રમિત કરી દીધું છે, અને યોગથી વિમુખ થઇ તારા રતિસુખ યોગનો અભિલાષિ થયો છું; માટે મને રતિસુખથી તૃપ્તિ આપી આનંદ આપ. આપણુ દિયર ભોજાઇનો એ સંબંધ કંઇ અયોગ્ય નહીં ગણાશે. દિયરવટું તો પરંપરાથી ઘણી કોમોમાં ચાલતું આવે છે; માટે તેમ કરવામાં કશી અડચણ નથી. આવી નવયૌવન ફાંકડી છબીને શા સારૂ બાળી મૂકવા ઇચ્છો છો? ભોગ ભોગવી પછી યોગ લ્યો કે જેથી મારી પેઠે પુનઃ યોગ લીધા છતાં ભોગમાં લુબ્ધ થવાનો સમય પ્રાપ્ત ન થાય."

લજ્જાના લીધે તુરત ભીનાંજ વસ્ત્ર ધારણ કરી મર્યાદાપૂર્વક રાજેમતીએ કહ્યું—"દિયરજી! એકજ માતાના કુખથી ઉત્પન્ન થયેલા બેઉ ભાઇમાં આવડો મોટો તફાવત કેમ છે? તમારા મોટા ભાઈ અલબેલી અંગનાને તજી ત્યાગી થાય છે ત્યારે તમે તેમનાજ ન્હાના ભાઈ ત્યાગી કહેવાયા છતાં ફરી કામવાસના વશથી સ્ત્રીવિલાસના રાગી થયા છો! તેમ તમારા વડિલ બંધુની હું વહુ હોવાથી તમને કામની નથી. પૂજ્યની સાથે ખરાબ વર્તણુક ચલાવવી તે તદ્દન અન્યાયી દુષ્ટનુંજ કર્ત્તવ્ય છે. તથા તમારા ભાઈની વમેલી વસ્તુ હું તેને તમે ઉપભોગમાં લેવા આતુર બન્યા છો તે મનુષ્યજાતીનું કામ નથી; પણ ઓકેલું ઉપભોગમાં લેવું સ્વાનંજ કામ છે. ક્ષત્રીપુત્રોમાં એવો પરાપૂર્વથી રીવાજ છે કે જે ઘોડી ઉપર ભાઇએ સ્વારી કરી હોય તે ઘોડી ઉપર બીજો ભાઈ સ્વારી ન કરે; છતાં ક્ષત્રીપુત્ર થઈ ભાઇની સ્ત્રી સાથે દુષ્ટ નજર કરો છો એ અતિ શોચનીય પ્રકાર માનું છું. હું સંયમી છું અને તમો મહાવ્રત ધારી છો; માટે આ વર્ત્તનથી દુર્ગતિના ભાગી થવા શા સારૂ ઇચ્છો છો? વિષય વિકારથી ક્ષણિક સુખ મેળવતાં અક્ષય સુખનો સમૂળો નાશ થાય છે. મળમૂત્રથી ભરેલ સ્ત્રીશરીરને કામીજનો અમૃતનો ઝરો

માને છે; પરંતુ તે તદ્દન ભૂલ ભરેલો પ્રકાર છે. રાગ રહિત થયા છતાં પુનઃ રાગવંત બનતાં મહા વિપત્તિને વશ થવાય છે. ધ્યાનમાં લ્યો કે મજીઠ રાગ (રંગ) વાળી છે, તો તેને બહુ માર તાપ વગેરે વેઠવો પડે છે. તલ વગેરેમાં સ્નેહ (તેલ) છે, તો ઘાણીમાં ઘલાઈ પીલાવું પડે છે. માટીમાં રાગ (રંગ) છે, તો પથ્થરથી વંટાઈ ભીંતે છંટાઇ વિટંબનાને પાત્ર થાય છે, અને કેસર કસુંબા કેસુડાં વગેરેમાં રાગ (રંગ) છે, તો તે પણ બહુ તાપ બાફ આદિની વિપત્તિ સહન કરે છે; માટે રાગ એજ મહાદુઃખનું કારણ છે. જેથી રાગ વધારવો ન ઇચ્છો. અને સ્વર્ગાપવર્ગદાયી સંયમની સાહેબીને તજી સ્ત્રી રૂપ નારકીને ન ભજો. અનંતાનંત ધન્ય છે તમારા ભાઇને કે મારા જેવીને તજી મોક્ષલક્ષ્મીને અંગીકાર કરવા મચ્યા છે. અને એથી વિપરીત વર્ત્તન ચલાવે તેને અસંખ્ય ધિકારજ ઘટે છે; વાસ્તે શુદ્ધિમાં આવો અને સંયમથી સત્ય રંગ લગાવો કે જેથી ભવભય ભાગી જાય."

આ પ્રમાણેનો બોધ સાંભળી લજ્જા પામી રથનેમી અનંતાનંત ધન્યવાદ દઇ રાજેમતીને ચરણે નમી મનોવૃત્તિમાં થયેલી મલીનતા માટે અપાર દિલગીરી દર્શાવી પ્રાયશ્ચિત માંગવા રાજેમતીની સાથેજ ચાલી નેમીનાથજીના અગાડી હાજર થયો, અને પાવન દીક્ષા અંગીકાર કરી પ્રાયશ્ચિત લઈ આત્માને શુદ્ધ કર્યો.

રાજેમતીએ પણ પતિનો જમણો હાથ માથે મૂકાવી પ્રશંસનીય સંયમ પાળી નેમિનાથજી પહેલાં મુક્તિમંદિરની ભેટ લીધી. ધન્ય છે એવી સાચી સતીઓને કે પતિનો હસ્તમેળાપ નહીં થયેલો છતાં વચનથીજ જે નરની સ્ત્રી કહેવાતાં તેના નામ ઉપરજ જાન ફિદા કરે છે! અને ધિઃકાર છે એવી બૈરીઓને કે જે પતિને છેતરી પરપુરૂષની સાથે રંગે રમે!! પ્રિય સુશીળ બ્હેનો! આપ પણ દુષ્ટાની પેઠે ધિઃકારને પાત્ર ન થતાં સતી શિરોમણી રાજેમતીની પેઠે અપાર ધન્યવાદને પ્રાત્ર થાઓ કે જેથી જીવન સફળ થાય અને સકળ સંતાપ જાય; કેમકે:—

સત્યશીળ શૃંગાર છે, તે ધારો પ્રિય બ્હેન;
દુખ દોહગ દૂરે જઇ, મળે સકળ સુખચેન.

શૂરવીર સતી પદ્માવતી.

પ્રિયપાઠક પરિષદ્ ! આજે આપણે વિક્રમ સંવત પૂર્વે લગભગ પાંચસો વર્ષ ઉપર થયેલ આર્યાવર્ત્તની અનુપમ વીરસતીનું સ્મરણ કરવા ભાગ્યશાળી થયેલા છીયે. એ ખચિત આપણો મહદ્‌ભાગ્યોદયજ છે ! એ વીરદેવી **પદ્માવતી**નો જન્મ ભારતભૂષણ **વિશાળાનગરી**ના ભાગ્યભાજન ભૂપતિ—ક્ષત્રીયકુળકમલદિવાકર **ચેટક** મહારાજાની સુશીળ પત્નિ **સુમતિસુંદરી**ના રત્નકુક્ષથી થયો હતો, અને એ સાત બ્હેનો હતી, છતાં ખતિ વિશેષ આશ્ચર્યની વાત તો એ છે કે તે રસાતે કુળદીપક બ્હેનો પરમ પાવન પ્રતિવ્રત ધર્મપરાયણ મહાસતીઓ નીવડી હતી.

આ દુનિયાની સપાટી ઉપર આવો બનાવ ભાગ્યેજ બનવા પામે છે. જુઓ કે હાળાહળ ઝેર અને અમૃત એ બેઉનો પેદાસ સમદ્રમાંજ છે; છતાં ઝેર મરણને આપે છે, અને અમૃત જીવનને બક્ષે છે. તેમજ શેલડીમાંથી પેદા થનાર ખાંડ સાકર ગોળ વગેરે જુદા જુદા સ્વભાવ વાળાંજ હોય છે, અને રાવણ ને વિભીપણ એકજ કુળના, સહવાસી—સાથે વસનારા બાંધવ છતાં રાવણ મહા મદાંધ અને રાક્ષસી સ્વભાવનો, અને વિભીપણ ભક્ત શાંત અને દૈવીસંપત્તિને માન આપનારો હતો. મતલબ કે એકજ પિતા, એકજ માતા અથવા તો એકજ ઉત્પત્તિસ્થળ અને એકજ સદુપદેશી ગુરૂદ્વારા એકજ પ્રકારના ક્રિયાવિધાનની સમાન રીતે પૂરેપૂરી કેળવણી-તાલીમ કે ઉપદેશ મળેલ હોવા છતાં અને એકજ મકાનમાં સહવાસિ બની નિવાસ કરનાર હોવા છતાં જુદી જુદી પ્રકૃતિ—કૃતિવંત ફરજંદો નિપજી નિવડી શકે છે; પરંતુ એકજ પ્રકૃતિ—કૃતિનાં હોય એવું ભાગ્યેજ જોવામાં આવે છે. દાખલા તરીકે ધ્યાન આપો કેઃ—

(ઇંદ્રવિજય છંદ.)

એકજ વંશ વિષે ઉપજ્યા સહવાસ સદૈવ નિવાસ વસાવે,
એક ગુરૂ ઉપદેશ તથાપિ મિજાજ કદી મળતો નહિ આવે;
દેખી જુઓ દલપત કહે દરજી તણી પેઢી વિષે દરસાવે,
કાતર કાપી કરે અળગાં પણ સોય સદૈવ સલાહ કરાવે.

આમ છતાં પણ તે સાતે ભગિનિયોનો સ્વભાવ, આચાર એકજ સરખો હતો, સાત બહેનો પૈકી **પ્રભાવતીને** ઉદાયનરાજા સાથે, **મૃગાવતીને** કૌશંબીના રાજા **સતાનિક** સાથે, **શિવાદેવીને** ઉજ્જયનીના **ચંડપ્રદ્યોતન** રાજા સાથે, **જ્યેષ્ઠાને** કુંડગ્રામાધીશ **નંદિવર્ધન** રાજા સાથે, **સુજ્યેષ્ઠા** તથા **ચિલ્લણાકુમારીને** રાજગૃહીના **શ્રેણીક** રાજા સાથે, અને **પદ્માવતીને** **ચંપાનગરીના** દધિવાહન રાજા સાથે વરાવેલી હતી. (આ વીરસતીનું બીજું નામ **ધારણી** રાણી પણ હતું.)

દેવી પદ્માવતીના પતિ દધિવાહનને અને સતાનિક રાજાને વચ્ચે સાઢુનું સગપણ છતાં રાજ્ય પ્રકરણના અંગે પરમ વૈર બંધાયું હોવાથી સતાનીક રાજાએ છૂપી રીતે પોતાનું સબળ લશ્કર ચંપાનગરીની ચોમેર લાવી ગોઠવી દીધું. ચંપાપતિને જાણ થતાં યુદ્ધની સર્વ સામગ્રી તૈયાર કરી અને સ્હામે થઇ તેણે શત્રુદળ સાથે આકરી બાકરી બીડી; તથાપિ દૈવની વિપરીત ગતિ હોવાથી દધિવાહનની હાર થઈ, સૈન્યબળ તૂટી ગયું. જીત મળવાની આશા બિલકુલ રહી નહીં, અને પોતાનો જાન જોખમમાં અવશ્ય આવી પડવાની પૂર્ણ પ્રતીતિ થઈ, એથી રાણી, સંતાન ને ભંડાર વગેરે સર્વને નિરૂપાયે પડતાં મૂકી તે જીવ બચાવી નાસી ગયો, જો કે એ કૃત્ય ક્ષત્રીધર્મને શોભારૂપ તો ન હતું; તથાપિ "**જીવતો નર ભદ્રા પામશે**" એ વાક્યને માન આપી નાસી છૂટયો.

આમ થવાથી અરાજ્યક પ્રજા થઈ પડતાં સતાનીક રાજાએ ચંપાનગરીનું રાજ્ય સર કરી લીધું. નવું રાજ્યસર કર્યાની ખુશાલીના ચાલતા આવેલાં નિયમ મુજબ લશ્કરીઓએ શહેરમાં લૂંટ ચલાવી અને જેના હાથમાં જે આવ્યું તે હાથ કરી પોતાએ મેળવેલી જીતનો લાભ મેળવ્યો. એ લૂંટના દરમ્યાન એક લડવૈયાને હાથ વીરરાણી પદ્માવતી સપડાઈ પડી, એથી તે તેણીને હાથ કરી પોતાને વતન પહોંચવા રવાના થયો.

પ્રવીણ પાઠકો ! સદા સમય બલવાન્ હોય છે; પણ મનુષ્ય બળવાન હોતું નથી. એથીજ બાણાવળી વીર **અર્જુન** સમયની વિપરીતતાથી કાબાઓના હાથમાં, રાક્ષસેંદ્ર **રાવણ** બળિભુવનમાં સ્ત્રીઓના હાથમાં, **પૃથુરાજ ચહુવાણ ગોરી** બાદશાહના હાથમાં, **મુંજ તૈલાંગદેવના** હાથમાં, છત્રપતિ **શિવાજી યવનશાહના** હાથમાં, સમર્થ શહેનશાહ **ઔરંગઝેબ** વીર **મેવાડિયોના** ક્ષાત્ર હાથમાં, અને

ટુંકામાં કહીયે તો એવા અનેક વીરમણિયો એક સાધારણ વીર મનુષ્યના હાથમાં સપડાઈ પડ્યાના ઠેકાણે ઠેકાણે દાખલા દેશી-વિદેશી ઇતિહાસો બતાવી રહેલ છે; તો પછી સમયની વિરૂદ્ધતાથી એક નિરાધાર થઈ પડેલી વીરનારી અન્યના હાથમાં સપડાઈ પડે એ કંઈ વિશેષ નવાઈ જેવો બનાવ નથી. ફક્ત તેઓએ સંકટમાં સપડાયા છતાં પોતાના ધર્મને પુર્ણપણે જાળવ્યો છે કે નહીં, તેજ જોવાની આપણને જરૂર છે. હમેશાં ડાહ્યાં મનુષ્યો સમયનેજ માન આપે છે. સિંહ પાંજરામાં સપડાઈ પડે છે; પરંતુ પોતાના સ્વભાવને તે પાંજરાને તાબે કરતો નથી. જ્યારે સમય સ્વાધીન થાય છે ત્યારે તે સપડાઈ પડેલ સિંહ પાંજરાના પણ ચૂરા કરી પોતાના પંઝાવડે કષ્ટકારકોનો અંત આણવા પૂર્ણ યત્નવંત રહે છે. યોગની સબળતા થયા વિના કોઈ પણ કાર્યની સિદ્ધિ પ્રાપ્ત થતીજ નથી એ નિર્વિવાદ વચન છે!

ઉપરના નિયમને અવલંબી દેવી પદ્માવતી પણ સમયની સાનુકૂળતા સંપાદન કરવાનીજ તક ખોળતી હતી અને દુરાચારીના દુરાત્માને પરલોકે પહોંચાડવા ધારતી હતી; પરંતુ સમય સાનુકૂળ થયો નહીં. સમય તો ઉલટો તેણીના પુણ્યાત્માનેજ પરલોકે પહોંચાડવા આતુર બન્યો હતો. એથી એ બન્યું કે, તે સુભટને વીરસતીના અલૌકિક રૂપ દર્શનથી વિષયવિકાર ઉત્પન્ન થયો; તેથી વિવેકબુદ્ધિયે અવિવેકના આગમનથી તેનો સંગ તજી દીધો, તેને કુકર્મનો સંગી બનેલો જોતાં શરમ પણ દૂર જતી રહી, અને વીર છતાં મહાન્ વીર કામદેવનો કેદી થતાં તેની ધૈર્યતાએ તેનાથી કટ્ટાં રૂસણાં લીધાં. શરીરપર રોમાંચ થઈ આવ્યાં, હૃદય વિશેષ ધબકવા લાગ્યું, નીચેનો હોઠ કંપવા લાગ્યો, કપાળે પ્રસ્વેદના બિંદુ ફુટી આવ્યા, વીરલોહીમાં માનસિક અસાધ્ય વિકાર લાગુ થવાથી તેની ગતિમાં વિલક્ષણ ફેરફાર થઈ ગયો, અને તેના શરીરની સ્વસ્થતા પરાધીન થઈ પડી. એથી સતી પ્રત્યે તે પોતાની બુરી વાસના તૃપ્ત કરવા કહેવા લાગ્યો:—

"રાણી પદ્માવતી! તને જોઈ મારૂં મન હાથ રહેતું નથી, તેમજ મેં અથાગ શ્રમથી તને હાથ કરેલ છે, અને જીદંગી પર્યંત તું મારા કબ્જામાંથી ક્યાંય છૂટી થનાર પણ નથી; માટે સર્વથી સરસ એજ માર્ગ છે કે તું મારી સ્ત્રી થઇ મારા મનના કોડ પૂરા કરી મળેલા સંયોગને સફળ કર કે જેથી જીવન ફળીભૂત થાય."

સતી બોલી—"વીરા ! એવું દુષ્ટવચન ન બોલ. હમેશાં પરસ્ત્રીના સંગથી દુષ્ટગતિ પ્રાપ્ત થાય છે. વિચાર કર કે, મુંજના, કૈચાકીચકના, રાવણના, ઈંદ્રના અને સિદ્ધરાજ જયસિંહ જેવા અનેક પરસ્ત્રીલંપટ પુરૂષના બુરા હાલ કેવા થયેલા છે ! જે પુરૂષ કે સ્ત્રી પોતાની સ્ત્રી કે પોતાના પુરૂષ વિના અન્ય સાથે વિવેકશૂન્ય થઇ વ્યભિચાર કરે છે, તેનું કારણ અન્ય નહીં પણ તેણી સ્ત્રી કે તે પુરૂષની માતાએ છૂપી રીતે કરેલો વ્યભિચાર—પોતાની બુરી ચાલ બતાવી સિદ્ધ કરી બતાવે છે. મતલબમાં જેની મા ખરાબ ચાલની હોય તેનાંજ ફરજંદો ખરાબ ચાલનાં નિકળે છે; માટે આ દુષ્ટ આચરણ ન આચરશે; નહીં તો માવિત્રને બદનામી ચડશે. પરસ્ત્રીનો સંગ એ જ પાયમાલીનું પગથિયું છે; પરસ્ત્રીનો સંગ એજ શરીર, ધન, ઘર, કુટુંબ વગેરેના નિકંદનનું નાકું છે, પરસ્ત્રીનો સંગ એજ દુર્ગતિનું દ્વાર છે, પરસ્ત્રીનો સંગ એજ ભવભ્રમણનો મદદગાર મિત્ર છે, અને પરસ્ત્રી એજ જાહોજલાલીને ઝાંખી પાડનાર અધમાધમ વસ્તુ છે; માટે જરા શુદ્ધિ બુદ્ધિ ઠેકાણે રાખી નઠારા વિચારોને ખારી જમીનમાં દફનાવી દો. એવો માર્ગ આદરવાથી અત્યંત ખાનાખરાબીનો વખત હાજર થાય છે, એ માટે આ હિતશિક્ષા માની સુવિચારી બનો કે જેથી ઉભય ભવ ભ્રષ્ટ ન થાય."

કામાંધ સુભટ બોલ્યો—"તારી શિખામણ મને જરા પણ રૂચતિ નથી. મને ફક્ત તારો તાકીદે સંયોગ થાય એજ રૂચે છે; માટે સમી રીતે માનીશ તો ઠીક છે; નહીં તો શું સિંહના પંઝામાં સપડાયલો શિકાર જવા પામે નેમ છે. તારી શી મગદૂર છે કે તું મારી ભેટ નહીં લે ! સબળાની આગળ અબળા શું કરી શકનાર છે ? આ તો જ્યાં સુધી સલાહ શાન્તિ ભર્યું કામ થાય તો સારૂં, એમ માની તારી પરવાનગી માગું છું. પ્રીતિ પરાણે ન થાય એ વાક્યને માન આપ્યું ત્યારે તું વળી જ્ઞાની બની ઉપદેશ દેવા માંડી છે. હશે એ બધું બાજુપર રાખી એટલુંજ છેવટ કહું છું કે તું હાલને હાલ મને સાંસારિક સુખ આપવા કબુલ થાય છે કે નહીં ? નહીં તો પછી તારા માટે જુલ્મી ઉપાય હાથ ધરવા પડશે. બોલ શું કહે છે ?"

ક્રોધારૂણ થઈ દેવી પદ્માવતી બોલી—"રે દુર્મતિ ! શું તું સિંહણને પાંજરામાં સપડાયલી જાણી નિર્બળ માની લે છે ? મૂર્ખ ! હું શુદ્ધ રજપૂતાણી છું, મારી નસોમાં ક્ષત્રીનું ઉષ્ણ લોહી ઉછળી રહેલું છે, હું કોઈ રીતે બપને તાબે થઉં તેમ નથી, પણ જવા

કરતાં પ્રાણ જવામાં મહોત્સવ માનનારી વીરાંગના છું. તારા જેવા સેંકડોને અનિવાર્ય નિદ્રામાં સુવાડનારી મારા હાથમાં રહેલી તરવારને હું તૃપ્ત કરવા શક્તિમાન છું, અને મારા સતીત્વને જીવન પર્યંત વિશુદ્ધ રાખી જગતનિયંતાના સ્મરણમાં સદા લીન રહેનાર છું. દુષ્ટાત્મા ! કેસરીસિંહની મુંછના મોવાળા, સર્પના માથાનો મણિ, સૂમનું ધન, શૂરાના હાથમાંની સમશેર અને સતીનાં પયોધર—એઓ તો એમના મુવા પછી જ હાથ લાગે છે; છતાં તું સતીનો સંયોગ સતીના જીવતાં પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે એ તારી આશા આકાશકુશમવત ફોકટ જ છે. મારી ભુજાઓ તો તારા કંઠમાં લગ્ન નહીં થશે; પરંતુ મારા હાથની સમશેર તો તારા કંઠમાં લગ્ન થવા તૈયાર છે. પરંતુ હું તારો અંત આણવામાં વિશેષ ફાયદો માનતી નથી; કેમકે તારા મરણથી હું નિરાધાર અબળા વળી અન્યને હાથ સપડાઉં તો પછી એની એ ફજેતી, એથી સહુથી બહેતર એજ છે કે મારી સહચારિણી તરવાર મારોજ અંત આણી મને વ્રતપરાભવના અસહ્ય કષ્ટથી બચાવે એટલે હું નિર્ભયતા યુક્ત આખી અણીએ પરમધામને પામી જીવન સાર્થક કરવા ભાગ્યશાળી થાઉં. જે સ્ત્રીઓ સુખભોગની જિજ્ઞાસુ હોય, કિંવા મરવાથી બ્હીતી હોય, તે સ્ત્રીઓજ તારી ડરાવી ડરી પોતાના અમૂલ્ય વ્રતને વ્હેતી નદીના પૂરમાં વ્હેવરાવી દે; પરંતુ જે પતિવ્રતધર્મપરાયણ હશે તે તો જીવ કુરબાન થતાં લગી પણ કદી તારા સરખા પાપાત્માના તાબે થશે જ નહીં. મરણ પ્રાણી માત્રને એક જ વખત આવે છે, તો અંતે આબરૂ ગુમાવી મરવા કરતાં આબરૂને સલામત રાખી મરવું એ લાખ ગણે દરજ્જે ઉત્તમ માનું છું. સાંભળ, નઠોર કઠોર !

'ધન દેકે' જિય રાખિયે, જિય દે રખિયે લાજ'

લાજની આબાદી જળવાવા માટે જાનની બરબાદી થાય તો તે ઇંદ્રની ગાદી મળવા સરખો સંયોગ માનું છું. નહીં કે મરણના ભયથી તારા તુચ્છ વિષયસુખને સ્વીકારી જીવન ગાળવામાં સ્વપ્નમાં પણ ઈચ્છા કરૂં ! જે શીળ પાળવાથી સ્વર્ગાપવર્ગનાં અખંડાનંદ સુખ સ્વયમેવ સ્વાધીન થાય, તેને છોડી ભવાટવીમાં ભટકી ભૂંડા હાલ હવાલ કરવા કોણ મૂર્ખજીવ ચાહના કરશે ! દ્રાક્ષને ત્યજી લીંબોળી તો કાગડોજ ખાશે, શેરડી જેવો સ્વાદિષ્ટ ચારો ત્યજી જવાસા જેવો કાંટાળો ચારો તો ઊંટજ ચરશે, ગગનચુંબિત મહેલો છોડી ખાખ-

રાના પત્રથી છાએલી ઝૂંપડીમાં તો જંગલી લોકજ વાસ કરવા રાજી રહેશે, અમૃત સરખા આહાર તરફ અણગમો બતાવી ભૂંડજ વિષ્ટા ભક્ષવા ભાવ લાવશે, દુગ્ધથી પુષ્ટ બનેલા સ્તનનો સંયોગ મળ્યા છતાં લોહી પીનારી જળો તો દૂધ તજી લોહીજ પીશે, સાકરનાં ભોજન નજર અગાડી વિદ્યમાન છતાં ધહેલોજ છાશ ઘેંશના કરંબાને આદર આપશે, સુંદર ગંગતરંગને તરછોડી બતકજ ગંદા જળને ગમ્મતનું સ્થળ માનશે, ભવભયનિવારક ભગવંતને વિસારી ભ્રષ્ટજનજ ભૂતગણને ભજશે, અને ભર્યા ભાણારૂપ પરણેલી પ્યારીને પરતી મ્હેલી પરસ્ત્રી રૂપ એંઠા પતરાવડાને ચાટવા અત્યંજ જેવા નરજ આનંદ લાવશે. અરે અધમાધમ! હરામી હાડીયાને દહીંથરૂં ખાવાની ઈચ્છા થાય; પણ તેના કરમમાં તો ગંદી પલીતી ખાવાનુંજ સરજેલું હોય છે, ભરવાડણ શાલ દુશાલા ઓઢવાની હુંશ રાખે: પણ તેના નશીબમાં તો કાળી કાંબળીજ પહેરવી લખેલી હોય છે, ગધાડું ગલાબના ગંજમાં લોટવાની ઉમેદ ધરાવે; પણ તેના પ્રારબ્ધમાં તો ઉકરડા ને રાખમાંજ લોટવાનું નિર્માણ થયેલ હોય છે, અને જીવહિંસા કરી સ્વર્ગ મેળવવાની અજ્ઞાનીઓ ઇચ્છા રાખે; પણ તેમના તકદીરમાં તો રૈરવ નરકજ લખાઈ ચૂક્યું હોય છે. પાપી! સતી રાજપત્નિ કે જે રૈયતની જનેતા કહેવાય, તેને સ્ત્રી કરવા તારા સરખા સ્વાન કે આખલાજ વાંછના રાખે છે. નષ્ટ શઠ નિર્લજ! તારા જીવનને સતકોટિ ધિઃકાર છે! લખ લ્યાનત છે!! બેસુમાર ધિટકાર છે!!! નરાધમ! હજુ પણ કહું છું કે તું તારૂં સારૂં વાંછતો હોય તો ઝેરી જબાન બંધ કરી રસ્તો માપી જા. નહીં તો તું ધારે છે તે તારે હાથ ન આવતાં મ્હોંમાં ધૂળ ભરાઈ તારૂં જીવન ને ધારવું ધૂળમાંજ મળશે.''

સાકર સરખાં હિતકારી વચન છતાં ગર્દભરૂપ સુભટ તેને પોતાનું અહિત કરનાર માની ક્રોધપૂર્વક સતી ઉપર બળાત્કાર ગુજારવા ધસ્યો, એથી સતી પોતાના વ્રતને વિમળ રાખવા પોતાનીજ તરવારવડે પોતાનોજ અંત આણી સ્વર્ગમંદિરને શોભાવી અમરકીર્તિ વરી. એ જોઈ પાપી હાથ ઘસતોજ રહ્યો અને સતીહત્યાનું વિશેષ પાપ વ્હોરી પાપના પુંજમાં ગર્ક થયો.

પ્રિય સુશીળ આર્યો અને આર્યાઓ! હાથે કરી તાતી તેગવડે પોતાના પ્રાણને પરલોક પહોંચાડવો એ વીરાંગનાનુંજ કર્ત્તવ્ય છે. નહીં કે બીકણ બિલાડી જેવી બાઈથી એવું કામ બને! મ્હોંથી

વાત કહેવી સ્હેલ છે; પણ કહ્યા પ્રમાણે કરી બતાવવું બહુ મુશ્કેલ છે. કવિ કાશીનાથે કહ્યું છે કેઃ—

(લાજ છોડી છેક તેં છટેલ છોકરા—એ રાહ.)

બોલવું બહુ સ્હેલ પણ, બોલી પળવું બહુ મુશ્કેલ;
ભાંગ પીવી સ્હેલ પણ, લ્હેર સ્હેવી બહુ મુશ્કેલ. બોલવું. ૧
વાતો વીરતાની કરવી, છે સહુને સ્હેલ;
પણ રણમાં વડવીર થઈ, શસ્ત્ર સ્હેવાં બહુ મુશ્કેલ. બોલવું. ૨
નટના ખેલ નિરખીને, ટિચકારી કરવી સ્હેલ;
પણ વરત ઊપર ખેલ કરીને-બતાવવા મુશ્કેલ. બોલવું. ૩
સતી થવાની હુંશ ધરી, ધામધૂમ કરવી છે સ્હેલ;
પણ જીવતે બળી મરવું પ્રીતે, છે અતી મુશ્કેલ. બોલવું. ૪
દેવને પ્રત્યક્ષ થાવા, સાધન કરવું સ્હેલ;
પણ તેનો તાપ જીરવવો તે, છે અતી મુશ્કેલ. બોલવું. ૫
આશક બનવા આ જગ માંહે, ઇચ્છવું છે સ્હેલ;
પણ તેના કઠોર કાનૂન, પાળવા મુશ્કેલ. બોલવું. ૬
ભક્ત કહાવી ભક્તાઇ કરવી, છે અતિશય સ્હેલ;
પણ આવે પ્રાણસંકટ ત્યારે, સ્થિર રહેવું મુશ્કેલ. બોલવું. ૭
દોસ્તપણાનો દાવો ધરવો, છે આ જગમાં સ્હેલ;
પણ સુખ દુઃખમાં એક રંગે, રહેવું તે મુશ્કેલ. બોલવું. ૮
પેઢી સરાફની કહાડીને, બેસવું છે સ્હેલ;
પણ અડીકડીમાં નોખને, જાળવવો મુશ્કેલ. બોલવું. ૯
નામ કવીનું લઇ પડવું તે, સહુ જનને છે સ્હેલ;
પણ મનહર કવિતા કરવી, તે છે બહુ મુશ્કેલ. બોલવું. ૧૦
નાટક માંહે જેનો તેનો, સ્વાંગ લેવો સ્હેલ;
(પણ) પૂર્ણપણે ભજવીને વાહ્‌વાહ્‌-વરવી તે મુશ્કેલ. બોલવું. ૧૧
ડૉળ વૈદાનો દેખાડી, વૈદ્ય બનવું સ્હેલ;
(પણ) હિમ્મત સહ સન્નિપાત જ્વરને, મટાડવો મુશ્કેલ. બોલવું. ૧૨
કાશિનાથ કાશિનાથ, કહેવું એ છે સ્હેલ;
પણ સાચી તલ્લીનતા તેમાં-રાખવી મુશ્કેલ. બોલવું. ૧૩

જુબાની લેવી સ્હેલ છે; પણ જુબાની લેનારે જબાની દેવી એ ઘણુંજ મુશ્કેલ છે, માટેજ કહેવું જરૂરનું છે કે દેવી પદ્મમાવતીનું સતીત્વ સંરક્ષણનું કર્ત્તવ્ય ખરેખર પ્રશંસનીયજ હતું. અને આપણને પણ તેજ પૂજ્ય થઈ સતીનો દાખલો યાદ રાખી સમય આવ્યે ધન્યવાદ વરવોજ ઘટે છે કે જેથી ઉભય જન્મ પુનીત થાય.

ધર્મવીર સતી સુભદ્રા.

આ ઉભયકુળ ઉદ્ધારિણી સતીનો જન્મ વિક્રમ સંવત પૂર્વે પાંચમા સૈકામાં **વસંતપુર**ની અંદર થયો હતો, તથા પિતાનું નામ **જિનદાસ** અને માતુશ્રીનું નામ **તત્વમાલિની** હતું, અને ચંપાનગરીના **બુદ્ધિદાસ** વેરે એ પુનીતાનું પાણીગ્રહણ થયેલું હતું.

જો કે બુદ્ધિદાસ સુભદ્રાના રૂપથી મોહ પામી ભિન્નધર્મી છતાં તેણીના મનમાં રંગ લાગેલા ધર્મનો રંગી બની લગ્નનો હકદાર થયો હતો, તો પણ જ્યારે પાછળથી બુદ્ધિદાસના ભિન્નધર્મી પણાની વાત જાણુમાં આવી ત્યારે સતી સુભદ્રાને અન્ય તો કશી ચિંતા થઈ નહીં; પણ ભિન્નધર્મી હોવાથી પોતાના મનમાં લાગેલો ધર્મરંગ પૂર્ણપણે નહીં જળવાશે એવી ચિંતા થઇ, અને અંતે થયું પણ તેમજ; કેમકે જેની સમાન સ્થિતિ, સમાન વય, સમાન વિદ્યા કળા, સમાન રૂપ રંગ, સમાન વિચાર અને સમાનપણે એકજ ધર્મમાં રૂચિ હોય તેની (તેવા મિત્રો કે દંપતિની) મિત્રતા—સ્નેહ સંબંધ ઉમંગ અભંગ અને આનંદ સહિત કાયમ રહે; પરંતુ વહુ અને પતિનો ધર્મરંગ જુદો હોવાથી ધર્મની બાબતમાં જરા વિરોધતા રહેવા લાગી; છતાં પણ પતિ પ્રત્યેની શુદ્ધ પ્રેમભક્તિમાં અને સતીત્વતામાં જરા પણ વિરોધ ન હતો.

એક સમય એક મહીનાના ઉપવાસવાળા સંત મહાત્મા બુદ્ધિદાસના ઘરમાં ભિક્ષા ગ્રહણ નિમિતે આવી ચડ્યા, એટલે સુભદ્રાએ પોતાના પંથના પવિત્ર અતિથિને ભિક્ષાર્થે આવેલા નિહાળતાં હર્ષ પ્રદર્શિત કરી હાજર રહેલ નિર્દોષ સાત્વિક આહાર આપ્યો; અને તે મહાત્માના મુખ તરફ જોતાં તેમની આંખમાં કંઈ કસ્તર પડવાથી સખત વેદના થતી તેણીના જાણુવામાં આવી, એથી તેણીએ નિર્મળ અને લાભબુદ્ધિથી તુરત મુનીની આંખમાં જીભ ફેરવી કસ્તર કહાડી નાખ્યું કે તુરત થતી વેદના શાંત પડી; પણ તેણીના ભાલચંદ્રમાંના ચાંદલાનું કંકુ મહાત્માના કપાળમાં લાગતાં ચાંદલા જેવું ચિન્હ થઇ રહ્યું. એ જોઇ તેણીની સાસુએ ભિન્નધર્મીપણાના દ્વેષને લીધે તેણીના પતિ અને નિકટના સંબધીઓને જાહેર કર્યું કે—" જુઓ આ વહુની વર્તણુક ! આ મુંડિયાથી હળેલી હોવાથી તેને આલિંગન આપ્યું જેથી આ વહુના કપાળમાંના ચાંદલાનું નિ-

સાન સુંદિયાના કપાળમાં થયું એજ એણીની બુરી ચાલની સાબેતી છે; છતાં પતિવ્રતાનો ડૉળ કરે છે, એ આપણુ બધાંને ઠગવાનેજ માટે કરે છે; કિંતુ પ્રાપ ક્યાં સુખી છુપું રહે! આ દુશ્ચારિણી આપણા કુળને કલંકિતજ કરનારી છે. એમાં જરા શક નથી; પણ શું કરૂં! આ તો ધણીની માનીતિ ઢેઢડી આખા ગામને અભડાવે એમ છે તો! આ તો આજે પોકળ ઉઘડ્યું છે એટલે વળી કંઈ દહાડો વળે તો વળે. શું કાન તોડે એવું સોનું વ્હાલું ગણી પહેરી રાખવું યોગ્ય છે. સોનાની કટારી ભેઠમાં બંધાય, કંઈ પેટમાં મરાય નહીં. ગમે એટલા એણીનામાં ગુણ હોય; પણ આ અપલક્ષણ કે જે બહોતેર પરિયાંને બોળે તે ધારણ કરનારી છે જેથી વંઠ્યું દૂધ વાડે રેડવા જેવું છે." ઇત્યાદિ કહી વહુને દોષિત ઠરાવી દીધી.

જે દિવસથી ઉપરનો બનાવ બન્યો તે દિવસથી બુદ્ધિદાસ પોતાની સ્ત્રીની ચાલ ચલગત સંબંધે શંકાશીળ થયેલો હોવાથી સુભદ્રા ઉપર ઓછો સ્નેહ રાખવા લાગ્યો, અને એથી ન ચાલતેજ કંઈ વાતચીત કરતો હતો.

પ્રિયપાઠક વર્ગ! સ્નેહાળ સતી સ્ત્રીને પતિ તરફથી આવો અણુગમો થાય એ મોટામાં મોટી શિક્ષા થઇ કહેવાય અને એ શિક્ષાથી અપાર પરિતાપ થતાં મરણ પણ વ્હાલું લાગે છે. આજના જમાનામાં તો સાચા સ્નેહ સંબંધને કે લગ્નના કરાર કૉલના મતલબને નહીં જાણનારી સ્ત્રીઓ, ભલે પછી ભણેલી ગણેલી કે ડિગ્રી મેળવેલી ચતુર હોય; તો પણ પતિએ લીધેલા અબોલા કે દર્શાવેલા અણુગમા તરફ ઘણી ખરી બેદરકારીજ બતાવનારીઓ છે, અને એમ છે તેથીજ ખરૂં સંસારનું સુખ બન્નેને મળી શકતું નથી. એના લીધેજ સંસાર સુધારાનો નામનો જન્મ થયા છતાં,—મંડળો મિટીંગોમાં ધોંબાટ સાથે ભાષણો થયા છતાં કુધારો જેમનો તેમ જામી રહી દિન પ્રતિદિન આગળ વધતો જાય છે, એજ અફસોસનું મુકામ છે. કળિકાળ! તારી પણ અજબ કળા છે!! અને ગજબ કરામાત છે!!!

સુભદ્રાના હૃદયમાં કળિયુગનો વાસ ન હતો એથી પતિનો પ્રેમ ઓછો થયો જાણતાં તેણીને મરણના જેટલું દુ:ખ પેદા થઇ આવ્યું, અને પતિનો હતો તેવોજ નિર્મળ સ્નેહ પુન: પ્રાપ્ત થાય

તે લગની લાગી, પણ તેવો તાત્કાળિક ઉપાય કયો હાથ લેવો, તેનો વિચાર કરતાં, યમ નિયમાદિ વડે ક્રિયાયોગનો ઉપયોગ કરી દેવદ્વારા ફતેહ મેળવવી એવો નિશ્ચય કર્યો, તથા જ્યાં લગી દેવ પ્રસન્ન થઈ મારૂં કલંક દૂર કરી પતિની કૃપા પ્રાપ્ત ન કરાવી દે ત્યાં સુધી ધ્યાનથી મુક્ત થવુંજ નહીં, એવો ટેક ધારી સુભદ્રા અચળ મનથી ઇષ્ટ દેવનું સબળ યોગવડે ધ્યાન ધરવા લાગી અને થોડોક વખત વીતતાં તો તેણીના સત્યશીળ ને અચળ ધ્યાનના પ્રભાવથી એક દેવે આવી અમોઘવાણી કહી કે—"પૂજ્ય સતી ! તારો ક્રિયાયોગ પૂર્ણ કર, કાલ પ્રભાતે તારૂં કલંક દૂર થશે અને પતિની પૂર્ણ કૃપા પ્રાપ્ત થઈ સમસ્ત સંબંધી આધીન થશે; માટે હું આકાશ પંથે રહી જે કહું તે કર્યા કરજે એટલે ફતેહના ડંકા." આટલું કહી દેવે નિજ ભુવન પ્રત્યે ગમન કર્યું. ઉપર પ્રમાણે દેવવાણી સાંભળી સતી સુભદ્રા હર્ષ પામી ધ્યાન પૂર્ણ કર્યું, અને પ્રભાતે પ્રાપ્ત થનારા વિજય સમયની વાટ જોવામાં લીન બની.

જ્યારે પરોઢીયું થયું ત્યારે દરવાનો ચંપાનગરીના દરવાજા ઉઘાડવા લાગ્યા, પણ દરવાજાનાં કમાડ જરા પણ હાલતાં ન હોવાથી તેઓ ચમત્કાર પામી મહારાજા પાસે ગયા અને દરવાજાનાં કમાડ સજ્જડ થઈ રહ્યા સંબંધીની હકીકત રોશન કરી. એથી રાજા પણ અતિ આશ્ચર્ય પામ્યો, તથા ખુદ રાજાએ દરવાજાઓ અગાડી જઈ કમાડ ખોલાવવા પ્રયત્ન કર્યો; તથાપિ બધો નકામોજ ગયો. દરવાજા ન ઉઘડવા લાગ્યા એથી લોકો પણ બહુ ગભરાયાં—બહાર જવા આવવાનો વ્યવહાર અટકી પડ્યો, એ જોઈ રાજા બહુ ચિંતાતુર થયો. એ દરમ્યાન આકાશથી દેવવાણી થઈ કે—"જો સતી સ્ત્રી સુતરના કાચા તાંતણા મારફત ચાલણી વડે કૂવામાંથી પાણી કહાડી કમાડોને છાંટે તો દરવાજા ઉઘડશે."

આવી દેવવાણી સાંભળી રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે—"જે સ્ત્રી કાચે તાંતણે ચાલણીવડે કૂવામાંથી પાણી કહાડશે તેણીને રાજ્ય તરફથી યોગ્ય સન્માન આપવામાં આવશે."

આવો ઢંઢેરો પિટાતો સાંભળી સતીપણાનું હૂંપદ રાખનારી બહુ બહુ સ્ત્રીઓ રાજા સમક્ષ આવી; પરંતુ કોઈથી તે કામ થઈ શક્યું નહી, એથી રાજા અત્યંત સંતાપ કરવા લાગ્યો.

સતી સુભદ્રાએ ઢંઢેરા સંબંધી હકીકત સાસુજીને જણાવી

કહ્યું કે—"બાઈજી! જો આપનો હુકમ હોય તો હું કાચે તાંતણે ચાલણી વડે પાણી કહાડી દરવાજા ઉઘાડી આપવા જઉં."

સાસુ બોલી—"થોડાજ વખત ઉપર સતીપણું બતાવી કુળને કાળો ડાઘ બેસાર્યો છે; છતાં હજુ વધારે ફજેતીને ફાળકે ચડવા ચાહે છે! તું સતી શિરોમણી છું, તે સહુએ જાણી લીધું છે, હવે આખા ગામને જણાવતાં શું ફાયદો મળશે."

વિનય સહિત સુભદ્રા બોલી—"પણ બાઈજી! જો આકાશને હું દરવાજો ઉઘાડવા જવાનું પૂછું અને તે જો હા કહે તો જવામાં કંઈ હરકત છે?"

સાસુ બોલી—"હા તેમ થાય તો ભલે જવું." સાસુ જાણતી હતી કે આકાશ આ અસતીને માટે કંઇ કહેનારજ નથી, તો પછી અસંભવ વાતમાં હા શા માટે ન કહેવી? એમ ધારી હા કહી; પરંતુ સુભદ્રાને તો આકાશમાંથી 'ઉઘાડ' એવો જવાબ મળ્યો. એટલે સાસુ ચમત્કાર પામી ચૂપ થઇ રહી. સુભદ્રાએ તરત ઢંઢેરાનું બીડું ઝડપ્યું અને હજારો સદ્‌ગુણી સ્ત્રીઓના સમુદાય સહિત જ્યાં રાજા બિરાજમાન થયો હતો ત્યાં જઇ પહોંચી, અને કાચે તાંતણે ચાલણી વડે કુવામાંથી પાણી કહાડી દરવાજે છાંટયું કે તુરત દરવાજો ઉઘડી ગયો, અને એજ પ્રમાણે બીજા બે દરવાજા પણ ઉઘાડ્યા. (એક દરવાજો કોઈ બીજી સતી સ્ત્રી હશે તે ઉઘાડશે એમ ધારી બંધ રાખ્યો તે હજુ સુધી પણ બંધજ છે.)

આ મુજબ સુભદ્રાનું સતીપણાનું મહાત્મ્ય નિહાળી સર્વ જનો તેણીનો જયવાદ વદવા લાગ્યાં, રાજાએ અત્યંત સન્માન આપ્યું અને પતિ વગેરે પણ અગાડી કરેલા અવિચારી કૃત્યને માટે અપાર દિલગીરી દર્શાવી અનહદ પ્રેમથી વર્તવા લાગ્યાં.

વાંચનાર! આપ પણ સત્ય શીળને ભજશો તો એવીજ રીતે આપને પણ આનંદ જય મંગળ પ્રાપ્ત થશે. પળે પળે ઇચ્છું છું કે, પરમાત્મા એવીજ સુશીળતાની સર્વે જનોના અંતઃકરણમાં અચળ અને સંગીત પ્રેરણા કરો!

ધર્મવીર સતી શિવાદેવી.

આ મહા સતી આજથી ચોવીશસો વર્ષ પહેલાં આ આર્યવર્તની **વિશાળા** નગરીના મહારાજા **ચેટકસેન**ના અંતઃપુરમાં જન્મી હતી, અને એણીએ **ઉજ્જયની**ના મહારાજા **ચંડપ્રદ્યોતન**ના ગૃહરાજ્યની અધિષ્ઠાતાનું પદ પ્રાપ્ત કર્યું હતું; એટલુંજ નહીં પણ પતિદેવનો પૂર્ણ શુદ્ધ પ્રેમ, સગાં સંબંધીઓની દીર્ઘ દિલસોજી, અને જગત જનોનો જયવાદ પણ પ્રાપ્ત કરેલ હતો.

પ્રિય પાઠક! હમેશાંનો નિયમ ચાલ્યોજ આવે છે કે સારાં કામની અંદર અવશ્ય સંકટ–વિઘ્ન આવ્યાંજ કરે છે. કષ્ટ એજ સાચાપણાની ખરી કસોટી છે. સોનું પણ જ્યારે તાપ–તાડના–છેદન વગેરે કષ્ટ સહન કરે છે ત્યારેજ સાચું સોનું ગણાતાં સઘળી ધાતુઓમાં રાજ્યપદ પ્રાપ્ત કરે છે. સંત મહાત્માઓ પણ અનેક ભૂખ–તરશ–અપવાદ–અપમાન વગેરેનાં કષ્ટ સહન કરે છે ત્યારેજ પૂજ્ય પદના અધિકારી બને છે, અને પત્થર પણ ટાંકણાનો માર ખાઈ અવિકારી રહે છે ત્યારે દેવ બની વિશ્વપૂજ્ય થાય છે. દાખલા તરીકે જુઓ કે તિલક એક સાધારણ મનુષ્ય છતાં સ્વદેશોદ્ધાર હિતાર્થે વિપત્તિને વ્હોરી લેવાનો ક્રમ શરૂ રાખવાથી તેણે પૃથિવીની સપાટી ભરમાં જયવાદ, પૂર્ણ લાગણીભરી મમતા અને મહારાજાપદ પ્રાપ્ત કર્યું; એટલુંજ નહીં પણ ભાવે કે અભાવે શત્રુઓ પણ અહર્નિશ ઇષ્ટ દેવની પેઠે હિંદતિલક તિલકનુંજ સ્મરણ કરે છે. કહેવાનો મતલબ એજ કે કષ્ટ સહન કરવાથી મનુષ્યની જવાહિરતા જણાઇ આવવાનો સમય સાનુકૂળ થાય છે.

પરંપરાના ચાલતા આવેલા ઉપરના નિયમ મુજબ શિવાદેવીના શીળનાં ઇંદ્રસભામાં વખાણ થતાં જાણી દુષ્ટ–દ્વેષી–નાસ્તિક દેવો તેણીનું શીળ ભંગ કરવા અનેક ફંદ રચવા લાગ્યા. અનેક પ્રાણસંકટો અને અનેક મોટી લાલચો આપવા લાગ્યા; પરંતુ તેણીએ તે તમામ તરફ બેદરકારી બતાવી માત્ર પતિપદમાંજ મનને લીન રાખ્યું, જેથી તે મહાસતી ગણાતાં અત્યાર લગણ પણ આર્યોના મનમાંથી તેણીનું નામ વિસ્મરણ થવા પામ્યું નથી. ખરેજ એ સઘળો સત્ય શીળનોજ પ્રભાવ છે! અને એજ સત્ય શીળના પ્રભાવથી તેણીએ એક સમય એવો તો ઉપકારી ચમત્કાર વિશ્વવિદિત કર્યો કે–ઉજ્જયનીની અંદર

હરહમેશાં અગ્નિપ્રકોપ કોઈ દુષ્ટ દેવની હિલચાલથી જારી રહેલો હતો, અને એ કોપને શાંત કરવા બહુ બહુ ઉપાય હાથ ધરવામાં આવ્યા હતા; તથાપિ તે કોઈ રીતે શાંત પામ્યો નહીં. એથી મહારાજા બહુજ ખેદ પામ્યો અને છેવટ અભયકુમાર મંત્રીશ્વરની તેણે અતિ પ્રયાશે સલાહ મેળવી. કે–'જો સતી સ્ત્રી તે પ્રજ્વલિત અગ્નિ ઉપર પાણી છાંટે તો બેશક કોપ શાંત થઈ જશે.' એ સલાહ ઉપરથી મહારાજાએ ઢંઢેરો પિટાવ્યો અને કેટલીક માનની ભૂખી માનુનીઓએ આવી ભભકતા અગ્નિપર પાણી છાંટયું; પરંતુ સત્ય અખંડ શીળવતી વગર કશો ફહાડો વળ્યો નહીં; પણ જ્યારે પોતાની સતી રાણી શિવાદેવીએ આવી પાણી છાંટયું કે તેજ ક્ષણે જોશભર વધી પડેલો અગ્નિકોપ તદન શાંત થઈ ગયો, સર્વ જનો સુખી થયાં, અપાર ચમત્કાર પામ્યાં, રાજા પણ અત્યંત આનંદિત થયો અને ઇતિહાસપત્રમાં સોનેરી અક્ષરોથી સદાને માટે અમર નામ અંકિત કર્યું.

વિવેકી વાચકવર્ગ! બ્રહ્મચર્ય એજ શરીરનું સાચું ભૂષણ છે, બ્રહ્મચર્ય એજ તપ જપ સંયમ ઉપાસનાનો મુખ્ય મહા મંત્ર છે, અને બ્રહ્મચર્ય એજ સર્વ સિદ્ધિ પ્રાપ્ત કરાવી અંતે મુક્તિ બક્ષનાર છે; માટે એનુંજ સદા સેવન કરો, અને ધ્યાનમાં લ્યો કે અત્યારે જે વિભાગમાં બ્રહ્મચર્યની ખામી છે તે વિભાગની પ્રજા બાયલી–ટુંકા આવરદાની–ઠીંગણી–ખુમારીની લાલી વિનાની–ટીંખળી અને ભ્રષ્ટ ચલનવાળીજ પેદા થતી જોવામાં આવે છે, તથા એવીજ વધી પડેલી પ્રજાથી આપણી આ સ્વર્ણભૂમિ અને તેનાં સંતાનો પરતંત્રતાનું પાત્ર થઈ રહેલ છે, બ્રહ્મચર્યની ખામીથીજ અહીંના વતનીઓ યોગ–મેસ્મેરીઝમ–વગેરે ઉત્તમોત્તમ ગુપ્ત વિદ્યાવડે મહત્વનાં કાર્યો સિદ્ધ કરવા પણ અશક્ત થઈ પડેલ છે, અને સદા વીર્યની ક્ષીણતાથી પોતાના શરીરમાં રહેલી અપાર વીર્યભરી ગુપ્ત શક્તિઓ પણ છુપી ને છુપીજ રહેવા પામેલ છે. અફશોસ! સદ હજાર અફશોસ!! હત્ ભાગ્ય છે વિશ્વનાં કે આ કાળમાં બ્રહ્મચર્યની અમૂલ્ય જવાહિરતાથી ઘણેખરે ભાગે અજાણુજ રહેલ છે. માટેજ પુનઃ પુનઃ કહેવું થાય છે કે:–

(ઓરા ઓરાને આવોરે—એ રાહ.)

સદા સ્નેહ સંગાથેરે, શીળવત સાચવિયે;
શીળભ્રષ્ટની સંગતરે. તન મનથી તજીયે. ૧.
મોટો શીળનો મહીમારે, વદે સહુ વિદ્યાની;

માન્ય સાથે મનમાંરે, મતિવંત લ્યો માની. ૨.
સુશીળની સંતતીરે, બને બળવંત સદા;
વીર ધીર પરાક્રમીરે, રૂપ ગુણી ઉમદા. ૩.
યોગવિદ્યાની યોગ્યતારે, પામે પરિપૂર્ણપણે;
સદા શીળપ્રતાપેરે, ઉરક્ત સર્વ હણે. ૪.
દેવો સાનિધ્યકારીરે, બને શીળસેવનથી;
મન ધાર્યા મનોરથરે, ફળે એમાં ફેર નથી. ૫.
આ ભવ પરભવમાંરે, પામે જય સર્વ સ્થળે;
અંતે અક્ષય સુખનોરે, અનુભવ પૂર્ણ મળે. ૬
માટે શીળજ સેવોરે, નિરંતર નર નારી;
પૂર્ણચંદ્રની પેઠેરે, પ્રભા વધે પ્રિયકારી. ૭.

ધર્મવીર સતી મંગળાદેવી.

આ આર્યાનો જન્મ વિક્રમ સંવત્ પૂર્વે ત્રણેક દશકાં પહેલાં થયો હતો; પરંતુ કયા દેશમાં, કયા ગામમાં અને કોણ માત પિતાને ત્યાં થયો હતો, તે પ્રકાશમાં આવવા પામ્યું નથી, તો પણ એટલું તો સિદ્ધ છે કે **ઉજજયનીના** પ્રખ્યાત મહારાજા **ભર્તૃહરી**ના અંતઃપુરની તે ઉત્તમ શોભા રૂપ હતી.

માલવમંડન ઉજજયનીની અંદર એક શિકારી કે જે દરરોજ શિકાર કરી તેના વડે પોતાનું ગુજરાન ચલવતો હતો, તે શિકારી એક રોજ એક વખત શિકાર કરી આવ્યા બાદ ફરી શિકાર કરવા જંગલ તરફ જવા લાગ્યો, એટલે તેની સતીસ્ત્રીએ કહ્યું કે–" વ્હાલા ! આજે આપને માનશુકન થાય છે, જેથી હવે બીજી વખત જવું મોકૂફ કરો; નહીં તો સલામતીને ખલલ પહોંચવાનો સંભવ સમજું છું."

જો કે સતી સ્ત્રીએ આ પ્રમાણે કહ્યું; તથાપિ ભવિતવ્યતાના પ્રબળપણાને લીધે તેણીના કથન તરફ બેદરકારી બતાવી તે શિકાર કરવા ચાલતો થયો; અને સતીએ જાણેલું ભવિષ્ય સત્ય કરી પરલોકનો મહેમાન થઇ પડ્યો. એટલે કે જેવો તે જંગલમાં શિકાર કરવા જઈ પહોંચ્યો તેવો એક જંગલી હાથી પોતાના ભણી પોતાને મારવા દોડી આવતો તેની નજરે પડ્યો. એ જોઈ તેના મનમાં

એવો વિચાર આવ્યો કે હમેશાં ન્હાના જીવોનો શિકાર કરૂં છું, જેથી જોઇયે તેટલું પોષણ પ્રાપ્ત થતું નથી; માટે આજે આ મોટા હાથીનો શિકાર કરૂં એટલે વિશેષ પોષણ સાધન હાથ લાગે અને ભૂખ ભાગે. એમ ચિંતવી તેણે ગોઠણ ભર રહી કાન લગી પણછ ખીંચી કમાનમાંથી હાથીને હણવા તીર ચલાવ્યું; પણ તે પોતાના પોષણ માટે જેમ આતુર બન્યો હતો, તેમજ કાળ પણ તેના પોષણ માટે આતુર રહ્યો હતો, જેથી આખર જગતના જીવ કાળના કોળિયા રૂપ હોવાથી શિકારીની ધારણા ધૂળમાં મળી અને કાળની ધારણા તુરત ફળી. તે એવી રીતે કે—તે શિકારીના ગોઠણ નીચે કાળાનાગનું રહેઠાણ હતું, તેમાંથી કાળાનાગનું બહાર આવવું થતાં ગોઠણ દરના ઢાંકણારૂપ થઇ પડેલો હોવાને લીધે તે નાગ ગુસ્સામાં આવી તેને ડસ્યો, કે શિકારી તુરત મરણને શરણ થઈ ગયો, અને તીર છૂટી હાથીના કુંભસ્થળની આરપાર નિકળી એક હરિણના પ્રાણ લઈ ભોંય પડ્યું, તેમજ ગોઠણના દબાણથી નાગ પણ ચગદાઇ જતાં તે પણ રામધામને પામ્યો. હાથી શિકારીને, શિકારી હાથીને અને નાગ શિકારીને મારવા ધારતો હતો; પણ ધાર્યું શું અને થયું શું? બધાએ મરણ પામ્યા અને વચમાં બિચારો હરિણ નાહક માર્યો ગયો. આ બનાવ દરમ્યાન એક શિયાળવું પણ ત્યાં આવી પહોચ્યું અને શિકારીના ચડેલા કામઠાની પણછની તાંત કરડવા લાગ્યું, જેથી તાંત કપાતાં પણછ જોરથી છટકી કે શિયાળવાને તેનો માર વાગતાં તે પણ પરલોકવાસિ થયું. અહા! મનુષ્ય જે ચિંતવે છે, તેથી દૈવ વિપરીત જ ચિંતવે છે; નહીં તો આમ બધાની ધારણા ધૂળમાં કેમ મળે! માટેજ યોગ્ય છે કે દૈવી ઇચ્છાને સ્વાધીન રહેવું, નહીં કે હાયવોય કરી દોડાદોડ કરી પોષણ મેળવવા માટે પડઆખડ કરવી. જે પ્રારબ્ધમાં હોય છે તેજ પ્રાપ્ત થાય છે. કવિ દયારામજીએ કહ્યું છે કે:—

(ફાગુનકે દિન ચાર—એ રાહ.)

પ્રયાસનું નહિરે પ્રમાણ, સુખ હરી આપ્યું આવે; પ્રયાસનું.
અતિ પ્રયાસ પયોવ્રત દીતી, કશું સર્યું નહિ કામ;
શત્રુ મિત્ર થયા મઘવાને, વસ્યા દાસ થઇ ધામ. સુખ. પ્રયા. ૧
અતિ પ્રયાસ બલિ ઇંદ્રાસન, સ્હેજે આપ્યું સુખધામ;
કયું હનુમંત ભમે ભૂતલમાં, મુચુકુંદ ગયા મહાધામ. સુખ. પ્રયા. ૨

કીડી કણ સંચે બહુ કષ્ટે, તીતરને ઉપયોગ;
મૂષક કરે શ્રમ મિથ્યા મંદિર,–કરી મરે કરે અહિ ભોગ. સુ. પ્ર. ૩
સુધા માટે શ્રમ અસુરે કર્યો પણ, તે પાયું હરી સુર;
સ્હેજે મુક્તિ હરી આપે અસુરને, યોગી દમે દેહ પૂર. સુ. પ્ર. ૪
માટે સદા સ્વતંત્ર દમાનો પ્રીતમ, કહેતાં બની આવે ન કાંઇ;
કહાડી કલ્પના રાખે તેમ રહિયે, ભજિયે જગત ગુસાંઇ. સુખ. પ્ર. ૫

વ્હાલા વાંચનાર ! જે વખતે ઉપર કહેલા પાંચ જીવોના પ્રાણ પરલોક પહોંચ્યા તે વખતે મહારાજા-પરમારવંશ ભૂષણ ભર્તૃહરી પણ ત્યાં શિકાર કરવા આવેલ હોવાથી આવી ચડેલો હતો, તેણે આ કુદરતના કોપ તરફ મન લગાડ્યું. એટલામાં તો તે શિકારીની સતી પત્નિ કે જેણીને પોતાના પતિને શિકાર કરવા આવતાં અગાઉજ અનિષ્ટ સુઝી આવેલું હતું તેણીએ પતિને ઘર તરફ આવતાં વાર લાગેલી જાણી ચિંતા પેદા થઇ, એથી તે પતિના પગલે પગલે જ્યાં પતિનું મુડદું પડ્યું હતુ ત્યાં આવી પહોંચી, અને પતિના સ્થૂળ શરીરને પ્રાણ રહિત બનેલું જોઇને તુરત તેણીને સત ચડ્યું. જંગલમાંથી લાકડાં એકઠાં કરી તેની ચ્હે ખડકી, તેમાં સાપ, હરિણ ને શિયાળના શરીરને નાખી, તથા હાથીના શરીરમાંથી થોડું માંસ લઇ ચિતામાં નાખી પછી પોતે સ્વામીના શરીરને ચિતામાં ગોઠવી ચિતાની ચોમેર પ્રદક્ષિણા દઇ અરણીના કાષ્ટદ્વારા અગ્નિ પ્રકટ કરી ચ્હેને સળગાવી તેની અંદર બળી મુઇ, અને પોતાના સતીત્વને શોભાવ્યું.

મહારાજા ભર્તૃહરીને પ્રથમના બનાવથી અને આ પાછળના બનાવથી કંઇ જુદાજ પ્રકારની અસર થઇ; એટલે કે **ઇશ્વરની કૃપા વિના મનુષ્ય યત્ન વિફળ છે,** તથા **સતી સ્ત્રીઓજ સંસારનો સાચો શૃંગાર છે**–એ બે સિદ્ધાંતની પ્રતીતિ થઇ. ત્યારબાદ એજ વિચારમાં લીન બની શિકાર કર્યા વગરજ મહારાજા પાછો વળ્યો અને તેણે વારંવાર એટલુંજ બોલવું શરૂ રાખ્યું કે–' વાહ મહા સતી ! વાહ મહા સતી !'

વારંવાર બોલાતા શબ્દ વિષે રાણી મંગળાદેવીએ મહારાજા પ્રત્યે પ્રશ્ન કર્યો કે–" શા મહાન્ હેતુને અનુસરી આ શબ્દોચ્ચાર કરવામાં આવે છે ? તે ફરમાવો." એના ઉત્તરમાં રાજેન્દ્રે જંગલમાં બનેલા વિચિત્ર ને હૃદયદ્રાવક બનાવની હકીકત કહી સંભળાવી. એટલે

રાણીએ કહ્યું કે—"એ સતી થનારી મહાસતી ન કહેવાય. મહાસતી હોત તો અરણીના લાકડામાંથી અગ્નિ ઉત્પન્ન કરવો ન પડત, તથા બળી મરવાની જરૂરત રહેત નહીં. મહાસતીનો દૃઢ સંકલ્પ થતાં એની મેળેજ અગ્નિ પ્રકટ થાય છે અને પતિ ભલેને પરદેશમાં પરલોકવાસિ થયો હોય, છતાં તેની પાઘડી પોતાને પ્રાપ્ત થવાથી (તેને) છાતી સરખી દાબી પ્રાણની આહુતી આપી દેવાય છે, તે મહાસતી સાચી. તેણીને તો શૂર ચડેલું જેથી બળી મુઇ. હા, એ પતિવ્રતા કહેવાય! પરંતુ મહાસતી નહીં, માટે આ શબ્દ ઉચ્ચરવો બંધ કરો."

મહારાજાએ કહ્યું—"વાત કહેવી સ્હેલી છે; પણ કરી બતાવવી બહુ કઠીન છે, જબાની લેવી સહેલી છે, પણ જરૂર થઇ જબાની આપવી મુસ્કેલ છે. માટે જો મહાસતી માટેનો ફાંકો રાખતાં હો તો સમય આવ્યે કરી બતાવજો કે બોલ્યા વિષેની સર્વ સત્યતા જગવિદિત થશે."

રાણી બોલી—"ઘણી ખમા! આપની અલાબલા અને કજા સખત સજાદાર થઇ મ્હારા દરિયાને શરણ થાઓ. છતાં પણ પ્રાણેશ્વર! કદાચિત્ હું આપના સૂક્ષ્મ શરીરને સંસારની મુસાફરી કરવાનો સમય પ્રાપ્ત થતાં મંદભાગિની હયાતી રહી હઇશ, તો બોલેલા બોલ સાચા કરી જગતને એ વાતની સાબેતી કરી આપીશ."

મહારાજાએ રાણીના બોલને અતિશયોક્તિ રૂપજ માની લીધા અને એથી એવા વિચાર ઉપર મન દૃઢ કર્યું કે—'રાણીના કથનની કંઇક વખત વીત્યા બાદ પરીક્ષા તો લેવી. પરીક્ષા લીધા વિના ખરા ખોટાની શું ખબર પડે!' એમ ધારી તે વાત જાણે વિસારે નાંખી હોય તેવા ઠાઠથી કેટલોક સમય વ્યતીત કીધો.

એક દિવસ મહારાજા શિકાર કરી પાછા ફરતાં રાણીના બોલેલા બોલની પ્રતીતિ કરવા વિચારવા લાગ્યો કે—"મારી પાઘડી-શિરપેચ ચાકરને સુપરદ કરી સારી પેઠે શીખવાડી મારા મરણના ખરેખરા પાઠની ભજવણી કરાવું. હું જીવતો હોવાથી તે બળી મરશે નહીં એથી હમેશાં મને તેણીની હાંસી કરવાની ગમ્મત મળશે." એવો નિશ્ચય કરી પોતાના પરમ વિશ્વાસુ હજૂરીઆને તે હકીકતથી પૂર્ણ માહેતગાર કરી શિરપેચ આપી રોતો રોતો ન કકળતો ઉજ્જયની તરફ મોકલ્યો.

જ્યારે તે ચાકરને કાળા કલ્પાંત સાથે રોતો જોયો ત્યારે અમાત્ય મંડળ વગેરેએ તેમ કરવાનું કારણ પુછ્યું તો, તેણે જણાવ્યું કે—" સિંહનો શિકાર કરતાં મહારાજા સિંહના હાથનો શિકાર થઈ પડતાં પરલોકવાસી થયા. શબને સિંહ ભક્ષણ કરી ગયો, અને હતભાગી હું આવી વાત કહેવા જીવતો રહ્યો કે રાજ્યને રંડાપાના છાતિફાટ સમાચાર કહી સર્વને શોકસાગરમાં ડુબાવા તત્પર થયો." ઈત્યાદિ કથન સાંભળી પુરજન પરિજનાદિ સર્વ ગમગીનીમાં ગિરફતાર થઈ ગયાં.

તે પછી મહારાજાનો શિરપેચ લઈ તે હજૂરીઆએ રાણી મંગળાદેવીને રજુ કરી બનેલા હૃદયદ્રાવક બનાવ સંબંધી હૈયાફાટ રૂદન કરતાં હકીકત રોશન કરી. એટલે તેજ સમય ધર્મવીર સતી જુસ્સાભર ઉઠી તરત ઉભી થઈ બોલી કે—"અરે! હવે શા માટે વિલંબ કરવો જોઇએ! મારા નાથથી મને છેટું પડે તેમ કરવું એ મને ગેરફાયદા ભર્યું છે. સાહેલીઓ અને દાસિયો! તમો સર્વ પતિ-સતીધર્મ પાળીને પરમ ધામને પ્રાપ્ત કરજો. હું તો મારા પ્રાણજીવનની પાસે જઈશ. મારા પ્રિયતમ મારી રાહ જોતા હશે—ખોટી થતા હશે, જેથી આ ફાની દુનિયાનો અને સ્વાર્થી જુઠડાં સગાં સંબંધીનો સંગ છોડી સાચા સંગી મારા સ્વામીની તહેનાતમાં હાજર થવા જઉં છું. સાચી સતીઓનો પરમ ધર્મ છે કે—પતિના મરણ પછી સંસારમાં હયાતી ભોગવવી એ મહાન્ અપકીર્તિરૂપ કર્તવ્ય છે." ઇત્યાદિ બોલી પરમ પતીત પરમાત્માનું સ્મરણ કરી પતિનો શિરપેચ છાતી સરસો ચાંપી તેણી પવિત્ર રાણીએ પોતાનો અમૂલ્ય પ્રાણ પ્રાણપતિને ભેટ કરવા માટે પરલોકે પહોંચાડી દીધો. ધન્ય છે એની ધર્મવીર મહાસતીને કે જેણીએ પતિના મરણની વાત સાંભળી પલકમાં પોતાના પ્રાણની આહુતી આપી સતીધર્મને શોભાયમાન કર્યો!

મહારાજાના અચાનક—અકાળ મરણથી પ્રજાજન અને મહારાજાના સગાં સ્નેહી જનોને આકુળ વ્યાકુળતા સાથે હૃદયમાં કદિ ન રૂઝાય એવો કારી ઘા થયો હતો; તે છતાં પડ્યા પર પાટુ વાગવા સરખા રાણી મંગળાદેવીના અચાનક મરણથી થયેલા જખમમાં વિશેષ ઉમેરો થતાં અસહ્ય વેદના વધી પડી. રાણીના શબનો અંતિમ સંસ્કાર કરવાની સર્વ સામગ્રી તૈયાર કરી સ્મશાન ભૂમિમાં લઈ જઈ તેને અગ્નિદાહ દેવો શરૂ કર્યો.

જંગલ તરફથી મહારાજા પોતાના હૃદયસમુદ્રની અંદર ભરતીઓટના તરંગો ચલાવતા શહેર ભણી આવવા રવાના થયા, અને 'રાણી બોલેલું નહીં પળી શકી હશે તેથી અચ્છી રીતે મશ્કરી કરી તેણીને ચાટ પાડીશું, તેમજ રોજ ચીડાવી ફરીથી એવું ન બોલે તેવી તદબીર ઉપયોગમાં લઇશું.' એવી લહેરીઓ ઉઠાવતા જ્યાં શહેર નજીક આવી પહોંચ્યા ત્યાં અમાત્ય વર્ગ વગેરેને સ્મશાનમાં શોકગ્રસ્ત થયલા બેઠા જોયા, એટલે મહારાજાએ તેનું કારણ પૂછયું. તેઓ તો ચકિત થઈ રાણીના મરણનો શોક વિસરી જઇ હર્ષમાં આવી બોલી ઉઠયા કે—"ઘણી ખમા ગરીબ પરવરને ! કે અમને મરણ સંકટમાંથી મુક્ત કરવા રૂપ આપ અમૃતરૂપની ભેટ થઇ. નામવર ! આપ ધર્માવતારના કાળામુખવાળા હજૂરીઆએ આપની શરીરસંપત્તિની ગેરહાજરીના સમાચાર કહ્યા જેથી રાણીજી મંગળાદેવીએ આપશ્રીના શિરપેચને છાતી સરસો ચાંપી પોતાના પ્રાણને પરલોક પહોંચાડયો. આ ચિતા તેમનીજ સળગી રહેલી છે." આટલું સાંભળતાંજ મહારાજાનું મન ભ્રમિત થઈ ગયું અને હાય મંગળાદેવી ! હાય મંગળાદેવી ! બસ એમજ કહી તે ગર્ગદશાને તાબે થઈ મહાપશ્ચાતાપનું પાત્ર થયો. એથી છેવટે સુજ્ઞ પ્રધાનોએ ચિત્ત ઠેકાણે આવવાનો પ્રયોગ કરી થઈ ગયેલી વાતનો શોચ દૂર કર્યો. તથાપિ મહારાજા ભર્તૃહરીને મર્હુમ સતીનો વિયોગ થતાં સંસારપરથી કંટાળો આવી અંતે ભેખનું શરણ લઇ આત્મોદ્ધાર કરવાની જરૂર પડી.

શૂરવીર સતી કુંવરબાઇ.

આ શૌર્યવંત સતી વિક્રમ સંવતના છઠ્ઠા સૈકામાં વિદ્યમાન હતી. એ ઇસ્તાંબુલના સુલતાન બાદશાહ **મારીસની** પ્રપુત્રી તથા પારશી મહારાજા (ઇરાનના શાહ) **નશરવાનજીની** પુત્રી, અને સોરઠના શૃંગારરૂપ **વલ્લભીપુર** કે જે **ભાવનગરથી** વાવ્યકોણમાં ૧૮ માઇલને છેટે **વળા** ગામ છે તેની પડોશમાં હતું ત્યાંના અટંકી મહારાજા **ગુહસેન** કે જેના વંશજો ગોહિલ અને ઢ્હેલોટી અટકના કાઠિયાવાડ ને મેવાડમાં રાજ્ય કરે છે તેમની માનીતી રાણી હતી. એ પરમ પવિત્ર સતી ન્હાનપણથીજ સત્સંગમાં ઉછરેલી હોવાને

લીધે સદાચારમાંજ લીન રહેતી હતી, તેમજ પતિની આજ્ઞા પ્રમાણેજ વર્તવું એ તો તેણીનું કર્તવ્યકર્મ હતું, અને પતિ વિના અવરનરવરની સ્વપ્નમાં પણ ઇચ્છા ન કરવી એવી તેણીના મનમાં અચળ પ્રતિજ્ઞાએ નિવાસ કરેલો હતો. આથીજ તે સર્વ રાણીઓ કરતાં મહારાજા ગુહસેનને વિશેષ વલ્લભ થઈ રહી હતી.

એક સમય મહારાજા ગુહસેન વિદર્ભ કે જેને હાલ **સિહોર** કહે છે તેની ગિરિનિકુંજમાં રાણી કુંવરબાઇને સાથે લઇ સિંહનો શિકાર કરવા પધાર્યો હતો અને એક જળાશય નજીકના ઉંચા ઝાડ ઉપર માંચડો બાંધી રાણી સહિત શિકારી સરંજામથી બેઠો હતો. તે દરમ્યાન સિંહ જ્યારે જળ પીવા આવ્યો ત્યારે મહારાજાએ તેની ઉપર બંદુકનો માર ચલાવ્યો અને જેવી તે સિંહને ગોળી વાગી તેવોજ કોપટોપ થઇ છલંગ મારી માંચડાની આડીને જઇ વળગ્યો કે તેના સબળ પરાક્રમથી ઝાડ કંપી ગયું અને માંચડો ભાગી ભોંયપર પડી ગયો. એટલે તો સિંહ મહારાજાને પંઝો મારવા ધસી આવ્યો, અને વનઘટામાંથી તેજ સિંહની સિંહણ પણ ઓચિંતી આવી ચડી રાણીના શરીર ઉપર પંઝો મારવા ધસી આવી; એટલુંજ નહીં પણ તેણીએ રાણીને પંઝો મારી ઘાયલ કરી, છતાં પણ તેની દરકાર નહીં રાખતાં મહારાજાનો પ્રાણ બચાવા સિંહ તરફ કટાર ચલાવી તેને ઠાર કર્યો અને પછી સિંહણીનો પણ તેજ કટારને ભોગ આપ્યો. આ મહાન્ શૌર્યતા અને ચપળતા ભર્યા કૃત્યથી મહારાજાએ ઘણાજ શાબાશીના રંગ આપી પ્રથમ કરતાં પણ અત્યંત વલ્લભ ગણી તેણીનું અપાર માન જાળવવા લાગ્યો, અને તે પછી વખતો વખત શીકારમાં કે યુદ્ધમાં તેણીને પોતાની પ્રાણરક્ષક ગણી સાથેજ રાખવા લાગ્યા.

વાંચનાર! તે આજની પતિભક્તિહીન બૈરીઓ જેવી પોતાના પ્રાણ બચાવ્યા પછીજ ધણીની ખબર લેવી તેવી ન હતી, એથી તેણીએ એવો વિચાર લાવી કટાર ચલાવી હતી કે હું કદાચ સિંહણીના હાથથી મરીશ તો તેથી રાજ્ય રંડાવાનું નથી; પણ જો સિંહ, સિંહણીના હાથથી મહારાજાના પ્રાણને જોખમ લાગશે તો તેથી સોરઠને રંડાપો આવશે. લાખો મરજો પણ લાખોનો પાળનાર ન મરશો એ કીમતી કહેવત તેણીને તે સમય પૂર્ણપણે યાદ આવેલી હતી, જેથી પોતાના પ્રાણ માટે બેદરકાર રહી પતિના પ્રાણની દર-

કાર કરનારી થઇ હતી. તેમજ શૂરવીર સતી વિદ્યમાન છતાં ઘાતકી પ્રાણીના હાથે પતિનું મરણ થાય તેને તે મહાન્ કલંકરૂપ માનતી હતી. સ્થૂળ શરીર મોડું કે વ્હેલું એકવાર મરણને શરણ થનારજ હોય છે, તો પછી ખરી અણીની વખતે તેનો ભોગ આપી સ્વધર્મ સચવાઇ નામના મેળવાય તેમ શા માટે ન કરવું જોઇએ ? એમ તેણી વીરાંગનાના વીરતનુમાં રહેલી વીરતાએ રોમે રોમે વસી તેણીને પવિત્ર પંથમાં દોરી હતી, જેથી અજબ પરાક્રમ બતાવી અમર નામ કર્યું. માટેજ કહેવું જરૂરનું છે કે તે કુંવરબાઇની પેઠે નહીં, પણ તેણીના લાખમે ભાગે પતિપર આવી પડેલા પ્રાણસંકટ સમય પતિ પ્રેમભક્તિ પ્રદર્શિત કરી તમારી ફરજને જાહેર કરો કે જેથી તમો આર્યબાળાઓની પણ દિગંત લગી કીર્તિ ફેલાવાનો વખત હાજર થાય. શું આજે તેવી પારસી બાનુઓ છે ? શું આજે તેવી પતિ-ભક્તિપરાયણજ પ્રેમદાઓ છે ? શું આજે તેવી પોતાના પ્રાણને જોખમમાંજ ઝુકાવી દઇ પતિના પ્રાણને બચાવનારી બહાદુર બાળાઓ છે ? શું આજે તેવા કદરદાન પતિ પણ છે ? ના, બિલકુલ નહીં. આજે તો ઉંદરડીથી પણ ડરે તેવી પારસી બાનુઓ છે ! આજે તો પતિને બેવકૂફ ગણી–તિરસ્કાર કરી–બનતી રાસ ન હોય તો કાસલ કઢાડનારી પતિભક્ષકપરાયણ બૈરીઓ છે ! આજે તો પોતાના પ્રાણ બચતા હોય તો પતિને હાથે કરી મ્હોતના મ્હોંમાં ઓરનારી બહા-દુર કુભાર્યાઓ છે, અને આજે તો કદર વગરના પતિ ઠેરોઠેર નજરે પડી રહેલા છે–એ માત્ર આપણી પડતીનુંજ ચિન્હ છે. પર-માત્માની કૃપાથી જ્યારે ચડતીનું નિશાન ફરકવા લાગશે ત્યારે આ બધી અનીતિપ્રિયપ્રજા એની મેળેજ ગેબ થઇ સુનીતિપ્રિયપ્રજા પાકશે અને હિંદનાં દુ:ખ ભાંગશે, પરંતુ તેવી સુનીતિવંત વીરપ્રજા પાકવાનું ઉત્તમ ક્ષેત્ર વીરસતીઓજ છે; માટે આપણા સુખના ખરા ખજાના રૂપ વીરસતીનો એકે અવાજે સહુઓએ જય બોલવાથી તે જયધ્વની સર્વેના અંતરમાં પ્રવેશ કરી કાળાંતરે વિજય સ્વરૂપે પ્રકટ થઇ વિશ્વનો વિજય કરે–બોલો વીરધીર સતીઓની જય ! ! !

ધર્મવીર સતી રાણી પુષ્પાવતી.

આ યશસ્વી સતી **વલ્લભીપુર**ના છેલ્લા રજપૂતરાજા **શિલાદિત્ય**ની પટરાણી હતી. તેણીનો ક્યારે જન્મ થયો કે તેણીનાં માતાપિતા કોણ ને ક્યાંનાં રહીશ હતાં. એ બધું યવનસેનાએ પ્રાચીન ઇતિહાસોના નાસ કરવાથી અંધારામાંજ રહેલું છે; તો પણ અનુમાનથી કહી શકાય છે કે વિક્રમના સાતમા સૈકામાં સતી **પુષ્પાવતી**નો જન્મ થયેલો હતો.

જ્યારે કાકૂનામના દેશદ્રોહી લોભી વાણિયાની પ્રેરણાથી એટલે કે કાકૂની દીકરીને માથું ઓળવાની રત્નજડિત સુવર્ણ કાંશકીની કારીગરી જોઈ વલ્લભીપુરપતિની પુત્રીનું તે કાંસકી લઇ લેવા મન લલચાયું, એથી તે વાત પ્રતાપિ પિતા શિલાદિત્યને કહી હઠ કરી, જેથી નાણાં આપી કાંસકી લઈ લેવા મહારાજાએ કાકૂને કહેવરાવ્યું; તથાપિ તેણે તે કાંસકી કોઇ રીતે પણ ન આપવા ઇચ્છા જણાવી, એટલે રાજાએ તે કીમતી કાંસકી જબરદસ્તીથી લઈ લીધી. આથી તે કોટયાધિપતિ કાકૂ દેશદ્રોહી થવા કટિબદ્ધ થઇ, મ્લેચ્છ દેશમાં જઈ પહોંચ્યો અને તેણે મ્લેચ્છ બાદશાહને લોભને તાબે કરી દીધો, એથી મ્લેચ્છદળ સબળતા વડે વલ્લભીપુરનો કબજો લેવા ચડી આવ્યું. ભયંકર યુદ્ધ જામ્યું, બેસુમાર જીવોનો નાશ થયો, અને શિલાદિત્યે મ્લેચ્છોને નાકે લીટી ખીંચાવી. છતાં પણ ભાગ્યની ઉલટી ગતિથી અંતે મ્લેચ્છોનો વિજય થશે એવું જણાયાથી દીર્ઘદર્શિ રાજાએ (પોતાની પાટરાણીને ગર્ભના લીધે આદ્યશક્તિ **આરાસુર** પર્વતમાં વસનારી **અંબાભવાની**નાં દર્શન કરવાનો દોહલો-ઇચ્છા ઉત્પન્ન થવાથી) પોતાનો વંશ કાયમ રહેવા પોતાનોજ વિજય થશે એવી ખાત્રી બતાવી યોગ્ય માણસોના બંદોબસ્ત સહ પ્યારી રાણી પુષ્પાવતીને તાકીદે દોહલો પૂર્ણ કરી ગર્ભને પુષ્ટ બનાવવા માટેની આજ્ઞા કરી. એથી પતિઆજ્ઞા અને વચન ઉપર પ્રાણ પાથરનારી સતી અંબાભવાનીના દર્શન માટે રવાના થઈ. અને આરાસુરપર જઇ દેવીનાં દર્શન કરી શાંતે થઈ વડનગર ભણી આવી; પણ વલ્લભીપુરનો સમૂળગો નાશ થયાના તેણીને સમાચાર મળ્યા, એટલે તેણીએ આગળ જવું મોકૂફ રાખી વંશ રાખવા વેષ બદલી **વડનગર**ની નાગર બ્રાહ્મણી બાઈ **કમળાવતી** કે જે ચુસ્ત સ્વદેશાભિમાની હતી તેણીની

સલાહથી તારંગાજીના પહાડની ગુપ્ત ગુફામાં વાસ કર્યો, અને ૨૮૦ દિવસનો ગર્ભકાળ પૂર્ણ થતાં તેણીને પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. ગુફાને પ્રાકૃતમાં ગુહા કહે છે. એથી ગુહામાં જન્મ થનારા ક્ષત્રીપુત્રનું નામ **ગોહો** રાખ્યું. (તેજ ગોહો–ગ્રહાદિત્ય–ઘેલોટી–બાપારાવળ કહેવાયો કે જેના વંશજો અટંકી વિમળવંશી ઉદયપુરના મહારાણા ફતેહ-સિંહજી હાલ વિદ્યમાન છે.) તે ગોહો જ્યારે ધાવણ વિના રહી દૂધ પિયે તેટલો મોટો થયો એટલે પોતાની સલાહકારિણી કમળાવતીને ત્યાં જઈ સતી પુષ્પાવતીએ ધૈર્ય સાથે પુત્ર ગોહાને સોંપી ભલામણ કરી કે—"આ મારા કુંવરને તુંજ વિશ્વાસુ સ્વદેશાભિમાનીનેજ સ્વાધીન કરૂં છું. વિદ્યાધ્યનના લાયક ઉમ્મર થયે આને સારી વિદ્યાકળા સંપાદન કરાવી કોઇ વીર રજપૂતાણીની કુંવરી સાથે પરણાવજે. હું તો મારા સ્વામીની પાછળ સતી થઇ સ્વર્ગ સુખ પ્રાપ્ત કરીશ." એટલું કહી પ્રિયપુત્રને સત્યવાત્સલ્ય પ્રેમ વડે છેવટનું ચુંબન કરી તેના માથે હાથ મૂકી–'મહાન્ પરાક્રમી થઈ તારા પિતાનું નામ દીપાવજે–' એવો ઉચ્ચ દૃઢ સંકલ્પ કરી હાથની હથેળીમાંથી વહેતો સબળ વિદ્યુતપ્રવાહ પુત્રના વિદ્યુતપ્રવાહ સાથે જોડી દીધો. અને તે પછી કાષ્ટની ચિતા ખડકી પરમાત્માનું સ્મરણ કરી પતિના સૂક્ષ્મ શરીર સાથે સુરતા સાંધી નાશવંત સ્થૂળ શરીરને તેણીએ શીળ પ્રભાવથી પ્રકટ કરેલા જાજ્વલ્યમાન અગ્નિવડે બાળી પોતાના અંતરવાહક શરીરને સ્વામીની હજૂરીમાં હાજર કરી દીધું. ધન્ય છે એવી શીળ મહાત્મ્યધારિણી સતી સ્ત્રીઓને કે જેણીઓએ પ્યારામાં પ્યારા બાળકનો પણ મોહ તજી પતિપ્રેમભક્તિનો મોહ કાયમ રાખ્યો! વાંચનાર સુજ્ઞ ભ્રાતાઓ અને સુશીળ સન્નારિયો! આ સંસારમાં ઘરબાર ક્ષેત્ર ધન વગેરે કરતાં પણ પુત્ર બહુ પ્રિય હોય છે, અને તેના કરતાં પણ જીવન તો બહુજ પ્રિય હોય છે કે પોતાના જીવનની સલામતી ખાતર સંસારની સર્વે વસ્તુઓનો પણ નાશ થવો કશી વિશાદમાં મનાતો નથી; તથાપિ તેવા અમૂલ્ય જીવનની પણ જ્યારે પતિપ્રેમને કાયમ રાખવાની ખાતર પરવાહ રાખવામાં આવતી નથી ત્યારે સાબેતજ થાય છે કે પતિભક્તિનો સાચો પ્રેમ સતી સ્ત્રીઓમાંજ હસ્તી ભોગવે છે! અને એથીજ તેઓ સર્વસુખ કુરબાન કરી પતિપ્રેમનેજ જાળવવા ઉત્કંઠિત રહે છે. પરત્મા! સકળ સ્ત્રીઓના મનમાં પતિપ્રેમનાજ અવિચ્છિન અંકુર પ્રકટ કરો કે જેથી સર્વત્ર આનંદ આનંદ પ્રસરે.

યુદ્ધવીર સતી-શૃંગારસુંદરી-ચારૂમતિ-સૌભાગ્ય-દેવી-કૃષ્ણકુમારી.

આ ચારે દૈવી સંપત્તિવાન્ સતીઓ કયા પુનીત સ્થળમાં અને કયા માતા પિતાના મંદિરમાં અવતરી હતી એ જરાપણ પ્રકાશમાં આવવા પામ્યું નથી; તો પણ એટલું તો ખાસ પ્રકાશમાં આવેલું છે કે–પરમાર વંશ તિલક પરદુઃખ ભંજણ વીર વિક્રમાદિત્યની સાતમી સદીમાં આ આર્યાવર્ત્તના પાવન પૃથ્વીતળમાં એણીઓએ જન્મ લીધો હતો અને પંચાશર પતિ ચાવડાકુળચંદ્ર જયશિખરીના રાજમહાલયના ઉત્તમોત્તમ શૃંગાર થઈ સુકીર્તિચંદ્રને દિગંત લગી પ્રકાશિત કર્યો હતો.

ગુણિયલ ગુર્જરીભૂમિના **વઢિયાર** પ્રાંતની ગરિમારૂપ એ ચારે દેવીઓ ચાવડચંદ્ર જયશિખરી મહારાજા સાથે મહા મગન ચિત્તથી સાંસારિક સુખ ભોગવતાં સુરેંદ્રસદનના સુખનો અનુભવ મેળવતી પોતાના શીળરત્નને સાચવતી હતી. પરંતુ અળવીતરા, અદેખા અને અડપલાખોર દૈવે એ મહીમંડન મહાસતીઓના શિર ઉપર એવું તો ગાઢું વિપત્તિનું વાદળ ઘેર્યું કે તે સર્વ સ્વર્ગીય સુખનો અંત લાવી દીધો. જો કે દુષ્ટ દૈવે તો દીવ્ય સુખનો દાટ વાળવાજ ઉદ્યમ આદર્યો હતો; તથાપિ પરમબ્રહ્મ પરમાત્માની કૃપાથી તે આદરેલો અવળો ઉદ્યમ સવળો થઇ સત્ય સ્વર્ગ સુખદાતા નીવડ્યો. તે એવી રીતે કેઃ—

કવિતિલક શંકરભટ્ટના મુખથી ચાવડાવંશ સૂર્ય **જયશિખરી**ની ચડતી રતિભરી અતિ ખ્યાતિ શ્રવણ કરી ઘૂડ સમાન **ભૂવડરાજ** કે જે કાન્યકુબજ અંદરના **કલ્યાણકટક** (કલ્યાણી)નો મહારાજા હતો, તેને ચાવડસૂર્યની અસ્તાચળમાં ગતિ થતિ જોવાની સબળ અને દૃઢ ભાવના ઉત્પન્ન થઈ. એથી સબળ દળ સહિત મીર વગેરે પટાવતોને મોકલી, તેમજ છેવટ પોતે જાતે સ્વારી કરી પંચાશરને ઘેરી લીધું. પણ શૂરા શૂરપાળની અવર્ણનીય યુદ્ધ કળાથી અને અતુલિત પરાક્રમી જયશિખરીના આત્મબળથી સોળંકી ભૂવડની સેનાને ઘણી વખત નિરાશાની ભેટ લેવી પડી. પરંતુ કહેવત છે કે–'**સબળ ધારણા ભર્યા સતત પ્રયત્નથી શું દુર્લભ છે?' કશું નહીં?** તો પછી ભૂવડ તે સબળ ધારણા ભર્યા સતત

પ્રયત્નનો સાચો ઉપાસક બનેલો હોવાથી પંચાશર તો શું પણ અજિત દુર્ગોને પણ દૂર કરવા અંતે સબળ થાય એમાં નવાઈ જેવું શું હતું ! આખર જયશિખરી મહારાજાના સૈન્યને અનિવાર્ય નિદ્રાને તાબે કરી લેવાને લીધે વંશવૃદ્ધિ કાયમ રાખવા સગર્ભા પટરાણી રૂપસુંદરીને શૂરપાળ સાથે વનમાં મોકલવાની પંચાશર પતિને ફરજ પડી. એથી શૂરા શૂરપાળની અને શૂરા લડવૈયાઓની ગેરહાજરીને લીધે એકલા ચાવડ સૂર્યનેજ શત્રુના સંહાર માટે મોખરે ખડું રહેવું પડ્યું, અને ખરૂં કહિયે તો અસીમ પરાક્રમ બતાવી વગર હાથ તથા વગર મસ્તકથી હજારો લશ્કરીઓનો ઘાણ વાળી લાખો લડવૈયાઓની લાસોની શય્યા ઉપર જયશિખરી મહારાજાને પ્રાણ રહિત થઇ સૂવું પડ્યું. આમ થવાથી કહોકે ચાવડસૂર્ય અસ્ત પામવાથી કહો પણ ઘૂડ રૂપ ભૂવડે પોતાની સત્તા ફેલાવવાનો સમય સાનુકૂળ થયો જાણી લશ્કર સહિત પંચાસરના દરવાજામાં દાખલ થયો; પરંતુ ચાવડારાજના નિમકહલાલ દરવાનોએ તેની સ્હામે પૂર જુસ્સાથી ટક્કર લીધી; પણ ઘણા આગળ થોડાઓનું શું ચાલે ! તો પણ પોતાના પંડમાં પ્રાણ રહ્યા ત્યાં સુધી શત્રુને શહેરમાં પેસવા દીધો નહીં. આખર સ્વામીની ચાકરી બજાવી આકરી તપસ્યા કરે જે સ્વર્ગ અને સ્વર્ગમાં વસનારી અપ્સરાઓ ન મળે તે સ્હેજમાં પ્રાણના ભોગથી પ્રાપ્ત કર્યાં. ધન્ય છે એવા સ્વામીભક્ત સેવકોને ?

ભૂવડની સેના આગળ વધી રાજમહાલય આગળ જઈ પહોંચી, તો ત્યાં પણ મહેલના રક્ષકોએ તેને તોબાહ પોકરાવી. અંતે રક્ષકોએ સ્વર્ગ શોભાવ્યું કે તેઓની ગેરહાજરીથી ભૂવડસેના મહેલમાં દાખલ થઇ અંતઃપુરમાં જવા લાગી; પરંતુ ત્યાં જતાં તો ભારે ખાખાવીંખી થવાનો વખત હાથ લાગ્યો; એટલે કે આપણી આ કથાની નાયકા ચારે વીર સતીઓને જ્યારે પતિ પરલોકે પધાર્યાની, તથા શત્રુ મહેલમાં દાખલ થઈ લાજ લૂટવાના ઇરાદાની જાણ થઈ ત્યારે તેણીઓએ તુરત વિફરેલી વાઘણના સરખી વિકરાળ વીરમૂર્તિરૂપ બની ઉઠી ઉભી થઇ અને વીરસાજ સજી છૂટી વેણી સાથ ચંડીના સમાન ખુલ્લા ખડ્ગોએ શત્રુની સુસ્તી ઉડાડવાનો સમય હાથ કર્યો. એ જોઇ તેણીઓની હજૂરમાં રહેતી પાંચસો શૂરી દાસીઓએ પણ તેવોજ સાજ સજી શત્રુનો સંહાર કરવા આજ્ઞા માગી. સ્વામીનીઓએ એવું સાહસ ન કરવા સંબંધી વિનંતી કરી; તો પણ તેણી વીરાંગનાઓએ તેમ કરવાની જ ઇચ્છા કાયમ રાખી એથી પાંચસે

ને ચારે જણીઓ ઓચિંતી ખુલ્લી તરવારો તથા ભાલા વગેરે તીખાં તેજદાર શસ્ત્રો સહિત શત્રુસેનાપર તુટી પડી. એ જોતાંજ શત્રુના અને શત્રુસેનાના ચમરજ વછૂટી ગયા, સ્હામે થવાની કોઇનામાં હીમ્મત રહીજ નહીં, માર ખાતાં જેમ જેનાથી જીવ લઇ નસાય તેમ સહુકો નાસવા લાગ્યા; છતાં પણ હજારોનો રોળવાળી ઘણા દિવસની તરસી ને તલપી રહેલી તરવાર અને પૃથિવીને લોહી વડે રંગ રોળ કરી વીરાંગનાઓએ શહેરના દરવાજાથી ચાર કોશ લગી સેનાને બુરેહાલ હવાલે હાંકી કાઢી. એ જોઈ ભુવડ તો છક્ક થઇ ગયો અને કહેવા લાગ્યો કે ધન્ય છે ગુર્જરેશ, તથા ગુર્જરી વીરાંગનાઓ, અને ગુર્જરીવીરોને કે જેણે સબળદળને પણ પળવારમાં ત્રાહ્ય પોકરાવી સેંકડો વખત પાણી ઉતરાવ્યું!

તદનંતર વીરસતીઓએ પોતાના પતિદેવનું સબ હાથ કરી સ્મશાન ભૂમિમાં જઈ ચંદન અગરની ચિતા ખડકી પાંચસો દાસીઓ તથા અનેક પરિજનો પુરજનો સાથ પતિના મસ્તકને ખોળામાં લઈ આત્મિક બળ વડે અગ્નિને જાજ્વલ્મ માનતા સાથ પ્રકટ કરી તેમાં પોતાના સ્થૂળ શરીરનો ભોગ આપી ક્ષત્રીયકુળની ચાવડાવંશની ગુર્જરી ગરિમાની અને વીરસતીની ખ્યાતીને અમર કરી અમર ભુવન સ્વાધીન કર્યું. ધન્ય છે મ્હારી માતભૂમી! તારી આવી વિભૂતિઓએ અદ્યાપિ પર્યંત પણ અમોને વિભૂતિવંત રાખેલ છે.' ભારત દેવી! ત્હારા પદ સેવી અમે હશે એવાંજ વિભૂતિવંત સંતાનોને પ્રાપ્ત કરી પુનઃ પુનઃ ને અધિકાધિક ઉત્સાહ-ભક્તિ-પ્રેમ સાથ હાથ જોડી માન મોડી તારી દીવ્ય વિભૂતિઓને વિશેષ દીપાવિયે એવીજ ઉર્મીયોને તમામ ભારત સંતાનોના ઉરમાં ઉદ્ભવ કે જેથી જય જય રંગ સદા વરસે!!!

યુદ્ધવીર—સતી વિમળદેવી.

આ વીરરમણીનો જન્મ વીર વિક્રમની આઠમી સદીમાં ગુણ ગર્વી **ગુર્જર** ભૂમિમધ્યે-**વઢિયાર** પ્રગણાના **પંચાશરમાં** થયો હતો, અને એણી શ્રીમતી સાહેબાનો હસ્તમિલાપ **મુલતાનના** મહારાજા વીરાગ્રણીય **શૂરપાળજી** સાથે થયો હતો. એણીનું સ્વરૂપ તેમજ ગુણ અનૂપમ હતાં; એટલુંજ નહીં પણ જેણીના રૂપ ગુણનાં યશોગાન

દિગંત લગી તે સમય ગવાઈ રહ્યાં હતાં અને એથી એ ગુર્જરની સૌંદર્યતાને વરવા અનેક રાજા મહારાજાઓ ઉત્કંઠા ધરાવતા હતા; પરંતુ પુનીતરાજબાળા એવા રાજકુમારને વરવા ચાહતી હતી કે, જે વીર શિરોમણિ ધૈર્યવંત વિદ્વાન્ અને સદાચારવંત હોય તેવાને પતિદેવ કરવો, ભલેને, પછી તે રાજા મહારાજા હોય કે પાંચ સાંતિડાંનીજ સમૃધ્ધિવાળો હોય! નહીં કે ગુણવિહિન છતાં મહાન્ રાજ્ય લક્ષ્મીવંત હોય તેને વરી રાણીનું માન ખાટી જીવતરને ધૂળ મેળવવું.

હાલના જમાનામાં કુલીન ઘરનો મૂરતિયો જોવાનોજ રિવાજ બળવાન્ થઇ પડેલ છે, ભલેને પછી તે કુલીન છતાં નિરક્ષર–દુર્ગુણી દુરાચારી હોય; તથાપિ સાગનાં લાકડાં જોઇ પોતાની રૂપગુણ સંપન્ન બાળાને તે લાકડા સાથે માંકડારૂપે વળગાડી દેવી. અફશોષનુંજ મુકામ છે કે એ કેવી કુલીનતા સંબંધી ઘેલી અને મૂર્ખાઈ ભરી રીતિ છે!!! નથી સમજતા કે **વરમાંથી ઘર થાય છે; પણ ઘરમાંથી વર થતોજ નથી.** જો વર રૂપ–ગુણમય હશે તો દરિદ્રતાને દેશવટો દઇ સંપત્તિને સ્વાધીન કરી શકશે; પરંતુ ઘર રૂપાળું ને સાગનાં લાકડાંનું હશે તે કશું લીલું વાળી શકશે નહીં. અને વિવેકદ્રષ્ટિથી વિચારી જોઇશું તો કહેવાતા કુલીન ઘરનાં છોકરાં સંસ્કાર ભ્રષ્ટ હોવાથી વિદ્યા–કળા વિનાના મિજાજી અતડાસ્વભાવના કુચ્છંદી નિવડતા નજરે આવે છે, અને તેવાને કન્યા દેવાથી કન્યા તરફનાં રોજ રોદડાં સાંભળવાનો વખત આવે છે; કેમકે તે કુચ્છંદી છતાં કુલીન કહેવાતા હોવાને લીધે તેવાને કુલીનપણાપર અંધ થયેલાઓ ઉપરા ઉપર કન્યા વરાવવા આવે છે એથી તેઓ કુચ્છંદીઓને પરણેલીની વિશેષ દરકાર હોતી નથી, ત્યાં પછી કન્યાને ક્યાંથી સુખ મળી શકે? તેમ જ તેવા વરને કન્યા વરાવાથી કન્યાને જ્યારે કોઈ પ્રકારનું સુખ ન મળે ત્યારે તેણીને બદફૈલીમાં દોરાવાનું કારણ મળે છે; માટે જ કહેવાતા કુલીનોનો મોહ છોડી દઇ છોડી (દીકરી) દેવાનું બંધ કરવું એજ ઉત્તમ છે.

જુઓ એ વાતને ગુર્જરલક્ષ્મી વિમળદેવી સારી પેઠે સમજતી હોવાથી રાજ્યલક્ષ્મીવંત વરના કરતાં સાધારણ સ્થિતિના ગુણવાન્ વરને વિશેષ પસંદ કરતી હતી અને એથીજ ઉત્કંઠિત રાજકુમારોની આશા હવાને શરણ થઇ પડી હતી.

વિમળદેવી ગાંભિર્યવંત, દીર્ઘદર્શી, ધૈર્ય શૌર્યસંપન્ન, અને મિલનસાર સ્વભાવની હતી. તથા સંસ્કૃત, કાવ્ય, ગાયન, વાદ્ય, નૃત્યકળા

અને ધર્મશાસ્ત્રાદિના સારા સંસ્કારથી વિભૂષિત હતી, અને તે સાથે નીતિ ન્યાય ને યુદ્ધકળામાં પણ પ્રવીણ હતી.

મુલતાનનો મહારાજા **પ્રજાપાળ** જ્યારે સહકુટુંબ પ્રભાસક્ષેત્રની યાત્રાર્થે સોરઠ ભૂમીમાં પધાર્યો હતો ત્યારે ગુર્જરેશચાવ-ડાવંશ વિભૂષણ જયના શિખરે પહોંચેલા રાજેંદ્ર **જયશિખરી**ની રાજધાની પંચાશર નજીક આવી પહોંચ્યો અને તે સંબંધી ગુર્જરેશને જાણ થઈ કે તુરત ગર્જરેશે સ્હામે જઈ મુલતાનપતિને પંચાશરમાં પધરાવ્યો, રાજરીતિને શોભતી સર્વ પ્રકારની તેમની આગતાસ્વાગતા કરી અને તેમને ગીત નૃત્ય વાદ્યાદિથી પુષ્કળ આનંદ આપ્યો.

મુલતાનપતિ પ્રજાપાળનો કુમાર શૂરપાળ શસ્ત્રવિદ્યામાં અત્યંત પ્રવીણતા ધરાવતો હોવાથી તેની સાથે શરત સહિત વીરમણિ જયશિખરીએ શસ્ત્રકળા સંબંધી ઘણી રમતો રમીઃ પરંતુ તે સર્વે રમતોમાં શૂરપાળેજ જીત મેળવી હતી. તેમજ એક વેળા સિંહનો શિકાર કરતી વખતે પણ ગુર્જરેશના જાન બચાવામાં શૂરપાળે બહુ જ શૌર્યતા સાથ ચાલાકી બતાવી હતી. એ ઉપરના બનાવો વખતે બન્ને મહારાજાનું રાણી તથા કુંવરીમંડળ વિદ્યમાન હતું, એથી ગુર્જરેશની બહેન વિમળદેવી કુમાર શૂરપાળના ઉત્તમ રાજ-ગુણોની ઉપર ફિદા થઈ અને પત્રદ્વારા પોતાના પ્રાણનાથ થવાની શૂરપાળને વિનતી કરી આનંદ પામી.

મુલતાનનો મહારાજા જ્યારે પોતાને વતન પધાર્યો ત્યારે ગુર્જરાધીશ જયશિખરીએ શૂરપાળની બહેન રૂપસુંદરીનું માંગું કર્યું, એથી યોગ્ય જોડી જાણી મુલતાનપતિયે સગપણ સ્વીકારી લગ્ન કર્યું. આમ થવાથી શૂરપાળને વિમળદેવીની મનેચ્છા સફળ કરવાનો પુનઃ સંયોગ પ્રાપ્ત થયો. અહા ! પ્રેમતંત્રની પણ કેવી સત્તા છે ? 'મન હોય તો માળવે પણ મળાય.' 'મનોમન સાક્ષી છે.' ઇત્યાદિ પ્રેમાકર્ષણની સાખેતીનાં વાક્યો અક્ષરશઃ સત્ય છે. ક્યાં મુલતાન અને ક્યાં વઢિઆર ! છતાં પણ "**यो यस्य प्रीतिर्नहि तस्य दूरम्-જે જેને સાચી પ્રીતિ છે તે તેનાથી દૂર હોતુંજ નથી.**" પ્રેમનો મહીમા પણ અલૌકિક છે ! ! !

ગુર્જરેશની પ્રીતિ શૂરપાળપર તેના રૂપ ગુણ અને સગાઈ સંબંધને લઈને અવર્ણનીય હતી, એથી સદાને માટે તેને ગુર્જરપતિ પોતાની પાસેજ રાખવા ચાહતો હતો અને ઇચ્છાનુસાર દૈવે એવોજ યોગ

અનુકૂળ મેળવ્યો. કે મહી અને નર્મદા નદી વચ્ચેના પ્રદેશનો રાજા ગુર્જરેશની આજ્ઞા તરફ બેદરકારી બતાવતો હતો, જેથી પોતાના સેનાપતિ સાથે શૂરપાળને નાયબ સેનાપતિની હોદ્દેદારી આપી તે ગર્વીષ્ટ રાજાનો ગર્વ ગાળવા ગુર્જરાધીશે લશ્કર સહિત મોકલ્યો, અને ત્યાં ભયંકર યુદ્ધ થયું. તેમાં મુખ્ય સેનાપતિ કામે આવી ગયો, એથી શૂરપાળે સેનાપતિનો ચાર્જ સંભાળી લઈ મહાન્ પરાક્રમ કરી તે શત્રુરાજાને હરાવી કેદ કરી મહારાજા ગુર્જરેશ કને લાવી રજુ કર્યો. આ ઉત્તમ સેવા બજાવ્યાના બદલામાં પંચાશરપતિયે પૂર્ણ પ્રસન્ન થઈ શૂરપાળને પોતાના મુખ્ય સેનાપતિના હોદ્દાપર સદાને માટે કાયમ કર્યો, અને વિશેષમાં તેના પરાક્રમ અને બહેનની મનોવૃત્તિને નિગાહમાં રાખી વિમળદેવીનું લગ્ન પણ તેજ વીરમણિ સાથે કરી સર્વને આનંદ આપ્યો. જોઈતી જોડી મળવાથી દંપતિને પરસ્પર અનહદ ઉમંગ વધ્યો અને રોહિણી ને ચંદ્ર, કમળા ને કૃષ્ણ, રતિ ને કામ, તથા ઇંદ્રાણી ને ઇંદ્રની પેઠે સદૈવ સુખાનંદમય સમય વ્યતીત કરવા લાગ્યાં. **મનના માનેલા મનુષ્યની સાથેના સમાગમ સમાન સંસારમાં અન્ય સુખ એકે પણ અધિક નથી!**

ગુર્જરેશના માનીતા બાહોશ **શંકરકવિનું** કોઈ અગત્યના કારણસર **કનોજ**ના પાટનગર **કલ્યાણકટક** શહેરના **સોળંકી** રાજેંદ્ર **ભુવડરાજ** અગાડી જવું થયું અને પ્રશંગવશાત્ ગુર્જર અને ગુર્જરેશનાં વખાણ કરતાં રાજ્યલોભી ભૂવડને ગુર્જરેશ થવાની પ્રબળ ઉત્કંઠા ઉત્પન્ન થઈ. એથી પોતાના સોળ પટાવતો પૈકી પ્રિય **મીર** પટાવતને સબળ સૈન્ય સહિત ગુજરાતને સર કરવા મોકલ્યો; પરંતુ પ્રબળ પરાક્રમી ગુર્જર સેનાપતિ શૂરપાળે તે મીરને પાંસરો તીર જેવો કરી વ્હીલે મ્હોંડે હઠાવી પાછો વાળ્યો. એ સબબથી ભૂવડ જાતે અનહદ ફોજની સાથે પંચાશર સર કરવા ચડિ આવ્યો; તથાપિ શૂરપાળના શૌર્યપણાથી ભૂવડ છેક નિરાશ થયો, અને અંતે મીરની સલાહ લઇ મીરમારફત રૂસ્વત વડે શૂરા શૂરપાળને ફિટવી ગુજરાતને સર કરવાના નિશ્ચયપર આવ્યો. છતાં પણ જ્યારે તે પત્ર શૂરપાળને હાથ પહોંચ્યું ત્યારે દંપતીએ વાંચી લીધું કે બન્નેના અંગોપાંગમાં ને રૂંવાડે રૂંવાડે ક્રોધાગ્નિ પ્રજ્વલિત થઈ આવ્યો; તદપિ શૂરપાળે દેવી વિમળસુંદરીને પૂછ્યું કે–"દેવી ! મારી પ્રાણસંજીવની દેવી ! સોળંકીરાજ ગુજરાતનું અરધું રાજ્ય આપવા કબુલત આપે છે, તો એ વિષે હવે તમારો શો વિચાર

છે ? જો મહારાણી થવું હોય તો આ પત્રને માન આપવું યોગ્ય છે, અને જો નીતિ પ્રીતિ પાળી આજ સ્થિતિમાં રહી દિવસ ગુજારવાની વિચારણા હોય તો તો જે ધર્મ બજાવવામાં આવે છે તેજ પ્રાણાંત લગી કાયમ રાખવો યોગ્ય છે. કહો શી ઇચ્છા છે ? જોઇએ તે તક સ્વાધીન છે." આ વાક્ય સાંભળતાં વેંતજ વિશેષ વીરત્વાવેશમાં આવી અરજ ગુજારવા લાગી કે– "વિવેકી વીરમણિ ! આજે આપ આ શું ફરમાવો છો ? શું હું વિસ્વાસઘાતવડે પ્રાપ્ત થનારા રાજ્યવૈભવથી લલચાનારી લલનાં છું ? શું હું વીર ક્ષત્રિયાણીના ધર્મ પર પગ મૂકી બાયલી બનવા ઇંતેજાર છું ? શું હું રાજ્યલોભની લગનીમાં લુબ્ધ થઈ મારા બહાદુર વીરાની વૈરિણી થવા ઉમંગવતી છું ? શું હું નામર્દ નરરત્નની નારી છું ? અથવા શું હું મારી બુરી લોભવાસનાને વશ થઈ ઇતિહાસના પાનામાં આપ શૂર શિરોમણી પતિનું કાળા અક્ષરોથી સદાને માટે નામ અંકિત કરાવા ચાહનારી ચંડિકા છું ? નહીં ! ગુજરાતનું તો શું; પણ આખા વિશ્વનું કે સ્વર્ગનું રાજ્ય આપવા આતુર હોય; તો પણ વિશ્વાસઘાતિ બની તે વડે મળેલી સંપતિથી હું સુખ માણવા પ્રાણાંતે પણ ચાહનારી નથી. પરાક્રમી પુરૂષપંચાનન ! આ વીરતરૂણિ આપના સાચા વીરત્વને, સાચા ક્ષત્રિયપણાને, સાચા સદ્ગુણોને અને સાચા ટેકનેકને વરેલી છે. નહીં કે હાલના નિંદ્ય વિચારોને વરી છે ? મહારાણી ન થતાં આથી અત્યંત કષ્ટવંત સ્થિતિ પ્રાપ્ત થઈ પડે, કે મારાં ફરજંદો તાતીતેગની સેવા બજાવી સાધારણ જનની પેઠે વેળાવું કરી જીવન ગુજારે; તો પણ તેથી નારાજ થનારી નથી; પરંતુ બદનામી વ્હોરી, એક્કોતેર પરિયાંને નરકમાં નાખી વિશ્વાસઘાતી થવા અત્યંત નારાજ છું. રાજ્ય આજે મળ્યું કાલે જતું રહેશે, અને મળેલું સુખ પળમાં લય પામી જશે; પણ શુદ્ધ નીતિ ન્યાયથી મેળવેલી અમર કીર્તિ કદિ પણ લય પામવાની નથી. તો પછી તેવા ક્ષણિક સુખમાં લોભાઈ સદાના અક્ષય સુખને નાશ કરવા કોણ મુર્ખ ચાહના રાખશે ? અમૃતને મૂકી વિષને કોણ પીવા ઉત્સુક થશે ? અને ગજરાજને ત્યજી ગર્દભ પર સ્વાર થવા કોણ બેવકૂફ ઉમંગી બનશે ? વિશ્વાસઘાત વડે મેળવેલી મહાન્ સમૃદ્ધિનો અનુભવ લીધા કરતાં રઝળી રખડી, ભૂખ દુઃખ વેઠી મરણને શરણ થવું એ લાખગણું દરજ્જે ઉત્તમ છે. માટે આપ આપનું ઉત્તમ કર્તવ્ય બજાવી નિમકહલાલી બતાવો કે જેથી ઉભય જન્મ સુધરે."

વીરમણિ શૂરપાળે પ્રિયાનાં આવાં વચન સાંભળી તુરત અતિ ધન્યવાદ આપી પ્રેમાલિંગન આપ્યું અને કહ્યું કે—"શાબાસ છે ગુર્જરી વીરદેવી! હું તમારા વિચાર મુજબ કર્તવ્ય બજાવવા દૃઢ પ્રતિજ્ઞ છું. હું તે ઘૂવડ રૂપ ભૂવડની લાલચથી કદિ મારી સ્વતંત્રતા વેચવાનો નથી. હું ગુજરાતનું તુચ્છ રાજ્ય ન ચાહતાં સ્વર્ગનું રાજ્ય મેળવવા ઉત્કંઠિત છું. હું તુચ્છ રાજ્યલક્ષ્મીને વરવા કરતાં સ્વર્ગની અપ્સરા કે જે વીરોને વરવા તત્પર રહે છે તેને વરવા આતુર છું. હું નિમકહરામી થઇ ઇતિહાસપત્રમાં મારૂં કાળા અક્ષરોથી નામ અંકિત ન કરતાં સ્વર્ણાક્ષરથી અંકિત કરાવા ઉત્સુક છું. દેવી! હું ફક્ત તમારૂં મન જોવાજ ચાહતો હતો, તે જણાયું એથી અત્યંત આનંદિત થયો છું, અને શિવજીના સોગંદ ખાઇ પ્રતિજ્ઞા કરૂં છું કે મારી હયાતી લગીમાં તો શત્રુને ગુણગુર્વી ગુજરાતમાં ગોગા કરવાનો વખત હાથ લાગવા દઇશજ નહીં." ઇત્યાદિ કહી આવેલા પત્રનો ઉત્તર લખ્યો કે:—

"પાણી અને દૂધ મળ્યા પછી જૂદાં થતાંજ નથી. તે એક બીજાના વિયોગથી દેહને અગ્નિને શરણ કરે છે, તેજ રીતિ જયશિખરી અને મારા વચ્ચે સ્નેહ છે; છતાં હે મૂર્ખાધિરાજ! હું ઉચ્ચ કુળવાળાને તું લાંચ દઇ ભ્રષ્ટ કરવા ચાહે છે તે તારી આશા તદ્દન નક્કામી છે. ત્રણ લોકનું રાજ્ય આપે; પણ વર્ણસંકર વગર અન્ય કોઇ લેવા ચાહશેજ નહીં." વગેરે વગેરે કઠોર શબ્દો લખી તે પત્ર દૂતને હાથ સોંપી વિદાય કર્યો.

ભૂવડે તે પત્ર વાંચી શૂરપાળને પોતાનો કરવાની આશા છોડી દીધી; પરંતુ પાછા પડવાથી વિજયની આશા છોડી નહીં, અને "**अर्थंसाधयामि किंवा देहंपातयामि**" એ વાક્યનેજ કંઠમણિ ગણિ ઘણી હિમ્મતથી ગુર્જરેશનો પરાજય કરવાની યુક્તિયો રચી. અને દૈવની પ્રતિકૂળતાથી ગુર્જરેશનું સૈન્ય રણના મેદાનમાં કામ આવી જતાં, તથા શૂરપાળને જયશિખરીએ પોતાની સગર્ભા રાણી રૂપસુંદરીને બચાવી પોતાનો વંશ કાયમ રાખવાની આશાએ કોઇ ગુપ્ત સ્થળમાં બંદોબસ્ત સાથે મૂકી આવવાની આજ્ઞા થતાં શૂરપાળની ગેરહાજરીથી ગુર્જરેશના મરણ પછી ગુજરાતનું રાજ્ય ભૂવડને હાથ ગયું. છતાં શૂરો શૂરપાળ જીવતો હોવાથી ભૂવડને, જેમ ઓશિકે રહેલા સાપથી જીવ ધરપે નહીં તેમ થવા લાગ્યું એથી પોતાના પાટવી

પુત્ર બહાદુર કર્ણાદિત્યને શૂરપાળનો અંત આણુવાની શોધ-માંજ રોક્યો.

કર્ણાદિત્ય પત્તો મેળવતો મેળવતો રાણી રૂપસુંદરીના રહેઠાણ નજીક જઈ પહોંચ્યો; પણ વિમળદેવીની યુક્તિવડે રાણી તો હાથ લાગી શકી નહીં, તથાપિ દુસ્મનોના સબળ દળના ધસારાથી પોતે કરણના હાથ સપડાઈ પડી. આથી કર્ણાદિત્યે પોતાની ફતેહ માની; કેમકે સ્ત્રીને છોડાવા શૂરપાળ આવશેજ, અને એથી તેને થોડાજ શ્રમથી હાથ કરી લેવાશે. એમ ધારી વિમળદેવીને કબજે કરી તે પંચાશર ભણી પાછો વળ્યો.

વિમળદેવીને કબજે કરી હતી એથી શૂરપાળને કબજે કરવા ધારતો હતો; પરંતુ કર્ણાદિત્યની તે ધારણા વિફળ થઈ પડી; એટલુંજ નહીં પણ તે ખુદ ભુવડકુમારજ વિમળદેવીની મનહર મૂર્ત્તિ જોવાથી કામદેવનેજ કબજે થયો, અને તેણીની અગાડી બેશરમો બની આજીજી કરવા લાગ્યો—"રસીલી રમણી! હવે શોચ શા સારૂ કરો છો? હવે તો એક હતભાગી સેનાપતિની સ્ત્રી મટી ગુર્જરપતિ સોલંકી યુવરાજની રાણી થવા ભાગ્યશાળી થયાં છો; માટે હસો—રમો—આનંદ કરો, અને સંસારનાં સુખોનો ઉત્તમ લ્હાવ લ્યો. છબીલી! હું તમારા ચંદ્રવદનને નિરખનાર આતુર ચકોર છું, તમારી કનકવરણી કાયા રૂપ કેતકીનો ભોગી ભ્રમર છું, તમારા મનોરથરૂપી આંબાને મંજરીથી પૂર્ણ કરનાર વલ્લભ વસંત છું. અને તમારી ભવ્ય મોહક મૂર્તિનો ભાવિક પૂજારો છું. માટે પૂજકની વાંચ્છા પૂર્ણ કરો, ભક્તની ભાવઠ ભાગો, સેવકની સહાય કરો, આશ્રિતને પોતાનો ગણી તેની આરતિ દૂર કરો, હું તમારો વગર દમડે વેચાણ છું, અને મારી સર્વસ સત્તા તમારેજ સ્વાધીન કરૂં છું. મુજ મનમંદિરની અધિષ્ટાત્રી! હવે વિશેષ ન તલસાવો, જલ્દીથી મારો ગૃહશૃંગાર થવાની કબુલત આપો, અને આ તમારા કામી યાચકને રતિદાન આપવામાં ઉદારશીળ થાઓ."

કર્ણાદિત્યની દુષ્ટ વિચારણા ધ્યાનમાં લઈ સતી બોલી—"હું ગુર્જરપતિની કન્યા હોવાથી તમો મારા ભાઈ છો; માટે આવાં અઘટિત વચન ન ઉચરો; પરનારીનો સંગ ઇચ્છી હતભાગી ન બનો, હું રાણી કરતાં રાની થવું ઉત્તમ માનું છું. હાસ્યવિનોદ કરવા જે નરરત્ન સાથે બંધાયલ છું તેના હક્કપર ત્રાપ મારી અન્ય સાથે

કશું પણ કરવા હું સ્વતંત્ર નથી. ચકોર ચંદ્રમુખ નિહાળવા આતુર રહે; પણ ચંદ્રને તેની કશી દરકાર હોતીજ નથી, માટે બેદરકાર સાથે સ્નેહ રાખવો એ કેવળ મુર્ખતાજ ગણાય. મારા શરીરને કેતકી રૂપ નહીં; પણ ચંપકરૂપ સમજી ભોગી ભ્રમરે સદાને માટે દૂર રહેવું એજ સુખદાયી છે. મારા મનોરથરૂપ આમ્રને મંજરી લાવવા વસંત બિચારો શક્તિમાન્ નથી અને મારી ભવ્ય મૂર્ત્તિ ભ્રષ્ટપૂજકને સ્પર્શ કરાવા પણ ચાહતી નથી, તો પછી વાંચ્છા પૂર્ણ કરવી કે સહાયતા આપવી એ માંગણીજ ગેરવ્યાજબી છે, જેથી તેને હવાને શરણ કરવામાં આવે છે. સતી કુળવતી અન્ય પુરૂષને સ્વપ્ને પણ ઇચ્છતી નથી; માટે અવાળે બાચકા ભરવા છોડી દઇ મતીને ઠેકાણે લાવો. **નીતિથી વર્તવું એજ મનુષ્યઉન્નતિનો સર્વોત્તમ માર્ગ છે!"**

કામાંધકુમાર બોલ્યો–" તું ચાહે તેમ કહે, પણ હું તે તરફ જરા પણ ધ્યાન દેવા ચાહતો નથી. જો સમી રીતે કહ્યું માનીશ તો ઠીક છે, નહીં તો જોર જુલ્મથી તને મારી પ્યારી કરીશ. મુજ સબળા કુમારની આગળ તુજ પાગલ અબળાનો શો ભાર છે કે તું તાબે નહીં થઈ શકે ?"

સતીએ કહ્યું—" કામાંધકુંમાર ! પરાણે તે ક્યાંય પ્રીતિ થઈ જાણી છે ? જે મનુષ્ય મરણને વધાવી લેવા બેઠેલ હોય તેને તું શી રીતે તાબે કરી શકીશ ? તારા જેવા વંઠેલ કુળદગ્ધકની વચન-ચાતુરી કે ધમકીની જેને પરવાહ નથી તેને પ્યારી કરવા જતાં મરણની તૈયારી કરવી પડશે. હૈયાફૂટ ! ક્યાંય સિંહના ભક્ષને શિયાળવું ભુક્ત કરી શકે છે ? કાગડાને મોતીની માળા પહેરવાની હુંશ થાય; પણ તે માળા તો કાળા કાગને નહીં પણ ઉજ્વળ હંસનેજ હૈયે રહેવા કરતારે સરજેલી છે. તું મને અબળા ન સમજ. હું વીર ક્ષત્રીઆણી છું. સિંહ કરતાં વિફરેલી સિંહણ કાળો કેર વર્ત્તાવી દે છે, માટે છેડછાડ કરવી જવા દે, અને ભાગ્ય પ્રમાણે મળેલી ભામિનીનો ઉપભોગ લઈ ભટકતા મનમાંકડાને કબજે કરી લે કે જેથી મળેલી સાહેબી સલામતિથી ભોગવી શકે."

આવાં કઠોર વચનો સાંભળતાંજ કામાંધ કર્ણાદિત્ય સતીનું શીળભંગ કરવા તેણીના અંગપર ધસ્યો, એ જોઈ વીરાંગના તુરત ઉભી થઈ ભૈરવી રૂપે બોલવા લાગી કે–" દુષ્ટ ! દૂર રહે, નહીં તો

હમણાં યમનોજ મહેમાન બનાવી દઇશ. પરધનહેરૂ પાપી ચોર! મારૂં સતીત્વ લૂંટવા તું તાકતદાર નથી. ભલે પ્રાણની દરકાર હોય તો તેની આહુતી આપવા તૈયાર છું; પરંતુ અંતરવાહક શરીરની સલામતી સુધી તારી દુષ્ટ વાસના તૃપ્ત કરવા કદી તૈયાર થનારજ નથી. ઘાતકી! તારો પળમાં ઘાત કરવા શક્તિમાન્ છું; પણ તેવું ઘોર કૃત્ય કરી મારા દેહનો અંત આણવા ચાહતી નથી. હું ચિતામાં પ્રવેશ કરી પાવન આત્માને પરલોકમાં પહોંચાડવા ઉત્કંઠિત છું. તું મને નિરાધાર સમજી બળાત્કાર ગુજારવા ઇચ્છે છે; પરંતુ હું નિરાધાર નથી. જગતનિયંતાનો મને પૂર્ણ આધાર છે; માટે એ આધારને ધ્યાનમાં લે; નહીં તો મ્હોંત મ્હોં અગાડીજ ખડું છે એમ સમજીજ લેજે. બોલ, શું વિચાર છે?"

આ પ્રમાણે ભૈરવી મૂર્તિના ભયરવ સાંભળી કર્ણાદિત્ય પીંપળના પાંદડાની પેઠે થરથરવા લાગ્યો, હોશકોશ ઉડી ગયા, અને જરૂર મારી નાખશે, તો મનની હોંશ મનમાંજ રહેતાં સંસારની સફર પૂરીજ થઇ જશે, એમ માની નમ્રતા પૂર્વક બોલ્યો—"ક્ષમા કરો, માફી બક્ષો, હું દુષ્ટ પગલું નહીં ભરૂં, મને આશીષ આપો, અને આપની શું ઇચ્છા છે તે ફરમાવો. એટલે તુરત અમલમાં મૂકી કૃપાપાત્ર થાઉં."

સતી બોલી–"બસ મને મારી ઇચ્છા પ્રમાણે રસ્તો માપવા દે, કે જેથી તું મારી અને મારા અખિલજગતપતિની કૃપાનું પાત્ર થઇશ."

કુમારે કહ્યું–"તેમજ કરીશ." એમ કહી શાંતિ આપી; તથાપિ તેની મનોવૃત્તિ વિમળ થઈ નહતી. તેણે તો યુકિત ચલાવી તકને વટાવી લીધી. અને 'હું તમારા પતિનીજ શોધમાં છું. માટે તેમની ભેટ થતાં કે શોધ મળતાં તરત આપને તેમના સ્વાધીન સોંપીશ જેથી કશી ઉપાધિ રહેજ નહી'' એવો ઘોંપો કરી પંથ લંબાવ્યાજ કર્યો. ભૂવડકુમાર ધારતો હતો કે વખ્ત જતાં મારો રંગ લાગવાથી વિમળદેવીનું વળણ મારા તરફ આવશે જ; પરંતુ તે ધારણા તો ધૂળમાં જ મળી. તેણીનો તો રંગ તેનો તેજ રહ્યો. એથી છેવટે કોઈ દુષ્ટની સલાહથી એક કુળઘાતક ચાવડા મારફત શૂરપાળના મરી ગયાનો પૂરેપૂરો પ્રપંચ પાર પડાવ્યો; છતાં પણ સતી એકની બે થઈ નહીં. અને ન્હેં ખડકાવી બળી મરી સ્વામીના સૂક્ષ્માત્માને મળવા તત્પર થઈ. એ જોઈ કર્ણાદિત્યના હાથ હેઠા પડ્યા. તેણીને સત ચડેલું જોઈ તે ડર્યો અને તેણીનો અંત આણી શૂરપાળને સદાને

માટે દુખિયો કરવો. એમ ધારી તેણે ચિતા ખડકાવી સતીને બળી મરવાની પરવાનગી આપી; એટલું જ નહીં પણ ધામધુમ સહિત સતી થવા સંબંધી સર્વ સામગ્રી પૂરી પાડી.

શૂરા શૂરપાળને ભીલો મારફત વિમળદેવીના બળી મરવાની ખબર મળી કે તુરત તેણીને બચાવા તે જુસ્સાભર જ્યાં ચિતા ખડકાઈ હતી ત્યાં વેષ બદલી જઈ પહોંચ્યો અને વાજીંત્રનો, જય જય શબ્દનો શોર બકોર થઈ રહ્યા હતો, તથા ગુલાલ ઉડવાથી રક્તતા છાઈ રહી હતી તે સાનુકૂળ વખતનો લાભ હાથ કરવા ઉમંગી બન્યો.

વિમળદેવીએ સતીના સાજ સહિત ચિતાની પાસે આવી પ્રભુ પ્રાર્થના કરી કર્ણાદિત્ય અને પ્રેક્ષક જનોને યોગ્ય શબ્દોમાં હિતવચન સહ આશિષ દઈ ચિતાપર આસન કાયમ કર્યું અને અગ્નિ પ્રકટ કરવાના પ્રયોગમાં મન લગાડ્યું. એટલામાં તો એકાએક શૂરપાળ ચિતા ઉપરથી પોતાની પવિત્ર પ્રમદાને ઉચકી ચાલતો થયો; છતાં તે વખતે તે વાત કોઈના કળવામાં આવવા પામી નહીં. **'સમયની અનુકૂળતા હોય ત્યારે સર્વ ઘટતા સંયોગો જ હાજર રહે છે.'**

થોડી વાર પછી શૂરપાળ પોતાની પ્રિયાને ઉચકી લઈ ગયાની કરણને જાસૂસ મારફત બાતમી મળી અને તે સંબંધી તેણે ઘણી શોધ કરાવી, તથાપિ કશો પત્તો લાગ્યો જ નહીં, એથી નિરાશાને ભેટી પડ્યો. **'જેને રામ રાખે તેને કોણ ઉપાધિમાં નાખે?'** કર્ણાદિત્યની વિચારણાથી દૈવની વિચારણા વિપરીત જ હતી જેથી ધારેલા પાશા અવળા જ પડ્યા. કહ્યું છે કે:–

તેરે મનમેં ઓર હૈ, કરતાકે મન ઓર, ઓધો કહે માધો સુનો, ઝૂંઠી મનકી દોર.

માટે જ 'મારી ધારણા પાર પાડીશ જ' એવી જે ખોટી મગરૂરી રાખવી તે ફોકટ છે. '**हरी इच्छा बलियसी**' એજ મહા વાક્યને માન આપી હમેશાં કુદરતની કરામાતમાં મુસ્તાક રહેવું તેજ સર્વોત્તમ સુખદર્શક પંથ છે.

શૂરપાળે પુષ્કળ પંથ પસાર કરી નિર્ભય સ્થળમાં જઈ પ્રિયાને પ્રેમવચનો વડે સંતોષી તેણીનું દુઃખ દૂર કર્યું. અને તે પછી બહેનની બિનાથી વાકેફ થઈ તેણીની શોધમાં મન દીધું. ભરૂંસાપાત્ર ભીલોની મારફત બહેનને પુત્રરત્નની પ્રાપ્તિના સમાચાર મળતાં શૂરપાળ તેમજ

વિમળદેવી અત્યંત ખુશી થયાં, અને વિકટ પંથ વટાવીને રૂપસુંદરીને (તેઓ બન્ને) જઈ મળ્યાં. તથા સુખ દુઃખની વાતો કરી–પરસ્પરના ઉભરા કહાડી પ્રભુની અલૌકિક લીલાને ધ્યાનમાં લઈ આનંદિત થયાં.

બહેન અને ભાણિયાને નિમકહલાલ ભીલોના જ રક્ષણ તળે રાખી તે દંપતિ ભૂવડના કાર્યવાહકોને સતાવા ઘોડેસ્વાર થઈ વેગ વડે વીર સ્વાંગ યુક્ત જગો જગોનાં થાણાનો નાશ કરવા, અધિકારીઓને પકડી જવા અને ત્રાસ આપવા બારવટું કરવામાં મસ્ત બન્યાં, અને ઘણીજ બાહાદુરી સાથે શત્રુઓને ત્રાહ્ય પોકરાવી પોતાના વીરત્વને વિશેષ દીપાવી પુનઃ **વનરાજને** ગુજરાતની ગાદી પ્રાપ્ત થવાના યત્નમાં મચ્યાં રહ્યાં, એથી આખરે તે આશા સફળ થઈ. તેમણે વનરાજને નીતિ, યુદ્ધ આદિની ઉચ્ચ કેળવણી આપી સાથે રાખી અણહિલ પાટણ વસાવી–રાજ્ય સ્થપાવી ચાવડારાજ્યનો દિગ્વિજય સહિત વિજયધ્વજા ફરકાવા પૂર્ણ ફત્તેહ કરી અમર નામના મેળવી. **શૌર્ય, ધૈર્ય ને ખંતથી એક સરખો યત્ન ચાલુ રાખનારને કોઈ કાર્ય અસાધ્ય (મુસ્કેલ) હોતું જ નથી.**

આ પ્રમાણે મનની મુરાદ બર લાવી શૂરપાળે કરેલી પ્રતિજ્ઞા પાલન કરી, તેમજ વિમળદેવીએ પતિને સુખ દુઃખમાં તથા બારવટામાં મદદ આપી, વીરત્વ દર્શાવી, અખંડ સતીત્વ જાળવી સતીપદને શોભાવ્યું, અને આપણને ધડો લેવા લાયક ઉદાહરણ આપી સ્વર્ગસંપત્તિ સ્વીકારી. ધન્ય છે એવી વીર રમણિયોને કે જેમણે ઉભય કુળોને અજુવાળ્યાં, અને સંસારને શોભાવંત બનાવ્યો. પરમાત્મા! એવી વિમલ વીરાંગના સતીયોનું જગો જગોએ અવતરણ થાય તેવી કૃપા કરો કે જેથી આ ભારતની આરત ગારત થઈ આનંદ આનંદ થાય!!!

ધર્મવીર સતી ઓથીબાઇ.

આ શિરોભિધાન વાળી પરમ પુનીતા સતી વિશ્વવિદિત પરમારકુળપ્રભાકર પરદુ:ખભંજન વીર વિક્રમાદિત્યની નવમી સદીમાં કમનીય કચ્છ દેશના પાટગઢના ચાવડા રાજા વિરમદેવના અંત:પુરનું સર્વોત્તમ કન્યારત્ન હતું, અને યાદવવંશઉજાગર લાખી-આરભડના કુંવર લાખા ધુરારાનો મનોહર ગૃહશૃંગાર હતો.

એક વખત સતી **ઓથીબાઇએ** પોતાની ખિદમતગારિણી **કેસર** નામની દાસીને ધર્મભ્રષ્ટ સંબંધીના-દુરાચરણ બદલના વાંક માટે સખ્ત શબ્દો કહ્યા હતા. જોકે બાઇનું કથન તો તેણીને સદાચરણી થવામાંજ લીન રહેવા સંબંધ માટેજ હતું; તથાપિ સ્તનની ડીંટડીએ વળગેલી જળો તો દુધ ન પીતાં લોહીજ પીવા તત્પર રહે છે, તેનીજ પેઠે તે કેસરે હિતશિક્ષાવચનોનો અવળી રીતે ઉપયોગ કર્યો, અને પોતાની સ્વામિનીનું પતિદેવ તરફથી માનભ્રષ્ટ થાય તેવીજ તજવીજમાં તલ્લીનતા રહેવા શિવાય અન્ય વિચારજ ન આણ્યો.

નિયમજ છે કે,-કોઈ પણ પ્રાણીનું ભલું કરવામાં વાર લાગે છે; પણ ભૂંડું કરવામાં જરા પણ વાર લાગતી નથી. ઝાડને ઉછેરતાં બહુ મુશીબત વેઠવી પડે છે; પણ ઉખેડી કે છેદી નાખતાં કશી પણ મુસ્કેલી નડતી નથી. મહેલ-ઘર બનાવવામાં વિશેષ પરિશ્રમ વહોરવો પડે છે; પણ તેને જમિનદોસ્ત કરવામાં બિલકુલ વાર લાગતી નથી. જોકે કેસરે પડેલી ભૂલના સંબંધે બહુ બહુ કાલાંવાલાં સાથે માફી માગી લીધી હતી અને પૂર્ણ પ્રકારે નમ્રતા બતાવ્યામાં કચાસ રાખી નહતી; તથાપિ કાળિ નાગણના સરખી ડંસીલી કેસરે ધારેલી ધારણા પાર પાડવામાં જરા પણ પાછી પાની કરી નહતી. તેણીએ તો એજ મંત્ર સિદ્ધ કર્યો હતો કે **"ઉદ્યમથી અવશ્ય અર્થસિદ્ધિ સ્વાધિન થાય છે!"** અને વાચકો! આખર તેજ મંત્ર સિદ્ધ થયો, તે એવી રીતે કે;—

એક વખત રાત્રિના સમય જ્યારે રાણી ઓથીબાઇ ઘોર નિદ્રાને વશ થઈ હતી અને મહારાજા લઘુશંકાર્થે પેશાબખાના તરફ પધાર્યો ત્યારે કપટપૂતળી કેસરે જાગતાં છતાં ઉંઘવાનો ડોળ કરી બકવા માંડ્યું કે-'સરદાર સેનાપતિ! આપ મારી બાઇસાહેબના

મહેલે વરંવાર પધારો છો; પણ જો મારા મહારાજા જાણશે તો તમારાં, મારાં અને મારી બાઇસાહેબનાં ગોદડાં ભારે થઇ જશે માટે મહેરબાની કરીને હવે અહીં આવવું છોડી દો. થોડામાંજ મજાહ છે. શેલડી ઠેઠ સુધી ગળી હોતીજ નથી. ચાહે તેટલા ચતુર હશો તોપણ છિનાળું છ મહીનાજ છાનું રાખી શકશો; માટે કહ્યું માની નાદાની છોડી દો.' આ પ્રમાણે કેસરડીનું બોલવું સાંભળી રાજાએ તેણીને બોલાવી તો તે બોલી નહીં અને બે ચાર અવાજ આપ્યા કે તે ઝબકીને જાગી હાથ જોડી હજૂરીમાં હાજર રહી, આથી રાજાએ તેણીને ઉંઘમાંજ બકતી જાણી પોતાનું અંતઃકરણ શંકાને સ્વાધીન કર્યું.

વાંચનાર! જે વસ્તુ તરફ કે મનુષ્ય તરફ જ્યારે શંકાની નજરેજ જોવામાં આવે છે ત્યારે તે વસ્તુ કે મનુષ્યમાં દોષજ નજરે પડે છે અને પ્રેમાળ વૃત્તિથી જોવામાં આવે છે તો ગુણજ નજરે પડે છે. આ નિયમ મુજબ કેસરનો લવારો સાંભળ્યા પછી રાજા પોતાની વ્હાલી રાણીમાં શંકાની નજરને લીધે દોષજ જોવા લાગ્યો અને દોષદૃષ્ટિનુંજ વાતાવરણ સઘટ્ટ થતાં તેણીને દોષમયજ દેખવા લાગ્યો.

જ્યારે વખત વિપરીત ગતિવંત હોય છે ત્યારે સવળા પાસા પણ અવળાજ પડે છે, મિત્રો તે શત્રુજ ભાસે છે, અને આરોગ્યકારી ઉપાયો રોગકારીજ નીવડવા માંડે છે. આ દૈવી પરંપરાને લીધે એવોજ બનાવ બન્યો કે—સરદાર સેનાપતિમાં કંઈ વાંક આવ્યો એટલે રાજાએ તેની ઘણા વખતની બજાવેલી સેવાને ધ્યાનમાં ન રાખતાં શંકાના બળથી સખ્ત શિક્ષાને પાત્ર થવાનો હુકમ ફરમાવ્યો. એ જોઈ વિદૂષિ રાણીએ મહારાજા પ્રત્યે કહ્યું કે—"મમમસ્તકમુકુટમણિ! ભૂળાપણીના ચોરને મુંચકાનો માર ન હોય! તેમ એણે આપ નામદારની પ્રશંસવા યોગ્ય સેવા બજાવી છે અને વારંવાર નિમકહલાલી ને પ્રમાણિકપણાથી સ્વામિભક્તિ જાહેર કરેલ છે તો તે બધાને વિસરી જઇ આવી સખ્ત શિક્ષા કરવી એ નીતિના સિધ્ધાંતથી વિરૂધ્ધ ગણાય તેમ છે. જેવો વાંક તેવી શિક્ષા કરવી એમ નીતિનું ફરમાન છે, તેમજ ઘણી સ્તુત્ય નિષ્ઠાથી સદા સેવા બજાવનારમાં કદિ કોઈ વખત વાંક આવે તો તે તરફ દુર્લક્ષ દાખવવા નીતિ ભલામણ કરે છે; માટે તેમ કરવુંજ યોગ્ય છે."

ઉપર પ્રમાણે બોલવું થતાં દેવતામાં ઘી હોમાયા સરખું વધેલી શંકાને વિશેષ વૃદ્ધિનું સબળ કારણ મળ્યું, અને પોતાના યારને બચાવવા નીતિનાં ઓઠાં બતાવે છે, એમ રાજાને ચોખું જણાઇ આવતાં મનનો વ્હેમ સજડ થઇ ગયો. એથી તુરત ક્રોધપાપીના પ્રતાપ વડે રાજાએ સરદાર સેનાપતિને દેહાંત શિક્ષા દેવાનો હુકમ કર્યો અને રાણીને જીવન પર્યંત બોલાવવીજ નહી એવો તિરસ્કાર યુક્ત વિચાર જાહેર કરી બતાવી રસ્તો માપ્યો. આથી રાણી અત્યંત શોકમાં ગર્કાવ થઈ ગઈ. અને બોલેલા બોલ પાળવામાં રાજાને સ્થિર થયેલ જાણી અન્ન પાણીનો ત્યાગ કરી શીળસંરક્ષક દેવનું ધ્યાન ધરી આવેલા કલંકને દૂર કરવા મનને એકાગ્ર કરી બેઠી.

ત્રણ દિવસ પૂર્ણ થયા કે સત્યનો જય અને જૂઠનો ક્ષય કરવા શીળસંરક્ષક દેવ રાણીની સબળ ધ્યાનવૃત્તિથી દોરાઇ હાજર થઇ રાજા પ્રત્યે કહેવા લાગ્યો કે–"રાજન્! તને દુષ્ટ દુરાચારિણિ દાસીએ પોતાની દુષ્ટ વાસનાને પુષ્ટ થવા દેવા જૂઠી શંકા પેદા કરાવી છે અને એને લીધે જે જે રાણી બોથીબાઇના ભણી શંકાને ફેલાવી દીધી છે તે તે સર્વ અસત્ય છે માટે તેણીના તરફ શંકાની નજરે ન જોતાં વિશ્વાસ અને પૂર્ણ પ્રીતિની દ્રષ્ટિથી જો. દુષ્ટો હમેશાં પારકાની ઉન્નતિને પાછી પાડવાજ તત્પર રહે છે અને કોઇનું બુરૂં થતાં પોતાનું સારૂં થતું હોય તેવીજ જપમાળા જપે છે; માટે મારૂં કહ્યું ધ્યાનમાં રાખી સર્વ શંકાને ખારા દરિયાને શરણ કરી દે; નહીંતો તું તત્કાળ શિક્ષાને પાત્ર થઇશ. હું શીળસંરક્ષક દેવછું, અને એણીના દ્રઢધ્યાનથી પ્રેરાઇ અહીં આવ્યો છું એ માટેજ તને હિતબોધ આપું છું. જો એણીનું શીળ પ્રશંસવા યોગ્ય નહોત તો મારૂં આવવુંજ શી રીતે સંભવે! તેતો જરા વિચારી જો!! છેક સ્વહિત શત્રુ ન થા. અને નિર્દોષ સેનાપતિને દેહાંત દંડ દઈ રૈરવ નરકનો ભાગી ન થા." આટલું કહી દેવ ધ્યાનસ્થ રાણીની હજૂર ગયો અને શીળની પ્રશંસા કરી કહેવા લાગ્યો–" જગદુદ્ધારિણી સતી! કહેવા લાયક વચન રાજાને કહ્યાં છે; છતાં પણ નહી માનશે તો પછી જોઇ લેવાશે. પરંતુ આપ નિઃશંક થાઓ–સત્યનોજ જય થશે. ધ્યાનથી મુકત બનો અને સદા શીળની સુરંગી ચુંદડી ઓઢી આનંદમાં વિચર્યા કરો." એટલું બોલી એક દૈવી પુષ્પ હાર દઈ નમન કરી સ્વસ્થાનકે ગયો.

રાજાને દેવે હિતશિક્ષા આપી હતી; છતાં પણ તે તરફ બેદરકારી બતાવી સતીને સન્માની નહીં, જેથી શીળસંરક્ષક દેવે પ્રાણ

ક્ષોભક શૂળનો રોગ પેદા કર્યો કે જે દુઃસહ થઈ પડયો. રાજાને અનેકાનેક ઉપાય કર્યા, તદપિ તે સર્વે નકામાજ નીવડ્યા; કેમકે દેવે પુનઃ આવી અદશ્યપણે કહ્યું કે –" નિર્દોષ સતીને જ્યાં લગી તું નહી સન્માને અને મારા વચનોને કંઠમણિ નહીં ગણે ત્યાં લગી કદી આરામને ભેટીશ નહીં; માટે ગર્વ છોડી સતીનું સપ્રેમ પૂર્વક સન્માન કરી તુજ શરીર પર સતીનો કર સ્પર્શ કરાવી પછી પૂર્વની પેઠે પાવન પ્રેમભાવથી વર્ત્તન ચલાવ, એટલે આનંદ આનંદ. નહીં તો મરણને શરણ થઇશ. " આ પ્રમાણે વચન સાંભળ્યાં કે ચમત્કારને નમસ્કાર કરવા રૂપ કાર્યને હાથ ધરવાની ફરજ પડી. અસહ્ય વેદના માંથી મુક્ત થઈ જીવવાની આશાએ સતીને બોલાવી રાજાએ પોતાના શરીરને તેણીનો કર સ્પર્શ કરાવ્યો કે તુરત આરામ થઈ ગયો. એ જોઈ રાજાએ પોતાનાથી થયેલી ભૂલ માટે બહુ દિલગીરી દર્શાવી, એટલે રાણી બોલી —" પ્રભો! દિલગીરી દરર્શાવવાને આપ યોગ્ય નથી. આપે તો મારૂં કસોટી કરી સત્યપણું જોયું, જેથી હું અહો ભાગ્યણી થઈ છું. આવો પ્રસંગ ન આવત તો સત્ય જૂઠની શું ખબર પડત? ભૂપાળ ચૂડામણિ! આપ દિલગીર ન થાઓ. જે થયું તે સારૂંજ થયુંછે. આપણ એક બીજા વચ્ચે આથી પ્રેમગ્રંથી વિશેષ સજડ થવાનો સમય સાનુકૂલ થયો છે માટે મહદાનંદી બનવું યોગ્ય છે. અને મારા અવિચારીપણાથી કદાચ કંઈ ગેરવ્યાજબી બોલાયું હોય તો તે માટે પુનઃ પુનઃ ક્ષમા ચાહું છું. " ઇત્યાદિ બોલવું થતાં રાજાએ કહ્યું —" સતીદેવી! તમો સર્વ વાતે પ્રશંસનીય છો, હું તમારો પતિ થયો છું તે મારાં પણ અહોભાગ્ય છે કે તમારા ઉચ્ચ ગુણોને લીધે મારૂં પણ નામ સાથેજ ગવાશે. મંગલમૂર્તિ! પણ આપણ વચ્ચે વિગ્રહ કરાવનારી રાંડ કુલટાને તો સખ્ત શિક્ષા કરવાજ ધારૂં છું માટે એ વિષે તમારે આડે ન આવવું એજ ઇચ્છું છું. "

સતી બોલી—" કૃપાળુ! અપકારીને ઉપકાર વડે મારવો ઘટિત છે, નહીં કે યોગ્ય શિક્ષા દઈ સંતાપવો. તેણીએ આપપણું પરમ હિત કર્યું છે. આવો આનંદ આપવાના સત્ય સાધન રૂપ તો તે દાસીજ છે માટે તેણીને આપણી ઉપકારિણી જાણી તેણીનું શરીર શસ્ત્રાસ્ત્રથી ન છેદતાં સુંદર અલંકારથી શોભાવો કે જેથી આપણી વિમળ કીર્તિ દિગંત લગી પ્રકાશશે." વગેરે વગેરે કહી તેણી દાસીને તથા સરદાર સેનાપતીને અમૂલ્ય શિરપાવ અપાવી નિર્ણય કર્યો. અને દંપતિ નિર્મળ પ્રેમમાં મશગુલ બની અપૂર્વાનંદમય જીવન ગાળી સ્વર્ગનાં સુખોને પણ ન્યૂનતા બક્ષવા લાગ્યાં.

વાચક વર્ગ ! હલકા પેટના સ્વાર્થી જનો પોતાનું હિત સાધવા કેવી જાળ રચે છે ! તથા સત્યશીલ પ્રભાવથી પ્રાણ સંકટો કેવી રીતે નાશ થાય છે ? અને દેવો પણ કેવી સહાયતા આપે છે ? તે આ વાર્ત્તા જાહેરજ કરી રહેલ છે. માટે હમેશાં દુષ્ટોથી દૂર રહેવા, તથા સત્ય સંગી થવા ખંતવંત રહેવું કે જેથી સદા વિજયજ પ્રાપ્ત થાય છે. કેમકેઃ—

દોહા

આંચ ન આવે સાચને, કરતાં ક્રોડ ઉપાય;
જેમ જેમ કંચન તાવીએ, તેમ તેમ નિર્મળ થાય.

શૂરવીર સતી હંસાકુંવરી.

શૂરવીર સતી સુંદરી **હંસાકુંવરી**નો જન્મ વિક્રમની નવમી સદીમાં અજયપાળ ચહુઆણના વસાવેલા **અજયમેર** (અજમેર) માં ચહુઆણ રાજા **કનકસેન**ના રાજ્યમહાલયમાં થયો હતો, અને **શ્રીનગર**ના જેઠવા અવટંક વાળા રાજપુત્ર **ચાંપસેનજી** જેઠવાને વરી ઉભયકુળ અજુવાળ્યાં હતાં. તે એવી રીતે કેઃ—

પાવન સતી હંસાકુંવરી રૂપ ગુણ સંપન્ન થઈ જ્યારે યૌવન અવસ્થાને ભેટી ત્યારે તેણીના સુજ્ઞ પિતા ચહુઆણ કનકસેને મન પસંદ વરની પ્રાપ્તિ થવા માટે સ્વયંવરા મંડપ રચી દેશ વિદેશથી રાજા મહારાજાઓનું કુકુંમપત્રી પાઠવી આમંત્રણ કર્યું. એથી શ્રીનગરનો રાજા ચાંપસેન જેઠવો, જુનાગઢનો રાજા ચંદ્રચૂડ, સીકોતરબેટનો રાજા અબલસેન,અને પારકરનો રાજા સોઢો સુલતાનજી વગેરે અનેક રાજપતિઓ સાંભરના ધણીને ત્યાં પધાર્યા, ને તેણે સર્વને યોગ્યતા પૂર્વક આગતા સ્વાગતા કરી અત્યાનંદ આપ્યો.

જ્યારે સ્વયંવર મંડપમાં નિમેલા દિવસે ચહુઆણકુમારી વરમાળ લઈ અનુપમ શૃંગાર સહ ચતુર સહચરી યુક્ત મંડપમાં આવી પહોંચી ત્યારે એક પછી એક રાજા-મહારાજાનાં નામ, રિયાસત, પદવી, રૂપ, ગુણ, પરાક્રમનાં ટુંકામાં વર્ણન કરી વૃદ્ધ સખી રાજબાળાને ઓળખ આપવા લાગી. અને એમ કરતાં કરતાં સર્વથી વિશેષ રૂપ ગુણ સંપન્ન શ્રીનગરના રાજા ચાપસેનજી જેઠવાને પૂર્વ સંબંધાનુ

યોગ વડે હંસગમની હંસાકુંવરીએ પસંદ કર્યો. કે તુરત તેમના કંઠ પ્રદેશને મનહર સુવાસિત પુષ્પમાળાથી અલંકૃત કર્યો. તથા વેદ વિધિ મુજબ કહો કે તે સમયની રીત્યાનુસાર કહો; પણ લગ્ન વિધિને મહાન્ ધામધુમ સહ પૂર્ણપણે સફળ કર્યો.

આ સંસારમાં દંપતિ (ધણી ધણીઆણી) ની જોડી જોઇએ તેવી મનપસંદ મળેતો જ સંસાર મીઠો—અમૃત સરખો નીવડે છે, નહી તો હાલાહલ ઝહેર કરતાં પણ વિશેષ પ્રાણઘાતક થઈ પડે છે. પરંતુ હાલના કહેવાતા સુધરેલા જમાનામાં તો માત્ર સાગનાં લાકડાં જોઈ ધણી ધણીઆણીની જોડી જોડવામાં આવે છે. નથી જોતા રૂપ ગુણ કે નથી જોતા ખાપણ કે ખોડ, પછી કહો કે શી રીતે જોડ શોભાવંત નીવડે? પહેલાં સ્વયંવરની રીતિ પ્રચલિત હતી તે વિશેષ પસંદ કરવા જેવી હતી. હાલ પણ જ્યાં સ્વેચ્છા મુજબ કન્યા વરને પસંદ કરવાનો રિવાજ છે ત્યાં ઘણે ભાગે કજોડા ને અણબનાવની કડવી ફરિયાદોને ભાગ્યે જ જન્મ મળે છે. માટે પ્રિય પાઠકો? જેમ બને તેમ સંસાર સુખિયો—મીઠો ને સફળ કરવા લાકડે માંકડું વળગાવ જેવો વર કન્યાનો સંબંધ ન જોડતાં તેમની અંતરની વૃત્તિ સુજ્ઞજન દ્વારા જાણી લઈ પછી જોડી જોડો કે જેથી સર્વ મનનાં કોડ પૂર્ણ થવાનો સમય સ્વાધીન રહે. જુઓ ચાંપસેનજી અને હંસાકુંવરીની જોઈતી જોડ મળતાં કેવી પ્રેમગ્રંથી સુદૃઢ થઈ તે તરફ જરા ધ્યાન આપો. તેમજ સ્વાર્થ ન સરવાથી લોકોમાં કેવાં પરસ્પર દ્વેષ—ઈર્ષા વૈર ઉત્પન્ન થાય છે, તે પણ તપાસો.

જ્યારે રાજમંડળ સમક્ષ હંસાકુંવરી ચાંપસેનજી જેઠવાને વરી ત્યારે અન્ય રાજા મહારાજાઓની આશા અફળ થઈ—સ્વાર્થ ન સર્યો, એથી તેમની વૃત્તિ કલુષતા ધારણ કરી પરોન્નતિ—પરધન—પર સ્ત્રી ઉપર ત્રાપ મારવાના મનસુબા કરવામાં સરસુબા જેવી થઈ. અને જ્યારે હંસાકુંવરીને લઈ ચાંપસેનજી પોતાના વતન ભણી રવાના થયો ત્યારે પ્રથમથી દ્વેષી રાજાઓએ કરી રાખેલ ગોઠવણ ને સંકેત મુજબ માર્ગ રોકી બેઠેલા હોવાથી માર્ગમાં જેઠવાને મહા ઉપાધી નડી; કેમકે તેઓ તો હંસાકુંવરીને લઇ જવાજ માગતા હતા, તો તે શૂરો ને સાચો ક્ષત્રી—રાજબીજ પોતાની પરણેલીને અન્યથી કે વિઘ્નથી ડરી પરને સુંપરદ કરવા કેમ ઇચ્છે? **ઈજ્જત જવા કરતાં તો જીવ જાય તેજ અતિ ઉત્તમોત્તમ છે. જાઓ લાખ**

પણ રહેજો સાખ. ત્રણમણના શરીરમાં ટકાભાર નાકનેજ ડાગ ન લાગે તેજ મનુષ્ય માત્રને ખરી ખબરદારી સાથે જાળવવાનું છે. અને એટલાજ માટે કહેવામાં આવ્યું છે કેઃ—

"નામ રહેણું દો ઠક્કરો, નાણાં નહીં રહંત;
કીરતહંદાં કોટડાં, પાડ્યાં નહિ પડંત."

આ અમૂલ્ય કથનોને યાદીમાં રાખી ચાંપસેન અને તેના દોસ્ત રાજાઓ જબરા જોમથી મદોત્મત્ત રાજસેના સાથે બાટક્યા; પણ તેઓના સબળ દળ અગાડી ચાંપસેનજી તરફની સેના મુંઠીભર જેટલી હોવાથી ધારેલી ધારણા ઉંધી વળવા આવી, અને હંસાકુંવરીને હરી જવા સ્હામેવડીયું સૈન્ય નવનિવાહિતાને ઘેરી કહેવા લાગ્યું કે—"રાજકુંવરીજી! ચાંપલા રાંકડાને છોડી ફાંકડાને આનંદ આપવા આગળ થઈ જીવનને સફળ કરો. હવે કોઈ રીતે અમારા હાથથી બચવા પામો તેમ નથી, માટે સઘળા વિચારો બાજુ પર ફેંકી દેઈ અમારા તાબામાં આવો. નહીં તો જોર જુલ્મથી પણ તમોને સ્વાધીન કરવામાં આવશે. જ્યાં લગણ સમી સમાધે કામ થાય ત્યાં લગણ એક બીજાની મર્યાદા જળવાઈ શકે છે; માટે ટુંકામાં સમજી આગળ થઇ જાઓ."

ઉપર પ્રમાણે ગર્વીષ્ટ અને ઉધ્ધતા ભર્યા વાકયસાંભળી અજમેરી ચહુઆણકુમારી સાક્ષાત દૈત્યદળને દળવા ચંડિકા મગજ ફિરાવી ઉભી થઈ હોય તેવી બની, છૂટી લટો ને ખુલ્લા ખડ્ગ સાથે વિકરાળ દેખાવથી સ્હામી થઇ કહેવા લાગી કે—"પરાયું ધન હરનાર ચોરને, પરાઈ ઉન્નતીને ઝાંખી પાડવા ચાહનાર કુકર્મીને, અને પરસ્ત્રીલંપટને પૂરેપૂરી રીતે શિક્ષા કરવા આ મારૂં બેધારૂં ખડગ તૈયાર છે! જેથી તેવાઓના ઉષ્ણ રૂધિરનું પાન કરવા ઘણા દિવસના તરસ્યા ને તલપી રહેલા આ ખડગને તૃપ્ત કરીશ. એઠું પતરાવડું ચાટવા ચાહનાર સ્વાનગણ! તમે તે જેઠવા સિંહની સિંહણને શું હાથ કરી શકશો? તમારી સિકલ ને ઓકાત તો જુઓ! રાંક જન ક્ષીરભોજનની ચાહ કરે, પણ તેના કરમમાં તો કોહેલી ઘેંસજ ખાવી સરજેલ હોય છે. મૂર્ખાઓ! તમારા કોડીઆ જેટલા કર્મને લીધે ચહુઆણકુમારી ન વરી તો હવે આમ ફાંફાં માર્યે શું દહાડો વળે તેમ છે? કર્મ ઉપર હાથ ફેરવો. હવતીઆં માર્યે શું હંસાકુમારી હાથ લાગશે? હંસાકુંવરી તો હજારોનાં હાડ ભાંગી, લાખોના જીવને પરલોક પહોચાડી, બેસુમાર બહાદુરોના

બેહાલ કરી જેઠવારાજની જય બોલાવી જીવનને સફળ કરશે. માટે હજુ કહું છું કે કાગડાઓ! દહીથરાને ખાવાની હુંશ છોડી મારા છબીલા નાથનો કેડો છોડી દઇ તમારી અન્ય રૂપવંતી છોડી દો એટલે સારી શોભાને પાત્ર થશો, કહો શું ઇચ્છા છે?"

ચહુઆણકુંવરીનાં કડવાં કથન સાંભળી અભિમાની ને અભાગીઆ અવળચંડાઓ, ચંડાની સ્હામે ટક્કર લઇ વક્કર ખોવા કૂદી પડ્યા. એ જોઇ હંસાકુંવરીએ ચંડ પરાક્રમવડે કરસણી જેમ જુવારનાં કણસલાં લણી લ્યે, તેમ શત્રુઓનાં મસ્તક વિજયી ખડગવડે લણી લેવા માંડયાં અને જોતજોતામાં હજારોને યમના મહેમાન બનાવી દીધા, તથા શત્રુસેનાને ઉભી પૂંછડીએ ભગાડી, કેઇક શત્રુરાજવીઓને પકડી પાડી પોતાના પતિને ચરણે નમાડી દઇ ક્ષત્રીઅ બિરૂદને સતેજ રાખ્યું.

હમ્મેશાં ઉદ્ધત અને અમર્શખોરો હાર્યાજ રહે છે, પણ વાર્યા તો રહેતાજ નથી. એથી આખર આબરૂને બટ્ટો લાગવાનો સટ્ટો કરનારા નીવડે છે. પોતાના પ્રારબ્ધપર પૂર્ણ પ્રતીત રાખી પ્રયાસ કરવો એજ પાવન પંથ છે. નહીં કે પોતાના કમનસીબને લીધે સ્વાર્થ ન સરતાં અન્યનાપર દ્વેષ ધરી આખર ઘનઘટાને નિહાળી જવાસાની પેઠે આપોઆપ સૂકાઇ સત્યાનાશીને ભેટી પડવું! વાંચનાર! હંસાકુંવરી વીર સતીએ વિજયના ડંકા વગાડ્યા શત્રુઓને ભગાડ્યા અને વીરક્ષત્રીયોને પોતાની ખરી ક્ષત્રવટ જાળવવા જગાડ્યા કે તમો ક્ષત્રીવીરો, પણ મારા સરખી ઉષ્ણ રૂધિરવાળી ક્ષત્રીઆણીથીજ જન્મેલા છો અને હવે પછી પણ તેવીઓનીજ કુખથી જન્મ લેશો; માટે મરવાથી ડરી કદી પણ રણમાંથી કે ખરી અણીની વખતે પાછી પાની કરી પાણી ગુમાવવાનો વખત રજુ થવા દેતા નહીં. હીમ્મત એજ ખરી મર્દાની છે, હીમ્મત એજ સાચું હથીઆર છે, હીમ્મત એજ માણસની ખરી કીમ્મત છે, અને હીમ્મત એજ સર્વ કાર્યની સફળતા છે, માટે હીમ્મત રાખી સદા ફતેહ મેળવવી કે જેથી ઉભય જન્મ સફળ થાય. કહ્યું છે કેઃ—

(રાગ પૂર્વી. દે મેરો ચીર મુરારી—એ દેશી.)

હીમ્મતનું હથિયાર ધરો કર, હીમ્મતનું હથિયાર.
હીમ્મતના હથિયાર વગર જન, ખાસ ગણાય ગમાર. ધરો કર. હી. ૧
હીમ્મતના હથિયારથી જ્યાં ત્યાં, થાએ બેડો પાર. ધરો. હી. ૨

હીમ્મતનું હથિયાર ધૈર્યથી, થાય ખુદા મદદગાર. ધરો. હી. ૩
હીમ્મત વિણુ કોટી કિમ્મતનાં, નક્કી છે નર ને નાર. ધરો. હી. ૪
હિમ્મતથી સહુ સિધ્ધિ મળે ઝટ, સહુ જાણે સંસાર, ધરો. હી. ૫
મોજ સંગાથે અંતે મેળવે, શાશ્વત સુખ શ્રીકાર, ધરો. હી. ૬
માટે પૂર્ણચંદ્રની માનો, આ હિતશિક્ષા સાર. ધરો. હી. ૭

ધર્મવીર સતી સોનબા.

આ પવિત્ર સતીનો જન્મ વિક્રમની નવમી સદીમાં કાઠિયાવાડની અંદર આવેલા **બાલંભા**ના પરમાર ઠાકોર **રાજસિંહજી**ની પત્નિ **સુંદરબા**ના કુખથી થયો હતો. અને એ પુનીતાનું લગ્ન કાઠિયાવાડમાંના બરડા ડુંગર નજીક **ધુમલી**ના ગાદિપતિ જેઠવા **શિઓજી**ના કુળદીપક જેઠવા **હાલામણજી** વેરે થયું હતું. તે વિષેની બિના એવી છે કે:—

સોનબા, રૂપમાં તે સમયની અંદર સોરઠની અન્ય સ્ત્રીઓ કરતાં જેવી ચઢિયાતી હતી, તેવી જ વિદ્યાકળામાં પણ ચઢિયાતી હતી, અને કાવ્ય કળમાં અતિ નિપુણ હતી. જો કે આજ કાલના ઝેરી જમાનાની સ્ત્રીઓ જેમ દાળ ભાત શાક રોટલી વગેરે રાંધતાં આવડયું-જરા ગરબે રમતાં આવડયું-જરા લખતાં વાંચતાં આવડયું કે જરા ભરત ગુંથણુ શીવણુ હારમોનીયમ વગેરેનું કામ કરતાં આવડયું કે પોતે બહુ હુંશીઆર-ચતુર બની જાણી અભિમાનમાં ભાંગી પડે છે, તેમ અમર કીર્તિવંત **સોનબા**નું સમજવું ન હતુ. તે અર્ધદગ્ધ ભણતર ભણી પોતાના પ્રશંસનીય ભવિષ્યનું સારૂં ચણતર ચણવા ઇચ્છતી ન હતી. તેણીએ તો દરેક સ્ત્રીઓની યોગ્ય કળાઓનું પૂર્ણ જ્ઞાન મેળવ્યું હતું, તેમજ ધાર્મિક અને વ્યવહારિક બાબતની ઉચ્ચ કેળવણી લીધી હતી એથી પોતાનાં માતા પિતાની સમ્મતીથી લાયક ઉમર થયે પોતાના સ્વભાવ કર્માનુસાર લાયક વરને વરવાની શોધમાં મન દઈ તેણીએ એક સોરઠાનું પૂર્વાર્દ્ધ રચી પોતાના રાજગોર મારફત જગે જગેના રાજકુમારના કાન સુધી પહોંચાડવાનો યથોચિત બંદોબસ્ત કર્યો, અને એમાં પદ પૂરાં કરે તેનેજ વરવું એવી

દઢ પ્રતિજ્ઞા કરી. તેથી તે રાજગોર ફરતો ફરતો તે સમયના તમામ રાજ્યસંસ્થાનોમાં ફરી વળ્યો; તથાપિ તે સોરઠાનું ઉત્તરાર્દ્ધ કોઇ રાજકુમારે પૂર્ણ કરી આપ્યું નહીં. આમ થવાથી તે ગોર છેવટ ધ્રુમલીના કુમારશ્રી હાલામણજી હજૂર ગયો અને તેમણે તે સોરઠાનું અર્થસંગતિ પૂર્ણ ઉત્તરાર્દ્ધ પૂરૂં કરી આપ્યું. તે સોરઠો એ હતો કેઃ—

ઘણુ વણ ઘડ્યાં, એરણને આપડ્યાં નહિ;
સરવડ સ્વાંત તણાં, મળે તો મોતી નીપજે.

મતલબ એ કે જે ઘણથી ન ઘડાયાં ને એરણને ન અડ્યાં છતાં સ્વાતિબુંદના સરવડાનો કુદરતી સંયોગ મળી આવે તો બેશક બેસ-ગોળ-તેજસ્વી સાચાં મોતી પેદા થાય-આમાં ધ્વનિ એજ હતો કે એજ રીતે નિષ્કલંકી પતિનો સતી સ્ત્રીને જો કુદરતના યોગથી યોગ મળી આવે તો કુલોદ્ધારક સંતતી પ્રાપ્ત થાય એજ ઇચ્છુંછું.

આવા ભાવાર્થે ભર્યો અપૂર્ણ રહેલો સોરઠો પૂર્ણ થયો જોતાં રાજગોર બહુજ આનંદ પામ્યો; કેમકે પોતાની સઘળી મહેનત સફળ થવાનો સંયોગ સ્વાધીન થયો જણાયો. તુરતજ રાજરિવાજ મુજબ મુદ્રા અને શ્રીફળ વગેરે આપી હાલામણજી સાથે સોનબાના વેવિશાળનો સંસ્કાર સિદ્ધ કરી પોતાના અન્નદાતા યજમાનની હજૂર જવા ચાલી નીકળ્યો, અને તેણે મજલ દર મજલ વડે બાળંભે આવી પહોંચી ઠાકોરશ્રીને આશિર્વાદ દઈ બનેલી સર્વ બિના જાહેર કરી. એ સાંભળી પરમાર ઠાકોર પણ કુંવરીનો સારે ઠેકાણે સંબંધ જોડાયો જાણી પ્રસન્ન થયો, ગોરને યોગ્ય દક્ષણા આપી રાજી કર્યો અને સર્વેના મનમાં આનંદ વધ્યો.

તે પછી લગ્નના ગણાતા લાત-પાત-ક્રાંતિસામ્ય- એકાર્ગળ-ચોરીકાળ વગેરે મોટા દોષો નિવારણ કરી કુશળ જોતિષીદ્વારા સોનબાનું લગ્ન જોવડાવી તથા તે લગ્નને વ્હાલ સહિત વધાવી લઈ, જોષીરાજને પ્રસન્ન કરી, ઉત્તમ દબદબા સહિત સોનબા માતપિતાની આજ્ઞા લઇ તે સમયના રજવાડી રિવાજ મુજબ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થવાથી પતિપણાના પૂર્ણ હકદાર થયેલા યુવરાજ હાલામણજીના હાથ સાથે હાથ જોડી પાણીગ્રહણ ને લગ્ન શબ્દનો અમૂલ્ય હેતુ અમલમાં લેવા ધ્રુમલી ભણી ચાલી, અને થોડોક સમય વ્યતીત થતાં ધ્રુમલી નજીક જઇ પહોંચી.

જે વખતે પવિત્ર સતી સોનબા ધુમલીના સમીપ જઇ પહોંચી હતી, તે વખતે રાણો શિઓજી શિકારી પોષાકથી શિકાર રમવા ધુમલીના સીમાડામાં જઈ પહોંચ્યો હતો, તેથી સોનબાનું તેજતેજના અંબારવાળું સ્વરૂપ તેના જોવામાં આવ્યું, અને પૂછપરછ કરતાં પોતાના પાટવી કુમારને વરવા આવેલ પરમારપુત્રીને જાણી તેણે સોનબાને જાહેર કર્યું કે, “ તમોને તમારા ગોરે ભૂલથાપ ખવરાવી છે તે માટે તમને ખબર આપવાજ અહીં આવી ઉભો છું.ગોરે, હાલામણ કુમરે તમારા સોરઠાનાં પદ પૂરાં કર્યાં છે, એવું કુમાર તરફથી ખૂબ રૂસ્વત મળતાં ઠસાવ્યું છે; પરંતુ તે વાત તદ્દન જૂઠી છે. એ પદ તો મેં પૂરાં કરેલાં છે માટે મને ખરી પ્રતિજ્ઞા પૂરનાર જાણી વરજો, નહીં કે પ્રપંચીના પેચને સાચો માની અન્ય અલપ્રાઉને વરી પ્રતિજ્ઞા ભંગના પાપનું પાત્ર થતાં. હું તે હાલામણનો પિતા થઉં છું છતાં આહાર ને વ્યવહારમાં શરમાઈ વિપરીત સંબંધ જોડાય તે તરફ અણગમો બતાવનારો હોવાથી સત્યને જાહેરમાં લાવ્યો છું; માટે પ્રવીણ થઈ અબુઝની ઓળમાં ખપતાં નહીં.”

આ પ્રમાણેની વાત સાંભળી સોનબાના મનમંદિરમાં આશ્ચર્યને સ્થાન મળ્યું એથી તે વિચારવા લાગી કે—શું મારા વિશ્વાસુ ગોરે મને ખોટું સમજાવ્યું હશે ?! ના, તે તેવો વિશ્વાસઘાતી નથી. ત્યારે શું આ પ્રપંચી નરનું કંઇ કાવતરૂં હશે ?! અથવા તો કોઈ મારા મનની નિર્મળ પ્રેમ લાગણી તપાસવા મારા પતિદેવ તરફથી તો નહીં આવેલ હશે ? ! હશે, ગમે તે હો, હાથનું કંકણ તપાસવાને આરસીની કશી જરૂર નથી. જો આ પુરૂષેજ મારી પ્રતિજ્ઞા પૂરી હશે તો તે હમણાં બીજી પાદપૂર્તિ કહી બતાવતાં પ્રકટ થઈ આવશે એટલે જે હશે તે જાણી લેવાશે. પોકળ ક્યાં સુધી નભવાનું હતું.” આ પ્રમાણે વિચારી તુરત એક નવીન પાદપૂર્તિ વાળો સોરઠો કહી સંભળાવી સોનબા બોલી કે—“ આપ કહો છો તે ખરૂંજ હશે; તદપિ મારા મનને શાંતિ મળવા આ સોરઠાનું ઉત્તરાર્દ્ધ પૂરૂં કરી આપો એટલે પછી કોઇને પૂછવાની કે તપાસ કરવાની જરૂરજ રહેશે નહીં.”

સોરઠાનું પૂર્વાર્દ્ધ એ પ્રમાણે હતું કે:—

‘જળ વર્ષે જ જવાસ, કહો સૂકે કિણ કારણે ?”

આથી રાણો ગભરાયો, અને કવિતાનું જ્ઞાન ન હોવાથી એક શબ્દ સરખો પણ તે પદપૂર્તિ સંબંધી બોલી શકયો નહીં. એટલે ચતુર શિરોમણી સોનબાને પૂર્ણ પ્રતીતિ થઈ કે–"મારી પ્રતિજ્ઞા પૂરનાર આ પુરૂષ નહીં, પણ યુવરાજ જ છે. આ તો વચમાંથી જ કોઈ ધાડપાડુ પોતાનો સ્વાર્થ સાધવા આતુર બનેલ છે. પણ કંઈ કાગડાને દહીંથરૂં જમવાનું મળે ખરૂં કે! કદિજ નહીં! હશે, તો પણ કાણાને કાણો કહેવાથી શો ફાયદો છે! જ્યાંલગી સાકર પિવરાવ્યાથી પિત્તની શાંતિ થતી હોય, તો પછી શા માટે આંબલીનો ઉપયોગ અમલમાં લેવો જોઈયે! ભલેને એ હવાના બાચકા ભર્યા કરે અને મનસૂબાને વર્યા કરે, તેમાં મને લાભ હાનિ શી છે?" એમ વિચારી તે બોલી કે–"મહાશયજી! કદાચ અત્યારે યોગ્ય પદ હાથ ન લાગતું હોય તો પછીથી ફરમાવજો, અને ખુશીથી ઈચ્છાને સફળ કરજો. હું પૂર્ણ તપાસ કરીને જ હવે વરરત્નને વ્હોરીશ." એટલુંજ બોલી પંથને આગળ લંબાવ્યો, અને રાણો શહાણો છતાં પણ દીવાનાની પેઠે દિગ્મૂઢ બની આમ તેમ જોતો જ રહ્યો.

જ્યારે સોનબા ધુમલીમાં જઈ પહોંચી ત્યારે રાણાને કહેલો સોરઠો યુવરાજ તરફ તેણીએ લખી ઉત્તરાર્દ્ધ પૂર્ણ કરવા વીનતી કરી કે–તુરત હાલામણજીએ તે પૂર્ણ કર્યો કે:—

"જળ વર્ષ્યે જ જવાસ, કહો સૂકે કિણ કારણે?
પરનો પેખી હુલાસ, બળી ઝાંખરા સમ બણે!"

મતલબ એજ કે વર્ષાદ વરસવાથી બધી વનસ્પતિ નવપલ્લવ થાય છે છતાં જવાસો તે વખતે શા કારણને લીધે સુકી જાય છે! તે કહો. એના ઉત્તરમાં જણાવ્યું કે જવાસો પારકાની વૈભવ ઉન્નતિ–વિલાસ જોઈ દૂષને લીધે બળી ઝાંખરા જેવો થઈ જાય છે. આમાં સોનબાએ રાણાને એજ પૂછ્યું હતું કે પુત્રને મળેલી સુકુલિની વહુનો સ્વરૂપાદિ વૈભવ જોઈ શા માટે ઈર્ષ્યા લાવી બળી મરવાનાં ફાંફાં મારો છો? તેજ પ્રશ્નનો ઉત્તર તેનાથી નહીં, પણ તેના યુવરાજથી જોઇએ તેવો મળી ગયો, એ જાણી યુવરાજરાણી હુલસાણી અને સર્વ પ્રકારે યુવરાજ હાલામણજીને જ પોતાનું તન મન ધન. ગણી વરી પરમ ભાગ્યશાલિની બની.

આ પ્રમાણે બનેલા બનાવથી કામાંધ પિતા શિયોજી મનમાં ભારે ખુનસ રાખી સોનને કયા પ્રકારે મારી પ્યારી કરૂં એ લાગ

ખોળવા લાગ્યો અને તે ખોળતાં દશમે દિવસે જ હાથ લાગ્યો એટલે કે હાલામણ શિકાર રમવા ગયો હતો, એ પોલનો લાભ લઈ રાણાએ સોનબાને જોર જુલ્મ વડે પોતાના મહેલમાં દાખલ કરી દીધી અને હાલામણની હવેલીએ જબરા ચોકી પ્હેરા બેસારી હુકમ કર્યો કે યુવરાજને તેમાં પેસવા દેવો જ નહીં. એટલું જ નહીં પણ જ્યારે હાલામણ શિકાર રમી પાછો પોતાને મુકામે આવતાં મકાને સીલ થયેલાં જોયાં કે તે તેમ થવાનું કારણ જાણવા પિતાની હજૂરમાં ગયો ત્યાં તો એ ન્યાય મળ્યો કે "હાલને હાલ તું મારી સરહદમાંથી દૂર થઈ–ચાલ્યો જા". હાલામણે વીનવ્યું કે:—"પણ પૂજ્ય! મારો વાંક ગુન્હો શો છે કે આ કઠોર શાસનને પાત્ર કરો છો?" રાણાએ કહ્યું "બસ જબાન ચલાવવી બંધ કર. મારી આજ્ઞાને એકદમ અમલમાં લઈ તારો જાન બચાવ. નહીં તો મારા હાથે જ કંઈ કાળું કૃત્ય કરવું પડશે. વાંક ગુન્હો હશે તો જ શિક્ષા કરવામાં આવી હશે; માટે ચાલ્યો જા."

આ પ્રમાણે પિતાનો હુકમ થતાં હાલામણ પિતાની આજ્ઞાપાળના હોવાથી તુરત ધુમલીના રાજ્યને પ્રણામ કરી કચ્છ તરફ ચાલતો થયો, અને કચ્છ—વાગડના કંથકોટનો રાજા **જામ ફુલજી** કે જે હાલામણનો સબંધી થતો હતો તેથી ત્યાં જઈ પહોંચી બનેલી બિનાથી કચ્છના રાજાને વાકેફ કર્યો. એટલે તેણે હાલામણને આશ્રય આપી **હબાય** ડુંગર પરના **અણઘોરગઢ**માં નિવાસ કરાવ્યો; એટલું જ નહિ પણ પોતાના પિતા જામ **સાડ**જીની અનેરસ કુંવરી **દેવળદેવી** હતી તેને હાલામણ સાથે વરાવી આનંદિત બન્યો; પણ હાલામણ તો સોનના સ્મરણસહ શોકમય દિવસ ગુજારવા લાગ્યો.

સતી સોનબા સસરાને હાથ પડતાં અત્યંત શોકગ્રસ્ત બની ગઇ, સૌભાગ્યચિન્હ શિવાયનાં સઘળાં આભૂષણ–ભૂષણ વગેરે તેણીએ ત્યજી દીધાં, હૃદયમાં પ્રાણપતિનું રટણ શરૂ રાખ્યું અને આંખ્યોમાં વિયોગદુ:ખને લીધે શ્રાવણ ભાદ્રવાની જળવૃષ્ટિની પેઠે આંસું વ્હેવરાવવાનો ક્રમ ઉપયોગમાં લીધો.

જ્યારે રાત પડી ત્યારે રાણો શિયોજી સતી સોનબાની પાસે આવી પ્રસન્નતા પૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો. "રસીલી રમણી! હવે પરમાત્માની કૃપા અને મારા યત્નથી મનનું ધાર્યું થવાની અણી પર પહોંચ્યો છું. હવે તું મારો મનોરથ પૂર્ણ કર. મારી પ્રાણસંજીવની પ્રિયા! તારી ભેટ લેવા અરે તને મારી પ્યારી કરવા જ્ઞાતી–જાતી-

સગાં સંબંધી—નીતિ—રીતિ કે ફરજંદપર દુઃખનો વર્ષાદ વરસાવવાની જરાપણ ભીતિ રાખી નથી એથીજ વિચારી લે કે તારા ઉપર મારો કેટલો બધો ને કેવો સજ્જડ પ્યાર છે ! ગજગામિની ભામિની ! તેં મારી માગણી ભણી બેદરકારી બતાવી મનનું ધાર્યું કર્યું, તો મેં પણ મારી માગણીને ઘણી સતાબીથી સફળ કરવા તને સતાવીને મનનું ધાર્યું પાર પાડવા આવો પ્રયત્ન કર્યો. લલિત લલનાં! સત્તા અગાડી શાહણપત ચાલે ખરૂં કે ? ગમે તેમ છું પણ હું ધુમલી શહેરનો મહારાજા છું. તેં મારૂં અપમાન કર્યું છતાં મેં તારા પર દયા દગ કરી તારૂં સન્માન કર્યું એ મારી મોટાઈની બલિહારી સમજ. હવે ફરી હાલામણને મળવાની આશા સમજીશ નહીં, એતો ક્યાંય ખારા જળમાં ખ્વારીને ભેટી ખારી માટીમાં મળી જશે; માટે કહું છું કે હવે તારા મુખેથી ' મારા પ્યારા ' એવા અમૃત જેવા જીવનદાતા વચન કહી મને નવું જીવન બક્ષ, પ્રેમાલિંગન દઇ મારા તન મનના તાપ દૂર કર અને પ્રેમરસ પી પા તથા જીવનનો લ્હાવ અનુભવ એટલે સઘળો શ્રમ સફળ થાય."

સોનબાઇ બોલી—" પિતાજી! આવાં વિપરીત વચન અને વિરૂદ્ધ વર્તનનો ઉપયોગ પુત્રી પ્રત્યે ન કરો. સિંહ પરનો કરેલો શિકાર પોતાની તૃપ્તિના ઉપયોગમાં લેતો નથી, એ તો શિયાળવાંજ પરનો શિકાર પોતાની તૃપ્તિ માટે વાપરે છે. એઠું પતરાવળું ચાટવું એ સ્વાનનુંજ કામ છે, દીકરી પર બદનિધાહ કરવી એ રાણીજાયાનું નહીં પણ ગોલીજાયાનું કામ છે માટે આપ સિંહ થઇ આવી નઠારી વર્તણુંકના સંગી ન થાઓ. હૃદયમાં જરા વિવેક લાવો. પરસ્ત્રીલંપટ થવામાં કોઇએ કાંદા કહાડેલ નથી. મારાં તન મન ધન મેં મારા નાથને સમર્પણ કરી દીધેલ છે; છતાં હવે જે કોઇ પારકી મતા છિનવી લઇ મગરૂર બનો છો એ ધુમલીના મહારાજાનો ન્યાયી અમલ નથી. જેથી ન્યાયના રંગી થઈ આ પુત્રી સાદૃશ પુત્રવધુને ન સતાવો. જે આપ જેવા અહંકારી અહંકારના લીધે આખી પૃથ્વિમાં નહોતા સમાતા તે અંતે સાડાત્રણ હાથની ખાડમાં સમાયા છે; માટેજ કહું છું કે ગોલાઈ છોડી રજપૂતાઇને રંગ મળે તેમ વર્ત્તો. હું આપના રાજ્યસુખની પરવાહ રાખનારી નથી, હું મરણથી ડરનારી નથી, હું કોઈ પ્રકારે આપની મરજીને આધીન થનારી નથી અને સ્વપ્ને પણ પતિદેવ શિવાય કોઇ રાજા—મહારાજા—ઇંદ્ર કે કામદેવને પણ ચાહનારી નથી. તેમ મેં મારૂં સર્વસ્વ મારા પતિને સોંપેલ છે છતાં આપ માગણી કરોછો તો તે પરસત્તાને આધીન રહેલ આ શરીર આપને અડવા પણ

કેમ દેવાય? મારી સત્તાવાળું શરીર હોત તો આપનું કહેવું ધ્યાનમાં લેત; પણ આ શરીર ધુમલીના યુવરાજનેજ જીવન પર્યંત સોંપેલ છે અને તેમનીજ વગર દમડે વેચાણ થઇ રહેલી છું, અહીંઆં મારા પતિથી મિલાપ નહીં થવા દેશો તો તેથી શું થયું? હું સ્વર્ગમાં તેમને મળીશ. આપ આ લક્ષણે કંઈ સ્વર્ગનાં દ્વાર પણ દેખવા શક્તિમાન નથી જેથી ત્યાં કશું ચાલવાનું નથી. જરા વિચાર કરો કે પાકો રંગ તે કદિ ક્રોડો ઉપાયથી કાચો થઈ શકે છે? આપ સૂબા છો તેથી કંઈ મારા મનસૂબાને કબજે કરી શકો તેમ નથી. સતીનું શરીર મુવા પછીજ પર નરને હાથ પડે છે; માટે જીવતાં લગી હાથ કરવાતે હુંશ ન રાખો. વિફરેલી વાઘણ વખતે જીવને જોખમમાં નાખી દેશે. હું પરમાર વંશમાં પેદા થયેલી શુદ્ધ વીરક્ષત્રીના લોહીમય છું તે ધ્યાનમાં લેવાનું છે. આ અકૃત્ય અનુસરવાથી આપના મારૂતીથી ઉત્પત્તિ પામેલા જિતેંદ્રિય વિમળવંશને જેબ લગાડો છો જેથી મારૂતીજીના કોપના પાત્ર થશો. જગતનિયંતાના ગુન્હેગાર થશો, સૃષ્ટિ વિરૂદ્ધ કર્મના કરવાથી જગતમાં ધિક્કાર ફિટકાર પામશો, અને અંતે આ જગમાંથી અધોગતિ પામી નરકને ભેટશો, જેથી હજુ શોચો, હઠ છોડો, અને શુદ્ધિમાં આવો."

રાણો કોપવંત થઈ બોલ્યો—"બસ તારી ઝેરી જબાન બંધ કર. તાકીદે મારા હુકમને તાબે થા. હાથે કરીને મ્હોતને નોતરૂં ન દે. કાળને છંછેડવામાં કશો સાર મળનાર નથી. સમી સનાદે નહીં માનીશ તો જાળમાં પડેલી મૃગલીને જોર જુલ્મથી સ્વાધીન કરાશે. દુનિયાનો, ભગવંતનો અપરાધી ગણાયા છતાં તને જતી મૂકું તો પછી મારા જેવો બીજો કયો બેવકૂફ કહેવાય? પછી તો '**નાક કટ્ટા પણ ઘી ન ચટ્ટા**' એવો ઘાટ થાય. હવે તો અર્થ સાધીશ ત્યારેજ જંપીશ. તું બૈરામત કરે છે; પણ હું તારા જેવો નથી; માટે કહું છું કે થોડા દિવસ તારા ગભરાયલા ચિત્તને શાંતિ મળવાની મહેતલ આપું છું માટે તારા સુખનો વિચાર કરીને મને તાકીદે બોલાવી લેજે. નહીં તો પછી '**છેવટ ઔષધ છાશનું તો છે જ**' પ્રીતિમાં જુલ્મ ન વરતાવતાં શાંતિથી કામ થાય તો સારૂં, એમ માની અત્યારે રહેમદિલ કરૂં છું; નહીં તો પછી તું બાપડી મારા પંજામાંથી ક્યાં જવા પામીશ." ઇત્યાદિ બોલી પોતાનું જીવન બોળી રાણો પટરાણીના મ્હેલે ચાલ્યો ગયો.

તે પછી સતી શિરોમણિ સોનબાએ પ્રાણને પરલોક મોકલવાનો

વિચાર કર્યો; પણ ધર્મશાસ્ત્રની યાદી આવતાં આત્મઘાતી મહા પાપી ગણાય છે એમ વિચારી ધર્મશાસ્ત્રના ફરમાનને માન આપ્યું. અને તેણીએ કષ્ટમાંથી મુક્ત થવા પતીતપાવન પરમાત્માનું અચળ ધ્યાનથી સ્મરણ કર્યું, જેથી એ બનાવ બન્યો કે દાસ દાસી પ્હેરેદાર તમામ ઘોર નિદ્રાને તાબે થઈ ગયાં, એ જોઈ પુનીત બાઇયે ત્યાંથી પોબારા ગણ્યા. અને અત્યંત વેગથી ચાલી કોઈ નિર્ભય ગિરિગુફામાં જઈ વિશ્રામ લીધો. તથા પતિનું ધ્યાન ધરી પતિદેવ ક્યાં છે તેનો તપાસ કરવામાં મન લગાડ્યું.

નરાધમ રાણાએ પ્રાતઃકાળમાં સોનબાને સટકી ગયેલી જાણી ઘણી શોધ કરાવી; તથાપિ કોઈ પ્રકારનો પત્તો લાગ્યો નહી. જેથી હારીને શોચનો ઉપાસક બની તે વિચારવા લાગ્યો કે-"અરે અબળા છતાં સબળાને છેતરી ચાલતી થઇ! હું અતોભ્રષ્ટ તતો ભ્રષ્ટ બન્યો! મધ ચાખ્યું નહીં ને મધમાખીઓના ચટકા ખમવા કર્મમાં રહ્યા. વટલ્યા છતાં પણ એકે વર્ણમાં ન રહ્યા જેવું થયું! આ તો ઇજ્જત ગુમાવી, પુત્ર ગુમાવ્યો, મન માની માનુની પણ ગુમાવી અને ભવ પણ ગુમાવ્યો! પણ હવે વિચાર આવે તે શું કામનુ? રાંડ્યા પછી સ્ત્રીમાં ડહાપણ આવે અને રાંધ્યા પછી બળતું સારૂં બળે તે શા ઉપયોગનું?" ઇત્યાદિ મહા સંતાપને પાત્ર થયો ને સંતાપમાંજ દિવસો ગુજારી તેણે સાત વર્ષની બાકી રહેલી જીંદગી પૂરી કરવામાં મન દીધું.

સતીદેવી સોનબાઇને ધ્યાનદ્વારા જણાયું કે-પોતાના પ્રાણ પતિ કચ્છમાં અણઘોર ગઢમાં છે, જેથી તેણીએ કચ્છનો માર્ગ લઇ મહાન્ વિપત્તિ વેઠતાં ધારેલી જગ્યાની ભેટ લીધી; પરંતુ ત્યાં પણ મહાન્ શોચનીય બનાવ તેણીની નજરે પડ્યો. તે બનાવ એજ કે; જે જીવનની ખાતર પ્રાણસંકટ વેઠી આટલે બધે દૂર પંથે તે આવી પહોચી હતી અને તમામ સંતાપનો અંત લાવી આનંદને અનુભવવા આતુર બની જીવનને જાળવી રહી હતી તે જીવ-જીવન હાલામણને તો એક ઝેરી નાગ ડસવાથી જોખમ ભરેલી હાલતને સ્વાધીન થયેલો તેણીએ જોયો. એથી નિરાશાને તાબે થઈ પ્રભુ પ્રાર્થના કરવા લાગી કે —"હે દીનબન્ધુ! હે અશરણ શરણ! પતીતપાવન! આટલાં બધાં સંકટોમાંથી બચાવી અહીં લગણ સલામતી સાથે પહોચાડી; છતાં જેને માટે હું જીવતી હતી તે તો મરણના મુખનો ગ્રાસ થવા તૈયાર થઈ રહેલ છે, તો પછી અત્યાર લગણ મને જીવાડી તે પણ નકામુંજ નીવડેલ છે. આ તો મ્હોં આગળ મિષ્ટ કવળ

આવેલો દેખાડી પછી તમાચો મારી પાછો ખેંચી લીધો! શું આ દશા દેખાડવા માટેજ મને જીવતી રાખી હતી? મારા દયાળુ દેવ! જો મેં મન તન વચનથી સત્ય પણે અડગ સતીત્વ જાળવ્યું હોય તો સત્વર મારી વ્હારે ચડી મારો અખંડ અહેવાતન રાખો. નહીં તો ખાનાની પત જાશે એથી લોકમાં હાંશી થાશે. પતીતોદ્ધારક પ્રભો! આપે હજુલગણ છેલ્લે ક્યારે પાણી પહોંચ્યા વિના તો કોઇની વ્હાર કરી નથી એથી જાણું છું કે આ છેલ્લે ક્યારે પાણી પહોંચ્યું છે માટે જરૂર વ્હાર કરશોજ અને સેવકની હરકત હરશોજ!" વગેરે વગેરે શુદ્ધ ને તીવ્ર લાગણી ભરી પ્રાર્થના કરી. એટલે પરમાત્માની પ્રેરણા વડેજ ત્યાં એક જટિલ–યોગી આવી પહોંચ્યો અને હાલામણિની સ્થિતિ જોઈ તેણે વિષહર જડીબૂટીથી તુરત સર્પવિષથી બચાવી હાલામણને અસલ સ્થિતિવંત કર્યો.

હાલામણે પોતાની નજર સમક્ષ પોતાની પ્રાણપ્રિયાને સંકટ સહેલા કૃશ શરીરવંત જોઈ, એથી સર્વ અફશોશ અને લોકલાજ વસરી જઈ હર્ષસહ પ્યારીને ભેટી પરમાનંદતા પ્રાપ્ત કરી, તેમજ પ્રિયાએ પણ સકળ મહેનતને સફળ થઈ જાણી હર્ષબળથી કૃશ છતાં મહા બળવંત બની રોમે રોમે આનંદની ઉર્મીઓ છવરાવી પ્રિયતમને ભેટી પૂર્ણ પ્રમોદ પ્રાપ્ત કર્યો. અને રાજ્યવૈભવ સહિત અભિનવ-વિલાસમાં તે દંપતિ દિવસ ગુજારવા લાગ્યાં.

આ પ્રમાણે વખત વીતાવતાં જ્યારે સાત વર્ષ વીત્યાં ત્યારે પાપના પંકમાં કળાઈ રહેલો રાણો શિયોજી કાળનો કોળિયો થઈ યમ-ધામનો નિવાસી થયો, ત્યારે હાલામણજીએ પોતાની મૂળ રાજ્યગાદી શોભાવી પ્રજાને પ્રસન્નતા આપવા નિશ્ચય કરી, દેવળદેવીને કુમાર ચંદ્ર-સિંહજી અને દેવીસિંહજી સહિત તેણીના પિયરમાં આનંદયુકત વિદાય કરાવી, પાટરાણી સોનલદેવીને સાથે લઈ અનાથ થવાથી ધૂમ થઈ રહેલી ધુમલીની ભેટ લીધી. તથા તખ્ત તાજવડે અલંકૃત થઈ પ્રજાનો પૂર્ણ પ્યાર મેળવવા બનતો પ્રયાસ અમલમાં મુકયો.

તદનંતર દેવળદેવી તથા પોતાના કુંવરોને કચ્છમાંથી બોલાવી લઈ પરમ સુખમય સંસારનો આનંદ મેળવ્યો અને સોનળદેવીના કુમાર ભાણજીની બાળલીલા નિહાળી નિહાળી જીવનનો લ્હાવ લેતાં દશ વર્ષ લગી નિષ્કંટકપણે રાજ્યપદ ભોગવ્યું; તેમજ બેઉ જણે એકજ ચિતાનું શરણ લઇ સાથેજ સ્વર્ગસંપત્તિ પણ સ્વાધીન કરી. ધન્ય છે! એવાં

નિર્મળ પ્રેમી સત્યશીળવંત દંપતિને કે જેણે દુઃખમાં ને સુખમાં એકજ સરખી ટેક જાળવી આખર સાથેજ કાળને જીવનધનની આહુતી આપી!!!

ધર્મવીર સતી કામલતા.

આ પુનીત સતીનો જન્મ વિક્રમની નવમી સદીમાં પરમાર વંશી **કીર્તિરાજ** નામના રાજાના મહેલમાં **કીર્તિસુંદરી** રાણીના ઉદરથી થયો હતો, અને એ **કામલતા** સતી કચ્છ વાગડના **કંથકોટ**ના રાજા **જામ ફુલજી**ના અંતઃપુરનું મુખ્ય સ્ત્રીરત્નહતું. તેની બિના એવી છે કેઃ—

કચ્છમાં **ગેડી**ના સોલંકી **ધરણરાજે** પોતાના બ્હેનેવી જામ **સાડજી** સાથે વિશેષ સહવાસ રહેવા, જે ડુંગર ઉપર **કંથડ** નામનો યોગી તપશ્ચર્યા કરતો હતો તે ડુંગર ઉપર તેનો નિવાસ કરાવ્યો; પરંતુ જામ સાડજીએ ત્યાં નિવાસ કરી તે સ્થળને કોટ કિલ્લાવાળું બનાવી પોતાની સત્તા વધારવાની યોજના અમલમાં લેવા માંડી, એથી જામ સાડજીના રહેતાં રહેતાં રાજ્ય પચાવી લેવાના ઉંડા વિચારને ધ્યાનમાં લઇ સોલંકી ધરણરાજે **શત્રુ અને રોગને ઉઠતાંજ નિર્મૂળ કરવો,** એ નીતિવચનને યાદ કરી જામ સાડજીને જમવાને બ્હાને પોતાના રાજ્યમહાલયમાં બોલાવી વિક્રમ સંવત ૮૯૯ માં યમ શરણ કરી દીધો. આથી સોલંકણી રાણીને પોતાના કુંવર **ફુલજી**નું જીવન જોખમમય જણાતાં તુરતજ તેણીએ **ફારક** નામની ખવાસણને પોતાનો કુંવર સોંપી ત્યાંથી કોઈ ન જાણે તેવી રીતે નસાડી મૂકી, પરંતુ એ વાતની ધરણરાજને જાણ થતાં તે કુંવરને પકડી મારી નાખવા મારા મોકલ્યા. તે મારાઓના શોધથી ફારકનો પત્તો લાગ્યો અને જેવા તે ફારકને પકડી પાડવા ધસ્યામસ્યા જતા હતા તેવીજ કુંવર ફુલજીના આયુબળ વડે તે ભેદની ફારકને બાતમી મળી, એથી ફારકે કુંવર ફુલજીને બચાવા તુરતાતુરત એજ યુક્તિ અમલમાં આણી કે—પોતાના છોકરાનો ગરીબી હાલતનો પોષાક કુંવર ફુલજીને પહેરાવી, ફુલજીનો ભવ્ય પોષાક પોતાના જીવથી પણ વ્હાલા પુત્રને પ્હેરાવી દીધો. એટલામાં તો તે મારા આવી પહોંચ્યા, અને તેઓએ ફારકને પકડી તુરત ભવ્ય પોશાકવાળા

છોકરાને હાથ કરી લઈ તેને ફુલકુંવર જાણી તરવારને તાબે કરી રામ ધામમાં મોકલાવી દઇ પોતાના માલિક હજૂર જવાનો માર્ગ લીધો.

વ્હાલા વાંચનાર! આપ સર્વ અનેક વાર તે ખવાસણ ફારકને ધન્યવાદ આપી તેના કરેલા કૃત્ય ને બનાવેલી સેવા તરફ લાગણી દર્શાવો; કેમકે તેણીએ પોતાના ભવિષ્યના અન્નદાતાનો જાન બચાવા–પોતાના ભણી રાખેલા સોલંકણી રાણી **રાજબાના** વિશ્વાસને સબળ કરવા–પોતાની નિમકહલાલી બતાવા અને પોતાનો નિર્વંશ જતાં છતાં પણ સેંકડોના પાળનારનો વંશ રાખવા એકના એક વ્હાલા દીકરાનો જાણી બુઝીને નજર અગાડીજ તરવારને તૃપ્ત કરવા ધૈર્યવંત થઈ જે રાજ્યભક્તિ દાખવા યુક્તિ અને મનોશક્તિ અમલમાં લીધી તે ભક્તિ, યુક્તિ ને શક્તિ તરફ લાગણી દર્શાવા તેણીનીજ પેઠે સ્વરાજ્યભક્ત થાઓ! તેણીનીજ પેઠે અન્ય કશો વિચાર ન લાવતાં સ્વરાજ્યની સલામતી જાળવવા પોતાના વ્હાલા દીકરાઓનો ભોગ આપી સ્વરાજ્યકો કે જે પરતંત્રતા રૂપી રોગના ભોગ થઈ પડેલ છે તેને સ્વતંત્રતા બક્ષવાનો માર્ગ આદરો! તેણીનીજ પેઠે નિમકહલાલીને નિધાહમાં રાખી નિર્વિલંબે રાજ્યભક્તિ દર્શાવી અમર નામના રાખો! અને તેણીનીજ પેઠે વિશ્વાસપાત્ર થઇ સ્વરાજ્યની સંતતીને દીર્ઘાયુષી કરો!

તેમજ ધ્યાનમાં રાખો કે એક ન્હાની સરખી નજીવી યુક્તિ પણ જો ખરી અણીની વખતે તુરત અમલમાં લેવાય, તો તે એક ન્હાની છતાં પણ કેવું અને કેટલું મહત્વનું કાર્ય સફળ કરી શકે છે? એ માટેજ કહેલું છે કે:—

છોટીસી યુકિત કિયાં, મોટી સિદ્ધિ હોય;
કાળકુંવરને મારિયો, યદુદેવીએ જોય!

માટે જ અવસર પ્રમાણે અક્કલ ભરી તાત્કાલિક યુક્તિ ઉપયોગમાં લેવી કે જેથી અસાધ્ય કામ પણ સાધ્ય થાય. જુઓ કે ફારકે કુંવર ફુલજીને બચાવા ન્હાની સરખી યુક્તિને તુરત અમલમાં લીધે તો તેથી ફુલકુંવર બચી ગયો અને એજ ફુલકુંવર લાખાફુલાણીનો પિતા થઈ કચ્છપતિ થવા પામ્યો. **'મનુષ્ય યત્ન ને ઇશ્વર કૃપા'**નો યોગ બનવાથી હરેક કાર્ય સિદ્ધ થાય છે. એ વાત નિઃસંશય છે!

મારાઓ ફુલકુંવરને ઓળખતા ન હોવાથી ભવ્ય પોશાકવાળો તે જ

કુંવર ફુલજી હશે એમ ધારી તેને મારી જ્યારે ચાલ્યા ગયા ત્યારે રાજ્યભક્તિના સાચા રંગમાં રંગાયલી દ્વારક રસ્તો માપી. **સિંધના** રણ પાસે **બાંભણાસર**ના રાજા પરમાર **સોઢા ધ્રુલરા**ના ગામમાં જઈ પહોંચી, અને કરાડા વાણિયા **અજા** અને **અણઘોર** નામના બે ભાઈ તથા **બોલાડી** નામની બહેન હતી તેને ત્યાં જઇ તે દાસી થઇને રહી, ને દુઃખના દિવસો ગુજારવા લાગી.

ત્યાં ફુલજીને તે વાણિયાએ ગાયો ભેંશો ચારવાનું કામ સોંપ્યું હતું, તે ઢોરોમાં એક લવારની ગાય પણ તે ચારવા લેઈ જતો હતો, અને તે ગાયની ચરામણી પેટે ફુલા ગોવાળિયાએ તે લવાર પાસેથી એક મજેહની પાણીદાર બરછી ઘડાવી પોતાની પાસે રાખી તેનો ઉપયોગ કરવા ધ્યાન આપ્યું હતું. તથા તેને સ્વાભાવિક રીતે ક્ષત્રી પુત્ર હોવાને લીધે શિકારનો શોખ વધવા લાગ્યો હતો.

એક સમય રાજા સોઢો ધ્રુલરો સિંહનો શિકાર કરવા ગયો હતો તેની કેડે કેડે ફુલજી પણ ગયો અને ત્યાં એવો બનાવ બન્યો કે ધ્રુલરે જેવો સિંહ ઉપર ઘા કર્યો તેવો જ તે સિંહ ત્રાપ મારી સોઢા ધ્રુલરાને હાથે ચ્હોંટી પડ્યો. એ જોઈ ફુલજીએ સમય સૂચક્તા અને ચાલાકીને ઉપયોગમાં લઈ તુરત જ તે સિંહનો બરછી વતે પ્રાણ લઈ સોઢા રાજાના પ્રાણને બચાવ્યો. આવું ગોવાળિયાના છોકરાનું અદ્‌ભુત પરાક્રમ જોઈ સોઢો રાજા તેના તરફ બહુજ પ્રસન્નચિત્તવાળો થયો, અને વિચારવા લાગ્યો કે—" આ ગોવાળિયાનું કામ કરે છે; પરંતુ જો ગોવાળિયાનુંજ બીજ હોય તો તેનામાં આવી રાજબીજ જેવી ચપળતા હીમ્મત ને બહાદુરી કદિ હોય જ નહીં, માટે તેની જ્ઞાતી માટે બારીક તપાસ કરવાની જરૂર છે અને ખાસ જાત જણાઈ આવતાં એને પાસે રાખવાની વિશેષ જરૂર છે." ઈત્યાદિ વિચારી તેનો મૂળવંશ જાણવાની તપાસ પર તેણે ધ્યાન દીધું; કેમકે કામ કરવા ઉપરથી માણસના વંશની પરીક્ષા થાય છે. કોઇ કઠિણ સમયના કારણને લીધે વેષ બદલવાની જરૂર પડે છે તો મનુષ્ય વેષ બદલી શકે; પણ જાતિ સ્વભાવને માનવ કોઇ પ્રકારે બદલી શકતોજ નથી. કુદરતના બળથી તેનામાં પોતાની મૂળ જ્ઞાતીની અસર છુપાયલી હોય તે વખત આવ્યે જાહેરમાં આવ્યા વિના રહેતીજ નથી. શું ચકમકની પથરી સો વર્ષ લગી પાણીમાં રહે તો પણ તેમાંથી દેવતા ખરવાની અસર ઓછી થવા પામે છે? લસણને અનેક સુગંધી પુટ આપીએ તો પણ તેમાંનો ઉગ્ર ગંધ

નાશ થાય છે ? અને ગરીબ ગોવાળનો સ્વાંગ ધારણ કરતાં છતાં પણ વીર ક્ષત્રીનું ઉષ્ણ રૂધિર વીરતા બતાવ્યાનો સમય આવ્યે વિશેષ ઉકળ્યા વિના રહે છે ? કદિજ નહીં ! શિયાળવાથી સિંહનું કામ કોઈ પળે પણ બની શકેજ નહીં. હીરાની ખાણમાંજ હીરા પાકે છે. એ નિયમને વળગી ફુલજીની ખરી જાત જાણવા હીલચાલ ચલાવી હતી.

એક સમય ફુલજી ઢોરો ચરાવતો ચરાવતો એક દેવપ્રસાદના નજીક જઇ પહોંચ્યો અને તેણે ભવ્યતાવાળું પ્રસાદ નિહાળી તેમાં દાખલ થઈ જોવાની તેના મનમાં ઉમેદ થઇ; એટલુંજ નહીં પણ તેણે ધ્યાન પૂર્વક પ્રસાદનું અવલોકન કરી દેવને પગે પડી તેમાંજ થોડો વખત વિશ્રામ લીધો, અને જ્યારે સંધ્યા સમય થવા આવ્યો ત્યારે તે ઘરભણી જવાના વિચારથી ઉઠી ઉભો થયો. પણ એ દરમ્યાન પરમાર રાજા કીર્ત્તિરાજની કુંવરી કામલતા પોતાની કેટલીક સખિયોની સંગાથે વનલીલા નિહાળતી નિહાળતી તે દેવ પ્રસાદમાં આવી ચડી. એ જોઈ ફુલજી એક અંધારા ભાગમાં રહેલા થાંભાની ઓથે તે કુમારિકામંડળની રમ્મત ગમ્મત જોવા છુપાઇ રહ્યો. કુમારિકાઓ તો નિર્જન સ્થળ જાણી મરજી મુજબ ખેલવા લાગી અને ખેલતાં ખેલતાં થાંભલાઓને બાઝી પડી. “આ મારો વર” એમ કહેવાની લતે ચડી ગઈ, એથી રાજકુમારી કામલતાએ પણ જે થાંભલાની ઓથે ફુલજી ઉભો હતો તે થાંભલાને બાઝી પડી “આ મારો વર”-એમ કહ્યું; પરંતુ તેણીને મનુષ્યના શરીરને બાથમાં આવ્યા જેવી શંકા થઈ આવી, એથી જોયું તો તેણીના જોવામાં ગોવાળીઓ નજરે પડ્યો. આમ થવાથી ફુલજી તો શરમાઈ ત્યાંથી ચાલતો થયો; પરંતુ કામલતાએ તેને પૂરેપૂરી રીતે ઓળખી રાખી ધ્યાનમાં રાખ્યો, તે પછી બાળિકાઓ રથમાં બેસી પોતાને પંથે પળી.

વર્ષ દિવસ વીત્યા પછી કામલતાના માતા પિતાએ વરવા લાયક પુત્રીને જોઇ તાકીદે વિવાહ કરવાની વિચારણા કરી; પરંતુ તે વિચારણાની જ્યારે કામલતાને ખબર પડી ત્યારે તેણીએ માત તાતને જણાવ્યું કે—“મારા મ્હોંથી વર્ષ દિવસ ઉપર દેવપ્રસાદમાં રમતી વેળાએ ‘આ મારો વર છે’ એમ એક ગોપને કહેવાઇ ગયું છે; એટલુંજ નહીં પણ તેના શરીરને થાંભલાને બાઝતાંની સાથે બાથમાં

લેવાઈ ગયું છે, જેથી મેં દઢ સંકલ્પ કર્યો છે કે જીવન પર્યંત એ વર સિવાય અન્ય વરની સ્વપ્નમાં પણ ઇચ્છા કરવી નહીં, માટે આપ પૂજ્ય જનો બીજા વર માટે કશી પણ ખટપટ કરશોજ નહીં. મન વચન અને તનથી જેને મારો વર કહેવાઇ ચૂકેલ હોય તેને તજી અન્ય વરને વરવું એ સપૂત રાજ્યવંશી સતીનો ધર્મ નથી માટે મારો વર તો તે ગોવાળજ છે; વાસ્તે અન્ય વર મેળવવા ફાંફાં મારવાં નહીં. ”

પુત્રીની આવી દઢ વિચારણા જાણી માતા પિતા અને અન્ય સંબંધીઓએ અત્યાગ્રહ પૂર્વક કામલતા પ્રત્યે કહ્યું કે—“ ડાહી રાજકુમારી ! આવો ઘહેલો વિચાર શું કરે છે ! રાજકુંવરીનો વર તો રાજકુંવરજ હોય છે, કાંઇ ગોવાળ તે હોઇ શકે ખરો ? તે જરા વિચારી જો. હંસીનો કંઈ કાગડા સાથે સંબંધ જોડાય ખરો ? રત્ન સોનામાં જડાય તોજ શોભા પામે છે ! હાથી હાથીશાળામાંજ ઘૂમતા આનંદ આપે છે. શું રાજકુંવરોને કાતરે ખાધા છે કે ગોવાળને વરવા ચાહત રાખવી ! રાજકુંવરો જોઇએ તેવા વિદ્યમાન છતાં ગોપાળને કન્યા આપતાં પરમાર વંશને કેવી કાળી ટીલી બેસે તેનો જરા વિચાર કર. પુત્રીએ ઉભય કુળ એટલે પીઅર અને સાસરાના કુળને અજવાળવાં એજ ઉત્તમ ધર્મ છે; છતાં કુળને કલંકિત કરવા દઢ સંકલ્પ કરવો એ તો અતિ અધમ રીતિ છે. માટે લવારો છોડી અમારા લાભકારી વિચારને માન આપ કે જેથી જીંદગી સુખ સાથ પસાર કરવાનો સમય સંપાદન થાય. તું કદાચ હઠ પકડી અવળો માર્ગ આદરીશ તો અમારા જીવમાં જીવ છતાં તો તે પાર પડવા દઈશુંજ નહીં; પણ તને પાર કરી દઈશું. જે સોનું કાન તોડાવે તે શા કામનું ? દીકરીઓ તો દિલ ચાહે તેમ કરવા ધારે; પણ માબાપ વગેરેથી તેમ કરવા કેમ દેવાય ? માટે પાણી વલોવવું છોડી દે. ”

કામલતા બોલી—“ ગમે તેમ થાઓ; પણ હું તો મારા દઢ સંકલ્પને કદી ફેરવનારી નથી. જીવ જશે તો તેની દરકાર નથી. મારા દઢ સંકલ્પને સફળ કરીને મરીશ તો સ્વર્ગ સંપદા વરીશ, પણ સંકલ્પને ફેરવી અન્યને વરી મરીશ તો બહોતેર પરિયાંને બોળી રૌરવનરકને વ્હોરીશ. સતી સુંદરીઓનો ધર્મ જળવાયાથી કુળ કલંકિત નહીં પણ અતિ ઉજ્વળ થશે. અને યુગોયુગ લગી વિમળ કીર્ત્તિ ઇતિહાસના પુસ્તકોમાં અમર રહી વિદ્વાનોના હાથને શોભા-

વશે. સ્ત્રીઓને મન માન્યા સાથે વરવા દેવામાં આવવાથી સુખીઓ સંસાર નિવડતાં ધણી ધણીઆણીના અણબનાવની કડવી ફરીયાદો કદી પણ માબાપના કાન ઉપર આવવા પામતી જ નથી. માટે ખોટી મોટાઇ ભરી વાતની રકઝક તજી દઇ તેજ ગોવાળ સાથે મને વરાવો કે જેથી આપની સુકીર્તિ દિગંત લગી પહોંચશે. બોલ્યું પાળવું, એકજ વર વરવો, સતીત્વને શોભાવવું એમ ક્ષત્રીયાણીના માટે આપજ વારંવાર કહ્યા કરો છો; છતાં મને બીજે વર વરાવા, બોલ્યું અબોલ કરવા અને સતીત્વતાનું સત્યાનાશ વળાવા કેમ દુરાગ્રહ દર્શાવો છો ! શું પોથીમાનાં રીગણાંની પેઠે જ કથન ને કૃત્ય જુદું કરવું એ પરમાર સરદારનું શોભાદાયક વર્તન છે ! આ પૃથિવીનો પતિ સર્વથી પ્રથમ પરમાર જ છે ! પરદુઃખભંજન પરમાર જ છે ! નેક–ટેક–દાન–નામની જાહોજલાલી જાળવવામાં પહેલો નંબર પરમારનો જ છે ! અને સતીપણામાં અડગ રહેનારી પરમારપુત્રીઓ જ વિશેષ પ્રશંસનીય થયલીઓ છે. છતાં આપ પરમારવંશપ્રકાશક થઈ કુળબોળીનું કામ કેમ હાથ ધરવા ઉત્સાહી બન્યા છો ! મને મારી ટેક પાર પાડવા દઇ પરમારની કીર્તિને વિશેષ પાવન કરો, મને મારા મનમાન્યા સાથે વરવા દઇ સુખિયો સંસાર કરી જીવનનો લ્હાવ લેવા દ્યો, મને સતીના સંસ્કારો પ્રાપ્ત થવા દેવામાં પ્રસન્નતા દર્શાવો, અને મને ઉભયકુળનું કલ્યાણ કરવાનો પંથ નિર્વિઘ્નતા સહ પસાર કરવા દ્યો, કે જેથી કીર્તિરાજ નામનું નીર કાયમ રહેશે. જો કદાચ જોર જુલ્મથી બીજા વર સાથે મારો સંબંધ જોડશો તો હું મારા અમૂલ્ય જીવનનો તત્કાળ ભોગ આપીશ. પ્રાણ ત્યજીશ; પણ પણ ત્યજીશ નહીં એ ચોક્કસ માનજો. બોલીને પૂર્ણ પણે પળવું એજ સર્વોત્તમ માનવ ધર્મ છેઃ કહ્યું છે કેઃ—

दंती दंत समानंही महतां निर्गतां वच ।
कूर्म ग्रीवेव नीचानां पुनरायाति यातिच ॥

મતલબ એજ કે હાથીના દંતૂશળની પેઠે સજ્જન જનનાં જે વચન નીકળ્યાં તે નીકળ્યાંજ. તે પાછાં મુખમાં પેસેજ નહીં; અર્થાત્ બોલ્યું અબોલ કરે જ નહીં; પણ જે નીચ હોય છે તેનાં વચન કાચબાની ડોક જેવાં ઘડીકમાં બહાર નીકળે ને ઘડીકમાં પાછાં અંદર દાખલ થઈ જાય–અર્થાત્ બોલીને ફોક થનારાં હોય

છે, માટે જરા ઉંડો વિચાર કરો કે ઉત્તમ પરમારવંશી છતાં મારા બોલને પાછો મ્હોંમાં દાખલ કરાવવા કેમ આતુર થયાં છો તે હું સમજી શકતી નથી. કુળોદ્યોતક કાર્યમાં ઉલટી મદદ કરવી જોઇયે તેને બદલે તેમાં ખલલ પહોંચાડવા કમર કશી રહ્યાં છો, એ શું ઓછા સંતાપની વાર્ત્તા છે ?"

માત પિતાએ કહ્યું-"શું નાક કપાવી બાપનું નામ દીપાવવું જોઇયે ? પરમારપુત્રી એક ગમાર ગોવાળને વરવા પસંદગી બતાવે તે માટે સમ્મતી આપી સદાને માટે ગમારમાં ગણાવું જોઇયે ? શું પોતાનું ફરજંદ કુળમર્યાદા ઓળંઘીને આગળ પગલાં ભરે તેને ન અટકાવવું જોઇયે? શું યોગ્યાયોગ્યનો વિચાર ન કરતાં બકાઇ ગયેલા બોલનેજ બાઝી રહેવું એમાં વંશની વડાઇ સમાઇ રહેલી છે? શું તને ગોવાળસંગે સદા દુઃખી રહેનારી થવા દેવામાં અમો પોતેજ મદદ કરીએ ? શું ઢોરોના સહવાસમાં સદા વસનારા ઢોરની અસરવાળાની સાથે ચતુરશિરમોડની જોડી જોડવી એ વ્યાજબી છે? કયાં કાચ ને કયાં મણિ? કયાં બંટીના કોદરા ને કયાં પંદર રૂપૈયે મણના અમીરી ચાવલ ? ક્યાં જાડી લોબડી ને ક્યાં પાતળી પામરી ? ક્યાં કોલસાની ભૂકી ને કયાં કસ્તુરી ? કયાં આગીયો ને ક્યાં સૂર્ય ? કયાં પીતળ ને ક્યાં સો ટચનું સોનું ? છતાં તું તારોજ કક્કો ઘુંટયા કરે છે તે કેવળ મતિભ્રમનુંજ રૂપ છે."

કામલતા બોલી—"પૂજ્ય ! દઢ સંકલ્પ કર્યા પછી મ્ને બારીક તપાસ વડે ચોકસ ખબર મળ્યા છે કે એ ગોવાળ નથી પણ ગોપાળ-પૃથ્વીપાળ યાદવકુળતિલક જામ સાડજીનો કુમાર સોલંકી મામા ધરણુરાજના જુલમથી બચવા દાસરૂપ રહેલ છે; છતાં પણ સાત પડાં વાદળથી ઢંકાયલો સૂર્ય દિવસનું ભાન કરાવ્યા વિના રહે નહીં તેની પેઠે વહિલ ધુલરાને સિંહના પંઝામાંથી છોડાવી પોતાના વંશની વીરતાનું ભાન કરાવ્યું છે ને તે પોતે ગોપાળની ખરી જાત જાણી લઇ પોતાની કુંવરી **ધાણસોઢી**ને વરાવા તત્પર થયેલ છે; તથાપિ ગોવાળ કહીનેજ મારી વાતને કૂટી મારવી એ કેટલો બધો જોહાકી ભર્યો દોર કહેવાય ? પોતાનાં પ્રિય સંતાનો પાવન નીતિથી ભ્રષ્ટ થતાં હોય તેઓને ઠેકાણાસર રહેવાની કોશિશ કરવી જોઇએ તેને બદલે ઠેકાણાસર રહેનારને નીતિભ્રષ્ટ કરવાજ મચી રહ્યા છો એ ખરેખર શોચનીય પ્રકાર છે ! બસ હું તો વરીશ

તો એ ગોવાળ વરનેજ વરીશ નહીં તો મરીશ એ મારો અનિવાર્ય સંકલ્પ છે. **જેને એકવાર મારો પતિ કહ્યો તેને છોડી અવરને પતિ કરવો એ કુલટાનુંજ કર્તવ્ય છે. સતી સુંદરી તો જેને મન વચનથી વરી ચુકી તેના વિના:અવરને ઈચ્છતીજ નથી.** એ ગોપાળ વગર મારા અન્ય ભાઇ બાપજ છે!!!"

આવો દૃઢ આગ્રહ જોઈ ગોવાળ માટેની ઘટતી તપાસ કરી પુત્રીનું કહેવું સત્ય જણાતાં નિર્વિલંબે ફુલજી સાથે કામલતાનું પાણી ગ્રહણ કરાવ્યું, તેમજ ધુલરાએ પણ ધાણુસોઢીનું લગ્ન જામ ફુલજી સાથે કરાવ્યું. અને તે ફુલજી જ થોડો સમય જતાં પુનઃ કચ્છ દેશાધિપતિ થયો અને તે જામ ફુલજીનો પુત્ર કામલતાથી ઉત્પન્ન થયેલો પ્રતાપી જામ **લાખો ફુલાણી** થયો કે જેણે સાચી રજપૂતાઈ દર્શાવી પોતાના મા બાપના નામને શોભાવ્યાં.

એ જામ ફુલજીએ પોતાના આશ્રયદાતા વાણિયા અણઘોરના અને તેની બ્હેન બાઈ ઓલાડીના નામની યાદી કાયમ રાખવા અણઘોરગઢ અને ઓલાડીગઢ એવા નામનાં બે ગઢવાળાં ગામ કચ્છમાં હયાબના ડુંગરની ધાર ઉપર વસાવ્યાં. (કે જેમાંનો ઓલાડી. નો કોટ હજુ સુધી સારી હાલતમાં છે અને અણઘોરનોગઢ ખંડેરની હાલતમાં છે.) વાંચનાર! '**કરેલા ગુણને કદી નહી ભૂલવો એજ માણુસાઈ છે.**' આ પ્રમાણે રાજ્યસુખ વિલસી સતી શિરોમણિ **કામલતાએ** સતીત્વતાનો સાચો શૃંગાર શોભાવી અંતે સ્વર્ગસદનને શોભાવ્યું. ધન્ય છે એ પૂજ્ય પુનીતાને કે જેણીએ વાચાવડે અજાણતે, પણ કહેવાઈ ગયેલા વરને તન મન ધન જીવન અર્પણ કરી પ્રશંસનીય પતિભક્તિપરાયણ થઈ પોતાનું અમર નામ કર્યું. અને વારસામાં પોતાનો ઉત્તમોત્તમ દાખલો અન્ય કુળવંતી કાંતાઓને સદા સ્મરણમાં રહેવા લાયક અર્પણ કરી ધ્રુવના તારાની પેઠે હમેશાં અચળતા, સતેજતાયુક્ત સૃષ્ટિની સપાટી ઉપર, અરે! દેવોની વાણી ઉપર જયવંતપણે ઝગમગતી જ્યોતિ કાયમ રાખી!

ધર્મવીર સતી સરસ્વતી.

ભક્તવચ્છળ શ્રી દેવી ભારતીરે, જયતી જયતી;
સેવકનાં કાર્યો સુધારતીરે, જયતી જયતી;
દિન પ્રતિદિન જયતી જયતી;
જન મન તન જયતી જયતી;
સદ્ધર્મી ઊર વિધર્મી દૂર કરવા જયતી જયતી;
શિશુસંતાપ સહુ સંહારતીરે—જયતી જયતી. ભક્ત૦ ૧

ઇત્યાદિ ઇત્યાદિ મંગળ શબ્દ વદી

હે ભવ્ય ભાગ્યભાજન મારી પ્યારી ભારતભૂમી! તારાં તરણુતારણુ ચરણુચૂમી મસ્ત ચિત્તથી ઘૂમી ગુણુગાન કરૂંછું કે—તું અકળ, અમૂલ્ય અને અપાર રત્નકુક્ષધારિણી છો, તું વિશ્વના માત્ર પ્રદેશો કરતાં અપરિમિત ધનલક્ષ્મી—રાજ્યલક્ષ્મી—વનલક્ષ્મી—ઐશ્વર્યલક્ષ્મી અને કીર્તિલક્ષ્મી વગેરે લલિત લક્ષ્મીઓમાં ચઢિયાતી છો, અને સત્કર્મ ધર્મનું પણુ ઉત્તમોત્તમ સ્થળ છો, એમ પ્રાચીન ને અર્વાચીન ઇતિહાસો બતાવી રહેલ છે. તેમ પ્રતીતિ પણુ મળી રહેલ છે કે તારાં સંતાનો, ધીરતામાં—વીરતામાં—વિદ્વત્તામાં—કાર્યકુશળતામાં—યોગ્યતામાં કે અખંડાનંદ પ્રાપ્તિની લીનતામાં જેવો ઉંચો દરજ્જો ભોગવેલો છે તેની બરાબરી કરનારો ઉચ્ચ દરજ્જો અન્યભૂમીનાં માનવો ભાગ્યે જ—કવચિત્ ભોગવનાર થયેલ હશે, તથા તારા ઉપરના પહાડો, સમુદ્રો ને વનોમાં થનારાં રત્નો, વિવિધ વસ્તુઓ કે ઔષધિ—જડીબૂટીઓ વગેરે પણુ અન્ય દેશોમાં ભાગ્યે જ હાથ લાગે છે, અને તારા જેટલી અગણિત જાહોજલાલી પૂર્ણ સમૃદ્ધિ પણુ અન્ય પ્રદેશમાં ભાગ્યે જ જણાઇ છે, અને એ માટે જ તારી ભેટ લેવા પુરાણા સમયથી માંડીને આજ દિન લગી અનેકાનેક વિદેશી રાજ્યકર્ત્તાઓએ ઉપરા ચાપરી ચડાઈ કરી પોતપોતાના ભાગ્ય પ્રમાણે સુખાનંદ મેળવેલ છે—એ પણુ છું નહીં; પરંતુ ઇતિહાસો પોકાર પાડી કહી રહેલ છે. એથી સર્વ રીતે સાબેતી જ મળે છે કે તું સર્વ પ્રકારે ચઢિયાતી સ્થિતિવંત છે. વ્હાલા વીર, વિજ્ઞાની સંતાનોના વિયોગને લીધે વૃદ્ધાવસ્થાને ભેટેલી વ્હાલી વિશ્વવિજયી વિમલનામી ભારતદેવી! કદાચ પૂર્વના કરતાં કોઈ કોઇ વખતે કેટલાંક સબળ વિપરીત કારણોને અંગે તારાં સંતાનો આળસુ, નિર્વીર, નિર્ધન અને નિરુત્સાહી બની બેસતાં પોતે પોતાનાં કૃત્યોથી

કાળો દાગ લગાડનારાં નીવડે તો તેથી તારે જરા પણ ઓછું લગાડવાનું નથી; કેમકે તારાં સંતાનો પૈકી બેસુમાર સંતાનોએ અગાડીના વખતમાં સર્વે પ્રકારે તારા વિજયનો વાવટો દિગંત લગી ફરકાવેલા છે, અને હાલ પણ કચિત્ ક્વચિત્ વિજયી વાવટો ફરકાવનારાં સંતાનો હયાતી ભોગવી રહેલ છે કે જેમના સંબંધમાં ગુણગ્રાહી તત્વશોધક ઇંગ્રેજો પણ ઉંચો મત ધરાવે છે. મહદૈશ્વર્યવંત માડી ! તારી વાડી સુગંધી સુમનસોથી અલંકૃત છે, ગાઢીવૃક્ષ ઘટાથી દહાડા દહાડી ગૂઢ ગૌરવતાયુક્ત અગાડી વધવામાં પછાડી પડેલ ન હોવાથી ટાહાડી હવામય પહાડી પ્રદેશ આનંદ આપ્યા કરે છે. દટાઈ ગયેલી દિવ્ય કળાકૌશલ્યતા વગેરેને પુનઃ પ્રકટ કરી લેવામાં ખંતવંત શોધકો તારી પ્રાચીન અપૂર્વ શોભા-સમૃદ્ધિ વગેરેનું ભાન કરાવી પરમપુનીત માતાની સેવા બજાવી રહ્યા છે, અને તેથી મળતો મહાન્ લાભ હાલમાં તારી ઉપાસના કરનાર ન્યાયપરાયણ પાશ્ચિમાત્ય પ્રજા તેમજ પ્રજેશ મેળવી તારા ગુણાનુવાદ ગાઇ રહેલ છે. મહત્ ઉપકારણી માજી ! તારા સંતાનો પૈકી કોઇ ધોળા ઘેટાંના ટોળામાં એબ લગાડનાર કાળાં ઘેટારૂપ દેખાઇ આવે તો તેથી લાજી નીચું મુખ કરવાની કશી જરૂર નથી. તમામ દિવસો, તમામ સંતાનો ને તમામ કાર્યો હમેશાં એક સરખી દિવ્યસ્થિતિ ભોગવતાં રહેતાં જ નથી; કેમકે-'ઉગ્ર કાળ વિકાળની, પાંખ ઉદયને અસ્ત; એમાં આવી જાય છે, પ્રાણિમાત્ર સમસ્ત' તો પછી કાળના કારણથી કદાચ કલંકરૂપ કાર્ય કરનાર કોઈ સંતાન નીવડી આવે તો તે કાળનો જ દોષ છે, કંઈ તારાં સંતાનોનો દોષ નથી. અને જ્યારે સંતાનો નિર્દોષ છે ત્યારે લજ્જા કે ફિકરને વશ થવાની જરૂર જ નથી. એ તો જ્યારે દુષ્ટ કાળની સોબત સંબંધી અસર દૂર થઇ જશે ત્યારે તારાં સંતાનો હતાં તેવાંને તેવાં જ પ્રશંસવા યોગ્ય કાર્ય કરવામાં અડગ થશે-એમાં જરા પણ શક નથી. સોબતની અસરને લીધે પવિત્ર, ખાનદાન ને ગુણી મનુષ્ય પણ નિંદ્ય કૃત્યને આદર આપનાર નીવડે છે. તેમ જ આઠે પહોર ને બત્રીશ ઘડી વિકારી મનુષ્યોની સંગતની રંગતમાં રહેતાં છતાં જળમાં રહેનારા કમળપુષ્પની પેઠે કશી પણ સોબતની અસર ન લાગનાર પણ નીવડે છે, અને એવા દાખલા પણ અનેક છે; તો પણ તારા મનને શાંતિ મળવારૂપ ધર્મવીર સતી સરસ્વતીનો દાખલો રજુ કરૂંછું, તે ધ્યાનમાં લેવા કૃપા કર.

જર્જરીભૂત જાહોજલાલીવંત જનેતા! એ પુજ્ય સતી વિક્રમની દશમી સદીમાં પૂર્વવાહિની પવિત્ર તીર્થ **કુમારિકા નદીના** ત્રટ ઉપર વસતા **સિદ્ધપુર** શહેરની અંદર **સોમદેવ** નામના યજુર્વેદી પુરોહિતની પત્નિ **પદ્મમાવતી**ના કુખથી ઉત્પન્ન થઈ હતી, અને પ્રાચીન વખતના અણુહિલ **પાટણ**ની અંદર વસનારા **ગંગદત્ત** નામના પુરોહિત પુત્ર **નગેંદ્રનાથ**ની સાથ હાથ મેળવી તેની અર્ધાંગના થઈ હતી.

ગંગદત્તે ચાવડા રાજ્યના છેલ્લા રાજા સામંતસિંહના અંધેરમાં પુરોહિત પદને લીધે પુષ્કળ પૈસો મેળવ્યો હતો, અને પરલોકવાસિ થવાની વખતે સીત્તેર હજાર સોના મ્હોંરો પુત્રને વારસામાં સોંપી ગયો હતો. મારા અનુભવ પ્રમાણે હું એમ જ માનું છું કે— **જે બાપ મરતી વખતે પુત્રને પુષ્કળ ધનનો વારસો આપી જાય છે, તે બાપ બેશક બેટાનું બુરૂં કરનાર થઈ પડે છે;** કેમકે જો બેટાને બાપ તરફથી વારસામાં પુષ્કળ પૈસો મળ્યો હોય છે તો તે બેટો પૈસાના મદમાં છકાતાં બેપરવાહી બને છે, વિદ્યા કળા શિખવામાં પછાત રહે છે, ને કદી શિખે છે તો તેનો અમલ કરવામાં પછાત રહે છે, મોજ શોખમાં પડે છે, અને તેને બુરા છંદમાં ચડાવી પૈસો પડાવી લેવા ધુતારા—ચાલાક દોસ્તદારોનું મંડળ વિંટાઇ વળે છે, જેથી પૈસાની—સુખની આબાદી ટળી બરબાદીની ગાદી હાથ લાગે છે; માટે જ મારૂં માનવું છે કે પુત્રને માટે પાછળ પુષ્કળ પૈસો મૂકી જવો નહી. માત્ર તેના કામ—ચલાઉ સાધન યોગ્ય ધન વગેરે રાખી જવું, કે તેમ હોવાથી પુત્ર વિદ્યા હુન્નરને અમલમાં મૂકી તુરત દ્રવ્યવાન થવાની ઉત્કંઠાવાળો બને. પિતાને માથે પુત્રનું ઋણુ—દેવું હોય છે ખરૂં, પણ તેને રળી ખાવા યોગ્ય વિદ્યા હુન્નરમાં કુશળ કર્યા પછી તે દેવું ઉતરી જાય છે. **જે માબાપો પુત્ર પુત્રીને ભણતર ભણાવી ભવિષ્યમાં રૂડું ભાગ્યમહેલનું ચણતર ચણાવા બેદરકાર રહે છે તે ખચિત સંતતીનાં દેવાદારજ ગણાય છે.** માટે સંતતીને ભણાવી ગણાવી હુંશીયાર કરવી, પણ પૈસો રળવાની દરકાર ન રહે તેવી પૈસાદાર બનાવી જવું નહીં. કારણકે વારસામાં પૈસો પુષ્કળ મળેલ હોવાથી પછી પોતાના પરાક્રમવડે પ્રારબ્ધને ખિલવવાની તેને જરા પણ ગરજ રહેતી નથી, તો તે પછી વાસિ ભોજન જમનારો, પોતાના પુરૂષાર્થ—ભાગ્યને ધરાણે મૂકનારો અને ઉન્નતિ ક્રમને ઠીક-

સ્ત્રી ચાદર ઓઢાડનારો જ નીવડે છે, એમ કબુલ કરવું જ પડશે. અને જોવામાં પણ આવે છે કે જે બાપ વારસામાં દેવું કે સાધારણ ધન મૂકીને મરી ગયેલ છે તેનો બેટો ભગીરથ યત્ન કરી મહા નામના મેળવનાર નીવડેલ છે. અને જે બાપ પૈસો મૂકીને મરી ગયેલો તેનો બેટો ઘણે ભાગે સ્વચ્છંદી, ઉચ્છૃંખળ, ઉદ્ધત, મિજાજી, ઉડાઉ, વ્યભિચારી, વ્યસની, ને ગુણશત્રુ નીવડેલ છે. કહેવાનુ એજ કે પૈસાદારનાં છોકરાં કરતાં સાધારણ સ્થિતિવાળાનાં છોકરાં ઘણાં જ ખંતીલાં–હુન્નર શોધક–નમ્ર–સુભાષણવંત અને ગુણગ્રાહી તથા દુનિયાનું ભલું કરનાર ઝળકી નીકળેલ છે, નીકળે છે અને નીકળશે એમ ઇતિહાસ સાક્ષી આપી રહેલ છે. તેમ જ આ કથનની પ્રતીતિ માટે નગેંદ્રનાથનો દાખલો દૃષ્ટિ સમક્ષ જ રજુ છે.

પ્રથમ તો પુરોહિતપદવડે મેળવેલી ગંગદત્તની લક્ષ્મી જ અન્યાયોપાર્જિત હતી, એથી અન્યાયથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીવડે સંતતીને સારી બુદ્ધિના સંસ્કારો જ ક્યાંથી મળી શકે? બીજું ક્ષત્રીયોની વિશેષ સોબત અને તેમનું જ ધન કે જે મારફૂટ કરી મેળવેલું હોય તે પુરોહિતના ઘરમાં આવે એટલે પછી પૂરો હિત કરનાર ક્યાંથી નીવડે? એ તો પુરનું અહિત કરનાર જ નીવડે. પુરોહિતપદ જ અધોગતિ દાયક છે તે માટે કહેલ છે કેઃ—

अधिकारा त्रिभिर्मासै माठपत्या त्रिभिर्दिनैः ॥
शीघ्रं नरकवांछा चेत् दिनमेकं पुरोहितः ॥

અધિકારી–અમલદારને ત્રણ મહીને અને મઠપતિને ત્રણે દિવસે નરક મળે છે; પણ જો એથી પણ જલ્દી નરક મેળવવાની ઇચ્છા હોય તો ફક્ત એક દિવસ જ પુરોહિતપદ સ્વીકારવું, અને આ પ્રમાણે અમલદારી અને પુરોહિતપદ પાપ રૂપ જ હોવાથી પૂર્વના સમયમાં તે પદ બ્રાહ્મણોને માટે નિંદ્ય ગણાતું હતું, તથા તેને લીધે જ કર્મકાંડી વર્ગ પૈકીના જે ઉદિચ્ય બ્રાહ્મણોએ પુરોહિતપદ સ્વીકાર્યું તે બ્રાહ્મણોને પંક્તિથી દૂર કર્યા કે જે આજે રાજગર પુરોહિતની સંજ્ઞાથી ઓળખાય છે. હાલમાં અમલદારી કે નીચ જનની સેવા વગેરે પાપરૂપ પદોને દરેક બ્રાહ્મણો વ્હાલ સાથે વધાવી નીચ ગતિના સંગી થાય છે; તથાપિ હવે તેવા કુમાર્ગગામિયો–ધર્મશાસ્ત્રથી વિરૂદ્ધ વર્ત્તનારાઓને કોઈ પણ પંક્તિ બહાર કરતા નથી, તેનું

કારણ એજ કે જ્યાં તેવાઓનો જ જથ્થો વધી પડેલ છે ત્યાં મુંઠી ભર જેટલા કર્મકાંડીઓનો અવાજ નગારાના નાદમાં તીણી તુતુડી જેવો થઇ પડે તેમાં નવાઈ પણ શી ? જો આજના જેવી પ્રથમ રીતિ હોત તો બ્રાહ્મણ વર્ગમાં આટલી બધી નિર નિરાળી જાતો પડત જ નહીં અને ન પડત તો સંપ પણ સારો રહેત; પરંતુ અફશોષનું મુકામ છે કે ઘણી જાતો જૂદી થઇ પડતાં હવે તો કુસંપે રાજ્ય કરી તુજ ભારત ભૂમિને આરતમય બનાવી ગારત કરનારા જ રસ્તા ખુલ્લા મૂક્યા છે ! અને રાજ્યસેવાના સાધનથી મેળવેલી ધનસંપત્તિવડે ધર્મસંપત્તિને દેશવટો દીધો છે. કહેવાનો મતલબ એટલો જ છે કે રાજ્યસેવાથી મેળવેલા ધનવડે બ્રહ્મત્વપણું લોપ થઇ જાય છે. અને એજ કારણને લીધે ગંગદત્ત પુરોહિતનું બ્રહ્મતેજ પણ ઝાંખું થઈ પડતાં સંતતીને કુપંથે દોરાવાની પ્રેરણા સ્ફુરાયમાન થઈ આવી.

નઠારા માર્ગની સ્ફુરણા થઇ આવતાં નગેંદ્રનાથે પોતાનો શાસ્ત્રાભ્યાસ છોડી દીધો, ધર્મ કર્મને ભર્મરૂપ માની પડતું મ્હેલ્યું. લોકલાજ અને નીતિની ભીતિ છોડી દીધી, મોજ મજાહમાં મશગુલ બની બેપરવાહી હાથ કરી અને છાકટા–જુગારી–વ્યભિચારી દોસ્તોના સાથમાં રહેતાં તેમના હાથનું રમકડું થઈ નગેંદ્રનાથ નામને સફળ કર્યું (!) જુગાર રમવો, ભાગ–ગાંજા–ચડસ પીવામાં ચડસ રાખવો, રંડીઓના નાચ મુજરા નિહાળવા, ઉજાણીઓ ઉડાવવી, ખેલ તમાસામાં તલ્લીન રહેવું, અખાડાઓમાં જઈ કુસ્તી વગેરેનો ઉપયોગ કરવો, રૂપાળી રંગીલી ચટક મટકદાર રમણીઓના રંગમાં રંગાયું રહેવું અને છળ પ્રપંચની જ બાજી ખેલવી વગેરે વગેરે દુરાચાર—દુર્ગુણોનો સંગી થઈ નગેંદ્રનાથ પિતાથી મળેલા પૈસાપર પાણી ફેરવવા માંડ્યો.

જો કે કુલીન અને ચતુર શિરોમણિ સતી સ્ત્રી સરસ્વતી વારંવાર પતિદેવ નગેંદ્રનાથને દુરાચારથી દૂર રહેવા વિનય સહિત વિનવતી હતી; તથાપિ હીણી સોબતના લીધે હીણી ટેવવાળો થવાથી નગેંદ્રનાથ સતી પત્નિના હિતવચનો તરફ બિલકુલ બેદરકારી બતાવતો હતો. એટલુંજ નહીં પણ કોઈ કોઈ વખતે તો દુષ્ટ દોસ્તોના દબાણને લીધે દુષ્ટ વિચારમાં દોરાઈ નિર્દોષ સુશીળ સુંદરીને ચૌદમું રત્ન (માર) પણ પેટ ભરીને આપતો હતો.

દાગીના ઉતારી જતો હતો. ઝેર ખવરાવી દેતો હતો. નઠારી ચાલનાં કૂડાં કલંક ચડાવતો હતો. અને મન ફાવે તેમ પજવી તેણીની ફજેતી કરતો હતો. તો પણ સતી સુંદરી સરસ્વતી જરા પણ પતિદેવની ભક્તિમાં ખામી આવવા દેતી ન હતી. તેમજ જેમ આજની સ્ત્રીઓ તેવા પતિ તરફ છણુકા છાકોટા કરી રીસાઇ પિયર પધારી કે અબોલા લઈ–શાપ દેવા–ગાળો ભાંડવાની નિંધ રીતિ હાથ ધરે છે તેમ તેણીએ દુષ્ટ રીતનો સ્વપ્ને પણ વિચાર આણ્યો ન હતો. તેણીએ તો જેમ ભોજ ભૂપ સમયના કવિ પિતા મહ કાળિદાસને તેની સ્ત્રીએ છાતીમાં લાત મારી, તે છતાં તેણીનાં પગનાં તળીઆં પપુઆળી ‘ આ કોમળ પદતળમાં મારી છાતીના કઠોર વાળ ખૂંચ્યા હશે, ’ એમ કહી પ્રેમભાવ ફેલાવતો, તેમ નગેંદ્રનાથ પોતાને પુષ્પાંજળી દેતો હતો તે વખતે કોમળ ને મધુરવચન વડે–‘ મારા કમનસીબને લીધે નાથના હાથ પગને તસ્દી પડે છે તે મને વધારે દુઃખ લાગે છે. ’ વગેરે વદી પોતાની પતિભક્તિ પ્રદર્શિત કરવી શરૂ રાખી હતી. એટલુંજ નહીં પણ જ્યારે દુષ્ટ સોબતીઓની સંગથી નગેંદ્રનાથ સિદ્ધપુરની નદીમાંથી ધોઇ કહાડેલા મૂળા જેવો ધનસંપત્તિ વગરનો થઇ રહ્યો ત્યારે ખાવાના પણ સાંસા પડવા માંડયા; તો પણ તેણીએ પોતાના દાગીના અને છેવટ ઘરનાં વાસણ રાચ રછીલું વગેરે વગર આનાકાનીએ વેચવા દઇ પતિની ભક્તિ સાચવ્યાજ કરી. અને કોઇ પ્રકારે પણ/ પતિદેવનું મન-ન દુભાય તેવી વર્ત્તણુંક ચલાવી પોતાની વિચારણાને કિંચિત્ પણ વિકારવાળી થવા દીધી નહીં, શું આજની સ્ત્રીઓ તેવા પતિની સેવા કરે તેમ છે ? શું આજની સ્ત્રીઓ પતિની પડતીના વખતમાં પોતાના અંગ ઉપરથી દાગીના ઉતારી દે તેવી પતિપ્રેમી પત્નિ છે ? શું આજની સ્ત્રીઓ પતિને દેવ સમાન ગણી પૂજ્ય ભાવના રાખી સર્વદા આનંદમાં રહે તેવી છે ? બિલકુલ નહીં ! આજની સ્ત્રીઓ તો પોતાના ડહાપણમાંજ ભાંગી પડે છે, આજની સ્ત્રીઓ તો રોગી–ક્રોધી–કદરૂપા ને અણકમાઉ પતિને પગની મોજડી સમાન લેખવે છે, આજની સ્ત્રીઓ તો પતિના દુઃખે દુઃખી થનારીજ નથી, આજની સ્ત્રીઓ તો પોતાના સ્વાર્થની અને પોતાનો મિજાજ પતિ સાચવે તેવી ગોઠવણમાંજ લીન રહેનારી છે. અને આજની સ્ત્રીઓ તો પતિ જરા ગુસ્સો બતાવે કે તુરત તાવડીમાં ત્હારા ને હાથરીમાં મ્હારા એમ તરીઆ ચોખા નોખા કરી નાખે તેવી છે.

માડી! એ માત્ર અર્ધદગ્ધ કેળવણીનોજ પ્રતાપ છે! એ માત્ર અભણ ને અક્કલહીણ માબાપની જ ખામી છે! એ માત્ર સ્ત્રીશિક્ષકોનીજ નબળાઇ છે! અને એ માત્ર કળીયુગના કારમા સુધારા (!) ની જ બલિહારી છે! જ્યાં માવિત્રો, શિક્ષકો અને સહવાસીઓજ પવિત્ર નીતિ રીતિ પ્રીતિ સમજતાં નથી ત્યાં પછી તેમના હાથની તાલીમથી સારી સ્ત્રીઓ કે સારા પુરૂષો ક્યાંથી ઝળકી નિકળે? સોબતે અસર અને તુકમેતાસીર આવ્યા વિના રહેજ નહીં. ઘણે ભાગે તો સંગતની રંગત લાગેજ છે. અને વખતે દીવાની સંતતી કાજળ, અને પત્થરમાંથી રત્ન પેદા થવા જેવા પણ દાખલાઓ મળી આવે છે. જુઓ કે નગેંદ્રનાથ ખાનદાન ઘરનો ભણેલ ગણેલ છતાં નઠારી સોબતથી નઠારી વર્ત્તણુંકવાળો થઈ પડયો અને તેવી નઠારી સોબતવાળા નગેંદ્રનાથની સોબત છતાં સરસ્વતી અવિકારીપણે જેવીને તેવીજ સારા ગુણવાળી રહેવા પામી, તેજ મુજબ તારાં સંતાનો પૈકી પણ ઘણાં ખરાંને અન્ય દ્વેષિયોની સંગતનો રંગ લાગતાં કાળાં ઘેટાં જેવાં કલંક રૂપ થઇ પડેલ છે. અને કેટલાંક તેવાં કાળાં ઘેટાંઓમાં રાત દિવસ નિવાસ કરતાં છતાં તારી ચરણ સેવામાં સદા તત્પરજ રહેલ છે; માટે દિલગીર ન થતાં આનંદની ભેટ લે અને પુનઃ પૂર્વવત્ તારાં સંતાનો તુજપદ ભક્તિમાં લીન રહે તેવી સબળ ને સઘન ઉચ્ચ ભાવનાની સુરતા સાંધ કે જેથી તારી વ્હારે ચડનાર શાહણી સરકાર તને દિન પ્રતિદિન વિશુદ્ધ કેળવણીવડે વિશેષ શાંતિની મેળવણી કરી પૂર્ણ સંતોષ આપી તારો મહોદય ચાહશે; માટે એજ અરજ છે કેઃ—

(જુવો કેવો છે કાળ આ—**એ રાહ.**)

કરો કોડે કલ્યાણી, સંતતીની ચડતી અતિ, રોજ રોજ સંત૦
વર્ષે માંગ્યા મેઘ ખાસ (૨),
પાકે અન્નાદિ ચોપાસ, સફળ થાય સહુની આશ,
એવી ઋદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ કરો શ્રીમતિ, રોજ એવી૦ કરો કોડે. ૧
ધીર વીરને ધીમંત (૨),
કળાધારી ખંતવંત, પ્રકટે પુરૂષ ટેકવંત,
એવી કૃપા કરો થાય જેથી ઉન્નતિ, રોજ એવી૦ કરો કોડે. ૨
સતી સુંદરીઓ સાર (૨),
જન્મે જરૂર દ્વાર દ્વાર, પ્રજા પ્રસવે શ્રીકાર,

રાખે રંગે માતુભક્તિમાં અતિ રતિ, રોજ રાખે૦ કરો કોડે. ૩
રોગ શોક ઝેર વેર (૨),
ટળે તાપ પાપ કેર, ફેલે જ્યાં ત્યાં લીલાલ્હેર,
એવી મ્હેર લાવી ટાળો સર્વે આરતિ, રોજ એવી૦ કરો કોડે. ૪
પૂર્ણચંદ્ર કહે તો જ (૨),
મળે મનમાની મૉજ, જામે જય જગો જગોજ,
એવો દિવસ દેખાડો જલ્દી ભારતી, રોજ એવો૦ કરો કોડે. ૫

અસ્તુ !

ધર્મવીર સતી હંસદેવી.

આ શિરોલિખિત નિર્મળનામી **હંસદેવી**નો જન્મ વિક્રમની અગિયારમી સદીમાં થયો હતો. જો કે એણીનાં માતા પિતા ને જન્મભૂમિ વગેરેની પિછાણ પ્રસિદ્ધિમાં આવી નથી; તો પણ એણીએ કરેલાં પ્રશંસનીય–પાવન કાર્યો પ્રસિદ્ધિમાં અદ્યાપિ પર્યંત દ્રષ્ટિ અગાડી આવી આનંદ આપી રહેલ છે. એ મહદ્ ભાગ્યશાલિની સતી દેવી ચહુઆણ **ઈસ્તપાલ** કે જે **આસી**રગઢના ગાદિપતિ હતા તેમની પ્રાણપ્રિયા હતાં, અને પરસ્પર અપૂર્વ પવિત્ર પ્રેમગ્રંથી સજડ થવાથી એક બીજાં પળવાર જૂદાં રહી શકતાં ન હતાં.

એક સમય પ્રેમની કસોટી નિકળવાનો અને સતીપણાનો સાચો સ્વાંગ ભજવવાનો વખત આવી લાગ્યો કે ધર્મચુસ્ત ઇસ્લામિયોની સાથે સંવત ૧૧૮૧ ના વર્ષની અંદર મહારાજા ઇસ્તપાલને જબરો જંગ જામ્યો, અને બનતી કોશિષે શત્રુસેનાનો પરાજય કરવા પ્રયત્ન આદર્યા; પરંતુ પ્રારબ્ધની પ્રતિકુળતાના પ્રતાપે ધારેલી ધારણા ધુળમાં મળી–પોતાનો જ પરાજય થયો. આસીરગઢ છોડી અગિયારા ગણી જઈ મેવાડમાં રહેવું પડ્યું અને એથી પણ અધિક પ્રાણ સંકટ અંગીકાર થયું હતું કે તે ઇસ્લામીઓ સાથની લડાઈમાં સખ્ત ઘાયલ થયો હતો; એટલુંજ નહીં પણ તમામ હાડકાં એક બીજાથી જૂદાં થઈ ભાંગી જતાં મરણના શરણે જવાની અણીપર પહોંચ્યો હતો. આ શોચકારી બનાવ જોઈ સતી રાણી હંસદેવી જરા પણ હામ ન હારી જતાં પોતાના શીળપ્રભાવની સહાયતા મેળવવા અગ્ન ધ્યાન ધરી એકાંત માં (પતિના પ્રાણ બચાવવાના ચોકસ ઇરાદાથી) બેઠી.

પ્રિય પાઠકો! યોગશાસ્ત્રોની અંદર પિંડ પદસ્થ રૂપસ્થાદિ ઘણા પ્રકારનાં ધ્યાન કહેલ છે અને તે તે ધ્યાનના વિધિ મુજબ જો ધ્યાન ધરવામાં આવે તો બેશક ત્રિકાળનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે કે તે ધ્યાનોના પ્રતાપથી વગર હરકતે વિશ્વદષ્ટિ થતાં અંતર્ચક્ષુ ખુલી વિશ્વને જોનારો થઇ શકે છે, તથા વસ્તુઓને, દેવોને કે અન્ય કોઇને તે આકર્ષી પોતાની હજૂર લાવવાની ખાસ શક્તિ સંપાદન કરી શકે છે. તો તેવા ધ્યાન પ્રતાપથી સતી હંસદેવી કોઇ પણ દેવને આકર્ષી પોતાની પાસે લાવી શકે એમાં નવાઇ જેવું નથી! તેણીએ તો અનશન વ્રત આદરી પોતાની કુળદેવીનું આરાધન કર્યું, એથી અચળ ધારણાવાળા મનોબળવડે કુળદેવી આકર્ષાઇ સતી સમક્ષ આવી ઉભી અને અમૃત આપી કહ્યું કે–'કુળદીપિકે ! તારા પતિદેવનાં મારા સમક્ષ હાડકાં જોડી આ અમૃત છાંટી સંજીવન થવા સંબંધી સજડ મનોબળ વધાર કે જેથી હાલને હાલ ચહુઆણરાજ સશક્ત શરીર બની ઉભો થશે, અને કશી પણ ઈજા રહેશે નહીં. કુળદેવીનું આવું આનંદ મંગળકારી કથન સાંભળતાં જ કહેવા મુજબ કર્યું કે તુરતજ જેમ કોઇ ઉંઘમાંથી જાગી ઉભું થાય તેમ રાજા ઉભો થયો અને પોતે વગર ઈજાવાળો થતાં અત્યંત આનંદ પામ્યો. તથા સતી સુંદરીનું સ્તુત્ય કૃત્ય નિહાળી સત્ય પ્રેમ અને સત્યશીળની પ્રસંશા કરતાં મસ્ત ચિત્તવંત બની કુદરતની અજબ રચનાને ધન્યવાદ દેવા લાગ્યો.

આ પ્રમાણે હાડ ભેગાં કરી સંજીવનપણાનો સંગી થનારા ઈસ્તિપાળના વંશજો ચહુઆણ કહેવાતા બંધ પડી ચહુઆણની શાખા રૂપ 'હાડા' એ રજપૂતની અવટંકથી ઓળખતા થયા. કે જે હાલ સુધી બુંદીમાં રાજ્ય કરે છે.

સાજા તાજા થયા પછી ઈસ્તિપાળ પોતાની પત્નિ સહિત મેવાડ પ્રદેશમાં જઈ વસ્યો અને અખંડ પ્રેમ સહ દંપતિ આનંદમાં દિવસ ગુજારી પ્રારબ્ધને અનુકૂળ કરવા પ્રભુભજન કરી અંતે સ્વર્ગ સુખનાં ભોક્તા થયાં. જે મનુષ્ય સુખ અને દુઃખની વેળાએ એકજ રંગે રહે તેજ ધીર, સુજ્ઞ કહેવાય છે. જુઓ, સૂર્ય નારાયણ ઉદય અને અસ્તની વખતે એકજ રંગવાળા રહે છે તોજ મહાન્ પૂજ્ય મનાય છે; માટે જ મહત્ પદવીને પાત્ર થવા ઇચ્છા હોય તો સુખની વખતે રાજી ને દુઃખની વખતે નારાજી દશામાં રહેવું નહીં. કહ્યું છે કેઃ—

સુખ પીછે દુખ આત હૈ, દુખ પીછે સુખ આત;
આવત જાવત અનુક્રમેં, જ્યોં જગમેં દિનરાત.

સુખ કે દિન વહી જાત હૈ, દુખકે દિન વહિ જાત;
ગયે દિવસ સો સ્વપ્નવત, ભાસત હૈ ઈહી ભાત. ૨
વય ગત વર્ષ વિચારિયેં, બીતત લગી ન વાર;
બીતહી ઐસેં શેષ વય, નહિ તનકો નિરધાર. ૩
સુખમેં ન ધરો હર્ષ અતિ, દુખમેં નહિ દિલગીર;
સુખ દુખ સબહી ઝુંઠ હૈ, જ્યોં મૃગ જલકો નીર. ૪

(કષ્ટનષ્ટાષ્ટક–ભુજંગી છંદ.)

કબુ ગેહવાસી કબુ વંન વાસી, કબુ પૂર્ત આશી કબુ વ્હૈ નિરાશી;
સબે કર્મકે જોગસેં સો સહેનાં, રખે જ્યોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેનાં. ૧
કબૂ મિષ્ટ પાઈ કબૂ શુષ્ક ખાઈ, કબૂ દ્રવ્ય પાઈ કબૂ સો ગુમાઈ;
દિલે હર્ષ ઓ શોક કાહુ ન લેનાં, રખે જ્યોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેનાં. ૨
કબૂ પ્યાવ પ્યાદે ચલી પંથ જાનાં, કબૂ વાહનં સો વિમાનં સમાનાં;
કબૂ દાન દૈના કબૂ દાન લેનાં, રખે જ્યોં પ્રભુ ત્યોં૦ ૩
કબૂ શ્રેષ્ઠ ભૂપાલ સન્માન દેવૈ, કબૂ કોપિકૈં સો ગૃહં લૂંટી લેવૈ;
તઊ ચિત્તમેં રાખિયે સૂખ ચેનાં, રખે૦ ૪
કબૂ વ્હૈ સંયોગી કબૂ વ્હૈ વિયોગી, કબૂ વ્હૈ નિરોગી કબૂ હોઇ રોગી;
મુખે બોલિયે નાં બની ભીરૂ બેનાં, રખે૦ ૫
કબૂ બ્યાહ ઉચ્છાહકો ઘોસ આવે, કબૂ શોકસિંધુ બિધાતા બનાવે;
નહિ રોયકેં ડારિયે નીર નૈનાં, રખે૦ ૬
કબૂ આપ રાજા બની રાજ કીજે, કબૂ નીચકી નૌકરી ચાહી લીજે;
ભલી બૂરિ હૈ યોં કછૂ ના કહેનાં, રખે૦ ૭
કબૂ હસ્તિની પુષ્પકી માલ ડારે, કબૂ શસ્ત્રસેં આઈ શત્રુ પ્રહારે;
ધરી ધીર ધીરાઈ ધોખા રખે નાં, રખે જ્યોં પ્રભુ ત્યોં ખુશીમેં રહેનાં. ૮

કિણુ દુખરો ઉદ્યમ કિયો? આયો બાચાબુંચ;
ત્યોં સુખહી ફિર આયગો, દુખ કર જાસી કૂચ. ૫
જબલોં વિપરીત દેવ હૈ, તબલોં ધીરજ ધાર;
વ્હૈ હૈ દૈવ સુલટ તબે, પૈદો સુખહિ અપાર. ૬
મનકો દુખ મનમેં રખો, ન કરો વદન વિલાપ;
દુર્જન હરખે દેખિકેં, સ્વજન ધરે સંતાપ. ૭
આ શિક્ષા ઉરમેં ધરી, કરી મન અતિ મજબૂત;
સ્મરણ કરો શિવદેવનું, સદા ગણાઓ સપૂત. ૮

ધર્મવીર સતી સોરઠ રાણી.

વીર વિક્રમની અગ્યારમી સદીમાં શિરોભિધાન વાળી ઉભયકુળ ઉજાગર સતીનો જન્મ થયો હતો; પરંતુ કયા ગામમાં અને ક્યાં માતા પિતાના સદનમાં થયો હતો તે પ્રકાશમાં આવ્યા વિનાજ રહેલ જણાય છે; તોપણ એ પરમ પાવની રજપૂતાણી યાદવ વંશી **જુનાગઢના રાહ મહીપાળ** (દયાસ) ના રણવાસનો ઉત્તમોત્તમ શૃંગાર હતો—એ તો ચોકસ વાર્ત્તાજ છે.

એ સતી **સોરઠ રાણીએ** પોતાના વિમળ વર્તન અને પવિત્ર પ્રેમથી પોતાના પતિની પ્રાણ સંજીવન મૂળીરૂપ થઈ રહી સ્વાધીન પતિકાનું પદ સ્વાધીન કર્યું હતું. આમ હોવાને લીધે રાજા ઉપર રાણીની પૂર્ણ પ્રેમસત્તા હતી, અને રાજાને પણ નિર્મળ પ્રેમબંધનથી રાણી ઉપર અનહદ મમતા હતી; મતલબ કે પરસ્પર પુનીત પ્રેમરજ્જુ બંધન વડે બંધાયલાં હોવાથી પળવાર પણ એક બીજાં જૂદાં રહી શકતાં જ ન હતાં; પરંતુ અદેખા દૈવે તે બન્ને પ્રેમી દંપતિના શિરપર એવું વિપત્તિનું વાદળ ઘેર્યું કે થોડો વખત એક બીજાથી જૂદું રહેવાનો વખત આવ્યો.

તે બિના એવી છે કેઃ—ગુર્જરપતિ સોલંકી **દુર્લભસેન** મહારાજાની રાણિયો અને કુંવરીઓ પાટણથી રવાના થઈ સોરઠી **સોમેશ્વરજીની** યાત્રા કરવા જતાં હતાં, તે જુનાગઢ આવી પહોંચતાં રાહ મહીપાળે તે રાજવંશી સ્ત્રી મંડળ પૈકી એક રાજબાળાનું અપમાન કર્યું. તે અઘટિત આચરણના લીધે જ્યારે તેઓ પાછાં અણહીલપુર પાટણ જઈ પહોંચ્યાં ત્યારે તે બિના સાંભળવાથી દુર્લભસેને મહીપાળનું માન મર્દવા જબરા લશ્કર સહિત જુનાગઢપર ચઢાઈ કરી, અને સોરઠનું પાટનગર વનથળી (વામનસ્થળી) જીતી લીધું. એથી રાહ મહીપાળ પોતાના કુટુંબ સહિત જુનાગઢના ઉપર કોટમાં જઈ ભરાઈ બેઠો. સોલંકી લશ્કરે ત્યાં પણ ઘેરો ઘાલ્યો; પરંતુ તે કોટ જીતવો બહુ મુશ્કેલ થઇ પડ્યો હતો. એથી આખર રાજ્યદ્રોહી એક બીજલ ચારણને ધનથી લલચાવી પોતાની કૃતેહ કરવા ઇચ્છા કરી, અને ચારણ રાજ્યનો માંગણ હોવાને લીધે ઉપર કોટમાં પહોંચી ગયો.

સતી સોરઠ રાણીને તેણી રાત્રિયે સ્વપ્ન આવ્યું હતું અને

તેમાં અંતરવાહક આત્મસત્તાથી સૂચના મળી હતી કે—'જાણે એક ચારણ યાચના કરવા આવ્યો તેણે રાહ મહીપાળનું માથું દાનમાં માગી લીધું.' અને પ્રભાતે ચારણ આવીજ ચડયો એથી શાહણી સતી રાણીએ પવિત્ર અંતઃકરણ વડે જાણીજ લીધું કે જરૂર સ્વપ્નમાની બિનાવાળોજ ચારણ આવેલો હોવો જોઇયે.' એમ ધારી રાહને એક કોઠામાં ગુપ્ત રાખ્યા, અને પોતાના વગર ત્યાં કોઇ ન જઈ શકે તેવો સખ્ત બંદોબસ્ત કર્યો.

વાંચનાર મહાશય! સતીએ સખ્ત બંદોબસ્ત કર્યો હતો; પરંતુ તેણીના બંદોબસ્ત સ્હામે ભવિષ્યે કદાં દુશ્મનપણાં બાંધેલ હોવાથી તેણીનો બંદોબસ્ત નકામોજ થઈ પડયો. શું ભાવિના લખાયલા અંક મિથ્યા થઇ શકે છે? કદિ નહી! ભણેલો ભૂલે, તારો ડૂબે, પણ લખ્યા લેખ કદી ન ડૂલે. એથી એ બન્યું કેઃ—જ્યારે ચારણને રાજા સાથે રૂબરૂ મળવાનો પતો લાગ્યો નહી ત્યારે તેણે રાહ મહીપાળનાં તે કોઠા–બુરજ પાસે બેસી વખાણ ભર્યા ગીતક ગાવાં શરૂ કર્યાં અને એટલો બધો સ્તુતિના શિખરપર ચડાવી દીધો કે રાહ પોતાના બચાવની રાહ છોડી દઈ મરણની રાહપર સ્વાર થઈ ગયો. બુરજમાંથી રાહે બહાર ડોકું કહાડી ચારણને ઉપર બોલાવી લેવાની ઈશારત કરી, તથા એક લાકડીને દોરડાવતે મજબૂત બાંધી તેને લટકતી મ્હેલી. એથી ગઢવી લાકડીપર દોરડાના અલંબને ચડી બેસી કોઠા ઉપર ગયો અને નમન કરી યશ ઉચરી ઉભો રહ્યો. પાઠકો! રાહ સંકટમાં સપડાયલો હતો છતાં માગણને આશાભંગ ન થવા દેવા પોતાની ઉચ્ચ ઉદારતાને છુપાવી ન શકયો; કેમકે 'દાતા છુપે નહી મંગન આયે.' તેજી ઘોડો તાજણો કેમ સહન કરી શકે? દાતા પોતાના યશ સાંભળ્યે કેમ ચૂપચાપ થઇ સંતાઈ રહે! કસી પરવાહ ન રાખતાં રાહે ગઢવીને કહ્યું કે—'મરજી મુજબ વસ્તુ માંગી લો કે તે આપવા હું તૈયાર છું.' ગઢવી તો લાખોના પાળનારનુંજ કાસળ કહાડી પોતાનું ઘર ભરવા આવ્યો હોવાથી તુરત બોલી ઉઠયો કે—"મહારાજનું માથું માગું છું." રાહે કહ્યું–"ઘણી ખુશીથી આપું, એમાં શી ભારે વિશાદ છે! **વચન રહેતાં મસ્તક જાય તો તેની દરકાર નથી; પરંતુ વચન ફોક થયા છતાં લોકમાં માથું ઉભું રાખી જીવવું એ તદન ધિઃકારનેજ યોગ્ય જીવન મનાય છે.** માટેજ કહ્યું છે કે–'**વચન પાળે તે રાય, બાકી તો રાંડીરાંડો.**"

રાહ માથું આપી ગઢવીની માંગણી પૂરી કરનાર છે એવું સતી સોરઠરાણીને ખબર પડી એટલે તો ભર દરિયે વ્હાણ ઘરબોળ જવાની પૂરેપૂરી ધાસ્તી લાગી. એથી તુરત ગઢવી અગાડી આવી સતીએ કહ્યું:—

"અધા તું અધાથિયે, ભાઇયે છ મંગણિ હાર;
તાજી હિયાં તડકા હિયાં, હાથી હિયાં હલકાર;
ગિનની ચંદન હાર દે, છડીધા સરદાર."

ભાવાર્થ એજ કે–ઘોડા હાથી ચંદનહાર અને મારૂં શરીર માંગે તો હું આપું; પણ તું મારા સરદારનું માથું લેવું જવાદે. 'લાખો મરજો પણ લાખોનો પાળનાર ન મરશો !' એ કહેવતને વિચારી જો. મને રંડાવી દેશને રંડાપો દઇ દેશદ્રોહી ને નિમકહરામી શા સારૂ બને છે !"

ચારણે ઉત્તર આપ્યો—"
ગેમર આય ઘણા, તાજી આય તબીલમેં;
માંકે નાંય મણા, આલો શિર વાલો અબે."

ભાવાર્થ એજ કે—હાથી છે, તબેલામાં ઘોડા પણ છે. મારે કોઇ વાતની કમીના નથી; માટે હાલ તો મને મહારાજાનું માથુંજ વ્હાલું છે માટે તેજ આપો."

સોરઠરાણી ગઢવીનો નિશ્ચય અનિવાર્ય જોઇ સ્વામીની સાથેજ સ્વર્ગમાં સિધાવાની તૈયારી કરવા લાગી. રાહ મહીપાળે તુરતજ પોતાનું માથું પોતાનીજ તરવાર વડે કાપી તરવારને પોતાના હાથે છેવટ તૃપ્ત કરી ગઢવીની પ્રાર્થના પૂર્ણ કરી. ગઢવી રાહનું મસ્તક લઈ રસ્તે પડ્યો, એટલામાં તો સોરઠ રાણી સતી થવાના સાજ સહિત આવી પહોંચી ને ગઢવી પાસેથી પતિદેવનું માથું માગી લેવાની પ્રાર્થના કરી બોલી કે:—

ધારી ધારણા જેહ, પાર પડી તે તાહરી;
શિર સ્વામીનો દેહ, મંછા પૂરો માહરી.

તમોએ જે ધારણા ધારી હતી તે પાર પડી–એટલે કે તમને આ કામ કરવાથી જે મળવાનું છે તે તો હવે મળીજ ચૂક્યું છે. હવે કંઇ માથું લઇ જવાથી વિશેષ ફાયદો નથી. સોલંકીનું નિશાન દશ વર્ષ લગી જીર્ણગઢ ઉપર કાયમ રહેશે, અને તમારી અકીર્તિ

જુગોજુગમાં જ્યાં લગી ઇતિહાસ કાયમ રહેશે ત્યાં લગી કાયમ રહેશે. તો પછી હવે મને મારા નાથનું માથું આપી દો કે જેથી હું સતી થઇ પતિની તુરત ભેટ લઈ શકું. સતીની આશિષ મેળવવી એ વિશેષ લાભકારી છે. અમોએ અમારો ધર્મ પાળ્યો છે; પણ તમોએ તમારા ધર્મને ધક્કો દીધો છે; તથાપિ હું હજી દુરાશિષ દેવા ચાહતી નથી; માટે પ્રાર્થના સફળ કરો.”

ગઢવીએ જાણ્યું કે–કામ તો ફતેહને ભેટયું છે. મરી ગયેલ કંઇ જીવતો થનાર નથી. જુનાગઢ સોલંકીને હાથ જશે એવું સતીનું વચન છે, તો પછી સતીની માગણી શા માટે પૂરી ન કરવી ? આનાકાની કરીશ તો સતી અવશ્ય મારી દ્રોહીવિચારણા જાણી ગઈ છે જેથી કઠીણ શાપ દેશેજ.” આ બ્હીકને લીધે તુરતજ તેણે રાહનું માથું સોરઠ રાણીને સ્વાધીન કર્યું કે તેજ ક્ષણે દામોદર કુંડ ઉપર સોરઠ રાણી અનહદ હુલાસ સહિત સળગતી ચિતા (ચ્હેં) માં બિરાજીને પતિનું શિર ખોળામાં લેઈ પવિત્ર ધ્યાન યુક્ત જવાળાની શિખા સાથે પતિને ભેટવા સ્વર્ગમાં સિધાવી. ધન્ય છે એવી સતી સ્ત્રીને કે જેણે પોતાના અમર સૂક્ષ્માત્માની કીર્તિને અમર કરી ત્રણ્યે લોકને દીપાવ્યાં ! મારી પ્યારી માતૃભૂમિ ! મહીપાળ સરખા વચનપાળ અને દાનેશ્વરી પુરૂષ તથા સતી સોરઠ રાણી સરખી સુશીળ સ્ત્રીઓ વડે તું તારી સપાટીને કયારે સુશોભિત કરીશ ? અને દેશદ્રોહી ગઢવી બીજલ જેવા ઘરના શત્રુઓનો કયારે અંત લાવીશ ? જ્યાં લગી તારા સત્ય અલંકારરૂપ એવા દાતા, એવી સતીઓ અને દ્દઢ વિચારણાઓનું વિદ્યમાનપણું નહીં હશે ત્યાં લગી તારી ઉન્નતિ–જાહોજલાલી કદી શોભાના શિખરે નહીં પહોંચશે; માટે સત્વર જાગ્રત થા, અને તારાં સંતાનોમાં એવા ઉચ્ચતર સદ્દગુણો પ્રકટ કર કે જેથી તારી સર્વ ચિંતા દૂર થઇ જાય, પ્રજા સુખી થાય, રાજા રંગમોજ વરે, અને જ્યાં ત્યાં જયસ્વર વર્ત્તાય ! માટેજ પુનઃ પુનઃ પ્રાર્થના છે કેઃ—

(શું રાજબ બની નારી—એ રાહ.)

ઝટ જાગ જાગ જનની,–હે દુખહનની.
હર હરકત હિતુજનની,–હે દુખહનની.

તજી આળશ ઊંઘ તમામ, લાવો ફરી કામ લલામ;
દો હામ દામ સુખ ધામ, દીપાવો મામદમામ;

ટાળો સહુ દુખનાં ઠામ, કરો સુધ સફળ શુભ કામ;
નિત નિર્મળ રાખો નામ, એ માટે કરો જ આમ;
તો મટે ફિકર મનની–હે દુખહનની. ઝટ. ૧

પડયાં પરવશ નર ને નાર, બની બેઠાં છે લાચાર;
દુખ દેખે નિત્ય અપાર, કર તેઓની વેગે વ્હાર;
થાય સંતતી તો સાધાર, સુખ મળે સદા શ્રીકાર;
દુખ જાએ દરિયા પાર, વરતાએ જય જયકાર;
કર અહેલી સુખઘનની–હે દુખહનની. ઝટ. ૨

મહા શક્તિ છતાં મહંમાય, તુજ રૂબરૂ પ્રજા પીડાય;
એ અતિ અઘટિત કહેવાય, માટે ઘો સઘ સહાય;
તો ભવની ભાવઠ જાય, અતિ આનંદ આનંદ થાય;
નિત પૂર્ણચંદ્ર એ ચ્હાય, દિન દિવાળીના દેખાય;
ઘો ઝાંખી એજ દિનની–હે દુખહનની. ઝટ. ૩

——(૦)——

ધર્મવીર સતી જાસલબાઇ.

વિક્રમ સંવતના અગ્યારમા સેંકડાની અંદર સોરઠ દેશના **આલીધર બોડીધર** ગામના આહિર **દેવાઈત**ની સ્ત્રી **સોનલના** રત્નકુક્ષથી આ ઉભયકુળઉજ્જાલણ સતી **જેસલ ઉર્ફે જાસલ**બાઇએ જન્મ લીધો હતો. અને એણીએં જુનાગઢના આહિર **સંસ્તિયાના** ગૃહસ્થાશ્રમને શોભાવંત કર્યો હતો.

રા' **નોંઘણ**ની રાજ્યકારકીર્દિના સમયમાં સોરઠની અંદર મહાન્ દુષ્કાળ પડયો હતો, એથી સોરઠી પ્રજા પોતાનો જાન બચાવા સિંધ અને માળવા ભણી ચાલી નીકળી સુગાળ થતાં લગી સિંધ અને માળવામાં પોતાનો કષ્ટનો વખત કાપવા રહી હતી. એ-કષ્ટકારી સમયમાં દેવાયતની કુળદીપિકા જાસલે પણ પોતાના પતિ સહિત સિંધમાં નિવાસ કર્યો હતો.

હમેશાં સૃષ્ટિની શરૂવાતથીજ નિયમ ચાલ્યો આવેછે કે જેને માથે કષ્ટ આવી પડે તેને તે કષ્ટમાં વધારે ઉમેરો થાય તેવી નવી

ને નવી બલાઓ આવીજ નડે છે, અને એને અવલંબીને જ કહ્યું છે કેઃ—

ખાનેકોં બનફલ મિલે, ઓઢનકોં બનપત્ત;
તામેં ફિર સીતાહરણ, વિપતિમાંહે વિપત્ત!

વનવાસી તપસ્વી રામચંદ્રજીને ખાવામાં વનફળ અને ઓઢવાને વનનાં પાદડાં વગેરેથી બનતાં વલ્કલચીર મળતાં હતાં, આવો કષ્ટનો સમય મોજૂદ હતો; તે છતાં પણ તે કષ્ટમાં વિશેષ ઉમેરો થવા દૈવે શાંતિ દેનારી સીતાસુંદરીનું રાવણ મારફત હરણ કરાવી વિપત્તિમાં વિશેષ વિપત્તિનું સાતપડું વાદળ ટટુમાવ્યું. એજ નિયમ મુજબ સતી જાસલના શિર ઉપર પણ ગુજરાનના કષ્ટરૂપ વાદળ ઘેરાયાં છતાં તેને વિશેષ ઘટ્ટ બનાવવા દૈવે એવો દુઃખદાયી દિવસ રજુ કર્યો કે સિંધનો રાજા બીજો **હમીરસુમરો** રાજપાટિકાનો આનંદ લેવા નીકળ્યો હતો, તેની નજરે જાસલ જોવામાં આવી, અને જાસલનું અપાર રૂપલાવણ્ય નિહાળી તેણીને તે પોતાના અંતઃપુરનુંજ ઉત્તમ ભૂષણ કરવા આતુર બન્યો; એટલુંજ નહીં પણ અંતે બલાત્કારથી જાસલને જનાનખાનમાં દાખલ કરી પોતાની પાપી વાસનાને પાર પાડવા માટે પ્રાર્થના કરવા લાગ્યો કેઃ—

“મારી પ્રાણપ્યારી પરી! તું મારા રાજ્યમહેલને શોભાવનારી હોવાથી મેં તને ઝૂંપડામાંથી હરી લીધી છે; કેમકે હાથી તો હાથીશાળામાંજ શોભે! દૈવની પણ મોટી ભૂલ થઈ છે કે મારી મહારાણી કરવાને બદલે તને આટલા દિવસ આહિરાણી તરીકે રાખી જીંદગીની સફલતામાં ચૂક પાડી! તારી આ કમળના સરખી સુકોમળ સ્પર્શવાળી–ગૌર ગુલાબી રંગ વાળી–હાથીની સુંઢ સમાન ચડાઉતાર ભુજા મારા ગળામાં નાખી મને જીવનની સફળતા આપ. તારા ચંદ્રવદનમાંથી વહેતા અધરામૃતનું પાન કરાવી મને આરોગ્યતા આપ. તારા કનકલતા સમાન તેજસ્વી શરીરના સ્પર્શ વડે મને આલિંગન દે અને જીવનનો લ્હાવો લે. છબીલી! તારા સદ્‌ભાગ્યોદયથી મારો મિલાપ થયો છે માટે અત્યંત પ્રસન્નતા લાવી મને તારા હૈયાનો હાર ગણી લે. વ્હાલી! હવે મને કામપીડાથી બચાવી તુરત આનંદ દે. હવે હું વિરહવ્યથાથી અત્યંત આકુળ વ્યાકુળ થઉં છું તે તું આર્દ્રચિત્તવાળી અલબેલી મારા પર દયા લાવી રતિતૃપ્તિનું વરદાન દે.”

જાસલ શાંતવૃત્તિથી બોલી—" મહારાજા ! ઘરની બળી વનમાં આવી તો વનમાં પણ આગ લાગ્યા જેવો ઘાટ બનવા યોગ્ય કારણ થયું છે; કેમકે ભૂખ અને દુઃખથી બચવા દેશ છોડી પરદેશમાં આપની છત્રછાયાનું શરણુ લેવા આવી, તો ત્યાં ઉલટો મારાપર જુલ્મ ગુજારવો શરૂ કર્યો એ આપને ઘટિત નથી. નામવાર ! મારા સરખી હજારો રૂપવંતી સ્ત્રીઓ આપના દરબારમાં ને સંસારમાં છે, તો તેમને વરી આનંદ અનુભવો કે જેથી પરમાત્માના દરબારમાં પરનારીને પ્યારી ગણ્યાના મહાપાપની માફી માંગવાનો વખત ન આવે. **પરનારી એ દુઃખનીજ બારી છે ! પરનારી એ નરકનુંદ્વાર ખુલ્લું કરી આપનારૂં સત્ય સાધન છે ! પરનારી એ પડતી નુંજ પૂતળું છે ! અને પરનારી એ પાપનોજ પુંજ છે !** માટે તે ધ્યાનમાં લઇ આસરો લઈ રહેલી વિદેશી પ્રજાપર જુલ્મ ન ગુજારો. **પ્રજા પરનો જુલ્મ એજ રાજ્યની પાયમાલીનો મુખ્ય માર્ગ છે, પ્રજાને પીડવી એના કરતાં પિતાને બીજી કોઈ વિશેષ કાળી ટીલી નથી, પ્રજાને પ્રમોદ આપવો એજ રાજ્યની આબાદીનો સાચો પાયો છે અને ન્યાય ત્યજી અન્યાયને આદર આપવો એજ અતિ અધમાધમ પદ્ધતી છે.** માટે મારાપરથી—" સ્નેહ દૂર કરી પ્રશંસા યોગ્ય નિર્મળ ધર્મસ્નેહ વધારી મને મારા પતિની ભેટ કરાવો એટલે યશના ડંકા."

હમીરસુમરે કહ્યું—" મનોહારિણી ! દુઃખી થતી પ્રજાને સુખી કરવી એ રાજાનો પવિત્ર ધર્મ છે; માટે તુજ દુઃખીને સુખી કરવાની કૃપા દર્શાવી છે. જે કોઇ આશ્રય લેવા આવે તેને પૂર્ણ આશ્રય આપવો એજ ઉત્તમોત્તમ રાજનીતિ છે. પરનારી હોય તેજ પરણીને પોતાની કરી લેવાનો પરંપરાનો રિવાજ ચાલ્યો આવે છે તેજ પ્રમાણે મેં કરવું ધાર્યું છે તેમાં વળી જુલ્મ ને અન્યાય કેવો ? સુંદરી ! તું કહે છે કે રાજ્યમહેલમાં ને સંસારમાં ઘણીએ સ્વરૂપવંત સ્ત્રીઓ છે તેને વરી આનંદ અનુભવો. તો એ માટેજ મેં સંસારમાંથી સુંદરમાં સુંદર તુજને જોઈ આમ કર્યું છે. રસિલી રમણિ ! પૃથિવી પર પાણીથી પૂર્ણ નદિયો ઘણી છે; પણ પતીતને પાવન કરનારી ગંગાજીની એકે પણ ગરજ સારી શકે ખરી ? આકાશમાં ચળકતા તારા પાર વિનાના છે; પણ રાત્રિમાં પૂર્ણચંદ્ર વિના પૃથિવીને પૂર્ણ પ્રકાશ મળે ખરો ? મીઠા પાણીના ઝરા અપાર છે છતાં અમૃત જેવો જીવન કાયમ કરનાર એકે છે ? ઔષધો અગણિત છે;

પણ અન્ન વિના ભૂખનો રોગ ભાગે એવું એકે ઔષધ સત્તા ધરાવી શકે છે! જગતમાં સુંદરીઓ અત્યંત છે; પણ તે તારા રૂપ લાવણ્ય અગાડી પળ વાર પણ શોભા પામે ખરી? તે તો બધી તારા દાસીપદની બરોબરી કરનારીઓ છે! તે તો બધી તુજ સ્ત્રીરત્ન આગળ કાચના કકડા જેવી જ છે. તે તો બધી મારે મન વનની ભીલડીઓ જેવી ભાસે છે. અને તે તો બધી અન્યના ગૃહરાજ્યની કાર્યવાહિની થવા વિધિયે સર્જેલી છે. માત્ર તું મનોરમા જ મારા માટે નિર્માયલી છે; વાસ્તે રકઝક ત્યજી જલ્દીથી મને પોતાનો પતિ ગણી લ્યે એટલે બધી પંચાતનો અંત આવે. પ્રીતિમાં વિશેષ તાણાતાણ તે વખાણવા લાયક ગણાય જ નહીં, તે તું પ્રેમ પોથી પઢીને પૂર્ણ પ્રવીણ બનેલી પ્રમદા ક્યાં નથી જાણતી. છતાં જાણી બુઝીને મને આમ તલસાવવો એ શું પ્રેમીજનની રીતિ છે!"

જાસલે કહ્યું–" પણ સિંધપતિ! અતિ ઉતાવળી ગતિ ધારણ ન કરો. મતિને નિર્મળ કરો કે રતિ પોતાની મેળેજ આપને પતિ-ગણી અતિ આનંદ આપશે. **'ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભીર.'** એ કહેવતશું આપથી અજાણી છે! સબુરીનાં ફળ મીઠાં છે; માટે શાંત બની જે કહું તે પર પૂરતું ધ્યાન આપો. હમેશાં આનંદજ મેળવવો હોય તો સ્હામાની રૂખ નિગાહમાં રાખી કામ કરવું. પ્રીતિની પૂર્ણતા પરસ્પરની મરજી સંપાદન કરવામાંજ સમાયલી છે, નહીં કે પરાણે પ્રીતિ કરી મોજ લેવાથી મજાહ મળે? એક બીજાનાં મન મળ્યા વગર મોહ પેદા થતોજ નથી અને સાચો રંગ પણ જામતો નથી. કહ્યુંછે કેઃ—

'પ્રકૃતિ મિલે મનમિલતહૈ, અનમિલતે' ન મિલાત;
દૂધ દહીતેં જમતહૈ, કાંજીતેં ફટજાત;'

માટે પ્રકૃતિનો મિલાપ થવા દો. પ્રેમ એ કંઇ બગીચાનું પુષ્પ યા ગાંધીની દુકાનનું ઓષડ નથી કે તુરત પ્રાપ્ત થાય; પ્રેમ એતો પરમાત્માની પૂર્ણ કૃપાનું અચળ સ્થિતિવંત પુષ્પ છે; વાસ્તે પરમાત્માના ભજનમાં લીન થઇ કૃપા સંપાદન કરો કે આપોઆપ પ્રેમ-પુષ્પનો પ્રમોદદાયક પરિમળ પ્રાપ્ત થશે. આદતને ને અધીરતાને કદાં દુશ્મનપણાં હોય છે માટે કથનપર પૂર્ણ વિશ્વાસ રાખી મનતુરંગને કાબુમાં રાખી રાજ્ય વ્યવસ્થાને શોભાવંત કરો અને પ્રજાની બરકત કરો."

હમીરસુમરો બોલ્યો" પરંતુ પ્યારી! મારાથી ન્યારી રહેવાની તૈયારી કરવા યોગ્ય પ્રયોગ ન આદરો તોજ મને મોજ મળે. આટલાં બાલા જતલાવી વખત નકામો ગાળશો તો તેમાં બન્નેને પીડા થશે. હું પ્રાણાંત પણ તને મારી પ્યારી કર્યા વિના છોડનારજ નથી; માટે ફાંફાં મારવાથી કશો લાભ નથી."

જાસલે કહ્યું:—" હાલ તો હું આપનીજ સત્તાનું કેદીજન છું. ક્યાં નાશી જઉં તેમ છું! તો પછી અધીરા શા માટે બનવું જોઈયે! અને જ્યારે અત્યારથીજ આમ અવિશ્વાસની નજરથી જોવામાં આવે છે ત્યારે પછી આગળ કેમ નિભાવ થશે? તે જરા વિચારી જુઓ. જો વિશ્વાસ નજ આવતો હોય તો હું દાંતથી જીભ કરડી પ્રાણને પરલોકની ભેટ કરાવી દઉં કે બધી પંચાતનો અંત આવે. ફરમાવો શું વિચાર છે?"

મરવાનું કથન જાણી **હમીરસુમરાની** મતી ગભરાણી એથી તે ધાભરો થઈ બોલ્યો—" ના ના પ્રિયે! હું તારા વચનપર પૂર્ણ ભરોંસો રાખીશ. તું 'સ્ત્રીની બુદ્ધિ પાનિયે'—એ કહેવતને માન આપતી નહીં. બોલ તું શું કહેવા માગે છે? સત્વર કહી દે."

જાસલે આતુર અધીર બનાવી સ્વાર્થ સિદ્ધ કરવા કહ્યું કે:— "મારે લીધેલા વ્રતમાં છ મહીના બાકી છે તે પૂર્ણ થતાં લગી મને એકાંત વાસમાં નિવાસ કરવા દો. મારી પ્રતિજ્ઞા પ્રમાણે આહાર વિહાર ઉપયોગમાં લેવા દો, અને ઇશ્વર ભજનની તાળીમાં કાયમ રહેવા દો. છ માસ પછી હું વગર આનાકાનીએ આપનો મનસૂબો પાર પાડી આપની જીંદગીનો લ્હાવ બક્ષીશ. આપને વિરહવ્યથામાંથી તદ્દન મુક્ત કરીશ અને સમસ્ત સુખ વરીશ. એ માટે આપ ખચિત નિશ્ચિંતજ રહેશો. લીધેલા ટેકને છોડી દેવાથી મનુષ્યપણું કાયમ રહેતુંજ નથી, જેથી મારો ટેક પૂર્ણ થતાંજ આપને ઉત્પન્ન થયેલો કામરોગ નિર્મૂળ કરીશ."

આ પ્રમાણે વાત થતાં હમીરસુમરે કહ્યું—" સુખેથી તું તારો ટેક પૂર્ણ કર અને એકાંતમાં રહી મરજી મુજબ આહારાદિનો ઉપયોગ કર. હું મરજી વિરૂદ્ધ છ માસ લગી એક ડગલું પણ ભરીશ નહીં." એમ કહી તેણીની માગણી પ્રમાણે મકાન ખાનપાન ધન અને દાસ દાસી માટેનો ઉત્તમ બંદોબસ્ત કરી દીધો. અને તેણીએ પોતાનો ટેક જાળવવા યોજેલી ઉત્તમ યુક્તિ પાર પડવા માટેનું પ્રથમ પગથિયું કાયમ થયું માની પરમાત્માનો અતિ આભાર માન્યો.

તે પછી તેણીએ ફક્ત શ્વેત પોશાક, સાત્વિક આહાર એટલે ખીર ભોજન અને અહેવાતનની નિશાની યોગ્ય શૃંગારનોજ ઉપયોગ કરવો શરૂ રાખી અન્ય સર્વ ખાનપાન ગાનતાન આદિનાં વિધાન તજી દીધાં, તથા પતિના ચરણમાંજ પોતાની અડગ સુરતા લગાવી જામેલા કષ્ટ વાદળને વિંખેરી નાખવાની યુક્તિ શોધવી શરૂ કરી, અને છેવટ એજ યુક્તિ ઉપર નિશ્ચયાત્મક વિચારણા કરી પોતાના ધર્મભાઇ જુનાગઢના રાજા રાહ નોંઘણ ઉપર યુક્તિ પૂર્વક પત્ર લખી તે પત્ર પૈસેથી લલચાવેલી એક દાસી દ્વારા સાંઢણી સ્વારને બોલાવી તેની સાથે તાકીદે જુનાગઢ પહોંચતો કરાવ્યો.

જ્યારે રાહનોંઘણે તે પત્ર વાંચ્યો તો તેમાં એવી બિના હતી કેઃ—" ધર્મબન્ધુ રાજેશ્વર ! મારા પિતાએ જે આપની કીમતી સેવા બજાવી છે, તે આપશ્રીની જાણ બહાર નથી; છતાં પણ કદાચ રાજ્યમદના લીધે તે બેસરતમાં રહી ગઈ હોય તો તાજી યાદીરૂપ કરૂંછું કે–જ્યારે આપશ્રીના પિતાશ્રી રાહ **મહીપાળજીએ** પાટણ-પતિ સોલંકી રાજની રાણિયો ને કુંવરિયો સોમનાથજીના **દર્શનાર્થ** જતીઓ હતી ને તેણીઓનું કંઈ અપમાન કર્યું હતું, એથી ગુર્જર-પતિ સોલંકી દુર્લભરાજ ચડી આવી પિતાશ્રીને તેણે પરલોક યાત્રાએ મોકલ્યા, ત્યારે આપશ્રી ને આપનાં માતુશ્રી આપશ્રીની જીંદગીને સલામત રાખવા નાસી મારા પિતાને ત્યાં પૂર્ણ વિશ્વાસને લીધે ગુપ્ત સ્થળ કરીને નિર્ભય થયાં હતાં; છતાં પણ સોલંકીએ કબજે કરી લીધેલા જુનાગઢમાં મૂકેલા થાણદારને તે ગુપ્ત સ્થળની બાતમી મળી, કે તુરત મારા બાપને સરકારી કામ બાબત–સંબંધે પૂછવાને બહાને બોલાવી થાણદારે કેદ કરી લીધો અને પૂછ્યું કે–' તારે ત્યાં કુંવર નોંઘણ છે તેને એકદમ અમારે હવાલે કર, નહીં તો તારો ને તારા કુટુંબનો ઘાણ વાળી દઇશ; માટે જે હોય તે સાચું કહી કુંવરને અહી બોલાવી આપ. '

દેવાઇતે–મારા બાપે કહ્યું–' મને પૂરી ખબર નથી; તો પણ મારે ઘેર કાગળ લખું છું. જો કદાચ મારા ઘરનાં માણસોએ તેને સંતાડયો હશે તો તુરત તે મોકલી દેશે, ' એમ કહી તે કાગળ ખેપિયા મારફત મારા ભાઇ ઉગા ઉપર મોકલ્યો, અને તે કાગળ પહોંચતાં ઉગે વાંચ્યો તો તેમાં એવી ખુબીથી એકજ સમસ્યા રૂપ સોરઠો હતો કેઃ—

ગાડું ગાલણુગા, ગાડીવત રાખે ગળે;
બાંકી ખૂબલિયાં, જે ઉચેટિયે ઉદ્દાઉત.

મતલબ એ હતો કે હે ઉગા દીકરા! હવે ગાડું ગારામાં ગળી બેઠું છે; માટે ગાડીતને આપણે ગળે રાખવાનો છે, તો હે ઉદ્દાના દીકરાના દીકરા! તારો બાહુ ખૂબ દઇને ઉચક, કે જેથી ખૂતેલું ગાડું રસ્તે પડે. આમાં ધ્વની એ હતો કે કુંવરને આપણા શિર સાટે સંતાડયો છે છતાં તે જાહેરમાં આવેલ હોવાથી તેને બચાવા તું તારૂં માથું આપી અર્થાત્ તુંજ કુંવર થઈ મ્હોંતને માંગી લે, તો કુંવર ઉગરે અને આપણો સત્ય ધર્મ સચવાતાં અચળ કીર્તિ રહે. આ બિના ઉગાને સારી રીતે સમજાઈ તેથી તેજ મુજબ આત્મભોગ આપી પોતાના રાજાના કુંવરને બચાવા નિશ્ચય કર્યો. જો કે તે ઉગો તુરતનોજ પરણેલો હતો; એટલુંજ નહીં પણ હજુ હાથેથી મીંઢળ પણ છોડવામાં નહોતું આવ્યું; તથાપિ સંસારસુખની કસી પરવાહ ન કરતાં રાજ્યભક્તિ અને વિશ્વાસપાત્રતાનો સાચો રંગ કરી બતાવી દુનિયાને ધડો આપવા ઉગો કુંવરનો પોશાક ધારણ કરી થાણદારની હજૂર જઇ પહોંચ્યો કે તુરતજ તેને તરવારને તાબે કરી દેવામાં આવ્યો. આવું થતાં આપશ્રીનો જાન બચવા પામ્યો હતો. તેમજ તે પછી દશે વર્ષે મારા બાપે ન્યાતને એકઠી કરી તેની સમ્મતી મેળવી મારાં લગ્ન જુનેગઢ કર્યાં. તે લગ્ન પ્રસંગે ઘણા આહિરોને ધારેલી મસલત મુજબ એકઠા કરી જુનાગઢે મારો બાપ આપશ્રીને લઈ ગયો ને થાણદારને નોંતરી તેને કતલ કરી નાખી તેણે આપશ્રીને જુનાગઢની ગાદી સુંપરદ કરાવી છે માટે તે બધું યાદીમાં લાવી મારી વ્હાર કરો; કેમકેઃ—

તું નુંતે જે ન હોય, તે તું હુંતે હુઇ;
વીર વિમાસી જોય, નોંઘણ નવ સોરઠના ધણી.

મતલબ એજ કે—હે નવ વિભાગવાળા સોરઠના ધણી વીરા! જે તારી હયાતીની ગેરહાજરીમાં પણ ન થાય તે બિના તારી હાજરી છતાં થવા પામી માટે જરા ઉંડો વિચાર કરી મને છોડાવા આવ, કે બધી બજાવેલી સેવા સાર્થક થાય. ધ્વની એ હતો કે જેણે દીકરાનું માથું આપી તારૂં માથું બચાવી સોલંકીરાજના શત્રુ થઈ થાણદારને મારી મહાન્ જોખમ વ્હોરી લીધું, તેની દીકરી ઉપર આવો જુલ્મ તારી હયાતીમાંજ થયો છે એ અતિશય શરમાવા જેવું

થયું છે માટે તાકીદે મને બચાવી આવેલા દોષને દૂર કર કે જેથી અમર નામના રહે.”

આ પ્રમાણેની બિના ધ્યાનમાં આવતાંજ રાહનોંઘણે તુરતજ ભારે લશ્કર સહિત સિંધપર ચઢાઇ કરી, અને હમીરસુમરાને હરાવી પોતાની ધર્મબ્હેનને કષ્ટમાંથી મુક્ત કરાવી. તથા પોતાનો યશ અને બ્હેનનું સતીપણું કાયમ રાખી પાછી જુનાગઢ તરફ સ્વારી ચલાવી સહ જાસલના પતિ સહિત જુનાગઢે આવી પહોંચ્યો.

સતી શિરોમણિ બાઇ જાસલ પોતાના પતિના વિયોગથી કષ્ટ વેઠી હાડપિંજર જેવી બની રહી હતી કે તેણીએ પતિની લીધેલી ભેટ વખતે પતિજ તેણીને પૂર્ણ ઓળખી શક્યો ન હતો; કેમકે ખાનપાન માત્ર નામતુંજ કરતી હતી, તેમજ પતિપદમાંજ લગની લાગી રહી હતી, તો પછી તેવી ધ્યાનસ્થ સતી સ્ત્રીની વિયોગિની અવસ્થામાં યોગિનીની દશા થાય એમાં નવાઈ જેવું પણ શું હોય? વ્રત અખંડ રહવું એ તો શિરને સાટેજ છે. કહ્યું છે કેઃ—

“ આશક નટ સાધન સતી, શૂરા સહેઓ સ્હેલ ?
અરા પરીકી બાત નહીં (યે) ખરાખરીકો ખેલ !”

સારાંશ એ કે–સાચા આશક થવું, નટની રમત કસરતો શીખવી, દેવસાધન કરવું, સતી થવું અને સ્હામી છાતીએ ઝટકા-જખ્મ સહન કરી શૂરા થવું એ શું સ્હેલ છે ? ના! કંઇ જેવીતેવી વાત નથી, પણ ખરાખરીનો ખેલ છે. એથીજ સતી જાસલબાઇએ જીવના જોખમ સાટે આદરેલું શીળવ્રત અખંડ રાખવા ઘણું કષ્ટ વેઠતાં છેક શરીર સૂકાઈ વિરૂપદશાવાળું થઈ ગયું હતું, જેથી પતિયેજ તેણીને ઓળખવામાં થોડી પળ લગણ ભૂલ ખાધી હતી. તે પછી દંપતી પૂર્ણ પ્રેમ સહિત હળ્યાં મળ્યાં અને અચળ વ્રત સાથ જીંદગી પૂર્ણ કરી સ્વર્ગને પાવન કરવા સ્વર્ગલોક તરફ પળ્યાં. સતકોટી ધન્યવાદ છે કે જેણીએ રાજ્યવૈભવ પ્રાપ્ત થયા છતાં પણ એક ગરીબ આહિરનીજ સેવામાં હાજર રહી દુઃખી અવસ્થામાંજ જીંદગી ગાળવા દૃઢ વિચારણા રાખી!

વાંચનારી! હિંદવાસિની સમસ્ત કોમ–ધર્મવાળી સુશીળ બ્હેનો! જરા આ જાસલબાઇની કરણી ધ્યાનમાં લ્યો અને ગરીબ દુઃખી દુરાચારી કે કદરૂપો પતિ મળ્યો હોય; તોપણ તેજ પતિની સત્ય સેવા બજાવી સતીત્વને શોભાવો કે જેને લીધે તમારી પણ અમર

કીર્તિ થાય. તેમજ પ્રિય પવિત્રાશયી ભ્રાતાઓ અને માતાઓ ! તમે દેવાઇતના દાખલાથી વાકેફ થઇ પોતાના રાજ્યકર્ત્તાને પોતાનાં વ્હાલાં ફરજંદોના જીવનો ભોગ આપી સંકટમાંથી મુક્ત કરી તેની અત્યંત આબાદી ચાહો કે જેના પરિણામમાં આપને રાજ્યકર્ત્તા પૂર્ણ વિશ્વાસપાત્ર માને અને પૂર્ણ ન્યાય સાથ સુખસંપત્તિ બક્ષે. **રાજ્યની આબાદીથી પ્રજાની ને પ્રજાની આબાદીથી રાજ્યની જડ ઘણી ઉંડી જામી દીર્ઘજીવનતા પ્રાપ્ત કરે છે. નહીં કે પ્રજાને ત્રાસ દેતાં રાજા વિશેષ વિલાસને પામવા ભાગ્યશાળી થાય? પીછાં વડે મોર ને મોર વડે પીછાં શોભા પામે છે. ખેતર રાખે વાડને તો વાડ રાખે ખેતરને સિંહને વનનું અને વનને સિંહનું બળ હોય તોજ બન્ને સુરક્ષિત સાથ અમન ચમન કરે છે.** માટેજ પરસ્પરના ધર્મ પાળી અત્યાનંદ અનુભવી વિજયવંત થાઓ.

ધર્મવીર સતી લક્ષ્મીદેવી.

આ પુન્યશાળી જયશાળી વિમળ સતી વીર વિક્રમની અગ્યારમી સદીમાં વિદ્યમાન હતી. એણીનો જન્મ વીરપ્રસવિની ભવ્ય મરૂધર ભૂમિમાં થયો હતો, તથા એ મારવાડના રાજા **મહેંદ્રરાજની** બહેન અને અણહીલપુર **પાટણ**પતિ સોલંકી **ચામુંડરાજ**ના કુંવર **નાગરાજ**ની પ્રાણપ્રિયા હતી.

મહેંદ્રરાજે પોતાની મોટી બહેન દુર્લભદેવીના માટે સ્વયંવર મંડપ રચ્યો હતો, તેમાં **અંગરાજ**, કાશીરાજ, **અવંતીશ**, **ચેદીરાજ**, કુરૂરાજ, હૂણાધિપ, **મથુરેશ**, **વિંધ્યદેશાધિપ**, **અંધ્રરાજ** અને પાટણનો પાટવી **દુર્લભરાજ** વગેરે રાજાઓ–રાજકુંરોએ હાજરી આપી મંડપને શોભાવ્યો હતો. એ મંડપમાં **દુર્લભદેવીએ** પાટણના પાટવીને પસંદ કર્યો જેથી અન્ય રાજાઓ ક્રોધના કેદી બની જેલર દુર્લભરાજને ઘણી કનડગત કરી; પણ આખર કશું વળ્યું નહીં. તેમના કર્મવડે મળેલી સજા વેઠવી પડી. તેમજ બળતામાં ઘી હોમવા સરખો બનાવ એ બન્યો કે મહેંદ્રરાજે તો પોતાની ન્હાની **લક્ષ્મીદેવીને** પણ ચામુંડરાજના–લઘુ કુંવર નાગરાજનેજ વરાવી. એથી એઉ સ્ત્રીરત્ન

ગુર્જરી ગાદિના તાબામાં ગયાં. આ બળતરાને લીધે સંતપ્ત થયેલા હૃદય સહ પરાજિતપદ વ્હોરી તેઓ સર્વે પોતપોતાને સ્થાને ગયા અને સોલંકીકુમારો નવવિવાહિતાઓ સહિત વિજય મેળવી પાટણ પુરમાં પધાર્યા.

સતી લક્ષ્મીદેવી અને નાગરાજને અત્યંત રાગ વધ્યો એથી તે સારસડાંના જોડાની પેઠે જ્યારે ત્યારે સાથેનાં સાથે રહેવા લાગ્યાં. સાચો પ્રેમ એનેજ કહે છે કે—જે પ્રેમીઓ એક બીજાનો વિયોગ પળવાર સહન કરી શકતા નથી, એક બીજાના દુઃખમાં પૂર્ણ ખંતથી ભાગ લેછે, પ્રેમીજનના સુખવડે સુખીઆ અને દુઃખ વડે દુઃખીઆ બને છે, નિષ્કપટથી—ભેદ રહિત વર્તી એક રંગ સહિત સ્નેહગ્રંથીને સદા સજડ કર્યે જાય છે, અને વિયોગ થતાં પ્રાણનો વિયોગ કરવા તત્પર થાય છે તેજ સાચા પ્રેમીઓ સત્ય અખંડાનંદી પ્રેમસત્તાના પદાધિકારી થાય છે. નહી કે એનાથી વિરૂદ્ધ ચાલનારને પ્રેમસત્તાનો અધિકાર પ્રાપ્ત થાય છે! કહ્યું છે કેઃ—

(માન માયાના કરનારારે—એ રાહ.)

શૂરાં પૂરાં ને શુદ્ધ સંસ્કારી રે, એવાં પ્રેમી પ્રેમનાંજ અધિકારી.
મહામોદવંત હૃદય મનોહારીરે, એવાં પ્રેમી પ્રેમનાંજ અધિકારી.
નિર્મળ છે તનડાં ને મનડાં છે નિર્મળ, નયણાં વયણાં નિર્વિકારી;
નીતિ રીતિ જેની નિત્ય સુરંગી, ધીર વીર એક ટેક ધારીરે—એવાં. ૧
મારૂં ને તારૂં જ્યાં દીસે ન કોઈ દિન, સતત અભેદતા સ્વીકારી;
દ્વેષ ક્લેશની ન લેશ લાવેજ લાગણી, સ્નેહમય ચિત્ત સૌખ્યકારીરે. એવાં.૨
અંદર ઉપરનો રંગ એક સરખો, દેખાય નિત્ય દુઃખહારી;
વધઘટ પ્રેમરંગમાં ન વિલોકિયે, સરખી સ્થિતિ નિરધારીરે. એવાં. ૩
મિત્રના દુખેથી દુખિયાં બનીને, આપે મદદ અતિ સારી;
મિત્ર સુખેથી સુખિયાં બને બહુ, ઉત્તમ પ્રશંસા ઉચારી રે. એવાં ૪
પ્રભુની પ્રભાનાં પ્રતિનિધિ રૂપ એ, પરમ પૂજ્ય પ્રેમપથવિહારી;
પૂર્ણચંદ્ર કહે એવાં પ્રેમી મળે જો, વારેવારે હું તો જાઉં વારીરે. એ. ૫

(છપ્પય—છંદ.)

નથી નીપજતો પ્રેમ—વાડીમાં પાણી પાતાં,
નથી નીપજતો પ્રેમ—તેલ ચોળ્યાથી તાતાં;
નથી નીપજતો પ્રેમ—ગાંધી દોસીના હાટે,
નથી નીપજતો પ્રેમ—ખોળતાં વાટે ઘાટે;

નથી મળતો પ્રેમ નિહાળતાં–ગુજરી ગામોગામની;
કહે **નરભો** પ્રેમ પૂરણ મળે–કૃપા હોય શ્રીરામની.

કહેવાનો ભાવાર્થ એટલોજ છે કે જે પ્રેમના સંસ્કારી હોય તેનેજ પ્રભુ કૃપાથી પ્રેમરાજ્યની ગાદી આબાદી સાથે પ્રાપ્ત થાય છે. જુઓ, પ્રેમીદંપતી પ્રેમસત્તાનાં અધિકારી હોવાથી તેઓ કેવાં સ્તુત્ય કાર્ય કરવામાં મસ્ત બન્યાં ?

એક દિવસ ખાનગી મંડળી સહ નાગરાજ અને લક્ષ્મીદેવી વસંતક્રીડાનો આનંદ લેવા વનનિકુંજની અંદર ગયાં હતાં. તે સમય વનલક્ષ્મીની લીલાવડે લલિત લાગતી કુદરત બહારને નિહાળતા નિહાળતાં દંપતિ એક વડના ઝાડની ગહેરી ઘટામાં જઇ ડોલરના પુષ્પોની બિછાયત કરી તથા તેના હાર વગેરે ધારણ કરી ત્યાં શયન કરી વાર્તાવિનોદ અનુભવવા લાગ્યાં, અને શીતળ, મંદ, સુગંધ પ્રતાપથી નિદ્રા દેવીના તાબામાં થઇ જતાં આધિ વ્યાધિ ઉપાધિથી દૂર થયાં.

વડના થડમાં અતિ ઠંડકને લીધે વસતો નાગ પુષ્પની સુવાસનાથી આકર્ષાઈ તે દંપતિની બિછાયતમાં આવી સુવાસનાનો મકરંદ પાન કરવા લાગ્યો, અને મસ્ત સુગંધીનો ભોગી થતાં તે પણ નિદ્રાનો તાબેદાર બની રહ્યો.

દંપતિ પૈકી નાગરાજે નિદ્રાની અંદર પાસું ફેરવ્યું જેથી નિદ્રાને તાબે થયેલો નાગ પાસા તળે ચંપાયો કે તુરત જાગ્રત થતાં ક્રોધ વશથી કહો કે પોતાનો બચાવ કરવા કહો, પણ તેણે નાગરાજને વાંસામાં દંશ દીધો, એટલે નાગરાજ ઓચિંતો અરરરાટ કરી ઉભો થયો; પણ તુરત ચકરી ખાઈ ભૂમિપર પડી ગયો. આમ થવાથી લક્ષ્મીદેવી જાગી ઉઠીને જોવા લાગી તો નાગને વડના થડ તરફ જતાં અને પતિને બેશુદ્ધિ ભેટતાં જોયો. તુરત કપાળે પ્રસ્વેદબિંદુ ફૂટી આવ્યા હતા, શરીર લીલું પડવા માંડ્યું હતું, કંપ થતો હતો, અમી સુકાતું હતું અને શરીર અસ્વસ્થતામય બનતું જતું નાડીની દુષ્ટગતિ ધારણ કરતું હતું. એ જોઇ લક્ષ્મીદેવી ગભરાઈ ગઇ, અને નાથ નાગના દંશવડે અંતિમ દશાને ભેટતા હોવાથી કયા ઉપાય વડે બચાવવા ? તે સંબંધી જરા વિચાર કરી શીળરક્ષક દેવોનું સ્મરણ કરી દંશ થયેલી જગોએ મુખ લગાડી દંશ ચૂસી ચૂસી ઝેર થુંકવા લાગી. એણીનો દૃઢ સંકલ્પ હતો કે–'અસાધ્ય જંગમ ઝેર છતાં પણ હું જરૂર તે ઉતારી શકીશ અને એમ છતાં પણ કદાચ મારૂં

ધાર્યું દુર્દૈવની દુષ્ટેચ્છાથી સફળ નહીં થશે; તો પણ આ દંશનું ઝેર પેટમાં ઉતારી પ્રાણ તજીશ કે જેથી પ્રાણજીવનના અંતવાહક શરીરનો સંગાથ નહીં છૂટે.' આ પ્રમાણે કરતાં કરતાં એણીના સબળ સંકલ્પ બળથી નાગરાજમાં પ્રસરેલું નાગનું અસાધ્ય ઝેર તો ઉતરી ગયું; પણ લક્ષ્મીદેવીના મ્હોંમાં ગરમી ઉંચી ચડવાથી ટાંકીઓ પડેલી હોવાને લીધે ચૂસેલું ઝેર તે ટાંકીમાં દાખલ થઈ તેણીના શરીરમાં પસરી ગયું અને તેણીનામાં ઝેરનાં ઉગ્ર ચિન્હો પ્રત્યક્ષ થવા લાગ્યાં.

જ્યારે નિર્વિષ થયેલો નાગરાજ પોતાની પ્રિયા તરફ જોવા લાગ્યો ત્યારે તેણીની સ્થિતિ બદલાતી જતી જોતાં તે બહુજ ગભરાયો, અને પ્રિયાનો વિયોગ થવાના ભયવડે ફાંફાં મારતો આમતેમ કંઈ દવા ખોળવા લાગ્યો; પરંતુ તુરતા તુરત ગભરાયલા જનને દવા પણ ક્યાંથી હાથ લાગે ? અને સહાયતાકારક કોઇ ન હોવાથી તેને ધીરજ પણ કોણ આપે ? અને ધીરજ રહે પણ શાની ? કેમકે જોત જોતામાં પ્રિયા અચેતન થઇ કાષ્ટવત્ બની ગઇ અને થોડીજ વારમાં સ્થૂળ શરીર છોડી તેણીના અંતરાત્મા મરજી મુજબ અન્ય શરીર ધારણ કરવાની તૈયારીમાં ગુંથાયો જણાયો, જેથી તેણે નિશ્ચય કર્યો કે—'મારે પણ એણીની સાથેજ પ્રાણ તજી સ્વર્ગને શોભાવવું.' એમ ધારી અંતદશા ન જોવાના ઇરાદાથી મ્યાનમાં છુપેલી તરવાર ખુલ્લી કરી પોતાના હાથે પોતાનું શિર અલગ કરવા તેણે હાથ ઉઠાવ્યો, કે તેજ ક્ષણે 'મરીશ નહીં' એવો ગેબી અવાજ થયો. એટલે તે આમ તેમ જોવા લાગ્યો કે 'મને મના કોણ કરે છે?' પરંતુ તપાસ કરતાં કોઈ ન જણાયું કે ફરી તેણે તરવાર ઉગામી, એટલે બીજીવાર પણ તેવોજ અવાજ થયો. તે સાંભળતાં નાગરાજ વિસ્મય પામ્યો કે—'જ્યારે જોઉં છું ત્યારે કોઇ જણાતું નથી, ત્યારે મારા વિચારમાં ખલેલ પહોંચાડવા કોણ બોલે છે?! અને બોલે છે તો ભલે બોલે. બસ મરવું છે તેને બીજી પંચાત શી ?' એમ છેવટના વિચારપર કાયમ રહી ત્રીજીવાર તરવાર ઉગામી કે પાછળથી કોઇએ આવી તેનો હાથ પકડી લીધો. એટલે તેણે પાછું વાળીને જોયું તો એક દિવ્ય સુંદરી તેના જોવામાં આવી. એથી વિસ્મય પામી પૂછ્યું કે—"તું કોણ છે? અને મને શા સારૂ મરવા દેતી નથી ?"

સુંદરી બોલી–"પણ મરવું શા માટે જોઇયે?"

નાગરાજ બોલ્યો–"પ્રાણપ્રિયાના પ્રાણવિયોગ થવાને માટે."

સુંદરી બોલી–" પણ તેતો હજું પ્રાણ રહિત થઇ નથી; છતાં તું જીવતાં છતાં કેમ મરે છે ?"

નાગરાજ બોલ્યો–" પરંતુ તે મરણની અણીપર પહોંચી છે એથી તેની અંત દશા હું જોવા ચાહતો નથી માટે પહેલેથી મરૂં છું."

સુંદરી બોલી–" પણ સ્ત્રી સારૂ શા માટે મરે છે? સ્ત્રી તો એક જતાં બીજી મળશે; પરંતુ શરીર નાશ થતાં બીજું મળનાર નથી માટે મૂર્ખાઈ કરી જીવ ન ગુમાવ."

નાગરાજ બોલ્યો–" તે ધર્મ નિસ્નેહી પુરૂષનો છે. પ્રેમી પુરૂષનો તો એ ધર્મ છે કે જોડી ખંડિત થતાં તુરત પ્રાણને પરલોક પહોંચાડવો. **જે પ્રેમીજનનો વિયોગ થયા છતાં જીવે છે તેને અનંતાનંત ધિક્કાર છે.** મારા ગૃહરાજનો મુખ્ય પ્રધાન ગત થતાં, મારા મનમંદિરની અધિષ્ઠાયિકા જતી રહેતાં, મારા અરધા અંગનો નાશ થતાં, મારા પ્રેમીપંખીડાની જોડી તૂટી જતાં, અને મારા દુઃખ સુખની ભાગિયણ દૂર થતાં મારે જીવી બીજી વરવી એ શું માનવતું કૃત્ય છે કે દાનવતું?!! છટ્, મને એવી વાત ન સંભળાવ, હું તો સાચો પ્રેમી મારા પ્રેમીપાત્રોની સાથજ વિચરીશ. નાહક શા સારૂ મારા દ્ઢ સંકલ્પમાં વિલંબનો દોષ લગાડે છે ?" એટલું બોલી પુનઃ તરવાર ઉઠાવી એટલે સુંદરીએ સાચો પ્રેમી માની કહ્યું-કે–" હવે આ મણિ અને એને પાણીમાં ધોઇ તારી પ્રિયાને પાઇ થોડું પાણી આંખ્યે નખે ચોપડી દે એટલે હમણાં નિર્વિષ થઇ જશે."

આવું સાંભળતાંજ તે તો હર્ષઘેલો બની પાણી ખોળી લાવી મણિનું ન્હવણજળ કરી તે પાણી પ્રિયાને પાયું, અને આંખ્યે નખે પણ ચોપડ્યું કે જેમ કોઈ નિદ્રામાંથી જાગી બેઠું થાય તેમ તે લક્ષ્મીદેવી જાગી ઉઠી અને એક બીજાનું મુખ જોતાં હર્ષાવેશમય બની પરસ્પર ભેટી તપેલા ચિત્તને હર્ષાશ્રુવડે શાંત કરી આનંદિત થયાં. તથા એક બીજાને જે આગંતુક પીડા નડેલી તે વિષેની બિના જાહેર કરી દિલનો ખુલાસો મેળવ્યો.

તે પછી સુંદરી સંબધી નિગાહ કરી તો તે કયાંય માલમ પડી નહીં એથી દંપતિને ખાત્રી થઈ કે કોઈ વનદેવી કે 'કોઈ ઉપકારી મહદાત્માએ આવી આપણને જીવિતદાન બક્ષ્યું; પરંતુ આપણાથી તે ઉપકારી આત્માની કંઈ પણ સેવા થઈ શકી નહીં એથી ખચિત

દિલગીર થવા જેવો પ્રકાર બન્યો છે. પણ હવે ગયા સમયને માટે શોચ કરવો એ વ્યર્થ છે.' ઈત્યાદિ વિચારી દંપતિ પોતાને પંથે પળ્યાં અને સુખશાંતિ તથા શુદ્ધ પ્રેમ સહ શીળવ્રત સાચવી આવરદાને અંતે સ્વર્ગસુખ સંગે ભળ્યાં.

પ્રિય પાઠક ગણ! શીળ અને સત્યપ્રેમનો મહીમા કેવો અને કેટલો પ્રબળ છે તે આ વાર્ત્તાથી સ્પષ્ટ જણાઈ આવે છે; માટે યોગ્ય છે કે નાગરાજ ને લક્ષ્મીદેવી સરખા સત્યપ્રેમી અને સત્યશીળ સંગી થવું કે જેથી અસાધ્ય વિપથી પણ બચાય અને દેવો પણ વગર આરાધનાએ હાજર થઈ પ્રાણસંકટ હરવા મદદગાર થાય. કહ્યું છે કે:—

સાચા પ્રેમીને સદા, કરે મદદ સહુ કોય;
સો ટચ તણા સુવર્ણ પર, સહુની મમતા હોય.

ધર્મવીર સતી બકુલાદેવી.

આ મહત્ પ્રશંસનીય પરમ પાવન સતી શિરોમણી **બકુલાદેવી**-નો જન્મ વિક્રમની અગિયારમી સદીમાં ગુજરાતની પાટગાદીના પ્રખ્યાત **પાટણ** શહેરની અંદર એક **મહાલગમના** નામની ગુણિ-કાના ઉદરથી થયો હતો, અને એણીના ઉત્તમોત્તમ શીળ વગેરે ગુણોના પ્રભાવવડે તે પ્રૌઢપ્રતાપી પાટણપતિ સોલંકી મહારાજ પહેલા **ભીમદેવ**ના અંતઃપુરનો સર્વોત્તમ શૃંગાર ગણાયો હતો; એટલુંજ નહીં પણ એણીનો કુંવર **ક્ષેમરાજ** ઉર્ફે હરિપાળ કે જે ગુજરાતનું વિશાળ રાજ્ય તરછોડી પિતુભક્તિ કરવામાં એક્કો નીવડયો હતો—એટલે કે જ્યારે ભીમદેવની સોલંકી વંશના પૂર્વજોની રીતિ કિંવા ધર્મશાસ્ત્રની આજ્ઞા મુજબ વાનપ્રસ્થ આશ્રમ અંગીકાર કરવા માટે ઇચ્છા થઇ, ત્યારે પાટવી કુંવર ક્ષેમરાજને પોતાની રાજ્યસત્તા સોંપવાની તૈયારી કરવા તેણે સર્વ સામગ્રી મેળવવા માંડી. એ જોઈ ક્ષેમરાજે વિનવ્યું કે—"આપ મારા માટે આ ખટપટ કરવાનું મોકૂફ રખાવો. હું પાટણની ગાદી મેળવવા કરતાં પિતાની સેવારૂપ પાવન પ્રસાદી મેળવવા વિશેષ ઇંતેજાર છું; કેમકે પિતુસેવા અગાડી રાજ્ય-ગાદી કશા પણ વિશાદમાં નથી. રાજ્યગાદી નરકદાતા છે અને

પિતુસેવા સ્વર્ગદાતા છે, તો સ્વર્ગ મળવાનો માર્ગ છોડી નરકે જવાનો માર્ગ દેખી પેખી કયો મૂર્ખ પસંદ કરે? માટે આપશ્રી કોઇ અન્ય કુંવરને રાજ્યસત્તા સુંપરદ કરી મને તો સાથે રાખવાની આજ્ઞા ફરમાવો કે જેથી અત્યાનંદ પ્રાપ્ત થાય.” આવું પાટવી પુત્રનું બોલવું થતાં પિતાયે તેને ન્યાય નીતિ રીતિ વગેરેના દાખલા તથા હિતશિક્ષાઓ આપી બહુ બહુ પ્રકારે સમજાવ્યો; છતાં પણ ક્ષેમરાજ તો એકનો બે થયો નહીં, ને સાથે રહેવાનીજ જક પકડી લીધી, એથી આખર રાણી ઉદયમતીના ઉદરથી ઉત્પન્ન થયેલા કુંવર કર્ણરાજને રાજ્યગાદી સોંપી રાજ્યની આબાદી કાયમ કરી. તાત્પર્ય એ કે-એ સતીનો પુત્ર પણ મહાન્ પિતુભક્ત નીવડયો હતો.

ભીમદેવ પછી રાજ્યનો ખરો વારસ કાયદા મુજબ ક્ષેમરાજજ હતો, તથાપિ પિતુભક્તિનો આનંદ મેળવા તેણે પોતાનો હક્ક ઉઠાવી લઇ કર્ણને ગાદીવારસ થવા દેવામાં સામેલ રહ્યો; પરંતુ કર્ણપુત્ર સિદ્ધરાજ અપુત્રિયો થવાને લીધે પુનઃ ગાદીવારસ ક્ષેમરાજનો પ્રપૌત્ર કુમારપાળજ થવા પામ્યો હતો. જો કે સિદ્ધરાજે કુમારપાળને રાજ્યનો વારસ તથા પોતાથી વિશેષ પ્રતાપશાળી થનાર જાણી મારી નાખવાના અનેક ઉપાય અમલમાં લીધા હતા; કેમકે કુમારપાળ બકુલાદેવીની સંતતીથી પેદા થયેલો છે; માટે તે નીચકુળી મારી ગાદી પર ન આવે તો સારૂં, એવો તેના મનમાં મોટપણાનો ગર્વ હતો; પણ ભાવિ અગાડી તેના મનોરથ હવાનેજ શરણ થયા. આથી એ પણ સાબેત થાય છે કે બકુલાદેવીથી પેદા થયલી પેઢી દર પેઢીદાર સંતતી પણ મહાન્ પ્રતાપશાળી નીવડેલ છે.

કહેવાય છે કે—ભીમદેવને કોઇ જાસૂસ મારફત એવી ખબર મળી કે-“બકુલાદેવી નામની વારાંગના ઘણીજ ખુબસુરત અને ગુણવાન્ છે, અને રાજાને યોગ્યજ છે,” આ ઉપરથી તેણે સવાલાખની કીમતનો કટાર સેવક સાથે મોકલાવી તેણીને ઘરાણે લઇ લીધી હતી. પરંતુ તુરતજ ભીમદેવને માળવા પર (ભોજનો પરાજય કરવા) ચડાઇ કરવી પડી હતી. અને એ કામમાં બે વર્ષ વીતી ગયાં હતાં; છતાં તેટલી મુદતમાં બકુલાદેવીની પરીક્ષા કરવા કેટલાક જણાઓએ ખટપટ મચાવી હતી; પરંતુ તેણીએ ભીમદેવ વિના સ્વપ્નમાં પણ અન્યની ઇચ્છા કરી ન હતી, અને પ્રોષિત પતિકા—સ્ત્રીની પેઠે પતિચરણમાંજ લગની લગાડી ખાનપાનના સ્વાદ, શૃંગાર, ગાન તાન વગેરેનો ત્યાગ કરી સત્યશીળ રત્નને સાચવ્યું

હતું. અને આ ગુણથીજ રંજન થઇ ભીમદેવે પોતાના અંતઃકરણ રૂપી ગુપ્ત અને અમૂલ્ય અંતઃપુરમાં તેણીને દાખલ કરી રાણીનો સર્વ વૈભવ–માન–મરતબો બક્ષ્યો હતો; એટલુંજ નહીં પણ તેણીને પોતાનું મન તન ધન આદિ સર્વસ્વ બક્ષી દઇ ભીમદેવ પ્રેમરૂપી ચોપટ ખેલવામાં મસ્ત દિલવાળો બન્યો હતો, તેમજ શત્રુઓનો મદ ગાળવામાં પણ ભીમરૂપ સમર્થશેખર થયો હતો– એ સર્વ તેણીના ઉત્તમ ગુણનોજ ગુપ્ત પ્રભાવ હતો. અને તેણીએ રાજ્યવૈભવ વિલાસનું ને પતિસુખ સંબંધીનું સ્તુત્ય સુખ સ્વાધીન કર્યું હતું; એમજ નહીં પણ ભીમદેવના વાનપ્રસ્થાશ્રમ સમયમાં પણ સાથે રહી સ્વર્ગ સંપાદનની સર્વોત્તમ ક્રિયા સેવન કરી પતિસહ સ્વર્ગસુખ સ્વાધીન કર્યું હતું. એથી અનંતાનંત ધન્યવાદ છે કે, જેણીએ નીચકુળ વ્યવહારવાળી માતાની કુખથી પેદા થયા છતાં આવા અત્યુત્તમ ગુણોનો ભંડાર નીવડી જુગોજુગ અમર નામ રહે તેવાં અતિ પ્રશંસવા લાયક કામો કર્યાં!

પ્યારા વાચકો! હીરાની ખાણમાં તો હીરો નીપજે એ કંઈ નવાઇ જેવું નથી, પણ કોલસાની ખાણમાંથી કીમતી કોહીનૂર ઝલકી નીકળે એ ખચિત અતિ આશ્ચર્યકારી પ્રકાર ગણાય છે. કુલિન સ્ત્રીઓની કુખથી પેદા થનારી પુત્રીઓ તો ક્રમાનુયાયી બની શીળ સદ્ગુણ સંપન્ન રહે એ કંઇ વિશેષ નવાઇવાળો પ્રકાર નથી; પણ જ્યારે મૃગની નાભિમાં મલીન મળ વગેરેનો સંચય થઇ પેદા થનારી કસ્તૂરીની પેઠે રાજા મહારાજાઓનું મનને હરણ કરનારી નીવડે અર્થાત્ હલકા–ગુણિકાના કુળમાં પેદા થઇ નઠારો સહવાસ છતાં ઉત્તમોત્તમ શીળગુણ સંપન્ન નીવડે એ બહુજ નવાઇ ભરી બાબત છે; કેમકે જે વેશ્યાને ત્યાં શીળને તો સોટેથી મારી કહાડવાનો કુળધર્મ છે તેવી વેશ્યાને ત્યાં શીળનો સરસ સત્કાર થાય એ ખરેખર અતીવ આશ્ચર્યકારી પ્રકાર કહેવાય! માટેજ પુનઃ પુનઃ ધન્યવાદ દેવા યોગ્ય સતીશેખર બકુલાદેવીનું સ્મરણ કરી ઉત્તમ આચરણો આચરવાંજ ઘટે છે કે જેથી લઘુતા મટી ગુરૂતા પ્રાપ્ત થાય. શું આ સમયની અંદર એવી ગુણવાન ગુણિકાની પુત્રીઓ છે? શું એવા કદરદાન રાજ્યકર્ત્તાઓ છે? શું એવા પિતુભક્તિને પ્રાપ્ત કરવા માટે રાજ્યપ્રાપ્તિને જલાંજલી આપી ગંગાતટમાં પડી રહી દુષ્કર તપશ્ચર્યા કરનાર સપૂત પુત્રો છે? આના ઉત્તરમાં ઘણે ભાગે એજ કહેવું પડશે કે–ના કોઈ નથી–ક્યાંય નથી! અને એવા માનવો નથી તોજ

દાનવો રૂપ માનવોની મનોવૃત્તિ થવાને લીધે ભારતભૂમિની આરત ગારત કરનાર નર મળી આવવો દુષ્કર થઇ પડેલ છે. ઇચ્છિયે છીયે કે પરમપાવન પરમાત્મા! પૂર્વના સમાનજ પવિત્ર કર્મકારી માનવોને પૈદા કરી દાનવરૂપ માનવોની મનોવૃત્તિને નિર્મળ કર કે જેથી હતાશાને ભેટેલો હિંદ વિવિધ સુખાશાને સ્વાધીન કરવા ભાગ્યશાળી થાય.

—(૦)—

ધર્મવીર સતી લીલાદેવી.

આ સુશીળવતી સુંદરીનો જન્મ વિક્રમની અગિયારમી સદિમાં થયો હતો; પરંતુ કયા રાજાના અંતઃપુરમાં અને કયા શહેરમાં થયો હતો એ બિના પ્રતીતિ લાયક પ્રસિદ્ધમાં આવવા પામી નથી; તો પણ એટલું તો નિઃશંકથી કહીશું કે આ સાચી સતી માળવાના પાય તખ્ત ઉજેણુ (ધારાનગરી) ના મહારાજા ભોજ કે જે વિદ્યા વિલાસી, પંડિતોના પિતુસ્થાન રૂપ અને અત્યંત ઉદારશીળ કદરદાન હતો તેમની પટરાણી હતી. અને એણીની કસોટી કરતાં સત્ય શીળવતી કેવી રીતે જણાઈ તે બિના એવી રીતે જાહેરમાં આવેલ છે કે:—

ભોજરાજની સભામાં માઘ, ભવભૂતિ, ક્રીડાચંદ્ર, કવિશેખર, બાણ, મયુર, વરરૂચિ, દંડી, ભટ્ટી, ભાર્ગવાદિ સેંકડો સમર્થ સાક્ષરો હતા એમ બલ્લાલ કવિ ગુંચવણમાં નાખવા બતાવે છે, અને ગમે તે હો તેની પણ આપણને દરકાર નથી; માત્ર એ વાતની દરકાર છે કે એ રાજાની સભામાં માઘ વગેરે ઘણા પંડિતો હતા અને તે સર્વ કરતાં કવિ પિતામહ કાળીદાસ બહુ માન મેળવી વિશ્વવિદિત થયો હતો. આમ હોવાથી ભોજરાજ તેના પ્રત્યે વિશેષ મમતા ધરાવે એ પણ નવાઈ જેવું નથી, અને એમ હોય તેથી બીજા માનખાઉ પંડિતો કાળીદાસ કવિની અદેખાઈ કરે એમાં પણ કંઈ નવાઈ જેવું નથી; કેમકે પરંપરાથી ચાલતું જ આવેલ છે કે સ્વાર્થલંપટો પોતાનો સ્વાર્થ ન સરતાં જેનો સ્વાર્થ સર્યો હોય તેના તરફ દ્વેષની લાગણી ધરાવેજ છે; તો પછી કાળીદાસની ચઢતી રતિ નિહાળી બીજા પંડિતો બળી મરી કાળીદાસની પડતી રતિ થવા પ્રયત્ન કરે તો તે સ્વાભાવિક નિયમ જ કહેવાય; એથી એ કપટપટુતા અમલમાં લીધી કે મહારાજાને પાનબીડાં કરી આપનારી એક તરંગવતી નામની વિશ્વાસુ દાસીને તે

પંડિતોએ ધનથી લલચાવી હાથ કરી લઇ શિખવાડ્યું કે–"હે વત્સ! કાળીદાસ કોઈ પણ રીતે મહારાજા તરફથી દેશપારની શિક્ષા પામે એવી કોઈ સરસ યુક્તિ રચ કે જેથી અમારા પર મોટો ઉપકાર થાય. અમો કદિ પણ તારો આભાર ભૂલીશ નહી." ઈત્યાદિ કરી એક મુક્તહાર આપી તેણીને પ્રસન્ન કરી. એટલે તે બોલી કે—"જરા પણ ફિકર રાખવી નહીં, એ વાત મારે મન કંઈ મોટી નથી. હું થોડા જ વખતમાં કાળીદાસ માટે ઘાટ ઘડી નાખીશ." એટલું બોલી ચાલતી થઈ.

કંઇક સમય વીત્યા પછી દૈવ યોગે મહારાજા ભોજરાજ એકલોજ સૂઇ રહેલો હતો. અને અનુકૂળ વખતનો લાભ લઈ પગ ચંપી કરતાં કરતાં તે પાનબીડાં આપનારી હજૂરી દાસી કપટ વડે આંખ્યો મીંચી ત્યાંજ સૂઇ ગઇ, અને પગ લાંબા કરતાં રાજાને કંઇક જાગતા જાણી તેણી બોલી કે,–'સખી મદનમાલીની! તે દુરાત્મા કાળીદાસ દાસીના વેષથી જનાના મહેલમાં દાખલ થઈ રાણી **લીલાદેવી**ની સાથે રમણ કરે છે, તે તું સારી પેઠે જાણે છે કે?"

આ પ્રમાણે બોલવું સાંભળી રાજાએ તુરત તેણીને બોલાવી છતાં પણ તેણીએ નિદ્રામાં વ્યાકુળ થયલાની પેઠે સાંભળ્યુંજ નહીં, એથી રાજા વિચારવા લાગ્યો કે,– દિવસે જે જળોજથામાં જીવ લાગેલો હોય તે વાતજ ઘણે ભાગે આળ પંપાળ કે સ્વપ્નરૂપે બકી જવાય છે, જેથી સાબેત જ હશે કે કાળીદાસ તેવું કરતો જ હશે, હું બેઉ તરફ વિશ્વાસ હોવાને લીધે જરા પણ અવિશ્વાસ અથવા શંકાને મારા મનમંદિરમાં સ્થાન આપતો જ ન હતો; તો પણ આખર પાપ રૂપ પ્યાજની દુર્ગંધી હજારો પ્રયત્નથી છુપાવતાં છતાં પણ છૂપી ન રહેતાં જાહેર થઈ આવી. સ્ત્રીઓનાં ચરિત્ર કોણ જાણી શકે તેમ છે. ઠીક છે એ સંબધી વિશેષ ખાત્રી મેળવી પછી દોષિતને યોગ્ય દંડ દેવો જ ઘટે છે." ઈત્યાદિ વિચારી બીજે જ દિવસે રાજા કપટથી તાવ લાવી બિમાર થઇને સૂતો અને દાસી મારફત કવિ કાળીદાસ અને લીલાદેવીને બોલાવી પાસે બેસાડી રાજાએ લીલાદેવી પ્રત્યે કહ્યું કે– "પ્રિયે! મને હમણાંજ પથ્ય ભોજન લેવાની મરજી છે વાસ્તે મગની દાળ અને ભાત લાવો." એ સાંભળી સતી લીલાદેવી તુરતજ ચાંદીના પાત્રમાં તે પથ્ય ભોજન લાવી મહારાજાની અગાડી ધર્યું, એટલે તેનો અભિપ્રાય જાણવા રાજાએ પૂછ્યું કે,—

"मुद्गदाली गदव्याली कविंद्र वितुषा कथम् ?–

વીંદ્ર! રોગને નાશ કરનારી મગની દાળ છોલાં-ફોતરાં વગરની શ્યાથી થઈ છે?"

મસ્ત કવિયે રાણી સમક્ષ છતાં પણ ઉત્તર આપ્યો કે—

"**अंधोवल्लभसंयोगे जाता विगत कंचुकी**—એણીએ (મગની દાળે) ભાત રૂપી ભર્તારનો સંયોગ થતાં કાંચળી ઉતારી નાખી છે."

રાણી આ અર્થ યુક્તિને સાંભળી કવિની અગાધ બુદ્ધિ, ચતુરાઇ ધ્યાનમાં લઈ બુદ્ધિ ચમત્કૃતિને લીધે સ્હેજ મ્હોં મલકાવી મૌન્યતા ધારણ કરી રહી; પરંતુ આમ થવાથી રાજાને ઉપજેલી શંકાને વધારે પુષ્ટિ મળી જેથી તે વિચારવા લાગ્યો કે—"કાળીદાસ પણ એણી સાનિધ્ય છતાં નિઃશંકથી આવો અર્થ ઘટાવે છે. એ બેઉ સંયોગો બેઉની ગડબડનેજ પ્રકાશ કરી રહેલ છે. સ્ત્રિયોનો ચરિત્રસમુદ્ર દુસ્તર છે. કહ્યું છે કે—

अश्वंप्लुतं वासवगर्जितं च स्त्रीणां च चित्तं पुरुषं च भाग्यम् ॥
अवर्षणं चाप्यतिवर्षणं च देवो न जानाति कुतो मनुष्यः ॥

ઘોડાના પેટમાં દોડતી વખત થતો અવાજ, મેઘનું ગાજવુ, સ્ત્રીઓનાં ચિત્ત, પુરૂષનું ભાગ્ય અને ન વર્ષવું કે વધારે વર્ષવુ એટલી બાબતો દેવો પણ જાણી શકતા નથી, તો મનુષ્ય શું જાણી શકે!! એટલે પછી હું સ્ત્રીની ગડબડ ન જાણવા પામું એ પણ કંઈ નવાઈ નથી. હશે જે બન્યું તે ખરૂં. હજુ વિશેષ તપાસની જરૂર છે; કેમકે કેટલીક વખત એવા પણ બનાવો બને છે કે શંકાને લીધે બેગુન્હારને ગુન્હેગાર માની શિક્ષાને પાત્ર કરાય છે; માટે મારા હાથે તેવી મોટી ભૂલ ન થાય તો વધારે સારૂં" ઇત્યાદિ વિચાર કરી એક બે દિવસ વ્યતીત કર્યા.

તદનંતર કાળીદાસને સાથે લઈ ભોજરાજ રાજપાટિકા ફરવા માટે ગયો અને ત્યાં ભૂખથી પીડાવાનો ડોળ દેખાડવા લાગ્યો એટલે કાળીદાસે મેવો, ફળ વગેરે વસ્તુ હાજર કરી. એ જોઇ ભોજરાજે કહ્યું કે—"હું પટરાણીનું મ્હોં જોયા વગર ક્યાં ભોજન કરૂં છું!"

એ સાંભળી કાળીદાસે કહ્યું—"પણ હું પટરાણીજીનું રૂપ બતાવું તો પછી ભોજન કરવામાં કંઇ પ્રતિબંધ છે!"

રાજા બોલ્યો—"તેમ હોય તો કશી અડચણ નથી."

આવો અભિપ્રાય મળતાં વરદાયી કાળીદાસે દેવીનું સ્મરણ કરી તુરત પટરાણીનું ચિત્ર આલેખવા માંડયું અને તે આબેહુબ ચિ.

એ જોઈ રાજા વિશેષ આશ્ચર્ય અને શંકાને સ્વાધીન થયો; કેમકે રાણીના છુપા અંગમાં લાખવા-તલ-મસ વગેરેનું જે કંઇ ચિન્હ હતું તે પણ દેવીની કરામાતથી પૂરેપૂરૂં ચિત્રવામાં આવી ગયું હતું. એ જોતાં શંકા સજડ થઇ કે જો છુપાં અંગોને આણે ન જોયાં હોય તો એ ચિન્હ શી રીતે જાણી શકે ? માટે જરૂર જોયેલાં છે, હવે તો આ બ્રાહ્મણ ખાસ ગુન્હેગારજ છે; તોપણ એને મારી બ્રહ્મહત્યા વ્હોરવી એ મહત્ પાપ છે; માટે દેશનિકાલ કરવો એ અતિ ઉત્તમ છે." એવા નિશ્ચયપર આવી બોલ્યો કે:—

"કવિરાજ! તમારાં દુશ્ચરિત્રોથી નારાજ થઈ હું તમોને હાલને હાલ મારા રાજ્યની સરહદ છોડી અન્ય રાજ્યમાં ચાલ્યા જવાની તાકીદ આપું છું તે તુરતા તુરતજ અમલમાં લેવી."

કાળીદાસ બોલ્યો—"જેવો નામવારનો હુકમ" એટલુંજ બોલી ત્યાંથી જ તે રસ્તો માપી ગયો, અને પોતાના ખાનગી સ્થળમાં જઇ વખત ગુજારવા લાગ્યો.

જ્યારે લીલાદેવીને કાળીદાસને હદ પારની શિક્ષા કર્યાની ખબર પડી ત્યારે તેણીએ પતિદેવને સહજ સ્વભાવથી કહ્યું કે—"પ્રાણનાથ! કાળીદાસ કવીની સાથે આપની ગાઢી મૈત્રિ હતી છતાં એકદમ શાથી વંઠી ગઇ કે તેને દેશનિકાલ કરવો પડ્યો? ઉત્તમ જનોની મિત્રતા માટે તો કહેલ છે કે;—

'इक्षोरग्रात्क्रमशः पर्वणिपर्वाणि यथा रस विशेषः ॥
तद्वत्सज्जनमैत्री विपरीतानां च विपरीता ॥

જેમ શેલડીના સાંઠામાં દર કાતળી દીઠ વધારે વધારે રસ હોય છે, તેમ સજ્જનોની પ્રીતિ દિવસે દિવસે વિશેષ હોય છે અને દુર્જનોની પ્રીતિ એથી વિપરીત હોયછે એટલે કે દુષ્ટોની દોસ્તી દિનપર દિન કમી થતી જાય છે? વળી કહ્યું છે કે:—

शोकारातिपरित्राणं प्रीतिविस्रंभभाजनम् ॥
केन रत्न मिदं सृष्टं मित्र मित्यक्षर द्वयम् ॥

શોકરૂપી શત્રુથી બચાવનાર, અને પ્રીતિ તથા વિશ્વાસનું પાત્ર, એવું 'મિત્ર' એ બે અક્ષર રૂપ રત્ન કોનાથી રચાયલું છે? મતલબમાં એ ચિંતાચૂરક અજબ રત્ન છે!"

લીલાદેવીનું આવું બોલવું સાંભળી ભોજભૂપ તેણીને સ્પષ્ટ કહી દેવા બોલ્યો કે–" પ્રિય દેવી! મને કોઇયે કહ્યું કે કાળીદાસ, દાસી વેષથી જનાના મ્હેલમાં દાખલ થઇ તારી સાથે રમણ કરે છે એ- ઉપરથી મેં મગની દાળ" અને તારા ચિત્રાલેખન સમયની બાબત જોઇ એઉ દોષિત છો એવી પ્રતિતી મેળવી, જેથી બ્રહ્મહત્યા ન લેતાં તેને દેશપાર કર્યો, અને તારા માટે દરગુજર કરેલ છે."

લીલાદેવી હસતી ને ચમકતી બોલી કે–" પ્રિય પતિદેવ ! હું જ નિઃશંક બની. ધન્ય છે મને કે જેણીના આવા સ્વામી છો. મારો સ્વભાવ વર્ત્તન વગેરે આપથી અજાણ્યું નથી; છતાં પણ હું બીજી જગોએ રમણ કરવા ચાહતી હઇશ એ વાત શી રીતે માનવામાં આવી ! હશે જે થયું તે સારૂં થયું પણ આજે મને સતી કે અસતી (છિનાળ) પ્રમાણ પૂર્વક ઠરાવ્યા વગર અહિયાંથી કદમ લેઈ જાઓ તો આપશ્રીને મારા જ સમ છે, "

આ પ્રમાણે મામલો જામતાં રાજાએ તેણીની પરીક્ષા લેવા માટે જંગલમાંથી ઝેરી સાપ મંગાવી લીધો, ખેરના અંગારામાં લોઢાનો ગોળો તપાવી લાલ ચોળ બનાવ્યો અને ધનુષ્યની ઉપર બાણ ચડાવી એક ક્રૂર ચિત વાળાને તેણીની સ્હામે ખડો કર્યો.

તે પછી લીલાદેવી પવિત્ર જળથી ન્હાઈ, ઇષ્ટ દેવનું સ્મરણ કરી, સૂર્ય સન્મુખ ઉભી રહી હાથ જોડી બોલી કે–" હે જગના શાક્ષી સવિતા નારાયણ ! જો મેં જાગ્રત, સુષુપ્તિ કે સ્વપ્નાવસ્થામાં પણ મારા પતિદેવ (ભોજરાજા)ને તન મન વચનથી સત્ય ન માની કોઈ પણ પ્રકારે સત્યશીળ ચૂકી હોઉં તો મને દિવ્ય ત્રયીથી પરાજીત કરજો, અને શુદ્ધ શીળવતી હોઉં તો દિવ્યત્રયી વડે નિષ્ક્ષોભ રાખજો." ઇત્યાદિ સ્તુતી કરી પછી ઝેરી નાગને રમાડવા લાગી, તો તે સત્ય- શીળ પ્રભાવ વડે પુષ્પમાળની પેઠે આનંદ આપનાર થઈ રહ્યો. પછી અગ્નિમાં તપાવેલો લોખંડનો ગોળો હાથમાં લઇ રમાડવા લાગી તો તે ફૂલના દડાની પેઠે કિંવા ચંદનના પીંડાની પેઠે શીતળતા આપવા વાળો થઇ રહ્યો–તે પછી બાણ ચલાવનારે સતીપર તાકીને બાણ ચલાવ્યું તો તે પણ અટક્યા વિના પરબારૂંજ ચાલ્યું ગયું, આ પ્રમાણે દિવ્યત્રયી વડે દિવ્ય સતી સિદ્ધ થઈ ચૂકી, એટલે ભોજરાજ બહુજ શરમિંદો થઇ પસ્તાવા સાથ લીલાદેવી પ્રત્યે કહેવા લાગ્યો—

" દેવી ! શુદ્ધ સત્ય શીળવતી દેવી ! મારા પાપી મન વડે થયલા અપરાધની મને મારી બક્ષ, મારી ચતુરાઈ ઉપર પાણી ફરી

વળ્યું છે, અને મારાં જ્ઞાન, ગંભીરતા વગેરે પણ નકામાં થઈ પડ્યાં છે, કેમકે મેં નિર્દોષને શિર કૂડાં કલંક ચડાવી કંઈ કંઈ પાપી તર્ક કરી પાપથી પિંડ ભરેલ છે. તો તે માટે હવે દિલગીરી સાથ પુનઃ પુનઃ કથું છું કે મને મારા દુષ્કૃત્ય માટેની માફી આપ. ” ઇત્યાદિ કથન સાંભળી લીલાદેવીએ અતિ નમ્રતા સાથ વીનતી કરી કે—

“ નાથ! આપને ક્ષમા માગવા જેવા ફરી શબ્દ ન ઉચ્ચરવા પુનઃ પુનઃ વિનતી કરૂં છું. હું હમેશાં ક્ષમા માગવાને લાયક છું; પણ આપ મારા પાસે ક્ષમા માગવા લાયક નથી; કેમકે આપ મારા પ્રાણ-પતિ છો. મારા મુકુટમણિ છો, અને નેત્રની કીકી છો. તેમ વળી મને આ પ્રસંગ હાથ લાગવાથી આપને, મને, અને સર્વને વિ-શેષ અખંડાનંદ પ્રાપ્ત થયો છે. શંકાને ફરી જન્મ મળવાનું કારણજ રહ્યું નહીં, અને પ્રીતિમાં વિશેષ આનંદતા – ગાઢતા – તથા વિશ્વાસ-પણું કાયમ થયું છે. તેમજ કવીનો પણ વિજય થયો છે. માટે દિ-લગીર થવાની કશી જરૂર નથી; પરંતુ હર્ષવંત થવાની જરૂર છે. વળી ક્ષમા માગવાની મારે જરૂર છે કે મારા કારણને લીધે આપના અંતઃકરણને કેટલીક દુઃખ લાગણી થવા પામી હતી, જેથી હું પૂર્ણ અપરાધને પાત્ર થઉં છું, તો આપ દયાદગ કરી ક્ષમા બક્ષો કે હું વિમળ થઉં. ”

એટલું કહેતાંજ ભોજરાજ અત્યંત હર્ષાવેશમાં આવી જતાં સતીને પ્રેમાલિંગન આપી પરમ સંતોષ વચન વદી આનંદમાં મગ્ન થયો, અને એથી દંપતિ વચ્ચે ગાઢ સંબંધ જામી અપાર આનંદ પૂર્વક બાકીની જિંદગી ગુજારી જીવનનો લ્હાવ લઈ છેવટ તે સ્વર્ગ ભુવનના સુંદર અલંકાર રૂપ થયાં.

પ્રિય પાઠકો! અદેખા જનોની કેવી રીતી હોય છે? તથા લોભી માનવો, દાનવો સરખાં કેવાં દુષ્ટ કામો કરવા હામ ભીડે છે? અને રાજાઓનાં મન કેવાં શંકાશીળ હોય છે તે બધું આ વાર્તા બતાવી આપી ઉત્તમ બોધ આપે છે કે દ્વેષી જનોને માન આપી કે દૂર રહી સંતોષ આપવો, તેમજ લોભીઆઓને લાલચ વડે ખુશી રાખવાં અને રાજાઓની મહેરબાની તરફ કદી ભરૂંસો ન રાખવો. માત્ર ભ-રૂંસો પોતાના સદાચાર–સુનીતિ ઉપરજ રાખી પ્રભુ ભજનમાં લીન રહી જન્મભૂમિ અને જન્મને સફળ કરવા ખંતવંત રહેવું એજ સર્વોત્તમ શ્રેયકારી છે.

ધર્મવીર સતી સુખદેવી.

આ પરમ પવિત્ર સતી પ્રમદાનો જન્મ વિક્રમની અગિયારમી સદીમાં **ધારાનગરી** વિષે થયો હતો. તથા એણીના પિતાનું નામ **હરદત્ત** ને માતાનું નામ **પ્રવીણા** હતું, અને **શિવશર્મા** નામના કર્મકાંડી પતિ સાથે એણીનું પાણીગ્રહણ થયેલ હતું.

આ પ્રવિત્ર બાઇ સ્ત્રીઓની ચોસઠે કળામાં પ્રવીણ હતી, તથા એણીને એણીની માતા તરફથી ઉત્તમોત્તમ સુશીળતા પતિભક્તિ વગેરેનું શિક્ષણ મળેલ હતું અને પોતે જાતે પણ ઘણીજ નમ્ર, ઉદારશીળ, મિલનસાર, દૃઢ ચિત્તવંત, આસ્તિક અને સદા સર્વનું શ્રેય ચાહનારી હતી.

વ્હાલા વિવેકી વાચનાર! હમેશાં ન્હાના બાળકોને સહુથી પહેલો માતાનો જ આધાર, માતાના જ ગુણ સ્વભાવનો વારસો મળવાનો નિશ્ચય, માતાનો ખોળો એજ જ્ઞાનદાનનું બીજ પ્રકટ થનારૂં રસાળ ક્ષેત્ર તથા નિશાળ હોય છે, અને ખરૂં જોશો તો જેવી માતા હશે તેવાંજ મિજાજનાં બાળકો નીવડશે.

૧ માતા ધારી શકે તેવા રૂપ ગુણવાળું બાળક પેદા કરી શકે છે, તેમ લૂલું-લંગડું-કાણું-કુબડું-અંધ-પંગુ વગેરે કદરૂપ-ખોડથી ભરપૂર તથા દુર્વ્યસની, દુરાચારી પણ બનાવી શકે છે એટલે કે જે દિવસથી ગર્ભ રહે તે દિવસથી માતા જેવા વિચારમાં મન લીન રાખે તેવા વિચારમાંજ લીન રહેનાર બાળક પેદા થાય છે. અગર જે હુન્નરમા ગર્ભવતી માતા દિલ સાથે ધ્યાન આપે તેજ હુન્નરમાં તે બાળક પ્રવીણતા ધરાવનારૂંજ નીવડે છે. ગર્ભ સમયમાં એટલે કે, જેમ ફોટો પાડતાં બન્ને સ્થિરચિત્તવંત ને સારી આકૃતિથી ગોઠવાયલાં રહે તો તેથી જેવી સ્થિતિમાં હોય તેવીજ છબી પડે છે, તેમજ ગર્ભ રહેવાના સમયમાં જેવી ભાવના, જેવી ચેષ્ટા, અને જેવી શિકલ રાખેલ હોય તેવીજ સંતતીની ગુણરૂપ ભરી છબી

૧ મરજી પ્રમાણે સંતતી ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળાં ધણી ધણીઆણીએ આર્યબાલા શિળનિવાસિકા સ્ત્રી ડોકટર કૃત " મહિલામહોદય અથવા સ્વદેશની ચડતીનું સર્વોત્તમ સાધન " એ નામનું અતિ ઉપીયોગી પુસ્તક વાંચવા અમારી ખાસ ભલામણ છે.

પ્રસિદ્ધકર્તા.

તૈયાર થાય છે એ સંદેહ વગરની વાર્તા છે. તેમજ ગર્ભની મુદ્દત સુધીમાં માતા બહુ બોલ બોલ કર્યા કરે તો સંતતી લબાડી થાય છે, દિવસે વિશેષ સુવાનો માવરો રાખે તો ઉંઘણશી પ્રજા પાકે છે, કાજળ બહુવાર આંજે તો પ્રજા આંધળી, રૂવે તો દૃષ્ટિ વિકારવાળી, વારંવાર ન્હાય કે ઉટવણું કર્યા કરે તો દુર્બળ દેહધારી, તેલનો માલેશ કરે તો કોઢ રોગ વાળી, નખ ઉતરાવે તો ખરાબ નખો વાળી, દોડવાની ટેવ રાખે તો ચંચળ સ્વભાવની, હસવાની આદત રાખે તો હોઠ-દાંત-તાળવું, જીભ એ કાળાં અંગો થવા વાળી, ભયંકર શબ્દો સાંભળવાથી કે ઘાંટા કહાડી બોલવાથી બ્હેરી, અત્યંત પવન ખાવાથી તોફાની, કુસ્તી વગેરે બહુ શ્રમ કરવાથી મસ્તીખોર -શેતાન-દિવાની, પૃથ્વિ ખોદવાથી ડગમગતાં ડગલાં ભરનારી, અને ખરાબ લેખનાં પુસ્તકો વાંચવાથી નઠારા વિચારની પ્રજા પાકે છે. માટેજ અટકાવ આવ્યાથી માંડીને ગર્ભકાળ પૂર્ણ થતાં લગી આ બાબતોને માન્ય કરીજ રાખવી. તથા આહાર વિહારમાં જે જે નિયમો લાભકારી હોય તે તે નિયમોમાં દૃઢ નિશ્ચય રહેવું, જેથી અવસ્ય પોતાને પસંદ પડનારી વિશ્વવિદિત પ્રજા પેદા થશે-થાય છે, કહેવાનો સારાંશ એજ કે માતા, પોતાનાં બાળકોને જો ગર્ભ સમયથી માંડી સમજદાર થતાં લગી સારી ભાવના સહિત હિતકારી શિક્ષણ આપવામાં ખંતદાર રહે તો બેશક પ્રજા સ્વભાવથીજ માની તરફ પ્રેમ લાગણી ધરાવનારી અને કોમળ મનવાળી સારી નીવડીજ શકે છે.

પરંતુ અફશોષનું મુકામ છે કે-આજકાલની અભણ અને અર્દ્ધદગ્ધ ભણેલી સ્ત્રીઓ આયુર્વેદની આજ્ઞાને વ્હેમરૂપ માની પોતાની મરજી મુજબ વર્ત્તન રાખી તથા ગાળો તુંકારા બોલતાં શિખવાડી, કોઇને કંઇ ન આપવાની કંજુસાઇનો પક્કો પાઠ ભણાવી, અને પોતે દુરાચાર, દુર્ગુણોમાં વર્તી પોતાનાં બાળકોના મનપર તેવીજ છાપ પાડી રહેલ છે, ત્યાં પછી કહેવાનુંજ શું રહ્યું ?! જેણીઓને સારી સંતતી બનાવી પોતાની કુખને કેમ ધન્યવાદ મળે તેવી લાગણીજ નથી તેણીઓને તો આ બધું ભેશ અગાડી ભાગવત ભણવા સરખુંજ ભાસશે, છતાં પણ જો કદિ આ લેખકનાં વચનોપર અમલ કરવા કૃપા કરશે તો બેશક આનંદ મળ્યા વિના રહેશે નહીં.

આર્ય છતાં અનાર્ય જેવી બની બેઠેલી બહેનો ! જરા ધ્યાનમાં લ્યો કે જ્યારે સુખદેવીની મા પ્રવીણા પોતાની પ્રજાને સદાચારી બના-

વામાં પ્રવીણ હતી ત્યારેજ પુત્રી સુખદેવી સર્વ સુજનોને સુખકારી ઘડો આપનારીજ નીવડી હતી. જેવું ખેતર, જેવું બીજ, અને જેવી ઉછેરવા–ઉગાડવાની માવજત તેવાંજ ફળ પાકે છે એ જગજાહેર છે! જુઓ, સતી સુખદેવી કેવી ધન્યવાદનું પાત્ર થઈ રહી? ને શા કામને લીધે થઈ? તે નીચેની બિના વાંચી માહેતગારી મેળવોઃ—

એક દિવસ ભોજરાજા છુપાવેશથી રાત્રિની અંદર નગર ચર્ચા જોવા નીકળ્યો હતો, તે ફરતો ફરતો બ્રાહ્મણના નિવાસસ્થળમાં જઇ પહોંચ્યો અને ત્યાંના એક ઘરમાં અચિંત્ય મહીમાવંત બનાવ બનતો તેની નજરે પડયો એટલે તે મસ્ત બની આર્યમહીલાઓને અનંતાનંત ધન્યવાદ દેતો ઉભો રહ્યો હતો.

વ્હાલા વાંચનાર! જે ઘરમાં પ્રશંસવા લાયક બનાવ બનતો હતો, તે ઘર બીજાનું નહીં; પણ આપણી પ્રશંસનીય આર્યસતી સુખદેવીનુંજ હતું અને ત્યાં એ બનાવ બન્યો હતો કે—પતિભક્તિપરાયણ સુખદેવીના ખોળામાં માથું મૂકી પવિત્ર શિવશર્મા નિદ્રાને તાબે થયો હતો, એ દરમ્યાન તેણીનો એકનો એક પુત્ર **વિષ્ણુશર્મા** કે જેની ઉમર ફક્ત બે વર્ષનીજ હતી તે ઉંઘમાં આળોટતો આળોટતો અગ્નિકુંડ પાસે જઇ પહોંચી તે અગ્નિકુંડની અંદર ગબડી પડયો; છતાં પણ પતિભક્તિપરાયણ સતી સુખદેવી પતિની સુખ નિદ્રાનો ભંગ થવાના ભયથી ન ઉઠતાં જેમની તેમ બેસી રહી વિશ્વદેવને વીનવતી હતી કે—

"હે પ્રભો! તેજમૂર્ત્તિ! યજ્ઞેશ્વર! તું સમસ્ત કામોના સાક્ષીરૂપ અને સંપૂર્ણ ધર્મને જાણનાર છે એથી વધારે વીનવવાની જરૂર નથી; કેમકે હું પતિભક્તિમાં લીન હોવાથી સ્વતંત્ર ન છતાં મારા બાળકનો બચાવ કરવા સમર્થ નથી. જો બાળકને બચાવા જઉંછું તો મારો પતિસેવારૂપ સત્ય ધર્મ બચી શકતો નથી. મને બાળક બહુ પ્યારૂં છે; તથાપિ તેના કરતાં પતિસેવા અત્યંત પ્યારી છે માટે તે સેવા તરફ નિઘાહ રાખી તું દાહક શક્તિવંત પ્રજ્વલિત છતાં મારા મુગ્ધ ને નિર્દોષિ બાળકને બચાવ." વગેરે પ્રાર્થના કરી. એથી સર્વને બાળી ભસ્મ કરનાર અગ્નિ પણ સુખદેવીના શીળની પ્રશંસામાં મસ્ત થઇ રહ્યો અને એક ઘડી તેણે લગી તે બાળકને કંઈ પણ ઇજા કર્યા વગર આનંદમાંજ રાખ્યો. અહા! શીળનો મહીમા પણ અકથનીયજ છે!!

જ્યારે પોતાની મેળેજ શિવશર્મા જાગી ઉઠયો ત્યારે સતી સુખદેવી પતિની આજ્ઞા માગી અગ્નિકુંડમાં પડેલા પ્યારા બાળકને બહાર કહાડી લેવા ગઈ, અને બાળકને લઈ પાછી પતિ પાસે આવીને બેઠી, તથા બાળકને અગ્નિદેવે પણ બચાવ્યો વગેરે વાર્ત્તા કહી સંભળાવી. આથી શિવશર્મા અત્યંત આનંદ પામ્યો અને એવી સતીસ્ત્રીનો પતિ થયેલો હોવાથી અહોભાગ્ય માની પ્રભુપ્રાર્થનામાં લીન થયો.

આ બનાવના જોવાથી ધારાપતિ ભોજરાજ તો છક જ થઈ ગયો અને શીળનો મહીમા વિચારી સતીસ્ત્રીની પતિભક્તિ તરફની શુદ્ધ મમતા માટે અપાર ધન્યવાદ દેવા લાગ્યો—એટલુંજ નહીં પણ પ્રભાતે સભાની મધ્યમાં તે બિનાને લગતું એક ચરણ રચી પદપુર્તીથી આનંદ મેળવી પછી તે દંપતિનાં દર્શન કરવા પરિજન પુરજન સહિત જઇ તેઓને ધનાદિની ભેટવડે પૂર્ણ સંતોષ આપી કૃતાર્થ થયો હતો.

ઉપરની પદપૂર્તિ એ હતી કે "**हुतासनश्चंदनपंकशीतल!** અગ્નિચંદનના ગારા સરખો શીતળ થઈ ગયો! એ શાથી ?" એના ઉત્તરમાં વરદાયી કવિવર્ય કાળિદાસે કહ્યું કે:—

सुतं पतंतं प्रसमीक्ष्य पावके न बोधयामास पतिं पतिव्रता ॥
तदा भवत्तत्पतिभक्तिगौरवात् हुतासनश्चंदनपंक शीतल!

પુત્રને અગ્નિની અંદર પડેલો જોઈ પતિવ્રતા—સતીસ્ત્રીએ પતિને ન જગાડ્યો. તેથી તે પતિભક્તિના ગૌરવ વડે અગ્નિચંદનના ગારા જેવો શીતળ બની ગયો."

પ્યારા પાઠકગણ! આ સુબોધ વાર્તા આપણને **શું શું** સુબોધ આપી રહેલ છે? તે જરા તપાસીએ—

આ વાર્ત્તા **પ્રથમ** એ બતાવી રહેલ છે કે-માતા પિતાએ પોતાના ફરજંદને પોતાની સારી વર્ત્તણુકરૂપ પ્રત્યક્ષ પ્રમાણનો દાખલો આપી ઉત્તમ કેળવણીનું ભાન કરાવવું. **બીજું** એ બતાવી રહેલ છે કે—ન્યાયી રાજાએ ગુપ્ત વેષથી રાત્રીના વખતે પોતાના રાજ્યમાં વસતી પ્રજાને શું સુખ છે ને શું દુઃખ છે, તથા અધિકારીઓથી કેવો ન્યાય મળે છે વગેરે વગેરે જાણી લેવા નગર ચર્ચા જોવા નીકળવું જ યોગ્ય છે કે જેથી પોતાના ને પોતાના તાબાના મનુષ્યોની ભૂલથી કે બેદરકારીથી પ્રજા પીડાતી હોય તો તે ન પીડાય, અને તેથી પ્રજાને સુખ મળતાં રાજ્યનો પાયો મજબુત થવા પામે. **ત્રીજું** એ બતાવે

છે કે પ્રજાપતિયે પોતાની પ્રજાના સદ્ગુણો જોઈ રાજી થવું ને તેના ગુણો જાહેરમાં લાવી ધન વગેરેથી સંતોષ આપી વિશેષ ગુણવૃદ્ધિમાં ખંત રાખનારી પ્રજા થાય તેવી રીતિ રાખવી. નહીં કે માત્ર મેની મેની થેંકસ કહી લૂખાં લાડ બતાવવાં. **ચોથું** એ બતાવી આપે છે કે—સતી સ્ત્રીઓ પોતાના પ્રાણરૂપ ફરજંદોથી પણ પતિભક્તિને વિશેષ પ્યારી ગણે છે અને એથી અગ્નિ સરખા પાયમાલ કરનારા પણ શાંત થઈ ઉલટા આનંદ પ્રાપ્ત થવામાં મદદગાર થાય છે. **પાંચમું** એ બતાવે છે--સતી સ્ત્રીની પતિયે પણ કદર કરવી ને તેના ગુણો સંબંધી ઉંચો મત ધરાવી આનંદમાં રહેવું—નહીં કે આવી વર્ત્તણુકથી ઉલટું ગુસ્સે થઈ ધર્મનો તિરસ્કાર કરવો. વાંચનાર ! આ પાંચે શિક્ષાને કંઠમણિ ગણિ કંઠે ધારણ કરો કે જેથી ઉભય ભવમાં આનંદ મળે.

ધર્મવીર સતી પાર્વતી.

આ પરમ પૂજ્ય સતી બ્રહ્મકુમારી પાર્વતીનો જન્મ વિક્રમની અગિયારમી સદિમાં **ધારાનગરીની** અંદર થયો હતો. એણીની માતાનું નામ **સુલોચના** અને પિતાનું નામ **શિવનાથ** શર્મા હતું, અને એણીનું લગ્ન એજ નગરના રહેનાર ભૂદેવ **વિષ્ણુશર્મા** અગ્નિહોત્રી સાથે થયેલ હતું.

વિશેષ આશ્ચર્યની વાર્ત્તા તો એ છે કે:સદહું સતી સુંદરીને પરણ્યે પંદર વર્ષ થઇ ગયાં હતાં છતાં હજુ લગણ તેણીએ પરપુરૂષને તો શું પણ સવિતાનારાયણનેએ પણ પોતાનું મ્હોં દેખાડ્યું નહતું. મતલબ એકે તે પતિ શિવાય અન્યનું કદી પણ મ્હોં જોતી નહતી, અને રાત દિવસ પરમાત્મા પતિદેવની ભક્તિમાં જ તે શુદ્ધ મન વચન ને તન વડે લીન રહેતી હતી; કેમકે:—

पतिर्हि देवो गति नारीणां पतिर्बंधुः पतिर्गतिः ॥
पत्या समा गति र्नास्ति दैवतं वा यथा पतिः ॥

સ્ત્રીઓને પતિ એજ દેવ, સ્નેહી તથા ગતિ છે, અને તેના સમાન કોઇ બીજી ગતિ તથા દૈવત નથી.

न दानैः शुद्धयते नारी नोपवासशतैरपि ॥
न तीर्थ सेवया तद्वद्भर्तुः पादोदकैर्यथा ॥

સ્ત્રી પતિના ચરણોદક વડે જેવી શુદ્ધ થાય છે, તેવી દાન, સેંકડો ઉપવાસ તથા તીર્થસેવનથી પણ શુદ્ધ થતી નથી.

न सा स्त्रीत्यभिमंतव्या यस्यां भर्ता न तुष्यति ॥
तुष्टे भर्तार नारीणां तुष्टः स्यात्परमेश्वरः ॥

જે સ્ત્રીની અંદર પતિ સંતોષ પામતો નથી, તેને સ્ત્રી માનવી નહીં: સ્ત્રિયોને પતિ પ્રસન્ન થયે પરમેશ્વર પ્રસન્ન થાય છે.

આ અમૂલ્ય મહાન્ ધર્મ વાકયોને કંઠમણિ ગણિ લીધેલ હોવાથી પાર્વતી પતિદેવનેજ તન મન ધનાદિ સર્વસ્વ જાણતી હતી અને પતિની આજ્ઞા વગર એક ડગલું પણ ભરતી નહતી.

વિવેકી વાચક વર્ગ! જેવી સુશીલા પાર્વતી દેવી હતી તેવોજ પ્રસંશનીય ધર્માચરણવાળો અગ્નિહોત્રી પવિત્ર પતિ હતો. તે પણ પ્રાતઃકાળમાં ઉઠી તારાસ્નાન કરી અગ્નિહોત્રીના નિયમ મુજબ પૂજન સ્મરણાદિ ક્રિયા કરવામાં તત્પર રહેતો હતો. તથા પોતાના જ્ઞાનબળ વડેજ જે કંઇ ધનધાન્ય પ્રાપ્ત થતું તેનાવડે પોતાનું ગુજરાન ચલાવતો હતો અને અયાચીવૃત્તિ રાખતો હતો.

બ્રાહ્મણોની વખાણવા લાયક રીતિ તો એજ છે કે વિપ્રકુળમાં અવતરી વિપ્રવર્ણના નિયમ મુજબ ઉપવીત ધારણ કરી તે પછી ઉત્તમ વિદ્યા પ્રાપ્ત કરી, પોતાના કર્મ કાંડમાં મસ્ત રહી, પોતાના બેશ વિદ્યાબળ વડે શેઠ-સાહુકાર-રાજા-મહારાજાઓને નમાવી, ગુરૂપદનું નૂર જાળવી જીંદગી સફળ કરવી. તથા **'संतोषि ब्राह्मणो सूची.'** -સંતોષી હોય તેજ બ્રાહ્મણ પવિત્ર મનાય છે.' એ સોનેરી વાકયને વધાવી લઇ સંતોષવૃત્તિમાં વર્તી જગતના જીવોનું કલ્યાણ કરી આનંદમાં લીન રહેવું.

આજના નામના બ્રાહ્મણો તો બ્રાહ્મણના માટે જે જે કાર્ય કરવાની સાફ મના કરેલી છે તે તે કાર્ય કરવામાંજ કટિબદ્ધ રહેનારા છે-એટલે કે પોતાના ખટ્કર્મનાં નામ પણ ન જાણવાં, ને જાણવામાં આવે તો લોકોને બતાવવા માત્રજ તે કર્મ કરવાં, તથા કુવ્યસનોને વશ્ય થવું, ગમે તેની યાચના કરી, મિષ્ટાન્નથી ગળા સુધી પેટ ભરી, યજમાનને ગાળો આદિની પ્રસાદી આપી, તેનું અકલ્યાણ

ઇચ્છી, નીચની નોકરી ખુશામદ કરી, વૈશ્ય શુદ્રાદિની મહેરબાની મેળવવામાંજ મોટાઈ માની, રસોઇ જેવા અછાજતા ધંધા આદરી અને લોભમાંજ લીન રહી જીંદગીને જોડેથી મારી પૂરી કરવી એજ સમજેલ છે. આ સંબંધે '**સ્વદેશોદયશિક્ષાપત્રી**' માં પણ કહેવામાં આવ્યું છે કે:—

(પ્રાણીઆ ભજી લે ને કિરતાર—એ રાહ.)

આદર્યો વિપ્રોએ આ આચાર, એથી ખ્વાર થયો(આ) સંસાર.
ખટકર્મ ટાંગ્યાં ખીંટીએ ખરેખર, આચર્યાં કર્મ અપાર;
ભિક્ષાની દિક્ષા શિક્ષા ભલેરી, લીધી ન ચૂકે લગાર. આદર્યો. ૧.
પૃથ્વિમાં જે જે વિદ્યાથી પૂજાતા, તેનો કીધો તિરસ્કાર;
અવિદ્યા કોડે અંગીકાર કીધી, ભરવા પાપભંડાર. આદર્યો. ૨
નીચસેવા ને નીચવૃત્તિના, વિવિધ કરે વ્યાપાર;
દુર્વ્યસનોમાં ડુબ્યા રહે નિત, રંગે રમે વ્યભિચાર. આદર્યો. ૩
ખોળે મફતનું ખાવા ખુશી થઇ, પ્રેતતણો પરિવાર;
દાન પુન્ય ધર્મ આદિનાં પ્રેમે, બંધ કર્યાં છે દ્વાર. આદર્યો ૪
જેનું જમે તેનું કલ્યાણ કરવા, કરે ન યાદ કરતાર;
જમવામાં જો જરી નાવી મજા તો, દે ગાળો દશ બાર. આદર્યો. ૫
ધર્મોપદેશ વેદમંત્ર યજ્ઞ હોમથી, હરતા ભારતનો ભાર;
ભૂલ્યા બધુંએ ઝૂલ્યા જંજાળમાં, ખાએ મુંગો માર. આદર્યો. ૬
સત્યવક્તા સંત સાધુ સંગાથે, ખૂબ રાખે છે ખાર;
દુષ્ટ દંભીથી દિલડું દઇને, પૂરણ બાંધે પ્યાર. આદર્યો. ૭
દેશ અને દેહનું ભલું કરનારા, બદલી બેઠા આ વાર;
એથીજ દેહ અને દેશના આવા, દેખાય દુખિયા દેદાર. આદર્યો. ૮
પૂર્વજોની પેઠે ખંતવંત થઈ કરે, વેગે સ્વદેશની વ્હાર;
પૂર્ણચંદ્ર એવા વિપ્રોને પ્રીતે, પાએ પડે વારવાર. આદર્યો ૯

તેમજ પ્રમાણશાસ્ત્રો પણ કહે છે કે – "**जन्मना जायते शूद्रः संस्कारात्द्वीजोच्यते** — જન્મે ત્યારે શુદ્રજ ગણાય છે; પણ જ્યારે સંસ્કાર યુક્ત થાય છે ત્યારેજ દ્વિજ કહેવાય છે." નહીં કે બ્રાહ્મણના કુળમાં જન્મવાથી જ બ્રાહ્મણ ગણાય છે. રાવ બહાદુરને ત્યાં જન્મ લેવાથી રાવ બહાદુરનો ઇલિકાબ મળતો નથી; પણ પદવી મળવા જેવાં કામો કરે છે તો જ તે પદ પ્રાપ્ત થાય છે– તેવીજ રીતે બ્રાહ્મત્વ પદ પણ પ્રાપ્ત થાય છે.

વિષ્ણુશર્માએ તો બ્રહ્મત્વપણું પોતાના સત્કર્મ બળ વડે પ્રાપ્ત કરેલું હતું જેથી તે જગત્ પૂજ્ય થયેલ હતો, અને જોઇએ તેવી જોડી મળેલી હોવાથી અહર્નિશ આનંદમાંજ મસ્ત રહેતો હતો.

એક દિવસ ભોજરાજની સભામાં સતી સંબંધી ચર્ચા નીકળતાં ધારાપતિયે કવિશ્વર કાળીદાસ પ્રત્યે પૂછ્યું કે–"જેવી આપણા નગરમાં શિવશર્માની સતી સ્ત્રી સુખદેવી છે તેવી અન્ય સતી સુંદરી છે ?"

કાળિદાસે કહ્યું—"વિષ્ણુશર્માની સ્ત્રી પાર્વતી તેવીજ સતી અધ્યાત્મ વિદ્યાવંત છે, અને બ્રહ્મપુરીમાં રહે છે. એ સતીનું મુખ પરણ્યે પંદર વર્ષ થયા છતાં સૂર્યદેવે પણ જોયું નથી, તો અન્ય પુરૂષ જોવા પામે એતો વાતજ શી ! "

ભોજ ભૂપતિયે કહ્યું–"પણ મારે તે પરમ પાવની સતીનું દર્શન મેળવી દેહને પાવન કરવો છે, તો શો ઉપાય કરવાથી મનોરથ સિદ્ધિ હાથ લાગશે ?"

કાળિદાસે કહ્યું–"એ સતીનો પતિ કર્મકાંડી હોવાથી કોઇને ત્યાં જમવા જતોજ નથી; તેમાં પણ રાજાનું અન્ન તો જમતોજ નથી કે જમવાને બ્હાને પણ એઉને બોલાવી શકીએ. તેમ તે ધનનો પણ લાલચુ નથી–મહાન્ સંતોષી છે. એટલે પછી તેને પ્રસન્ન શી રીતે કરાય ? તથા તેને ખરી વાત કહિયે તો પણ કશો દહાડો વળે તેમ નથી; તથાપિ ઉદ્યમ આદરિયે; કેમકે–' **ઉદ્યમથી સુખ સંપજે, ઉદ્યમ સુખનું મૂળ; ઉદ્યમ કીધાથી સહુ, કાર્ય થાય અનુકૂળ.** માટે રાજસેવક દ્વારા તેને બોલાવવાની કોશીશ કરવી ઘટે છે."

કવિવરની વિચારણાને ધ્યાનમાં લઈ વિષ્ણુશર્માને બોલાવવા રાજસેવકો મોકલ્યા અને ભૂદેવના આવવાની રાહ જોતો ભોજ ભૂપતિ બેઠો.

રાજસેવક હુકમ મુજબ વિષ્ણુ શર્માને ઘેર પહોંચી–મહારાજ! આપને ભોજરાજજી ભૂપતી યાદ કરે છે માટે અમારી સાથે પધારો; એવી વીનતી કરી. એટલે સતી સ્ત્રીને તે બિના જાહેર કરી શર્માએ કહ્યું કે–"કોઈ દિવસ ભોજરાજ બોલાવતા નથી, છતાં આજ બોલાવે છે તો તેમાં કંઈ ગંભીર કારણ સમાયલું હોવુંજ જોઇએ."

સતી પાર્વતી બોલી–"પ્રાણજીવનજી! મારા વિચાર પ્રમાણે કંઈ ભેટ કરી આપની પ્રસન્નતા મેળવવા આપને બોલવવામાં આવેલ છે;

પરંતુ આપની જાણુ બહાર નથી કે રાજ્યકર્તાનું દાન લેવાથી તપોબળ નષ્ટ થાય છે. રાજાઓનાં મન હમેશાં છળથી પૂર્ણ હોય છે તેથી તેમનું દાન લેવું અયોગ્ય છે."

વિષ્ણુશર્માએ કહ્યું-"તે બાબતની ફિકર રાખશો જ નહીં. મારા સબળ તપોબળ અગાડી તુચ્છ ભેટ શી વિશાદમાં છે. પોતાનું જવાહીર ગુમાવી બીજાને નૂરવંત કરવો એ ન્યાયથી વિરૂદ્ધ છે. હું સ્વર્ગનું રાજ્ય મેળવનારને ભોજરાજ કદી માળવાનું રાજ્ય આપવા તત્પર થાય; તો પણુ તે તરફ મનને દોરૂં તેમ નથી. માત્ર તપ જપ આદિ વડે જનકલ્યાણુ કરી જીવન પૂર્ણ કરવું એજ બ્રહ્મકુળનું કર્ત્તવ્ય કર્મ છે; માટે તેને ત્યજી ભેટ ભજવી તે તદ્દન ગેરવાજબી છે. માત્ર નીતિ મુજબ રાજાશાને માન આપી તેને આર્શીવાદ દેવા જવાની જરૂર છે; કેમકે ધર્મનીતિને જાળવવી એ બ્રહ્મકુળનોજ ધર્મ છે. જ્યારે આપણે જ નીતિપર પગ મુકીએ ત્યારે પછી અન્ય વર્ણુ તેમ કરે તેમાં નવાઈ શી? પવિત્ર બ્રાહ્મણુ સદા મહારાજપદનો પરંપરાગત અધિકારી હોય છે, તો તે મહારાજા જેમ કરે તેમ રાજા કરે એ સ્વાભાવિક છે. જેથી નીતિનો પંથ કાયમ રાખવા જઇઆવું." એમ કહી રાજસેવકો સાથે વિષ્ણુશર્મા રાજકચેરીમાં ગયો અને ભોજરાજને આશિર્વાદ દઈ ઉભો રહ્યો. ત્યાં તો રાજાએ મહાન્ સત્કાર કરી આસન્ આપી પદપૂજન કરી સોનામહોરના ભરેલા બે થાળ આગળ ધર્યા.

એ જોઇ વિષ્ણુશર્માએ કહ્યું-"મને આ ધનની જરૂર નથી પણુ અખંડાનંદના ભજન રૂપ ધનની વિશેષ જરૂર છે. આ ધનથી દુઃખ-ચિંતા-ભય-વિરોધ વગેરે સેંકડો ફંદમાં ફસાવું પડે છે, અને અખંડાનંદ સુખ ધનથી તે કશું નડતુંજ નથી. આ ધનની આપને જરૂર છે, અમ વિપ્રોને તો અવિનાશી ધનની જ જરૂર રહે છે. જો આ ધન ગ્રહણુ કરૂં તો તપસાધનનો તાલ તુટી જાય છે, તો ક્ષય થનારા ધનની લાલચે મળેલી અક્ષય સંપત્તિને શા માટે ગુમાવવી જોઇયે? આપને વિવેક કરવાની જરૂર છે, તો તે જળવાઇ ગયેલ છે. માટે હવે જે મારા યોગ્ય કાર્ય હોય તે ફરમાવો કે બનતી કોશિષે પાર પાડી રૂખસદ થઈ જાઉં. યજ્ઞેશ્વર એજ અમારૂં તન મન ધન છે. અને એજ અમારો અન્નદાતા છે, માટે આપ મારા માટે નિશ્ચિંત રહો." ઈત્યાદિ કહી સ્વસ્તિવચન સહિત પોતાને પંથે પડ્યો.

તદનંતર ભોજ રાજાએ કાળિદાસ પ્રત્યે પૂછયું—"આમાં તો કંઈ દહાડો વળ્યો નહીં, તો હવે કયા ઉપાયને હાથ ધરવો જોઇયે કે જેથી સતીનાં દર્શન થાય?"

કાળિદાસે કહ્યું–"હવે માત્ર એક યુક્તિ અમલમાં લેવી સીલકે રહેલ છે, તો તે એજ કે તે સતી સાધ્વી સંન્યાસી ઉપર ઘણો પ્રેમ રાખનારી છે; માટે સંન્યાસી બની ત્યાં જવાથી દર્શન થશે; પરંતુ પ્રથમ કોઈ પ્રયત્ન વડે તેણીના પતિને પરગામ મોકલવો જોઇયે, નહીંતો તે ઓળખી લેશે તો સતીનો શાપ થશે–માટે તેનો બંદોબસ્ત કરો."

ભોજરાજે ઉમદા યુક્તિને ધ્યાનમાં લઇ બીજે દિવસ વિષ્ણુશર્માને પોતાની હજૂર બોલાવી વીનતી કરી કે–"પ્રભો! મેં કાશીવિશ્વનાથજીની બાધા રાખી હતી, તેથી ધારેલી મનોરથસિદ્ધિ સિદ્ધ થઈ માટે બસો રૂદ્રાભિષેક કરવાના છે; તો આપ ત્યાં પધારી એ કાર્ય કરો તો મોટી કૃપા થાય. આપ શુદ્ધ ચિત્તવંત–ક્રિયાવંત હોવાથી મારી પૂર્ણ શ્રદ્ધા આપ તરફ રહેલી છે જેથી પરમાર્થની રાહે પ્રાર્થના સિદ્ધ કરી મને કૃતાર્થ કરો."

આ પ્રમાણે ભોજ ભૂપતીનું ભાષણ સાંભળી 'કાલે આપને ખુલાસો આપીશ.' એટલું બોલી શર્મા પોતાને સ્થાનકે ગયો, અને ઘેર જઇ રાજાની વિચારણા જાહેર કરી. એથી સતીએ રાજાને બોધ દેવા પતિને વીનતી કરી કે–"ભલે પધારો, વિશ્વનાથજીનું દર્શન પૂજન થશે અને રાજાની પણ ઇચ્છા પૂર્ણ થશે."

આ પ્રમાણે પતિપ્રેમી પત્નિની વિચારણા જણાતાં શર્મા બીજે દિવસે રાજાની વિચારણા મુજબ રાજા પાસેથી સર્વ પૂજન સામગ્રી વગેરે લઈ કાશી ભણી વિદાય થયો.

પાછળથી ભોજરાજે સંન્યાસીનો વેષ ધારણ કરી સતી પાર્વતીને ઘેર કદમ કર્યા. અને '**भवति भिक्षान्न देही**' એવું કહી મૌન ધર્યું. એ જોઈ સતીએ સંન્યાસી પ્રત્યે વીનવ્યું કે–"મહાત્મન્! હું રસોઈ કરૂં છું માટે તૈયાર થતાં લગી આપ આ ઘર સ્હામેના શિવાલયમાં સ્થિરતા કરવા કૃપા કરો."

આવું સતીએ કહ્યું; તો પણ દર્શનાતુર ઘ્હેલો સંન્યાસી તો તે તરફ કશી દરકાર ન બતાવતાં ત્યાંજ મૃગછાલા બિછાવીને બેઠો. અને નારાયણ, નારાયણ, નામનું સ્મરણ કરવામાં મસ્ત બન્યો. એથી

સતીએ ધ્યાનદ્વારા તેની વૃત્તિ તપાસી તો વેષધારી ભોજરાજ જ જણાયો—એ જાણી રસોઈ તૈયાર થયા પછી કેરીઓની મોસમ હોવાથી સતી રસ કહાડવા બેઠી—એ વખતે ભોજરાજને ઉદ્દેશી કેરી પ્રત્યે કહેવા લાગી કે—

"रे रे रसाळफल किं सरसन्न मुच्यत् ।
आबालवृद्ध मपिशुद्ध पवित्रताय ॥
सत्यंमनः परनरा हृदयं न दृष्ट ।
किं भोजराज नृपति परदार लुब्धः ? ॥

હે રસથી પૂર્ણ—રસાળ ફળ ! તું તારામાંથી રસ કેમ છોડતું નથી ? હું બાલ્યાવસ્થાથી તે આજ દિવસ લગી પતિવ્રતા છું. હું સત્યપણે કહું છું કે પરનરને નજરથી પણ જોયો નથી, તેમ મનમાં પણ પરનરનો સંકલ્પ આણેલ નથી. તે છતાં મારા સ્પર્શથી રસ રહિત કેમ થયેલ છે ? શું ભોજ ભૂપતિ પરનારી સહોદર ને સત્યવાદી છતાં તે સત્યથી ચૂકી પરદારામાં લુબ્ધ થયો છે ? જો એમ હોય તો આમ બને, માટે જે હોય તે સત્ય જણાવ."

આટલું બોલતાં તો ભોજ નિર્મળ મનનો થઈ સતીને પગે પડી માફી માગવા ઉભો થયો, કે કેરીમાંથી પુષ્કળ રસ નીકળવા લાગ્યો. આથી શ્રાપ થવાના ડરથી ભયભીત બની પગે પડી બોલ્યો કે—"હે પૂજ્ય માતુશ્રી ? હું આપના ધારવા પ્રમાણે ભોજ ભૂપતિ આપના દર્શન કરવા માટેજ આ વેષ કરી આવેલો છું અને તે માટેજ શર્માજીને પણ મેં બહાર મોકલાવ્યા છે, તો તે છળ સંચારી ભાવના આચરણને માટે મને માફી બક્ષો અને આશીષ આપો. અંબે ! આપ જેવાં મારા રાજ્યમાં છે એથી હું મારાં અહોભાગ્ય માનું છું અને આપ જેવાંઓને જોવા અત્યાતુર રહું છું, માટે જે કંઇ અવજ્ઞા કે ચૂક થયેલ હોય તે માટે પુનઃ પુનઃ ક્ષમા ચાહું છું."

આ પ્રમાણે સ્વચ્છ મનના ભોજભૂપતિનું બોલવું સાંભળી સતી બોલી કે—"રાજન્ ! આપની વૃત્તિ મને ધ્યાનદ્વારા જણાઈ આવેલીજ હતી, એથીજ નિર્મળ મનવંત થવા ઇસારો કરવાની જરૂર પડી છે. આપ જરા પણ ભય-શંકા રાખશો નહીં અને જમીનેજ પધારો. અમો તો આપની પ્રજા કહેવાઇયે જેથી આપ સમાન અતિથિ-યજમાનની આગતા સ્વાગતા કરવી એ ધર્મજ છે. તેમ આપ

પરનારીસહોદર ને સત્યવાદી છો—એમ જાણીનેજ આજે પંદરે વર્ષે પરપુરૂષમાં ફક્ત આપનેજ મ્હોં બતાવ્યું છે. વિચાર કરવાની જરૂરજ છે કે રાજ્યકર્ત્તાના મનમાં પોતાની પ્રજા તરફ જરા પણ કપટતાવાળી વિચારણા હોય કે ન્યાયવિરૂદ્ધ કાર્ય હાથ ધરવામાં આવેલ હોય તો રસદાર ફળોમાં પણ રસ ઓછો થઇ જાય છે, તે નજરો નજર જોયોજ છે તો તે ધ્યાનમાં રાખી રાજ્ય ચલાવવું કે જેથી સુકીર્તિ દિગંત લગી પ્રસરે." [1]ઇત્યાદિ કહી જમાડી રાજાને વિદાય કર્યો.

વાંચનાર! સતીધર્મ પ્રતાપથી કેવા ચમત્કારિક બનાવો બનવા પામે છે એટલે કે સતીઓનાં મન નિર્મળ ધ્યાન વડે સ્ફટિકવત્ થઈ રહે છે કે જેના લીધે વિશ્વની વાર્ત્તા દીવ્ય દૃષ્ટિથી જાણી—જોઈ

૧ બહેરામ ગોર પાદશાહની પણ આવીજ એક વાત છે કે—"એક વખત ગરમીની મોસમમાં એક વાડીની અગાડી તે બાદશાહ જઇ ચડયો અને રખેવાળને પૂછવા લાગ્યો કે—'આ વાડીમાં દાડમ થાયછે કે?' વૃદ્ધ રખેવાળે અદબ સાથે જવાબ આપ્યો કે—'જી હા.' પાદશાહે કહ્યું—'ત્યારે મને એક પ્યાલું ભરી તેનો રસ પાઓ.' આવું સાંભળી કોઇ સારો માણસ જાણી તે રખેવાળ વાડીમાં દાડમના દાણાનો રસ લેવા ગયો અને તુરતાતુરત તેના રસનો ગ્લાસ ભરી પાદશાહ અગાડી હાજર થયો. અને તે રસનો ભરેલો પ્યાલો આપ્યો એટલે પાદશાહ તે રસ પી ગયો. તે પછી પાદશાહે રખેવાલ પ્રત્યે પૂછયું—'દરસાલ આવી જાતનાં કેટલાં દાડમ ઉતરે છે?' તેણે કહ્યું—'ત્રણસો સોનામોહોરોની કીમત જેટલાં.' પાદશાહે સવાલ કર્યો—'તમે રાજાને જકાત કેટલી આપો છો?' રખેવાળ બોલ્યો—'બાદશાહ સાહેબ અમારી પાસેથી બાગાયત (વાડીની) જમીનનો કર લેતા નથી. ખેડાણ જમીનની પેદાશનો એક દશાંશ લે છે.' બાદશાહે એટલીબધી મોટી રકમવાળી પેદાશ છતાં જગાતની માફી જાણી વિચાર્યું કે—'મારા રાજ્યમાં આવી ઘણી વાડીઓ છે અને તે દરેકમાં આવા અસંખ્ય ફળ ઝાડો થાય છે. એથી બાગની પેદાશમાંથી દશાંશ કર લેવાય તો ખજાનામાં મોટી રકમ જમે થાય. અને રૈયતને એથી મોટી ખોટ જવાની નથી, તો હવેથી એવોજ હુકમ કરૂં કે બાગોની ઉપર કર લેવો.' આવો ઈરાદો કર્યો બાદ ફરીને બાદશાહે રખેવાળને કહ્યું—'ભાઈ! એક બીજું પ્યાલું પણ ભરી લાવો તો મને બહુ આનંદ મળે.' રખેવાળ તે પરથી દાડમકળીના રસનું પવાલું ભરવા ગયો; પણ રસ ભરીને લાવતાં તેને બહુજ વાર લાગી. આવ્યા પછી બહેરામ ગોર પાદશાહે પૂછયું—'ભાઇ! તમો પહેલી વખતે ગયા ત્યારે તરતજ રસનો ગ્લાસ ભરીને આવ્યા હતા અને આ વખતે ઘણીજ વાર લાગી છતાં કંઇ રસ વધારે આણેલ નથી એનું શું કારણ?' રખેવાળે અજાણથી તુરત કહી દીધું કે—'સાહેબ! એમાં મારો વાંક નથી, પણ

શકે છે. માટે જો આપ પણ દીવ્ય દૃષ્ટિવંત થવા ખંત ધરાવતા હો તો શીળ મંત્રનું સત્ય પણે સાધન કરો, જેથી આખું વિશ્વ હાથમાં રાખેલા આંબળાની પેઠે ધ્યાનમાં લઈ શકાય. ઈચ્છું છું કે પરમાત્મા તેવીજ પ્રેરણા આપના અંતરમાં ઉત્પન્ન કરો અને સ્વદેશ સંકટ હરી જય જય વરો!

અમારા બાદશાહ સાહેબનોજ છે. હું આ વખતે રસ લેવા ગયો ત્યારે બાદશાહ સાહેબે પોતાનો વિચાર બદલેલો લાગે છે ને જુલ્મ કરવાનો ઇરાદો કર્યો છે, એથી ફળોમાંથી બરકત જતી રહી છે. પહેલી ફેરા મેં એકજ દાડમમાંથી એટલો રસ કહાડી શકયો હતો અને આ વખતે દશ દાડમ ભાગ્યાં તો પણ તેટલો રસ મળ્યો નહીં. બાદશાહના જુલ્મી વિચારોથી ફળ, ફુલ, વગેરે રસ કસ વિનાનાં થઈ જાય છે.' આવું સાંભળી બાદશાહે પોતાનો ઇરાદો બદલી દીધો અને કર લેવાનું માંડી વાળ્યું. તે પછી રખેવાળને ફરી કહ્યું કે—'ભાઈ! મહેરબાની કરી એક વખત ફરી પણ મારા માટે થોડો પણ દાડમનોરસ લઈ આવ.' તે સાંભળી રખેવાળ વાડીમાં ગયો અને પાછો હસતો હસતો તુરત રસ લઈ આવી હાજર થયો. એ જોઈ બાદશાહે પૂછ્યું —'આ વખતે છલાછલ પ્યાલું ભરી જલદી કેમ આવી શકયા?' રખવાળે કહ્યું—'સાહેબ! અજાયબ થઉં છું કે મારા બાદશાહ સાહેબે જુલ્મી ઈરાદાને પાછો ખીંચી લીધો જણાય છે કે જેથી તે અસરના લીધે ફળોમાં માલીકે બરકત બક્ષી છે. અને એકજ દાડમમાંથી આટલો બધો રસ મને હાથ લાગ્યો છે.' આ બધું જાણ્યા પછી રખવાળને માગ્યા મુજબ પૈસા આપી બાદશાહે તમામ ખરી વાત હતી તે જાહેર કરી જણાવી, એથી રખવાળ બહુજ અજાયબીને તાબે થઈ રહ્યો. મતલબ એટલોજ છે કે રાજાએ પોતાના મનના દરેક ઈરાદા રૈયતને સુખ થાય તેવીજ રીતના કરવા જોઈએ કે જેથી પોતાના રાજ્યમાં સદા સુગાળજ રહ્યા કરે. હાલમાં કાળ પડે છે તથા વરસાદ ઓછો કે વધતો થાય છતાં રસકસ વિનાની પૃથિવી રહી છે એ રાજ્યકર્ત્તાના ઈરાદાનુંજ ફળ છે, એમ આ વાત પરથી અનુમાન બંધાય તેમ છે, અને એ પણ ખરૂંજ છે કે ન્યાયી રાજાની પ્રજા પુષ્કળ રસદાર ફૂલ ફળ વગેરે મેળવી અમન ચમન ઉડાવ્યાં કરે છે. ઈશ્વર આપણી સરકારને એવાજ સારા ઈરાદાવાળી રાખો અને એથી આપણ બધા સુંદર સુખના સ્વાદ ચાખો.

ધર્મવીર સતી મીનલદેવી.

શિરોલિખિત અભિધાનવાળી પરમપુનીતા સતી વિક્રમની બારમી સદીમાં દક્ષિણના **ચંદ્રપુર** નગરની અંદર ગાદિપતિ **જયકેશી**ની રાણી **શશિરેખા**ના ઉદરથી પેદા થયેલ પુત્રીરત્ન હતું. અને ગુજરાત **પાટણ**ના મહારાજા સોલંકી **કર્ણરાજ**ની ધર્મપત્નિ, તથા વિશ્વવિખ્યાત **સિદ્ધરાજ** જયસિંહની જનેતા હતી. તેમજ રૂપ–ગુણ–ન્યાય–નીતિ–કાર્યકુશલ–સંગીત–નાચ વગેરે કળાઓથી સંપન્ન હતી, છતાં શીળની સુરંગી ચુનડી પરિધાન કરવામાં પરમ પ્રીતિવંત હતી. એ માટે અન્યના પસંદ કરેલા વરની સાથ ઘર માંડવામાં તે કંટાળો ખાતી હતી; કેમકે જે વર રૂપગુણ સદાચાર સંપન્ન હોય તે વરને પસંદ કરી પોતાનું જીવન આદિ સર્વ તેના સ્વાધીન કરવું કે જેથી કડવી ફરિયાદોને ભાગ્યે જ જન્મ મળે. આવું માનવું હોવાને લીધે તે યૌવનલક્ષ્મીને ભેટી છતાં પણ તેણીએ તે પોતાના પકડેલા નિશ્ચયને નબળો કર્યો ન હતો. જો કે માતા પિતા તો બહુ બહુ પ્રયત્ન ઉપયોગમાં લેતાં હતાં. અનેક મનુષ્યો દ્વારા અનેક રાજા મહારાજાઓની છબીલી છબિયો દેખાડવામાં આવતી હતી, ઘણા રાજકુમારોની તીવ્રઇચ્છા ભર્યા કાગળો પણ આવવા સંબંધીની વાતો કહી કહી સગાં વ્હાલાંઓ પણ તેણીને સમજાવતાં હતાં; તથાપિ તે પોતાના નિશ્ચયપર કાયમ રહી હતી.

કુદરતના બનાવની સબળતાને લીધે એકવાર તેણીને, ઉષાને જેમ અનિરૂદ્ધનો સ્વપ્નમાં મિલાપ થતાં તેજ વર વરવાની પ્રતિજ્ઞા કરવી પસંદ પડી હતી, તેમજ એક રાજાની તસવીર સ્વપ્નમાં જોવામાં આવતાં તેની જ સાથે પાણીગ્રહણ કરવાની પ્રતિજ્ઞા લેવી પસંદ પડી. એથી જેવી છબી તેણીના અંતરમાં ગુપ્તપણે આલેખેલી અને નજર અગાડી પળેપળે પ્રમોદ આપવા પ્રભા દર્શાવતી હતી તેવી જ છબી પોતાના હાથથી પ્રત્યક્ષરૂપે આલેખી લીધી, અને એ છબી કયા ભાગ્યશાળી ભૂપતીની છે એ જાણુવા અત્યાતુર બની. કહ્યું છે કે:—

"તુલસી જસ ભવતવ્યતા, તેસી મિલે સહાય;"

એજ નિયમ મુજબ તેણીનું વિચારના અંદોલન વડે સબળ વાતાવરણ થતાં એક ચતુર ચિતારો પોતાના હાથથી ચાર કલમવડે જે રાજાની છબી મીનલદેવીએ પસંદ કરી હતી તેજ રાજાની છબી

ચિત્રેલી તે લઇ રાજ્યદ્વારમાં આવ્યો અને તે છબી મીનલદેવી તરફ મોકલતાં તે હૃદયમાં રમી રહેલા રામની જ છબી જાણી તુરત આતુરતા સાથ તેણીએ તે ચિત્રકાર તરફથી ખુલાસો મેળવવાનો યત્ન આદર્યો કે—"આ કયા મહારાજજીની તસવીર છે?" ચિત્રકારે વિનયપૂર્વક જાહેર કર્યું કે—"એ છબી સોલંકી મહારાજા ને ગુજરાત પાટણપતિ કર્ણરાજની છે." આવો ખુલાસો મળતાં પોતાના હિતૈષિયોને જાહેર કર્યું કે—"આ વરને જ મારે વરવો, એવો મારો દૃઢ નિશ્ચય છે માટે જો મને વરાવી આનંદ મેળવવાની ઇચ્છા હોય તો એજ ભાગ્યભાજન ભૂપાળજીની મંજૂરી મેળવો. બાકી—બીજા કોઈ પણ નરને મારો વર બનાવવા ચાહતી જ નથી." આવો દૃઢ સંકલ્પ જાણી રાજા જયકેશીએ તેજ ચિતારાની સ્તુત્ય કલમથી સુશીળ કુમારી મયણુલ્લદેવીની આબેહુબ તસવીર તૈયાર કરાવી, તે ચિત્રકારને જ દ્રવ્યથી સંતોષી તથા પુનઃ પરિતોષ દેવાનું ઠરાવી અણુહીલપુર પાટણ ભણી વિદાય કર્યો, એથી તે ચિત્રકાર મજલ દર મજલવડે પંથ પસાર કરતો કરતો કેટલેક મહીને ગુજરાતના પાયતખ્ત પુરમાં જઈ પહોંચ્યો, અને નેકીદારની પરવાનગી મેળવી મહારાજા હજૂર જઈ મર્યાદા યુક્ત નમન કરી ઉભો રહ્યો. એટલે હજૂરિયા મારફત બેઠક લેવા ઇસારો થયો કે તે સ્થળે બેઠો અને હુકમ મળતાં બોલ્યો કે "ભૂપાલચૂડામણિ! આ સેવક એ માટે આપની હજૂર આવ્યો છે કે આપ નામવરની સુકીર્તિ દેશ વિદેશમાં જઈ પહોંચી સર્વજનોના અંતરમાં તેણીએ આપનું જ સ્મરણ, આપનાજ દર્શનની અભિલાષા, આપના જ સદ્‌ગુણોનું ગાન અને આપની જ કૃપા મેળવવાની જીજ્ઞાસા પેદા કરી મૂકી છે, એને લીધે જ છેક દક્ષિણ પ્રદેશમાંથી જયકેશી રાજાએ આપ તરફ એક ભેટ મોકલાવી છે અને તે ભેટ અન્ય નહીં પણ આ એક મનોરમાની છબી છે કે જે છબી ઉર્વશી કરતાં પણ વિશેષ પ્રકારે જોનારના ઉરમાં વશી રહેનારી છે, એણીના અગાડી તિલ્લોત્તમ તલભાર, કામદેવની રતિસુંદરી રતિભર અને રજપૂત કન્યાઓ રજભર જેવી જણાય છે; એથી જ અપ્સરાઓ હારી ગુપ્ત દેવલોકમાં જઇ છુપાઇ ગઇ, નાગકન્યાઓ પાતાળમાં પેસી ગઈ, રતિ મ્લાન મુખવાળી થઇ બિચારી બની ઠેકાણા વિનાની થઈ પડી અને અન્ય સ્ત્રીઓ સોંઘી ને સસ્તી થઇ ગઈ. તેવી અલૌકિક રૂપ લાવણ્યવતી છતાં આપશ્રીના નામપર વારી જાય છે, આપશ્રીના દેશમાંથી આવતાં પક્ષીઓને પૂછ પરછ કરી સન્માની આપ

કૃપાળુની કુશળતા પૂછી મસ્ત બને છે, અને દક્ષિણથી ઉત્તરમાં આવતી વાદળીઓ સાથે આપ નરેંદ્રને 'મને કયારે મહદ્‌ભાગ્યશાલિની કરશો?' એ સંબંધીના સમાચાર પૂછાવે છે—એ શું ઓછા મહદ્‌ભાગ્યની નિશાની છે?! કહો પ્રભો! આ કેવો ચમત્કાર!!"

ઉપર પ્રમાણે બોલવું સાંભળી, તથા પોતાની છબી અગાડી લક્ષ્મી નાચતી હતી અને બાજુપર મહાસ્વરૂપા તે રાજકન્યાનું છટા બંધ ચિત્ર હતું, તે નિહાળી પાટણનો પૃથ્વિશ કર્ણ તો તેણીના જ રૂપસ્મર્ણમાં લીન બની રહ્યો. વારંવાર ધારી ધારી છબી નિહાળ્યા પછી અતૃપ્ત નેત્ર–ચિત્તથી તે છબીનાં અત્યંત વખાણ કરી બોલ્યો કે—"પ્રિયજન! આ કઇ અનૂપમ રાજકન્યાનું સ્વરૂપ છે, અથવા તો કોઇ અન્ય પુન્યભાજન પુનીતા છે? ખચિત એનો જે પતિ થશે કે હશે એ પૂર્ણપુન્યશાળી–મહાન્ સુખી–સંસારની મધુર આનંદ લ્હેરીઓ મુક્ત મનાશે એમાં કંઇ પણ શક નથી. શું વિધિયે વિધિપૂર્વક વિવિધ લાવણ્યમય વેધકનાં મન વેધવારૂપ આ રૂપ નવરાશની વખતે ઘડ્યું હશે! કે સર્વ સુંદર સ્ત્રીઓનો સુંદર અંશ એકત્ર કરી આ એક અભિનવ અલબેલી નિર્મી હશે! અહા! મુનીઓનું મન પણ આ મોહિનીના મોહક મુખારવિંદના મધુમકરંદની મહક મળતાં સમાધિથી મુક્ત થઇ શકે એમાં જરા પણ આશ્ચર્ય નથી." ઇત્યાદિ વિચારાબ્ધિના લોઢમાં લીન થતાં રાજાએ ચિત્રકાર પ્રત્યે કહ્યું—"પણ આ છબી બતાવવામાં શું ગુપ્ત કારણભૂત રહસ્ય સમાયલું છે તે જો તમારા જાણવાની બહાર ન હોય તો જાહેર કરવાની જરૂર જોઉં છું."

ચિત્રકારેં તનમનના તાપ ટળે તેવી વાણી વદી કે—"રસજ્ઞ શિરોમણિ રાજેંદ્ર! એનો ખુલાસો મને પૂછવા કરતાં આપના મનોદેવને જ પૂછવામાં આવે તો વધારે આનંદ મળી શકે તેમ છે. શુદ્ધ અને પ્રેમી મનના સંદેશા ગુપ્તવિદ્યુતશકતીની સત્તાથી જ પરસ્પર મળ્યાં કરે છે."

કર્ણરાજે કહ્યું—"તે કહેવું યોગ્ય છે; પણ એક પક્ષી પ્રેમ કે શુદ્ધતા હોય તો મનનો સંદેશો એક બીજાને પહોંચી શકતો નથી. લોઢાને ચુંબકનું ઓળખાણ હોય, કસ્તૂરીને અગરના ધુંવાની પિછાણ હોય, સાપને પુંગીના નાદ સ્વાદનું ભાન હોય, અને પ્રેમીને પ્રેમીજનના પ્રેમનું જ્ઞાન થયું હોય તો બેશક ગુરૂત્વાકર્ષણ થતાં વાર લાગતી નથી; માટે કહેવાની જરૂર છે કે આ મારી તરફ મનના સંદેશા પહોચાડી મોહ પમાડવા કોણ શક્તિમાન્ સુંદરી છે?"

ચિત્રકારે કહ્યું—આ દક્ષિણના ચંદ્રનગરના રાજા જયકેશીની કુમારિકા આપના નામનો અખંડ જાપ જપનારી મીનલદેવીની છબી છે. અને એ આપશ્રીને પતિ કરવાની આતુરતાથી આકુળવ્યાકુળ થઈ રહેલી છે; પરંતુ જોઇતો યોગ ન જડવાથી ખાવું પીવું સુવું કે ખેલવું વગેરે છોડી ફક્ત આપશ્રીની છબી તરફ નજર જોડી જોડી જોડવાના ધ્યાનમાં લીન બની વખત વ્યતીત કરી રહેલી છે. આમ હોવાને લીધે મારે આપની હજૂર હાજર થવાની ફરજ પડી છે અને તે સાથે અન્યપણ અમુલ્ય ભેટ મોકલી છે તે પણ હાજર કરૂં છું તે સ્વીકારી આભારી કરવા કૃપા કરશો જ." એમ કહી સુવર્ણ રત્ન અને બીજી પણ નવાઈ ભરી વસ્તુઓ આગળ મૂકી.

કર્ણરાજે છબી અને ભેટ મોકલવાનું કારણ ધ્યાનમાં લઇ તથા અત્યુત્તમપાત્ર મળવાની આગાહી મળતાં અહોભાગ્ય માની હર્ષપૂર્વક માંગણી સ્વીકારી. આમ આનંદ થતાં પરિતોષ મેળવી પુનઃવિશેષ તોષ મેળવવા ચિત્રકાર પણ જે માર્ગે થઈ આવ્યો હતો તેજ માર્ગે પાછો ફર્યો. અને કેટલેક માસે ચંદ્રનગરપુર જઈ પહોંચ્યો. તથા મનેચ્છા-પૂર્ણ થયાના સમાચાર કહી પરિતોષવડે સંતોષ મેળવી પોતાને સ્થાને ગયો.

તદનંતર રાજરીતિ પ્રમાણે સ્હામે પગલે પરણાવવા મીનલદેવીને જયકેશીના અમાત્યો પાટણ લઇ આવ્યા અને શુભ મૂહુર્ત સાધી કર્ણરાજજી સાથે તેણીનો હસ્તમિલાપ કરાવી અત્યાનંદ પામ્યા.

જે વખતે મીનલદેવીનાં લગ્ન થયાં તે વખતે તેણીની ઉમર અઢાર વર્ષની હતી; તો પણ ઘણીજ ચતુર હોવાથી સર્વનાં મન પ્રસન્ન થતાં તેણીને પટરાણીનું તિલક કરવામાં આવ્યું હતું. પરંતુ કેટલાંક કારણોસર રાજાના મનમાં મીલનદેવી ઉપર અણગમો ઉપ-જવા માંડયો અને તે છેક એટલો બધો પ્રબળ થઇ પડયો કે તેણીનું મ્હોં પણ તે કદિ જોવા ચાહતો ન હતો. આમ થવાથી મીનલ-દેવીએ પોતાપર પ્રસન્નતા વધે તેવા બહુ બહુ પ્રયત્ન કર્યા. તેમજ રાજમાતા ઉદયામતીએ પણ કેઈક ઉપાય આદર્યા; છતાં પણ રાજાએ મીનલદેવી ઉપર મહેર નજર કરી નહીં. તેથી અંતે મીનલદેવીએ, તથા ઉદયામતીએ અને પટરાણીની દાસીઓએ જીવતે બળી મરવાની તૈયારી કરી; તથાપિ કર્ણ પોતાના નિશ્ચયથી ડગ્યો નહીં. એ જોઇ હિતૈષિ પ્રધાનોએ બળી મરવાનું સાહસ ન કરવા સંબંધી વીનંતી

કરી કહ્યું કે—જ્યારે આવું થવાની બિના સાંભળતાં છતાં પણ મહારાજાનું રહેમ દિલ થયું નહીં. ત્યારે મરવાથી શો ફાયદો છે ? 'જીવતો નર ભદ્રા પામશે' એ અમૂલ્ય કથન મુજબ જીવતાં હશો તો કોઇ વખતે કોઈ પણ યુક્તિ પ્રયુક્તિવડે મનેચ્છાને સફળ કરવાનો સમય સાધ્ય કરી શકાશે. આત્મહત્યાવડે આત્મા પાપને પાત્ર થાય છે, અને અગાડીના ભવમાં પણ એવાજ વિપાક પામવાનું પાત્ર થઇ પડે છે. માટે તપ જપ વ્રત ઇષ્ટ દેવનું ધ્યાન વગેરે અમલમાં લ્યો કે જેથી પારબ્ધ સ્વયમેવ સાનુકૂળ થાય. હમ્મેશાં અવનતિક્રમ કે ઉન્નતિક્રમ કાયમ રહેતોજ નથી. જેથી **હિમ્મત સાથે શુભ કૃત્યમાં વિચરવું એજ ઉદયનું મૂળ છે.**"

આ ઉપરથી મીનલદેવીએ વિવિધ વ્રત-દાન-દેવભક્તિ અને લક્ષ્મીદેવીની ઉપાસના કરવી શરૂ કરી અને સત્યશીળ પ્રભાવથી લક્ષ્મીદેવી પ્રસન્ન થઇ નટી રૂપ વડે પતિપ્રેમી થવાનું અને તે દ્વારા પુત્ર પ્રાપ્તિ થવાનું વરદાન આપ્યું. આ પરમોલ્લાસકારી બનાવથી મીનલદેવીને સારી આશા બંધાઇ; એટલુંજ નહીં પણ થોડીજ મુદતમાં પ્રધાન **મુંજાલ** તરફથી એવી ગોઠવણ કરવામાં આવી કે—'મહારાજા કર્ણરાજ **નમુંજલા** નટીની સાથે અત્યંત્યાશક્તિ ધરાવે છે અને તેણીનો મિલાપ ચાહે છે; માટે પ્રપંચ વડે નટીને બદલે મીનલદેવીને ગોઠવી દઇએ જેથી પ્રેમના પ્રભાવયુક્ત મિલાપ થયેથી કંઇ જુદીજ અસર થશે.' અને કર્યું પણ તેમજ; કેમકે નટી રૂપ વડે પતિપ્રેમી થવાનું અને તેથી પુત્રોત્પત્તિ થવાનું વરદાન મળેલું હતું એ પ્રતીતિને લીધે મીનલદેવી નટી રૂપથી પતિની અભિલાષા પૂર્ણ કરવામાં તલ્લીન બની.

મીલનદેવી વાદ્ય ગીત આદિમાં પૂર્ણ કુશળ હતી, તેમજ પતિભક્તિપરાયણતામાં પણ અત્યંત ચુસ્ત હતી, એથી પતિદેવને ગાનતાન નાચ વાર્તાવિનોદ સરસ રસવતી વગેરેમાં એવો તો લટ્ટુ કરી દીધો કે તેણીને મ્હેલી પળભર પણ તે દૂર જતો ન હતો, અને તેણીનાજ મોહપાસમાં સપડાઇ વખત વીતાવતો હતો. આવા આનંદી સમયમાં રાણી સગર્ભા થઇ, એથી પતિની વૃત્તિ સાચવતાંજ સગર્ભા થઈ છું એવી સાબેતી માટે એંધાણી રૂપ રાજમુદ્રા યુક્તિ સાથ હાથ કરી દીધી; કેમકે એમ કરવાથી આગળ ઊપર અડચણ-વાંધો પડે તો તે નિશાની કામમાં લાગે.

કર્ણરાજને કેટલોક વખત વીત્યા પછી સત્સંગ થતાં નીચ કુળવાળી નટીના સંગ સંબંધી મહાન્ પશ્ચાતાપ થયો, અને એથી તે પાપનું પ્રાયશ્ચિત લેવા પવિત્ર બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રરીતિ મુજબ પૂછતાં લોઢાની ધગધગતી પૂતળીને બાઝી પ્રાણ તજવા વડે નિષ્પાપ થવાય એવું પ્રમાણ મળ્યું. એટલે તેજ મુજબ કરી નિષ્પાપ થવાની તૈયારી કરવા માંડી. એ જોઇ મુંજાળ પ્રધાને ગુન્હાની માફી માગી જાહેર કર્યું કે–" પાપ કર્મથી બચવા અને આત્મસત્વનો ગેર ઉપયોગ થતો અટકાવવા આપને ઠગી નટીને બદલે પટરાણીજીને દાખલ કરવામાં આવ્યાં હતાં. એથી પરમાત્માએ સર્વ ધારણા સફળ કરી છે. માટે આપ નિષ્પાપ છો. " ઇત્યાદિ વિનવી કર્ણરાજને પશ્ચાતાપથી મુક્ત કર્યો.

રાણી મીનલદેવીએ પૂર્ણ માસે પુત્રરત્નને જન્મ આપ્યો અને એજ મહાન્ પ્રતાપી સિદ્ધરાજ જયસિંહ થયો.

મોટી અવસ્થાની અંદર પુત્રનું મુખ જોવાની અભિલાષા પૂર્ણ થતાં અને મીલનદેવીના અત્યુત્તમ ગુણોનો અનુભવ મળતાં રાજાને મહતાનંદ પ્રાપ્ત થયો. પરંતુ કુંવર મોટો થતાં સુધી જીવન ટકી રહ્યું નહીં. ન્હાનપણમાંજ કુંવર જયસિંહ રમતો રમતો રાજ્ય સિંહાસનપર આરૂઢ થયો જોઇ રાજ્યાભિષેક કરી કર્ણરાજે પાટણ છોડી કર્ણાવતી નગરી (અમદાવાદ પાસેના કાંકરીયા તળાવની આસપાસ હશે એમ અનુમાન થાય છે. તે) વસાવી ત્યાંજ ઇંદ્રપુર પ્રાપ્ત કર્યું.

આમ થવાથી સતી મીનલદેવીને પુત્રનો અમલ ઉજ્વળતા પૂર્વક વિજયવંત રહેવા શાસ્ત્રમર્યાદા મુજબ પતિના અંતરવાહક શરીર સાથે સામેલ થઈ વિચરવામાં કંઇક વખત લાગ્યો; કેમકે કુંવરને રાજ્ય પ્રકરણનું ઉત્તમોત્તમ શિક્ષણ આપી તથા કુંવર શિક્ષણ મેળવી પ્રજાપાળક થવા સમર્થ થતાં સુધી પોતેજ પ્રજાને ન્યાય આપી શુભાશિર્વાદ મેળવવા ફરજ ધરાવતી હતી, જેથી રાજ્યનો કુલ્લ કારોબાર ન્યાય પૂર્વક ચલાવી તેણીએ જગતનો ધન્યવાદ વ્હોર્યો. તેમજ જળાશયો બંધાવી, પ્રજાને દુષ્ટોના ત્રાસથી મુક્ત કરી, તથા કર વેરાના કંટાળાથી દૂર કરી પ્રશંસનીય કારકિર્દી કરી.

ઉત્તમ ન્યાયના દાખલા તરીકે કહેવું જરૂરનું છે કે જ્યારે મીનલદેવીએ વીરમગામમાં પાણીની તંગાસ દૂર કરવા **મીલનસર**

બંધાવા માંડ્યું ત્યારે તે સરોવરની પૂર્વમાં એક ગણિકાનું ઘર હતું, જેથી પોતાની યોજના મુજબ તળાવ બાંધવામાં તે નડતું હતું. તેથી આકારની ખામી દૂર કરવા ગુણિકાને મ્હોં માગ્યું ધન આપવાનું જણાવી તેણીનું ઘર વેચાતી લેવા માગ્યું; પરંતુ ગણિકા ન્યાયી મીનલદેવીનો નિર્મળ ન્યાય વિશેષ પ્રકારે નિર્મળ કરી જગવિદિત કરવા ખંતવંત હતી. એના લીધે તેણીએ મ્હોં માગ્યું ધન મળતાં છતાં પણ પોતાનું ઘર ન આપવાની ઇચ્છા જણાવી. અને વિશેષમાં ગણિકાએ અર્જ ગુજારી કે–"આપ શ્રીમતીજીનું નામ આ સરોવર બાંધવાથી વિખ્યાત થશે, તેજ મુજબ મારૂં નામ ઘર આપવાની ના કહેવાથી પ્રખ્યાત થશે. જેમ નોશિરવાનને રાજ્યમહેલ બંધાવતાં એક ગરીબ ડોસીની ઝૂંપડી પણ આજ મુજબ નડી હતી. પણ તેણે પડાવી ન હતી જેથી તેની ઉત્તમ ન્યાય ભરી કારકીર્દિ હજુ લગણુ પણ અમર રહેલ છે, તેમ આપશ્રીની પણ ન્યાયમાં નિર્મળ નામના અમર થશે." વગેરે વીનતી ઉપરથી તળાવના આકારમાં ખામી આવવા દીધી; પણ ઉત્તમ ન્યાયમાં ખામી આવવા ન દીધી; એથી રાજ્યકીર્તી વિશેષ શોભાવંત થઇ, અને લોકોમાં કહેવત ચાલી કે–"જો તમારે અદલ ઇન્સાફ જોવો હોય તો મીનલસર જુવો." (ધોળકામાં મલાવ તળાવ પણ એજ સતીનું બંધાવેલ છે.) કહેવાનો ભાવાર્થ એજ કે સતી મીનલદેવી એવી સત્ય શીળવંત–ન્યાયનિપુણ–દયાવંત અને પતિ તથા પુત્રના કાર્યભારને દીપાવનારી હતી; જેથી હજુ લગણુ પણ સ્વર્ગના અચળ સુખનો અનુભવ કરી સત્યશીળનાજ રજકણો પ્રસરાવી રહેલ છે.

વ્હાલા ભારતવર્ષ! પુનઃ એવાં માનવરત્નો પ્રકટ કર અને તુંજ સંતાનોનાં સર્વ સંકટ દૂર હર, જેથી વિજય વાઘો વાગે અને સકળ સંતાપ ભાગે.

અસ્તુ !

શૂરવીર સતી યશમાબાઇ.

આ બાઈ **માળવ** ભૂમિના **રામગઢમાં ઉમેદ** ઓડને ઘેર વિક્રમની બારમી સદીમાં જન્મી હતી, અને **ત્રિકમ** ઓડના ઘરનો તે શૃંગાર થઇ પરમ સતીધર્મને પાલન કરતી હતી.

અણહિલપુર પાટણમાં તે વખતે **સિદ્ધરાજ** જયસિંહ સો-

જીંજી ચકવે રાજ્ય કરતો હતો. ગુજરાત દેશની અંદર તે રાજ્યના અમલમાં દુકાળ પડયો, એથી પ્રજાપાળક સોળંકી મહારાજે પાટણની પડોસમાં "સહસ્ર લિંગ" એટલે જેની ચોમેર એક હજાર શિવાલય હોય તેવું મોટું તળાવ-સરોવર બંધાવા શરૂ કર્યું કે જેથી ગરીબોનો ગુજારો નભી શકે. પરંતુ સરોવર માટે પ્રથમ ખોદકામની જરૂર હોવાથી ઓડ લોકોની વિશેષ જરૂર હતી; કેમકે તે જાતી ખોદકામમાં ઘણીજ કુશળ હોય છે; માટે પોતાના બનેવી ચાવડા દુધમલ સરદારની મારફત માળવામાંથી ત્રણ હજાર ઓડ જાતીનાં માણસોને મંગાવી સરોવરનું ખોદ કામ શરૂ કરાવ્યું. અને તે ઓડોના હાથ નીચે બીજાં દુકાળ પીડિતોને દાખલ કરી રૈયતની આબાદી સાચવી.

માળવામાંથી આવેલા ઓડ મંડળનો નાયક ધર્મવીર સતી જસમાબાઇનો પતિજ હતો અને તેની દેખરેખ નીચે શિલ્પકારોના બતાવ્યા મુજબ ધમધોકાર સરોવર સંબંધી ખોદાણ ચાલતું હતું. તથા તે ખોદ કામ થતું જોવાને સારૂ ખુદ સિદ્ધરાજ સવાર બપોર કે સાંઝરે પધારતો હતો, જેથી ત્યાં મહારાજાને માટે સુંદર તંબુ ખડો કરવામાં આવેલો હતો.

એક વખત તપાસ કરવા ટાણે પાટણપતિના નજરે એક અંતઃપુરની રાણીઓને પણ શરમાવે તેવી માટીની ટોપલીઓ ઉચકતી ઓડણ જોવામાં આવી અને તેણીને જોઈ ચકિત થઈ શોચવા લાગ્યો કે-"શું કોઈ મને મોહ પમાડવા ઈંદ્રાણી ઓડણના રૂપે અહીં આવી છે! કિંવા કોઈ વનદેવી કે ગુજરાતની સમગ્ર સૌંદર્યતા આવું સૌંદર્ય રૂપ સજીને મારૂં મન લીન બનાવા આવી છે? શું હશે? કોણ હશે? કેમ આવી હશે? તે કેમ સમજવામાં આવે? ખરેખર એણીની મોહક મૂર્ત્તિ મારૂં ચિત્ત ચોરી-કાળજું કોરી-શિરજોરીથી પોતાને તાબે કરી રહી છે. વિધિયે વિધિ સહિત વિવિધ લાવણ્યતાની ખાણરૂપ રચી જગતના જીવોને આનંદ આપવાજ મોકલી છે. અહા! જેણીના રૂપ અગાડી તિલોત્તમા તો બિચારી તલભારજ રૂપાળી જણાય છે, તથા રતિ તો આ રતિહાથી રૂપ આગળ બાપડી પાગલ સરખી રતિભારજ થઈ પડી છે, અને ઉર્વશી પણ એણીનું રૂપ લોકોના ઉરમાં વસવાથી છેક અળખામણી થતાં તે પોતાના નામને લજાવનાર થઈ પડી છે. ખચિત એણીનું નામજ ઉરવસી છે. એણીનેજ પૂછું કે તું કોણ છે. શા માટે શર-

માવું ધભરાવું કે વિચારમાં લીન થવું જોઇયે ?" વગેરે વગેરે વિચાર કરી તેણીના સંબંધની પૂછપરછ કરી તો એોડ નાયક ત્રિકમનુંજ તે ગૃહસત્ર જણાયું. એથી તેણીને પોતાના તાબામાં જલ્દી લેવા માટે રૈયતમાં જુલ્મીપણાની છાપ ન પાડવા માટે રાજાએ પ્રથમ યુક્તિથી કામ લેવું યોગ્ય ધારી ત્રિકમને બોલાવી કૃપા બતાવી કે–"નાયક ત્રિકમ ! તારે ન્હાનું બાળક હોવાથી જંગલમાં રહેતાં કેટલીક મુશીબત ઉઠાવવી પડે છે એમ મારા જાણવામાં આવ્યું છે; માટે રહેમ આવવાથી કહું છું કે તને તારા કબીલા સહિત રહેવાને માટે એક યોગ્ય મકાન આપવામાં આવશે અને બીજી પણ બધી જોઇતી સોઈ પૂરી પાડવામાં આવશે; માટે તે કામ કર. હું તારી કોમલાંગી અવિકારી ઉછરતી યુવાનીવાળી ગૃહણીને અને ઝાડની ડાળે ઝૂલતા ગભરૂ બાળુડાને પડતી તકલીફ જોઈ આર્દ્ર ચિત્તવંત થયો છું.

ત્રિકમ. રાજાનો વિચાર સમજી ગયો, જેથી બોલ્યો કે–"મહારાજ સાહેબ ! આપે અમ ગરીબો પર બહુ જ મહેરબાની બતાવી. જેથી આપનો ઘણો જ ઉપકાર ને આભાર માનું છું; પરંતુ અમારી આખર જંગલી જાતી છે એટલે જંગલમાં જેટલી ખુશી રહે તેટલી શહેરમાં ખુશી ન રહે, મુંઝવણ મટવાને બદલે ઉલટી અકળામણ વધી પડે, અને કંટાળાનો પાર રહે નહીં; કેમકે ખુલ્લી હવા ખાધેલી તે બાંધેલી હવા વાળાં હવેલાંમાં અકળાઈ જાય. તેમ ન્યાત જાતથી છૂટું પડતાં કાળું કહેવત માથે ચડે; માટે અહીં જ અમને આરામ છે." એટલું બોલી પગે લાગી ત્રિકમ રસ્તે પડ્યો.

રાજાએ જાણ્યું કે–"પુરૂષનાં સ્વાર્થી અને દાવપેચુ મન સ્ત્રીઓ કરતાં ઓછા દરજાનાં હોય છે. સ્ત્રીઓ વિશેષ લાભ કે સુખ મળતું જણાતાં તરત લલચાય છે માટે તેની સ્ત્રીને કે જેણીનાથી ખુદ મતલબ પાર પાડવાની છે તેણીને જ રૂબરૂ બોલાવી લાલચ આપું કે ધારેલી ધારણા સફળ થઈ આવશે." એમ ધારી પટાવાળા મારફત યશમાને બોલાવી; પરંતુ તેણીએ તો મહારાજા અગાડી આવાવા ચોખી ચટ નાજ પાડી. એથી રાજા નિરાશ થઈ તે દિવસે તો રાજ્ય મહાલય તરફ ચાલ્યો ગયો; પણ પ્રિય પાઠકો ! રાજાના રસીલા હૃદયમદિરમાંથી યશમાં ચાલી ગઇ ન હતી, એ તો સાલી રહી હતી. આમ હોવાથી રાજાને ખાન પાન શયન કે વાર્ત્તા કરની તે બધું અળખું લાગતું હતું. શું યુક્તિ કરવાથી નવયૌવના નારી પ્યાર સહિત મારી પ્યારી થાય ? અને શું કરવાથી મારી મનોભૂમિમાં ઉઠેલી જ્વલિત આગ જલદી

શાંત થાય? એજ વિચાર વમળમાં રાજા ગોથાં ખાતો હતો. ઉપરા ચાપરી ઊંડા નિશ્વાસો નાખ્યા કરતો હતો, અને વખતો વખતે તેના શરીરમાં કંપ-રોમાંચ પ્રસ્વેદ- બેહોસી તેમજ મનમાં ભ્રમ હાજરી આપ્યાજ કરતાં હતાં. એથી રાત્રિ ટળવળતાંજ જેમ તેમ પૂર્ણ કરી; કેમકે નિદ્રાયેં રૂષણું લીધું હતું?

જ્યારે સવાર થયું ત્યારે અન્ય સર્વ અગત્યનાં નિત્ય કર્મો તરફ અણગમો બતાવી મહારાજા એક સાધારણ કુળની સ્ત્રી ઊપર મોહવંત થવાથી દિવાના સરખો બની સરોવર ભણી ચાલી નિકળ્યો અને ત્યાં જઈ યશમાનું મુખ જોઇ કંઈક શાંતિ પામ્યો; પરંતુ તે શાંતિ એવી હતી કે પ્રજ્વલિત અગ્નિને શાંત કરવા ઘી હોમવા સરખીજ. જરા આનંદ મળ્યો, પણ ક્ષણવાર પછી વિરહાગ્નિ પ્રબળ થતાં સઘળો આરામ ટળ્યો એથી બળ્યો બળ્યો થઇ આમતેમ રઝળ્યો; પણ કશો મનોરથ ફળ્યો નહીં-મહા સંતાપ મળ્યો અને ખાન પાન ભાન ભૂલી કામકદર્થનામાં ડૂબી ગયો. કારણ કે યશમાને રાજા ચાહતો હતો; પણ યશમાના મનમાં રાજા તરફ નજર કરવાની સ્ફુરણા પણ થતી ન હતી, આવો વગર મેળનો યોગ હોવાથી રાજા પળે પળે કોમળ અંગવાળી યશમાના મુખચંદ્ર તરફ ચકોર બની નજર જોડી રહ્યો હતો: તથાપિ કશો દહાડો ન વળ્યો, જેથી છેવટે શરમ છોડી, કુળમર્યાદા-રાજ્ય રીતિ મોડી એક કોડી જેટલી અકલનો બની રાજા યશમાની અગાડી રજુ થયો; અને સ્મિત હાસ્ય કરી કહેવા લાગ્યો કેઃ-"

"સુંદરી! મારી મનમોહન સુંદરી! તું કોમળ અંગવાળી છે માટે આ માટીની ટોપલીઓ ઉચકવાને લાયક નથી, પણ રાજ્ય મહેલમાં રહેવાને લાયક છે. આવી મજૂરીથી તારી અનૂપમ સૌંદર્યતા ઝાંખી થઇ જશે; માટે હાથીની અંબાડીપર બેસવા તત્પર થા, દેવાંગના જેવી રાણીઓને દાસત્વ પ્રાપ્ત કરાવા પાવન કદમ આગળ ઉપાડી અંતઃપુરને શોભાવ, અમૂલ્ય વસ્ત્રાલંકાર, નવનવાં સ્વાદિષ્ટ ભોજન મુખવાસનો પૂર્ણ લ્હાવ લે, સોનાના છત્રપલંગોમાં બિછાવેલી મુખમલની તળાઇયોનો ઉપભોગ કર અને મને પોતાનો ગણી લે જેથી પટરાણીપદ બક્ષી સ્વર્ગનાં સુખ સ્વાધીન કરૂં."

યશમા ઘુંઘટો કહાડી બોલી કે-"મહારાજાજી! આપ રૈયતના માબાપ હોવાથી અમો આપનાં બેટા બેટી છીએ, તો પિતાજ બેટા

બેટીપર ખોટી નજર કરે એ ઘણુંજ અધર્મ કહેવાય. આપે બધું કહ્યું તે ઠીક છે; પણ આપના કરતાં મારા પરણેલા પતિને પૂજ્ય-દેવરૂપ માનુંછું. આપની રાણીઓ જેવી તો મારે ઘેર મારી ભોજાઇયો છે, હાથી જેવી ભેંશો છે અને મનમાની સાહેબી છે. મહેલ કરતાં અમને ઝૂપડાં, સુંદર વસ્ત્રાલંકાર કરતાં અમારાં સાદાં સુંઘાં ઘરેણાં ને કપડાં, સ્વાદિષ્ટ મિષ્ટ ભોજનો કરતાં ઘેંસ છાશનો કરંબો સોનાના ઢોલીયા વગેરે કરતાં અમારી ફાટેલ તૂટેલ ગોદડી અને સુ-ખવાસ કરતાં અમારી મોથ બહુજ આનંદ આપે છે. પટરાણી પદ કરતાં ઓડણ પદ મને વિશેષ પ્યારૂં છે, રાજ્ય સાહેબી કરતાં મને આ મજૂરી વધારે વ્હાલી છે, અને રાણી થઈ પાંજરાપોળનાં ખોડાં ઢોરોની પેઠે પડ્યે પડ્યે ખાઈ પીઈ નિર્બળ નિસ્તેજ બનવા કરતાં આવી મહેનત કરી વધારે વધારે અંગબળ મેળવી પોતે અને પો-તાની પ્રજાને બળશાળી બનાવવી એનેજ વધારે પસંદ કરૂં છું; માટે હવેથી તેવાં વચનો ફરીથી જબાનપર ન લાવવા મારી અરજ છે. આપજ જ્યારે આમ આપનો ભારબોજ ઓછો કરી દીકરીને વહુ કરવાની માંગણી કરો છો ત્યારે પછી શી બાકી રહી! હજુ મેં આપની માઝા રાખી છે; પરંતુ ફરીથી કંઇ ફરમાવશો તો પછી ચૂકીને બોલીશું, તો પછી આપનો તોલ નહીં રહે. એ તો રીતિજ છે કે-'બાબોજી બારમાં તો વહુજી લાડમાં રહે.' માટે જે સારૂં તે આપનું. હું તો કહું છું કે-વિષય વિકારના રંગમાં ઉમંગદાર રહેવું એ ઢંગ છોડી ઉન્નતિભંગ થવાનુંજ નિશાન છે, ખાનાખરાબીની ખાણ છે, મ્હોંતનું મેદાન છે, રોળ વળવાની રણભૂમિ છે, દુઃખનો દરિયાવ છે, પાપનો પુંજ છે, અને સર્વસ સુખના નિકંદનનું નાકું છે; માટે હરામમાંથી ચિત્તને ખસેડી હરમાં જોડો કે જેથી જયસિંહ સિદ્ધ-રાજના નામનો મહિમા જળવાઈ જાહોજલાલીને ભેટે."

સિદ્ધરાજે કહ્યું "પ્રાણ પ્યારી! તારૂં કહેવું હું બધું સમજું છું; પરંતુ સમય વગરનું તારૂં બોલવું શોભા પામતું નથી. રામનું નામ આરામ ને મંગળદાયી છે; છતાં પણ લગ્નાદિ શુભ કામમાં 'રામ' કિંવા 'રામ બોલો' એમ કહેવામાં આવ્યું હોય તો સર્વ-ના મનને કંટાળો આપનાર ગણાય છે. ઘી સાકર દૂધ વગેરે શરી-રને પોષણ આપી જીવન બક્ષે છે; પણ ત્રિદોષની તૈયારીમાં તેનો ઉપયોગ થાય તો જીવનનો ભક્ષ કરી લે છે. ભગવદ્ ભજન કીર્ત્તન ભવભય હરણ કરનાર છે; તથાપિ તરવારની તાળિયો પડતી હોય

ત્યાં તે ખારૂં ઝેર જેવું જણાય છે, તેનો જરા વિચાર કર. હું ભોગ સંયોગનો સંગી છું. નહીં કે યોગ પ્રયોગનો રંગી છું? મને આ વખતનો તારો બોધ ઉલટો ક્રોધ ઉપજાવે છે, અકળાવે છે અને વિવિધ તરંગોને જન્મ અપાવે છે. **સમય વિનાના સુંદર બોલો શોભા કે મોભાદાર ગણાયજ નહીં.** સમયને અનુસરી જે જન બોલ ઉચરે છે તેજ જન ડાહ્યું ગણાય છે. ગાળ અને બિભત્સ બોલવું ઘણુંજ નઠારૂં ગણાય છે; તો પણ હોળીના કે વિવાહના ટાણામાં તેનો છૂટથી ઉપયોગ કરવામાં આવતાં આનંદની લ્હેરો પેદા કરનાર થઇ પડે છે. માટે સમય વિચારી બોલ કે મારા વિરહાગ્નિ વડે તપેલા મનને શાંતિ મળે. હું તારા સુખની ખાતરજ આ બોલું છું. લક્ષ્મી ચાંદલો કરવા આવ્યે મ્હોં ધોવા ન જા. હાથ આવેલા અમૃતનો અનાદર ન કર, આવેલી ઉમદા તકને ગુમાવી ન દે, તારા જેવી હલકા કુળની સ્ત્રીને મારા જેવો છત્રપતિ સુખી કરવાની ચાહના વાળો ફરી નહીં મળશે; માટે આવેલો કોળિયો તરછોડી ન નાખ. બણુચાક સરખા ત્રિકમામાં તે તેં શું દીઠું છે કે આટલી બધી લ્હાયરી કરે છે? મૂર્ખી! ગુર્જરપતિની મહારાણી થઇ મહા સુખ માણ કે જેથી મનુષ્યાવતાર મળ્યાની લ્હાણ પ્રાપ્ત થાય. એ માટે આખરનો શબ્દ કહું છું કે તાણુમતાણ ભરી રકઝક મૂકી રીંઝવરી રત્યાનંદમાં છક થવા તત્પર થા."

પદમા ચિડાઈ બોલી—" પણ ક્યાંય પરાણે પ્રીતિ થઇ જાણી છે? તમે ચતુર શિરોમણિ થઇ એટલો પણ વિચાર નથી કરતા? હું નીચ કુળવાળી છું છતાં મારા પવિત્ર ધર્મનેજ અવલંબી રહીછું, અને તમોએ તો તમારા પવિત્ર ધર્મને વ્હેતી નદીના પૂરમાં વ્હેવરાવા માંડ્યો છે, જેથી મારા કરતાં પણ તમો નીતિ મુજબ વિશેષ હીનકુળવંત થઇ પડ્યા છો. કુળ સારા આચાર વિચારથીજ સારૂં નઠારૂં ગણાય છે, કાંઇ ઉંચું કુળ છતાં કાળાં કૃત્ય કરે તેથી ખરી રીતે તે ઉચ્ચકુળી કહેવાયજ નહીં. નીચ કુળમાં પેદા થયા છતાં જેણે ઉચ્ચ કામો કર્યાં છે તેમણે મહાન્ ઉચ્ચ નામના મેળવેલી છે; **માટે ઉત્તમ આચાર એજ ઉત્તમ કુળની મુખ્ય નિશાની છે.** મેં સતી ધર્મ વડે માનવભવનો પૂર્ણ લ્હાવ લેવા માંડ્યો છે, આવેલી તકની ખૂબ મજા લૂંટું છું. અને સદાચારામૃતને સદા આદર આપું છું. તમો કહો છો કે તને મારા જેવો ફરી નહીં જડે; પણ એટલું પણ યાદ રાખજો કે તમારા જેવા છત્રપતિયે કાલાંવાલાં કર્યાં છતાં

અને દાસવત્ રહેવા તૈયાર થયા છતાં તેને ઠોકર મારી મારા જેવી ના કહેનારી પણ ફરી કોકજ જડશે; માટે મ્હોંડે આવેલા કોળિયાના તો હું સારી રીતે સ્વાદ અનુભવું છું; પણ સુનીતિ સદાચારવડે પ્રજાને પાળી સ્વર્ગસંપત્તિ વરવાના અવસરનો મ્હોંઢે આવેલો કોળિયો તમે જવા દો છો, એ ખરેખર મોટી મૂર્ખાઇજ છે. મારો વર બબૂચક નથી; પણ ભર્યે ભાણે જમનાર ફાંકડેરાવ મર્દાનમર્દ છે. નહીં કે તમારા સરખા એઠાં પતરાવડાં ચાટવાની પ્રાર્થના કરનાર પ્રજાપતિ (કુંભાર) છે. હું ગુર્જરપતિની રાણી થવા કરતાં સતી ધર્મ પાળી સ્વર્ગમાં ઇંદ્રની ઇંદ્રાણી થઇ મહા સુખ માણવા આતુર છું કે જેથી માનવભવ સફળ થશે; માટે છેલ્લો શબ્દ કહું છું કે આ રાજ્યપદને ન છાજતું કૃત્ય છોડી ઓડને છોડી દઇ (!) સત્ય સુખાનંદમાં ગર્ક થવા તત્પર રહો."

રાજા બોલ્યો—"હમેશાં સ્ત્રીઓ મૂર્ખજ હોય છે, તેથી તું સીધી રીતે નહીંજ માને. તો શું જોરજુલ્મથી હું તને મારી પ્યારી નહીં કરી શકીશ? હાથી અગાડી મગતરાના શા ભાર છે! તથાપિ રીતસરથી કામ કરવામાં આવે તો સારૂં, એમ માની જેમ જેમ નરમાશ બતાવું છું તેમ તેમ બહુ મિજાજમાં આવતી જાય છે; પણ યાદ રાખજે કે આ સોળંકીસિંહ સબૂરી રાખી છે ત્યાં લગીજ તારો મિજાજ કાયમ રહ્યો છે. દરિયાની મર્યાદાભંગ છોળ આવી કે બધું હતું ન હતું થઇ જશે. ત્રિકમ તો ક્યાંયે તિકમની અણીથી છુંદાઈ જશે, અને તે પછી વાર્યે નહીં પણ હાર્યે તાબે થઇશ, તે કરતાં ઇજ્જતભર કહ્યું માની તાબે થા કે જેથી ખરાબી પામવાનો વખત ન આવે. લવારો કરવામાંજ સમજી છે; પણ સુખી કેમ થવું તેનું તો ભાન નથી. ઠીક છે જોઉં છું કે તું કેવું સતીપણું પાળે છે!" એટલું બોલી રાજા ચાલતો થયો, અને એજ મનસૂબાને પાર પાડવા ગુજરાતનો સરસૂબો અનેક યુક્તિ પ્રયુક્તિથી કામ લેવા લાગ્યો.

ખોદાણનું કામ પૂરૂં થવાની અણીપર પહોંચવા આવ્યું હતું; છતાં પણ તે પાર પાડવાની હવે યશમા ઇચ્છા રાખતી ન હતી; કેમકે 'જ્યાં હમેશાં ધાડ પડે ત્યાં જાનમાલની સલામતી રહેવી એ જીવસટ્ટાનો માંમલો કહેવાય; માટે ભયસ્થાનક મૂકી દઈ નિર્ભય સ્થળે તાકીદે જવું એજ ઉત્તમ ડહાપણ ભર્યો વિચાર છે.' એમ ધારી

[illegible]એ પોતાના સાથીઓ અને પતિ પ્રત્યે—" પોતાનાપર રાજા જુલ્મ ગુજારવા એક પગે થઈ રહેલ છે; માટે રાત લઈ જતા રહેવું એજ હાલ છે "—એ વાત કહી ખબરદાર કર્યા, અને જવાની તક હાથ કરવા મન દીધું.

રાજાને તો યશમાનો વિયોગ પ્રાણના વિયોગ જેવો થઈ પડ્યો હતો, એથી તેને સ્વપ્ન પણ યશમાનુંજ આવતું હતું, અને તે ધ્યાન, સ્મરણ, સ્તવના, પૂજન પણ તેણીનુંજ કરી રહેવા મશગુલ બન્યો હતો—એટલુંજ નહીં પણ શરમ છોડી મુખ્ય પ્રધાન વગેરે અગાડી પણ તેણીના સંગ માટે રોદડાં રોઈ ચૂકયો હતો. વાંચનાર ! જ્યારે તુર[illegible] કામદેવરૂપી શેતાનનો વળગાડ થાય છે ત્યારે તદ્દન શાન [illegible]નો બની નાદાની વ્હોરી ખાનદાનીને છેક તરછોડી દે છે. [illegible] કેદીને (છિનાળવાને) શરમ—આબરૂ—વિચાર—વિવેક હોતજ નથી, હિંસા—જૂઠ—ચોરી—જુગાર—મદ્યપાન—અભક્ષ્યભક્ષણ વગેરે તો તેના નિત્યકર્મ થઈ પડેલાં હોય છે. લોકનો કે પરલોકનો તેને ડર હોતાજ નથી. તેને કૃત્યાકૃત્ય, સેવ્યાસેવ્ય, યોગ્યાયોગ્ય તથા લાભાલાભનું જ્ઞાન હોતુંજ નથી, અને તેને નીતિ સદાચારરૂપ સુખદાયી વૃક્ષનું મૂળ કાપવાને તીક્ષ્ણ કોવાડો થઈ રહેવાનીજ લગની લાગી રહેલ હોય છે. તેમજ તે દેખતાં છતાં કેવળ અંધજ હોય છે; માટે આપ ભાઈ, બાઈ; તે દુષ્ટ કામદેવના કેદી ન બનતાં તે બાબતની ખાસ ખબરદારી રાખશો, કે જેથી સિદ્ધરાજને ગિદ્ધરાજ થવાનો વખત આવ્યો તે નહીં આવવા પામશે.

પગાર ચૂકાયો કે માળવી ઓડાએ ત્રિકમના કથન મુજબ રાત્રિના વખતે પાટણથી કૂચ મુકામ કર્યું ને દિવસ ઉગતાં ઉગતાં તેઓ મોઢેરે જઇ પહોંચ્યા, છતાં પણ તાકીદે પંથ કાપતા હતા; કેમકે સિદ્ધરાજને યશમા ગયાની જાણ થતાંજ તે પાછળ આવી હેરાન કરશે એ તેમને મોટી ધાસ્તી હતી, અને બન્યું પણ તેમજ. પ્રભાત ખબર કહાવતાં યશમા હાથતાળી દઈ ચાલી ગઈ, એમ જાણી તાબડતોબ થોડા સ્વારો સહિત સિદ્ધરાજ ઘોડેસ્વાર થઇ ઓડાનાં પગલાં ચાંપતો થોડીજ કલાકમાં મોઢેરે જઇ પહોંચ્યો. અને તેણે ઓડાને ઘેરી લઇ યશમાને પરાણે ઉચકી જવાની તજવીજ અમલમાં લેવા માંડી. એથી ઓડા પણ પોતાની લાજપર પાણી ફરવાનો વખત આવ્યો જાણી મરણીઆ બન્યા, અને પ્રાણની પર-

વાહ છોડી રાજાની સ્હામે થઇ ગયા; તો પણ શસ્ત્ર વગરના બિચારા ઓડો રાજાના તેજ પ્રતાપ અને દૂરથી પ્રાણ લેનારાં શસ્ત્રો અગાડી કેટલીક ફતેહ મેળવી શકે ? થોડાક મુવા, થોડાક ઘાયલ થયા અને થોડાક જીવની સલામતી ખોળવા લાગ્યા; કેમકે નાયક વિક્રમ પહેલેજ સપાટે સિદ્ધરાજની તરવારનો ભોગ થઈ અનિવાર્ય કાળ નિદ્રાને તાબે થયો હતો, એટલે પછી સેનાપતિ વિનાનું ટોળું નાઠું પડે એમાં શી નવાઇ ?

આમ મામલો મચવાથી યશમાએ જાણ્યું કે–" કાળા મ્હોંવાળા રાજાએ કાળોકેર કર્યો. હવે હું નિરાધાર થઇ ગઇ, હવે મુજ અનાથને બચાવનાર કોણ છે ? હવે મારો અને મારા નિરાપરાધિ બાલુડાનો બળવંત બેલી પરમાત્મા શિવાય કોઇજ નથી: માટે હવે શીળધર્મ સાચવવા શક્તિરૂપ બની દૈત્યરૂપ રાજાનો ભોગ લેવોજ ઘટિત છે કે જેથી જુલ્મ થતોજ અટકી પડે." એવો નિશ્ચય કરી ગભરૂ બાળકને જમીનપર મુકી વિફરેલી વાઘણની પેઠે કટાર કહાડી રાજાનો જીવ લેવા યશમા સ્હામી ધસી અને બોલી કે—" હ[illegible] ! મારો ભોગ મળવાને બદલે આ ઘણા દિવસથી તરસી ને [illegible] રહેલી કટારીને તારો ભોગ આપું છું, તો તું ઇષ્ટદેવને યાદ કર! આનો ભોગ થવા તૈયાર થા. પાપાત્મા ! તે ઘણાંક ક્રૂર કામો કર્યાં કંઇકનાં નિરાપરાધે રાજ્ય જીવ છિનવી લઇ કસાઇનાથી પણ [illegible] વરતાવ્યો છે. પાપ કરતાં રાજ્યલોભ અને વિષયવાસના પૂર[illegible] લીધે પાછું વાળી જોવું નથી; માટે આજે તે તારાં ક્રૂર પા[illegible] [illegible] દેવા આ કટારી તત્પર છે." એમ કહી છલંગ મારી જેવી રાજાના કાળજામાં કટારી ભોંકવા જાય છે તેવોજ તેણીને એ વિચાર આવ્યો કે—" મારે તો આખર પતિ સાથે બળી સતી થવું છે, તો પછી પાપઘાત કરી શા માટે ઘાતકી બનવું જોઇયે ? લાખોના પાળકને મારવા કરતાં હું એકજ પુત્રને પાળનારી મરૂં તો વધારે ઠીક છે. મને મરતાં વધારે વિલંબ થશે તો મારા પ્યારા નાથને સ્વર્ગમાં જતાં જરા થોભવું પડશે, અને પ્રીતિ તથા દંપતિધર્મને હીનપદ પ્રાપ્ત થશે; માટે આ મારી કટારીનેજ મારો ભોગ આપી પતિસહ સ્વર્ગસુખ ભોગવવા ભાગ્યશાળી થવું એ વિશેષ ઉત્તમ છે." એજ નિશ્ચયપર આવી રડતા બાળકને હાથમાં લઈ પ્યારનું છેલ્લું ચુંબન લઇ ઓઢેલા વસ્ત્રમાંથી અરધું વસ્ત્ર તેને ઓઢાડી પુનઃ ભોંયપર

મૂકી દીનદયાળ–અશરણશરણ જગતનિયંતાને પોતાનું બાળક સોંપી છેવટનાં એ આંસુથી તેને પ્લવિત કરી પછી પેટમાં કટારી મારી સતી યશમાએ એટલા જ છેવટના શબ્દો કહ્યા—" દુષ્ટ ઘાતકી ! તારૂં નિર્વંશ જજો, અને સહસ્રલિંગ સરોવર સદા સુકાયલું જ રહેજો."

આવો સાપ સાંભળતાં જ સિદ્ધરાજ ભય પામી યશમાની પાસે આવ્યો અને પેટમાં ભોંકેલી કટારી કહાડી લઈ બચાવ કરવા ગયો; પણ કટારી કહાડતાંની સાથે તો આંતરડાંનો ઢગલો જ થઇ ગયો, એથી યશમાનો અમર જીવાત્મા, નાશવંત સ્થૂળ દેહને ત્યજી પતિના જીવાત્માની જલ્દી ભેટ લેવા સ્વર્ગ ભણી સિધાવ્યો. ધન્ય છે શૂરવીર સતી યશોમતિ યશમા ! તેં તારા પવિત્ર પ્રાણની આહૂતી અપાતાં સુધી પણ પ્રણ ન તજ્યું ! ! અને વૈભવ કે બાળની પણ પરવાહ રાખ્યા વગર સતી ધર્મને દીપાવ્યો ! ! ! પતિતપાવન પરમાત્મા ! આ પાવન પૃથિવીમાં પુનઃ યશમા જેવીજ સત્ય સતીઓને જન્મ આપ કે જેના વડે પૂર્વવત્ આ સ્વર્ણભૂમિ પાછી જાહોજલાલીના શિખરપર બિરાજે, અને પ્યારા પાઠક વર્ગના મનમાં પણ એવી જ પ્રેરણાની પ્રબળ લ્હેરીઓનો પ્રવાહ વહન કર કે તેઓ સતી મહાત્મ્યને જાણી તે ધર્મને પ્રેમ સહિત પાળવા કટિબદ્ધ થાય !

ધર્મવીર સતી ઉદયમતી.

આ ઉભય કુળ ઉજાળણ સતી સુંદરી વિક્રમાદિત્યની બારમી સદીમાં વિદ્યમાન હતી. એણીનું પિયર વિશ્વવિદિત સોળંકી સિદ્ધરાજના ભાયાત **દેવપાળ**ને ત્યાં હતું, અને સાસરૂં માળવાના પાયતખ્ત **ધારાનગરી**ના રાજા પરમાર ભોજદેવને ત્યાં હતું, એટલે કે ભોજદેવની ગાદીના ક્રમાનુયાયી વારસ **ઉદયાદિત્ય** વેરે એણીને પરણાવેલી હતી.

રાજવંશી ક્ષત્રીઓમાં ઘણે ભાગે એવો રિવાજ ચાલુ રહેલો છે કે વર કન્યાની પસંદગી માટે એક બીજાની તસવીરો (છબિયો) આમન સામન મોકલવામાં આવે છે, અગર તો કોઈ વિશ્વાસુ રાજ-

ગોર મારફત ભવિષ્યમાં થવા ઇચ્છિનારાં દંપતીનું રૂપ રંગ તપાસી ખાત્રી કરાવવામાં આવે છે.

ઉપર પ્રમાણેના રિવાજને અનુસરી એક બીજાની છબિયો જોઇ, પ્રતીતિ ઉત્પન્ન થયા પછી ઉદયમતી અને ઉદયાદિત્યનો લગ્નસંબંધ જોડાયો હતો. અને તેઓ બેઉ વચ્ચે ઘણો સારો સ્નેહભાવ બંધાયો હતો; તથાપિ પટરાણી મોહનકુવરબા વાઘેલી કે જે ઘણીજ ઇર્ષ્યાખોર, ખટપટિયણ અને પોતાનુંજ ભલું ચાહનારી સ્વાર્થલંપટ હતી તેણીએ જ્યારથી ઉદયમતી પરણીને આવી ત્યારથી તેણીનાપર મહારાજા ઉદયાદિત્યની ઇતરાજી થવાનાં બીજ રોપવાં શરૂ કર્યાં હતાં. એથી સમય અનુકૂળ થતાં પોતાના ધાર્યા પાસા પોબાર કરી દીધા એટલે કે તે વાઘેલી, સોલંકિણી ઉદયમતી માટે ઉદયાદિત્યના મનમાં તેણીની નઠારી ચાલ છે એવા વિચારો ઠસાવાને મચી રહી હતી, અને વારંવાર બનાવટી પણ સાચા સમજાય તેવા બનાવો પણ બનાવવા પાછી પડી ન હતી; છતાં પણ ઉદયાદિત્યનો પ્રેમ સોલંકિણી ઉપરથી ઓછો થયો ન હતો; પરંતુ એટલું તો થવા પામ્યુ હતું કે તે શંકાની નજરથી સોલંકિણી તરફ તપાસ રાખ્યા કરતો હતો અને ધારી બેઠો હતો કે જો પ્રમાણ સહિત મારા મનને ખાત્રી થાય તેવી બિના સમજવામાં આવે તો તેણીનો અનાદર કરી દઉં.

વિવેકી વાચક વર્ગ! પરંપરાથી નિયમ ચાલ્યોજ આવેલ છે કે–કોઇ પણ કામની પાછળ જો કોઇ ધન તન મન લગાડી એક સરખી રીતે નિરંતર મચ્યો રહે તો તે આખર તે કામમાં ફતેહ મેળવવા અવશ્ય ભાગ્યશાળી થાય છે. પછી ફળ ઓછું કે વધતું મળે એ પોતપોતાના પ્રારબ્ધાધીનનો સ્વાલ છે; તો પણ સફળતા મળે છે એ તો વિવાદ વિનાની વાર્તા છે. કારણ કે ઉદ્યમ અજબ મહીમાવંત વસ્તુ છે કે જેના મહાત્મ્યનું વર્ણન કરતાં વાચસ્પતિ પણ મસ્ત ચિત્તવંત થવાને લીધે મોહવંત બની બેસે તેમ છે; તોપણ તે વસ્તુની નહીં જેવી સ્વાલજવાબપત્રકની નોંધ આપવામાં આવે છે, તે તરફ આપ સુજ્ઞવર્ગનું ધ્યાન દોરાવા મારી પ્રાર્થના છે:—

૧ સ.—"ઉદ્યમ એ શું અજબ વસ્તુ છે?"

જ.—"ઉદ્યમ એ અમુલ્ય ચિંતામણિ રત્નજ છે. જેમ ચિંતામણિ હાથ ધરનારનાં સઘળાં દુઃખો દૂર થઈ સમસ્ત સુખો હાજર થાય છે; તેમ ઉદ્યમરૂપ ચિંતામણિ રત્ન હાથ ધરવાથી પણ તમામ દુઃખો દૂર થઈ સુખની રેલમછેલ થાય છે!"

૨ સ.—"જગતમાં સાચો કીમિયો કયો છે?"

જ.—"**ઉદ્યમ એજ સાચો કીમિયો છે;** કેમકે કીમિયો શોધનારો હજારો વાર ઠગાય છે, પાછો પણ પડે છે અને અનેક ઉપાધિયો વ્હોરે છે; છતાં પણ આખર સાચી કુંચી હાથ લાગતાં આનંદ આનંદ થઇ રહે છે, તેવીજ ઉદ્યમની પણ ગતિ છે. સાચો ઉદ્યમ આખર ફતેહજ આપે છે."

૩ સ.—"જગતમાં સાચો સિદ્ધ અને ચમત્કારિક મંત્ર કયો છે?"

જ.—"**ઉદ્યમ એજ સાચો સિદ્ધ અને ચમત્કારિક મંત્ર છે;** માટે તેનું વિધિ સહિત સાધન કરવું કે જેથી મનનાં ધાર્યાં કામ પાર ઉતારી શકાય છે."

૪ સ.—"મનુષ્યની જીવનદોરી આશા ક્યારે સફળતાને ભેટે છે!"

જ.—"**સાચા ઉદ્યમનો મિલાપ થવાથી આશા સફળતાને** ભેટે છે. આશાઓ પાર વિનાની કર્યા કરે; પણ તે પાર પાડવાને માટે જ્યાં લગી ખરેખરો ઉદ્યમ ન આદરે ત્યાં લગી આશા નિરાશાના પારણામાં ઝુલતી રહે છે. આશાની સફળતા ઉદ્યમનેજ આધીન છે."

૫ સ.—"આ ભવ ને પરભવમાં ઐહિલૌકિક અને પારલૌકિક સુખ મેળવવાનું સત્ય સાધન કયું છે?"

જ.—આ ભવમાં વિદ્યા, વિનય, વ્યાપાર, વિવેક, વિજય, વિત્ત વ્યવસ્થા વગેરે તમામ કામનું સુખ હામ સાથે ઉદ્યમ આદરવાથીજ સ્વાધીન થાય છે; અને પરભવમાં કિંવા ઉભય (બન્ને) ભવમાં સ્વર્ગ-અપવર્ગાદિનાં સુખો પણ જપ તપ ધ્યાન વગેરેના સદુદ્યમ વડેજ સ્વાધીન કરાય છે. **સત્ય સુખ મેળવવાની કુંચી સાચો ઉદ્યમજ છે!"**

૬ સ.—"પ્રારબ્ધથી પ્રયાસ કે પ્રયાસથી પ્રારબ્ધ યારી આપે છે?"

જ.—"**પ્રયાસ (ઉદ્યમ) થી પ્રારબ્ધ યારી આપે છે;** કેમકે ભાણામાં પિરસાયલાં ભોજનો પણ ઉદ્યમનો અનાદર કરે તો તે મ્હોંમાં પેસવા પામતાં નથી; માટે ઉદ્યમ કરવાથી પ્રારબ્ધ ખિલે છે. ઉદ્યમ કરનારનું પ્રારબ્ધ જાગ્રત રહે છે, અને આળસુનું પ્રારબ્ધ ઉંઘતું-ઝોકાં ખાતુંજ રહે છે. કોઈ આળસુ-અકરમી ક્યાંય પણ સુખી થયો સાંભળ્યો નથી;

પણ પ્રારબ્ધને ખિલવવા ઉદ્યોગ આદરવાથી ઉદ્યોગી જનો સુખના તખ્ત ઉપર બિરાજમાન થયેલ સ્થળોસ્થળ જોયાં છે. ઉદ્યમ કદિ વાંઝીયો હોતો નથી?

૭ સ.—"ઉદ્યમ વિના કઇ કઇ ચીજો હાથ લાગે છે?"

જ.—"ઉદ્યમ વગર દારિદ્રયતા-કંકાસ-દુખ-અપયશ-અધોગતિ આદિ હાથ લાગે છે."

૮ સ.—"ઉદ્યમ કયા કયા પ્રકારથી થાય છે?"

જ.—"મનથી, વચનથી, તનથી અને ધનથી એમ ચાર પ્રકારથી ઉદ્યમ કરવામાં આવે છે."

૯ સ.—"એ ચારમાં કયો ઉદ્યમ વિશેષ બળવાન્ છે?"

જ.—"જોકે મનનો ઉદ્યમ એટલે મનમાં કરેલા વિચાર છે; તથાપિ તે વિચાર દ્દઢ કરવા એ મનનો સદુદ્યમ છે, તે બધા ઉદ્યમોમાં અધિક માન ધરાવનાર છે; પરંતુ તે એકલાથી અર્થાત્ બીજા ઉદ્યમો તરફ બેદરકારી બતાવવાથી જોઇએ તેવી સફળતા મળી શકતી નથી; માટે એઓને એક બીજા ઉદ્યમની જરૂર પડે છે. મનનો ઉદ્યમ વિચાર છે, પણ તે મજબુત પાયાના હોવા જોઇયે જેથી મનનો ઉદ્યોગ અન્ય સર્વે ઉદ્યોગોને સફળતા આપનાર નીવડે છે. વચનનો ઉદ્યમ બોલવું તે છે; પરંતુ તે અવસરને ઓળખી સ્હામાને આનંદ આપે એવું યુક્તિ સાથ બોલવામાં આવે તો મનનો ઉદ્યોગ સફળ થાય છે. તનનો ઉદ્યોગ મહેનત કરવી તે છે; તો પણ તે મહેનત ગદ્ધા વૈતરાની પેઠે નહીં, પણ કળ સાથે બળ વાપરી કરવી કે જેથી મન વચનનો વ્યાપાર-ઉદ્યમ સફળ થાય અને ધનનો ઉદ્યમ યશ મેળવવાનો છે કિંવા સદ્-ગતિ મેળવવાનો છે; તથાપિ તે ધનના વ્યયનો ઉદ્યોગ મનના દ્દઢ સંકલ્પ સાથે તથા યોગ્ય વિનય વચન સાથે અને શરીરની નમનતા સાથે કરવામાં આવે તો સફળ થાય છે. મતલબ એજ કે એઓના પરસ્પરના મિલાપ વડે એક બીજા ઉદ્યોગને સફ-ળતા મળે છે, નહીં કે એકલા મનના, એકલા વચનના, એકલા તનના કે એકલા ધનના ઉદ્યમથીજ સફળતા હાથ લાગે છે. બન્ને હાથ ભેગા મળવાથીજ તાળી પડે છે."

૧૦ સ.—"એ ઉદ્યમોથી કોણે વિજય મેળવ્યો છે?"

જ.— " જે તન મન વચન ધનનો વ્યય કરી નિરંતર એક સરખી રીતે આદરેલા નિશ્ચયાત્મક કાર્યની પાછળ મચ્યો રહે છે તે વિજય મેળવે છે. દાખલા તરીકે જોશો તો કેઇ ઉદ્યોગી લડવૈયાઓ પોતના ચોકસ વિચારવાળા ઉદ્યોગથી એકલા છતાં બેસુમાર લશ્કરને કતલ કરી વિજય વર્યા છે. કેઈ વિદ્વાનોએ એકલા છતાં વાણીના વ્યાપારથી હજારો વિવાદીઓનો પરાસ્ત કર્યો છે. કેઈએ અત્યંત અઘરાં કામોમાં, સર્વ તરફથી નિરાશના શબ્દો કાને પડ્યા છતાં આખર પોતાના દૃઢ નિશ્ચય વડે પૂર્ણ ફતેહ મેળવેલી છે. જુઓ અમેરીકા, યુરોપ, જાપાન વગેરેના ઉદ્યોગી જનો તન મન ધનાદિની આહુતી આપી વરાળ યંત્રો, હેરત ઉપજાવનારાં હાથનાં વિવિધ કામનાં મશીનો, વિજળી મારફત સઘળાં કામોના ચાલતા વ્યાપારના પ્રબંધોની હાજતો પૂરી પાડવાની યુક્તિયો, અને અજાયબી પમાડનારાં કેટલાંક યંત્રો વગેરે પ્રસિદ્ધિમાં મૂકી જગતજનોને આશ્ચર્યને તાબે કરી પોતાનાં ઘર તર કરી રહેલ છે, અને હજુ નવીન નવીન શોધો કરી અનેક યંત્રાદિ પ્રસિદ્ધિમાં મૂકવાની શોધોમાં વળગી રહી ફતેહની અણીપર પહોંચવા આવ્યા છે. એ સઘળો પ્રતાપ ભગીરથ ઉદ્યમનોજ છે. તે જુના જમાનામાં ગણાતા જંગલીઓ ઉદ્યમના પ્રભાવથી સર્વ વાતે સુખી થઇ અવરની સત્તાઓને સ્વાધીન કરી રહ્યા છે, અને આપણુ ભારત ભૂમિનાં સંતાનો તે ઉદ્યમનો અનાદર કરી આળસને તાબે થવાથી વિદ્યા હુન્નર વગેરે સર્વે પ્રકારની સ્વતંત્રતા ખોઇ બેસી પરતંત્રતાના પાસમાં ફસાયા છિયે એ બધો ભગીરથ ઉદ્યમના અનાદરનોજ પ્રતાપ છે. કહ્યું છે કે:—

विहाय पौरुषं योहि दैव मेवाव लम्बते ॥
प्रासाद सिंहवत्तस्य मूर्ध्नि तिष्ठन्ति वायसाः

જે મનુષ્ય પોતાના પુરૂષાર્થ (ઉદ્યમ પરાક્રમ) નો ત્યાગ કરીને દૈવ (નસીબ) ઉપર આધાર રાખીને બેસી રહે છે તેને મહેલપર ચિતરેલા વા પત્થરના ઘડી કહાડેલા સિંહ જેવો સમજવો કે જેના માથાપર કાગડા પણ આવીને બેસે છે, મતલબ કે જે જન, પુરૂષાર્થનો પૂર્ણ આદર કરી જાગ્રત રહેલા સાવધ સિંહની પેઠે હુહુવાટી કરી પંઝાની થાપથી પછાડી પાડી લોહી ચુસી લેનારા જેવો બની

ઉધમમાં રક્ત રહે તો તે જનના કોઇ નજીક આવવા પામવું તો શું પણ સ્હામે નજર ઉઠાવી શકવા શક્તિમાન થતું નથી.

આળસ્ય એજ મનુષ્યનો કટ્ટો દુસ્મન, અને ઉધમ એજ સાચો મિત્ર છે એમાં જરા શક નથી!

ઉધમ બળથીજ બ્રિટનોએ આ હિંદમાં વિજય બાવટો ફરકાવ્યો છે; અને ઉધમ બળથીજ જાપાનિઝોએ સબળ રૂસિયાને હરાવ્યો એ દાખલો આપણી દૃષ્ટિ સમક્ષ રજુજ છે.

ઉધમ આદરતાં વચમાં હજારો વિકટ સંકટો, વિઘ્નો આવે; તો-પણ તન મન ધન અને કાળની આહુતી આપી એક સરખા ધારેલા નિસાનપર નજર રાખી મચ્યા રહેવામાં આવે તેજ ભગીરથ ઉધમ અવસ્ય વિજય આપેજ છે! કવિ પિતામહ **દલપતરામજીએ** પણ કહેલું છે કે:—

આળસ ભૂંડી ભૂતડી, વ્યંતરનો વળગાડ;
પેસે જેના પંડમાં, બહુધા કરે બગાડ. ૧.
જન આળસના જખમથી, જે કોઈ જખમી થાય;
પડે પથારી પાથરી, જીવન રહિત જણાય. ૨.
ભ્રષ્ટ કરે ભણનારને, ઉપજી આળસ અંગ;
ભક્તિ કરતાં ભક્તને, કરે ભજનમાં ભંગ. ૩.
અર્ધ ઘડી પછિ જઇશ હું, દેતી દિલાસા એમ;
વગર ખસેડી નવ ખસે, જળોઇ વળગી જેમ. ૪.
આળસમાં દુખ અતિ ઘણાં, ભર્યાં રહે ભરપૂર;
તે માટે સજ્જન તમે, કરો દેહથી દૂર. ૫.
કદી આપણા કામનો, કોઇ કરે અટકાવ;
તે જુલ્મીપર કીજિયે, જઇ રાવળે રાવ. ૬.
જુલ્મી આળસ ઊપરે, ક્યાં કરિયે ફરિયાદ;
વ્યર્થ અમૂલ્ય વખત કરે, ફોકટ કરી પ્રિસાદ. ૭.

પ્યારા પાઠકગણ! આળસને દૂર કરી ભગીરથ ઉધમ કરવાથી જે અમૂલ્ય ફળ મળે છે, તે ફળથી ઉદયાદિત્યની વાઘેલી રાણી અજાણ ન હતી, જેથી આખર તેણીએ પોતાના ઉધમની સફળતા મેળવી એટલે કે રફતે રફતે દાખલા દલીલો વડે કાવતરાંને ખરાં ઠસાવી ઉદયમતીની ચાલચલગત માટે ઉદયાદિત્યને શંકાશીળ કર્યા અને સોલંકિણીને પેટે પુત્ર પ્રસવ થતાં તે શામ વર્ણનો જણાયો જેથી આ

ફરજંદ આપના સમાગમથી નહીં પણ અન્ય કોઈ કૃષ્ણવર્ણા પુરૂષના સંયોગથી પેદા થયેલ છે. હીરાની ખાણમાં હીરાજ પાકે છે. ધોળી જુવાર વાવ્યેથી લાલ જુવાર થવા પામેજ નહીં, પણ તે જુવારનાં કણસલાંમાંથી ધોળી જુવારજ હાથ લાગે છે, હંસની ઔલાદથી કાગડો પેદા થયો જાણેલજ નથી, અને રૂપવંત માબાપોના સંયોગથી કાળાં છોકરાં નીપજતાંજ નથી; માટે આ પુત્ર આપના સમાગમ શિવાય અન્યના સમાગમનોજ છે અને અમુક અમુક પુરૂષ એણીના મ્હેલે આવે છે. વગેરે વગેરે કહી સાક્ષી આદિથી સાબેત કરી દીધું. ભંભેર્યું લાકડું પણ ભમી જાય છે!

ઊપરનો બનાવ બનતાં ઉદયમતીની વિપત્તિનો ને સત્ય શીળતાની કસોટી મળવાનો વખત ઉદય થવાથી ઉદયાદિત્યે તે ફરેબ ભરી વાતને માન આપ્યું અને સોલંકિણીને તે દિવસથી અણમાનીતી કરી કહાડી તેણીની સાથેનો સઘળો પ્રેમસંબંધ તોડી દીધો.

કુળવંતી સતી સ્ત્રીને પતિના અનાદર કરતાં બીજું એકે વિશેષ દુઃખ નથી. તેમ વળી કૂડું કલંક શિરપર આવ્યું એથી પણ વિશેષ દુઃખ અન્ય ન હતું. આમ થવાથી સોલંકિણી સંતાપમય દિવસો વ્યતીત કરવા લાગી, અને નિરંતર પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરતી હતી કે "સત્યસંધ પ્રભુ! મારા પર આવેલું કૂડું કલંક તુંજ દીન દાસી પર દયા લાવી દૂર કરજે અને મારા સ્વામીનો સંયોગ બક્ષજે કે જેથી હું મારા પતિસેવાના ધર્મને બજાવી પાવન થવા ફરી ભાગ્યશાળી થઉં."

વાંચનાર! શોક્યોની સગાઈ કેવી છે તે આ કૃત્ય ઉપરથીજ તપાસી મિધાહમાં લ્યો.

શોક્ય એજ—શોકનો ભૂંડો ભંડાર છે!

શોક્ય એજ—જીવતી ડાકણ, ભંભેરાયલ ભૂતડી, અને વિફરેલી વાઘણ છે!

શોક્ય એજ—વગર શળી મળ્યા છતાં સાચી શળીની ગરજ સારનાર છે!

શોક્ય એજ—રીબાવી રીબાવી મારનાર અસાધ્ય રોગ છે!

શોક્ય એજ—વિપતિ કજિયા કંકાસ ચિંતા દ્વેષ હાલહવાલ વગેરેની ખાણ છે!

શોક્ય એજ—નરકનું દ્વાર ખુલ્લું મૂકનાર દરવાન છે!

શોક્ય એજ—સર્વસ્વનું સત્યાનાશ કરનાર કાળ છે!

શોક્યલડીના સાલે પોતાને સુખ મળવા ઉદયમતીના સુખપાત્રને કેવું ઊંધું વાળી દીધું એ નજર અગાડી વિદ્યમાન છે; માટેજ સ્ત્રીઓ 'જીવતી તો નહીં' પણ મરેલી શોક્યનો પણ છાંયડો પડવા ન પામશો' એવું ઈશ્વિર પાસે સદા માંગ્યા કરે છે. અને વાત પણ સત્ય છે કે શોક્યોમાં ભાગ્યેજ સંપ જંપ વાસ કરવા પામે છે.

વાઘેલી શૉક્યના પ્રતાપથી સોલંકિણી કેવી વિપત્તિમાં ફસાઈ પડી। તે બિચારી રોઈ રોઇને દિવસ ગુજારવા લાગી અને પોતાના સત્ય ધર્મમાં અડગ રહી પ્રભુસ્મરણની અંદર તલ્લીન રહેવા લાગી એથી બાર વર્ષ વીત્યા બાદ પરમાત્માની પ્રેરણા થતાં સત્ય ઊપર તરી આવ્યું. સોલંકિણીનો પ્રતાપી પુત્ર જગત વિખ્યાત **જગદેવ** પરમાર પરાક્રમી કામોથી પ્રસિદ્ધિમાં આવવા લાગ્યો. એ જોઈ કર્ણોપકર્ણથી વાત ચાલી છેક ઉદયાદિત્યના કાન સુધી જઈ પહોંચી એથી તે ચમત્કાર પામ્યો; તેમજ સુજ્ઞ પ્રધાનોએ પણ એ બાબતને પૂર્ણ ટેકો મળવા રાજાના મનમાં ઠસાવી આપ્યું કે-" આપે પટરાણીના ભંભેરવાથી જગદેવને અન્ય સમાગમવડે પેદા થયેલ પુત્ર માની લીધો છે; અને હલકી કોમના પુરૂષ માટે વાઘેલીજી આપને શંકા ઠસાવી દેવામાં હજી પણ પાછાં પડતાં નથી; પરંતુ જ્ઞાન સહિત બારીક દૃષ્ટિથી વિચારી-દર્શનીક પૂરાવો જોતાં તપાસવું યોગ્ય છે કે આ જગના દેવ જેવા જગદેવનાં પરાક્રમી કામો શું હલકા પુરૂષથી પેદા થયેલ ઑલાદનાં છે?। શું હલકી કોમની ઑલાદની નસોમાં ગરમ અને વીરત્વનું પૂર્ણ લોહી વહે ખરૂં કે? શિયાળનાં બચ્ચાંથી શિયાળ જેવાં અને સિંહનાં બચ્ચાંથી સિંહ જેવાંજ કામો થાય છે. કદિ બહુચરાજીના ભક્ત હીજડા, કે લોટ માંગી ખાનારાં સાધુડાંઓથી ભરતપુર જેવા કિલ્લા સર થઈ શકે જ નહીં। એ તો બે શીપનું મોતી હોય તેજ તે કામ કરી શકે છે. શું કાળી સૂરત હોય તે વીર ક્ષત્રીનું ફરજંદ ન ગણાય? શ્રી કૃષ્ણ કાળા ન હતા? રામચંદ્રજી શામસુંદર ન હતા? રાવણ રૂપાળો હતો? સોલંકી ભૂવડનો પુત્ર કર્ણાદિત્ય કાળો ન હતો? મૂળરાજ સોલંકી શું ગોરો હતો? પરાક્રમી સોલંકી ભીમદેવ પણ શામળોજ હતો। અને એવી રીતેજ ઘણાક ગુણવંત રાજાઓ બે શીપનાં મોતી છતાં શામવર્ણના હતા. રંગ ઉપર મોહવા કરતાં તેના ક્ષત્રી ગુણોપર મોહવું એ વધારે પ્રશંસાપાત્ર

છે. આપે સોલંકિણીજીને અણુમાનીતી કરી તેનું કારણ જો લોકોની જાણમાં આવે તો તેથી આપનેજ છેવટ શરમાવાનું છે; માટે પુત્રના ઉત્તમ ગુણો તરફ ધ્યાન આપી શુદ્ધ એ શીપનું મોતી છે એમ પ્રતીતિ લાવવીજ યોગ્ય છે. એના ગુણોજ આપનાથી પેદા થયેલા ફરજંદની ખાત્રી આપી રહેલ છે, છતાં દ્વેષ વડે પોતાનો મતલબ પાર પાડવાવાળાની વાતપર ભરોંસો રાખી આમ કરવું એ આપ જેવા સુજ્ઞશિરોમણીને અછાજતો પ્રકાર છે, પછી તો આપ માલિકને જેમ રૂચે તેમ ખરૂં; તથાપિ અમો હિતચિંતક સેવકોનો જે ધર્મ છે તે બજાવવો યોગ્ય જાણી આ અરજ ગુજારવામાં આવેલી છે, છતાં પણ અમારાથી કંઈ આપ તરફ અસભ્યતા દર્શાઇ ગઈ હોય તો તે માટે આપ કૃપાળુ ક્ષમા કરશો." ઇત્યાદિ ઇત્યાદિ નીતિયુક્ત સુંદર વાક્યો કહ્યાં.

ઉપર પ્રમાણે દાખલા દલીલ પૂર્ણ વચનો સાંભળી સત્યનું સમતોલન થતાં સુજ્ઞશેખર ઉદયાદિત્યે વિજયી પુત્ર જગદેવ ઉપર તેમજ રાણી સોલંકિણી ઉપર ધીરેધીરે મમતા ભરી લાગણી વધારી પૂર્ણ પ્યાર સહવર્ત્તન ચલાવું શરૂ રાખ્યું. એથી રાણી પણ અત્યાનંદ પામી, સર્વે દુઃખ સંતાપ વામી અને પૂર્વેથી અધિક પતિ સાથે પ્રીતિ જામી. વાધેલી ઝૂરતીજ રહી. ઉદયાદિત્ય મનનું ધાર્યુંજ કરવા લાગ્યો. સતીનું સત્ય શીળ જાહેર થઈ આવ્યું. પાપ જુઠ ક્યાં લગી દાબ્યું દુબ્યું સંતાયું રહી શકે ?

વાચકવીરો ! આ વાર્ત્તા આપણને શોક્યોની સગાઇનો, તેમજ શીળની મહત્તાનો ખ્યાલ કરાવી રહેલ છે. અને એ પણ બતાવી રહેલ છે કે ગોરા માબાપોથી પેદા થતી સંતતી કદાચ શ્યામ રંગની હોય તો તેવી સંતતી તરફ ઘણાં પ્રજાશત્રુ માબાપો કંટાળો લાવી તેમનો તિરસ્કાર કરે છે; પણ તેવા શામ રંગ ઉપર કંટાળો ન લાવતાં તથા ગોરા રૂપપર મોહી ન જતાં ફક્ત તેના ઉત્તમ ગુણોનાજ અભિલાષિ થવું ઘટે છે. દાખલા તરીકે મહારાજ ગટુલાલજી, પ્રખ્યાત શાસ્ત્રી કાળીદાસ ગોવિંદજી, કૉટાયવાળા વિદ્વાન્ રવજી, કવિવર અમૃતવિજયજી, જામશ્રી વિભાજી વગેરે ઘણાક મહાજનો વિશેષ રૂપવંત ન છતાં તેઓનામાં વિદ્વત્તા–શૌર્યતા–દાતવ્યબુદ્ધિ–સ્મરણ શક્તિ વગેરે વગેરે જુદા જુદા ગુણો વિદ્યમાન હોવાને લીધે તેઓ પ્રશંસનીય મનાયેલ છે, એ માત્ર ગુણનીજ બલિહારી છે; માટેજ કહું છું કેઃ—

કસ્તૂરી કાળી છતાં, સહુ કરે સત્કાર;
ગુણથી ગૌરવતા વધે, એ જાણો નિરધાર. ૧
કોઢી અતિશે ઉજળો, સંગ ન ચાહે કોય;
દોષ સહિત તન દેખીને, સહુએ શંકિત હોય. ૨
રૂપથકી ગુણ અધિક છે, ગુણથી અતિ પૂજાય;
ગુણ વિણ રૂપાળાં છતાં, જ્યાં ત્યાં તે અથડાય. ૩
માટે ગુણગ્રાહી થવું, વ્હાલા દેશીવીર;
ગોરાં કરતાં શ્યામનો, પક્ષ કરો ધરી ધીર. ૪

શૂરવીર સતી વીરમતી.

ઉક્ત કથિત અભિરામ અભિધાન (નામ)વાળી પરમ પુનીતા સતી પરદુઃખભંજન વીર વિક્રમના બારમા સૈકામાં વિદ્યમાન હતી. એણીનો જન્મ મધ્ય હિંદુસ્તાનમાં આવેલા **ટોંક-ટોડાના** ચાવડા કુળ ભૂષણ **રાજારાજજી**ના રાજમહાલયમાં રાણી **મંજુલમતી**ના કુખથી થયો હતો. અને એણીનું પાણીગ્રહણ **માળવાના** પાટનગર **ધારાનગરી**ના પરમારવંશપ્રભાકર **ઉ.યાદિત્યના** કુંવર **જગદેવ પરમાર** સાથે થયું હતું. તેમજ એણી સતીની શૂરવીરતા તથા સતીત્વતાની સાચી કસોટી જે રીતે જાહેરમાં આવી તે બિના આ મુજબ છે:—

મહારાજા ઉદયાદિત્યને બે રાણિયો હતી, તે પૈકી પટરાણી વાઘેલી **મોહનકુંવરબા** અને બીજી સોલંકિણી **ઉદયમતી** હતી. તેમાં પણ વાઘેલીજી મહામાનીતી અને સોલંકિણી અણમાનીતી થઇ પડી હતી. (અણમાનીતી થયા સંબંધી ખટખટ ભરી બિના પાછળની સતી ઉદયમતીની વાર્તામાં આવી ગયેલી છે.) વાઘેલીને એક કુંવર હતો કે જેનું નામ **રીણધવળ** હતું, અને સોલંકિણીને પણ એક કુંવર હતો કે જેનું નામ **જગદેવ** હતું.

એક સમય ઉદયાદિત્યે **સુદાર** નામના હજુરીને પૂછ્યું કે— "યુવરાજ રીણધવળ ચૌદ વર્ષનો થયો છે તે વારંવાર રાજકુળને લગતી રમ્મત ગમ્મતો તથા વાર્તાવિનોદ કરતો નજર અગાડી, રમતોજ માલમ પડે છે; પરંતુ જગદેવ બાર વર્ષનો થયા છતાં કેમ ક્યાંયે નજરે પડતો નથી તો તે હયાત છે કે કેમ!"

મુદારે અદબ સાથે ઉત્તર આપ્યો કે—"ધર્માવતાર! સોલંકિણીજીના કુંવર જગદેવજી હયાત છે અને શામસુંદર છતાં ઘણા જ મનમોહન સૂરતદાર શ્રી કૃષ્ણચંદ્ર સરખા છે; પરંતુ તેમનાં માતુશ્રી તરફ આપશ્રીની નેક નજર ન હોવાથી તેમજ પિતા તરફના પવિત્ર હકો આપ પૂર્ણ કરવા ન ચાહતા હોવાથી, તે 'વ્યવહારકુશળ કુમાર કદી આપની નજરે પડતા નથી. નહિં તો દુશ્મનની પણ છાતી ઠરે અને વાંઝણીને પણ પાનો ચડે તેવા કામણગારા ચહેરા ને સૉજવાળા છે; પણ આપ નામવરને જે વાત અણગમતી ગણાણી તે માટે અન્ય શું કરી શકે. **ધણીએ માની તે રાણી, પછી ભલે છાણા વીણતી આણી?' 'દ્રણીને સુઝે ઢાંકણીમાં ને પડોસીને સુઝે આરસીમાં, પણ તે કામ શું આવે?'** આમ હોવાથી બધાએ લાચાર ને ગમખ્વાર છે!"

વાંચનાર! પાછળની વાતમાં કહેવાઈ ગયું છે કે જગદેવ શામરંગનો હોવાથી વાઘેલીજીના ભંભેર્યે ઉદયાદિત્ય, રાણી અને કુંવરને બોલાવતો ન હતો અને તે બાબત માટે સુજ્ઞ પ્રધાનોએ નીતિ ન્યાય વગેરેના અમૂલ્ય શબ્દો કહી મહારાજાનું મન આર્દ્ર બનાવી દીધું હતું, એથીજ મુદાર અગાડી જગદેવને યાદ કરવાનો વખત આપવા પામ્યો હતો, તેમાં વળી મુદારની વાતપરથી કંઈક તેમાં ઉમેરો થયો જેથી મુદાર અગાડી મહારાજા નિશ્વાસ નાખી બોલ્યા કે–"દીકરા તો દેવને પણ દુર્લભ છે! જગતમાં પુત્રથી કોઈ વસ્તુ વિશેષ વ્હાલી નથી; પરંતુ મારા મનની નબળાઇને લીધે તેમ બન્યું છે એ માટે મુદાર! તું કુંવર જગદેવને હાલને હાલ અહીં તેડી લાવ કે હું તેનું મોં જોઈ મારી તપ્ત થયેલી છાતીને શીતળ કરૂં."

આવું બોલવું સાંભળતાંજ મુદાર તુરત અણમાનીતિના મહેલે જઇ પહોંચ્યો અને સોલંકિણીજી અગાડી બનેલી હકીકત કહી સંભળાવી, તથા મોકલવામાં કોઇ પ્રકારની અડચણ નથી એ પણ જાહેર કરી ઉભો રહ્યો. ચતુરશિરોમણિ સોલંકિણીને પ્રધાનોએ કરેલી સ્તુત્ય હીલચાલના સમાચાર ખાનગી જાસુસ મારફત મળેલા હતા તેને લીધે હજૂરીઆના વચનને માન્ય કરી સોલંકિણીજીએ કુંવર જગદેવને તેની સાથે મોકલ્યો.

જ્યારે જગદેવ કુંવરને દરબારમાં આવતો જોયો ત્યારે પિતાએ વાત્સલ્ય પ્રેમ વડે તેના સ્હામી નજર કરી, તો પોતાના કુંવરને પહેરવા જાડી ખાદીનું અંગરખું અને માથે સાદો હલકી

કીમતનો ફેંટો હતો, તે શિવાય અંગપર સોનીનું ઘડ્યું કે શાળવીનું વણ્યું કશુંએ હતું નહીં. એથી કુંવર જગદેવે શરમાતે પિતાના પદમાં નમન કર્યું, એટલે તુરત પિતાએ કુંવરને છાતી સરખો લગાવી સારો પ્યાર બતાવી પોતાની પાસે બેસાર્યો અને પછી પૂછ્યું કે- "પ્રિયપુત્ર! તારો છેક આવી કંગાલ હાલતનો ઠાઠ કેમ છે? ખરચ માટે તો મેં તંગ દિલ કરેલ નથી? છતાં શું તે ખરચી તમને મળવા પામતી નથી?"

કુંવર વિનયથી બોલ્યો-"પૂજ્ય પિતાશ્રીજી! જોઇએ તેટલી ખરચી જો મળ્યા કરતી હોય તો રાજકુંવર આવી દશાથી અહીં શા માટે આવવા ચાહે? મારી પૂર્વજન્મની તપશ્ચર્યામાંજ ખામી છે જેથી મહારાજાને ત્યાં જન્મ લીધા છતાં પણ આવી હાલત ભોગવું છું. ભલે ભૂખ્યા તરસ્યાનો માળવો રસ કસથી ભરપૂર હોય; પણ અમને તો થળીના મુલક સરખો અનુભવ આપે છે કે શેર અન્ન અને પીવાને પૂરૂં પડે તેટલું પાણી મળવાના પણ સાંસા પડે છે. આપશ્રી તરફથી અમારા નિભાવ માટે ગામ તો મોટું મળ્યું છે; પણ તેની ઓછી ઉપજને લીધે ખર્ચી પણ માંડ માંડ પૂરી પડી શકે છે. અને જ્યારે ખરચ પરાણે પૂરૂં થાય છે ત્યારે સારો પોષાક તો પછી કરાયજ શામાંથી? એટલે પછી આવી દશા રહે એમાં કંઇ નવાઇ જેવું નથી; છતાં પણ આજે આપ પૂજ્યશ્રીની નેક નજર થઇ જાણી એ દુ:ખને સ્વર્ગસુખ, અને આ પોષાકને નવલખો પોષાક માનું છું; કેમકે પૂજ્યની કૃપાનું આજે હું પાત્ર થયેલ છું. કૃપાળુશ્રી! હમેશાં છોરૂપર આવીજ દયાદગ રાખવાની જરૂર છે."

આટલું બોલી મોન ધારણ કર્યું કે તુરત મહારાજાએ ભંડારીને હુકમ કર્યો-"કુંવર જગદેવની હાથ ખર્ચી માટે હમેશ બે રૂપિયા મળ્યા રહે તેવો ચોકસ બંદોબસ્ત રાખો, અને પોષાક વગેરેના સાધન માટે હજાર રૂપિયા ભરેલી એક થેલી આપી દો."

આ હુકમ સાંભળી કુંવરે અરજ કરી-"ન્યાયમૂર્તિ! આપશ્રીએ બક્ષીસ કરવાનો અને હાથ ખરચી મળવાનો હુકમ ફરમાવ્યો છે; પરંતુ તે કાયમ રહેવા ભાગ્યેજ પામશે; કેમકે મારાં વાઘેલીજી માજી સાહેબ મારાપર ઘણુંજ વ્હાલ ધરાવે છે, જેથી આપના હુકમને સવામણની શય્યામાં સૂઇ જવાની આરામદારી મળી જશે; માટે આમ કરવા કરતાં જેમ છે તેમજ ચાલવા દેવું એ ઠીક છે. કહ્યું છે

કે—'**જિહી ઉતંગ ચડી ફિર પતન, સો ઉતંગ નહીં કૂપ; જો સુખમેં દુખહી બસે, સો સુખ હૈ દુખ રૂપ.**' (જે ઉંચે ચડીને પાછું નીચે પડવું તે ઉંચે ચડ્યા નહીં; પણ કુવામાં પડ્યા કહેવાય અને જે સુખમાં દુઃખજ વસી રહે છે તે સુખ નહી પણ દુઃખજ છે.)"

આ બોલથી રાજાએ જાણીજ લીધું કે—"જે કંઇ હું ખરચ આપું છું તે પૂરેપૂરૂં કુંવરની માને મળતું નથી, અને હવે પણ મળવા દેશે નહીં એવી પટરાણીની ખટપટ શરૂ છે." એમ માની તુરતજ રૂપિયાની ભરેલી થેલી મંગાવી પોતાની સમક્ષજ કુંવરને સ્વાધીન કરી આપી, અને કહ્યું કે—"આ પેસામાંથી સારો યોગ્યતા ભર્યો પોષાક બનાવી લેવો અને બબ્બે રૂપિયા જે મળતા રહે તે હાથ ખર્ચીમાં વાપરવા, તથા પુંવાર કુળને વિશેષ શોભા મળે તેવી વર્તણુકમાં વધારો કરવો." વગેરે પ્રબંધ થયા પછી કુંવર આજ્ઞા માંગી હજૂરીનોકર સહિત પાછો પોતાની હવેલીએ જઇ પહોંચ્યો.

પિતા પુત્રના મિલાપ સમય જે બિના બની તે સઘળી વાઘેલીજીના નોકરે જાણી લીધી, અને તુરતજ તેણે તે સંબંધી ખબર વાઘેલીજીને આપી. આથી તેણીના હૈયામાં તો દ્વેષની હોળી સળગી ઊઠી અને તેજ વખતે એક હજૂરી ખવાસને મોકલી મહારાજાને હાલને હાલ પોતાને મહેલ પધારવા કહેણુ કહાવ્યું.

વાચક વર્ગ ! સાચા કરતાં ખટપટિયા લોકોને વધારે ચેતતું રહેવું પડે છે. ખાનગી માણસો મારફત કિંવા પોતાને વેષ બદલી છુપી બાતમીએ મેળવવાની જરૂર પડે છે. અને સુખે ખાવા પીવા પણ પામવાનો વખત મળતો નથી. હમેશાં કપટ-કલેશ-દ્વેષ વગેરે, પહેલાં જે તેઓની ઉપાસના કરે તેઓના જ તન મન ધન આદિમાં ધગધગતા ખેરના અંગારા મ્હેલી રાત દિવસ સંતાપ્યા કરે છે ને તે પછી પ્રતિપક્ષિને સંતાપ આપવા માંડે છે; માટે તેવા બળ્યાને જ મારનારા ધરબાળુઓથી જે દૂર રહે તેનેજ સુખી અને ધન્ય ગણાય છે; માટે જેમ બને તેમ તે દુષ્ટોથી દૂર રહેવા જ આપ ખંતવંત રહેશો. કેમકે માનવોનાં માન ભંગ કરવાનાં જ એ સાધન છે. જુઓ કે વાઘેલીજીએ એ દુષ્ટોની ઉપાસના કરી તો આખર શું થયું ? તે જરા તપાસો.

વાઘેલીજીના તેડાથી મહારાજા તેણીને મ્હેલ પધાર્યા, એ જોઇ કપટહાસ્ય બત્તાવતી ઉઠી ઉભી થઇ મહારાજાના ચરણમાં નમન કરી પ્રેમાલિંગન આપી હાસ્યવિનોદમાં પોતાનો મુદ્દો પાર પાડવાની વાતનો મોકો લાવી તેણી બોલી કે- " આજે તો અણુમાનીતા દીકરા પર દયા કરી દેખાયછે ! નાથ ! હજુ ટીકાયત રીણધવળને તો કોઇ દિન તેવી નિવાજસ કરી નથી; છતાં તે પહેલાં તેને સિરપાવ માટેની ઉદારતા બતાવી એ શું રાજરીતિને છાજતી બિના બની છે કે ? "

મહારાજાએ કહ્યું-" સોલંકિણીજો કે અણુમાનીતી થઈ પડેલ છે; પણ તેણીનો કુંવર કંઈ અળખામણો નથી. રીણધવળ તિલાયત છે છતાં પણ જગદેવ મારી નજરે વિશેષ શીતળતા આપે છે અને ધારૂં જ છુંકે તે એક શૂરવીર જગદિદિત ક્ષત્રીવંશઅવતંશ નીવડશે. "

આ પ્રમાણે સાંભળતાં તો વાઘેલીજી રાતી પીળી થઈ બોલી ઉઠી કે- " જગદેવનું મ્હોં કાળું છે અને તેના નસીબમાં પણ કાળા જ અક્ષરોથી લેખ લખાય છે, તેનાં વળી આપ ઉજળાં વખાણ કરો છો એ કેવી ને કેટલી બધી ભ્રમિત મતિ થઇ જણાય છે. બસ આપેલી થેલી હાલને હાલ પાછી મંગાવી લ્યો, નહીં તો મારે ખાવું પીવું હરામ છે. "

રાજાએ કહ્યું-" હાથીના દંતૂશળો જે નીકળ્યા તે તો પાછા મ્હોંમાં પેસનારજ નથી. તમારૂં માન મેં ઘણા દિવસ રાખ્યું છે માટે હવે એટલેથીજ બસ કરો તો ઠીક છે, નહીં તો હવે માન જળવાયું રહેશે નહીં. શું તમો મારા બોલને અબોલ કરી જીવતરને ધૂળમાં મેળવવા ઇચ્છો છો ? બસ મેં જે રાજી થઇને થેલી આપી છે તે કદીપણ પાછી મંગાવનાર નથી. બીજી વખત આપીશું તો તે વખતે તમને પુછીને આપીશું; પણ આ વખતે તો જે થયું તેજ કાયમ રહેશે. ભલે અન્નપાણી હરામ કરવાં હોય તો કરો અને મરો; પરંતુ બોલ્યું ફરો એ કહેણુ તો હું કદિ માન્ય કરનારજ નથી. કહો હવે શું કહેવા માગો છો ? હદપાર ઇર્ષા કરવી એ તે કંઈ સારી દેખાય કે ? " એટલું બોલી મહારાજાજી ત્યાંથી તુરત રવાના થઇ ગયા. વાઘેલી ઝુરતીજ રહી અને પોતાનું ધાર્યું શું કરવાથી પાર પડે તે વિષેનાં ફાંફાં મારવા લાગી.

ઉદયાદિત્ય માંડુગઢના રાજરાજેશ્વરનો ખંડીયો રાજા હતો, જેથી તેને તાબડતોબ માંડુગઢથી તેડું થયું કે તુરતજ તે પોતાની લાયકાત પ્રમાણના લશ્કર સહિત માંડુગઢભણી રવાના થયો અને ત્યાં

તેને નિયમ પ્રમાણે ત્રણ વર્ષ રહેવું પડ્યું. આ સમયના પોલનો લાભ વાઘેલીજીને એ મળ્યો કે-રાજાના ગયા પછી રીણુધવળ યુવરાજ કચેરી ભરી રાજકાજ ચલાવતો હતો; છતાં તેનામાં વિશેષ શકુર ન હોવાથી પોતાના કામથી-સ્વભાવથી યશ મેળવી શક્યો ન હતો. અને જગદેવે પોતાની હવેલીમાં રહ્યે રહ્યેજ સર્વથી મિલનસારી-નમ્રતા-સભ્યતા જાળવી આનંદી સ્વભાવ અને યોગ્ય દાતવ્ય બુદ્ધિ વડે કરીને પુષ્કળ વાહ વાહ મેળવી હતી-એટલુંજ નહીં પણ જગદેવની સુકીર્તિ વિદેશમાં પણ પસરી રહી હતી. આ કારણને લીધે વાઘેલી ઇર્ષ્યાગ્નિમાં આઠે પહોર બળ્યા કરતી હતી. તેમાં વળી અધૂરામાં પૂરો એ બનાવ બન્યો કે;-ગૌડ દેશના ગૌડવંશી **ગંભીરસિંહજીએ** જગદેવની સારી ખ્યાતી સાંભળી પોતાની કુંવરીનું તે સાથે સગપણ જોડવા નવ ઘોડા એક હાથી અને સોના ચાંદીથી મઢેલા શ્રીફળ સહિત મતુરી નામના પોતાના કુળગોર અને પ્રધાનોને ધારા નગરીએ મોકલ્યા, તેઓ પંથ પસાર કરતા અનુક્રમે ધારાનગરીએ જઈ પહોંચ્યા અને રીણુધવળ તરફથી તેમનો સારો આદર સત્કાર થયા સાથ ઉતારા વગેરે સઘળી બાબતનો બંદોબસ્ત કરવામાં આવ્યો.

તે પછી પુંવારનો ગોર હજૂરી ખવાસ અને પ્રધાન વગેરે તે આવેલા રાજગોર પાસે ગયા અને નાળિયર વધાવા માટે કહ્યું; પણ ગૌડના રાજગોરે જણાવ્યું કે-નાળિયર તો જગદેવજીને આપવા અમારા રાજેજીએ ફરમાવેલ છે, યુવરાજજીને આપવાનું કહેલ નથી; માટે જગદેવજીને પાટ બેસારો કે લગ્નતિલક કરી શ્રીફળ આપીયે."

આવું બોલવું થતાં એ વાત વાઘેલીજીને જણાવી, ત્યાં તો પછી અગ્નિમાં ઘી હોમાતાં ભડકો ઉઠયા જેવું થઇ પડ્યું. વાઘેલીજી દૈવને આળંભો દેવા લાગી કે -" અરે અદેખા દૈવ ! તું કાળા કોઢિયાને નાળિયર અપાવવા ઇચ્છે છે ? નાળીયર તો મારા કુંવરનેજ લાયક છે; છતાં તું અઘટિત ઘટના કરે છે એ ખરેખર તારી જડતા છે।" વગેરે ઉપાલંભ આપ્યો. વાઘેલીએ પોતાના ગોરને કહેવા લાયક વચનો સમજાવી ગૌડના ગોર પાસે મોકલી કહાવ્યું કે-" જગદેવ અણુમાનીતીનો છોકરો છે તેને પેટપૂર ખાવાનું પણ મળતું નથી તો તેવાને તમારા રાજા દીકરી આપવા શું જોઈને ચાહતા હશે ! રીણુધવળ તો ગાદીનો વારસ છે, એનાં માજી પટરાણી છે અને તે રૂપાળો છે માટે તેને નાળિયર આપો કે કુંવરી પટરાણી

થવા ભાગ્યશાળી થાય. ” વગેરે વગેરે કહેવરાવી ગૌડગોરને પુંવારગોરે ભુરસીદક્ષણા (નાણાની થેલીયો) આપી. એટલે ગૌડવંશી કુળગોર ટાઢો ટમ થઇ ગયો ને નાળિયર રીણધવળને આપી લગ્નતિલક કરી આનંદ પામ્યો. જો કે તે ગોરે જતાં અગાઉ જગદેવને જોયો, અને તેનામાં ક્ષત્રીપણાના ગુણો જોઇ પસ્તાયો; તોપણ કરેશું ? અંતે રાજા માંગી કીમતી સરપાવ મેળવી કચવાતે દિલડે પાછો ગૌડ દેશ ભણી મંડળ સહિત વિદાય થયો. અહા ! પૈસાની પણ કેવી માયા છે ?! પૈસા એજ પરમેશ્વર–ગુરૂ–હેતશ્રી સાચો મંત્ર–પ્રાણસંજીવની બુટી અને જાગતી જોત છે. અને એમ હોવાથીજ એક નિજાત્માનંદમાં રમણ કરનારા મહાત્માએ કહ્યું છે કેઃ—

(કાહેકોં દેહ ધરી—એ રાહ. ધનાશ્રી.)

પૈસાને આધીન, જગત સહુ, પૈસાને આધીન;
પૈસા વિના સહુ દીન, જગત સહુ, પૈસાને આધીન.
યોગી વિરાગી જંગમ સંન્યાસી, પૈસામાં લયલીન. જગ. ૧
તેને મેળવવા મારગ સહુના, દેખાએ ભિન્ન ભિન્ન. જગ. ૨
ગોવાળ થઈ વ્રજગાયો ચારી, પૈસા વિના ગમગીન. જગ. ૩
અમીશ્વર લક્ષ્માથી દ્વારિકાં રાજા, બનિયા તાગડતાધીન. જગ. ૪

વ્હાલા વાંચકો ! જ્યારે એવાઓ પણ પૈસાનાજ તાબેદાર છે ત્યારે પછી બિચારો સ્વાર્થલંપટ રાજગોર પૈસાનો દાસાનુદાસ થઈ રહે એમાં નવાઇ પણ શી ? “ **જર સબ બાતોકી જર હૈ** એટલે કે પૈસા એજ બધી વાતોનું મૂળ મંડાણ છે ” વાહ ! તારી પણ અજબ ને ગજબ કરામત છે ! ! !

કુળગોર મજલ દર મજલ કરતો કાફલા સહિત પોતાના અન્નદાતાની હજૂરમાં જઇ પહોચી આશિર્વચન વદી બોલ્યો કે–“ ધર્માવતાર ! ધાર્યા કરતાં વિધિયે વિપરીત વિચાર અમલમાં આણ્યો છે, એથી જગદેવને નાળિયર આપવાને બદલે રીણધવળને આપ્યું છે; કેમકે ગાદીનો વારસ રીણધવળ હોવાથી કુંવરીજી પટરાણી થવા પામે એમ જાણી એમ કર્યું છે; તો પણ ક્ષત્રીની કાંતિથી પૂર્ણ તો જગદેવજ છે. જો કે પોષાક તો તેનો સુંદર નથી; છતાં પણ સૂર્ય કિરણ સરખો દેદીપ્યમાન છે; પરંતુ લખ્યા લેખે ભૂલ ખવરાવી એટલે અમારૂં શું ચાલે ? ”

રાજાએ આ વાત સાંભળી દિલગીરી દર્શાવી અને મ્હોટી ભૂલ કર્યાનું જણાવ્યું તથા "મારે બીજી કુંવરી નથી, નહીં તો તે રીણધવળને આપી કૃષ્ણાકુમારી જગદેવને આપી કોડ પૂરા કરત. હશે જે થયું તે થયું." વગેરે વગેરે કહી જોશીને બોલાવી લગ્ન શુદ્ધિ જોવરાવી તો લગ્નદિવસ નજદીક જણાયો, જેથી તે સંબંધી કુંકુમપત્રી (કંકોતરી) લખી પટરાણી તરફ મોકલી, અને બીજો ખાનગી કાગળ પ્રધાન ઉપર લખી તેમાં લખ્યું કે "જાન લઇને આવો ત્યારે જગદેવ કુંવરજીને જરૂર સાથે લેતા આવવું, નહીં તો આવેલા વરને હસ્તમિલાપ કરવામાં વાંધો આવશે." આ પ્રમાણે બેઉ પત્રિકાઓ કામદાર મારફત ધારાનગરીએ પહોચતી કરાવી.

કાગળ પહોંચતાંજ પ્રધાને તેમાંના સમાચાર વાઘેલીજીને કહ્યા કે તે બળતી બળતી બોલી કે "કાળિયાને સાથે લઈ જજો." તે પછી જગદેવને તે ખબર આપ્યા. એથી જગદેવે લાગ જોઇ કહ્યું કે મને સારો પોષાક અલંકાર ને ઘોડો મળશે તો જઇશ, નહીં તો ભૂંડા દેખાવથી જવા ચાહતો નથી."

જો કે વાઘેલીને તે બહુ ખટક્યું, પણ ત્યાં ચાલે તેમ ન હોવાથી ગરજને લીધે તુરત સારો ઘોડો–પોષાક–દાગીના વગેરે જગદેવની પસંદગી મુજબ આપ્યાં એટલે વીસ હજાર માણસો સહિત જાન સૂંઢી અને રસ્તે જતાં ટુંક-ટોડા સ્ટેટમાં મેલાણ કર્યું.

તે સંસ્થાનનો રાજા રાજજી અંધ હોવાને લીધે કુંવર **બીરજજી** રાજ્યકારોબાર ચલાવતો હતો, તેની બ્હેન શ્રીમતિ ચાવડી **વીરમતી** કે જેણીના રૂપગુણની બરોબરી કરે તેવો યોગ્ય વર મળ્યો ન હતો, તેણીના માટે રાજા રાજજીએ અંધ છતાં હૃદયચક્ષુના જ્ઞાનવડે બીરજરાજને કહ્યું કે "કુમાર ! આ જાનની અંદર સુકીર્તિવંત જગદેવ પરમાર કે જે વીર ધીરાદિ સદ્ગુણગણાલંકૃત છે તેને આપણી વીરમતી વરાવી દો, જેથી આપણી સર્વ મહેનત સફળ થાય."

આ પ્રમાણે પિતાનું કહેવું સાંભળી બીરજરાજ જાનનો આદર સત્કાર કરવા ગયો અને એક દિવસ મહેમાનગતિ સ્વીકારી પછી વિદા થવાનો કરાર મેળવી આવ્યો. એક બાજુ પરોણાગત ચાલી, અને બીજી બાજુએ ખાનગી રીતે જોશીને પૂછી ઘડિયાં લગ્ન રૂપ આવતી કાલે સાંજનાં ગૌધુલિક લગ્નની સર્વ તૈયારી કરવા માંડી તથા તેણે મુહૂર્ત સમય થતાં જગદેવ સાથે પોતાની બ્હેનનો હસ્ત-

મિલાપ કરાવી એક હાથી પચીશ ઘોડા ને નવ દાસીયો વગેરે દાયજામાં આપી મનની ધારણા સફળ કરી.

આમ થવાથી રીણધવલ જરા મ્લાન મુખવંત તો થયો; પણ તેમાં કંઇ ચાલે તેમ ન હતું જેથી તેણે પરોણાગત કરવાનો મર્મ સમજી આગળ પંથ પસાર કરવાનો હુકમ કર્યો; એટલે વીરમતીને પીયરમાંજ રહેવા દઇ જગદેવ સાથે સામેલ રહ્યા. જ્યારે જાન ગોડ પ્રદેશના પાયતખ્તે જઇ પહોંચી ત્યારે રાજા ગંભીરસિંહે સહામૈયું કર્યું, જગદેવને નિહાળ્યો, અને વીરમતી વર્યાના સમાચાર જાણ્યા તો પણ પોતાની કૃષ્ણાકુમારીને જગદેવ સાથેજ વરવાનો વિચાર કાયમ કર્યો; પરંતુ તેમ કરવાની જગદેવે સલાહ ન આપી, એથી લાચરી સાથ રીણધવળને પોતાની કન્યા વરાવી બમણી પહેરામણી સહિત ઘોડા હાથી અને દાસીઓ આપી પોતાનું મન વાળ્યું.

જ્યારે જાન વિદાય થઇ પંથ પસાર કરતી તે પાછી ટાંક ટોડે જઈ પહોંચી ત્યારે ચાવડી વીરમતીને જગદેવે રથમાં બેસારી સંગાથે લઈ લીધી અને અનુક્રમે જાન સહી સલામતે ધારા નગરની બ્હાર આવી ઉતરી; પણ જગદેવ રસ્તામાં સુંદર સુંદરી પરણ્યો તે જાણી વાઘેલી બળી ભસ્મ થવા લાગી અને જેને તેને કહેવા લાગી કે—" હાય! કાળિયાને તે દેખ્યા પેખ્યા વગર શું જોઇને પોતાની દેવકન્યા સરખી કન્યાને વરાવી હશે? " તે પછી જાનનું સ્હામૈયું કર્યું. બેઉ વહુઓ સાસુજીને પગે પડી, દેવ-ગોત્રજ પૂજી, બેઉ દંપતિ એક માસ લગી આનંદમાં લીન બન્યાં.

ત્રણે વર્ષે ઉદયાદિત્ય માંડવગઢથી ઘેર પધાર્યા, એટલે ઉમંગ સાથ રીણધવળ તથા પ્રજાજનો આતુરતા યુક્ત મહારાજાની સ્હામે ગયાં અને ભૂપાળને પગે પડી હર્ષમય બન્યાં. પુરમાં પાવન પગલાં કરી જ્યારે દરબારમાં પધારી મહારાજાએ દરબાર ભર્યો ત્યારે સહુ જનોને હાજર રહેલા જોયા; પરંતુ વીર પુત્ર જગદેવને જોયો નહીં, એથી તે ન આવ્યાનું કારણ પૂછતાં સોલંકિણીના મહેલમાં રહેવાથી તેને કોઇએ મહારાજાના આગમનના સમાચાર ન પહોચાડેલ માલમ પડ્યા. એટલે તુરત સ્વાર મોકલી કુંવર જગદેવને પોતાની પાસે બોલાવી લીધો કે તે તુરત પ્રેમસહિત પિતાને પગે લાગી હાથ જોડી ઉભો રહ્યો. એ જોઈ પિતાએ તેને પૂર્ણ પ્યાર સહ હૃદય સાથે લગાવી કુશળ પૂછી પાસે બેસાડી પ્રશ્ન કર્યો કે—" પ્રિય પુત્ર! હજુ તું આવા હલકા પોષાકથી કેમ ફરે છે?" કુંવરે નમ્રતા સાથ વિનવ્યું

કે જે નિમનોક આપ બાંધી ગયા હતા તે માત્ર કથન રૂપજ રહેવા પામેલ છે. મને મળ્યા વિના સારો પોષક ક્યાંથી મેળવી શકું! મારાં માજીનો હુકમ થાય તો દાહાડો વળેને?" ઇત્યાદિ કહ્યું તે જાણી લઈ તુરત તેને માંડુગઢથી મળેલા પોષાકની તમામ ચીજો ઊતારી આપી દીધી, તેમજ પાટ ઘોડો પણ આપ્યો. એટલે નમન કરી તે સર્વ જગદેવે લઇ લીધું; પરંતુ કર જોડી અરજ ગુજારવા લાગ્યો—"પૂજ્યજી! આપશ્રીએ કૃપા કરી આ બધું મને આપ્યું છે; તથાપિ વાઘેલીજી માજી મારા પર વિશેષ પ્યાર(!)રાખતાં હોવાથી આપશ્રીને સંતાપીને કદાચ પાછું મંગાવી લેવા યુક્તિ ચલાવશે; પણ હું આપશ્રીના મંગાવવા છતાં પણ પાછું આપીશ નહીં અને તેમ થાય તેવું હોય તો અત્યારથી જ પાછું લેવું એ વધારે સારૂં છે, નહીં તો તેથી મારૂં અપમાન થયું મનાવાનો વખત આવે."

રાજાએ કહ્યું—"વત્સ! તે ભલેને ગમે તે કહે; પરંતુ રીણધવળ કરતાં તું મને વિશેષ વ્હાલો છે અને આ બધું મને મળેલા પસાવનું જ છે, જેથી તે કંઈ કરી શકશે નહીં; માટે તું બધું પહેરી આ ઘોડા પર સ્વાર થઈ સાંજરે દરબારમાં આવજે." આ પ્રમાણે પ્રશ્નોત્તર થયા પછી જગદેવ પિતાના પદ પ્રણમી પોતાને મુકામે ગયો.

વાઘેલીને જ્યારે જગદેવને આપેલી વસ્તુઓની જાણ થઈ ત્યારે તુરત દ્વેષ પૂર્ણ થવાને લીધે મહારાજાને ભોજનને બ્હાને બોલાવી પાટઘોડો, તરવાર, કલગી ને કટાર કે જે પાટવી કુંવરનાં જ ગણાય છે તે પાછાં મંગાવી લેવાની તદબીર ચલાવી; પરંતુ મહારાજાએ તેમ કરવાની ચોખી ના કહી; છતાં પણ તેણીએ સ્ત્રીહઠ માંડી જેથી આખર કાયર થઈ જગદેવને સમજાવી તરવાર પાછી મંગાવી એટલે વગર આના કાનીએ જગદેવે તે તરવાર દીર્ઘ વિચારથી પાછી સોંપી;પણ એ કામથી પોતાનું અપમાન થયું માની પોતાની માતુશ્રી પાસેથી બાળાત્કારે રજા માગી પોતાનું ભાગ્ય અજમાવવા બે મ્હોરોની થેલીઓ તથા ધનુષ બાણ તરવાર સહિત ઘોડે સ્વાર થઈ પાટણપતિ સિદ્ધરાજના દરબારમાં નોકરી મેળવવા મંગળ પ્રયાણ કર્યું, અને ક્રમે કરી ટોંક ટોડે જઈ પહોંચી એક બગીચાની અંદર વિશ્રામ કર્યો

કુંવરે જે બાગમાં વિશ્રામ કર્યો હતો તે બાગ પોતાના સસરાનોજ હતો અને તેમાં પોતાની વિવાહિતા વીરમતી અકસ્માત સાહેલીઓ સહિત સુખપાલમાં બેસી આવી પહોંચી એક ચમેલીની ઘટામાં

બેસી ઝરમર ઝરમર વરસતા મેહની મજાહ નિહાળવા લાગી. તથા દાસી કંઈ ફૂળ અને મેવો લેવા બાગમાં ફરતી ગઈ ત્યાં તો અણસારા ઉપરથી રાજકુમારજી હોય એમ તેણીને જણાયું, જેથી તુરત પાછી ફરી તેણીએ બાઇસાહેબને વધામણિ દીધી કે-"વીશે વિશ્વા તો આ બાગમાં રાજકુંવરજી બિરાજ્યા છે." એવું સાંભળી ચમેલીની ઘટામાંથી નિહાળી ચોકસી કરી તો ખુદ પોતાના પ્રાણપતિજ બિરાજેલા જણાયા કે તુરત ઉઠી ઉભી થઇ પતિદેવના ચરણમાં નમન કરી અરજ કરવા લાગી-"આજે ધન્ય દિવસ, ધન્ય ઘડી ને ધન્ય પળ માનું છું કે પ્રાણેશ્વરે પધારી દાસીને દર્શન દીધાં। પરંતુ આશ્ચર્ય ઉપજે છે કે આપ નાથ સાથ વિના છડી સ્વારીથી અને તે પણ છુપી રીતે અહીં આવી બિરાજ્યા છો એનું શું કારણ છે?"

કુંવરે ચાવડીજીને અથેતિ વાત કહી સંભળાવી સ્નેહવચન સહ કહ્યું કે-"હું ચાકરી મેળવવા નીકળેલો છું; માટે મારૂં આગમન જાહેરમાં લાવશો નહીં."

ઉપર પ્રમાણે વાત ચાલતી હતી દરમ્યાન હર્ષઘેલી દાસીએ તો દોડતે જઇ બારજરાજજીને રાજકુંવરની પધરામણી સંબંધી વધામણિ આપી, જેથી દાસીને રાજી કરી બારજરાજ પગે ચાલી પરમારવંશી જમાઇજીને મળવા આવતો જણાયો કે તુરત ચાવડી રસ્તો માપી પોતાના મહેલે જઈ પહોંચી અને બારજરાજ બાગમાં દાખલ થઇ બનેવીજીને ભેટી શહેરમાં પધારવા સંબંધી વીનતી કરવા લાગ્યો. એટલે તેને કુંવરે બહુ બહુ રીતે સમજાવ્યો; પણ 'થોડો વખત રહી પછી આપ ખુશીથી પધારજો.' એવો દુરાગ્રહ લીધો જેથી આખર તેનું મન જાળવવા કુંવર બારજરાજની સાથે શહેરમાં ગયો ને સર્વને મળીહળી નિત્યકૃત્ય કરી સુંદર હવેલીમાં આરામ લઇ દિવસ પૂર્ણ કરવા લાગ્યો.

જ્યારે રાત્રી પડી ત્યારે છુપી રીતે કુંવરે એકલાજ ચાલી નિકળવાની વિચારણા પોતાની મનમોહિની ચાવડી અગાડી જાહેર કરી. એટલે વીરમતી હાથ જોડી બોલી કે-"પ્રાણપતિજી। આપ એકલા પરદેશમાં પધારવા ઇચ્છો છો; પણ હું તો સાથેજ રહેવા ઇચ્છું છું. નીતિ કહેછે કે-" પરદેશમાં કદિ પણ એકલાએ ન જતાં બે જણે જવું કે જેથી સંકટ કે જરૂરી વખતે અડચણ ન નડે; માટે હું તો રાજની ચાકરીમાંજ હાજર રહીશ." કુંવરે કહ્યું-"પરદેશમાં

ઓનું પગબંધન બહુજ વધારે હોય છે; માટે તમો અહીંજ રહી આનંદમાં દિવસ ગુજારો. હું સ્થિરતા કરીને જ્યાં રહીશ ત્યાં તમોને બોલાવી લઈશ." વીરમતીએ કહ્યું–"એ બધું સત્ય છે; પણ શરીરથી છાયા ક્યાંય જુદી રહી જોઈ છે? જ્યાં શરીર ત્યાંજ છાયા–પરછાયો રહે એજ પરંપરાનો નિયમ છે; માટે હું તો આપની સાથેજ રહી દુઃખને સુખ માની મસ્ત બનીશ." આમ થવાથી બે ઘોડાઓ પર સરંજામ તૈયાર કરી અમૂલ્ય દાગીના વસ્ત્રો સહિત બેઉ જણ ઘોડેસ્વાર થઈ ચાલવા ચાહતાં હતાં; પરંતુ તે છુપી મસલત બારજસજની જાણમાં આવતાં તે ત્રણસો સ્વાર સહિત વોળાવા માટે આવી કુંવરની હજૂર હાજર થયો, જેથી ચાહન રીતે તેઓએ સર્વને ભેટી સારા મંગળ શબ્દો, લાભદાયી શકુનો ને આશિર્વાદને વધાવી સ્વારો સહિત મંગળ પ્રયાણ કર્યું.

થોડે દૂર જતાં સિંહના ભયથી ભરપૂર રસ્તો આવ્યો કે તે પંથને તજી બારજરાજે અન્ય પંથે ચડતાં સહીસલામતી રહેવાની કુંવરને સૂચના આપી; પરંતુ કુંવર તો તે ભયાનક પંથેજ પળવા તત્પર થયો. એટલે બંને હાથ જોડી વિનવ્યું કે–"કુંવરજી સાહેબ! એ રસ્તે રહેતાં વાઘ વાઘણે દેવો જેવાનાં પણ માન મર્દી નાખ્યાં છે; માટે આપ મમત્વ કરી એ રસ્તે ન પધારો. ફેરમાં જવું એ સારૂં છે, પણ પાંસરે રસ્તે જતાં પાંસરા યમના મહેમાન થવાય એ જાણી બુઝી શા માટે કરવું જોઈયે?" આવું બોલવું સાંભળી તેમજ કરવાની હા કહી સર્વને પાછા વળવાની ઇચ્છા જણાવી રામાસામા કરી દંપતિ નિર્ભય માર્ગ તરફ વળ્યાં, એટલે સવજન પોતાને રસ્તે પડ્યાં.

કુંવરે ચાવડીને કહ્યુંકે–"ક્ષત્રીઓનો ધર્મ છે કે ઘાતકી પ્રાણિયોનો જરૂર વધ કરવો; કેમકે જે રૈયતને પીડા આપે છે તેઓને ઠાર મારતાં રૈયતની આબાદી જળવાય છે, જેથી આપણે વાઘ વાઘણના ત્રાસની બુમ સાંભળ્યા છતાં બેદરકારી બતાવી રૈયતનું હિત ન કરીએ એ રાજપુત્રને અધિક શરમાવનારો પ્રકાર છે. જો તમારી સાથે આવવાની હીમત હોય તો તે ભોપાળ માર્ગે વિચરી વાઘ વાઘણનો અંત કરી આપણે પંથે પળિયે."

ચાવડી બોલી—"બેશક, ક્ષત્રીને છાજતી વાત કરવીજ ઘટે છે. સાથે રહી નિઃશંક પણે હું પણ મદદગારિણી થઈ બનતી સેવા

બજાવીશ. હું પણ વીર ક્ષત્રીના ઉષ્ણ રૂધિરથી પેદા થયલી ક્ષત્રિયાણી છું; માટે તેથી ડરી પાછી હઠું તેમ નથી.”

આ પ્રમાણે વીર મતિવાળી વીરમતિનો ઇરાદો જણાતાં તુરતજ પાછા વળી કુંવરે ચાવડી સહિત તે ભયકારી માર્ગે ઘોડા ચલાવ્યા. અને અરધો પંથ પસાર કરતાં તે ક્રૂર વાઘ વાઘણ નજરે પડવાથી તેમને વકારી ઠાર મારી કરેલા પાપની માફી માગવા પ્રભુધામમાં મોકલી દીધાં. એટલે કે કુંવરે બેઉનો શિકાર કર્યો ને ચાવડી પોતાના નાથનું સંરક્ષણ કરવા સાવધ રહી. આમ થતાં રઇયતની આશિષ વ્હોરી દંપતી અગાડી ચાલ્યાં અને મજલ દરમજલ વડે પંથ પસાર કરી કેટલેક દિવસે અણહીલપુર—પાટણે જઇ પહોંચી સિદ્ધરાજના બંધાવેલા સહસ્રલિંગ તળાવની પાળપરના વડવૃક્ષ નીચે તેઓએ આરામ લીધો. તથા ભોજન સામગ્રી તૈયાર કરી જમી ઘોડાઓને તૃપ્ત કરી તે પછી પરમારકુંવર ચાવડીજીને સાવધાની સાથ ત્યાંજ બેસી રહેવાનું કહી કોઇ પોતાના લાયક ભાડાનું મકાન શોધી લેવા શહેરમાં દાખલ થયો.

તે પાટણ શહેરની અંદર ડુંગરસી કોટવાળનો દીકરો લાલકુંવર નામનો કે જે ઉદ્ધત, દુરાચારી, અભિમાની, દુર્વ્યસની અને ધન અમલદારીના મદથી છકાયલો રહેતો હતો, તથા તે કપટકળા કુશળ જામોતી નામની દુષ્ટ વેસ્યા સાથે સંબંધ ધરાવતો હતો, તેણે એક દિવસ તેણી વેસ્યાને કોઇ ખૂબસૂરત સ્ત્રી મેળવી દેવાની ભલામણ આપ્યા સાથ બહુ મોટી રકમની લાલચ આપી હતી. એના લીધે તે વેસ્યાની લુંડિયો તેવી સુંદર સુંદરીના શોધમાંજ ફર્યા કરતી હતી, તે જ્યાં ચાવડી લાડીજી સરોવરની પાળપરના વડ નીચે બેઠાં હતાં ત્યાં પાણી ભરવા આવી ચડી.

તે જગોએ મર્દની આવ જાવ ન હોવાથી ચાવડી મ્હોંપરનો ઉજ્જલપડદો દૂર કરી સરોવરના જળતરંગોને નિહાળ્યા કરતી હતી, તે તરફ પેલી લુંડિયોની નજર પડી તો તેણીઓને ચાવડી ઇંદ્રની અપ્સરા સરખી મહા સ્વરૂપવંત જણાઇ, જેથી પોતાની બાઇની ભલામણ યાદમાં લાવીને તુરત અદબ સાથ ચાવડી પાસે આવી તેંણીઓએ નમન કર્યું અને તે પછી પૂછ્યું કે—“શ્રીમતીબાઇ! આપનું અહીં ક્યાંથી પધારવું થયું છે? તેમ આ ઘોડાઓના સ્વાર ક્યાં પધાર્યા છે? એનો ઉત્તર આપવામાં કશી અડચણ ન હોય તો આપ કૃપાની રાહે આપી અમને આનંદ આપવા દયા લાવશો.”

ચાવડી બોલી—"પ્રથમ તમો એ જણાવો કે તમારે તે પૂછવાની મતલબ શી છે? તથા તમો કોણ છો?"

લુંડિયોએ કહ્યું "અમો મહારાજા સિદ્ધરાજજીની વડારણો છિયે."

એ સાંભળી ચાવડીએ કહ્યું-"હું ધારાનગરીના મહારાજા ઉદયાદિત્યજીના કુંવરશ્રીજીની વિવાહિતા-પત્નિ છું"

ફરીથી લુંડિઓએ પૂછ્યું—"આપશ્રીમતીને જેઠ કે દિયર છે?"

ચાવડી બોલી—"દિયરજી નથી, પણ જેઠજી રીણધવળજી નામના છે."

લુંડીઓએ પૂછયું—"એઅદબી માફ કરશો; પણ પરમાર કુંવરજીનું શું મુબારક નામ છે?"

ચાવડી બોલી—"શું સ્ત્રીએ વરનું નામ દેવું એ વ્યાજબી ગણાય?"

લુંડિયોએ કહ્યું—"સ્ત્રીને પતિ એજ પરમેશ્વર હોય છે, તો પરમેશ્વરનું નામ દેવામાં પ્યાર ન લાવતાં અણગમો શા સારૂ બતાવવો જોઇયે વારૂ? છતાં આપને નામ દેવા તરફ કંટાળોજ હોય તો મનોરાજ્યનાં આપ સ્વતંત્ર માલિક છો એથી અમારૂં કંઇ જોર ચાલે તેમ નથી."

ચાવડીએ તેઓની વાકયચાતુરી જોઇ હસીને ધીરેથી કહ્યું કે "કુંવરશ્રીજીનું નામ જગદેવજી પરમાર છે."

લુંડીઓએ પૂછ્યું—"ત્યારે આપશ્રીમતીનું મંગળધામરૂપ પિયર કયાં થાય?"

ચાવડી બોલી—"મારૂં પિયર ટાંક ટોડામાં છે. તેમજ પિતા રાજરાજજી ચાવડા અને બીરજરાજ ભાઇ છે."

લુંડિયોએ પૂછયું—"કુંવરશ્રીજી શહેરમાં પધારવાને લીધે આપ શ્રીમતી આ ઘોડાઓને સાચવવા બિરાજ્યાં હશો?"

ચાવડી બોલી—"હા, તેમજ છે."

લુંડિઓએ પૂછ્યું—"પણ મહારાજાજીના કુંવર છતાં તે આમ છડી સ્વારીથી શા કારણને લીધે પરદેશ રટણ કરવા નીકળ્યા છે?"

ચાવડી બોલી—"ઔરમાન માજી સાથે રીસાતાં આમ કરવાની ફરજ પાડી છે."

આ પ્રમાણે જેટલું જાણી લેવાની જરૂર હતી તે બધું જાણી લઇ તે લુંડિઓ નમન કરી પાણીનાં બેડાં ભરી ચાલતી થઇ. અને ઘેર જઇ મનની મુરાદ પુરી થવાની તક હાથ લાગ્યા સંબંધી ચાવડીના સમાગમની સઘળી વાત વેસ્યા જામોતીને કહી સંભળાવી. એથી જામોતી અતિ પ્રસન્ન થઇ તેણીઓને શાબાસી આપી રાજી કરી. તે પછી બીજી દાસીઓને રજવાડી અમૂલ્ય પોષાક તથા ઘરેણાં પ્હેરાવી તેઓ સહિત તે રથમાં બેસી, પડદા નંખાવી રથની આસપાસ દાસ દાસીઓ અને અગાડી શસ્ત્રધારીઓ ગોઠવી પેલી લુંડિયો સાથ જ્યાં ચાવડી હતી ત્યાં જઈ પહોંચી કે આડી કનાત ખેંચી પછી રથમાંથી નીચે ઉતરી ચાવડીની સાથે જેણીઓએ પહેલાં પ્રશ્નોત્તર કર્યાં હતા તેણીઓને મોકલી અદબસહ ચાવડીને ખબર અપાવી કે "આપનાં ફોઇજી બા પધાર્યા છે." તે પછી જામોતી ડાવકી રીતિથી ચાવડી પાસે ગઇ અને કહેવા લાગી "ઉઠો વધુ! હું તમને મળવા આવીછું, હું તમારી ફઇજી થઉંછું. આ વડારણોએ તમારા આવ્યાના સમાચાર કહ્યા કે તુરત મેં મારો રથ જોડાવી તમને મળવા વિચાર્યું. હું સોલંકીપતિના હુકમથીજ આવી છું. જ્યારે મારો ભત્રીજો જગદેવ ટાંક ટોડે તમને વરવા આવ્યો ત્યારે હું મારૂં શરીર સારૂં ન હોવાથી ત્યાં આવી શકી નહતી, પણ હું રીણધવળને મળી હતી. મારો વ્હાલો ભત્રીજો જગદેવ ક્યાં છે? શું તમો નામાંકિત કુલીન અહીયાં બેસવામાં શોભા જાણી ઘેર ન આવ્યાં? વાહ! ખૂબ કરી!! ઘર મૂકી સરોવર પર પડદાયતને બેસી રહેવું એ બિલકુલ આપણને છાજતી રીત નથી; માટે ચાલો જલ્દી આપણી હવેલીએ."

આ પ્રમાણે તેણીનું બોલવું સાંભળી તેણીના ભપકામાં ચાવડી અંજાઇ, ઠગાઇ અને લલચાઇ ગઇ, તથા 'કુંવરજીનાં આ ખચિત સગાં હશે; કેમકે સિદ્ધરાજના ભાયાત દેવપાળના તે ભાણેજ છે; માટે એમ પણ હોય, તેમ દેખાવ પણ રાજરીતિ પ્રમાણેનોજ છે અને વાત પણ ડાવકી છે.' એમ ધારી તુરત ઉઠી ઉભી થઇ અને તેણીને પગે પડી કે તેણીએ શુભાશિષ દીધી, અને તે પછી તે બોલી કે "ચાલો રથમાં બેસો. હું અહી એક માણસને બેસાડી દઉંછું કે તે મારા ભત્રીજા આવશે એટલે તરત તેમને દરબારમાં લઇ આવશે"

આ પ્રમાણે વાતચિત થતાં ચાવડીને વિશ્વાસ ઉત્પન્ન થયો અને તેણીની સાથે રથમાં બેસવાની હા કહી, જેથી ઘોડાઓ નોકરને સોંપી

મ્હોરની થેલીઓ પોતાના તાબે રાખી રથમાં બેઠી, એટલે વેશ્યાએ રથ ચલાવવાનો હુકમ કર્યો, અને થોડીજ વારે તે રથ ધારેલા સ્થળે જઇ પહોંચ્યો કે એક પછી એક રથમાંથી ઉતરી પડ્યાં. તથા પ્રથમ ગોઠવણ કરી રાખેલા નિયમ મુજબ રૂપાળી ને કપડે દાગીનેથી લાબઝૂંબ બનેલી સ્ત્રીઓનો સમુદાય સ્હામે આવી, કોઈ ચાવડીને પગે પડી, કોઇ નમન કરવા લાગી, અને કોઇ ખમા ખમા કહી હર્ષનાં ભામણાં લેવા લાગી. અને તે પછી ચાવડી ઘરમાં દાખલ થઈ તો ઘર પણ ઘણુંજ ભવ્યતા વાળું હતું, તે જોઇ તેણીને કંઇ પણ શંકા આવવા પામી નહીં.

વિશ્રામ લીધા પછી ઉવટણું ગરમ પાણી વગેરેની તૈયારી કરી સ્નાન-મજ્જન કરવા ચાવડીને વીનવવામાં આવ્યું અને રાજરીત પ્રમાણે દાસીઓએ ચાવડીને ન્હવરાવી વસ્ત્રાલંકાર સજાવ્યાં. તે પછી જામોતીએ જમવાની તૈયારી કરવા હુકમ કર્યો. તેમજ એક દાસી મારફત તેણીએ એ પણ પાઠ ભજવો શરૂ કર્યો કે–"જા તું તાકીદે મહારાજાની પાસે જઈ ખુશખબર આપ કે પરમાર રાણીનો ભત્રીજો જગદેવ કુંવર આવેલ છે તે આપને હમણાં મળવા આવશે. તેમજ કહેજે કે તેમને ઉત્તમ રીતે માન આપે. અને તેમનાં વહુ ચાવડીજી પણ મારી હવેલીએ છે એ પણ કહેજે."

આ પ્રમાણે સાંભળી દાસી નમન કરી બહાર ગઇ અને થોડી વાર પછી પાછી આવીને નમ્રતા યુક્ત વિનવવા લાગી કે–" બાઈ સાહેબ ! મેં આપના ફરમાવ્યા મુજબ ખુશખબર કહી, તેના ઉત્તરમાં અપાર ખુશાલી બતાવી કહ્યું છે કે–" જગદેવ, પહેલાં મને મળીને પછી બીજા કાર્યમાં જોડાય." એ સાંભળી જામોતી વિશેષ રાજી થઈ

તે પછી તે વૃત્તાન્ત ચાવડીને જણાવી તેણીને જમવા માટે ઉઠાડવા લાગી. એટલે વીરમતી બોલી કે–"હું પતિવ્રતધર્મપરાયણછું, જેથી તેમના પધારવા પછી જ જમીશ." આવું કહેતામાં તો જામોતી આગળ ફરીને એક દાસી આવીને કહેવા લાગી કે– "આપના ભત્રીજા જગદેવજી, મહારાજાજી પાસે જઇ પહોંચ્યા છે અને પાસે બેસી મીઠી વાતો કરી રહ્યા છે, તથા રસોડામાંથી થાળ આવ્યા છે." તે સાંભળી જામોતી આતુરતાથી બોલી–" જા તું દોડતી ત્યાં જા અને કુંવર રાજાજી સાથે જમવા ન બેસે તેમ કહી આવ, તથા

વીનતી કરી કુંવરને અહીં જલ્દી તેડી લાવ. આજે કંઈ ભત્રીજાએ સાથે બેસી જમવું જોઇયે. રસોઈ ઠંડી થઇ જાય છે." એમ કહી દાસીને દોડાવી મૂકી અને પછી પોતે એકલી જ ચાવડી સાંભળે તેમ બબડવા લાગી કે-"મારો ભત્રીજો આવ્યો નથી તો હું પણ એના પહેલાં નહીં જમું. જ્યારે જગદેવના જમવાના સમાચાર સાંભળીશ ત્યારે જ જમીશ." આ પ્રમાણે વિચાર ચલાવ્યાં કરે છે. એટલામાં તો દાસી દોડતી આવી શ્વાસભર બોલવા લાગી કે-"બાઈ સાહેબ! કુંવરજી તો રાજાજી સાથે જમે છે તે હું નજરોનજર જોઇને આવી. આપના ભત્રીજા આપની તરફ હાલ આવવાના નથી. તેમની સૂરત શ્યામ સુંદર શ્રીકૃષ્ણજીના જેવી કામણગારી છે." જામોતી બોલી-"અમારા કુળની ઓલાદ સ્હેજ કોઈ શામસુંદર હોય છે; પણ ઘણી જ મોહનગારી સિકલવાળી હોય છે." આ પ્રમાણે વાતો થતાં ચાવડીને મળતી વાતો આવતાં બધું સત્ય જ ભાસ્યું, જેથી તેણીએં અને જામોતીએં ભોજન જમી લીધું. અને તે પછી મુખવાસાદિ ઉપયોગમાં લઇ વાર્ત્તાલાપ કરવા લાગ્યાં. જ્યારે પાછલો પહોર દિવસ રહ્યો ત્યારે જામોતી આતુરતા સાથ દાસીને કહેવા લાગી-"હજુ સુધી કુંવર દરબારમાં શું કરે છે, જા તું જગદેવને તાકીદે તેડી લાવ. એના વિના મને તો જરાએ ચેન પડતું નથી." એમ કહી દાસીને દોડાવી મ્હેલી અને બે ઘડીવાર પછી આવી। તે કહેવા લાગી-"રાજાજી કુંવરજી સાથે વાતો કરે છે ને કુંવરજીને ઉઠવા દેતા નથી ઉતાવળ તો ઘણીએ કરે છે; પણ રજા મળ્યા વિના શી રીતે આવવું?" જામોતી ગુસ્સે થઇ બોલી-"મહારાજાને કહે કે કુંવરજી અહીં ઘણા દિવસ રહેવાના છે જેથી વાતો કરવાનો બહુ વખત લાગ હાથ લાગશે માટે હાલ રજા આપવાની કૃપા કરવી ઘટે છે." એવું કહી દાસીને ફરી દોડાવી ને તે પાછી થોડીવાર પછી આવી કહેવા લાગી-"પહોર રાત્ર ગયે કુંવરજીને મોકલીશ. હાલ તો હું અહીંજ રોકીશ. પરમારરાણીને એવડી બધી શી અદેખાઈ આવે છે કે મારી સાથે બેસવા પણ દેતાં નથી." આવી વાત સાંભળી તેઓ ચૂપ રહ્યાં.

વ્હાલા વાંચનાર! આ વેસ્યાએ જે કંઈ ઠાઠ રચ્યો તે બધો હાલમાં ચાલતી મુંબઇની સોનેરી ટોળીના ઠાઠ જેવો જ હતો. ફક્ત ચાવડીને ધીરજ રહે અને જેમ તેમ રાત પડે તો પેલા લફંગા લ્હેરી લાલકુંવર કોટવાળને બોલાવી ચાવડી સાથે ભેટાડે કે તે રંડાને સારી રકમ બક્ષીશ મળ્યાનો લાભ મળે, તેથી તેણીએ તો તે લાલકુંવરને પહોર

રાત ગયે પોતાની હવેલીએ આવેલી રંભાનો સમાગમ કરવા આવવા ક્યારનુંએ કહાવી મોકલ્યું હતું, અને તેણીની વિચારણા એજ હતી કે ફંદામાં ફસાયલી આ કુટડી કયાં જવા પામવાની છે ? કાં તો લાલકુંવરની રખાત થશે કે, કાં તો મારી શાગિર્દાણી થશે. એવી મનસુબાની જાળ રચીજ મ્હેલી હતી; પણ ભોળીને ભલી ચાવડી તેણીની કપટરચનાને કંઇ પણ કળી શકી નહતી; કેમકે જેના મનમાં કપટનો વાસો હોય તેજ સ્હામાની કપટકુશળતા કળી શકે છે. સીધા ને સરલ મનનાં જનો આપ જેવું જગત જાણે છે, પણ નથી જાણતાં કે ઉજળું એટલું દૂધજ નહીં–પરંતુ છાશ ને ચુનાનું પાણી પણ ઉજળું હોય છે. આમ હોવાથી ચાવડી બદમાસના દાબમાં સપડાઇ પડી. હમ્મેશાં ધુતારા હોય તે બોલવા ચાલવામાં, રીતભાતમાં, જ્ઞાનકળામાં, નમ્રતા ભક્તિમાં, વિનય વાણી તથા સમયસૂચકતામાં અને સ્હામાની વૃત્તિ પારખી યુક્તિ સાથ ભય પ્રીતિ ગરીબી શિરજોરી બતાવી પોતાની ધારણા પૂરી પાડવામાં બહુજ કુશળ હોય છે. અને એ બધી વાતોમાં પૂરો હોય તેજ કપટકુશળ કહેવાય છે. વેસ્યા તો આખા વિશ્વને ઠગનારી-ધુતનારી હોવાથી તેની કપટ રચનામાં બિચારી ગેંગગોલ્ડ કંપની પણ વખતે ગોથાં ખાઇ જાય તેમ હતું, તો પ્રપંચના પવનથી પણ જે અસ્પર્શિત રહેલી ચાવડી તેણીના ફંદમાં ફસાઈ ગોથાં ખાય તેમાં નવાઇ જેવું પણ શું હતું ?

જ્યારે પહોર રાત ગઇ ત્યારે લંપટ લાલકુંવર કેફમાં ચકચૂર થઈ અત્તર વગેરેની સુગંધીથી મસ્તચિત્ત બનાવી ભાલો ટેકવતો દારૂની ભરેલી બોતલ સાથ ધીરે ધીરે જામોતીને ઘેર આવી પહોંચ્યો. એટલે પહેલેથી શિખવાડી રાખેલી દાસી દોડતે આવી જામોતીને કહેવા લાગી–"બાઇ સાહેબ ! આપના ભત્રીજા કુંવરજી પધાર્યાની વધામણિ આપો, ડેહલીમાં દાખલ થઇ ચૂક્યા-છે." એમ તે દાસીનો બોલ સાંભળતાં ચાવડી હર્ષઘ્હેલી બની પોતાના વિશ્રામ માટે આપેલા ઓરડામાં દાખલ થઈ ગઈ; કેમકે અહીં બહાર બેસવું કે ઉભા રહેવું એ ફઇજીના દેખતાં યોગ્ય ગણાય નહીં. એટલામાં તો તે લંપટલાલ ઉપર આવી પહોંચ્યો અને તે જેવો ચાવડીના ઓરડામાં દાખલ થયો તેવીજ દાસીએ તે ઓરડાનાં કમાડ વાસી લઇ બહારની સાંકળ ચડાવી દીધી. ચાવડીએ અન્ય કોઇ બદમાસને ઓરડામાં દાખલ કરેલો જોઈ સમજી લીધું કે–'મને જરૂર દગો થયો છે. હવે શું કરવું ? આવનાર કેરી બલવાન્ પુરૂષ છે અને હું ચાહે તેવી પણ

અબળા સ્ત્રી છું; માટે જોર કરવા જઉં તો આ બદફેલી અંગે અટી મને દોષિત કરી મુકે, જેથી ઠગની સાથે ઠગાઇ ભરી બાજી રમવી એજ ઉત્તમ છે।" એવો નિશ્ચય કરી ચાવડી હસતે ચ્હેરે ઉઠી ઉભી થઈ બોલી–"પધારો કુંવરજી પલંગપર બિરાજો." લંપટ બોલ્યો–"જી ચાવડીજી! આપ પલંગપર બિરાજો." એટલું બોલી તે ચાવડીના રૂપમાં એવો તો લટ્ટુ થઇ ગયો કે તેનામાં બોલવા જેટલા પણ હોશ રહ્યા નહીં. એટલામાં તો ચાવડી નેત્રકટાક્ષનો મારો ચલાવવા લાગી એટલે તો તે તદ્દન ઘાયલ બની પાણી કરતાં:પણ ઉતાવળે વહી જાય તેવો પાણી પાણી થઇ ગયો અને કામાંધતાને લીધે જામોતીને શાબાસી આપી આવું સુંદર રત્ન મેળવી દેવરાવ્યા સંબંધી બહુ આભાર માનતો કેફને લીધે લવવા લાગ્યો કે–"ઓ વ્હાલી ચાવડીજી! મેં મારા માટે જામોતી વેસ્યાને કહી મુકયું હતું કે કોઇ ઉચા કુળની પ્રવીણ અને નવયૌવનાની મને ભેટ કરાવીશ તો હું તેણીને મારી રખાત કરીને રાખીશ, એથી એણીએં જેવી જોઇયે તેવી તુજ રંભાને મેળવી દીધેલ છે. તમે જે પ્રમાણે કહેશો તે પ્રમાણે કરીશ. કહો તો પગચાંપીશ, કહો તો વસ્ત્ર ધોઇશ, ને કહો તો સાત સાત સલામ કરીશ; પણ તું મને તારો સદાને માટે ગુલામ કરીને રાખી લે."

ચાવડી હવે પૂરેપૂરી રીતે સમજી ગઇ કે "રાંટ ફઇજી નથી, પણ વેસ્યા છે, અને મોટી રકમ હાથ કરવાજ આની સાથે મને મેળવવા આ બધી ઠગાઇ કરી છે. ઠીક છે, જો પ્રભુ સત્યને ત્રાજવે આવી બેસે છે તો તો હું બધી ઠગાઇ સોંસરી કહાડી દઇશ. અત્યારે તો સિંહણ છતાં ખાંજરારૂપ પાંજરામાં માખી ઉડાડનારને હાથ સપડાઇ છું માટે સત્યધર્મ સહાયતાજ આપશે. જીવનની આહુતી આપતાં પણ શીળધર્મ સચવાશે તો ફતેહના ડંકા છે. પતિદેવે મને પહેલેથી જ કહેલું હતું કે પરદેશમાં સ્ત્રીના પગબંધનથી અનેક પીડાઓ વેઠવી પડે છે માટે તમો પિયરમાં;જ રહો; પણ એ કથનને મેં ન માન્યું તેનાં જ આ ફળ છે; પણ હવે તે સંબંધી પસ્તાવો કર્યો શું કામનો? હવે તો આલે તેને રામ છે. અર્થ સધાશે કે દેહનો અંત આવશે; પણ બેમાંથી એક તો થયા વિના રહેનાર જ નથી. હીંમતે મર્દા તો મદદે માલિક ચડશે જ; પણ પતિની શી વ્હલે હશે અને તે મારી શોધ સંબંધી કેટલી તકલીફ વેઠતા હશે તે પ્રભુ જાણે. મદદ આપવાને બદલે ઉલટો મેં સંતાપનો સમુદ્ર છોળાવી

મૂક્યો. હશે જે થયું તે ખરૂં હવે તો કમર કસી જીત મેળવવી એજ યોગ્ય છે. ”

આવો નિશ્ચય કરી પછી લંપટલાલના હાથમાંથી કલેજું કાપે તેવી કેફી દારૂની બોતલ તથા પ્યાલો લઈ લેઇ, દારૂનો પ્યાલો ભરી ચાવડીએ લાલના અગાડી ધરી, એટલે તે બોલ્યો કે– “ ચાવડીજી ! મેં બહુ કેફ કરેલો છે જેથી મારો પગ પણ પૂરો ભોંયપર ટકતો નથી; માટે તમો પીઓ. ” ચાવડી બોલી હું પછી પીશ; પણ આપણી પહેલી મુલાકાતે મારો હાથ પાછો ઠેલવો એ અપશુકન ને અપમાન રૂપ છે; માટે આજે તો ગમે તેમ થાઓ પણ પીધા વિના છુટકોજ નથી. ” ગુલામ બોલ્યો “ પણ ચાવડીજી ! મને આ પ્યાલો પીધાથી ભાન નહીં રહેશે જેથી પછી આપણી મજાહ બગડી જશે. ” ચાવડી બોલી –“ મર્દ થઇ આમ શું હેબકી જાઓ છો. આ । તો સાત પ્યાલા પીજવાથી પણ ભાનને ઠેકાણે રાખું તેમ છું. અને કદાચ વધારે કેફ જામશે તો ક્યાં વગડામાં છિયે ? અહીં તો ઉલટો રંગ જામશે; માટે પીઓ પ્યાલો ને મોજમાં મ્હાલો. ” આવું બોલવું થતાં તેણે દારૂનો પ્યાલો પીધો કે તુરત પલંગપર પાટડાની પેઠે પડી ગયો; છતાં પણ થોડી શુદ્ધિ હોવાથી ચાવડીને પાછો પ્યાલો ભરી તેણે આપ્યો; પરંતુ ઘુંઘટની ઓટ કરી પ્યાલો પીવાનું બ્હાનું બતાવી તેણીએ તે દારૂ કાંચળીપર ઢોળી દીધો અને ફરી બાજે પ્યાલો ભરી ગોલાને પાયો, એટલે તો પછી ભાન ભગવાનના દ્વારે પહોંચી જતાં બેભાન થઈ મુડદાના જેવી સ્થિતિવંત થઇ પડ્યો. એ જોઈ ચાવડીએ તરત તેનીજ તરવાર હાથમાં લીધી કે તે તરવાર ગોલાના અનાચારથી કંટાળી ગયેલી હોવાને લીધે તેનોજ જીવ લેવા તલપવા લાગી. એટલે ચાવડીએ અનાચાર રોગનો અંત આણવા તે તરવારથી ગોલાનું ગળું લણી લઇ ભવાનીને ભોગ આપી દીધો, જેથી ભવાની તૃપ્ત થઈ ચાવડીના સંરક્ષણ માટે સાવધ રહી.

તે પછી ત્યાં પડેલા ગોદડામાં તે ગોલાના પ્રેતને લપેટી તેનો વીંટો બનાવી ઉપર બંધ બાંધી ઓરડાની પાછલી બારી કે જે રાજમાર્ગમાં પડતી હતી ત્યાંથી તે વીંટાને નીચે પટકી દીધો, અને તે પછી પોતે સાવધ થઇ કટાર તરવાર તૈયાર રાખી ઉપલા માળિયામા ચડી (ચાવડી) પ્રભુનું સ્મરણ કરતી પોતાના આત્માનું કલ્યાણ કરવામાં લીન બની.

અરધી રાત થઇ એટલે ચોકીવાળા શહેરમાં ફરતા ફરતા તે બારી નીચે પડેલા વીંટાની જગોએ આવી પહોંચ્યા ને વીંટા પડેલો જોઇ વિચારવા લાગ્યા કે "ચોરો માલ હાથ કરી આ વીંટા બાંધી ઉચકી આવેલા જણાય છે; પણ પાછળથી ઘરધણી જાગી પાછળ પડ્યાની ધાસ્તી જણાતાં માલ પડતો મ્હેલી પોબારા ગણી ગયા લાગે છે. માલ પણ સંગીન છે માટે અહીં તેનો તપાસ ન કરતાં કોટવાળી ચબુતરે લઈ જવોજ ઠીક છે. જ્યારે માલધણી જાહેર થશે ત્યારે તપાશી જોવાશે." એમ વિચારી તેમણે તે વીંટાને ઉચકી લઇ કોટવાળી ચબુતરે પહોંચતો કર્યો.

વ્હાલા વાચક વર્ગ! ચાવડીએ તો ચોરો ઠેકાણે કરી ચાવડીએ પહોચતો કરાવી દીધો; પરંતુ ચાવડી ગુમ થવાથી પરમાર જગદેવની શી દશા થઇ તે તપાસવા જરા આપ મારી સાથે સાથે વિચરો કે જેથી તે સંબંધી બધી હકીકત જાણવામાં આવે.

પરમાર જગદેવ જ્યારે ભાડે ઘર રાખી સાંજરે સરોવર ઉપર જઇ પહોંચ્યો ત્યારે ત્યાં તપાસી જોયું તો ન મળે ઘોડા અને ન મળે પ્રિયા, ફક્ત ત્યાં રથ આવી ગયાની અને ઘોડા દોરી લઇ ગયાની નિશાનીઓ શિવાય અન્ય કશું નજરે પડ્યું નહીં, તેમ પૂછતાં પણ કોઇથી કશોએ પતો લાગ્યો નહીં, એથી તેણે અનુમાન કર્યું કે—"ગમે તે કોઈ ધુર્ત્તમંડળે ભોળી ને વિશ્વાસુ ભામિનીને ભરમાવી પોતાને તાબે કરી લીધી જણાય છે; પણ આ નરસમુદ્ર પાટણ શહેરમાં મકાનની અંદર કબ્જે પડેલી પ્રિયાનો પત્તો મેળવવો એ કંઇ જેવી તેવી વાત નથી. હશે જે થયું તે ખરૂં. હવે માત્ર ફોજદારીમાં આ વાતની જાણ કરી દેવી કે જેથી તે ખબર અગાડી ઉપર કોઇ વખતે ઉપયોગી થઇ પડે." એમ ધારી તે દરબાર તરફ રવાના થયો. અને ઘોડાશાળ આગળ જઇ પહોંચ્યો એટલે તેને એક અશ્વપાલે બોલાવી પૂછ્યું કે—"ભાઇ! તમો ક્યાંથી પધાર્યા છો? તેમજ શું કામને માટે પધારવું થયું છે? તે જણાવવામાં હરકત ન હોય તો કહી બતાવો." આ પ્રમાણે તેનું કહેવું થતાં જગદેવે કહ્યું—"ભાઇ હું પરમારવંશી રજપૂત છું અને રોજી મેળવવાને માટે અહીં આવેલો છું." અશ્વાધિકારીએ કહ્યું—"જો તેમજ હોય તો મારી પાસેજ રહો, હું યોગ્ય પગાર અને ભોજન ખર્ચ તમને આપીશ. કામમાં ફક્ત આ દેશપતિ મહારાજાને ચડવાના ઘોડાઓની માવજત રાખી બેસી રહેવું અને મહારાજાનો હુકમ થાય ત્યારે સ્વારીમાં

સાથે જવું એ છે. તે આપણ બેઉજણ સંપીને કરીશું, કહો શી મરજી છે ?" જગદેવ જો કે એ કામને લાયક ન હતો; પણ એ કામના પ્રસંગવડે ખુદ સોળંકીપતિથી મળાશે અને મનની ધારણા સફળ થશે. એમ માની તેણે હા પાડી, અને ત્યાં રહી તે ચિંતામાં મગ્ન રહેતાં છતાં પોતાનું કામ બજાવવામાં તૈયાર રહેવા લાગ્યો.

વાંચનાર ! ચંદ્ર ઘણો શીતળ, રસની વૃદ્ધિ કરનાર, ઔષધિયોનો પતિ અને રાત્રિમાં પ્રકાશ આપી ઘણા જીવોને આનંદ આપનાર છે, તો પણ દૈવે તેને એક પક્ષમાં ઘટતો જાય ને એક પક્ષમાં વધતો જાય તેવો બનાવ્યો છે; પરંતુ તેવા સાર્વજનિક હિતકારીને પણ સુખદાતાએ સરખા દિવસ બક્ષ્યા નથી; માટે ચડતી પડતી સર્વની ચાલીજ આવે છે. કહ્યું છે કે:—

(છપ્પય-છંદ.)

દિન દોહિલા દશ વીશ કહો કિણમેં નહીં બીતા ? !
રામ રહ્યા બનબાસ રહી રાવણ ઘર સીતા;
નિશ્ચે ભરિયો નીર નીચરે ઘર હરિચંદે,
ઘર ઘર માગી ભીખ બિપતિબશ મુંજનરિંદે;
નળ પાંડવ પૃથિરાજ બળી ઈંદ્રાદિને આપડી,
ક્રમી ઘણી પણ વિપતડી સેંગારે શિરપર પડી. ૧

જ્યારે આ પ્રમાણે દૈવનો સદાનો જ કાયદો છે ત્યારે પછી પરમાર જગદેવ માટે તે કાયદાનો વાયદો શા સારૂ થાય ? તે તો તુરત અમલમાં આવ્યો. જગદેવે સમયને માન આપ્યું. ગરજને લીધે ગધેડાને બાપ કહેવાની કહેવત સાચી કરી બતાવી. નેવનાં પાણી મોભે ચડવા જેવો દાખલો આવ્યો. અહા ! દૈવ! તારી પણ અકળ ગતિ છે ! ! તને પણ નવગજના નમસ્કાર છે ! ! !

જગદેવે સાંજ પડી એટલે ઘોડાને રાતબ વગેરે મૂકી તેની સાર સંભાળ લીધી, અને રાત પડી કે અશ્વપાળ જમવાનો થાળ લાવ્યો; પરંતુ પરમારને મનમાં પેઠેલી ચિંતાએ પૂરૂં જમવા પણ દીધું નહીં. તેમ રાતે પૂરી ઉંઘ પણ લેવા દીધી નહીં અને એમને એમ અજંપા સાથ તેણે રાત પસાર કરી.

કોટવાળી ચબૂતરા પર પ્રભાત થતાં ચોકીદારોએ રાતના લાવેલા માલના વીંટા સંબંધી વાત જાહેર કરી કે—" આ વીંટા હરામખોરો લઇને નાશી જતા હતા; પણ અમે પાછળ પડ્યા તેથી તેઓ વીંટા પડતો મ્હેલીને નાસી ગયા એટલે અમો આ વીંટા અહીં ઉચકી લાવ્યા છિયે. અંદર કેટલો માલ છે તે હવે છોડયે ખબર પડે. "

કોટવાળે તુરત તે વીંટાને છોડી તપાસી જોવાનો હુકમ કર્યો એટલે તાકીદે શિરપાવના ભૂખ્યા ચોકીદારોએ વીંટા છોડવો શરૂ કર્યો ને જ્યાં એક બે પડ છોડ્યાં ત્યાં તો લોહી નજરે પડયું એટલે તે ચમકીને દૂર ભાગ્યા. ડુંગરસી કોટવાળે કહ્યું- " આ તો માલમાં ખૂન થયેલાનું મડદું છે, પણ કોનું છે? તે તાકીદે તપાસી જોવા દો." એમ કહી વીંટા છોડી તપાસ્યું તો તેમાં પોતાનો વ્હાલો દીકરો લાલકુંવર જ મરણુને શરણુ થયેલો જણાયો કે તે હૈયા ભંગ થઇ રડતો બોલી ઉઠયો-"અરે ! આ તો મારો લાલો છે ! હાય ! હાય ! એનું કોણે ખૂન કરી નાખ્યું ! મારા મકાનના દીવાને કોણે રાજ કરી દીધો ! અને મારૂં ઘર કોણે ઉજડ કરી દીધું ?" વગેરે કહેતો રડવા લાગ્યો. એ જોઇ લાલના હજૂરી નોકરો બોલ્યા,- "પણ આપ આમ શું કરવા કરો છો ? સાંજરે તો અમો કુંવરજીને પોઢાડીને આવ્યા છિયે; માટે પહેલાં હવેલીમાં ખબર કરાવો અને પછી જે ખરૂં જણાય તે માટે જે કરવું ઘટે તે કરો." આવું સાંભળી સિપાઇયોને દોડતે કુંવરની હવેલીએ તેના હયાતીપણાની ખબર કઢાડવા મોકલ્યા ને તપાસ કર્યો તો તેનો પહોર રાત ગયા પછી જામોતી પાતરને ત્યાં ગયાનો પતો લાગ્યો. એથી જામોતીને ત્યાં ખબર કહેડાવી, તો તેણીએ મેડી ઉપર ઉંઘે છે એવું જણાવ્યું. પણ નોકરોએ તેમને જગાડી પોતાની સાથે લઇ જવાનું કારણુ જણાવ્યું. એટલે દાસીને કુંવરને જગાડી નીચે લઇ આવવા મોકલી, અને તેણીએ જઇ ચાવડીજીને કહ્યું "ચાવડીજી ! કુંવરને જગાડી નીચે મોકલો."

ચાવડી કોપાટોપ સહિત બોલી-" માલજાદી રંડા ! તે કુંવર તો અક્ષય ઉંઘને તાબે થયેલ છે માટે હવે પેલે ભવ જાગશે, કયારનોએ મેં ભુખી ભવાનીને ભોગ આપી એને બહાર ફેંકી દીધો છે. હરામજાદી! તું ને તારી જામોતી આવાજ ધંધા કરો છો ? જ્યારે મારા રાજકુંવરજીને આ વાતની જાણુ થશે ત્યારે તમોને કેવી લ્હાણુની કાણુ મળશે તે જો જો. શું હું વેસ્યાનો ધંધો કરવા લાયક છું ? જે ગુલામ મારા આંગણામાં પડેલાં જૂતાંની જોડે બેસનાર તે મારી જોડે મોજ માણુવા આવે? નારાયણુ, તમારા જેવી કુલટા-દુષ્ટ- અને સતીસંતાપકને સદા અવદશાને ભેટાડી પાયમાલી જ બક્ષો."

આવું સાંભળી દાસી તો ગભરાઇ જામોતી અગાડી જઈ પહોંચી.

ચાવડીની કહેલી હકીકત કહી સંભળાવી, ત્યાં તો જામોતીના મોતીઆ મરી ગયા. લાભને બદલે જીવનું જોખમ થવાનો વખત હાથ લાગ્યો અને જે થયું તે તેણીએ કોટવાળીના સિપાઇઓને જાહેર કર્યું.

કોટવાળીના સિપાઇઓએ કોટવાળને જઇ બનેલી બિનાથી વાકેફ કર્યો. એટલે તે બસો સિપાઇયોને લઇ જામોતીને ઘેર જઇ પહોંચી મેડાપર જ્યાં લાલાનું ખૂન કરનારી ચાવડી સંતાઇ રહી હતી ત્યાં ચડયો અને તેણે કમાડ ઉઘડાવાની હિકમત ચલાવી; પરંતુ તેમાં કંઇ વળ્યું નહીં. એથી પાછળની બારીના રસ્તેથી સીડી મારફત એક સિપાઇને અંદર ઘુસાડી સાંકળ ઉઘાડવાની ગોઠવણ કરી, પણ ચાવડીએ તો તેનું માથું તરવારને તાબે કરી તે માથું પોતાની પાસે રાખી ધડ ધડદઇને બહાર ફેંકી દીધું. આ પ્રમાણે વારા ફરતી જેમ જેમ માણસો અંદર દાખલ થતાં ગયાં તેમ તેમ વાર ચાવડીએ તેને યમનાં મહેમાન બનાવી દીધાં. આવી રીતે ચાવડીના સ્હામું જોનારા પૂરૂં મ્હોં જોવા પામ્યા વિનાજ મ્હોત પામ્યા.

આ પ્રમાણે થવાથી વાત શહેરમાં ફેલાઇ ચાલીને તે ચાલતી ચાલતી છેક પાટણપતિ સિદ્ધરાજ જયસિંહ અગાડી જઈ પહોંચી કે–' કોઇ ચાવડી ઉપર ઠગાઇ કરવામાં આવતાં તેણીએ કોટવાળના દીકરાને અને બીજા પાંચ સાતને ઠાર મારી નાખ્યા છે. છતાં તે પોતાનું ગુપ્ત સ્થળમાં રહી સંરક્ષણ કર્યા કરે છે." પછી આ સમાચારથી મહારાજાએ તુરત જામોતીને ત્યાં સ્વાર મોકલી ડુંગરસી કોટવાળને કહાવ્યું કે–"મારા આવતા સુધી કંઇ પણ ગડબડ મચાવવી નહીં. હું તાકીદે ત્યાં આવું છું."

તે પછી સિદ્ધરાજે તુરત પોતાની સ્વારીના ઘોડા મંગાવ્યો કે તુરત પેલા અશ્વપાળ અને જગદેવ બેઉ ઘોડેસ્વાર થઈને રાજ હજૂર આવ્યા ને નીચે ઉતરી તેમણે મહારાજાને નમન કર્યું. કે મહારાજા ઘોડેસ્વાર થઈ જગદેવની સ્હામે જોતા જોતા પંથ પસાર કરવા લાગ્યો. એટલે તે બેઉ જણ પણ ઘોડેસ્વાર થઇ મહારાજાની અગાડી ચાલવા લાગ્યા. નવા માણસ જોઇ મહારાજા તેની તરફ વારેવારે જોઇ વિચારતા હતા કે–"આ અશ્વપાળની સાથે આવ્યો છે, પણ કોઇ રાજબીજ છે. તેમ તે આજે જ જોવામાં આવેલ છે. ઠીક છે આ કામનું પરિણામ જણાયા પછી એની બાબતથી વાકેફગાર થવાશે," વગેરે વિચાર કરતો ને ધારી ધારીને તેની ચેષ્ટા

જોતા મહારાજા સિદ્ધરાજ જામોતીને મુકામે જઇ પહોંચ્યો અને પેલા બે હજૂરીઓ સાથ માળપર ચડી ચાવડી પ્રત્યે પૂછવા લાગ્યો– "ચાવડી દીકરી ! મને કહે કે તારૂં પિયર તથા સાસરૂં કયાં છે ? અને તું કોને વેરે પરણી છે ?"

ચાવડી બોલવા ઉપરથીજ સમજી ગઈ કે આ કોઇ મોટો રાજવંશી છે તેથી તેણીએ જવાબ આપ્યો–"પિતાજી ! હું ચાવડા રાજા રાજજીની બેટી અને બારજરાજની બ્હેન છું. તેમજ ધારાનગરીના પુવાર રાજા ઉદયાદિત્યજીના ન્હાના કુંવરજી વેરે પરણીછું."

મહારાજાએ પૂછ્યું–"ચાવડી દીકરી ! તેં મારાં માણુસોને શા ગુન્હેથી ઠાર કર્યા ?"

ચાવડીએ ગુસ્સા સહિત જવાબ આપ્યો કે–"દુષ્ટરંડા જામોતીએ મને ઠગીને અહીં આણી યમને ધામ પહોંચેલા ગુલામને મારી આબરૂપર હુમલો કરવા મોકલ્યો, એ મોટા ગુન્હાને લીધે તેને તે ગુન્હાની માફી મળવા પ્રભુધામમાં પહોંચતો કર્યો છે. હું રજપૂત પુત્રી છું માટે મારા શીળસંરક્ષણ સાટે મરતાં લગી બનશે તેટલાનો તાતી તેગને ભોગ આપી દુનિયાને દાખલો આપીશ. મારા સ્વામીનાથ પણ આપના શહેરમાંજ છે, જો તે અહીં આવે તો તેમનું મુખ જોઇ સ્વર્ગસંપત્તિને પ્રાપ્ત કરૂં; પણ તેવી પ્રારબ્ધ મારી ક્યાંથી આપે ?!"

આવું બોલવું થતાં મહારાજાની આજ્ઞાથી જગદેવ બોલ્યો. "ચાવડી ! કમાડ ઉઘાડો, તમોએ ત્રણી વિટંબના વેઠી છે તે હવે જાણવામાં આવી ચૂકી છે, તેમ નામવર ધર્માવતાર સોલંકીકુળમણી અત્રે પધારેલા છે જેથી હવે કશી ફિકર ન રાખતાં કમાડ ઉઘાડો." આવી રીતની જગદેવની વાણી સાંભળી નિર્ભયપણે ચાવડિયે કમાડ ઉઘાડ્યાં, અને તુરત અદબ સહિત રાજવળાની રીત પ્રમાણે પતિની મર્યાદા જાળવી તે ઉભી રહી.

તેણીની વીરતા ને સુશીળતા નિહાળી મહારાજા બોલ્યા– "ચાવડી દીકરી ! હું તને મારી આજથી ધર્મપુત્રી કરીને સ્થાપન કરૂં છું. તેં રજપૂતાણીઓની રીતિને દીપાવી છે. તેં સતીત્વને શોભાવ્યું છે અને દુષ્ટોને દંડ આપ્યો છે, એ માટે તું બેગુન્હેગાર છે." આ પ્રમાણે કહી તુરત દશ વીશ દાસિયો સહિત સુંદર રથ મંગાવી તેમાં ચાવડીને બેસારી રાજની હવેલીએ ઉતારો અપાવાનો હુકમ કરી તે હુકમને તુરતજ અમલમાં આણ્યો.

આ મુજબ થયું જોઈ ડુંગરસી કોટવાળે હજૂર અગાડી અરજ કરી “ ધર્માવતાર ! મારા મોભીપુત્રનું ખૂન કરી મને નખોદિયો કરનારને શિક્ષાને બદલે આવો ઉત્તમ બંદોબસ્ત કરાવ્યો એ આપ ન્યાયમૂર્તીથી આજે શું બને છે ? ”

મહારાજાએ ગુસ્સે થઈ જવાબ આપ્યો “ જો ન્યાય મેળવવાની તમને ખાયસ છે તો એજ ન્યાય આપું છું કે, ચાવડીપુત્રીએ પતિવ્રતા રજપૂતાણીનો ધર્મ જાળવ્યો છે, જ્યારે એક ગુલામ થઈ ક્ષત્રીપુત્રીની ઉપર બદ નિધાહ કરે ત્યારે તેવાને બેશક આવીજ શિક્ષા થવાની જરૂર છે. શું મેં ભરોંસો રાખી તમને શહેરની કોટવાળીની સરદારી આપી છે તે આવા પ્રજાપર જુલ્મો ગુજારવાજ આપી છે ? પ્રજાના રક્ષણને બદલે આ તો પ્રજાની જાન મિલકત આબરૂ ભક્ષણ કરવી એમાંજ કોટવાળીની મહત્તા સમાયલી માની છે ? સુલેહનો અમલદાર થઈ જ્યારે હાથે કરીને સુલેહનો ભંગ કરવા પગલાં ભરે ત્યારે તેના અંગનો ભંગ શા માટે ન થવો જોઇયે ! વાડ જ વેલાને ખાય અને રક્ષકજ ભક્ષક બને તો પછી એથી કયો વિશેષ જુલ્મ ગણાય ? ! માટે તમોને મારી આજ્ઞારૂપ કાયદાનો ભંગ કર્યાના ગુન્હા બદલનો એજ બદલો આપું છું કે તમારે હાલને હાલ મારા રાજ્યની સરહદ છોડી ખાલી હાથે ચાલ્યા જવું અને તમારૂં પાપથી થયેલું કાળું મ્હોં ફરીને કદી મને ન બતાવવું. ” એમ કહી તેને દેશપાર કરાવી ઘરબાર લૂંટી તે માલ રાજના ખજાનાને હવાલે કરાવી દીધો.

તે પછી દુષ્ટ વેસ્યાનાં ને વેસ્યાના મંડળનાં નાક કાન કપાવી–માથાં બોડાવી–ચૂનો ચોપડાવી–અવળે મ્હોંએ ગધાડા ઉપર બેસારી તે બધાંને હદપાર કર્યાં અને ઘરબારલૂંટી લઇ માલમતા ખજાનામાં મોકલાવી દીધી, તે એટલા જ માટે કે કોઇ અમલદાર, પ્રજાજન, કે વેસ્યા ફરી આવું કામ કદી ન કરે એવો દાખલા સહિત દાબ બેસાર્યો. આમ કરી પછી મહારાજા ત્યાંથી દરબાર તરફ રવાના થઇ પિતાધર્મને શોભાવવા ધર્મપુત્રી ચાવડીને હવેલીમાં ઉતારો આપ્યા પછી તેણીને જે જે જોઇયે તે તે વસ્તુ અને એક વર્ષનો ખોરાક ભરાવી રાખ્યા બાબતની ગોઠવણ કરાવી ખાસ વિશ્વાસુ બળવાન પહેલવાનને તે હવેલીની ચોકી કરવા મુકી તે પછી મહારાજા સિદ્ધરાજ દરબારમાં જઈ પહોંચ્યો.

તે પછી જગદેવને તે સંબંધી વૃતાન્ત પૂછતાં જગદેવે મર્યાદાપૂર્વક અથેતિ વૃત્તાન્ત કહી બતાવી મહારાજાને પ્રસન્નતા આપી, એથી મહારાજાએ તેને પોતાની પાસે બેસારીને જમાડ્યો અને કંઠી, મુક્તાની માળા, શિરપેચ વગેરે સિરપાવ આપી જગદેવને રજા આપી, એટલે જગદેવ ચાંવડીને ઉતારો આપેલી હવેલીએ જઇ પહોંચ્યો, અને સતી પત્નીને ભેટી મળેલી મુક્તાની માળા તેણીના કંઠમાં પહેરાવી બોલ્યો–"વ્હાલી વીરસુંદરી! જે કામ દશ બાર દિવસે મુસ્કેલી સાથ થાત તે કામ એકજ દિવસમાં આસાની સાથ તેં કર્યું, નહીં તો રાજાજીનો મિલાપ આમ તાકીદથી થઈ શકતજ નહીં; પરંતુ જે થયું તે સારૂંજ થયું છે. આપણી ધારણા પ્રમાણે દરબારમાં સરદારીની જગ્યા પણ સારીજ મળશે." વગેરે કહી પહેલે દિવસે બનેલી સઘળી બિના કહી સંભળાવી અને તે પછી દંપતિ પ્રભુનો પાડ માની આનંદયુક્ત સુખશય્યાને સ્વાધીન થયાં.

પ્રાતઃકાળ થતાં ચાવડીએ વ્હેલાં ઉઠી ન્હાઇ પતિપદ પૂજી રસોઈ બનાવી પછી પતિદેવને જગાડ્યા અને દંતધાવન સ્નાનાદિ કરાવી જમવા બેસાડ્યા. જગદેવે આટલી બધી વ્હેલી રસોઇ કરવા સંબંધી ચાવડીને પૂછતાં તેણીએ જણાવ્યું કે–"મહારાજાનું હમણાં તેડું આપને થયા વિના રહેનાર નથી અને ત્યાં પધાર્યા પછી મહારાજા આપને તાકીદે અહીં આવવા દેનાર નથી, જેથી જમવાનો ટાઇમ વહી જતાં તબિયત બગડે; માટે મેં આમ કર્યું છે. તેમ આપને જમાડ્યા પછી મારે જમવું એવું વ્રત છે તે કંઇ આપશ્રીથી અજાણ્યું નથી, એટલે પછી આમ ન કરૂં તો હમેશાં કેમ નિભાવ થાય?" એ સાંભળી જગદેવ પ્રસન્ન થયો અને તેની અગમચેતી માટે ધન્યવાદ આપી ચળુ કરી મુખવાસાદિનો ઉપયોગ કરી ઉભો રહ્યો, એટલામાં તો પરમારકુંવરને તેડવા મહારાજા સાહેબ તરફથી સ્વાર આવી પહોંચી તેણે નામદારનો હુકમ રોશન કર્યો, કે તુરત દરબારી પોષાક ધારણ કરી જગદેવ ખાનગી દરબારમાં ગયો.

જગદેવને આવતો જોઇ મહારાજા તેના ગુણને આદર આપવા ખુદ ઉભા થયા અને તેને સન્માન આપી પાસે બેસાડી પૂછવા લાગ્યા "પરમાર કુંવર! તમો મારી પાસે રહેવા માંગો છો?"

જગદેવે કહ્યું—"નામવર! આપની કૃપા હશે તો ઘણી ખુશીથી રહીશ."

મહારાજાએ પૂછ્યું—"તમો પટો રાખી કે ઉચક રકમ લઇ રહેવા ખુશી છો ?"

જગદેવે કહ્યું—"પ્રભુ ! જો મને ઉચક પગાર આપવામાં આવે તો વધારે સવડ પડે તેમ છે; માટે રોજના બે હજાર રોકડા રૂપિયા મળે તો પછી ગમે તેવું જીવસટાનું કામ હશે તો તે પણ બેધડકથી બજાવીશ."

મહારાજાએ કહ્યું—"ભલે, મને તે પસંદ છે." એમ કહી ભંડારીને હુકમ કર્યો કે—"જગદેવ કુંવરને હમેશાં બે હજાર રૂપિયા બીજો હુકમ થતાં સુધી આપ્યાજ કરવા. એટલે કે દર મહિને સાઠ હજાર વગર આનાકાનીએ આપ્યે જવા." એટલું ફરમાવી પછી જગદેવને લાયકાત મુજબ પુનઃ શિરપાવ આપી મહોર છાપ સાથનો પરવાનો લખી તેના સ્વાધીન કર્યો.

જ્યારે જગદેવને પોતાની હવેલીએ જવાની આજ્ઞા મળી ત્યારે તે નમન કરી પોતાને મુકામે ગયો; પણ બીજા સામંતોને આવા ભારે દરમાયા સાથ જગદેવને રાખવા બાબતની ચૂંક પેદા થઇ કે "નામદારે આવો ભારે પગાર આપી તેને શું કરવા રાખ્યો હશે ? એવી તે એ શું ધાડ મારી નાખશે ? !"

આ પ્રમાણે તેઓ ઇર્ષા કરવા લાગ્યા; પરંતુ પરમાર કુંવરનું બુલંદ નસીબ હોવાને લીધે મહારાજાની તેનાપર ઘણીજ મહેરબાની થઇ, એથી જગદેવને પોતાની સ્હામે કે પડખે બેસારી મીઠી ગોઠડીઓ કરી કંઇ પણ નિવાજસ આપી પછીજ તેને ઘેર જવા દેતો હતો. આમ કરતાં એક વર્ષ વહી ગયું અને મહારાજાની કૃપામાં વધારોજ થતો ચાલ્યો.

વર્ષ દિવસ થતાં જગદેવના સમાગમથી સતી વીરમતીને એક પુત્રરત્ન પ્રાપ્ત થયું, અને તેનું નામ જગધવળ રાખ્યું. તથા ત્રણ વર્ષ પછી બીજું પણ પુત્રરત્ન પ્રાપ્ત થયું, તેનું નામ બીજધવળ રાખ્યું. એ ન્હાનકડા કુમારોને મહારાજા ઘણું લાડ લડાવતો હતો.

જ્યારે મ્હોટો કુંવર પાંચ અને ન્હાનો કુંવર બે વર્ષનો થયો ત્યારે એવો બનાવ બન્યો કે—ભાદરવા મહિનાની અંધારી રાત ઘોરઘનઘટા યુક્ત હોવાથી વિશેષ ભયંકર લાગતી હતી, તે વખતે સિદ્ધરાજના કાને કોઈ સ્ત્રીઓના ગાવા અને રોવાનો અવાજ પડયો એથી તેને આશ્ચર્ય લાગ્યું કે—"આ વખતે કોણ

સ્ત્રીઓ પૂર્વ દિશા તરફ ખુશીનાં ગીતો ગાય છે અને તેમનાથી થોડે છેટે કોઈ સ્ત્રીઓ રૂવે છે તે કોણ હશે ?" આવો વિચાર થતાં તુરત પહેરેગિરને મહારાજાએ અવાજ આપ્યો કે—"પહેરાપર હાલ કોણ કોણ જાગે છે ?" જગદેવે જવાબ આપ્યો કે—"જી ગરીબપરવર હું જાગું છું, શી આજ્ઞા છે ?" મહારાજાએ આશ્ચર્ય સાથ પૂછયું—"આજે અત્યારે અહીંયાં ક્યાંથી ?" જગદેવે કહ્યું—"આજે હજૂરે રજા આપી નહતી જેથી ઘેર ગયો નથી, રજા મળ્યા વિના મારાથી ઘેર કેમ જવાય ?" મહારાજા બોલ્યા—"જાઓ જાઓ જલદીથી ઘેરે જાઓ. રાત અરધી જવા આવી હશે ને ઘેર ફિકર થતી હશે." જગદેવે કહ્યું—"પણ પહેરેગિરને જે કામ ફરમાવવાનું હોય તે મનેજ ફરમાવો કે તે કામ બજાવી મુકામ પર ચાલ્યો જાઉં." મહારાજાએ કહ્યું "આટલી બધી અને આવી ભયંકર રાતની વખતે આ અબળાઓના ગાવાનો ને રોવાનો જે સ્વર સાંભળવામાં આવે છે તે ગાનારી ને રોનારીઓ કોણ છે તે જાણવા માગું છું. એ નિશ્ચય કરી સવારે મને બધી હકીકત જણાવજો." આ પ્રમાણે આજ્ઞા મળતાં તેજ ક્ષણે જગદેવ નમન કરી ત્યાંથી રવાને થઇ ઢાલની છત્રી બનાવી તરવારને હાથમાં રાખી યુક્તિ પૂર્વક પૂર્વનો દરવાજો ઉઘડાવી બહાર નીકળ્યો.

મહારાજાને શંકા થઈ કે—"આવી ઘોરઘનઘટાવાળી રાતે જગદેવ જેવો સુખીયો કંઈ જંગલમાં જઇ શકશે કે નહીં ?" તેનું સમાધાન જોવા મહારાજા પણ અંધારપછેડો ઓઢી જગદેવનાં પગલાં ચાંપતેજ પાછળ પાછળ ચાલવાના નિશ્ચયપર કાયમ થયો અને બીજા પહેરેગિરોદ્વારા સામંતોને બોલાવી હુકમ કર્યો કે—"પૂર્વને દરવાજે સ્ત્રીઓ ગાય છે ને રૂવે છે તેઓ કોણ છે. તે દરેક સામંત તપાસ કરી આવો." હુકમ સાંભળી એક સામંત બોલ્યો—"નામદાર! અમારા કરતાં વધારે દરમાયો ખાય છે તે જગદેવને આવા કામ માટે તો મોકલવો જોઇયે. નહીં તો તેની બહાદુરીની આપને શું પ્રતીત મળશે. જોકે અમે બધા આપના હુકમને માથે ચડાવીએ છિયે; તોપણ ન્યાયથી તો આ હુકમ જગદેવનાજ લાયક છે." વગેરે બોલવું સાંભળી પુનઃ હુકમ કર્યો કે—"તે ગમે તેમ છે—મોકલવો કે ન મોકલવો એ મારી મરજીને અખતિયાર છે, તમારે તો હુકમને માન આપવું એટલુંજ કામ છે માટે સત્વર જાઓ." એવું સાંભળી—"જેવો નામદારનો હુકમ." એમ કહી તેઓ ત્યાંથી ચાલતા થઈ આડાઅવળા જઈ સંતાઈ બેઠા

એ બધો તાલ જોઇ સિદ્ધરાજ તો તાકીદથી પૂર્વના દરવાજાની બહાર યુક્તિસાથ જગદેવની પાછળનો પાછળ ચાલી નીકળ્યો.

જગદેવ તો ચાલ્યો ચાલ્યો જ્યાં સ્ત્રીઓ રોતી હતી ત્યાં જઇ પહોંચી તેણીઓને પૂછવા લાગ્યો કે–"તમો કોણ છો? અને શું દુઃખ આવી પડવાથી આમ વિલાપ કરી રહેલ છો? તે મને સત્વર કહો."

તેઓ બોલી—"પુત્ર જગદેવ! તું અમારી પાસે આવ, અને કહે કે તું અત્યારે અહીં શામાટે આવ્યો છે?"

જગદેવે કહ્યું—"હું તમારા કલ્પાંતનું કારણ જાણવા આવ્યો છું."

તેઓ બોલી—"એ વિષે સાંભળ. અમો પાટણની યોગિનિયો છિયે, કાલે સવારે દશ વાગતાંજ સિદ્ધરાજ જયસિંહનું મ્હોંત છે, એ માટે અમો કલ્પાંત કરિયે છિયે કે હવે અમને બલિદાન કોણ દેશે ને અમારી ભક્તિ સેવા પણ કોણ કરશે?!"

યોગિનીઓની કહેલી બધી વાત સિદ્ધરાજે સંતાઇને સાંભળી; પણ તે કશું બોલ્યો નહીં; કેમકે શું થાય છે તે જોવાનું બાકી હતું તેથી ચૂપ રહ્યો.

જગદેવે ફરીને પૂછ્યું—"પેલી કોરે જે ગાય છે તે કોણ છે?"

જોગણીઓએ કહ્યું—"એ વાત એ ગાનારીઓનેજ પૂછ."

આવું બોલવું થતાં જગદેવ ત્યાં ગયો અને તેણીઓને પૂછ્યું—"તમો વધાવાનાં ગીત ગાનારીઓ કોણ છો? તમારામાં મુખ્ય કોણ છે? અને શાને લીધે આટલાં બધાં મકલાઇ રહ્યાં છો?"

તેણીઓએ જવાબ દીધો–"અમો દિલ્લીની દુષ્ટ દેવિયો છિયે, અમે સિધ્ધરાજને લેવા માટે આવેલીઓ છિયે. જો પેલું વિમાન પડ્યું, એથી હર્ષના વધાવા ગાઇયે છિયે."

જગદેવ બોલ્યો—"કઈ વખતે સિધ્ધરાજજીનું મ્હોંત છે?"

દેવિયો બોલી—"કાલ સવા પહોર દિવસ ચડ્યે તે સેવા કરવા નહાઇને પીતાંબર પહેરી આજોઠ ઉપર ઉભો રહેશે તે વખતે અમો તેનો જીવ લઇશું કે તે શરીર છોડી દેશે."

જગદેવે પૂછ્યું—"હમણાંના સમયમાં જયસિંહજી જેવો કોઇ પ્રશંસનીય રાજા નથી; માટે કંઈ દાન પુન્ય બાધા બંધણીથી તેનું મરણસંકટ ટળે તેમ છે?"

દેવીઓ બોલી—"જો રાજાની બરોબરીઓ સામંત માથું

કાપીને અમને આપે તો તે બચે ને આવરદા વધે. એ વિના બીજો એકે ઉપાય નથી."

જગદેવ બોલ્યો—"જો મારૂં માથું કામ લાગતું હોય તો તે લઇને સિદ્ધરાજજીનો આવરદા વધારો."

દેવિયો બોલી—"જો તું તારૂં માથું અમને આપીશ તો બેશક સિદ્ધરાજ ઉગરશે."

જગદેવે કહ્યું—"હું તૈયાર છું, પણ મને એક ઘડીની રજા આપો તો હું મારી સ્ત્રીને મળી રજા લઇ જલ્દી પાછો આવું."

દેવીઓ બોલી—"બૈરી કદી ધણીને મરણ મળવા રજા આપે ખરી કે? છતાં પણ તું કહે છે તો જા અને પૂછીને તરત પાછો આવ."

એવું સાંભળતાં જગદેવ ઘર ભણી પાછો ફર્યો. સિધ્ધરાજે જાણ્યું કે–"હવે મરવા પાછો નહીંજ આવશે; તોપણ જોવું તો જોઇયે કે શું કરે છે? તેમજ ચાવડી એ વિષે શું કહે છે તે પણ જણાશે." વગેરે જાણવા માટે સિધ્ધરાજ જગદેવની પાછળ પાછળ ચાલ્યો.

જ્યારે જગદેવ ઘેરે પહોંચી ઘરમાં દાખલ થયો અને ઉપલે મજલે જઇ પહોંચ્યો, તેવોજ સિધ્ધરાજ પણ લાગ જોઇ દાખલ થઈ ઉપર ચડી ગયો, અને ધણીધણીઆણી વચ્ચે થનારી વાતો સાંભળવા સંતાઇ રહ્યો.

જગદેવ ચાવડીને મળ્યો, નિત્યના નિયમ મુજબ વાતો ચિતો કરીને પછી જે વાત થઇ તે કહી મૌન રહ્યો. ચાવડી હાથ જોડી બોલી—"રાજકુંવરજી! ધન્યઘડી ને ધન્ય દિવસ કે આપણું ખાધેલું નિમક હક્ક થવાનો વખત હાથ આવ્યો છે! ભલે માથું આપતાં તે જીવે તેમ કરો. રજપૂતોનો એજ ધર્મ છે. લાખોનો પાળનાર સોલંકીપતિ જીવશે તો સહુ સારાં વાનાં થશે. એમને કંઇ થાય તો આપણું જીવવું પણ પછી નકામુંજ ગણાય; પરંતુ પ્રાણનાથ! મારે પણ શા માટે જીવવું જોઇયે? આખર સતી થઇ બળી મરવું છે, તો બે પહોર માટે નાહક વિયોગ વેઠવો તે શું કામનો! હું પણ આપની સાથેજ જીવ કુરબાન કરી દઇશ."

જગદેવે કહ્યું--"પણ તેમ થવાથી બાલુડાં ઘભરૂડાંની શી વલે થાય? તે કહો."

ચાવડી બોલી—"જો તે માટે ખેંચતાણુ રહેતી હોય તો તેઓનું પણ સાથેજ બલિદાન આપો."

જગદેવ બોલ્યો—"જો એમજ હોય તો હવે શા સારૂ વાર લગાડવી જોઇયે ?" એટલું બોલતાંજ બેઉ પુત્રને તેડી લઈ ધણી ધણીઆણી જંગલ તરફ તરત રવાના થયાં. એ જોઈ સિદ્ધરાજ મનમાં તેઓને શાબાશી આપી અત્યંત આશ્ચર્યમાં મગ્ન થયો, અને તેઓની મજાહ જોવા પાછળ પાછળ ચાલ્યો.

તેઓ તો સીધાં દેવીઓ અગાડી ગયાં ને નિઃશંકપણે મરવા તૈયાર થયાં. દેવિયોએ કહ્યું—"કેમ જગદેવ! તારૂં માથું આપવા તું તૈયાર છે?" જગદેવ બોલ્યો—"મારા માથાને બદલે ગુર્જરપતિનું કેટલાં વર્ષનું આયુ વધારશો ?" દેવીઓ બોલી—"બાર વર્ષનું." ફરીને જગદેવે કહ્યું—"પણ ચાવડી અને બેઉ બાળકોનાં માથાં મારા માથા જેટલાંજ કીમતી છે તે સહિત અમે ચાર જીવનો તમને ભોગ આપિયે તો સોલંકીરાજને કેટલા વર્ષનું આયુ બક્ષશો ?" દેવીઓ બોલી-"અડતાલીશ વર્ષનું આયુ બક્ષી રાજ્યસુખ પ્રાપ્ત કરાવીશું."

આમ સાંભળતાંજ જગદેવે પોતાના મોટા કુંવરને આગળ ખડો કરી તુરત ખુલ્લી તરવારવડે તેનું માથું વધેરી દીધું અને તરતજ બીજા કુંવરને પકડી આગળ ખડો કર્યો કે તરત દેવિયોએ તેને કાપી નાખવાની મના કરી કહ્યું કે-"જગદેવ! બસ અમે આટલેથીજ સિદ્ધરાજને અડતાલીશ વર્ષની આવરદા આપ્યા સાથે તને તારી સ્ત્રી અને કુંવર પણ પાછાં આપિયે છિયે. ધન્ય છે તારી સ્વામિભક્તિને ને ધન્ય છે તારા ટેકનેકને!!!" એટલું બોલી પુત્રની ઉપર અમૃત છાંટી તેને સજીવન કર્યો, અને તેના માથાપર હાથ મૂકી પ્રસન્નતા પૂર્વક ચાવડીને પાછો સોંપ્યો. તેમજ અંતમાં તેણીઓએ કહ્યું કે—"જગદેવ! તારી સ્વામિભક્તિને લીધે અમે સિદ્ધરાજનું અડતાલીશ વર્ષનું આયુ વધારી તેને રાજ્યવૈભવ બક્ષીએ છિયે, અને તમોને રજા આપિયે છીએ જેથી ખુશીથી તમો તમારે ઘેર જાઓ." એટલું બોલી તેઓ અદશ્ય થઇ અને જગદેવ પોતાના પરિવાર સહિત આનંદભર પોતાના ઘરભણી રવાના થયો; અને મુકામે જઇ પહોંચી સર્વ સાથ આનંદવડે નિદ્રાદેવીનો ઉપાસક થયો.

આ પ્રમાણેનો બનાવ જોઈ સિદ્ધરાજ તો દિંગજ થઇ ગયો અને જગદેવની સ્વામિભક્તિ તથા ચાવડીનો પતિપ્રેમ અનહદ પ્રશં-

સવા લાયક હોવાથી તેના આનંદમાંજ મશગુલ બની વિચારવા લાગ્યો–"ધન્ય છે! ઘણો ધન્ય છે જગદેવ! તેં પણ મારા માટે અડતાળીશ વર્ષનું રાજ્ય મેળવી આપ્યું!! અને અત્યંત ધન્ય છે ચાવડી દીકરી! તેં પણ મારા અને તારા પતિના હિત માટે કશાની પરવાહ ન રાખતાં પ્રાણાદિની આહુતી આપવા કટિબદ્ધ થઈ સર્વને આનંદ આપ્યો!!!" ઈત્યાદિ ધન્યવાદ, રંગ ને શાબાશી દેતો પોતાના શયનભુવનમાં જઈ પહોંચી શય્યામાં પડ્યે પડ્યે એજ આનંદોદધિમાં નિમગ્ન થયો, જેથી નિદ્રાદેવી તેનાપર પોતાની અસર પેદા કરી શકી નહીં.

જ્યારે પાછલી થોડી રાત રહી ત્યારે તેણે જગદેવને પોતાની પાસે બોલાવી લાવવા હજૂરીઆઓને મોકલી વરદી અપાવી, પણ જગદેવ તો તે પહેલાં ઉઠી દાતણ કરતો હતો. મહારાજનું તેડું થયું જાણી ન્હાઇ દેવસેવા કરી વસ્ત્રાલંકાર ધારણ કરી દરબારનો વખત થતાં તેડાગરની સાથે દરબારમાં ગયો, અને સિદ્ધરાજે જગદેવને આવેલો જોતાંજ ઉઠી ઉભા થઇ અંદરના પ્રેમના ઉભરા સાથ ભેટી પોતાની પાસે પરાણે ગાદી ઉપર બેસાર્યો.

તે પછી મહારાજે અન્ય સામંતોને પૂછ્યું કે–"મેં રાતે જે ખબર લાવવાની કહી હતી તે વિષે સઘળા સામંતો શું ખુલાસો લાવ્યાછો? તે એકે એકે વિદિત કરો."

તેઓએ અરજ કરી કે–"બે ગાડાંઓમાં ચાર દુકાળ પીડિત સ્ત્રીઓ હતી તેમાં એક ગાડાવાળીને દીકરો અવતર્યો હતો તેથી તે હર્ષને લીધે ગાતી હતી, અને બીજા ગાડામાંનીનો દીકરો ગુજરી ગયો હતો તેથી તે રોતી હતી."

સિધ્ધરાજે ધિઃકાર તિરસ્કાર સાથ ઉપહાસ્યરૂપે કહ્યું કે—"તમો લાખ લાખના પટાવાળાછો, તમો રાજના મોટા સ્થંભછો. તમો આવી સાચી ખબર ન લાવો તો બીજો કોણ લાવે તેમ છે. વાહ! ખૂબ ખબર લાવ્યા!!" તે પછી જગદેવને પૂછ્યું—"રાતે શું બન્યું હતું? તે તમો પણ કહી બતાવો."

જગદેવ બોલ્યો—"જે સામંતોએ કહ્યું તે પ્રમાણે જ હશે." મહારાજાએ ફરીને કહ્યું—"એમ નહી, જે બન્યું હોય તે અથથી ઇતિ સુધી કહી બતાવો. મેં બધું જોયું ને સાંભળ્યું છે." જગદેવે કહ્યું—"પણ નામદાર! મેં જોયું હોય તો કહુંની? બનાવટી વાત કહેવાથી શું ફાયદો?"

આ પ્રમાણે તેનું બોલવું થતાં તેની ગાંભિર્યતાને ધન્યવાદ દઈ સિધ્ધરાજ બોલ્યો—"સાંભળો, સામંતો! આજ સવારે પહેલે પ્હોરેજ મારૂં મરણ થવાનું હતું; પણ હવેથી આ જગદેવના પ્રતાપવડે હું અડતાલીશ વર્ષ રાજ્ય ભોગવીશ. આના બે વ્હાલા પુત્રોનાં, આનું અને આની સ્ત્રીનું એમ ચાર માથાં દેવિયોને આપવા આ તૈયાર થયો હતો, અને મોટા દીકરાનું માથું તો આણે કશી પણ દરકાર રાખ્યા શિવાય પોતાના જ હાથથી કાપીને તેણીઓને આપ્યું હતું. આ હીમ્મત અને સ્વામિભક્તિ તેમજ આની સ્ત્રીનો પતિપ્રેમ જોઇને દેવિયોએ પણ દિંગ થઇ આને બીજાં માથાં ચઢાવવાની મના કરી મને આવરદા બક્ષ્યો. આજથી જે હું રાજ્ય કરૂંછું એ આ જગદેવ કુંવરનાજ પ્રતાપથી કરૂંછું. તમો કોઈ પણ મનની તૃષ્ણા તૃપ્ત કરવા બનાવટી વાત બોલી ગયા; પણ આ બધો બનાવ મેં મારી નજરથી જોઇ કાનેથી સાંભળી લીધેલ છે. આમને પગાર આપવામાં આવે છે તે માટે તમો સઘળા બબડ્યા કરતા હતા; પરંતુ હું જો એક દિવસમાં એક લાખ તો શું પણ ક્રોડ આપું તોપણ તે ઓછા પડે. આવો વીર અને નિમકહલાલ ક્ષત્રી બચ્ચો બેસુમાર નાણું ખર્ચે પણ મળે તેમ નથી; કેમકે કોકના માટે કોણ મરવા તૈયાર થઈ આખા ઘરનું મ્હોંત આણી નખોદિયો બને?" વગેરે વગેરે પ્રશંસા વાક્ય કહી પોતાની મોટી કુંવરીનું સગપણ જગદેવ સાથે રાજરીત પ્રમાણે જોડી દીધું. અને તે સાથે બે હજાર ગામ ઇનામ પેટે અને બીજાં પાંચસો ગામ જગદેવના હાથ ખર્ચ માટે આપી કડાં-કંઠી—મોતીનો કંઠો—કલગી અને બીજાં પારંગરનાં અમૂલ્ય ઘરેણાંની બક્ષીશ કરી આનંદપૂર્વક જગદેવને પોતાના નિવાસસ્થાને જવાની રજા આપી સોલંકીસિંહ અત્યાનંદ પામ્યો.

જગદેવે હવેલીએ જઇ ચાવડી અગાડી બનેલી બિના કહી સંભળાવી, તો તે પ્રસન્ન ચિત્તથી કહેવા લાગી—"હું બહુજ આનંદ માનુંછું અને આપ રાજાના મહેલમાં બે ચાર બીજી રાણીઓ હોય તો તેને મોટું માન સમજું છું; માટે પરમાત્માએ સારો સંબંધ બંધાવ્યો છે." ચાવડીનો આવો વિચાર જણાતાં જગદેવે શુભ મુહૂર્તે સોલંકિણી સૌભાગ્યદેવીનું લગ્ન કર્યું, અને તે સાથ અત્યાનંદમય સુખવિલાસતે બે ત્રણ વર્ષ વ્યતીત થઇ ગયાં.

ભુજની ગાદીનો પૂર્વજ રાજા **લાખો જાડાણી** કે જેની રાજ-

ધાની લાખિયારવિયારામાં હતી, તેને એક સમય પુત્રીના લાયકવરની શોધનો વિચાર મુકરર થતાં તેણે પોતાની મોટી પુત્રીનું નાળિએર પાટણપતિ રાજા રાજેશ્વર સિદ્ધરાજ જયસિંહને મોકલાવ્યું. એથી જ્યારે લગ્ન સમય પ્રાપ્ત થયો ત્યારે સિધ્ધરાજ જાન સજીને જગદેવ તેમજ બીજા મહાન્ સામંતોને સાથે લઇ પાટણથી મંગળ પ્રયાણ કરી અનુક્રમે પંથ પસાર કરતો લાખિયાર વિયારે જઈ પહોંચ્યો, એટલે હર્ષયુક્ત સ્હામૈયું કરી લાખો જાડાણી સોલંકીશાર્દૂલને નગરમાં લઇ આવ્યો.

રાજા લાખાજીને જગદેવના કુળ તથા પરાક્રમની ખબર હતી, છતાં તે સમય પ્રધાને પુનઃ સ્મૃતિમાં અણાવી ન્હાની કુંવરી ફૂલમતીનાં લગ્ન જગદેવ સાથે થવાનો ઠરાવ કરાવ્યો. આમ હોવાથી એકજ મંડપે સોલંકીરાજ જયસિંહનું દેવમતિ સાથે અને પરમાર જગદેવનું ફુલમતિ સાથે લગ્નવિધિ સચવાઇ પાણી ગ્રહણ થયું.

આ પ્રમાણે સિદ્ધરાજ અને જગદેવ વચ્ચે મહારાજા અને ઉમરાવ, તથા સસરો ને જમાઈ, તેમજ સાઢું આમ તેવડો સંબંધ જોડાયો જેથી અત્યંત પ્રીતિ જામી. બન્ને વરરાજા પાછા જાન સહિત પાટણ પધાર્યા, અને પોત પોતાની વિવાહિતા સાથ રતિવિલાસમાં આનંદ માણી દિવસ વ્યતીત કરવા લાગ્યા.

એક વખત સિદ્ધરાજને ગમગીનીમાં ગર્ક થયેલ નિહાળી જગદેવે પૂછવા માંડ્યું—" મહારાજ સાહેબ સલામત ! આપનું ચિત્ત હાલમાં કેટલાક વખતથી રાજકાજ કે આનંદ વિલાસાદિના અંદર પ્રસન્ન ન જણાતા દિલગીરીમાંજ દબાયેલું રહે છે તેનું મૂળ કારણ કહેવામાં જો કંઇ હરકત ન હોય તો આ આપની ખિદમત કરનારા રજપૂતને તેથી વાકેફ કરવો ઘટે છે. દુઃખની વાતો મનમેળુના અગાડી કહ્યા વિના તે દુઃખ દૂર થઇ શકતુંજ નથી; માટે કૃપા કરી દિલનું દર્દ જાહેર કરો. "

સિદ્ધરાજ ઉંડો નિશાસો નાખી બોલ્યો કે—"કુંવરજી ! શું કહું ?

'હઇડા ભીતર દવ જલે, કોઈ ન જાણે સાર;
કે મન જાણે માહરો, કે જાણે કરતાર.'

મનના દુઃખની વાત કોને કહી શકું ? કેમકે તે દર્દ અસાધ્ય જેવું છે. જ્યારે તમે આજે હઠ સાથે પૂછો છો ત્યારે એટલુંજ કહું છું કે આજ રાતે પટાંતરે રહી જાડેજી રાણીની જે સ્થિતિ થાય તે જોઇ

પછી મારા દુઃખનું તોલ થઇ શકે તો ઉપાય હાથ ધરજો " મહારાજા સાથે આ પ્રમાણે વાત થયા પછી જગદેવ પડદા ઓથે રહી શું થાય છે તે જોવાને તત્પર બન્યો.

જ્યારે સિદ્ધરાજ નિદ્રાવશ થઇ ગયો ત્યારે ઢાલ તરવાર સહિત સાવધ રહેલા જગદેવને અડધી રાતે એ જોવામાં આવ્યું કે દેવમતિ જાડેજીના શરીરમાં કોઇ ભૂતનો આવેશ થયો અને તેના લીધે તેના શરીરમાં અનેક પીડા અને ચેન-ચાળા થતાં તે મહા દુઃખ વેઠતી જણાણી. એ જોતાં જગદેવ જાણી ગયો કે-" આ પીડાનું ગુપ્ત દુઃખ સોલંકીવ્યાઘ્રને સંતાપી રહેલ છે; પણ તે કોને કહી દૂર કરે ? પરંતુ આજે આ દુઃખનો અંત લાવી દઉં. " આવો નિશ્ચયાત્મક વિચાર દઢાવી જગદેવ ખુલ્લી તરવાર સહિત ત્યાંથી કૂદી જાડેજીના ઢોલીઆ ભણી પહોંચ્યો અને તેણીનો ચોટલો ઝાલી હુંકારનાદ સહિત ભય પેદા કરનારી મહા મનોબળ ભરી વાણીથી બોલ્યો-" ઓ પરકાયમાં પ્રવેશ કરી પીડા આપનારા ચોર ! સાવધ થા, તેં ઘણા દિવસથી મનનું ધાર્યું કર્યું છે; પણ આજે તારા મનસૂબા સહિત તારો અંત આણવા આ જગદે . આવી પહોંચ્યો છે; માટે તારા સહાયકારીને યાદ કરવો હોય તો કરી લે; નહીં તો પછી તેટલો પણ વખત નહીં મળે ? "

આવી ગર્જના ભરી ભયંકર વાણી સાંભળી ભૈરવે પોતાની ગુપ્ત શક્તિઓ અમલમાં લઇ ઘણા ઘણા ચમત્કાર બતાવી જગદેવનો પરાજય કરવા ફાંફાં માર્યાં; પરંતુ જે હજારોને લાખોપર વિજય મેળવનારા દઢ મનોબળ ભરી ગુપ્ત શક્તિવાળા યોગી પુરૂષો હોય છે તે તેવા ચમત્કારથી કદી ડરતા કે ડગતા નથી; પણ વિજયજ મેળવે છે. આમ હોવાથી યોગ બળવાળા જગદેવે આખર ભૈરવને નિર્બળ કરી દઈ કબ્જે કર્યો. એટલે તે કાલાંવાલાં કરી કહેવા લાગ્યો-" ઓ દયાળુ કુંવર ! મને જતો કરો, હવે હું કદી આ શરીરમાં નહીં પ્રવેશ કરૂં, હું તારો ગુલામ છું, હવે તું મને મૂકી દે ને મારા પર દયા લાવ. " આવી આજીજી કરી; પણ જગદેવે તો તેને કેદ કરી રાખવા રાણી દેવમતિને ભોંયરામાં લઇ જઇ તેના પંડમાંથી તે બલાને દૂર કરી રાણીને બહાર આણી; પણ કાળભૈરવને તો વિદ્યા બંધનથી બાંધી લઇ ભોંયરામાંજ રહેવા દીધો. નીતિ કહે છે કે-"શત્રુઓની આજીજી કે કૃપાપર કદી વિશ્વાસ રાખવો નહીં; નહીં તો

હાવ આવ્યે તે હરગીજ પ્રાણ લે છે.” આ નીતિવાક્યને ધ્યાનમાં રાખી જગદેવે તેને કેદી બનાવી રાખ્યો.

સિદ્ધરાજે આ બનાવ પણ નજરો નજર જોયો જેથી અત્યંત ચમત્કાર પામી જગદેવના ગુણાનુવાદ ગાઇ તેને અનંતાનંત ધન્યવાદ દીધા અને તે સાથે, વર્તમાન રાજ્યકર્ત્તાની પેઠે ખાલી ‘ થેંકસ–મેની મેની થેંકસ ’ કહી કે ખેતાબનું ખોખું બક્ષી રાજી ન કરતાં તેણે અમુલ્ય સરપાવ અને બે હજાર ગામ બક્ષી પ્રસન્નતામાં વધારો કર્યો. ધન્ય છે એવા કદરદાન રાજ્યપતિઓને !

ચામુંડા માતાના ચાચરમાં કાળો ને ગોરો ક્ષેત્રપાળ (ભૈરવ) હમેશાં રમવા આવ્યા કરતા હતા; પણ કાળો ભૈરવ કેદ થઈ જવાથી ગોરાને એકલો આવતો જાણી તેને માતા ચામુંડાએ પૂછયું—“ કાળો કેમ નથી આવતો ? ” તેણે કહ્યું—“ તે તો જગદેવના કેદી બન્યો છે, એ આપથી ક્યાં અજાણ્યું છે; છતાં માજી મન મોટાઇ આપવા આપ શું પૂછો છો ! ” માતાજીએ કહ્યું–‘ મેં તેને ઘણી વખત ના કરી હતી કે જ્યાં વીરાધિરાજ સાહસીક જગદેવ હોય ત્યાં તારે કદી જવું નહીં; પણ તેણે તે કહેવું ન માન્યું તો એના હાલ થવા પામ્યા. હવે તેને હું છોડાવી લાવું છું. ’ એમ કહી ચામુંડાએ કંકાળણ ભાટ-ડીનું રૂપ રચી જમણા હાથમાં ત્રિશૂળ ધારણ કરી સિધ્ધરાજના દરબારની અંદર પગલાં કર્યાં, અને ડાબા હાથે સિધ્ધરાજને આશિ-ર્વાદ આપી જમણા હાથે જગદેવ ત્યાં હાજર ન હોવા છતાં પણ નામ લઇ તેને આશિર્વાદ આપ્યા.

આ રીત જોઇ સિધ્ધરાજે પૂછયું તો તેના ઉત્તરમાં એજ જણાવ્યું કે “ જે માન મેં દાતાને આપ્યું તે માન જગદેવને જ ઘટિત છે માટે તેમ કર્યું છે. ” આમ બોલવાથી સિધ્ધરાજના દિલમાં જરા માઠું લાગતાં તે બોલ્યા–“ જા તું પહેલાં જગદેવ પાસે યાચના કર. એ જે આપશે એના કરતાં હું ચોગણું આપીશ. ” કંકાળી ભાટડી બોલી—“ હું ગર્વ સાથે કહું છું. કે આ જગતની સપાટીમાં દાન દેવાની અંદર પરમારની કોઇયે બરાબરી કરી નથી; માટે આ બોલો છો તે નહીં પળાય ? માટે હજી પણ વિચારીને બોલ બોલો ” સિદ્ધરાજે કહ્યું—“ હવે ફરી ફરીને શું કહું, એ આપશે તેથી ચોગણું મારે અવશ્ય આપવું. વધારે વખાણ કરવાવાળાની પાસેથી પહેલાં બક્ષીશ મેળવીને પછી અહીં આવ એટલે પછી તારો બોલ તારા

મ્હોંમાં પેસાડી દઉં." આવો મિજાજનો બોલ સાંભળી ભાટડી જગદેવને ત્યાં જઈ પહોંચી, અને તેના અગાડી દરબારમાં બનેલી તમામ હકીકત કહીને યાચના કરી.

જગદેવ વિચારમાં પડયો કે જો રાજા મારા કરતાં ચોગણું આપશે તો કંકાલણીનું વચન જશે; કેમકે મારા કરતાં લાખ દરજે સોલંકીરાજ સર્વ વાતે પહોંચતો છે; માટે એવી ચીજ આપું કે જે મહારાજાથી પણ આપી ન શકાય. બસ વચન જાળવવા મારૂં માથું આપી દઉં જેથી સિદ્ધરાજ ચાર માથાં આપી શકશેજ નહીં !" એવો નિશ્ચય કરી તેણે સોલંકિણીનું વલણ જોવા તેણીને તે બધી વાત કહી તેણીની સલાહ માંગી. એટલે તે પિતાનો યશ વધવા બોલી–"સર્વ દાન આપવાં ઉચિત છે, પણ માથું આપવું ઉચિતજ નથી." આવું બોલવું થતાં પછી જાડેજીની સલાહ માગી, એટલે તે બોલી કે–"આપનું અને મારૂં એમ બે માથાં કંકાલણને બક્ષી દો કે જેથી સોલંકીસિંહને આઠ માથાં આપવાં પડશે, અને તેમ નહી બનશે તો જગતમાં પરમારની કીર્તિ અચળ થશે." (ચાવડી આ વખતે પિયર ગયેલી હતી જેથી તેની સલાહનો અભાવ હતો.) આમ સલાહ મળતાં તુરતજ તેજદાર તરવારથી જગદેવે પોતાના હાથે પોતાનું માથું સંવત ૧૧૭૪ના ચૈત્ર માસની ત્રીજને રવીવારે કાપી થાળમાં મુકી કંકાલણને બક્ષી દીધું. અને તે લઇ ભાટડી રવાના થઇ; પણ કહેતી ગઇ કે–"હું પાછી આવું ત્યાં લગી ધડની બરોબર સંભાળ રાખજો."

જ્યારે સિદ્ધરાજ આગળ જઇ કંકાલણીએ જગદેવે માથું આપ્યું તે બતાવ્યું ત્યારે સોલંકીરાજ અનહદ આશ્ચર્ય પામ્યો અને કહેવા લાગ્યો–"આ કામમાં ચાર ગણું દાન ન કરી શકતાં બમણું કરી શકું અને તેમાં મારા પાટવી ઘોડાનું માથું અને મારૂં માથું એમ બે માથાં આપવા તૈયાર છું; માટે પાટવી ઘોડાનું માથું હું કાપી આપું ને મારૂં માથું તમે કાપી લ્યો. હાથે માથું કાપી આપું તેટલી અત્યારે મારામાં હીમ્મત નથી."

કંકાલણી બોલી–"યાચક આપ્યું દાન લેછે; માટે આપવા મર્દામી રાખતા હો તો હાથથી દાન આપો, નહીં તો પરમારથી હાર્યો એમ જાહેર કરવા ઉંચા મહેલ પર ચડી મોટા સાદથી કહો કે હું હાર્યો ને પરમાર જીત્યો, અને તે પછી આ માથાવાળા થાળ નીચે થઇ

સાત ફેરા નીકળી જાઓ તો જતા મુકું." આ પ્રમાણે વચનના લીધે સિદ્ધરાજે ફસામણીમાં આવતાં તે પ્રમાણે કર્યું; એટલે કંકાલણી ભાટડી તરત જગદેવની જય બોલાવી જગદેવને ત્યાં જઈ પહોંચી અને તેણીએ તે માથું ધડ ઉપર મુકી હાથના સ્પર્શવડે જગદેવને સજીવન કર્યો.

આવી માયા જોઈ જગદેવ બહુજ પ્રસન્નતા પામ્યો અને બોલ્યો "માગ! માગ!! જે તું માંગે તે આપું!!!" કંકાલણુ બોલી–"મારે બીજું તો કશું જોઈતું નથી; પણ એક વચન માગુછું એ માટેજ આટલું બધું મેં કર્યું છે, તે એજ કે કેદી કરી રાખેલા કાળભૈરવને બંધનથી મુક્ત કરી મને સુંપરદ કરો." એવું સાંભળી કાળભૈરવને કેદમાંથી મુક્ત કરી તેણીને આપી દીધો, એટલે તેને લઈ તે રસ્તે પડી.

સિદ્ધરાજ કરતાં જગદેવે દાનમાં સરસાઈ કરી, જેથી સોલંકીરાજની હીનતા જણાણી, એમ સમજી સોલંકીસિંહે નરકેશરી જગદેવના કરેલા ઉપકારો ભૂલી જઈ તેના પર ખુનસ રાખી કૃપામાં ન્યુનતા બતાવવા માંડી. અને વ્હાલા વાંચનાર! આ ખુનસને લીધેજ તેણે ધારાનગરના પરમારોનો પરાજય કરવા ચઢાઈ કરી હતી; પરંતુ એ વિચાર થતાંની સાથેજ જગદેવના સમજવામાં આવી ગયો જેથી તેને મહારાજાની ચાકરી છોડી પોતાને વતન જઈ પોતાની જન્મભૂમિનું સંરક્ષણ કરવા વિચાર થયો; અને ઘેર જઈ તેણે જાડેજીને તે હકીકત કહી સલાહ પૂછી તો તે બોલી–"આપશ્રીની રાજવશી તરીકે આર્યાવર્ત્તની અંદર ઉત્તમ યશ–કીર્તિ વિસ્તરી રહી છે, માટે હવે વતનમાં વસી જન્મદાતાઓની સેવા બજાવાય તો વિશેષ યશાળી કારકીર્દી નીવડશે. તેમજ હું પણ મારાં પૂજ્ય સાસુ સસરા વગેરેને ભેટી પાવન થવા ભાગ્યશાળી થઉં." આ પ્રમાણે જાડેજીની સલાહ મળતાં જોશીને બોલાવી પ્રયાણનું શુભ મુહૂર્ત્ત જોવરાવ્યું અને તે પછી મહારાજાની મહા મુશીબતે રજા મેળવી સકળ સરંજામ સહિત જગદેવ પોતાના વતન તરફ વિદાય થયો. અને પાંચ હજાર સ્વાર તથા આઠ હજાર પાળા લસ્કર યુક્ત મજલ દર મજલ વડે પંથ પસાર કરી ટોંકટોડે જઈ પહોંચ્યો. ત્યાં એક માસ અત્યાગ્રહને લીધે રહી ચાવડી સહિત ત્યાંથી રવાના થઈ જગદેવ પોતાને વતન જઈ પહોંચ્યો, અને બેઉ માતાઓ અને પિતાને ભેટી પરમ ભાગ્યશાળી થયો. તેમજ પ્રતાપી ફરજંદ અને તેનાં ફરજંદોને જોઈ વૃધ્ધ માબાપો પણ અત્યંત આનંદ પામ્યાં. તથા તેનાં પરા-

ફમી પરોપકારી કામોની ખ્યાતી સાંભળી પોતાના જીવનને ધન્ય માનવા લાગ્યાં.

તત્પશ્ચાત્ વૃધ્ધ રાજા ઉદયાદિત્યે પોતાની જીંદગીનો આખર સમય જાણી, તથા રીણધવળમાં ધવળ યશ પ્રાપ્ત કરનારૂં પાણી ન હોવાની સર્વને ખાત્રી મળી જાણી, સર્વેની સમ્મતી મેળવી જગદેવને પોતાની ગાદીનો વારસ નીમ્યો, અને સમસ્ત રાજ્યાધિકાર સુંપરદ કરી પોતે વાનપ્રસ્થાશ્રમમાં નિમગ્ન બન્યો; પરંતુ થોડોજ સમય વ્યતીત થતાં વૃધ્ધ રાજાને સિધ્ધાશ્રમમાં લઇ જવાનો કાળને વિચાર થયો, એના લીધે તે પોતાના સ્થૂળ દેહને ત્યજી સૂક્ષ્મ દેહ સહિત અમરધામમાં સ્થિત થયો. એ જોઇ વાઘેલી તેમજ સોલકિણી પાછળ સતીઓ થઇને તેઓ પણ અમરધામમાંજ પતિસહવર્તમાન બિરાજી જગતજનોને પોતાનાં ઉદાર કૃત્યોનું ઉદાહરણ આપી સજગ કર્યા.

રીણધવળને સો ગામ આપી જગદેવે રાજ્યની લગામ હાથ ધરી પ્રજાને પૂર્ણ ન્યાય આપી મહાન્ આશિર્વાદ પ્રાપ્ત કર્યો. જો કે પંદર વર્ષની વયે તેણે વતન છોડ્યું હતું તે છેક તેત્રીસ વર્ષનો થયો ત્યાં લગી (૧૮ વર્ષ સુધી) સિદ્ધરાજની હજૂરમાં રહી પછી બાવન વર્ષ રાજ્યપદ ભોગવ્યું. એમ પંચાશી વર્ષનું જીવન ભોગવી સર્વની વાહવાહ વરી કુંવર જગધવળને પોતાનું રાજતખ્ત સોંપી પોતે સ્વર્ગને શોભાવવા આ જગતની મુસાફરી પૂરી કરી ચાલ્યો ગયો, એથી ચાવડી સતી વીરમતી, તેમજ જાડેજી અને સોલંકિણી એ ત્રણે જણીઓ સતી થઇ પતિદેવ સાથે અખંડાનંદ મેળવવામાં લીન બની, ધન્ય છે એવી સતીઓને કે જેણીઓએ ઉભયલોક ઉજ્વળ કરી પોતાનું નામ સ્મરણ કરનારને પણ પાવન થવાનો પંથ ખુલ્લો રાખ્યો !

પ્રિયપાઠક મહાશયો ! આ વાર્ત્તા આપણને શોકયોની સગાઇની, તેમજ એક લોહીની સગાઇની, ઓરમાન માની વિચારણાની, સ્વામીભક્તની, પતિપ્રેમી સુંદરીની, કદરદાન રાજેંદ્રની, રાજાના મલિન પ્રીતિભાવની, બોલ્યાબોલ પાળવાની, હીંમતથી દેવોને પણ કેદ કર્યાની, અદેખા નરોની હીલચાલની, ઠગબાજીખોરની અને સત્યનો જય તથા પાપનો ક્ષય થવાની માહેતગારી આપે છે, જેથી તે તરફ પૂરતું લક્ષ આપી જે સમયપર જે બોધની જરૂર હોય તે સમયે તે બોધને યાદીમાં રાખી વ્યવહારકુશળ રહી જીવન સફળ કરવું કે જેથી ફોકટ ફેરો ન પડે. કહ્યું છે કેઃ—

(પૂર્ણ થયો છે ખેલ–એ રાહ–રાગણી ધનાશ્રી.)

એળે ખોયો અવતાર, અભાગી, એળે ખોયો અવતાર.–
શીખ્યો ન વિદ્યા હુન્નર સારા, સેવ્યો ન શુધ્ધ આચાર. અભાગી. ૧
સ્મરણ કર્યું નહીં સ્મરહરનું તેં, પૂરણ લાવી પ્યાર. અભાગી. ૨
સંત સમાગમથી નવ સંચ્યો, વારૂ તત્ત્વ વિચાર. અભાગી. ૩
દાનપુન્ય સુકૃતમાં દિલને, લીન કર્યું ન લગાર. અભાગી. ૪
સાધુ સંત અતિથિની સેવા, નહીં કીધી નિરધાર. અભાગી. ૫
દીન દુખીનાં દુખ ન દળ્યાં કદિ, કીધો ન પરઉપકાર. અભાગી. ૬
વિષયો વશ પડી મોજમજા કરી, ઉદર ભર્યું થૈ ઉદાર. અભાગી. ૭
સાર્થક કીધો ન માનવ ભવ શઠ, અફળ કયાં અધિકાર. આભાગી. ૮
ભાતું ભલું પરભવનું ન બાંધ્યું, બાંધી બુરાઇ અપાર. અભાગી. ૯
આમ કરી કર્યા ભ્રષ્ટ ઉભય ભવ, ભરીને પાપ ભંડાર. અભાગી ૧૦
પૂર્ણ કહે હાર્યો ભવબાજી, બનતાં બેદરકાર. અભાગી. ૧૧

ધર્મવીર સતી રાણકદેવડી.

આ સોરઠ ભૂમિના સ્તુત્ય શૃંગાર અને આર્યાવર્તના અનૂપમ કોહીનૂરે વીર વિક્રમાદિત્યના બારમા સેકામાં **કાલડી**ના દેવડા **દેવરાજ**ના મકાનમાં જન્મ લીધો હતો, અને તે **જુનાગઢ**ના ચૂડાસમા **રાહખેંગાર** બીજાના અંતઃપુરની તથા અંતઃકરણની અધિષ્ટાત્રી થઇ વિશ્વવિદિત પદ પ્રાપ્ત કર્યું હતું. તેમજ એણીના શીળસુવર્ણની કસોટી સિદ્ધરાજના હુમલા વખતે થઇ હતી તેની બિના નીચે મુજબ છેઃ—

જુનાગઢના રાહ નોંધણ કે જે રાહ ખેંગારના પિતા થતો હતો, તેણે મહીનદીના તટ ઉપરના ઉમેટાના રાજાને શરણ કરી છોડી દેવાના બદલામાં છોડી લેવાનો કરાર (કન્યા પરણાવાનો કોલ) કરાવી લીધો હતો, જેથી તેણે પોતાની કન્યા રાહ નોંધણને વરાવી હતી. એ જોરાવરીને લીધે કન્યાના ભાઇ હંસરાજ મહીડાએ તે નોંધણને ઠાર મારી તે જોરાવરીના બદલો લેવાનો જાહેર રીતે પ્રતિજ્ઞા કરી હતી. તેમ નોંધણે પણ તે હંસરાજને મારવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમજ તે કન્યા લઇને જતી વખતે જસદણની નજીક આવેલા ભોયરા ગામની આગળ જતાં ત્યાંનો રાજા હસીને બોલ્યો કે. "જો મારા ગામનો કોટ પૂરો થઇ ગયો હોત તો આ નોંધણનાં ઢકણાંને

હું પોતાને માટેજ રાખી લેત.” આથી નોંઘણે પ્રતિજ્ઞા કરીકે–“હું એ કોટને તોડી પાડું તોજ મારૂં નામ નોંઘણ ખરૂં.” તથા સિદ્ધરાજે સોરઠના સીમાડાપર પંચાળ દેશમાં નોંઘણને સાંકડામાં લઇ દાંતે તરણું લેવરાવી હથીઆર હેઠાં મૂકાવી જતો કર્યો હતો, તેથી નોંઘણે પાટણનો દરવાજો તોડી પાડવાની પ્રતિજ્ઞા કરી હતી. અને સિદ્ધરાજના દસોંદી બારોટે એ હાર સંબંધી નોંઘણની હાસ્યરૂપ કવિતા કરી હતી તેથી નોંઘણે કસમ ખાધા હતા “કે હું એ કવિતા કરનારના ગાલ ફાડી નાખીશ.”

ઉપર પ્રમાણે રાહ નોંઘણે ચાર પ્રતિજ્ઞાઓ લીધી હતી; પરંતુ મરણનું તેડું આવતાં તે ચારે પ્રતિજ્ઞાઓ જેમની તેમ બાકીજ રહી જતાં અંત વખતે પોતાના ચારે કુંવરોને બોલાવીને કહ્યું કે–“ મેં ચાર પ્રતિજ્ઞાઓ કરી હતી, પણ મારી આ દશા થતાં તે મારાથી પૂરી થઈ શકી નથી; માટે જે એ પ્રતિજ્ઞા પૂરી કરે તેને મારી ગાદીનો વારસો સોંપવા ચાહું છું, બોલો તે કામ કરવા કોણ તૈયાર થઈ બાડું ઝડપે છે ? ”

પિતાનું બોલવું સાંભળી મોટા કુંવર રાયઘણે ભોંયરાનો કોટ તોડી પાડવાની પ્રતિજ્ઞા કરી, જેથી રાહે તેને ચાર પરગણાં આપ્યાં. આ રાયઘણના વંશજોની એક શાખા થઇ તે રાયજાદાને નામે ઓળખાય છે. બીજા કુંવર શેરસિંહે હંસરાજને મારી નાખવાની પ્રતિજ્ઞા કરી, તેથી તેને થોડાં ગામ આપ્યાં. આ સરવૈયા રજપૂતોનો વડિલ થયો. ત્રીજા કુંવરચંદ્રસિંહે પાટણનો દરવાજો તોડી પાડવાની પ્રતિજ્ઞા કરી, એથી તેને પણ થોડાં ગામ આપ્યાં. આ કુંવર અંબાજીનો અનન્ય ભક્ત હોવાથી ચૂડીજ પ્હેરી રાખતો હતો એથી એ ચૂડાસમા રજપૂતોનો પૂર્વજ ગણાયો. અને ચોથા કુંવર ખેંગારે તે ચારે કામ પૂરાં પાડવાની પ્રતિજ્ઞા કરી જેથી રાહ નોંઘણે પોતાની હયાતીમાંજ તેને જુનાગઢની રાજગાદીનો અધિપતિ કર્યો.

આમ પિતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા પહેલી ચડાઈમાં ભોંયરાનો કિલ્લો તોડી પાડી ત્યાંના રાજાને મારી નાખ્યો, હંસરાજને કતલ કર્યો, સિદ્ધરાજે માળવાપર ચડાઇ કરી હતી તે પોલનો લાભ લઈ પૂર્વ તરફના પાટણના દરવાજો તોડી પાડી સિદ્ધરાજને પરણાવવાની કન્યા રાનકદેવીને હરી લીધી, અને પાટણરાજના દસોંદી બારોટે ખેંગારના યશ ગાયા તેથી તેના મ્હોમાં હીરા માણેક ભરી ગાલ ફાટયા જેવા

સંસ્કાર કર્યા. આમ ખેંગારે ચારે પ્રતિજ્ઞાઓ પૂર્ણ કરી. તેમજ રાણકદેવડીને પરણી પોતાની પાટરાણી કરી. આવી રીતે પિતાના વખતથી સિદ્ધરાજ સાથે ચાલતા આવેલા વેરને લીધે રાહખેંગારે વૈર બાંધ્યું.'

જો કે ઉપર પ્રમાણે મૂળ વાત બનેલી છે; તો પણ બધા લેખકો તુરી લોકોની કિંવા ભાટોની કથનીઓ ને ગીતો તરફ દોરાઇ નીચે પ્રમાણે રાનકદેવડીની ઉત્પત્તિ અને સિદ્ધરાજ સાથે ખેંગારને બંધાયલા વૈર સંબંધી હકીકત રોશન કરે છે:—

સ્વચ્છ **કચ્છ** ભૂમિમાં આવેલા **પાવર**ના ગિરાશિયા ઠાકોર **શેર પરમાર**ના ઠકરાળાંની કુખથી એક દીકરીનો જન્મ થયો; પરંતુ યોતિષના નિયમ મુજબ નઠારા યોગમાં જન્મેલી હોવાથી તે નિર્દોષ બાળકીને ક્રૂર દિલની ચાકરડીના હાથે રાન (જંગલ)માં મૂકી દેવરાવી. તો પણ તેણીનું આયુષ બળવાન્ હોવાથી એક પ્રવાસી કુંભાર **હડમંત**ની તે નજરે પડી, એટલે તેણે તુરત ઉચકી લઇ પોતાને ઘેર લઈ જઇ તેણીને પાળી પોષીને મોટી કરી, અને રાનમાંથી મળેલી હોવાને લીધે તેણીનું નામ **રાનકી** રાખ્યું.

તે બાલકી હીરાની ખાણમાં પેદા થયેલી હીરાકણી હોવાથી યૌવનાવસ્થા પ્રાપ્ત થતાં બેહદ રૂપવંત નીવડી, જેથી તેણીના રૂપ ઉપર ફિદા થઇ કચ્છના **લાખા જાડાણી**એ તેણીનું માંગું કર્યું; પણ તેમ કરવાની કુંભારની મરજી નહોતી, તે સબબે તે અનેક બાનાં બાના બતલાવી દિનકટણું કરવા લાગ્યો; છતાં પણ આખર રાજાએ ચાંપતા ઉપાય આદર્યા. એટલે કુંભાર કબીલા સહિત ચંદ્રવાસિ થઇ (રાતોરાત નાસી છૂટી) જુનાગઢ પ્રગણાના નવા વસેલા **મજેવડી** ગામમાં આવી વસવા લાગ્યો; તોપણ તે રાજકુમારી રાજાનાજ મહેલમાં રાણી થનારી હોવાથી તેણીના નસીબે પણ તેનો કેડો મૂક્યો નહીં—એથી એ બનાવ રજુ થયો કે:—

સોલંકીરાજના દસોંદી બારોટો કે જે વિદેશયાત્રા કરવા નીકળ્યા હતા તે લાલ—ભંગડ—ચંચ અને—ડબલ—એ ચારે જણા મજેવડીમાં જઇ પહોંચ્યા; પણ બીજા કોઇને ત્યાં ઓળખાણ ન હોવાથી કુંભાર હડમતને ત્યાં તેમણે ઉતારો કર્યો. અને તેને ત્યાં સુરકન્યાને પણ શરમાવે તેવી એક કન્યા જોવામાં આવતાં તેઓએ તેણીના સંબંધે હડમંતને સ્વાભાવિક રીતે પૂછપરછ કરી, તો તેણે પણ સ્વાભાવિક રીતે સાચી

વાત કહી દીધી. પણ જ્યારે તેઓ બીજે દિવસ રવાના થયા ત્યારે ‘અમો મહારાજા સિદ્ધરાજ જયસિંહના દસોંદી બારોટ છિયે’ એવી ઓળખાણ આપી કે તે કુંભાર પોતાની રાનકીના સંબંધમાં ડરવા લાગ્યો અને એમના વિદાય થયા પછી તેણીને છુપી રીતે રાખવા લાગ્યો.

બારોટ અનુક્રમે પાટણ જઈ પહોંચ્યા કે પહેલાં પોતાના નામવરને ભેટવા ગયા અને આશિર્વાદ આપી આનંદ પામ્યા. મહારાજા સોલંકીશાર્દૂલે પણ તેમનો સારો સત્કાર કર્યો અને તેઓને પોતાની સોળે રાણીઓના મહેલે હરરોજ પોતાની સાથે જમાડ્યા; પરંતુ તે બારોટો જમતી વખતે એક બીજાની સ્હામે જોઈ ડોકું ધૂણાવતા હતા. એના ખુલાસા માટે જ્યારે પાટણપતિએ પૂછ્યું ત્યારે તેઓએ જણાવ્યું કે—“કળિકાળના ઈંદ્રરાજ! આપના રણવાસમાં સોળે રાણીજીઓ નિહાળી; પણ આ આપના ઇંદ્રભુવનને શોભાવે તેવી કોઈ પદ્મિની જોવામાં આવી નહીં, એથી આ ઇંદ્રવૈભવ જોઇયે તેવો સુખાકારી ન જણાયો. એના લીધે અમોએ માથું ધૂણાવ્યું છે.”

આવું બોલવું સાંભળી મહારાજાએ કહ્યું—“એમ છે તો તમો આ પૃથિવીમંડળમાંથી પદ્મિનીની ભાળ મેળવો અને તે વડે આ ઇંદ્રભુવન શોભાયમાન બનાવો.”

આ બોલ સાંભળી બારોટોએ “જેવો નામવરનો હુકમ—આજથીજ એ શુભ કામ માટે વિદેશગમન કરવા જઇશું, અને મનની મુરાદ બર લાવી શું.” એટલુંજ કહી નમન કરી જય ઉચરી તેઓએ ઠેકાણે ઠેકાણે ફરી પદ્મિની માટે શોધ કરી; પણ ક્યાંય પત્તો લાગ્યો નહીં. જેથી નિરાશ થતાં વિચારમાં લીન થયા અને તેમ કરતાં તેઓને મજેવડીમાં દીઠેલી રાજકન્યાની વાત યાદ આવી. એટલે તુરત મજેવડી જઈ પહોંચ્યા અને હડમંતને મળી દીકરી રાનકીને મહારાજા સધરા જેસંગ વેરે આપવાની માગણી કરી, તો તે બોલ્યો કે—“બાપજી! મારે ત્યાં વળી દીકરી કેવી? ને વાત શી?” બારોટોએ કહ્યું “સાંભળ, કુંભાર! છેક કુંભાર ન થા. અમે તે દીકરીને જાતે જોઈ તારી સાથે તે સંબંધી વાત પણ થોડા માસ અગાડી કરી છે; છતાં કપટકુશળતા બતાવે છે; પરંતુ તને ખબર નથી કે---

દોહરો.

જ્ઞાની પંડિત ચતુર નર, નૃપ વેસ્યા નટ ભટ્ટ;
ઇનસેં કપટ ન કિજીયે, ઈનકે રચે કપટ્ટ.

તત્ત્વજ્ઞાનને જાણનારા જ્ઞાની, ઘણા ગ્રંથોનો સાર સમજી વિદ્વાન થયેલા પંડિત, કવિ પંડિતની ઘણી ઠોકરો ખાઇ પાવરધા બનેલા ચતુરનર તથા જાત જાતનું જ્ઞાન મેળવેલા બાહોસ રાજા, લાખો જણને પ્રપંચ બળથી ધૂતી પૈસો મેળવનારી વેસ્યા, જણજણને ભૂલાવો ખવરાવી રમત રમનારા નટ લોકો અને જણજણને સમજાવી પટાવી હૃદયનો હારદ સમજનારા ભાટ એઓના અગાડી કદિ કપટ રમવું નહીં; કેમકે એ બધા કપટને ખાસ જન્મ આપી પાળી મોટું કરી જીવન આપનારાં છે, એથી એમના આગળ કપટ નભી શકતું નથી; માટે તારી ચાલાકી છોડી તારી છોડી દેવાનું કબુલ કર કે જેથી સુખી થવાનો વખત આવે. મૂર્ખા ! તારૂં એવું નસીબ ક્યાંથી કે તું સોલંકી મહારાજાનો સસરો થવા પામે ! ! ઘેર બેઠે ગંગા પાવન કરવા આવી છે, અથવા લક્ષ્મી ચાંદલો કરવા આવી છે તે વખતે મ્હોં ધોવા જાય છે; માટે કહ્યું માન તેમાં આબરૂ વધશે, નહીં તો છેવટે બળિયો મહારાજા તને જંપવા ન દેતાં પરાણે તારી દીકરીને ઉચકી જશે તો તું શું કરવાનો હતો ? તે કહી દે. જેથી છાનોમાનો વખતને માન આપી પાશા પોબાર કર. ” વગેરે વગેરે ભય લાલચ બતાવી તેમણે દીકરીનું વેવિશાળ કરવું કબુલ કરાવ્યું અને એ ત્રણે મહીને લગ્નદિવસ પણ મુકરર કર્યો.

આ પ્રમાણે મહેનત સફળ કરી તેઓ પાટણ જઇ પહોંચી મહારાજાને તે સંબંધીના ખુશખબર આપ્યા, તે સાંભળી સિદ્ધરાજ નારાજ થઇ બોલ્યો કે–“ બારોટજી ! શોધ તો સારી મેળવી; પણ તે વસવાયા કુંભારની દીકરી પરણતાં મારા પૂર્વજોને લજ્જા પ્રાપ્ત થાય, તેમ હોવાથી તે શોધ સફળતાને ભેટવા જેવી થઈ નથી. ”

બારોટોએ જણાવ્યું–“ મહારાજ સલામત !

(દોહરો.)

આંગણ આંબો મ્હોરિયો, સાખ પડી ઘરબાર;
દેવે ઉપાઈ દેવડી, નહીં જાતે કુંભાર.

મતલબ એ કે–આગણામાં આંબો ફળ્યો, છતાં તેની જ્યારે સાખ પાકી ત્યારે આંગણામાં ન પડતાં ઘરની બ્હાર ગરી પડી, એથી તે આગણામાં ઉછરેલા આંબાની સાખ નથી એમ સમજવું યોગ્ય નથી; કેમકે તે કન્યાને દૈવે તો દેવલ રજપૂતના ઘરમાં પેદા

કરી દેવડી બનાવી હતી; પરંતુ કુયોગ વશથી કુંભારને ઘેર પાકેલી રસાળ સાખ સંભાળી રાખવામાં આવી છે, જેથી તેણીને કુંભારડી ન જાણો."

આ પ્રમાણે હકીકત જાણવામાં આવતાં અને તેણીનું અનૂપમ રૂપ લાવણ્યનું વર્ણન સાંભળતાં તેણીની સાથે પરણવું કબુલ રાખી સિદ્ધરાજે લગ્નસમારંભ શરૂ કર્યો.

પાટણમાં લગ્નસમારંભ શરૂ થયો અને મજેવડીમાં વિઘ્નસમારંભ શરૂ થયો. તે એવી રીતે કે-જુનાગઢના ચૂડાસમા રાહખેંગારની બ્હેન કે જે સિદ્ધરાજના ભાયાત વેરે પરણાવેલી હતી; પરંતુ કેટલાક કારણસર પોતાના દેસલ, વિસલ નામના બે કુંવરોને લઇ જુનાગઢમાંજ રહેતી હતી. તે દેસલ વિસલ ભાઇ એક દિવસ નવીન વસેલું મજેવડી ગામ જોવાને ગયા અને ત્યાં કુંભારને ઘેર દેવકન્યા જેવી દીકરી જોવામાં આવી. એથી મામા રાહખેંગારની મહેરબાની મેળવવા તે દીકરી સંબંધી તેમણે મામાને ખબર આપી જણાવ્યું કે-"આપણા પ્રગણામાંથી આપનો કટ્ટો દુસ્મન સિદ્ધરાજ સ્ત્રીરત્ન લઇ જાય તો ખરેખર આપણી લાજ જવા જેવો બનાવ બન્યો કહેવાય; માટે એ સિદ્ધરાજને વરાવા નક્કી કરેલ પદ્મિનીનું હરણ કરી જુનાગઢનો રાજમહેલ શોભાવવો જોઇયે છે, કે જેથી અવલ્લનંબરની સોગઠી મારી ગણાશે અને જુગોજુગ નામના રહેશે."

અગાડી કહેવાઇ ગયું છે કે પૂર્વજના વખતથી જુનાગઢ ને પાટણના રાજાની વચ્ચે ખાસ ચકમક ખરતીજ રહેલી હતી, જેથી રાહખેંગારે પોતાનું સંતપ્ત રહેલું ચિત્ત શાંત કરવાને માટે તુરતજ ભાણેજોને મંજૂરી આપી કે-"મારૂં ખાંડું લઈ જઇ તે કન્યાને મારા દરબારમાં લઇ આવો એટલે ફતેહના ડંકા."

આ પ્રમાણે આજ્ઞા થતાં દેસલ ખાંડું લઇ મજેવડી પહોંચ્યો અને હડમતને કહેવા લાગ્યો-"તારી દીકરીને રાહખેંગારજીના ખાંડા વેરે પરણાવ" કુંભારે કહ્યું-"પણ બાપજી! દીકરીને તો પાટણના રાજા વેરે વરાવી છે, અને થોડા વખતમાં જાન લઇ આવનાર છે જેથી જો હું ખાંડા વેરે દીકરી પરણાવું તો સધરા જેસંગથી વૈર થતાં આવેલી જાન મારો જાન લઇને ચાલી જાય; માટે તેમ નહીં કરી શકું." દેસલ બોલ્યો-"હું જબરદસ્તીથી લઇ જઉંછું, કંઇ તું તારી ખુશીથી આપતો નથી; માટે તને હરકત નહીં થશે." કુંભારે

કહ્યું-"પણ પાટણનો રાજા ગિરનારને જડમૂળમાંથી ઉખેડી નાખી તેના પથરા ચોમેર વીંખેરી નાખશે; માટે સિદ્ધરાજને નામે કલ્પેલી કન્યા સ્હામે આમ કરવાનો મનસૂબો જવાદો. નિકર પાટણનો સરસૂબો ઉભેને ઉભે સૂકવી નાખશે.

(સોરઠો.)

જયસિંહ દેવે જાય, ધારાનગર ઢંઢોળિયો;
કપરો તે કહેવાય, ખેંગાર તું ખેંધો મ કર.

જે જયસિંહદેવે ચડાઇ લઈ જઇને ધારાનગરને ધ્રુજાવી સર કર્યું તે કપરો રાજા કહેવાય છે; માટે ખેંગાર! તું તેની છેડ ન કર, નહીં તો તારી પણ એવીજ વલે થશે."

દેસલે કહ્યું—"સાંભલ કુંભાર.—

(દોહરો.)

શૂરા સામંત સેંકડો, ગઢ બંકો ગિરનાર;
કયમ શંકે સોરઠધણી, ખોહણુ દળ ખેંગાર.

જેની હજૂરમાં સેંકડો ગમે શૂરવીર સામંતો છે, અજિત ને બંકો ગિરનાર સરખો ગઢ જેના હાથમાં છે, અને એક અક્ષોહિણી એટલે કે એકવીશ હજાર આઠસો ને સીત્તેર હાથીઓ, એટલાજ રથ, તેમજ પાંસઠ હજાર છસો ને દશ ઘોડા અને દશ લાખ નવ હજાર ત્રણસો ને પચાસ પાળાઓનું લશ્કર હાજર છે, તો તે સોરઠનો ધણી કેમ સિદ્ધરાજથી ડર ખાસે?" ઇત્યાદિ કહી જબૂરદસ્તીથી રાણકદેવડીને રથમાં બેસારી લઇ દેસલ જુનાગઢમાં જઈ પહોંચ્યો અને મામાને નમન કરી રાણકદેવડીને રજુ કરી ઉભો રહ્યો એટલે ખેંગારે તેણીને મહેલમાં લઇ જવાની ઇચ્છા જણાવી કે તુરત રથમાંથી ઉતરી મહેલમાં જવાનું પગલું ભરતાં અચાનક ઠેસ વાગી લોહીની ધાર છૂટી. એ જોઇ ઉંડો નિસાસો નાખી રાણકદેવડીએ દેસલને કહ્યું."

(દોહરો.)

પહેલી પોળે પેસતાં, થયો ઠબકો ને ઠેશ;
રાંડે રાણકદેવડી, (કે) શૂનો સોરઠ દેશ.

ભાઇ! આ નઠારા શકુનની સૂચના રૂપ પહેલી પોળમાં પેસતાંજ ઠેસ વાગી લોહીની ધાર ચાલી છે; માટે લોહીની નીકો ચાલી કાં તો રાણકદેવડીને (થોડા વખત) રંડાપો વેઠવો પડશે કે, કાં તો

સોરઠ દેશ શૂનો થઇ રહેશે! " આવું ભવિષ્ય ભાખી મહેલમાં ગઈ.

તે પછી ઘણી મોટી ધુમધામ સાથે રાણકદેવડી સાથ રાહ-ખેંગાર વિધિવત્ લગ્ન કરી પરણ્યો અને ત્રણ દિવસ લગી અઢારે વર્ણને જમાડી તૃપ્ત કરી આનંદમાં લીન થયો.

જે વખતે ગામ ઝાંપે જમણનાં નોતરાં ફર્યાં હતાં તે વખતે પાટણના સોલંકી વાઘરી જુનાગઢને પાદરે પડ્યા હતા, તેને પણ નોંતરવામાં આવતાં તેઓએ શી બાબતના જમણનાં નોતરાં છે, તે પૂછ્યું તો જવાબ મળ્યો કે:--

(દોહરો.)

સૂરત સિંધુડ દ્વીપની, જાત તણી પરમાર;
બેટી રાજા શેરની, પરણ્યો રા'ખેંગાર.

આ પ્રમાણે પોતાના રાજાની સાથે કરેલી સગાઈવાળી કન્યાને ખેંગાર પરણ્યા બાબતથી ગેરવ્યાજબી થયું માની તાકીદે તેઓ ત્યાંથી જમ્યા વગર ને જુનાગઢનું પાણી મ્હોંમાં લીધા વગર રવાના થઇ ગયા, અને જ્યારે પાટણના સીમાડામાં સાતે દિવસે વાઘેલ ગામે પહોંચ્યા ત્યારે જાળ નાખી રોઝને પકડી તે શિકારવડે ભૂખ ભાગવાના વિચારમાં ગુંથાયા. દરમ્યાન સોલંકીરાજના જે દસોંદી બારોટો હતા તે ત્યાંથી ઘોડા દોડાવતે નીકળ્યા, જેથી જાળમાં ફસાયેલું રોઝ ચમકીને ભાગી ગયું. એટલે તે ભૂખ્યા વાઘરીઓ બુમ મારી કેહેવા લાગ્યા—" બાપજી! રાત દિવસ ચાલી અન્ન પાણી લીધા વિના સાત દિવસે અહીં આવી શિકાર કરી ભૂખ ભાગવા કરતા હતા તે પણ આપેં ન ભાગવા દીધી." આવા દયા ઉપજાવનારા શબ્દો સાંભળી બારોટોએં પૂછ્યું–" સાત દિવસ લાંઘણ શા માટે કરવી પડી?" વાઘરી બોલ્યા–" રાહખેંગાર અમારા રાજાને આપેલી કન્યાને પરાણે પરણી અમને તે બાબતનું જમણ જમાડતો હતો, તેથી તેના રાજ્યનું લૂણપાણી હરામ કરી સાતે દહાડે વગર વિસામે ભૂખ્યા ને તરસ્યા અમારા રાજાની સીમમાં આવી પહોંચી પેટ ભરવું ધારતા હતા."

આ પ્રમાણે સાંભળી બારોટ ઘણાજ નારાજ થયા, અને પાછા વળી સિદ્ધરાજ અગાડી નિશ્વાસ નાખી પોકારવા લાગ્યા:—

(દોહરો.)

" શિયાળુએ સિંહાં તણો, લૂંટી લિયો શિકાર;
દેવડી રાણકદેવીને, પરણ્યો રાહખેંગાર.

મારા અન્નદાતાને ઘણી ખમા, હવે તેના દાંત કેમ ન પાડવા જોઇયે. ?"

આવા સમાચાર મળતાં સિદ્ધરાજને ઘણુંજ લાગી આવ્યું અને તુરત નગારે ડંકા દેવરાવી જુનાગઢના ખેંગારને ઠાર મારવા તેણે જબરી ચડાઇ કરી. પાટણથી વાઘેલ–મુજપુર–ઝીંઝુવાડા–વીરમગામ વઢવાણ, સાયલા વગેરે ઠેકાણે પડાવ:કરતો ને કિલ્લા જગાશયો બનવ-રાવતો સોલંકીસિંહ જુનાગઢ જઇ પહોંચી બાર વર્ષ સુધી લડયો.

વ્હાલા વાંચનાર! આ વાતોમાં જો કે ઘણો ફેરફાર છે; તોપણ રાણકદેવી દેવડી હતી એ તો આ વાતમાંથી પણ ચોખું જણાઇ આવે છે; કેમકે કુંભારને સસરો ‌કરવા જ્યારે સિદ્ધરાજે ના કહી ત્યારે બારોટાએ 'દં વેં ઉપાઇ દેવડી' તથા પહેલી પોળે રાણકદેવ-ડીને ઠેશ વાગતાં પણ કહ્યું છે કે 'રાંડે રાણકદેવડી' અને વાઘરી-ઓના મોંથી રાણકદેવડીને રા'ખેંગાર પરણ્યા બદલના બારોટોને સમા-ચાર મળતાં મહારાજા અગાડી તેઓ પોકાર્યા તે વખતે પણ કહે-વામાં આવ્યું છે કે 'દેવડી રાણકદેવીને' આ ઉપરથી રાણકદેવી દેવડી હતી એમાં કશો શક નથી. કવિ દલપતરામજીએ 'પણ કહ્યું છે કે–'સતી થઇ રાણકદેવડી રાણી' છતાં આવો ફેરફાર મોટો શાથી થઈ ગયો છે તે પરમાત્મા જાણે. હશે ગમે તે હો; પરંતુ એટલું તો સિદ્ધ થાય છે કે ખેંગારે સિદ્ધરાજના માટે કલ્પાયલી રાણકદેવડી હરણ કરીને પરણી, એથી વૈરબંધાતાં સિદ્ધરાજે તે બાબતનું વૈર વાળવા ચડાઇ કરી જુનાગઢને બાર વર્ષ લગી ઘેરો ઘાલ્યો હતો, છતાં પણ ગિરનારનો અજીતગઢ હોવાથી ફતેહ મળી ન હતી; પણ 'ઘર ફુટયે ઘર જાય' એ કહેવત પ્રમાણે પ્રપંચકુશળ સિદ્ધરાજને ખેંગારના ભાણેજની મદદ મળતાં મનનું વૈર પૂરૂં પાડવાને ઠીક લાગ ફાવ્યો. આ લડાઇ વખતે સિદ્ધરાજની માતા સતી મીનળદેવી પણ પુત્રને મદદ કરવા સાથે રહી હતી, અને તેના સંબંધમાં તુરી લોકો કહે છે કે:—

સિદ્ધરાજને એક કિસબી સુતારે લાકડાની એવી સાંઢણુ બનાવી આપી હતી કે તેને ચાવી ચડાવતાં, ધારેલે ઠેકાણે ઉડીને જતી, તેમજ મરજી પ્રમાણે ઉભી રહેતી, અને મરજી મુજબ પાછી પોતાને ઠેકાણે આવી શકતી હતી. તે સાંઢણુ ઉપર બેસીને રાતની વખતે એક વેળાએ સિદ્ધરાજ અને મીનલદેવી પહાડપરના ગઢમાં

રાણકદેવીને મ્હેલે પહોંચી કમાડ ખખડાવવા લાગ્યાં. એટલે રાણકદેવડી બોલી કેઃ—

(સોરઠો.)

" કવણ ખટકાવે કમાડ, મેડી રાણકદેવીની;
જાગશે રા'ખેંગાર, ત્રાટકી કાનજ ત્રોડશે.

આ વખતે કોણ ચોર કમાડ ખખડાવે છે? આ તો દેવડી રાણકદેવીની મેડી છે; માટે ખખડાટથી જો રાહખેંગાર જાગશે તો તાડુકો કરી તુરત કાનજ તોડી લેશે."

એના ઉત્તરમાં મીનલદેવીએં જણાવ્યું કેઃ—

(સોરઠી દુહો.)

" મારો બેટો લાડકો, અવ્વરો ગઢ ગિરનાર ;
મારી રા'ખેંગાર, ઉતારવી રાણકદેવીને.

મારો પુત્ર લાડકડો છે તે આ ગિરનારનો ગઢ અવ્વરો છે, છતાં રા'ખેંગારને ઠાર મારી રાણકદેવીને નીચે ઉતારવી ધારે છે, માટે કમાડ ખખડાવે છે.

ફરીને રાણકદેવીએં પૂછ્યુંઃ—

(સોરઠો.)

" આ મારા ગઢ હેઠ, તેણે તંબુ તાણીઆ; ?
સધરો મોટો શેઠ, બીજા વર્તાઉવાણિયા.

શું મારા આ ગઢની નીચે તેણે તંબુ ખડા કર્યા છે? ભલે ખડા કર્યા હોય; પણ હું તો સધરાને મોટો વ્યાપારી અને બાકીના ને વરતાઉ વાણીઆ સમજુ છું, એથી બકાલો કંઈ ગઢ ભેળવી શકશે નહીં."

એ સાંભળી મીનલદેવીએં દેવડીને જવાબ આપ્યોઃ—

(સોરઠો.)

" વાણિયાના વ્યાપાર, જાતે દહાડે જાણશો;
મારશું રા'ખેંગાર, ઉતારશું રાણકદેવીને.

ભલે વાણીયા—બકાલ છિયે; તો પણ થોડા દહાડા વીત્યા પછી આ વાણિયાનો કેવો વ્યાપાર છે તે જાણી જશો; કેમકે રાહખેંગારને મારી રાણકદેવીને નીચે ઉતારશું એટલે અમારો વ્યાપાર છાનો રહેવાનો જ નથી."

આ પ્રમાણે વિવાદ થયા બાદ મા બેટા બન્ને પોતાની લશ્કરી છાવણીમાં જઇ પહોંચ્યાં.

એક વખત રાખેંગારે દારૂ પીધો હતો, તેમજ પોતાના ભાણેજ દેસલ વિસલને પણ પાયો હતો, તે વખતે દેવડી રાણકદેવીને પાવા માટે પણ એક બાટલી ભરી આપી દેસલને મોકલવા માંડયો, એટલે તે નિસામાં ચકચૂર બનેલ દેસલે કહ્યું–"મામા સાહેબ! મેં દારૂ ઘણો પીધો છે એથી હું ત્યાં અત્યારે નહીં જઉં." પરંતુ ભવિષ્યના ભૂલાવાથી કહો કે દારૂની ધુનથી કહો; પણ તેણે દેસલને પરાણે દેવડીના મહેલે દારૂ પાવા મોકલ્યો. એથી તે ત્યાં ગયો અને મામીને તે બાટલી રજુ કરી પ્યાલો આરોગવાનું બોલ્યો. એટલે દેવડી મામીએ હિંચોળા ઉપર બેસી દેસલને પણ આગ્રહ સાથ દારૂ પાયો, તેમ પોતે પણ પીધો, અને તે દારૂની કેફ ચડી કે દેવડી હિંચોળા પર સૂઇ ગઇ, તેમજ દેસલ પણ ઉઠીને જવું ધારતો હતો; પરંતુ કેફની જોરાઇને લીધે લટ્ટુ થઈ જતાં તે હિંચોળામાંજ ગોથું ખાઇ ગયો અને આમ થવાથી બન્ને નિર્દોષ છતાં શકવાળા દેખાવે લસલસાટ ઉંઘ લેવા લાગ્યાં.

જ્યારે ઘણી વાર થઇ છતાં દેસલ ન આવ્યો જણાયો ત્યારે રાહ ખેંગાર જાતે તે વાર લાગ્યા બાબતની તપાસ કરવા દેવડીને મહેલે ગયો, તો ત્યાં બેઉ એકજ હિંચોળામાં ભેગાં સુતેલાં જોતાં ક્રોધને વશ થઇ ગયો અને તરત તરવાર ખુલ્લી કરી તે બેઉને મારી નાખવા ઘા વાપર્યો; પણ બેઉ નિર્દોષ હોવાથી વચમાં લોઢાની સાંકળ આવતાં તે ઘા તેણીએ ઝીલી લીધો એટલે તેઓને કંઇક નિર્દોષ માની ખેંગારે વધારે તપાસ કરવા દેવડીના ઉછેરેલા ચપાને જમીયાનો ઘા કર્યો; પરંતુ તેને પણ તે ઘા વાગ્યો નહીં, એથી થાંભામાં કટાર ઘોંચી, દેસલની પામરી ખેંચી લઈ પોતાની પામરી તે બેઉપર ઓઢાડી રસ્તો માપી તેણે આ વાતની પોતાની બહેનને ખબર આપી. એથી તેણીએ પોતાના દીકરા દેસલને ઓળંભો આપ્યો. એટલે તે બોલ્યો:—

(દોહરો.)

"નથી મેં ઘોડા ગૂડીઆ, નથી ભેળ્યા ભંડાર;
નથી માણી રાણકદેવીને, કયમ ઓળંભો દે ખેંગાર?"

આવું બોલવું સાંભળી તેની માએ તેને કહ્યું–"ભાઇ! તેં રાણકદેવડીને પરણાવી આપી તે તારો મામો ગુણ ભૂલી ગયો છે; માટે હવે તારે અહીં રહેવું એ હું સલામતી ભર્યું સમજતી નથી. તું દિલ

ચાહે ત્યાં જઇ ભાગ્યને અજમાવ." આ પ્રમાણે માનો વિચાર જણાતાં દેસલ જ ાની તૈયારીમાંજ હતો, એટલામાં તો રાહખેંગારે તેના શિર અપવાદ મ્હેલી દેશપાર કરી કહાડી મ્હેલ્યો, એટલે તે દેસલ પોતાના ભાઈ વિસલને સાથે લઈ ત્યાંથી રવાના થઈ કિલ્લાની બહાર નીકળવા લાગ્યો, એટલે કિલ્લેદાર દુદા અને હમીરે તેમને પૂછયું કે-"આપ શિદ પધારો છો ?" દેસલે કહ્યું-"માળવેથી દરબારી અફીણની પોઠો આવે છે તેની સ્હામે જઇયે છિયે તે મધ રાતે પાછા આવીશું માટે તે વખતે વગર વિલંબે દરવાજા ઉઘાડજો." એટલું કહી ગઢમાંથી નીકળી નીચે ઉતરી સિદ્ધરાજની છાવણીએ જઇ પહોંચી પ્રથમ કિલ્લો સર કરાવી દેવાની સરત કહેવરાવી, પછી હુકમ મળતાં તેઓ અંદર દાખલ થયા અને મહારાજા અગાડી અરજ ગુજારવા લાગ્યા-"કાકાજી સાહેબ ! અમને આપ કાકાજી છો એવી પ્રથમ ખબર ન હોવાથી રાણકદેવડીને રાહખેંગાર વેરે વરાવી; પરંતુ એ ગુણનો બદલો ભૂલી જઇ તેણે અત્યારે અમારા પર નાહક અપવાદ મૂકયો, જેથી આપની હજૂરમાં આવ્યા છિયે અને કરાર કરિયે છિયે કે આજને આજ આ અજિત કિલ્લો સર કરાવી રાખેંગારને મારી રાણકદેવડીને હાથ કરાવિશું; માટે ૭૦ પોઠી પરની ગુણોમાં ૧૪૦ યોદ્ધાઓને ગોઠવી દેવરાવો કે જેથી કિલ્લેદાર સાથે કરેલી વાત મુજબ અંદર દાખલ થઇ કામ ફતેહ કરિયે. તેમજ આ કામના બદલમાં રા'ખેંગારના મુવા પછી જુનાગઢની ગાદી અમને મળવી જોઇયે."

ઉપર પ્રમાણે તેનું બોલવું સાંભળી સોલંકીરાજે સઘળું કબુલ કર્યું. અને તેના કહેવા પ્રમાણે પોઠીની ગોઠવણ કરી દેસલ સહિત સોલંકીસિંધ દરવાજા આગળ જઈ પહોંચ્યો, એટલે દેસલે દરવાજો ઉઘડાવી સિદ્ધરાજ સહ પોઠોને અંદર દાખલ કરી યોદ્ધાઓને પોઠોમાંથી બહાર કહાડી શસ્ત્રસહિત આગળ ચલાવી દેવરાવ્યા, અને દુદા હમીરને ઠાર મારી રાંખેંગારના મહેલ પર ધસી આવ્યા સંબંધીનું રણશીંગડુ બજાવા માંડયું, એથી ખેંગારને ખબર થતાં તે ખુલ્લી સમશેરથી લશ્કરસહિત લડવા ઉતર્યો, અને રસાકસી ભર્યો મામલો મચતાં ત્યાં ભારે કાપાકાપી ચાલી, આખર ખેંગાર મરાયો. એટલે સિદ્ધરાજને લઈ દેસલ રાણકદેવડીને મહેલ અગાડી જઇ બોલ્યો-" મામી મારા મામા સહિત અમે બેઉ ભાઈ આવ્યા છિએ માટે બારણાં ઉઘાડો" આવું વિશ્વાસુ માણસનું બોલવું સાંભળી તુરત દેવડીએ કમાડ ખોલ્યાં કે તુરત તેઓ બધા એકદમ મહેલમાં દાખલ થયા ને તેણીને તાબે

કરવા દેવડીના ન્હાના કુંવરને પકડી પાડી સિદ્ધરાજે દેવડીને કહ્યું–"દેવી ! જો તું મારે તાબે થઇશ તો ઠીક છે, નહીં તો આ તારી આશાને હમણાં તરવારને તાબે કરી દઇશ."

દેવડીએ તે વાત તરફ બિલકુલ લક્ષ ન આપ્યું, એથી તેણીના ન્હાના કુંવર ઉગાયચાને તરત કતલ કરી નાખ્યો, છતાં પણ દેવડી પોતાના ધર્મથી ડગી નહીં. તે પછી મોટા કુંવર માણેરાને પકડવા ગયો એટલે તે દેવડીની પાછળ સંતાઈ રોવા લાગ્યો, એથી દેવડી બોલી:–

(સોરઠો.)

"માણેરા મ રોય, મ કર આંખ્યો રાતિયો;
કુળમાં લાગે ખોય, મરતાં મા ન સંભારિયેં."

તે પછી સિદ્ધરાજે માણેરાને ન મારતાં 'પાટણ ગયા પછી જો દેવડી નહીં માનશે તો પછી મારી નાખીશું' એમ કહી દેવડીને મહેલની બહાર કહાડી એટલે પાટઘોડાને જોઇ તે બોલી કે:–

(સોરઠો.)

"તરવરિયા તોખાર, હૈયાં ન ફાટયાં હંસલા;
મરતાં રા'ખેંગાર, ગામતરાં ગુજરાતનાં.

હે ચંચળ પાટવી અશ્વ ! નાથ મરતાં તારે ને મારે ગુજરાતનાં ગામતરાં કરવાં કપાળે આવ્યાં; છતાં પણ હંસલા ! હૈયાં ન ફાટી ગયાં; નહી તો આવી વલે ન થાત."

તે પછી દેવડી સાંબરશૃંગાળને નિહાળી કહેવા લાગી કે:–

(સોરઠો.)

"રે સાબરશિંગાળ, એક દિન શિંગાળાં હતાં;
મરતાં રા'ખેંગાર, ભવનાં ભીલુક થઇ રહ્યાં.

રે શિંગવાળા સાબરશિંગ ! એક દિવસ આપણ પણ મારકણાં હતાં જેથી જેને તેને નીચે પટકી દેવા ગોથ મારતાં હતાં; પણ ધણી રા'ખેંગારના મરવાથી આખા ભવ લગી બ્હીકણ બની ઓશિયાળાં થઈ રહ્યાં છિયે, એથી આવા જીવન કરતાં તો મરવું ઘણું ઉત્તમ છે."

તે પછી મોરના મીઠા ટહુકડા સાંભળી દેવડી બોલી:—

(સોરઠો.)

"માં કર ટહુકા મોર, ગિરવરડે ગોખે ચડી;
કાપી કાળજ કોર, પિંજર દાઝ્યો પાણિયેં.

હે ધણી ધણીઆણીના મિલાપનાં શકુન આપનારા મોર! હવે તું ગિરનારના ગોખડે ચડીને દંપતિ ભેટવાના મીઠા ટહુકડા ન કર; કેમકે સગા ભાણેજેજ વિશ્વાસઘાત કરી મારૂં ઘર ભંગાવી મારા કાળજાની કોરરૂપ પતિને ઠાર કરાવી-કાપીને પાણીયે ઘરરૂપ પાજરૂં બાળ્યા જેવો વખત આપ્યો છે; માટે હવે તારા શકુન નકામા થશે, કારણ કે મારા નાથનો હવે કંઈ મેળો થનાર નથી! જેથી ચૂપ રહે."

તે પછી જ્યાં ખેંગારની લાસ પડી હતી ત્યાં આગળ ઉભી રહી દેવડી કહેવા લાગી:—

(દોહરો.)

"સત્વર ઉઠો સૈન્ય લઈ, ખડગ ધરો ખેંગાર!
છત્રપતિયે છાઇયો, ગઢ જૂનો ગિરનાર.

હે નાથ ખેંગારજી! લશ્કર સાથ લઇ તાકીદે ઉઠો અને હાથમાં ખડગ પકડો; કેમકે છત્રપતિ સોલંકીરાજે ગિરનારનો પ્રાચીન ગઢ જૂનાગઢસહિત પોતાના સબળ સૈન્યબળથી છાઈ દીધો છે, જેથી એની વ્હાર કરો; કેમકે એ તમારેજ આસરે સલામતી ભોગવનાર છે."

તે પછી પહાડની ખીણમાંથી નીચે ઉતરી દામોદર કુંડ અગાડી જ્યારે દેવડી આવી પહોચી ત્યારે તે બોલી કે:—

(સોરઠો.)

"ઉતરી ગઢ ગિરનાર, તનડું આવ્યું તલેટીએ;
નહીં ફરીને નિરધાર, દામોકુંડ ન દેખશે

આ મારૂં તનડું ગિરનારના ગઢથી નીચે ઉતરી તલેટીએ આવી પહોંચ્યું છે, પણ હવે ફરીથી અવશ્ય આ દામોકુંડ દેખાવાનું નથી. કેમકે નાથનો વિયોગ થતાં હવે આ તનડું નાથના શબની સાથ અગ્નિને શરણ થવાનું છે."

તે પછી ધારાગર વાડીની પાસે આવી પહોંચતાં પોતાના પ્યારા ચંપાને જોઇ દેવડી બોલી:—

(દોહરો.)

"ચંપા તું કાં મ્હોરિયો, થડમાં મ્હેલ અંગાર;
મ્હોરે કળિયો માણતો, માર્યો રા'ખેંગાર.

હે ચંપા! તું હવે શા માટે ફુલ્યો છે? હવે તો તારા થડમાં તું

અંગાર મ્હેલ કે જેથી બળીને ભસ્મ થઇ જાય; કેમકે તારી ખિલી રહેલી કળિયો પહેલાં જે ભોગીનર ઉપભોગમાં લેતો હતો તે રા'ખેંગાર તો શત્રુના હાથે માર્યો ગયો છે; માટે તારૂં ફુલવું હવે ફોકટ છે."

તે પછી ગિરનાર ગઢને જોઇ દેવડી બોલી:–

(સોરઠો.)

"ઉંચા ગઢ ગિરનાર, વાદ મકર વાદળ શું કરી;
મરતાં રા'ખેંગાર, રાંડી રાણકદેવડી.

હે ગિરનારના ઉંચા ગઢ! હવે તું મિજાજ રાખી વાદળથી વાદ ન કર; કેમકે રા'ખેંગારના મરવાથી આ રાણકદેવડી રાંડી છે, જેથી હવે કોઇ તારૂં સંરક્ષણ કરવા બ્હાર કરે તેમ નથી; માટે નમનતાઈ રાખ; અર્થાત્ તું જમીન ઉપર ઢળી પડ, હવે તારો ભોગવટો કરનાર ભાગ્યશાળી જીવતો રહ્યો નથી."

થોડા ગાઉ છેટે ગયા પછી ગિરનારની બીજી બાજુને જોઇ દેવડી ગિરનારને હતો તેવોને તેવો માની બોલી:—

(સોરઠો.)

"ગોઝારા ગિરનાર, કાં તું મન મત્સર ધરે;
મરતાં રા'ખેંગાર, એકે શિખર ન પરિહરે!!

હે માણસોની ને ધણીની કતલથી બનેલા ગોઝારા ગિરનાર! તું શા માટે તારા મનમાં અહંકાર લાવે છે? ધણીના મરવાથી જરા શોક કરવો જોઇયે; પણ તું તો ખેંગારજીના મરણનો શોક બતાવાની ખાતર એકે શિખર પણ ધરણીપર ઢોળી પાડતો નથી!! જેથી તું કઠોર હૃદયનો ઘાતક જણાય છે."

તે પછી દેવડીને દૂર જઈ પહોચતાં પાછું વાળી જોવાથી ગિરનાર ઘણો ન્હાનો જણાવા લાગ્યો, એટલે તેણીએ જમીનપર ઢળી પડેલો માની કહ્યું કે:—

(સોરઠો.)

"મ પડ મારા આધાર, ચોસલાં કોણ ચઢાવશે?
ગયો ચઢાવણ હાર, જીવતા જાતર આવશે.

હે મને બાર વર્ષ લગી સહીસલામતે રાખનાર! તું પડી ન જા, જો પડી જઇશ તો તારાં પડેલાં ચોસલાં (પથરાઓ) હવે કોણ પાછાં ચઢાવશે.? કેમકે ચઢાવવાવાળો સરદાર ખેંગારજી તો લાંબી વાટે

ચાલ્યો ગયો છે. હવે તો જે જીવતા હશે તે જ તારી જાત્રા કરવા આવશે, પણ તેમને તારી સલામતી માટે જરાએ કાળજી શાની હોય કે તારી વેળા વાળે.!!"

તે પછી થોડો પંથ પસાર કરતાં દેસલે પોતાનો કરાર પૂરો થવાથી જુનાગઢની ગાદી માગી; કારણ સિદ્ધરાજે રા'ખેંગારના મરણ પછી તુરત જ પોતાના **સજ્જન** નામનો વિશ્વાસુ સરદાર કે જે વનરાજ ચાવડાના સાથી જાંબ અથવા ચાંપાનો વંશજ હતો તેને ત્યાંનો સૂબો નિમી દીધો હતો, તેથી દેસલના દિલમાં શંકાને જન્મ મળતાં તાજી ઉઘરાણીને વિશેષ તાજી કરી. એટલે દીર્ઘ વિચારવંત સોલંકી સિંહે વિચાર્યું કે-" જેણે પોતાનો સગો મામો કે જે પાળી પોષી લાડ લડાવતો હતો, તેને પણ ઠાર મારી નંખાવી રાજ્ય મેળવવા કરાર કર્યો, તો તે દ્રોહી મારા કોઇ શત્રુને મળી જઈ કદી મારી સ્હામેજ કેમ નહી થશે! માટે તેવા દ્રોહીને તો રાજ્ય ન આપતાં શિક્ષા જ આપવી જોઇયે જેથી બીજાને ધડો લેવા થાય કે દ્રોહ કરવાથી આવા ફાયદા હાંસિલ થાય છે." એમ વિચારી તેઓને મનનો વિચાર સંભળાવી તરત ઠાર મારી નાખ્યા, એથી તે બેઉના અંતરાત્મા, પરમાત્માની હજૂર ઇન્સાફ મેળવવા દોડી ગયા.

આ પ્રમાણે કરતાં કરતાં પાટણની સીમમાં જઇ પહોંચ્યા એટલે દેવડીને શાંત કરવા અનેક યુક્તિઓ ઉપયોગમાં લઇ સારી સારી જગાઓ બતાવી સિદ્ધરાજ પોતાની મુરાદ બર લાવવા મચ્યો; પણ દેવડી તો તે બધું જોઇને બોલી:-

(સોરઠો.)

"મારૂ પાટણ દેશ, પાણી વિણ પૂંરા મરે;
સરવો સોરઠ દેશ, સાવજડાં સેંજલ પિયે.

તમારો પાટણનો પ્રદેશ ભલે રોનકદાર જગાઓથી મંડિત હોય; પણ મારવાડના થળી પ્રગણા જેવો છે કે જ્યાં પાણીની અછતથી પાણીમાંના પૂંરા પણ મરી જાય છે. રૂચિકર તો ફક્ત સોરઠ દેશજ છે કે જ્યાં સાવજડાં જેવાં પંખીડાં પણ સેંકડો ઠેકાણે પાણી પી આનંદથી કલ્લોલ કર્યા કરે છે."

આમ કરતાં જ્યારે પાટણને પાદર જઇ પહોંચી તંબુ તાણ્યા ત્યારે સોરઠને જીતી આવ્યાની ખુશાલી બાબત પાટણના રહેવાસીઓને સોલંકીરાજે ઉજાણી આપી, એથી પોતપોતાની ગુંજાશ

અને યોગ્યતા પ્રમાણે વસ્ત્રાલંકારથી લાખંઝુંમ થઇ લોકોનાં ટોળે-ટોળાં આવતાં જતાં હતાં, અને તે શોભા બતાવી સિદ્ધરાજ દેવડીને રાજી કરવા ચાહતો હતો, પણ તે દેખાવ જોઇ દેવડીએ તો કહ્યું:-

(સોરઠો.)

" બાળું પાટણ દેશ, જિસેં પટોળાં નીપજે;
સરવો સોરઠ દેશ, લાખેણી મળે લોબડી.

ભલે પાટણમાં રેશમી પટોળાં પેદા થાય છે; પણ શું તેમાં દેવતા મ્હેલું ? કેમકે મારે તે પ્હેરવાં નથી; કારણકે એક તો પતિના મરણથી હું વિધવા થઇછું અને વળી મારે તરત મરવું છે. બીજું મારી પોષકભૂમિમાં તે પટોળાં તૈયાર થયેલાં નથી: માટે મારા મનથી તે બાળવા લાયક જ છે, મેં તો મારી સુંદર સોરઠ દેશની ભૂમિમાં મળતી લોબડી—રંગીલી કાંબળીયો લાખેણી મનગમતી કે જે ત્યાં મળે છે, તેને જ ઉત્તમ માનેલી છે. "

એ દરમ્યાન કોઈ ગુજરાતી પટણી સ્ત્રી બોલી કે—" તમારો વર તો મહારાજ સિદ્ધરાજ છે છતાં આમ કેમ બોલવું થાય છે ? " એ સાંભળી દેવડી બોલી–" મારા વરને તો એ સ્થિતિમાં હું મુકીને આવી છું કે:—

(દોહરો.)

" વાએ ફરકે મુંછડી, રયણ ઝબૂકે દંત;
જુઓ પટોળાંવાળીઓ, (આ) લોબડીવાળીનો કંત.

હે પટોળાંવાળી સ્ત્રીઓ ! જે કંતની વાયરાથી મુંછો ફરકી રહેલી છે અને જેના ખુલ્લા રહેલા મ્હોંડાના દાંતો રત્નોની પેઠે ચળકાટ કરી રહેલ છે તે મરણને શરણ થયેલો આ લોબડીવાળીનો કંત છે."

ત્યારે તે સ્ત્રીઓ બોલી કે–" જ્યારે ધણી મરી ગયો છે ત્યારે આંખમાં તો આંસુ પણ વહેતું નથી એ શું ?" એ સાંભળી દેવડી બોલી:-

(સોરઠો.)

" પાયણને પડતે, કહો તો કુવા ભરાવિયે;
(પણ) માણેલો મરતે, શરીરમાં સરણું વહે.

બાઇયો ! આંસુના પડવાથી કહો તો કુવા ભરાવિયે તેમ છે; પરંતુ તેમ થતું નથી તેનું કારણ એ છે કે મારા માણેલા પતિના

મરવાથી શરીરની ભીતર જીગરનું પાણી થઈ તેનાં ઝરણાં વહેવા માંડ્યાં છે એથી આંસુ આવવા પામતાં નથી; કેમકે અધોગતિ વાળો પ્રવાહ ધોધબંધ વહેતો હોવાથી ઉર્દ્ધગતિવાળા પ્રવાહને મદદ મળેજ ક્યાંથી ?"

આ પ્રમાણે દેવડીનું મન કશા ઉપર ન જણાતાં ફક્ત પતિની લગનીમાંજ લીન રહેલું જણાયું, જેથી પોતાની થવા માટેની આશા છોડી તેણીને માન ભરેલી વાણી સાથ સિદ્ધરાજે પૂછ્યું-"દેવી ! આપ કયે ઠેકાણે રહેવા ચાહો છો ?" દેવડીએ કહ્યું-"હું પાટણવાડામાં ન રહેતાં સોરઠની સીમાના વઢવાણ શહેરની ભોગવતી નદીને કિનારે રહેવા ચાહુંછું." આથી સિદ્ધરાજ દેવડીને લઇ વઢવાણ આવ્યો અને બોલ્યોઃ-"ફરમાવો હવે કયું સ્થળ પસંદ કરો છો?" દેવડી બોલી-"હું એ સ્થળ પસંદ કરૂં છે કે આ ભોગવતીના તીરે ચિતા ખડકાવો અને મારા નાથનું શબ આપો એટલે મારૂં શરીર અગ્નિદેવને સોંપી, તું દુશ્મનના રાજાના કરસ્પર્શથી અડેલા મ્હારા પરમાણુઓને લીધે થયેલી અપવિત્રતાનો અંત લાવું; કેમકે આ ભોગવતી પણ મારા જેવીજ છે; એટલે કે ભોગવતી પણ પોતાના પર્વતરૂપ સ્થાનથી ભ્રષ્ટ થઈ છે, અને હું પણ મારા ગિરનારના ગઢથી ભ્રષ્ટ થઇ છું અને મેઘરૂપ પતિના વિયોગથી આ પણ દિન દિન દુબળી (પાણીની અછત વાળી) થતી જાય છે અને હું પણ મારા મેઘરૂપ પોષક પતિના વિયોગથી દુર્બળ થતી જઉં છું-આમ હોવાથી અમે બેઉ સરખાં છિયે, જેથી રાસ્તી રહેશે." એમ કહી છેવટમાં દેવડી બોલીઃ-

(સોરઠો.)

"આશાને અટકાવી, કહ્યું મારૂં જેસલ કરો;
ખાસ ચિતા ખડકાવી, વળતી પંથે પરવરો."

આ પ્રમાણે છેવટના શબ્દો સાંભળ્યા. એથી આશાને આકાશને શરણ કરી ભોગાવાને કાંઠે ચેહ ખડકાવી અને ખેંગારનું શબ જે પોતે તેલમાં જાળવી રખાવ્યું હતું તે દેવડીને સોંપ્યું. એટલે દેવડી તરત ન્હાઈ-કપાળે કંકુની પીલ કરી-વેણી છૂટી મેલી-લાલ વસ્ત્ર ને લાલ કણેરની માળા ધારણ કરી પતિના શબને ખોળામાં રાખી પતિના ધ્યાનમાં વિશેષ લીન બની ચિતાની મધ્યમાં બેઠી. એ જોઇ સિદ્ધરાજ બોલ્યો. "જો આપ સાચાં સતી છો તો એની મેળેજ અગ્નિ પ્રકટ કરી શરીરને બાળી ભસ્મ કરો." એ બોલ સાંભળતાંજ દેવડી ઉઠી ઉભી થઇને સૂર્યનારાયણ કે જે અગ્નિના પૂંજરૂપ અને સકળ

કર્મ ધર્મના સાક્ષીરૂપ છે તેમને નમન કરી ભોગાવા પ્રત્યે કહેવા લાગી:—

(સોરઠો.)

ભોગવતો ખેંગાર રાણુ, ભોગવ ભોગાવા ધણી;
કહ્યું કરી પરમાણુ, ભસ્મ ભલેરી સંઘરી.

હે ભોગાવા ! મારૂં કહ્યું પ્રમાણુ કરી, મારી સારી ભસ્મ સંઘરીને તું આનંદિત થજે; કેમકે પ્રથમ મેં આ શરીરનો ભોગવટો ખેંગારજી રાજાને સોંપ્યો હતો, જેથી તે ભોગવટો કરતો હતો; પણ હવે આ શરીરની ભસ્મના ભોગવટાનો તું ધણી થઇ ઉપભોગ કરજે કે જેથી મારી ભસ્મ પણ વિદેશી શત્રુનો સ્પર્શ કરવા ન પામે.”

આવું બોલ્યા પછી શીળના પ્રભાવથી એ બન્યું કે:—

(સોરઠે.)

“વાયો વાય સુવાય, વાયે વેળુ પરજળે;
ઉભો ત્યાં સિદ્ધરાય, સત જોતા સોરઠિયાણીનું.

જે વાયરાથી રેત પણ બળી ભસ્મ થઇ જાય તેવો ઉન્હો પવન વાવા લાગ્યો કે તે સુવાયના પ્રતાપથી ખડકેલી ચેહ પણ સળગી ઉઠી, એટલે દેવડીએ ઉમંગ ભર પતિના શરીર સહ ચિતામાં પ્રવેશ કરી આસન કાયમ કર્યું. આ પ્રમાણે સતીના સતને જોતો સિદ્ધરાજ ત્યાં ઉભો હતો તેણે સત જોયા છતાં તેણીના સતને અપવાદ પાત્ર થવા પોતાના પરસેવાવાળી પામરી દેવડીના ઉપર ફેંકી. એ જોઇ પામરીના શરીરનો સ્પર્શ થતાં પહેલા જ તેણીએ સોલંકી તરફ કોપભાવ બતાવી પાછી ફેંકી ' એથી શાપ થયાના ડરથી ડરીને સોલંકી બોલ્યો:-

“ જગદુદ્ધારિણી સતી ! મારાથી થયેલા સઘળા અપરાધોની માક્ષી બક્ષી મને એ પાપોથી પાવન થવાનું આપ પ્રાયશ્ચિત બતાવો કે જેથી મારૂં કલ્યાણુ થાય. ”

દેવડી બોલી-“પાપોના બદલામાં એ પ્રાયશ્ચિત કરજે કે આ મારા અગ્નિસંસ્કારના સ્થળે મારૂં ભવ્ય દેવળ બંધાવજે જેથી તારી ગાદી કેટલોક વખત આબાદી સહિત કાયમ રહેશે; પરંતુ તેં મારા નિરપરાધી કુંવરોને કતલ કરી દીધા છે, અને મારી આવી દશા કરી છે એથી એ શાપ આપુંછું કે-તું નિર્વંશ રહી મ્હોતને ભેટ જે.” બસ

આટલા છેવટના શબ્દો બોલી પતિદેવના સ્મરણમાં સુરતા લગાવી જોતજોતામાં આકાશને ભેટી રહેલી અગ્નિજ્વાળાની મારફત દેવડી પતિસહ સ્વર્ગભુવનમાં જઈ પહોંચી. સિદ્ધરાજ શાપથી ડરતો ધ્રૂજતો ને આંસુ પાડતો જોતો જ રહ્યો, અને પોતાના કરેલા દુ'કૃત્યની યાદી કરી પસ્તાવા લાગ્યો; પણ પછી પસ્તાવો કર્યે શું બને ?

વાંચનાર! આ વાર્તા આપણને એ બોધ આપે છે. કે–બદ નિબાહ કરનાર પ્રજાપતિનો જુલ્મી કારોબાર, કર્મની વિચિત્ર ગતિ, વિષયની વિટંબના, દારૂથી થતી દુર્દશા, નિમકહરામીપણા વિષેની નશીહત, સ્વદેશાભિમાની સતીનું સતીત્વ અને જેવું કરે તેવું ફળ પામે વગેરે વગેરેના દર્શનીક પૂરાવા ધ્યાનમાં લઈ સમય આવી લાગતાં તે અમલમાં આણી ભવબાજીને સુધારી લેવી; નહી કે વાંસડાની ભુંગળીમાં ફુંક મારતાં આ બાજુથી પેલે પાર પવન વહી જાય છે તેની પેઠે એકે કાને સાંભળી બાજે કાનેથી કહાડી દઈ કરેલી મહેનત વ્યર્થ ગુમાવવી હમેશાં ગુણ સંગ્રહવામાં દરેક પ્રતિષ્ઠિત જનને પણ ચોર થવાની જરૂરજ છે. જ્યાંથી વાચ્યું ને જ્યાંથી સાંભળ્યું ત્યાંજ પાછું સોંપી દેવાની શાહુકારી રાખવી એ ઉભય જન્મ ભ્રષ્ટ કરનારજ ગણાય છે. કહ્યું છે કેઃ–

(મુનિશેખર–છંદ.)

" સદબોધ સંગ્રહમાં થજો સહુ સત્ય ચોર સદા નકી,
ઘટશેજ સર્વ સંતાપ ને વધશેજ ઇજ્જત એ થકી;
પણ જો થયા કદી શાહ તો ભવબાજી ખાસ બગાડશો,
નિજ હાથથી નિજ લાભમાં નિત આપ લાહ્ય લગાડશો. "

શૂરવીર સતી સેજલદે.

આ ભારતભૂમીના ભવ્ય ભૂષણરૂપ સતી **સેજલદે** વિક્રમની બારમી સદીમાં **ઊંઝા** શહેરની અંદર પડિહાર રજપૂત **પથલ**ના વહુ **રાજુલદે**ની કુખથી જન્મી હતી, અને સોરઠના દંડનાયક **પરશુરામ**ની હજૂરમાં રહેનાર સોલંકી **જેસલજી**ના ગૃહનો શ્રૃંગાર થઈ તેણીએ બેઉ કુળ અજવાળ્યાં હતાં. તેમજ તેણીની ઉપર સોરઠી ચૂડાસમા બલવાખોરોએ દુઃખ વરસાવ્યા વખતે સત્યશીળની અને વીરતાની કસોટી થઈ હતી. તે એવી રીતે કે:—

જ્યારે સોલંકી સિદ્ધરાજે રાણકદેવીને પોતાની કરવાની લાલચને લીધે રા'ખેંગારને મારી સોરઠ દેશ પોતાને કબ્જે કર્યો હતો ત્યારે સજ્જન નામના શ્રાવકને ત્યાંનો સરસૂબો નીમ્યો હતો અને તેના પછી તેનો પુત્ર પરશુરામ તે હોદ્દાપર આવ્યો હતો; પરંતુ સિદ્ધરાજે રા'ખેંગારના પુત્રો વગેરે ઉપર વરતાવેલા કેરથી ચૂડાસમા રજપૂતો તેમજ સોરઠી પ્રજા ઘણા નારાજ થયા હતા, એથી તેના સરસૂબા વગેરેને સતાવવા કેટલીક મહા તોફાની ને બળશાળી ટુકડીઓએ બળવો મચાવ્યો હતો અને સિદ્ધરાજના અધિકારીઓને તથા તેના માણસોને મારી લૂંટી બાન પકડી લઇ જવાનો ક્રમ ચાલુ કર્યો હતો. જો કે તે બળવાખોરોની સ્હામે સોળંકીના અધિકારિયો પણ પુષ્કળ પોતાની સત્તાનો ઉપયોગ કરતા હતા છતાં ગિરના અગમ પંથમાં તેઓની જોઇયે તેટલી ટેકી લાગતી ન હતી. આજે પણ ગિરની ઝાડી અને ત્યાંનો પહાડી પ્રદેશ એવો અઘરો અને ભયંકર છે કે તેમાં ઘાતકી પ્રાણિયો (બહોળા જ) તેમજ લૂંટારાને બહારવટીઆ, બળવાખોરો વગેરેને સંતાઇ રહી મનમાનતો ખોરાક મેળવવાનું સાધન હોવાથી ત્યાં સારો આશ્રય મળે છે અને બીજાઓના જાનમાલની ખ્વારી કરે છે, ત્યાં દશ કે પંદર હાથનું છેટું પડતાં બદમાસો ક્યાં ગયા તેનો પત્તો મેળવવો પણ મહામુસ્કેલ થઈ પડે છે; તો આજના કરતાં તે વખતમાં તો વધારે ઝાડી વગેરેનું જોર હતું જેથી તે બલવાખોરોને કબ્જે કરવાનો વખત હાથથી સટકી જતો હતો. અને આવા કારણને લીધે છ વર્ષ લગી એ બળવો ચાલુ રહ્યો હતો તેથી ઘણાના જાનમાલને જફા પહોંચી હતી. એટલે કે લગભગ સંવત ૧૧૭૬ માંથી સોલંકીરાજનો કારોબાર

કાયમ થઈ ૧૧૮૧ સૂધી રહેવા પામ્યો અને તે પછી તે બળવાખોરોએ તે કારોબારનો અંત આણી ખેંગારની ગાદીના વારસ નોંઘણ ત્રીજાને સોરઠનો મહારાજા બનાવ્યો હતો.

ઉપરના બલવા દરમ્યાન આપણી આર્ય રજપૂતાણી સેજલદેના પતિ જેસલે પણ નિમકહલાલી બજાવવામાં સારો ભાગ લીધો હતો એથી બલવાખોરો તેના તરફ ગુસ્સો લાવી તેની ગેરહાજરીના વખતમાં તેની સતી સુંદરી સેજલદેને બાનરૂપ પકડી ગિરમાં હેરી ગયા હતા, અને તેણીના પર તેઓએ અત્યાચાર કરવાનો ઇરાદો ધારી સત્યધર્મને ચૂકાવા બારે હુમલા કર્યા હતા. એટલે કે પ્રથમ તેણીને ઘણી આજીજી સાથ પોતાની દુષ્ટ વાસનાને તાબે થવા વીનવવામાં આવ્યું, પણ સેજલદેએ તો તેમને તિરસ્કાર વચનોથી ધુતકારી દીધા, એથી તેઓએ વિશેષ ચીડાઇ તેણીની તરફ પુષ્કળ ભયભરી રીતિઓ અમલમાં લીધી તે એ કે વાઘને પકડી લાવી તેના અગાડી ધરી દેવાનો ડર બતાવ્યો, સાપ કરડાવવાનો, તરવારને તાબે કરવાનો, ઝાડની ડાળે બાંધી નીચે દેવતા કરી બાળી મુકવાનો, કુવામાં ઉંધે માથે લટકાવી ડૂબાડી દેવાનો; અંધારી ગુફાઓમાં ઘાલી મ્હોઢે ડૂચો દઇ ગુંગળાવી મારવાનો, ગિરીના શિખર પરથી ગબડાવી પાડી પ્રાણ લેવાનો અને ભૂંડે હવાલે છુંદી ચીરી કચરી રીબાવી જીવ કહાડવાનો ભય બતાવવામાં આવ્યો, એટલુંજ નહીં પણ તે તે કરી બતાવ્યાનો મામલો મચાવી દીધો છતા તે એકની બે થઈ નહીં. તેણીને પોતાનો સતીધર્મ સલામત રહેવા કરતાં મરવું કશી વિશાદમાં ન હતું; કેમકે:—

"પ્રાણ જતાં પણ પ્રણ રહે, તે અતિ ઉત્તમ જાણ;
પ્રાણ રહે પ્રણ જો ગયું, તો જીવ્યું અપ્રમાણ."

આમ તેણીનું માનવું હતું, એથી તેઓ બળવાખોરોની સર્વે મહેનત નકામી થઈ પડી. છેવટ તેઓએ તેણીનાપર બળાત્કાર ગુજારવાનો ઇરાદો કર્યો, અને અમલમાં લેવાની તૈયારી થવા લાગી એ જોઇ વીરાંગના સેજલદેએ વિચાર્યું કે—"આ હરામખોરો હવે મારી ઇજ્જતપર હાથ નાખવા જુલ્મ વાપરવાના જ છે જેથી હું પડિહારપુત્રી પોતાનું પત ખોઇ પાપને પાત્ર થઉં એતો બહોતેરે પરિયાં લાજે માટે હવે તો આલે તેને રામ. જો કે એઓ ઘણા છે, તો પણ એમના પાપોને લીધે એઓનો ઘડો ભરાઈ રહેવા આવ્યો છે, તેથી હું એકલી વીર વનિતા પણ બસ છું. એ બધાંઓને તરવારને તાબે

કરી કાંતો નાસી છૂટીશ કે કાંતો તેજ તરવારને મારો ભોગ આપી-દઇ સ્વર્ગને શોભાવીશ."

આવા નિશ્ચયપર આવી તુરત તેણીએ કછોટો મારી-સાડીની ઘાટડી બીડી શિરોહીની સમશેરને મ્યાનમાંથી બ્હાર કહાડી હાથમાં લીધી અને બીજા હાથમાં સ્હામાનો આવતો ઘા બચાવી લેવા ગેંડાની ઢાલ ધારણ કરી વીરહાક સહિત જેમ વર્ષાદ ગાજવાથી સિંહણની ઑલાદ કોપટોપ થઈ ત્રાડ મારે તેમ મિજાજ તેજ કરી તેઓ બળવાખોરોને વકાર્યા કે-"દુષ્ટો! પાપિષ્ટો! મેં આજ દિવસ લગી તમારા કરેલા બધા દુઃખદ પ્રયોગો મુંગે મ્હોંઢે સહન કર્યા; છતાં તમોને રહેમ ન આવી અને છેવટ મારી ઇજ્જતપર હુમલો કરવા તત્પર થયા છો તો થૈ જાઓ તૈયાર કે મારા હાથ તમારા કંઠમાં પડવાને બદલે આ તાતી તરવાર તમારા ગળાની ઉપર પાડું છું અને મારો ભોગ કરવાની ઇચ્છા પૂર્ણ કરવાને બદલે તમારા ભોગ મેળવી આ મારા હાથમાંની તલપી રહેલી તમારી તરવારને તમારો ભોગ આપું છું તે સ્વીકારી તમારી કરણીના આભારી થાઓ. મૂર્ખાઓ! તમારી પોતાની અનીતિથી કંટાળી તમારૂં રક્ષણ કરનારી તમારીજ તરવાર મારી સુનીતિની સંગી થઇ મને મદદ દેવા ઉત્સુક થઇ છે એ ઉપરથીજ વિચારો કે હવે તમારો દિનમાન રૂઠયો છે, હવે માથે મ્હોત ભમી રહ્યું છે અને હવે તમો યમની સંયમની નગરીની મુલાકાત થતાં મુંગોમાર ખાવાની અણીપર આવી પહોંચ્યા છો; માટે તમારે જે આસુરી દેવોને યાદ કરવા હોય તે કરી લ્યો, કોઇનું શરણ લેવું હોય તો તે પણ લઈ લ્યો. હું આજે તમારો અવશ્ય ભવાનીને ભોગ આપીશ. તમારા સરખા નિર્દયી-દુરાત્મા-પરસ્રી સંતાપકોના જીવવાથી પૃથિવી ભારે મરે છે; માટે તમારૂં મૃત્યુ થવાથીજ જગતને લાભ છે; માટે મરણને વધાવી લેવા થૈજાઓ તૈયાર. દુર્ભાગીઓ! તમો પારકી મતાપર મમતા ધરાવી પોતાની કરવા ધારેલું તેનું આ ફળ આપું છું તે વગર આનાકાનીએ હાથ કરો. હું ગમે તેમ પણ સિંહણ છું-વીર ક્ષત્રીયાણીના પેટથી જન્મેલી છું અને મારા શરીરની રક્તવાહિનીઓમાં વીરતાનું ઉંગણ રૂધિર વહ્યાં કરે છે; છતાં તમોએ સિંહણને પાંજરામાં સપડાયલી જોતાં પરાક્રમહીન માની નિર્વીર-હિચકારી-બાયલી બની શકે તેટલો ગજબ ગુજાર્યો અને છેવટ મારાપર બલાત્કાર ગુજારવા ટમટમ્યા; તો પછી મારે તમને મારા ખરા રૂપની મજા ચખાડવીજ જોઇયે." એટલું બોલી

જેમ ચંડમુંડને ચૂરવા ચંડીએ ચંડરૂપ ધર્યું હોય, તેમ દુરાત્માઓના દળને દલન કરવા શક્તિવંત સતી સેજલદે કુદકો મારી તેઓનાં માથાં તરવારથી લણી કાળરૂપ ઘંટીના ગાળામાં ઓરવા લાગી. જોકે તેઓએ ઘણું પ્રરાક્રમ બતાવ્યું; તોપણ તે વીરશક્તિના પ્રચંડ તેજ અગાડી તેઓની કશી શક્તિ ચાલી નહી, એથી માથાં આપી આપીને યમના ધામ ભણી ચાલવા માંડ્યા. અને એવો વિકટ મામલો જોઇ જેઓ જીવતા રહ્યા તે જીવન જાળવવા જીવલેઈ નાશી છૂટી ગિરિકંદરાનો આસરો લઇ સંતાઇ પેઠા.

જ્યારે વીરસતીએ, સદાને માટે ઉંઘને સ્વાધીન થયેલા શિવાય કોઇને પણ જાગ્રત રહેલા પોતાની નજર અગાડી જોયા નહીં ત્યારે તે ખુલ્લા ખડગ સહિત ચોમેર તપાસ રાખતી ત્યાંથી ચાલી નીકળી અને જે રસ્તો હાથ લાગ્યો તે રસ્તે પરવરી ગિરનાં ગામડાંઓમાં જઈ પહોંચી.

જ્યારથી સોલંકી જેસળે પોતાની સ્ત્રીને બલવાખોરો બાન કરી લઇ ગયાનું જાણ્યું ત્યારથી તે તેણીનો શોધમાંજ હતો અને સોલંકીરાજની લસ્કરી ટુકડીઓની ધારેત ગિરની ચોમેર ફર્યાજ કરતી હતી તેમાં જેસળ પણ આગેવાના ભર્યો ભાગ લેતોજ હતો.

સતી વીરાંગના સેજલદેવીએ ગામમાં જઇ રાયકાને પૂછ્યું કે– "આટલામાં ક્યાય સરકારી લશ્કરના છાવણીના પડાવ છે ?" રાયકે કહ્યું–"હોવ, આ નેહડાને પાદરે પડી સે, પણ તમે ત્યાં જઇને શું કરો તેમ શો ? એ તો મારા દીચરા ધમાધમ બોલાવેશે. અમારા રાના હામેવડિયાનું લહકરશે. પાટણનાં બાલડાંએ જુલમ કરેશો અનાહુતીનું રાજ પડાવી લઇ ચેટલી મકરફૂદીઓ આવડીશે ! હવે આવી બણ્યુંશે. બા ! તમે ત્યાં જાહો તો તમને પંજેળશે. તમારે ક્યા જવું શે ?" બાઇ બોલી "મારે તો જુનાગઢે જવું છે ને ફરિયાદી કરવી છે." રાયકે કહ્યું–"બા આઘેરા જઈ ડાબાકોરાંનો મારગ લેજો કે વાંધો ની આવે. જમણી મેરાં તો પાટણવાડિયાનું લહકર પડ્યુંશે તે હંભાળજો."

આ પ્રમાણે બોલવું થતાં તે સતીએ પોતાના પક્ષનું લશ્કર પડ્યું જાણી તરત તે છાવણીમાં જઇ પહોંચી અને પૂછપરછ કરતાં પોતાના પતિદેવ પણ તેજ છાવણીમાં મોજુદ છે એવું માલમ પડ્યું એથી ઘણી રાજી થઇ પ્રાણનાથને પોતાની હયાતીની ખબર કહાવી; એટલે પ્રેમીપતિ જેસળ પણ હર્ષમાન થઇને પત્નિને ભેટવા આવ્યો. સતી પતિને પગે પડી. પરસ્પર સુખ દુઃખના સમાચાર પૂછ્યા અને

પછી તંબુમાં પહોંચી એક બીજાની વીતકવાત કહી સંભળાવી.

તે પછી હુલ્લડખોરોપર વિજય મેળવી પાછા પોતાને વતન ગયા અને દંપતિયે પૂર્ણ પ્યાર તથા સ્તુત્ય ધર્મ સહ જીંદગી પૂર્ણ કરી સ્વર્ગસુખ સંપાદન કર્યું. ધન્ય છે એવાં ધર્મશીળ અને વીરદંપતીને કે જેણે જીવતાં લગી પણ લગ્ન વખતે થયેલા કોલકરારને પૂર્ણપણે જાળવી જીવનને સફળ કર્યું!

પ્રિય પાઠક મહાશય! એવી વીરસતીઓ પાકવાનો મુખ્ય આધાર ઉત્તમ કેળવણી ઉપર છે. જો સ્ત્રીવર્ગ ને પુરૂષ વર્ગ—વિદ્યા—હુન્નર—વીરતા—ધીરતાદિ વ્યવહારિક અને પતિસેવા—પ્રભુભજન આદિ ધાર્મિક સંબંધી પૂર્ણ શિક્ષણ લઈ તેનાં મૂળતત્વો પોતાના હૃદયમાં પૂરેપૂરી રીતે ઠસાવી દેતો હોય તો બેશક સંસારની શોભારૂપ સ્ત્રી પુરૂષો નીવડી જગતનું પણ ભલું કરવા ભાગ્યશાળી થઈ શકે; પરંતુ અફશોષનું મુકામ છે કે તેવી પૂર્ણ, ઉચ્ચ અને આશય સમજાયા સહિત કેળવણી લેવાતીજ નથી, તો પછી તેવાં વીર સ્ત્રી પુરૂષો કયાંથીજ પાકી શકે! સ્ત્રીઓને કે પુરૂષોને અંગકસરતની, સહનશીળતાની, ઘોડાને મનમાનતી રીતે કબુ રાખી સ્વારી કરવાની, શસ્ત્ર અસ્ત્રનો યોગ્ય ઉપયોગ કરવાની અને મહાન્ હુનરો હાથ કરી આપણી કૃપાળુ સરકારને આપણી ઉત્તમ રાજ્યભક્તિ દર્શાવી પૂર્ણ વફાદાર થવાય તે લાભ લેવાની જો કેળવણી લેવાતી હોત તો આપણો પ્રશંસનીય દેશ પોતાની સ્વતંત્રતા ગુમાવી બેસતજ નહીં; કેમકે શાહણી સરકારજ આપણને આપણા ઉત્તમ ગુણોથી મોહી સ્વતંત્રતા બક્ષી દેત. સ્વતંત્રતા ગુમાવી છે તે પૂર્ણ વિદ્યા હુન્નર હાથ નહીં કરવાથી, સ્વતંત્રના ગુમાવી છે તે અંગકસરત, મનોબળને ખીલવી તેનો ઉપયોગ ન કરવાથી, સ્વતંત્રતા ગુમાવી છે તે—ઘોડાપર બેસતાં ન આવડવાથી, સ્વતંત્રતા ગુમાવી છે તે—અસ્ત્ર શસ્ત્રને વાપરવાની ઉમદા તાલીમના અભાવથી, સ્વતત્રતા ગુમાવી છે તે—ખાલી ખેતાબનાં ખોખાં મેળવવાની ખોટી ખુશામદની તાલીમથી, સ્વતંત્રતા ગુમાવી છે તે—પરસ્પરના દ્વેષ—કુસંપ—ઇર્ષ્યા વગેરેની છતથી, સ્વતંત્રતા ગુમાવી છે તે—પોતાના દેશનું—પોતાની જ્ઞાતીનું,—પોતાના ધર્મનું સાચું અભિમાન ઉરમાં ન ઉદ્ભવવાથી, સ્વતત્રાતા ગુમાવી છે, તે—આપણી માયાળુ સરકારની તરફ પૂર્ણ મમતા નહીં બતાવી ઉત્તમ વફાદાર ન રહેવાથી, અને સ્વતંત્રતા ગુમાવી છે તે—અમૂલ્ય રત્નરૂપ સંતાનો પેદા થવાની ઉત્તમ ખાણરૂપ સ્ત્રીઓએ સ્વદેશાભિમાની સંતાનોને વીરધીર હુનરી

બનાવવા સંબંધીની પૂરી ને ઉમદા તાલીમ ન લીધાના કારણથી. જો તેઓ પ્રસંશનીય તાલીમ લે તો નિસ્સંદેહપણે તેમની સંતતી સ્વદેશોદય કરનારી રાજ્યભક્ત નીવડે ! સર્વ રીતે ક્ષેત્ર સુધરેલ હોય તો તેમાં પેદા થતું બીજ અવશ્ય સારૂંજ નીવડે છે. પણ જ્યાં બીજોત્પતીનું સ્થાનજ સુધારવામાં કચાશ છે ત્યાં પછી સારા બીજ ફળોની આશા આકાશકુસુમવંત્ હોય એ સ્વાભાવિકજ નિયમ છે.

સ્ત્રીઓને અને તેણીઓની સંતતીને ઉંચી દશાએ પહોંચાડનાર ફક્ત રાજ્યભક્તિ–અંગબળ–મનોબળ–વિદ્યા–હુન્નર સંબંધીની અધૂરી નહીં પણ પૂર્ણ કેળવણીજ છે. અગાઉના સમયમાં સ્ત્રી પુરૂષોને વિદ્યા હુન્નરની કેળવણી સાથ સાહસિકતા–વીરતા–ધીરતા–સહનશીળતા–રાજ્યભક્તિ ને સ્વદેશોન્નતિનાં કર્ત્તવ્યોની સ્વદેશની સત્ય લાગણીવાળા શિક્ષકોદ્વારા મેળવણી કરવામાં આવતી હતી; પરંતુ હાલના સ્વદેશાભિમાનહીન શિક્ષકોના ભેજામાંથી એ વાતજ વિસ્મૃત થયલી છે. સ્વદેશ સુધારવો એજ સર્વોત્તમ સુકૃત્ય છે. જૂઓ આપણા કૃપાળુ યૂરોપવાસિ–અમેરિકન–જાપાનિસો વગેરે વિદ્યા હુન્નરશીળ પૂર્ણ કેળવણી પામેલાં વિશારદ સ્ત્રી પુરૂષોએ બૂડતા દેશને તારી શોભાના શિખરપર શોભાવેલ છે, શું એઓ ભાગ્યશાળી જીવનવંતોની કૃતિ જોઈ અનુભવીને પણ આપણે ચાનકદાર થઈ પૂર્ણ કેળવણી મેળવવી જોઈતી નથી ? પૂર્ણ કેળવણીજ પૂર્ણતાને બક્ષે છે. ખ્યાલ કરો કે :—

(અહા નરનાથને નથી જંપ જુવો પલવાર–એ દેશી.)

અધૂરી તાલીમથી બધો બગડે આ દેશનો તાલ.
હાલ લેવાતી કેલવણીમાં હર્ગીઝ, નહીં ગળે જરીએ માલ—અધૂરી. ૧
અતિશે વધે છે અપૂર્ણ કેલવણીથી, ગુસ્સો ગર્વ ને ગાળ—અધૂરી. ૨
થાય નમાલાં ઉડાઉ ને આળસુ, દુર્વ્યસનોનાં દલાલ—અધૂરી. ૩
ટાપટીપમાં ટાંપે હમેશાં, ચાલે છકેલ કુચાલ—અધૂરી. ૪
રાગરંગ નાટક ચેટકનો, ખૂબ વધે છે ખ્યાલ—અધૂરી. ૫
શીખે આછકલાઇ ને તોછડાઇ, વળી થાય ગપ્પી વાચાળ—અધૂરી. ૬
સાવ સ્વતંત્ર થઇ મર્યાદાને, દે છે દેશનિકાલ—અધૂરી. ૭
વિનય વિવેક ને ધીર વીરતા, બહુ બન્યાં એનાં બેહાલ—અધૂરી. ૮
માટે લ્યો પૂર્ણ કેળવણી સુપ્રીતે, નિશ્ચે થૈયે નિહાલ—અધૂરી. ૯
સંપ જંપ સુખસંપતી મળતાં, દેશ તરે તત્કાલ—અધૂરી. ૧૦
એ હિત પ્રોહિતનાં હિતવચનો, માનો ધરી મન વ્હાલ—અધૂરી. ૧૧

વિદ્યાવીર સતી શક્તિદેવી.

આ અચિંત્ય વિદ્યાશક્તિવંત **શક્તિદેવી**નો જન્મ વિક્રમની બારમી સદીમાં સોલંકી **પ્રતાપસિંહ**ની હવેલીમાં થયો હતો, અને એણીનું લગ્ન **કીર્તિગઢ**ના કેસર મકવાણાના કુળદીપક પુત્ર **હરપાળ** મકવાણા સાથે થયું હતું, તથા એણીએ કેવી રીતે વિદ્યાવડે પતિ સેવા બજાવી પોતાના શીળરત્નને પ્રકાશમાં આણ્યું હતું! તે જાણવા માટેની બિના આ પ્રમાણે છે:—

સિંધના થળ પરગણામાંના કીર્તિગઢમાં વિહિયાસ મકવાણો પોતાના વડિલોથી ભોગવાતી આવેલી રાજ્યગાદીપર બિરાજી પોતાની પ્રજાનું પાલન કરતો હતો. એ વિહિયાસ મકવાણો જ્યારે આ દુનિયાની મુસાફરી પુરી કરી બાજી દુનિયાની મુસાફરી કરવા કટીબદ્ધ થયો (મરણને બિછાને સુતો.) ત્યારે તેનો જીવ જતો ન જણાતાં તેના પ્રતાપી પુત્ર કેસર મકવાણે પુછ્યું–"પૂજ્ય પિતાશ્રીજી! આપનો જીવ શામાં ભરાઇ રહેવાને લીધે મમતાથી મુક્ત થતો નથી?" પુત્રનું આવું પ્રશ્ન થતાં આસન્ન મૃત્યુવાળા મકવાણાએ કહ્યું–"પ્રિય પુત્ર! સામૈયાના નગરમાં મારો કટ્ટો દુશ્મન હમીરસુમરો (બીજો) રાજ્યતખ્ત શોભાવે છે, તેના દૂધમલિયા વછેરા સવાસો લઈ આવીને મારા તેરમાને દાહાડે ભાટ ચારણોને આપી દેવાનું વચન આપે તો મારો જીવ સદ્‌ગતીએ જાય." આવું બોલવું સાંભળી કેસરે તે વિચાર પૂર્ણ કરવાનું જળ પિતાના હાથમાં મ્હેલી કહ્યું કે–"પૂજ્યવર! હું અવશ્ય આપની વિચારણા પ્રમાણે તે કામ કરીશ, આપ સદ્‌ગતીને સુખેથી સ્વાધીન કરો." આવું જળ મ્હેલતાંજ વિહિયાસ આ ફાની દુનિયાં છોડીને પરલોક ભણી વિદાય થયો.

જ્યારે તેરમું આવવાનું થયું ત્યારે કેસરે શોક છોડીને પોતાની પ્રતીજ્ઞા પૂરી કરવા સગાં સંબંધીયોને સામૈયે જવાનું કહ્યું, પણ શિરસટ્ટેના કામમાં કોઇએ હામ બીડી નહીં જેથી પોતાના બળપર મુસ્તાક બની તે અજાનબાહુ–બળી સવામણ લોઢાનો ભાલો તથા ધનુષ્યબાણ ધારણ કરી પાણીપંથા ગાજીમર્દ–ઘોડાપર સ્વાર થઇ સામૈયે જઇ પહોંચ્યો, અને દુધમલિયા સવાસો વછેરા લઇ આવી તેણે તેરમાને દિવસે ભાટ ચારણોને આપી દઇ પ્રતીજ્ઞા પૂર્ણ કરી.

એક વખત કેસર મકવાણે જોશીને પૂછતાં પોતાની ટુંક આવરદા જાણી ઘર ખૂણે ન મરતાં લડાઇના મેદાનમાં મરણ મેળવી નામના રાખી સ્વર્ગે સિધાવવું મુકરર કર્યું અને એ કારણ માટેજ ફરીને સામૈયે જઈ પહોચી હમીરસુમરાની સાતસો સાંઢણો કે જે મેના નદીને તીરે ચરતી હતી તેના અગાડી ઉંચા વાંસડા ઉપર લોહીવાળું કપડું ટીંગાડી દેખાડ્યું કે તે બધી સાંઢણો તે વાંસડાની પાછળ ચાલવા લાગી, એટલે મકવાણે રસ્તે માપી ને બધી સાંઢણોને ઘર ભેગી કરી ભાટ ચારણોને આપી દીધી; છતાં પણ કોઇ લડાઇ કરવા આવ્યું નહીં, એથી તેણે ત્રીજીવાર બારવટે નીકળી દશરાવાના તહેવારને દાહાડે સવાસો સુમરીઓ (હમીરસુમરાની સ્ત્રીઓ દીકરીઓને) કે જે રથમાં બેસી હવા ખાવા નીકળી હતી તેણીઓને હેરી રથ સહિત પોતાને ત્યાં પહોંચતી કરી.

આ પ્રમાણે ત્રણ વેળા બનાવ બનતાં હમીરસુમરે પ્રધાન મોકલી કીર્તિગઢપતીને કહેવરાવ્યું કે—'બીજો માલ લઇ ગયા તેની તો પરવાહ નથી, પણ વહુ દીકરીઓને લઇ ગયા છો તે ઠીક કર્યું નથી. માટે તેમને સાસરવાસો કરી જેવી રીતે લઇ ગયા છો તેવી રીતે પાછી પહોંચતી કરી જાઓ.' પણ કેસર મકવાણો તો લડાઇજ લેવા માંગતો હોવાથી બોલ્યો કે એ સ્ત્રીઓ તો અમારી રાણીઓ થઇ છે માટે પાછી નહીં મોકલાય.' આવું બોલવું સાભળી પ્રધાન પાછો ગયો અને તે સમાચાર સુમરાને કહી સંભળાવ્યા, જેથી બેઉ વચ્ચે યુદ્ધ જામવાનો સમય આવ્યો, થોડી થોડી લડાઇ શરૂજ રહી; પરંતુ મકવાણે તો સુમરિયો પૈકી ચારને પોતે સ્ત્રી કરીને રાખી અને બીજીઓને પોતાના ભાયાતોને (એકેકી) વ્હેંચી દીધી. તથા તેણીઓના પેટથી નવ કુંવર કેસર મકવાણાના ને નવ ભાયાતોના મળી અઢાર તો કુંવરો થયા હતા; કેમકે લડાઇ જામતાં જામતાં બાર વર્ષ વીતી ગયાં હતાં. છેવટે સમાધાન ન આવતાં હમીરસુમરે કેસર મકવાણાને કહાવ્યું કે—"હું લડવા તો આવું; પણ તારા ખાગપાટના પ્રદેશમાં મારા લશ્કરને ખાવાનું પૂરૂં પડે તેવાં સાધન નજરે પડતાં નથી." આ સમાચાર જાણતાં કેસર મકવાણે કહાવ્યું કે—"ભલે લડવા આવો. હું તમારા લશ્કરને ખોરાક પૂરો પાડવા હજાર વીઘા જમીનમાં ઘઉંનું વાવેતર તયાર કરાવુંછું. માટે તાકત હોય તો તરત ચડાઇ કરો."

આ પ્રમાણે સમાચાર મળતાં હમીરસૂમરે લડવા આવ્યાની વરદી આપી, એટલે મકવાણે ઘણું ઝરાની તક તયાર કરી રખાવ્યો. તે પછી બન્નેનાં લશ્કર સ્હામ સ્હામે ખાટક્યાં. હજારો રજપૂતો ને સુમરાઓ ઘવાયા મરાયા અને અંતે કુંવરો સહિત કેસર મકવાણો પણ મરાયો જેથી મકવાણાના વંશમાં ફક્ત કેસરના પુત્ર હરપાળ, વિજયપાળ અને શાંતાજી એ ત્રણજ બચ્યા હતા. તેમણે સવાસો સુમરિયોને ઝમોરમાં બાળી દઇને કીર્તિગઢ તોડી પાડી પછી પાટણમાં નાસેકું લીધું.[1]

એ સમયમાં પાટણની ગાદિપર સોળંકી કર્ણરાજ કે જે સિદ્ધરાજ જયસિંહનો પિતા થાય તે બિરાજતો હતો અને હરપાળ તેનો મસીઆઇ ભાઇ થતો હતો, તેથી હરપાળ તેની પાસે ગયો. કર્ણ સોલંકીએ પણ તેનો ઘણો આદરસત્કાર કર્યો, એના લીધે હરપાગ પણ ત્યાં જીવ ટકાવીને રહ્યો.[2]

કર્ણ સોળંકીની માનીતી રાણી ફૂલાંદેવી કે જેણીનું પિયર ઝાંઝમેર તળાજામાં થતું હતું, તેણીના શરીરને નામીચો બાબરો ભૂત ઘણીજ હરકત કર્યા કરતો હતો એ બિના જ્યારે હરપાળ મકવાણાની જાણમાં આવી ત્યારે તે પોતે સબળ મનોબળવંત અને દૈવી સંપત્તિવાળો હોવાથી સમર્થ અને શેતાન દેવોને પણ પોતે ક્ષણવારમાં તાબે કરી લેવાની શક્તિ ધરાવતો હતો, એથી પોતાને પ્રાર-

---

૧. મકવાણાથી નવ શાખાઓ થઇ છે તે આ પ્રમાણે છે:—

(છપ્પય-છંદ.)

મકવાણા રાણીગ ૧ બહો બાબલ ૨ બરદાઇ,
લાજવંત લૂણીંગ ૩ ભલા બલોઅચ ૪ ભાઈ;
ખત્રવટ રાખણ ખાંટ ૫ જકે પારાકર ૬ જાણું,
વિહોડ ૭ ને હાપેવ ૮ જકે ઝસરાણ ૯ વખાણું;
નવ શાખાઓ નવ ખંડમાં મકવાણો દશમો મણી,
એટલી શાખ ઉજ્જલતળ તિલક શાખ ઝાલાતણી.

૨. તે વિજયપાળના વંશજ સાબરકાંઠાના ઇલોળના ઠાકોર અને શાંતાજીના વંશજ કટોસણ—પ્રેમપુર—દેવરોળ—વકતાપુર—દેરોગ—ખેરવાડા—કડોળી—પનાર—ઝીંઝુવાડા વગેરેના મકવાણા ઠાકોર કહેવાય છે; પરંતુ તે કોળીની કન્યા વરવાને લીધે અસલ અટકથી ઓળખાતા છતાં કોળી ઠાકોરમાં ગણાય છે.

બધદેવીની યારી હાંસલ થવા તે બાબરા ભૂતને તેણે દરેક બાબતમાં નિરુપાય કરી મ્હેલી પોતાને તાબે કરી લીધો; એટલે ફૂલાંદેવીના સર્વ નડતર બંધ પડી ગઇ કે તે સાજી તાજી બની.

બાબરાભૂતને જ્યારે જ્યારે હરપાળ યાદ કરે ત્યારે ત્યારે તે તરત હાજર થઈ કહેલું ફરમાન બજાવી દે તેવો કોલ લઇ તેને સંતુષ્ટ કરી જતો કર્યો, પણ તેની સાથની લડાઇમાં હરપાળ શ્રમિત બની જતાં તથા મહેનતનું દબાણ થતાં ભૂખ્યો થયો જેથી તે રબારીના વાડામાં જઇ પહોંચી બે બકરાં ઉઠાવી લઈ સ્મશાનમાં પહોંચ્યો અને તે બકરાઓનો વધ કરી સ્મશાનના પ્રજ્વલિત અગ્નિપર તેઓના માંસને શેકી ખાવા મચ્યો હતો.

આ વાર્તાની નાયકા પ્રતાપ સોલંકીની પુત્રી શક્તિદેવી વામ માર્ગના મંત્ર તંત્રાદિ પ્રયોગોમાં ઘણીજ કુશળ હતી, તેણીએ ધ્યાનબળ દ્વારાએ પોતાના લાયક પતિ મેળવવાની માહેતી મેળવતાં હરપાળને પોતાનાજ જેવો મંત્રતંત્રારાધક સમર્થ મનોબળી જાણ્યો, જેથી તે શક્તિદેવી સ્મશાનદેવીના રૂપે હરપાળનું પુરૂષાર્થ તપાસવા જ્યાં હરપાળ બકરાંઓનું માંસ શેકી ખાવા મચ્યો છે ત્યાં આવી તે માંસ બધું લઇ લેવા તેણીએ સ્મશાનમાંથી હાથ બહાર કહાડી માંગણી કરી, એટલે હરપાળે તરત તે બધું માંસ તેણીને દઇ દીધું, છતાં તે તો તે માંસ ખાઇ જઇને ફરી બલિદાન માગવા લાગી, જેથી સાહસીક શિરોમણિ મકવાણે પોતાની તરવાર વડે પોતાની જાંઘ કાપીને તે માંસ તેણીના હાથમાં મુક્યું; કેમકે તેણે પોતાની વિદ્યાશક્તિ વડે તે શક્તિદેવીનું હારદ સમજી લીધું હતું, તેથી પોતાનું શૂરત્વ ને સાહસીકપણું બતાવી આપ્યું. એ સાહસીકતા તથા વીરત્વતા નિહાળી શક્તિદેવીએ પ્રસન્નતા સાથ વર માંગવાનું જણાવ્યું. એટલે હરપાળે કહ્યું–" જો પ્રસન્નતા પૂર્વક વર માટેની ઇચ્છા જણાવો છો તો આ વર માટે એજ ઇચ્છા છે કે આપ આ વરનાં ઘરસૂત્ર થાઓ એટલે સર્વસિદ્ધિ સ્વાધીન થશે." આવું ધ્વનિપૂરક–મનોગત ભાવવાળું બોલવું થતાં શક્તિદેવી બોલી–" હું દેવી છતાં મનુષ્યની સ્ત્રી શી રીતે થઇ શકું ?!" મકવાણે કહ્યું–" જે દૈવીસંપત્તિવંત હોય તે દેવજ ગણાય છે, જેવી આપમાં દૈવીસંપત્તિ છે એવીજ મારામાં હોય તો પછી આ મકવાણાની દેવી (રાણી) થવામાં કશી હરકત જોતો નથી." આવું મકવાણાનું ચમત્કૃતિવંત બોલવું થતાં

શક્તિદેવી ઘણીજ રાજી થઇ અને પોતાનું વચન પ્રમાણ રાખવા તરત હરપાળની સાથે ચાલી, તથા મકવાણાના મકાનમાં આનંદયુક્ત રહી.

કર્ણસોલંકીએ રાણી ફૂલાદેવીનું જન્મનું સાલ કહાડવાના અજબ કામની કદર જાણી હરપાળને દરબારમાં બોલાવી કહ્યું કે— "બાબરાભૂતની બલા દૂર કર્યાના બદલામાં જે તમારી નજરમાં ગમે તે માંગી લ્યો." મકવાણે કહ્યું—"હું એક રાતમાં જેટલાં ગામોએ તોરણ બાંધું તેટલાં ગામ મને આપવાં." આવી માંગણી સાંભળી કર્ણે તેની અચિંત્યશક્તિના અજાણપણાને લીધે તેવી કબૂલતનો તરત મ્હોરસિક્કા સાથેનો લેખ કરી હરપાળને સ્વાધીન કર્યો. કે આનંદમાન થઇ હરપાળ પોતાના સ્થાનકે ગયો અને તેણે થયેલો કરાર શક્તિદેવીને કહી સંભળાવ્યો. તેમજ વિશેષમાં કહ્યું કે—"તમો તોરણ બાંધજો અને હું ગાગરબેડિયાં ચડાવીશ."

ઉપર પ્રમાણે ઠરાવ કરી શક્તિદેવી જ્યાં હાલ પાટડી શહેર છે ત્યાંની સમીપના ગામથી તોરણ બાંધવાં શરૂ કરી રાતભરમાં છસો ગામો ફરી વળી; પરંતુ હરપાળે બાબરાની સહાયતાથી રાતભરમાં ત્રેવીશ સો ગામોને ગાગરબેડિયાં મૂકયાં. આથી શક્તિદેવી પોતાના કરતાં હરપાળને વિશેષ દૈવીસંપત્તિવંત જાણીને કરાર પૂર્ણ કરવા તત્પર થઇ અને તતક્ષણ શુભ મુહૂર્ત્તસંયોગે મસાલી ગામના રાવળ ઉદિચ્ચ બ્રાહ્મણના હાથથી આર્યલગ્ન વિધિ પ્રમાણે હરપાળ સાથે પરણીને તેમની અર્ધાંગના થઇ.

હરપાળ પાંચ પચીશ ગામને આખી રાતમાં તોરણ બાંધશે એવું કર્ણરાજના મનમાં હતુ, એથી સવારે સાંઢણીસ્વાર મારફત કારભારીને તે તે ગામોની નોંધ કરવા મોકલ્યો અને તેણે જોઈ નોંધ કરી તો ત્રેવીશસો ગામોએ તોરણ બાંધેલાં જણાયાં, અત્યંત તાજુબ થઇ તે કર્મચારીએ પાછા આવી મહારાજાને હરપાળની અચિંત્ય ને અગાધ દૈવીશક્તિની વાર્ત્તા નિવેદન કરી, એટલે મહારાજાએ કહ્યું—"ભલે તેમ થયું, તે ઘણી ખુશી થવા જેવી વાત છે. કંઇ બોલેલો બોલ ફેરવાય તેમ છે!"

જોકે કર્ણરાજે ઉપરથી તો આ પ્રમાણે ખુશાલી બતાવી; તથાપિ ત્રેવીશ સો ગામની જાગીર ઓછી થતાં દિલગીરી તો તેના મનપર છાપો માર્યા વગર રહીજ નહીં; એથી બપોરની વખતે રાજા

જ્યારે અંતઃપુરમાં ગયો ત્યારે ઉદાસવંત જાણી રાણી ફૂલાંદેવીએ ઉદાસી થવાનું કારણ પૂછ્યું, તો ખરી હકીકત જાહેર કરી કહેવા લાગ્યો—"આખું એક રાજ્ય વસે તેટલી ખરી પેદાશવાળી જમીન ગઇ છે; પણ કોલ ફેરવાય કેમ, જે થયું તે ખરૂં, હવે ઉપાય શો છે?" તે સાંભળી રાણી બોલી હશે જે થયું તે ઠીક થયું, આપનો કરાર કાયમ રહેતાં જગતમાં મોટી નામના જુગોજુગ કાયમ રહેશે; તોપણ હું યુક્તિવડે થોડાંક ગામ તો પાછાં વાળી આવુંછું." એમ કહી તુરત રથ જોડાવી રાણી ફૂલાંદેવી હરપાળની હવેલીએ જઇ પહોંચી.

હરપાળ રાણીશ્રીને પધારેલાં જાણી તરત પોતે નીચે ઉતરી સ્હામે જઇ આદરસત્કાર સહિત ધર્મભગિનીને હવેલીમાં લઇ આવ્યો અને તે પછી આવવાનું કારણ પૂછયું તો તે બોલી—"ભાઇ! તમો હવે રાજા થયા માટે વીરપસલીમાં કાપડું લેવાનો હક્ક સાચવવા આવી છું માટે જે ઇચ્છામાં આવે તે આપો." આ પ્રમાણે બોલવું થતાં હરપાળ તેમ કરવાનું હારદ સમજી ગયો એથી અન્ય કશું ન આપતાં તેણે તુરત પાંચસો ગામનું ભાલ પરગણું કાપડામાં આપી દીધું, એટલે ભાઇને આશિર્વાદ દઈ ધર્મબ્હેન પોતાને મહેલ ચાલી ગઇ અને રાજાને પાંચસો ગામ પાછાં વાળ્યાની ખુશાલીભરી ખબર આપી કે તે પણ પ્રસન્નતા પામ્યો.

તે પછી હરપાળ પોતાની રાજધાનીનું પાયતખ્ત કયાં વસાવવું, તે જગાની શોધ માટે નીકળ્યો અને હાલ જ્યાં પાટડી શહેર છે ત્યાં આવી પહોચ્યો; તો તે સ્થળે માણકનાથ નામનો યોગીરાજ પર્ણકૂટી બાંધીને તપશ્ચર્યા કરતો હતો અને તેની પાસે કંઇ કાર્ય પ્રસંગે એક પાડડી બકરી પાળેલી હતી, તે બકરીએં હરપાળને પોતાના આશ્રમમાં દાખલ થતો જોઇ જુસ્સાબંધ ભેટી મારવા સ્હામી દોટ મ્હેલી; પણ હરપાળ સિંહનાં માનમર્દન કરનાર બિચારી બકરીથી ડરે તેવો કયાં હતો; તોપણ તે બનાવથી તેને આશ્ચર્ય પેદા થયું કે બકરી ક્ષત્રીવીર સ્હામે થાય છે એ આ વીરભૂમીનોજ પ્રતાપ હોવો જોઇયે અને આવા સ્થળે પાયતખ્તનું શહેર વસાવ્યું હોય તો વીરતાભરી ભૂમી વડે નિર્માલ્યતા દાખલ થવા પામે નહીં." વગેરે વિચાર કરી આગળ કદમ કર્યાં અને યોગીરાજને સાષ્ટાંગ દંડવત્ કરી મર્યાદાપૂર્વક ઉભો રહ્યો. યોગીરાજે આશિષ સાથ યોગબળ વડે હરપાળના મનનું હારદ સમજી કહ્યું કે—"ક્ષત્રીપુત્ર! તું પહાંપર

પાયતખ્તકા શહેર સ્થાપન કરનેકી શોધકે લીયે આયા હૈ તો યહાં-પરહી કલ્યાન સ્થાન કર લે; મગર યહાંપર બસાયે હુવે શહેરકા નામ મેરી પ્યારી પાટડી બકરીકેહી નાંવસેં રખના કિ જિસ્સેં તેરા વંશ સ્વર્ગવેલી–કલ્પવેલીકી તરહ ફેલાવ પાવેગા."

આ પ્રમાણેના શુભાશિર્વાદ દઇ માણુકનાથ ત્યાંથી ચાલતા થયા, અને તે સાબ્રમતીને કિનારે જ્યાં (અમદાવાદ વસ્યું છે ને હાલ ગોદડનાથનું મુકામ છે ત્યાં) આવી રહેવા લાગ્યા અને એથીજ એ જગ્યાનું નામ અમદાવાદ શહેર વસતાં માણુકચોકથી જાહેરમાં આવ્યું.) તે પછી હરપાળે તે જગોએ પાટડી શહેર વસાવી પોતાની રાજધાની કાયમ કરી (એ પાટડીને હાલ પાટડી કહે છે.) પોતે રાજ્યપદ પ્રાપ્ત કરી શક્તિદેવીને પટરાણીપદ અને થરપારકરના સોઢા પરમારની કુંવરી રાજકુંવરબાને યુવરાણીપદ આપી ચાલીશ વર્ષ લગી નિષ્કંટકપણે રાજ્ય ભોગવ્યું.

શક્તિદેવીના કુખથી સોઢોજી, માંગોજી, શેખરોજી અને ઉમાદેવી એમ ત્રણ પુત્રરત્ન તથા એક કન્યારત્ન મળી ચાર રત્ન પ્રકટયાં હતાં. અને રાજકુંવરબાના કુખથી નવ કુંવર થયા હતા.

એક વખત શક્તિદેવીના કુંવર મહેલના અગાડી ખેલતા હતા, તે દરમ્યાન હાથીશાળામાંથી હાથી છૂટી મસ્ત બનેલો રાજમહેલના રણુવાસ અગાડી તોફાન કરતો ધસી આવતાં તે કુવર ધાભરા બની ગયેલા શક્તિદેવીના જોવામાં આવ્યા; પણુ પોતે મહેલના ગોખમાં બેઠી હતી અને કુંવર ભોંયતળીયે હતા એથી નીચે ઉતરી તેમને બચાવવા જેટલો વખત મળે તેમ ન હતું, એ જાણી તેણીએ વિદ્યા-બળથી હાથને લાંબો વધારી દઇ છેક ભોંયતળીયાપર ધભરાઇ રહેલા કુંવરોને હાથથી ઝાલી મહેલ ઉપર લઈ લીધા. આથી તે કુંવ-રોના વંશજોની 'મકવાણા' અવટંક–અટક બદલાઇ ઝાલ્યાના કારણુને લીધે 'ઝાલા' અટક કાયમ થઇ તે આજ લગી ઝાલા રજપૂતોના નામથીજ પ્રસિદ્ધ છે. તથા તે કુંવરોને બચાવ્યા તે વખતે એક ચારણુનો છોકરો પણુ ત્યાં રમતો દેવીની નજરે પડયો તેથી તેને ટાપલી મારી ત્યાંથી દૂર ખસેડી દીધો એથી તે ચારણુના વંશજો ઝાલા કુળના દસોંદી ચારણુ 'ટાપલિયા' નામથી જાહેરમાં આવ્યા. અને એ ઝાલાના નામથી અઢારસેં પાદરની ઝાલાવાડ પ્રસિદ્ધિમાં આવી. (કેમકે ત્રેવીશ સો ગામોમાંથી પાંચસો ગામો કાપ-ડામાં પાછાં આપ્યાં જેથી અઢારસોજ બાકીમાં હતાં.)

તે પછી બાબરાભૂતે કરેલા કરારમાંથી છૂટવા; એટલેકે જ્યારે હરપાળે બાબરાને જીતી તાબે કર્યો હતો તે વખતે તેણે કરાર કર્યો હતો કે ‘જ્યારે હું બોલાવું ત્યારે તારે મારી હજૂરમાં હાજર થઇ કહેલું કામ પાર પાડવું.’ આથી બાબરે જાણ્યું કે આતો મને સદાનો તાબેદાર કરવા માગે છે. માટે બંધણીમાંથી છૂટવાની એક બારી રાખવા સરખો હું પણ બોલ માંગી લઉં એવું વિચારી બાબરે માંગી લીધું કે–‘જ્યારે જ્યારે આપ બોલાવશો ત્યારે ત્યારે હું હાજર થઇ કામ પાર પાડીશ; પણ તે કામ પૂરૂં થઈ જાય તો આપને આરોગી હું ચાલ્યો જઇ સદાને માટે છૂટો થઈશ.” આ કરારને યાદીમાં લાવી ત્રેવીશસો ગામના પાદરે ગાગરબેડીયાં ચડાવ્યાનું કામ પૂર્ણ થતાં નિષ્કંટકરાજ થયું જાણી તે હરપાળ પ્રત્યે કહેવા લાગ્યો–“ મેં કામ પૂરૂં કર્યું છે માટે હવે મને મારી માંગણી પ્રમાણે આપને આરોગી સદાને માટે છૂટો થવાની પરવાનગી આપો.” એ સાંભળી હરપાળે બુદ્ધિની ખૂબીથી તેને કહ્યું કે–“ પણ હજુ કરેલા કામનો વિજયધ્વજ ખડો કરવાનું કામ બાકીમાં રહ્યું છે, માટે વિજયધ્વજ ચડાવવાને માટે કીર્તિસ્તંભ રોપવા મોટો લાકડાનો સ્તંભ લાવી મહેલના ચોકમાં ભોંય ખોદી ખડો કરી કાયમ કરો અને તે પછી તેના ઉપર ચડઉતર કર્યા કરો કે એ કામ પૂરું થતાં તમામ કામ પૂર્ણ થયું માની સુખેથી તમારી માંગણી સફળ કરો.” આ પ્રમાણે મકવાણારાજનું બોલવું થતાં તેણે તેમજ કર્યું; પણ ચડઉતરનો પાર આવ્યોજ નહીં એથી બાબરો લાચાર થઈ હરપાળની જીંદગી પૂરી થતાં લગી તેજ કામ કરતો રહ્યો. આથી હરપાળની સર્વ ચિંતા દૂર થઇ જતાં આનંદમાં દિવસો વ્યતીત કરી રાજાઓના ભૂષણરૂપ કામ કરવામાં નિમગ્ન બન્યો.

શક્તિદેવીનો પાટવી કુંવર સોઢો પાટડીના રાજ્યનો હકદાર થયો. માંગુજી બાપુ તથા કુંદણી સાથ ૮૪ ગામનો તાલુકદાર થયો. (એ કુંવરના વંશજો હાલ ધ્રાંગધરા–લીંબડી–વાંકાનેર–વઢવાણ–સાયલા–ચૂડા વગેરેમાં રાજ્ય કરે છે.) શેખરાજી ચસાણા અને ચોરવડોદરાનાં પરગણાંનો ગિરાસદાર થયો. (એ કુંવરના વંશજો હાલ ચોરવડોદરા અને સાણંદના વાંટાદાર છે.) તેમજ રાજકુંવરબાના કુંવર ખવડજી (એ કુંવરે કાઠીઆણી સાથે લગ્ન કર્યું જેથી ખવડ કાઠીના મૂળપુરૂષનું પદ મેળવ્યું.) બોડાજી, જોગુજી, બાપુજી (એ કુંવરના વંશજોએ બાદશાહના જુલ્મથી મોલે સલામ મુસલ-

માન થયા તે લાલ માંડવાના મિયાં મકવાણા મુસલમાન કહેવાય છે અને માંડવામાંથી મહીકાંઠા ઇલાકાના તાબાના પુનાદરા—ખડાલ—ડાભા તથા રમાસના તાલુકદારો થયા છે.) બળવંત, લોકણજી, દેવોજી અને વિસોજી એ નવે કુંવરોને પણ ગ્રાસ આપી દઇ સંપ વધારી હરપાળે ઉત્તમ રાજ્યકારકીર્દિથી નામને અમર કર્યું.

શક્તિદેવી મહા વિદ્યાવંત છતાં પતિદેવના ચરણકમળમાં રસલોભી ભમરાની પેઠે લુબ્ધ રહી, વિદ્યાવંત છતાં ગર્વિષ્ટ રહેનારી સ્ત્રીઓને પોતે વિદ્યાવંત અચિંત્ય મહિમાવંત વિદ્યાવાળી છતાં નિરાભિમાનપણે પતિસેવા કર્યાનો ઉત્તમ દાખલો બતાવી પતિદેવના પહેલાં પંદર વર્ષ અગાઉ એટલે કે વિક્રમ સંવત ૧૧૭૧ ના ચૈત્ર વદિ ૧૩ ને દિવસે સ્વર્ગભુવનમાં સંચરી પતિસેવા માટેની સમસ્ત દૈવી સામગ્રીનો ઠાઠ મેળવવામાં તત્પર રહી.

વિવેકી વાચકો! આ શક્તિદેવીનું ચરિત્ર આપણને એજ બોધ આપે છે કે—કેસર મકવાણાની પેઠે પિતાની કરેલી ધર્મદાયક પ્રતિજ્ઞા પૂર્ણ કરવા તથા નામના મેળવી મરણને શરણ થવા દરેક મનુષ્યે તત્પર રહેવું. તથા હરપાળની પેઠે મહાન્ મનોબળ મેળવી દેવોની ઉપર દાબ બેસારી ધારેલી ધારણા પાર ઉતારવી અને શક્તિદેવીની પેઠે ગુપ્તશક્તિનું સામર્થ્ય મેળવ્યા છતાં પતિદેવની સેવામાં હાજર રહી નિરાભિમાનપણે જીવન ગુજારી જગતમાં ઉત્તમ ઉદાહરણરૂપ નીવડવું, કે જેથી ઉભયભવ સફળ થાય. કહ્યું છે કે:—

વખાણવા લાયક વિવિધ, કરિયે કામ હમેશ;
જન્મ સફળ થાએ જરૂર, હરિયે સકળ કલેશ.

ધર્મવીર સતી વનદેવી.

વિક્રમની બારમા સૈકાની છાયાના સમયમાં ધારાનગરીના પરમાર રાજા ઉદયાદિત્ય પિતા અને મોહનકુંવરબા ઉર્ફે મનોહરબા માતાની પુત્રી વનદેવી વિદ્યમાન હતી, અને કલ્યાણીના રાજા સૂર્યસિંહનું ગૃહસ્ત્ર થઇ ઉત્તમોત્તમ શીળવડે ઉભયકુળ ઉજાગર નીવડી હતી, તથા એણીના શીળસુવર્ણની કસોટી આ પ્રમાણે થઇ હતી કે:—

કનોજનો રાજા છત્રસિંહ કલ્યાણીપર ચઢી આવ્યો જેથી તેણીનાં રાજ્યની ખરાબી થતાં, તથા તે ધણી ધણીઆણી અને એણીના ચંદ્રસિંહ તેમજ દીપસિંહ નામના બે ન્હાના કુંવરો સહિત મારી ઠાર કરવાનું કાવતરૂં રચાતાં જ્યારે સૂર્યસિંહને કોઇ રીતે પોતાનો બચાવ થવાની આશા ન રહેવાથી માત્ર દંપતી અને બાળકોનો જાન બચે એજ હેતુને અવલંબી તેણે ત્રણ વ્હાલા જનો સહિત પોબારા ગણ્યા, ત્યારે તે ચારે જન ઉપર કષ્ટનો વર્ષાદ વરસવામાં કંઇ પણ મણા રહી નહતી; કેમકે જેઓએ મુલાયમદાર મુખમલની બિછાયતપરથી ખુલ્લે પગે જમીનપર પગ પણ નહોતો મૂકયો તેઓએ અડવાણે પગે અણીદાર કાંટા કાંકરા વગેરે ઉપર રખડી રઝળી લોહીલુવાણ પગો કરી મૂકયા હતા. જેઓએ તડકો, તાઢ કે મેઘવૃષ્ટિની તકલીફ જરા પણ વેઠી નહતી તેઓએ એ બધાંને સહન કરી દિનગુજારો કરવા માંડયો હતો. જેઓએં મન માનતા મેવા મિષ્ટાન્ન આરોગ્યાં હતાં તેઓ વખતે મુંઠી ચણા કે કકડા રોટલા વિના ફાકા કરી પેટમાં ઢીંચણ ઘાલી ભૂખના ભડકામાં સેકાઇ વખત વ્યતીત કરવા લાગ્યાં હતાં. જેઓએ રાજ્યમહેલમાં રહી પ્રશંસાપાત્ર વૈભવ વિલસ્યો હતો તેઓએ જંગલ, ઝાડના નીચે, પાહાડની ગુફા, ખીણ કે ધર્મશાળામાં એક કંગાલની પેઠે દિવસ વીતાવવા શરૂ કર્યા હતા. અને જેઓએ બીજાઓ ઉપર હુકમ કરી એસ આરામ ભોગવ્યો હતો તેઓ જેના તેના છણકા છાકોટા–તિરસ્કાર સહન કરી અપાર દુઃખ ભોગવવા સહનશીળ થવા લાગ્યાં હતાં. હાલ તો મુખમલની શય્યાને બદલે ધુળ કે ઝાડનાં પાંદડાંની પથારી, સોના ચાંદાનાં વાસણોને બદલે હાથનો ખોબો, હીરચીરને બદલે મેલાં ને ચીરાઈ ફાટી ગયેલાં કપડાં, ઝગમગતી રોશનીને બદલે ચંદ્રની ચાંદની–અંધારામાં ચમકતા આગીયાનો ચમકારો, વાહનને બદલે પોતાના બે પગ અને નોકર ચાકરોને બદલે હસ્તે પોતે હાજર હતાં.

પ્રિય પાઠકો ! પ્રાણી અને પદાર્થ માત્રનો જ્યારે દિનમાન વાંકો હોય છે ત્યારે તેઓ મણિયોથી મ્હોંઘાં છતાં ધૂળથી પણ સોંઘાં થઇ ઉન્હાળાના વંત્યાકની પેઠે આમથી તેમ ચાહના વિગરનાં રખડયા ને રઝળ્યા કરે છે; પણ તેઓની તરફ કોઇ નજર ઉઠાવી જોતું પણ નથી. કહ્યું છે કે:—

(મનહર છંદ.)

દિનમાન ફરવાથી મિત્ર તેજ શત્રુ થાય
રક્ષક ભક્ષક બની માથુંજ કપાવે છે,
દિનમાન ફરવાથી દોરડાનો સાપ બને
અમૃત બનીને ઝેર મ્હોંતજ અપાવે છે,
દિનમાન ફરવાથી સુખનાં સાધન સહુ
દુઃખનાં સાધન થઇ સતત સતાવે છે,
દિનમાન ફરવાથી ગુલામના ચરણોમાં
બાદશાહ જેવા પણ શીશજ ઝુકાવે છે.

કવિ **સૂરદાસજી**એ પણ કહ્યું છે કેઃ—

એક બાર સબહી પર બીતી, હમ જાને હમહી પર બીતી. એક.
ભર આયે નીર ઘુમડ આયે બદરા, જાલ પડે મછલી પર બીતી. એક.
ચંદ્ર સૂરજ આકાશ ફિરત હૈ, ગ્રહન લગે ઉનહી પર બીતી. એક.
રામચંદ સીતા અરૂ લિછમન, બનમેં ગયે ઉનહી પર બીતી. એક.
સૂરદાસ પ્રભુ તિહારે દરસકોં નૈન ગયે હમકી પર બીતી. એક.
કબહુક સોનેકે સિંધાસન બૈઠવેકોં કબહુક ભૂમિ બિછાના બિન રહીયેં,
કબહુક સાત પ્રકાર ભોજનકા ભોગ કરેં કબહુક ભાજી લૂન બિન રહિયેં;
કબહુક હાકમ હુકમ ઔરનપેં કીની અરૂ કબહુક રીસે બોલ ઉનકે સહિયેં,
હારિયેં ન હિમ્મત બિસારિયેં ન હરિનામ જાહિ બિધ રાખે રામ તાહી બિધ રહિયે.

વિચાર કરવાની જરૂરજ છે કે જે સ્વર્ગની સુમનવાટિકા સમાન આ આપણી આર્યભૂમિ અન્ય સર્વ ભૂમિ કરતાં સર્વ પ્રકારે ચડીઆતી દશાવંત અને સ્વતંત્ર હતી તેજ ભૂમિ અત્યારે દિવસના ફેરથી પડતી દશાવંત થઇ પારકાની કળાકૌશલ્યતા વગેરે પર ગુજારો ચલાવી પરતંત્રતાનું પાત્ર થઇ રોદડાં રડતી થયેલ છે. જે જાપાનીસો ને અમેરીકનો ખૂણે ભરાઇ પેસી અંધારામાં આથડયા કરતા હતા તે અત્યારે કળાકૌશલ્યના વીર ધીરતાદિમાં આગેવાની ધરાવી સર્વને આશ્ચર્ય ઉત્પન્ન કરાવી રહેલ છે. જે મુંબઇ સેંકડા અગાઉ નહીં જેવા ટાપુ વાસિયોનાં ઝૂંપડાંથી ખારાજળમાં રહી રોદનાષ્ટક કરતી હતી તે મુંબઇ આજે સ્વર્ગપુરીને શરમાવે તેવી શોભાયમાન બની મોહમયી સત્તાથી દેશોદેશમાં જાહેર થઇ સર્વનાં મન મોહી રહી છે. જે અણહીલપુર પાટણની શોભા મિ. નંદશંકર

કૃત્ય કરણઘેલાના પુસ્તક લખાઇ વિદિત થઈ છે, તે શોભા ગાયબ થઇ જતાં ત્યાં ગધેડાં આળોટી ગિર્દ ઉડાડ્યા કરે છે. અને જે ક્ષત્રી પુત્રો પોતાની લાજ-ધર્મ માટે પ્રાણ પાથરતા હતા તે પૈકી કેટલાક અત્યારે બેદરકાર બની બહુચરીના ઉપાસકો થઇ બેઠા છે એ બધો દિવસના ફેરફારનોજ મહિમા છે.

જે રાવણનાં માથાં શિવજીના બાણની ઉપર શોભા પામતાં હતાં તેજ રાવણનાં દશે માથાં એક દિવસ ગરધેલોની ઠોકરેથી રણમેદાનમાં આમથી તેમ રખડતાં હતાં. જે નળરાય સ્વર્ગીય સુખ અનુભવતો હતો તે નૈષધપતિ નળ એક દિવસ અપાર કષ્ટ વેઠી વખત વીતાવતો હતો. જે હરીશ્ચંદ્ર રાજા મહાન્ ઐશ્વર્યતાવંત હતો તેજ સત્યવાદી એક દિવસ દિનમાનના ફેરથી ચંડાળને ઘેર પાણી ભરી ગુજારો કરતો હતો જે રામ રઘુકુળ મણિ રાજ્યમંદિરમાં મહા સુખ માણતા હતા તે રામ એક દિવસ દંડકારણ્યમાં પર્ણકુટીની અંદર રહી વનફળ ખાઇ સમયને માન આપતા હતા. જે મુંજ પરમાર લાખોનું પાલન પોષણ કરતો હતો તે મુંજ એક દિવસ દિવસના ફેરથી ઘરોઘર ભીખ માંગી શત્રુ હાથે શળીએ ચડ્યો હતો. જે માઘ પંડિત પરમાર ભોજ ભૂપતિ કરતાં પણ વિશેષ સમૃદ્ધિવંત હતો; છતાં તેજ માઘ પંડિત દિનમાન ફરવાથી એક દિવસ ભૂખ્યે તરસ્યે ટાંટીઆ ઘસી મરણને શરણ થયો હતો. જે પૃથુરાજ શાહબુદ્દીનને વખતો વખત હાલ હવાલ સાથે હાંકી કહાડતો હતો તેજ દિલ્લીશ્વર એક દિવસ તે ગોરીશાહના હાથે કેદી બની મરણને શરણ થયો હતો. જે કુમારપાળ સિદ્ધરાજના ત્રાસથી ભૂખ્યો તરસ્યો ભટકી, જેનો તેનો આસરો લઈ કંગાલતા યુક્ત દિવસ ઓછા કરતો હતો તેજ કુમારપાળ એક દિવસ અઢાર દેશનો ભૂપાળ બની અપાર પરોપકારી કામો કરી વિશ્વવિદિત થયો. હતો. જે રાણો પ્રતાપી પ્રતાપ ઈંદ્રભુવનમાં ભોગવાતી સાહેબીનો અનુભવ કરતો હતો તેજ રાણો પ્રતાપ વિકટ પહાડોની ખીણોમાં પડી રહી ઝાડનાં મૂળીઆંનો રોટલો રાની બિલાડો લઇ જતાં છોકરાંને રડતાં નિહાળી પોતે આંસુ ઢાળતો હતો. વાંચનાર! એ બધો ઉદય અસ્તના સમયનોજ પ્રતાપ છે !! ચડતી ને પડતી એ બેઉ જગત સ્થાપનના કુંભસ્થાપન વખતેજ કાયમ થઇ ગયેલી છે જેથી કોઇ વખત ચડતી યા પડતી જોર પર આવે છે કે રંકને રાજા અને રાજાને રંક બનાવી દે છે; માટે કોઇએ એ વિષે ગર્વ

હર્ષ કે ગમગીની લાવવી નહીં. સુજ્ઞ જનોએ જેવો સમય આવી લાગે તેવું કામ કરી સમયને માન આપવું એજ ઉત્તમ રીતિ છે. એથી જરા જુઓ કે આપણી આ વાર્તાનાં ચાર રાજકુળીઓએ સમયને કેવું માન આપ્યું છે ? તે તરફ ધ્યાન આપો, અને અગાડી શું વીતકડાં વીત્યાં તે મારી સાથે ચાલી તેનો ખ્યાલ કરો.

આપણી પૂજ્ય સતી વનદેવી, સૂર્યસિંહ, ચંદ્રસિંહ અને દીપસિંહ એ ચારે જણાંએ રખડતાં રઝળતાં દુઃખને ભખી દિલ્લીએં જઇ પહોંચી એક મુસાફરખાનામાં નિવાસ કરી વિશ્રાંતિ મેળવી. તથા તે પછી વનદેવી ને સૂર્યસિંહ જંગલમાં ભટકી લાકડાંનો ભારો લાવી વેચી પેટગુજારો કરવા લાગ્યાં, અને બેઉ પુત્રોએં લોકોનાં ઢોર ચારી ગુજરાનમાં મદદ મેળવવી શરૂ કરી. પરંતુ પ્રેમીપાઠકો ! શું દૈવે તેઓનો આટલેથીજ કેડો છોડી દીધો હતો ? ના ! તે તો આથી પણ વધારે વધારે વિપત્તિનું વાદળ ઘેરી તેઓને એક એકથી જુદાં પાડી અપાર દુઃખવૃષ્ટિથી પજવવા ચાહતું હતું, તેથી તે અદેખા દૈવે એવો ઘાટ ઘડયો કે પ્રથમ સતી વનદેવી કદિ એકલી વનમાં ન જતી છતાં તે દિવસે તેને એકલે ભારો વેચવા જવાની મતી સૂજાડી, એથી તે ભારો વેચવા 'લ્યો કોઇ લાકડાંનો ભારો' એવા અવાજ આપતી એક સોદાગરના ડેરા અગાડી જઇ ચડી. એથી તેનો મધુરો અવાજ સોદાગરના કાને પડવાથી તે સાદના નાદનો મોહ્યો ડેરામાંથી બહાર આવ્યો અને ભારો વેચનારીનો ચ્હેરો જોતાં તો તે કેવળ વનદેવીનો વગર દમડે વેચાણ થયા જેવો બની બોલ્યો–"બાઇ ! ખચિત તું કોઇ દુખિયારી બાઇ છે, તારૂં રૂપ રંગ જો કે આ મજૂરીઆ ધંધાને અંગે બદલાઈ બેઠું છે; તોપણ તારી કુલીનતાની, સુખી સ્થિતિની અને છૂપાઇ રહેલી રમ્યતાની રંગત બદલાઇ બેઠી નથી, એથી અનુમાન કરૂંછું કે તું કોઇ સુખી ઘરની સ્ત્રી છતાં દુઃખના દિવસોને માન આપી રહેલી છું, અને આ મારૂં અનુમાન ઘણે ભાગે ખરૂંજ હોવું જોઇએ. માટે આ ભારો તો હું ખરીદવાજ ઇચ્છું છું." અને તે સાથે મારા અનુમાનની સત્યતા સંબંધી તારો અહેવાલ પણ જાણવા ઇચ્છું છું." દુખિયારી છતાં દ્રઢ મનની વનદેવી બોલી– "તમારે ભારો ખરીદવાની ખાયસ હોય તો તે ખુશીથી લઇ લ્યો. બીજી વાતોનો આ વ્યાપાર સાથે કશો સંબંધ નથી, માટે હું તે વિષે કશો ઉત્તર આપવા ચાહતી નથી." આવું બોલવું સાંભળી દુષ્ટવા-

સનાનો દહામી બોલ્યો-" પણ ભલી બાઇ ! તે કહેવામાં તને અડચણ શી છે ? કોઇ દુલાદિલના દાનાને તેવી બિના જાણુવામાં આવતાં દયા પ્રેરણા કરે તો વખતે દુઃખ ટળી સુખ રજુ થાય; માટે બીજાની અગાડી દુઃખની બિના કહેવાથી દુઃખ દૂર થાય છે." વનદેવી બોલી-" જેઓ મહામૂર્ખ હોય છે તેઓજ પોતાના દિલનું દુઃખ બીજાના અગાડી બોલી બતાવે છે; પણ એમ કરવાથી દુઃખ કમી થતું નથી, પરંતુ ઉલટું વધે છે; કેમકે જે વાત પોતાનુંજ દિલ જાણુતું હતું તે વાત બીજાના જાણુવામાં આવી, એટલે એ વળી પોતાના બીજા વ્હાલા દોસ્ત અગાડી કે સ્ત્રી અગાડી જાહેર કરશે અને એમ થતાં એકથી અનેક કાને તે વાત પ્રસરી દુનિયામાં ફેલાઈ વળશે, તો તેમાં કોઈ હાસ્ય નિંદા કે તિરસ્કાર કર્યા વિના રહેશેજ નહીં. દિલસોજી બતાવી દુઃખમાં સાચો દિલાસો દેનાર તો થોડાંજ મનુષ્ય છે, અને વાત સાંભળી હસી કહાડી કે બેદરકારી બતાવી ચાલી નીકળનાર ઘણાં છે. માત્ર બીજા અગાડી દુઃખનાં રોદડાં કહેવાથી પોતાના મનની નબળાઇ જાહેરમાં આવે છે. તો તેવી વાત બીજા અગાડી શા માટે કરવી જોઇયે ! જે વાત પોતાને હાની કર્ત્તા છે તે પોતાના પેટમાંજ જ્યારે ન રખાણી ત્યારે તે વાત બીજાને કશી હાનિ કરનાર નથી તો તે કેમ દિલમાં રાખી શકશે ! માટે દુઃખ વખતે ધૈર્યતા ધારણ કરવી એજ આનદદાતા છે. કોઇનું દુઃખ કોઈ મટાડી શકતું નથી. અને હું બીજાનું દુઃખ મટાડી શકું છું એમ ગર્વ રાખી બોલે તે માત્ર બોલનારની ઘ્હેલછાજ છે. દુઃખ ભાગનાર સાચો બેલી શ્રી પ્રભુજ છે જેથી મારા દિલની ખરી વાત તેને મેં રોશન કરીજ રાખેલી છે, એ વાસ્તે હું જણુ જણુને કહેતાં બેવકૂફ ઠરવું યોગ્ય માનતી નથી."

સોદાગરે આવી ડાહાપણુ ને દ્રઢતાભરી વાણી સાંભળી કે તેને તેણીની ઉપર વધારે મોહ પેદા થયો; કેમકે રૂપ છતાં ગુણ ભરી સુંદરી જાણુમાં આવી; એથી તેણે તેણીને એકદમ પોતાના નોકરો મારફત અદ્ધર ઉચકી લેવરાવી રથમાં દાખલ કરાવી દીધી, અને તે પછી ડેરો ઉપાડી તુરત કૂચ મુકામ કરી રસ્તો માપ્યો.

વાંચકો શંકા લાવશે કે જે વખતે વનદેવીને ઉચકી રથમાં દાખલ કરી દીધી તે વખતે તેણીએ કેમ પોકાર કરી સોરગુલ મચાવ્યો નહીં ! જો તેમ કર્યું હતે તો કોઇ પણ રાહદારી તેણીને

બચાવા મદદ આપી ફંદમાંથી મુક્ત કરત ચૂપચાપ રથમાં બેસી રહેવાથી કોણ બચાવે તેમ હતું ! આના જવાબમાં એજ ખુલાસો છે કે એવી વાતમાં હો હા કરવાથી ઉલટી ફજેતી થાય છે અને ફક્ત થોડાં જન જાણતાં હોય તે ઘણાં જન જાણે તેમ બને છે. એથી તે ખરે ખર બને છે. તેમ તે વખતે બૂમરાણ કરી મ્હેલે તો તેણીના માટે કોના દિલમાં દયા ઉપજે તેમ હતું ! સોદાગરો ઘણું કરીને એકાંતમાંજ ડેરા ખડા કરે છે અને તે જગોએ પોતાનોજ કાફલો હોવાથી બીજાની સ્વતંત્ર રીતે આવ જા હોય પણ શાની ! આમ હોવાને લીધે તેણીએ ઇશ્વર પર આધાર રાખી 'હવે પછી શું કરવું ? ને ફંદાનો અંત કેમ આવે ?' એજ વિચારમાં લીન થઇ મૌન્યતા, ધારણ કરી હતી. દુઃખની વખતે ધીરજ ધરવી લાભકારી છે; માટે રોવા ને હાયવૉય કરવા કરતાં આવી પડેલા દુઃખમાંથી છૂટવાના ઉપાયમાં કામાંધ સોદાગરને કાલાંવાલાં કરવા લાગી કેઃ–"

"શાહણા સોદાગરજી ! પ્રીતિ પરાણે થતી નથી. પણ મન મળવાથી થાય છે; માટે આમ કરવું યોગ્ય નથી. કેસરી સિંહની મૂછના વાળ, મણિધર સાપના માથાનો મણિ, શૂરાના હાથમાંનું શસ્ત્ર, સૂમનું ધન અને સતીનું મન એ મુવા પછીજ બીજાને તાબે થવા પામે છે; માટે જોહાકીદાર ન ચલવાય તો વધારે ઉત્તમ છે. પરમાત્માએ તમારા હૃદયમાં પ્રેમની ઝલક પ્રકટાવી છે તો તેનો હરામમાં ઉપયોગ ન કરતાં રામ રટણમાં ઉપયોગ કરો કે જેથી બેડો પાર થાય. સોદાગર બની આમ શોદાગર (લુચ્ચાઇનાં કામ કરનાર) થવાથી સોદાગિરીને ખામી લાગશે, ઇતબાર ઉઠી જશે, નેકી છોડવાથી બદી થશે, પરનારીમાં મન પરોવાયાને લીધે બ્યાપારમાંથી મન ઉઠી જતાં દાહાડો ઉઠી જશે, અને અંતે હાલ હવાલને ભેટી નરકને પંથે જવાશે, જેથી હું કરગરી હાથ જોડી કહુંછું મને તમારી ખરાબીનું નાકું માની, ભાદ્રવા શુદી ચોથના ચંદ્રમાની પેઠે મારૂં અદીઠ કરો. ગરીબ અબળાની હાય ન લેતાં આશિષ બ્હોરો અને જે સ્ત્રી એ વાતની ભૂખી હોય તેને તૃપ્ત કરવા આવી હીલચાલ ચલાવો. હું તો તદ્દન શુષ્કમનની છું. મારા પતિનાજ હુકમમાં લીન રહેનારી છું, બીજા નરના ધનને કૂતરાની ચાટ માનનારી છું, લાલચથી લલચાનારી કે મ્હોંતથી બ્હીનારી નથી, તો પછી તેવીને પોતાની કરવા ધારી સુખની આશા રાખવી એ નિરાશા મેળવવાનોજ માર્ગ છે. જે સ્ત્રી રસીલી–પરહિયા–લાલચુ કે જીવનને બ્હાલું

ગણનારી હોય તેવીને માટેજ તજવીજ કરો; કે જેથી ધારણા સફળ થાય. આશા અફળ થવાની જગોએ ઉદ્યમ આદરવો એ અકલમંદનું કામ નથી."

આ પ્રમાણે તેણીનું બોલવું થવાથી સોદાગર બોલ્યો– "સ્ત્રીઓમાં હમેશાં સ્વાભાવિક દોષ હોય છે કે તેઓ લક્ષ્મી ચાંદલો કરવા આવ્યે મ્હોં ધોવા જાય છે. તેમજ સતીઓ ઘણે ભાગે મૂર્ખજ હોય છે જેથી પોતે સુખી થવાનો રસ્તો હાથ લાગ્યાં છતાં પણ સુખી થતી નથી. અને સ્હામાને સુખી થવા દેતી નથી, એથીજ એવી અક્કલનીદુશ્મન ઓરતો દુઃખનેજ વધાવી લે છે, ને ભોળી સ્ત્રીઓ બાજાનું કહ્યું માની તાબે થવાથી મોજ માણે છે. સ્વયમેવ સુખસાધનો સ્વાધીન–રજુ થયા છતાં તેનો તિરસ્કાર કરે એવા જનને કોણ ડાહ્યું સુઘડ કે અકલદાર કહેશે ? સુખી થવા હાથ આવેલી તક ન ગુમાવવી એજ ઉત્તમોત્તમ ડાહાપણ છે. સતીઓ વગડામાં રઝળે છે. ભૂખ દુઃખ વેઠે છે, અને અપાર સંકટોને સ્વાધીન કરે છે, તે કરતાં અસતીઓ ભાગ્યશાળી ને દામદાર હોય છે કે મહેલમાં બિરાજી ખુબાદાર ખાનપાન માન સન્માન મેળવી સર્વ પ્રકારે સુખ સંપાદક બને છે. એવો ટેક શું કામનો કે જે દુઃખી સ્થિતિમાંથી સુખી સ્થિતિએ પહોંચતાં આડે આવે ? માટે જરા વિચાર કર, અને દુઃખદાયી ટેકને છેક તજી દઇ મને નેક ભાવથી ભજી મારા રંગમાં એકમેક થઈ જા કે તારો સંસાર સફળ થાય."

વનદેવી બોલી–" સતી સ્ત્રીઓ મૂર્ખ હોતી નથી; પરંતુ કામાંધ નરાધમ મૂર્ખના શિરતાજ હોય છે જેથી તેઓ સાપના રાફડામાં, સિંહના મ્હોંમાં અને કાળની કરાળ દાઢોમાં હાથ નાખવા મચ્યા રહી મરણનાં ફાંફાં મારે છે. જેને હું સુખ માનું છું તે સુખ કરતાં તમારી માંગણીનું સુખ હું કેવળ દુઃખરૂપજ ગણી તેનો તિરસ્કારજ કર્યા કરૂંછું; કેમકે તે નરકાદિ અધોગતિ દેનાર છે અને મેં માનેલું સુખ સર્વને સર્વોત્તમ સ્વર્ગસંપતિ દેનાર છે, તો પછી જાણી બુઝીને ઇંદ્રભુવનનો ત્યાગ કરી રૈરવદુઃખના સ્થાનમાં વસવાની તમારા શિવાય બીજો કોણ હોંશ રાખે ? જો આવા નીચ ધંધાને સુખનાં સાધનો ગણો છો, તો શું શીળવ્રત નીતિ સદાચારનેજ દુઃખનાં સાધનો માનો છો ! ધન્ય છે–આફ્રીન છે અકલને ! જરા શોચો કે માનવભવ ફરી ફરીને આવતો નથી, કોઇ સત્કર્મના યોગે, લાકડું કોતરતાં

કીડાની કૃતિથી પડેલા અક્ષરની પેઠે અણધાર્યો આવે છે, તે છતાં આવાં દુષ્ટ કામો કરી તેને નકામો ગુમાવવો એ ખરેખર સુખી થવા હાથ આવેલી તકો ગુમાવો છો એમાં જરા શક નથી. છિનાળ સ્ત્રીઓ અહી પારકાના મીઠા પડિયા ચાટી મોજ મજા માણી રાજી થાય છે; પણ મરણ પછી તેઓ અપાર મુંગો માર સહન કરી રૌરવનરકનાં દુઃખો અનુભવે છે ને ત્યાં પોતાનાં કરેલાં કુકૃત્યોનો પસ્તાવો કરે છે. અને સતીઓ ભલે કદાચ અહીં સંકટ વેઠે; પરંતુ અક્ષય સુખના ધામને મેળવી યાવત્‌ચંદ્ર દિવાકરની સલામતી સુધી અવર્ણનીય આનંદ અનુભવે છે ખાન પાનાદિમાં શું આનંદ છે? 'ઉતર્યું ઘાંટી કે થઇ ગયું માટી.' સ્વાદ તેજ દુઃખનું મૂળ છે. વિષયવાસનાના લોલુપી બની જીતી બાજી હારી જવી, કે મધ્ય-સાગરમાં સફર કરી સલામતી માથ કાંઠે આવેલા વહાણને બૂડાડવું એ મહા મૂર્ખરાજનુંજ કામ છે. મને અન્ય કશુ સુખ જોઇતુંજ નથી, અને તમારા સુખમાં રંગાવું પણ નથી. માટે મને નાહક ન સતાવતાં જવા દો કે મારા નાથની ભેટ લઇ ભાગ્યશાળી થઉં."

કામાંધ સોદાગર બોલ્યો—"તું દિલ ચાહે તેમ કહે; પણ હું તને મારા કથનને તાબે કર્યા વિના કદિ કયાંય જવા દેનાર નથી. તું મને મારવાનો ભય બતાવે છે. પણ તેથી હું ડરનાર કે ડગનાર નથી. તેમજ મારૂં કહ્યું નહીં માનીશ તો તારૂં મ્હોત નજીકજ આવીજ રહ્યું છે! આ તો હું જોઉં છું કે જ્યાં લગી સમજૂતીથી કામ થાય ત્યાં લગી ઠીક છે, નહીં તો પછી શિરજોરી કરવી કયાં મારી સત્તામાં નથી? અને છેવટમાં એ પણ ધારી લેજે કે એકે ઉપાયથી મારા તાબે નહીં થાય તો તરવારને તાબે કરી દઇશ, પણ એમની એમ જવા દઇશ નહી." ઇત્યાદિ ભય દમ બતાવી તેણીને પરહેજ કરી રાખી, વિશ્વાસુ માણસોની સખ્ત પણે દેખરેખ રખાવી. આમ થવાથી વનદેવી પતિ તથા પુત્રોને યાદ કરી કરી દુઃખમાં દિવસો નિર્ગમન કરવા લાગી. અને લાગ મળે તો પોબાર ગણી જવાની તક ખોળવામાં તદબીરવંત રહી.

એક સમય સોદાગરે જંગલમાં ડેરા તંબુ તાણી પડાવ કર્યો હતો અને આસપાસ પહેરેગીરો પહેરા ભરી માલની સલામતી જાળવી રહ્યા હતા. એ વખતે વનદેવી પોતાની ધારણા પાર પાડવા ઉઠી ઉભી થઈ તપાસવા લાગી તો પ્રભુની પ્રેરણાએ તંબુની પાછલી

બાજુનો પહેરેગીર ઝોકાં ખાધા કરતો હતો. તે પોલનો લાભ લઈ વનદેવીએ કટારવતે તંબુને ચીરી પોબારા ગણ્યા, અને મુંઠીઓવાળી દોડી જે માર્ગ હાથ આવ્યો તે ગ્રહણ કરી શીળની સલામતી જાળવી.

વાંચનાર ! માનવના શરીરની કીમ્મત હીમ્મતથીજ છે. હીમ્મતે મર્દ તો મદદે માલિક આવેજ છે, હીમ્મત એજ સાચું હથિયાર છે અને હિમ્મત એજ દુઃખનાશક સિદ્ધમંત્ર છે. હિમ્મત રાખી તો વનદેવી કારાગ્રહરૂપ સોદાગરના બંધનમાંથી મુક્ત થવા પામી અને વનદેવી ખરેખર વનદેવીજ થઇ ઘોર વનમાં પોતાના શીળને સાચવવા આકરાં કષ્ટ વેઠી આમ તેમ ફરી વિશ્રામ શોધવા લાગી, પરંતુ જો દુઃખની વખતે સુખરૂપ વિશ્રામ મળે તો પછી તેને દુઃખ પડયું કહેવાયજ કેમ ? દુઃખમાં દુઃખનોજ ઉમેરો થાય છે ને સુખમાં સુખનોજ ઉમેરો થાય છે. વિપત્તિમાં વિપત્તિનોજ વધારો થવાના સદાના નિયમથી બિચારી સતી વનદેવી એક આપત્તિનો અંત લાવી શકી એટલામાં બીજી એ આપત્તિ આવી લાગી કે જ્યારે તે વનદેવી કઠોર માર્ગમાં કંટાળાથી તથા ઘાતકી પ્રાણીયોની હરકતથી સંતપ્ત બની ત્યારે તેણીએ એ બેઉનો વિસારો પાડવા માટે મનથી માની લીધેલા નિર્ભયસ્થાનમાં નિંદ્રાદેવીનું શરણ લીધું. પણ શું એમ કરવાથી વિપત્તિ ને ભયનો અંત આવ્યો ? ના બિલકુલ નહીં ! વિપત્તિનો ભય તો એથી વધારે જોર પર આવ્યાં એથી ત્યાં બે કપરા લૂંટારા આવી ચડ્યા અને વિપત્તિને વશ વિરૂપ થયા છતાં તેણીની વિશ્વમોહક પ્રભા નિહાળી તેઓ મોહાંધ કહો કે કામાંધ કહો, પણ અંધ બન્યા. એટલુંજ નહીં પણ તેણીને ત્યાંથી પોતાના રહેઠાણમાં લઇ જવાનો નિશ્ચય કરી પ્યાર સાથ અવાજ આપી જગાડી. એટલે તે જાગીને જોવા લાગી તો બે બીહામણા પુરૂષો નજર અગાડી ખડા રહેલા જોયા, એથી તે વિશેષ ભીતિવંત થઈ વિચારવા લાગી.

“ શિવ ! શિવ ! ! શિવ ! ! ! પરાણે એક બલાનો અંત લાવુંછું ત્યાં તો બીજી બલા આવી હાજર થાય છે. શું દૈવ તદ્દન વિપરીત થઈ બેઠેલ છે? જો એમ ન હોય તો એક પાપીના હાથથી છૂટી બે પાપીના હાથમાં ફસાવાનો યોગજ કયાંથી બને ? ! ખેર. ગમે તેટલા સંકટ પડે કે છેવટ મરણને શરણ થવાય તેની જરા પણ દરકાર રાખવીજ નથી. પ્રાણ જતાં પણ (પ્રતિજ્ઞા) જાળવારી

તો બસ છે. ” ઇત્યાદિ ચિંતવી ગોવિંદ પ્રભુ પ્રતે વીનવવા લાગી; કેમકે તેણીને દુઃખમાં દિલાશો મળવા કે કષ્ટમાંથી ઉગરવા એ શિવાય કોઇની સહાયતા હતીજ નહીં, એથી ઉપાલંભ અલંકાર સાથ દીનાનાથને કહેવા લાગી કે:—

(વિમળા નવ કરશો ઉચાટ—એ રાહ.)

કહાવી દયાનિધિ લવ દયા નથી કેમ લાવતારે ?।
ફોકટ પ્રજાપીડવા ફંદ રચો દિલ ફાવતારે. કહાવી.
હર્ત્તા થઈ હરકત નથી હરતા, કર્ત્તા થઇ સુખિયાં નથી કરતા;
ભર્તા થઇ નથી ભરતા મુદ મનભાવતારે. કહાવી. ૧
પ્રજા કજાની સજાજ પામે, આપ મજામાં અહનિશ જામે;
એ કેવી કહેવાયે દીનદયાળતારે ?। કહાવી. ૨
નાસ્તિક પાપીનેજ નડો નહીં, આસ્તિક ધર્મીને કનડો સહી;
સત્યસંધ થઇ આપો એવી સહાયતારે ?। કહાવી. ૩
અશરણશરણ કૃપાના સાગર, વિભુ મુકુંદ બેલી વિશ્વંભર;
બિરૂદ તણો કેમ અમલજ નથી બજાવતારે ? કહાવી. ૪
બાનાની પત રાખો બેલી, અધિક કહું શું પોત ઉકેલી;
બિહવલ થઈ કેમ કુંદનપુર પહોંચ્યા હતારે ? કહાવી. ૫
પૂરણ પીડા માંહે પચાવી, અંતે બ્હાર કરો છો આવી;
બેલી થઈ પહેલાં કેમ નથી બચાવતારે ? કહાવી. ૬
વેગે વિપતિ વિયોગ વિદારો, પ્રેમે પ્રેમી પાસ પધારો;
પૂર્ણચંદ્ર સમ શીતળતા પ્રસરાવતારે. કહાવી. ૭

હે અનાથના નાથ ! હવે તો છેલ્લે ક્યારે પાણી પહોંચ્યું છે, જો ઉગારવા બ્હાર કરશો તો તો ઠીક છે; નહીં તો જીભ કરડીને મારા જીવનનો અંત આણી ખરી દાદ મેળવવા ખાસ આપના ધામમાં આવીશ. બસ આજ છેલ્લી અરજ છે.

વિપત્તિવાહિની વનદેવીની આવી અરજ સાંભળી જાણે જગતનિયંતાએજ લુંટારાઓને મનમાં વિલક્ષણ પ્રેરણા કરી હોયની ? તેવો બનાવ બનવા પામ્યો તે એ કે—વનદેવીનો મનહર અવાજ સાંભળતાં તેઓ મોહવશ બની ગયા જેથી એક બીજાના મનમાં કામના પ્રતાપને લીધે એવી દ્વેષભાવના પેદા થઇ આવી કે જાણે આ સાથીને મારી આ સુંદરીને, હું જ લઇ જઇ સંસારને સુખિયો બનાવું. અને

અંતે થયું પણ તેમજ. એક લુંટારાએ બીજા લૂંટારાને ઠાર મારી નાખ્યો અને પછી તેણે વનદેવી પ્રત્યે કામવાસના તૃપ્ત કરવા પ્રાર્થના કરી પોતાની ગૃહણી થવા ખુશી બતાવી; પરંતુ વનદેવીએ ધૈર્યતા સાથ તેની માગણીને ધિઃકારી કહાડી, એથી તે લૂંટારાએ કહ્યું— "ભૂંડી! તને મેળવવા માટે તો મેં સદાના સાથીને પણ ઠાર માર્યો, છતાં પણ તું મને આમ ધુતકારી કહાડવાનો મામલો મચાવે એ મને કેટલું બધું સાલે વારૂ ! મારા કાર્ય ને મમતાળુ લાગણી તરફ તો જરા નજર કર! જો તું કહેતી હોય તો હું મિત્ર સગાં સંબંધી અને વધારે કહું તો માબાપને ત્યજી દઇ તારીજ સેવામાં હરહમેશાં હાજર રહું. તું કહે તો ઇશ્વરની જગોએ તારૂંજ ભજન કરૂં, તું કહેતી હોય તો તારા પગ ચાંપી–કપડાં ધોઇ–અરે કહે તે કરી તારી તાબેદારી ઉઠાવું; પરંતુ મને તરછોડી દેવાનું વચન ન બોલ. મેં તો મારી જીંદગી તનેજ અર્પણ કરી છે. મારૂં માથુંજ તારે ખોળે છે. હવે ચાહે તો જીવાડ કે મારી નાખ. કહે હવે પછી કાંઇ કહેવા જેવું છે?"

વનદેવી બોલી–" પણ તું કાલાંવાલાં શા સારૂ કરે છે! હું કોઇ રીતે તને ખુશી કરી શકતી જ નથી. બસ હવે કાંઈ કહેવું છે !"

લૂંટારો ચીડાઇને બોલ્યો–" જો આ તરવાર જોઇ છે? જેવા મારા સાથીના હાલ કર્યા તેવાજ તારા હાલ કરી નાખીશ; પણ તને જીવતી તો જવા દઇશજ નહીં; માટે સીધી સમાધે માની જા. નહી તો ઢોચકું ઉડાવી હમણાંજ રામશરણ કરી દઇશ."

વનદેવી બોલી–" પાપી! સિરસહાનો તો ધંધોજ આદરેલો છે. તું શું તરવાર બતાવી મારવાનો ડર બતાવે છે. જીવ જશે તો ભૂતે મારી, પણ મારી લાજ લૂંટાવા કદી હા થશેજ નહીં. ઘડા જેટલું માથું જતાં ચણા જેટલું નાક રહેતું હોય તો તે માથાની દરકાર કરવી નથી. અને મારૂં મરણ લાવવું તારેજ હાથ હોય તો માર ઝટકો ને કર ધડથી માથું જુદું ! પણ યાદ રાખ કે તું બે હાથ-વાળો મારનાર છે અને મને બચાવનાર હજાર હાથવાળો છે જેથી હજાર હાથવાળા અગાડી બે હાથવાળો શું કરી શકનાર છે ! હમ-ણાંજ તે તારી ખોપરીમાં કાળદંડ વગાડી તારા પાપી જાનને આ દુનિયામાંથી ભગાડી દેશે. તું મગરૂરી રાખતો નહીં કે હું જ માર-નાર જીવાડનાર છું !" ઇત્યાદિ વચનો સાંભળી લૂંટારો રાતો પીળો થઇ જેવો વનદેવીને તરવારનો ઘા કરવા જાય છે તેવુંજ પરમાત્માની

પ્રેરણાવડે એક શિકાર કરતા રાની ભીલના ધનુષમાંથી તીર છૂટી તે લૂટારાના માથામાં આવી ચ્હોંટયું કે તુરત ચકરી ખાઇ લૂંટારો ભોંય પડયો, અને અંતના શબ્દોમાં વનદેવીની માફી માગી પોતાના પાપની સજા ભોગવવા યમધામ તરફ સીધાવી ગયો.

જ્યારે લૂંટારાને નિર્જીવ દશામાં જોયો ત્યારે વનદેવી પ્રભુનો પાડ માની રસ્તો માપી આગળ જવા ચાલી નીકળી. એ જોઇ શિકારી ભીલ આશ્ચર્યતા સાથ પુછવા લાગ્યો કે–" બ્હેન ! તમો કોણ છો ? અહીં ક્યાંથી આવી ચડયાં છો ! અને ક્યાં જવું ધારો છો ! તમો કોઇ જાતની ધાસ્તી રાખતાં નહીં. તમો મારી ધર્મની બ્હેન છો અને હું તમારો ધર્મનો ભાઇ છું; માટે કશી ફિકર રાખશો નહીં. "

ભલા ભીલનું બોલવું સાંભળી વનદેવીએ પોતાની વીતક વાત કહી બતાવી એટલે તે ભીલ બોલ્યો–" બાઇ ! તમોએ તમારા સત્ય માટે ઘણું વેઠયું છે એથી તમને ઘણા જ રંગ છે. સત્યવતી ! તમો મારી ઝૂંપડીમાં ચાલો કે જ્યાં તમારી ભોજાઇ ને બાળકો પણ છે ત્યાં સુખેથી રહી દુઃખનાં દિવસો ગુજારો. અમો બધાં બનતી સેવા ચાકરી કરીશું અને અન્ન ફુલ ફળ દઇ મનખો લેખે ગણીશું. કહો શી મરજી છે ? "

વનદેવીએ તેના બોલ ચ્હેરા વગેરે તરફ નિધાહ કરતાં ભરોંસા પાત્ર જોઇ કહ્યું–" વીરા ! ભલે, આ દુખિયારી બ્હેનને દુઃખમાં દિલાસો દેવા ચાહતો હોય તો તેમજ કર. બીજા બધા ડર તો મેં બાજુપર મેલ્યા છે; ફક્ત મારી લાજ જળવવાનોજ ડર રહેલ છે તે તું દૂર કરી મને આનંદ આપ, એટલે પ્રભુ તારૂં સારૂં જ કરશે. "

ભીલ બોલ્યો–" બાઇ ! સગો ભાઇ બ્હેનને માટે જે રીત રાખે છે તે બધી રીત હું રાખીશ અને કોઇ વાતની અડચણ આવવા દઇશ નહીં. બસ તમારી સારી આશીષ મળે એટલે લાખો રૂપિયા છે. "

આવું બોલવું થતાં વનદેવી તેની સાથે ચાલી સાવચેતી સાથ ઝૂંપડીમાં જઇ પહોંચી કે ભીલે પોતાની ભીલડીને બધી વાતથી વાકેફ કરી સગી નણંદથી વધારે સેવા સાચવવાની ભલામણ કરી. એથી ભલી ભીલડી ઘણી ખુશીની સાથ પડઆખડ કરતી અબોટ જળ, મીઠાં ફળ અને ઓઢવા પાથરવાની ગોદડી હાજર કરી વનદેવીના મિજાજ મુજબ હાજર રહી. એ જોઇ વનદેવીને ધીરજ

આવી એથી તે ભીલને ત્યાંજ પોતાનું શીળરત્ન સાચવતી રહી દિવસો વીતાવી સમયને માન આપવા લાગી.

પ્યારા પાઠકો ! વનદેવીની તો આવી વલે થઇ; પણ તેણીના પતિ સૂર્યસિંહની શી દશા થઇ તે જાણુવા ઇચ્છા હોય તો નીચેની બિનાથી વાકેફગાર થાએ. જ્યારે વનદેવી ભારોવેચી પાછી આવી ન જણાણી ત્યારે સૂર્યસિંહ તેણીની ખોળ કરવા નીકળ્યો અને પુષ્કળ સ્થળ શોધી વળ્યો; પરંતુ વનદેવીનો કશો પત્તા મળ્યો નહીં, એથી ઉદાસી સાથ અજાયબીમાં ગર્ક થઇ શોચવા લાગ્યો કે–"ભૂલી પડે તેવી નથી, કોઇના દાવમાં આવે તેવી નથી, અને કોઇની ગાંજી જાય એવી નથી; પરંતુ ઓચિંતી કદી કોઇ ઘાતકી પ્રાણીના હાથ સપડાઇ ગઇ હોય તોજ પત્તો ન લાગે, નહીંતો જરાપણુ બાતમી ન જડે એમ હોય ! ખેર, જો તેમજ બન્યું હોય તો નસીબપરજ હાથ દેવાનું રહ્યું. ગભરૂ બાળકો તેણીના વિના શી રીતે રહેશે અને હું તેમને કેવી રીતે સંભાળી શકીશ એ મોટી આપત્તિ આવી નડી. કહ્યું છે કે–'દુખિયાના શિર ઉપર દુખ આવી પડે.' તેવોજ જોગ બન્યો; પણ હવે ગભરાએ શો દાહાડો વળે ? જે માથે પડી તે ઉપાડયેજ સિદ્ધિ છે." વગેરે વગેરે વિચારતો તે પોતાના મુકામ ભણી પાછો વળ્યો, અને મુકામે ગયો તો બાળકો માતા વિના અધીરાં આકળાં બની રહ્યાં જોયાં. એથી તે બાળકોને દિલાસો દેવા લાગ્યો કે–"તમારી મા હમણાં આવે છે. લ્યો હું તમને ખાવાનું આપું તે ખાઇ ઉંઘી જાઓ. જ્યારે તમારી મા આવશે ત્યારે તમોને જગાડીશ." એવું કહી ખાનપાનથી સંતોષી ફોસલાવી સુવાર્યાં, અને તેઓ પિતાના બોલ ઉપર વિશ્વાસે રહી ઉંઘી ગયાં પરંતુ જ્યારે જાગ્યાં અને માતાને આવેલી દીઠી નહીં ત્યારે તેઓએ દયામણા ચ્હેરે અને કરૂણાજનક બોલોથી રોવું શરૂ કર્યું. જોકે સૂર્યસિંહ ફોસલાવા લાગ્યો; તથાપિ માતૃવિયોગને લીધે તે જરી પણ શાંત થયાં નહીં. એથી આખર તેમને તેમની માથી મેળવવાનો દિલાસો દઇ. તેઓને બેઉ ખભા પર બેસાડી સૂર્યસિંહ આગળ ચાલ્યો, અને વનદેવીની શોધમાં ગામો ગામ ફર્યો, પણ ક્યાંય શોધ સફળ થવાની તેને ભાળ મળી નહીં, એથી છોકરાં મા વિના ટીટોડીની પેઠે ટળવળવા લાગ્યાં, એ જોઇ સૂર્યસિંહનું કાળજું કપાઇ જતાં પોતે પણ બાળકોની સાથે ચોધારાં આંસુ ચલાવી મ્હોતની માગણી કરવા લાગ્યો. તો પણ શું તેથી દુષ્ટ દૈવને દયા આવે તેમ

હતું ? તેણે તો એથી વધારે દુષ્ટતા દેખાડવા જૂદોજ માર્ગ પકડયો, અને એવું કર્યું કે-રસ્તો માપતા દુખિયારા તે રાજપુત્રને વધારે દુખિયો બનાવા રસ્તામાં પાણીના પૂરવાળી નદી રજુ કરી. તેમજ તેની પાર જવા કશું સાધન ન હતું એ જોતાં સૂર્યસિંહે તેની પાર જવા એક લાકડાનો ત્રાપો તૈયાર કર્યો અને તેની મારફત પેલે પાર જવા પહેલાં મોટા દીકરા ચંદ્રસિંહને લઇ જઇ પછી દીપસિંહને લઇ જવાનું ધારી દીપસિંહને નદીના કિનારા ઉપર બેસાડી ચંદ્રસિંહ સહિત નદીમાં ઉતરી ત્રાપો ચલાવ્યો; પણ તેના મનની ધારણા પાર પડી નહીં. અધવચના વેગવંત વ્હેનમાં જઇ પહોંચતાં ત્રાપો ભાંગ્યો અને બાપ બેટો બેઉ તણાઇ ચાલ્યા. હરી ! હરી ! ત્રણેનું ત્રિભૂવન ધણી વગર કોઇ ધણી રહ્યું નહીં. દુઃખમાં બેહદ દુઃખ ઉમેરાવાથી સૂર્યસિંહના જીવને તો મૂકયે માગ રહ્યો નહીં. પણ ઉપાય શો ? જ્યાં પોતાનેજ ઉગરવાના સાંસા હતા ત્યાં પછી તે બીજાને શું ઉગારી શકે ! એથી બેઉ જણ જૂદા જૂદા વ્હેનમાં તણાતા ચાલ્યા, જેથી તે બેઉએ ઉગરવાની આશા છોડી દીધી; પરંતુ જેનું આયુષ સબળ હોય તેને કોણ મારી શકનાર છે ! ચંદ્રસિંહ તણાતો તણાતો એક માછીમારના જોવામાં આવ્યો કે તરત તેણે તેને બહાર કહાડ્યો અને ઉંધો વળગાડી ઝોલા દઇ પીધેલું પાણી બહાર કહાડી ગરમ કપડાંમાં લપેટી ચેતનાવંત કર્યો. તે પછી પોતાને ઘેર લઇ જઇ તેને પાળી પોષી મોટો કરવા તે ખંતવંત બન્યો તથા સૂર્યસિંહ તણાતો તણાતો ઘણે દૂર જતાં તરી બચી ગયો અને રામનગર જઇ પહોંચી ભાગ્યની યારી વડે કંઇક મુદત પછી તેજ શહેરનો રાજા થઇ પ્રજાનું પ્રતિપાલન કરવા લાગ્યો. અને નદીના કીનારા પર નિરાધાર બેઠેલા ગભરૂડા દીપસિંહને એક કઠિયારો લઇ ગયો, જેથી તે પણ તેને ત્યાં મોજ મજા કરવા લાગ્યો.

જો કે સૂર્યસિંહને રાજસુખ મળ્યું હતું તેના લીધે તે બાહ્ય-સુખથી તો ઘણો જ સુખી જણાતો હતો; તથાપી તેના અભ્યંતરમાં ખરૂં સુખ શોધ્યે પણ હાથ લાગતું ન હતું; કેમકે જે સુખના સાધનરૂપ સ્ત્રી પુત્રો હતાં તેતો કોણ જાણે કઇ દશાને ભેટયાં તેની તેને કશી ખબર હતી જ નહીં. તેથી રાત દિવસ તેનું દિલ સંતપ્ત રહેતું હતું; પરંતુ કુદરતની અગાડી કોઇનું જોર ચાલે તેમ ન હોવાથી મનનું દુઃખ મનમાં સમાવ્યા શિવાય અન્ય ઇલાજ જ ન હતો, ત્યાં

પછી શું કરે ! માત્ર તેણે મનના તરંગોને શાંત પાડવા તેઓની શોધ જારી રાખી ગમગીનીમાં ગર્ક છતાં રાજ્યનું કાર્ય ચલાવી પ્રજાને સંતોષ આપવા માંડયો હતો.

વનદેવી પણ બીજા સંતાપોથી નિવૃત્ત થઇ હતી; તથાપી પુત્રવિયોગના સંતાપમાં તે નિત્ય પ્રવૃત્ત જ હતી, એથી નિરંતર તેઓના જ વિચારમાં લીન બની અનેક સંકલ્પ વિકલ્પને વશ્ય થતી હતી. એ જોઇ ભીલ–ભીલડી વનદેવીના પતિ વગેરેની શોધમાં રહેલાં હતાં; પણ કશો પત્તો લાગ્યો ન હતો. માત્ર એ શોધના વખતની પોલના લાભમાં એ બન્યું કે–વનમાની શૂની ઝુપડીમાં નિદ્રાવશ થયેલી વનદેવીને એક વાઘ ઉચકી ચાલ્યો, અને તેણીને જેમની તેમ પોતાની બોડમાં મૂકી પોતે બોડના અગાડી ઉંઘમાં ઘોરવા લાગ્યો. જ્યારે ભીલ–ભીલડી ઝૂંપડીમાં આવ્યાં ત્યારે વનદેવી જ મળે નહીં, એ જોઇ અતિ ખેદ પામી તેઓ વિચારવા લાગ્યાં કે, "બાઇ ક્યાં ગઇ હશે ? શું તેણીને કોઈ હરી ગયું હશે ? કે કોઇ ઘાતકી પ્રાણીના પંઝામાં સપડાઇ પડી હશે ?" વગેરે વિચારી પગલું તપાસવા લાગ્યાં તો ત્યાં વાઘનાં પગલાં જોવામાં આવતાં તેઓને ખાત્રી થઇ કે, વાઘ આવી બાઇને લઈ ગયો છે; એમ જાણી તુરત તે ભીલ ભીલડી તે પગલે પગલે વાઘની બોડે જઇ પહેંચ્યાં અને નજર કરી તો બોડમાં વનદેવી બેઠી છે ને વાઘ બહાર લસલસાટ ઉંઘ્યાં કરે છે, એવું જોયું. એટલે તેઓ કામઠાપર તીર ચડાવી વાઘને મારી બાઇને બચાવા તૈયાર થયાં એ જોઇ વનદેવીએ તેમને તે જોખમમાં ન ઉતરવાની ઇસારત કરી; પણ તેમણે તે તરફ બેદરકારી બતાવી ખરી ભીલની જાતનો ખરો ધર્મ બતાવવા તત્પર થયાં. પ્રથમ એક ઝાડનું ડાળું કાપી તેને દોરડાં બાંધી બોડ આગળની શિલાપર ચડી તે ડાળાને આસ્તેથી બોડના મ્હોં અગાડી ઉતારી (તેના પર વનદેવીને બેસવાની ઇસારત કરી જેથી વનદેવી તેના પર બેઠી કે આસ્તેથી) તેણીને ઉપર ખેંચી લીધી, તે પછી ભીલે પોતાની સ્ત્રી સાથે વનદેવીને થોડે છેટેના ઝાડની પોલમાં બેસારી ફરી વાઘની બોડ અગાડી આવી તેને વકાર્યો, કે તે વનરાજ ગુસ્સે થઇ ભીલપર ધસી આવ્યો, એટલે ભીલે તરતજ તેને એકજ તીરથી ઠાર મારી નાંખ્યો અને તે પછી તેઓ બંધાં પોતાની ઝુંપડીએ જઇ પહોંચ્યાં. આ પ્રમાણે બ્હેન અને ધર્મના ભાઇનું સાચું સગપણ જાળવી વનદેવીને આનંદ આપતા હતાં; છતાં વનદેવીને પતિના વિયોગને લીધે કશું

પણ ઠીક લાગતું નહતું. આમ હોવાથી એણી ધર્મ ભગિનીને સાથે રાખી તે બીલ ધર્મના બ્હેનેવીની સૂર્યસિંહની ખબર મેળવવા-ગામોગામ ફરવા લાગ્યો.

એક વખત એવો બનાવ બન્યો કે–એક ગામના ચોરામાં જ્યાં તેઓએ વિશ્રામ લીધો હતો, ત્યાં એક ધુતારાઓની મંડળીએ પણ વિશ્રામ લીધો હતો. તે ધૂર્ત્તમંડળના સરદારે વનદેવીને નિહાળી કે તેણીનીપર મોહિત થઇ તેણીનું હરણ કરવા વિચાર કર્યો, અને જ્યારે બીલ તથા વનદેવી પ્રાતઃકાળે ઉઠી વિદા થયાં કે તે ધુર્તસરદારે તેણીની પુંઠ પકડી. સરદારની રીત ભાત જોઇ બીલ સમજી ગયો કે આ દુષ્ટાચારી પવિત્ર બાઇને અપવિત્ર કરવાના ઉધમનાં ફાં ફાં મારે છે, એથી તે બીલ તેની સ્હામે થઇ ગયો; પરંતુ ભાવિની પ્રબળતાને લીધે તે પકડાઇ ગયો, જેના લીધે તેને કેદી કરી વનદેવીને પોતાને તાબે કરવાનો ઇરાદો પૂર્ણ કરવા લઇ ચાલ્યો, અને મુકામપર લઇ ગયા પછી તેણીને પોતાની મરજી સંપાદન મરવા કાલાંવાલાં કરવા લાગ્યો; પરંતુ તેથી કંઇ વળ્યું નહીં. એટલે તેણીને માર મારવા લાગ્યો તથા શસ્ત્રવડે બેજાન કરી દેવાની ધાસ્તી આપવા લાગ્યો; પણ વ્હાલા વાચકોને કહેવાની જરૂર છે કે જે સતી પ્રાણજતાં પણ પ્રણને રાખવાના નિશ્ચયપર સ્થિત હતી, તેમજ પ્રણ રહેવાની અગાડી પ્રાણ જવો કશા હિશાબમાં ગણતી ન હતી, તે શું જીવવું વ્હાલું ગણી દુરાચારી થવાનું કબુલ કરે કે? મરણ આદરી બેસે તેને પછી ભય શાનો! આમ હોવાથી સરદારના સર્વ ઉપાય નિષ્ફલ નીવડયા. જો કે વનદેવી ક્ષત્રીયાણી હતી? તથાપિ દુઃખને લીધે નિર્બળ અને શસ્ત્ર વગરની હોવાથી તેણીને તે બધું સહન કરવું પડયું હતું. ઘણું લાગી આવતું એટલે હૈયાફાટ વિલાપ કરતી હતી, તેથી દયાજનક સ્વર સાંભળી આસપાસના લોકોને દયા આવી, એટલે તેઓએ તેણીના ઉપર જુલ્મ ગુજારવાનું સરદારને કારણ પૂછયું કે તેણે 'પૈસા ખરચી લાવ્યા છતાં આડી ચાલે છે માટે મારૂં છું:, એવું બતાવ્યું; પરંતુ વનદેવીના મુખથી બળાત્કાર ગુજારવા સંબંધી હકીકત જાણી બેઉની વાતમાં ભારે તફાવત જણાતાં સરકારી માણસો મારફત તે બેઉને તે લોકો રામનગરના મહારાજા અગાડી લઇ ગયા, અને ન્યાય માગવા લાગ્યાં. રાજાએ સરદારને પૂછયું કે, “આ સ્ત્રી ઉપર તું શી રીતે દાવો ધરાવી શકે છે? તેની પ્રતિતી આપ.” સરદાર બોલ્યો–“ધર્માવતાર! મેં પાંચ સાત હજાર રૂપિયાને માથે પાણી ફેરવી એણીની સાથે

સંબંધ જોડ્યો છે; છતાં હવે મને દાદ દેતી નથી; માટે ન્યાયપૂર્વક એણીને શિક્ષા કરો.”

વ્હાલા વાચકોને યાદ તો હશેજ કે વનદેવીનો પતિજ રામનગરનો રાજા થયો હતો, તે રાજાની આગાડી કેસ ચાલતો હતો. જો કે વનદેવીએ તો પતિની શરીરસંપત્તિ જેવીને તેવી હોવાને લીધે પતિને ઓળખી લીધા; પરંતુ વનદેવીની શરીરસંપત્તિ લુંટાઇ ગઇ હોવાથી તેણીનો પતિ તેણીને બરોબર ઓળખી શક્યો ન હતો, તેને લીધે તે શંકાને સ્વાધીન થયો, પણ વનદેવી ધૈર્યતાને સ્વાધીન થઇ હતી. એથી શાંતપણે કેસનું પરિણામ જોવા ચાહતી હતી.

રાજાએ વનદેવીને પૂછ્યું કે–“તમો આનો તિરસ્કાર શા સારૂ કરો છો?” વનદેવી બોલી–“પ્રભો! આ કહે છે તે તદ્દન ખોટું છે હું એની સ્ત્રીજ નથી તો પછી આના હક્કો શી રીતે પૂર્ણ કરી શકું?” રાજાએ સ્ત્રીની જુબાની સાંભળતાં તેણીની જાંખી થઇ પડેલી પણ ગુપ્તરીતે ચમકતિ કાંતી, તથા તેણીનાં અંગચિન્હ, વાણી વગેરે તરફ વિચારતાં નિશ્ચય કર્યો કે “આ સ્ત્રી આ સરદારની તો નથીજ, પણ મારી સહાનુગામિની ભામિની સરખી લાગે છે; પરંતુ ન્યાય આપ્યા પછી જ તે શંકાનું નિરાકરણ લાવવું એજ યોગ્ય છે.” એમ ધારી તપાસપર તે કેસ મુલત્વી રાખી તે બેઉને જૂદા જૂદા મકાનમાં પુરી મૂકાવી દઇ પહેરેગિરોને તેઓની ચેષ્ટા ને વાર્ત્તા વગેરે માટેની બારીક તપાસ કરવા ભલામણ કરી. દરમિયાન એવું બન્યું કે તેજ રાત્રિયે બીજા બે ક્ષત્રીપુત્રો વચ્ચે ભારે તકરાર જામવાથી તેઓ પણ ન્યાય મેળવવા ત્યાં આવ્યા, જેથી રાજાએ તેઓને પણ વનદેવીના પડખેની કોટડીમાં પૂરી દઇ તેમની પણ ચર્ચા વગેરે જોવાનું પહેરેગિરોને જણાવી તે પોતે પણ ગુપ્ત પણે તેઓ સર્વની તપાસ કરવા લાગ્યો; કેમકે તે બન્ને તકરારોનો ન્યાય ગુંચવાડા ભરેલો હોવાથી સત્ય શું છે તે કોઇ રીતે પણ જાણવાની ઇચ્છાને લીધે તે ઉત્સુક હતો.

પ્રેમી પાઠકો! આ નવા આવેલા કેસવાળા બન્ને પુરૂષો કોણ છે તેની તમને ઓળખાણ આપવા કહીશ કે–તેઓ સતી વનદેવીના ગુમ થયેલા બેઉ પુત્રો હતા. આગળ કહેવાઇ ગયું છે કે તે બેઉ જૂદે જૂદે ઠેકાણે ઉછરતા હતા અને તેઓ ઉમર લાયક થતાં જાતી સ્વભાવને લીધે શિકાર કરવાના શોખપર ચડી ગયા હતા. એક વખત દૈવ ઇચ્છાથી તે બેઉ એકજ જંગલમાં શિકાર કરવા આવી ચડ્યા

અને એકજ શિકાર પર બેઉની ચોટ લાગી, જેથી પરસ્પર તકરાર જામી હતી અને એ તકરારનોજ ન્યાય મેળવવા રામનગરના મહારાજા હજૂર આવ્યા હતા. ચંદ્રસિંહ અને દીપસિંહનું લોહી શાંત થતાં તે એક બીજાની વીતક વાત કરવા લાગતાં તેઓ સગા ભાઈ છે એવું તેમને જણાઇ આવ્યું. જેથી ઘણોજ આનંદ પામ્યા અને ભલે તકરાર થઈ કે વિયોગ દુઃખ ભોગવવાનો વખત પ્રાપ્ત થયો. જો કે એ બેઉને આનંદ પ્રાપ્ત થયો; પરંતુ બિચારી વનદેવી તો વિયોગ વિપત્તિના સમુદ્રમાં પડેલી હોવાથી તેણીને આંસુના ભરતી ઓટ થયાજ કરતા હતા અને અતિ દુઃખના ઉભરાથી તે વખતે બોલાઈ પણ ગયું હતું કે—" હે પ્રભો ! મારે શિર અપાર દુઃખ વાદળ ઘેરાયું, છતાં હજુ તેને ટાળવા માટે તારૂં રહેમ દિલ થતું નથી ? સોદાગરના કાવતરાથી પતિ પુત્રોનો વિયોગ થયો, એક પછી એક વિપત્તિ વમળમાં સપડાતીજ ગઇ અને છેવટ આ પાપીને હાથ આવી. હવે તો દયા કરી દુઃખનો અંત આણ, નહીં તો હું મારે હાથે હવે પ્રાણનો અંત આણીશ. હાય ! ક્યાં મારૂં કલ્યાણી નગરીના રાજ્યનું વૈભવભવન ! ક્યાં મારા નાથનો અવર્ણનીય પ્રેમ ! ક્યાં મારા લાડકડા ચંદ્રસિંહ ને દીપસિંહ કુમારો અને ક્યાં આ કેદીની કોટડીઓમાં નિવાસ થવો ? દૈવ ! અદેખા ને અટારા ભવિષ્ય ! તારી પણ ક્રૂરતાનો કંઈ પાર પમાય તેમ નથી. તારી ક્રૂરતા સબંધે જ્યારે જ્યારે સ્મૃતિ લાવું છું ત્યારે ત્યારે વગર અગ્નિએ શરીર દગ્ધ થવા ઉપરાંત તારાં કઠોર કૃત્યો ધ્યાનમાં લઇ જીવનને પણ બરબાદ કરવા ધારૂં છું; પણ તું હાલમાં મારા વિચારોની આડે આવતું હોવાથી હું જેને બરબાદ કરવા ધારૂં છું તેને તું આબાદ કરવા યત્નવંત રહે છે; પરંતુ આખર પરમાત્માના ન્યાયમંદિરમાં આપણુ બેઉને ન્યાય મળતાં હું અચળ સ્તુત્ય સુખ ભેટવા સાથ મારી ઇચ્છાજ સફળ કરીશ. ખેર, હાલ તારે જેટલું દુઃખ દેવું હોય તેટલું દઇ લે, પણ યાદ રાખજે કે વારા ફરતી વારી આવે છે ! મારી ચડતીના વખતમાં તું ફાંફાં મારતું હતું અને અત્યારે હું ફાંફાં મારૂં છું, તેમ પડતી મટી ચડતીનો સમય આવતાં ફરી તારે ફાંફાં મારવાં જ પડશે. તારો ને મારો ટંટો પતવવા જગતનિયંતા વિદ્યમાન છે, સમય આવ્યે સહુ થઇ રહેશે." ઇત્યાદિ ઉદ્દગારો કહાડતી હતી. તે સાંભળી તે બેઉ ભાઇયો અને ખુદ રાજા અતિ સખેદાશ્ચર્ય પામ્યા. રાજાએ તેજ વખતે કોટડીઓ ઉઘડાવી સતી ને પુત્રોને બહાર કહાડી પર-

સ્પર વાતોનો ખુલાસો મેળવ્યો, ત્યાં તો પોતાનુંજ કુટુંબ સિદ્ધ થયું. વનદેવી પતિના ચરણમાં પડી તથા પુત્રો પણ પિતાનાં પદવંદન કરવા લાગ્યા અને રાજા પણ તેઓનાં મન શાંત કરવા વીતક વાતને ગઇ ગુજરી કરી હીમ્મત આપી પરમાત્માની અપરિમિત કૃપાનું અવલોકન કરવાની ભલામણ કરવા લાગ્યો. વાંચનાર ! આ વખતના આનંદનો સત્ય અનુભવ તો તેઓનું હૃદય જાણતું હતું; તથાપિ આપણા હૃદયમાં પણ તે અનુભવાનંદની લ્હેર આવ્યા વિના રહી શકી નથી. હર્ષાશ્રુવડે એક બીજાને પ્લવિત કર્યા.અને સર્વ પ્રકારે પૂર્વવત્ આનંદ વિલાસને સ્વાધીન થતાં પરમાનંદને ભેટયા. ભીલ ભીલડીને જાહાગીર આપી પોતાનાં પ્રિયજન કર્યા. ધૂતારાને તે ખુશાલીના પ્રસંગને ધ્યાનમાં લઇ સબળ ગુન્હેગાર છતાં પણ જતો કર્યો, તથા તેઓ સર્વે મહાનુભવીઓએ પણ દાન પુન્યઆદિ સુકૃત્ય કરી સર્વને સંતોષ આપ્યો. તેમજ સર્વ પ્રકારે સમય સાનુકૂળ થયે સૂર્યસિંહે શત્રુને હાથ ગયેલું સ્વરાજ્ય પણ સ્હેજમાં સ્વાધીન કર્યું. સુખના સૂર્યની સર્વ કળાઓ પ્રકાશી નીકળી અને જીવન પર્યંત પોત પોતાનો ટેક જાળવી અમર નામનાને પણ આધીન બનાવી. ધન્ય છે એવી સતી અને સતીઓના સ્વામી તથા સંતતીને કે જેણે પોત પોતાના સર્વોત્તમ ધર્મ બજાવી જીવનને જાહોજલાલી સાથ ભેટાડયું ! વાંચનાર ! આપ પણ એ આર્યાવર્ત્ત નિવાસી હોવાથી તે આર્યોના આર્યકૃત્યનું અનુકરણ કરી, નામ ધારી નહી; પરંતુ સાચા આર્ય બની પુનઃ હિંદને આર્યાવર્તની ઉચ્ચપદવી અપાવી અમરના-માવળીમાં અંકિત થાઓ ! અસ્તુ !!!

ધર્મવીર સતી રત્નવતી.

પરમ પ્રતાપી વીર વિક્રમાદિત્ય સ્થાપિત સંવતની બારમી સદીની પૂર્ણાહુતીના સમયમાં સતી **રત્નવતીનો** જન્મ થયો હતો. તે કોની પુત્રી ને કયા શહેરમાં જન્મી હતી તે પાકે પાયે જાણવામાં આવ્યું નથી; તથાપિ એટલું તો અજવાળામાં આવવા પામ્યું છે કે તે સતી કાશ્મિર પ્રદેશ પૈકી એક વિભાગના **સંગ્રામ** નગરના **નરરાજની** પટરાણી હતી અને તેણીએ પોતાની વિમળ વૃત્તિની કસોટી આપી પોતાનું નામ ઇતિહાસ પત્રની અંદર સોનેરી સુવર્ણાક્ષરોથી અંકિત કરવા સ્તુત્ય યત્ન જાહેરમાં આણ્યો હતો. તે સંબંધી બિના એવી છે કેઃ—

પાટણના પરમ પ્રભાવશાળી રાજ રાજેશ્વર કુમારપાળને પરચા બતાવનાર જૈનાચાર્ય હેમચંદ્રસૂરીના ગુરૂ દેવચંદ્રસૂરીશ્વર (મલયગિરી અને હેમચંદ્રાચાર્ય સહિત) સુગ્રામ નગરના નજદીક જઈ પહોંચ્યા અને એક તળાવ ઉપર ધોબીએ સ્ત્રીનાં કપડાં ધોઇ સૂકવેલાં તેની ચોમેર ભમરા ગુંજારવ કરતા જોઇ વિસ્મય પામતાં તેમણે ધોબીને પૂછ્યું કે—"ભાગ્યવંત ભાઈ! આ વસ્ત્ર કઇ સુભાગ્યવાન પદ્મિની સતી સુંદરીનાં છે ?!" ધોબીએ જવાબમાં જણાવ્યું કે—"પૂજ્ય મહારાજ! એ વસ્ત્રો અહીંના રાજાની પટરાણીનાં છે." આ પ્રમાણે ધોબીનું બોલવું સાંભળી તેમને અતિ આનંદ પ્રાપ્ત થયો. આનંદ પ્રાપ્ત થવાનું સબળ કારણ, પરમાર્થરૂપ સ્વાર્થ સિદ્ધિની સાધના સિદ્ધ થવાની આગાહી જણાઇ હતી; એટલે કે પોતાને કોઈ સિદ્ધાચાર્ય પાસેથી પ્રાપ્ત થયેલી મહાન્ વિદ્યાશક્તિ કે જેની સિદ્ધિ પ્રાપ્ત થવા પદ્મિની સતી સ્ત્રીની જરૂર હતી; પણ અત્યાર લગણ તેવી સ્ત્રીના અભાવને લીધે સત્ય વિદ્યાશક્તિ વિદ્યમાન છતાં તેની સિદ્ધતા પ્રાપ્ત થવા પામી ન હતી; પરંતુ પદ્મિનીના સમાચાર મળતાં આશાના નવાંકુરો સ્ફૂરાયમાન થયા. વ્હાલા વાંચનાર! આશા એ જગત જીવોને ઝૂલવાનું પારણું છે અને લોભીની કબર છે. આશા વડેજ જગતનાં તમામ કર્મોનો વ્યવહાર ચાલે છે અને તેજ સારાં નરસાં કામો કરાવે છે. વિશુદ્ધાત્મન્ મહારાજ **અમિધરપ્રસાદજીનું** પણ કથન છે કેઃ—

આશા અમર છે રે તેને ધીરવીર કોઇ મારેજી,
 આશા અમર છે રે તેને સંત શૂરા કોઇ મારેજી.
આશા સર્વે જનને હરાવે, તે કોઇથી નવ હારેજી;
 તેથી હારે તે જન જીતે, પણ તે કોણ વિચારે આશા અમર છેરે. ૧
અજ શિવ વિષ્ણું દેવ દેવી પણ, તેને ઉરમાં ધારેજી;
 તેથી દેવો સૃષ્ટિ રચીને, પાળે ને સંહારે. આશા. ૨
તે કુકર્મ કરાવે જીવને, જીવો જીવ વિદારેજી;
 તે શુભ કર્મ કરાવે જીવને, જીવો ચડે જીવ વ્હારે. આશા. ૩
ભૂ જળ અગ્નિ કરે સહુ કર્મો, આશાના આધારેજી;
 અમીધર આશા કરી નિરાશા, પહોંચો આ ભવ પારેજી. આશા. ૪

કહેવાનો મતલબ એજ કે આશાને અવલંબી ત્યાગી આચાર્યો પણ ત્યાગને સરાગભાવને સ્વાધીન કરી તેના સેવકો બને છે. જુઓ વિદ્યા સિદ્ધિની આશાએ તે પદ્મનીનો સહારો મેળવવા દેવચંદ્રસૂરી પણ આતુર થઇ તે પદ્મિનીના પ્રાણેશ્વર નરરાજ હજૂર પધાર્યા, અને ધર્માશિષ દઇ ઉભા રહ્યા. રાજાએ ત્યાગી મુનિવરોને નિહાળી વંદન આદિથી સત્કાર સાચવી પૂછ્યું–"પ્રભો! શું વસ્તુનો ખપ છે?" મુનિવરે કહ્યું–"ફક્ત પાંચ રાત્રી રહેવા માટે આશ્રમનો ખપ છે." રાજાએ ત્યાગીઓના યોગ્ય આશ્રમ આપ્યું, અને તેમની સેવામાં હાજર રહી પાંચ રાત્રી વ્યતીત કરી. મુનિવરે પણ સમયાનુસાર ઉપદેશ આપી તે રાજાની મનોવૃત્તિ પોતાને સ્વાધીન કરી લીધી. જ્યારે પાંચરાત્રી બાદ મુનીવરે ત્યાંથી જવાની ઇચ્છા જણાવી ત્યારે રાજા દિલગીર થયો; પણ રમતારામના કાયદા આગળ મૌન વિના અન્ય ઇલાજ ન હતો, એથી તે બોલ્યો કે–"મહદાત્મન્! મને કંઇ મારા યોગ્ય આજ્ઞા ફરમાવી કૃતાર્થ કરો." મુનિવરે કહ્યું–"કામ તો આપના લાયક છે; પરંતુ જરા મર્યાદાહીન હોવાથી જીભ ઉપડી શકતી નથી. જો કે એ કામ કરવાથી એક મહાન્ વિદ્યા સિદ્ધ થાય અને એ ઉત્તમ વિદ્યાવડે અનેક જનોનું કલ્યાણ જળવાતાં અત્યંત લાભના ભાગી થવાય; પણ કહેવામાં વિવેક આડે આવે છે." રાજાએ કહ્યું–"કૃપાનાથ! આપ વિરક્ત છો, માટે અવિવેકનો ભય ત્યાગી સુખેથી ફરમાવો. જે હશે તે આજ્ઞા હું માથે ચડાવી લઇશ." મુનિવરે કાર્યસિદ્ધિનું રહસ્ય સ્વાધીન શ્રેણીપર આવેલું જોઇ કહ્યું–"આપની પટરાણી પદ્મિની છે તે નિર્વસ્ત્રપણે અમારી સામે ઉભી રહે અને અમો પણ

દિગંબર અવસ્થામાં રહી મંત્ર સાધન કરીશું. તમો ખુલ્લા ખડગ સહ મધ્યસ્થ રહેજો અને વિકાર વૃત્તિ જણાય તો તરતજ ખડકને તાબે કરજો." પદ્મનીને નગ્ન અવસ્થામાં જોઇને પણ જેનું મન ન ચળે એવા આ ગુરૂરાજ છે, એમ જાણી રાજા અતિ પ્રસન્ન થયો અને એકાંત સ્થળમાં તેજ પ્રમાણે કરવાની કબૂલત આપી રાણી સમીપ જઇ કહેવા લાગ્યો, "સતિસાધ્વી! તું ધર્મવીર સતી છે જેથી મારી આજ્ઞા અવશ્ય અમલમાં લઇશજ; તથાપિ પરપુરૂષ અગાડી અમર્યાદથી ઉભું રહેવાની જરૂર હોવાને લીધે જરા કહેતાં સંકોચાઉછું." રત્નવતી બોલી—"પ્રાણનાથ! ગમે તેમ હો, પણ આપની આજ્ઞાને આધીન રહેનારી આ દાસીને તેમ કર્યા વિના છુટકો છે? માટે સુખેથી ફરમાવો." રાજાએ કહ્યું—"આપણે ત્યાં જે વિમલવૃત્તિવંત મુનિવરો પાંચ રાત્રી રહ્યા તે મુનિવરોને એક ઇષ્ટવિદ્યાસિદ્ધિ સ્વાધીન કરવા સમય તારી દિગંબર અવસ્થામાં તેમની સામે ઉભાં રહેવાની જરૂર છે. જેનું મન ચલિત જોઇશ તેને તેજ ક્ષણે તરવારને તાબે કરીશ." રાણી બોલી "પ્રભો! રીતિ તો અસભ્યતા ભરી છે; તોપણ મારો ધર્મ આપના હુકમને તાબે રહેવાનો છે જેથી નિર્વાચિત પણે હાજર રહેવું એમાંજ ભૂષણ છે. આ પ્રમાણે વાર્તાલાપ થયા બાદ આનંદ સહ મુનિવરના કથન મુજબ દંપતિ મુનિવરની તહેનાતમાં હાજર રહ્યાં અને એકાંત સ્થળમાં વિદ્યાસિદ્ધિ સ્વાધીન કરી વાંછિત ફળ પ્રાપ્ત કર્યું. વ્હાલા વાંચનાર! આ સતીનું વૃત્તાંત આપણને એ સુબોધ આપે છે કે—પરપુરૂષોની અને પોતાની દિગંબરાવસ્થામાં રોમ માત્રમાં પણ જેની વિકાર વૃત્તિ ન થઇ, તથા અમર્યાદિત રીતિ આચરવા પતિની આજ્ઞા થતાં પોતાનો પતિવચનાનુગામીધર્મ વગર આનાકાનીએ સ્વીકારી સતી રત્નવતી અતિ પુણ્યની ભાગીયણ થઇ. તેણીએ પરોપકાર પૂર્ણ-લોકનું શ્રેય સાધ્યું—છે આજે કોઇ એવી પદમની? છે આજે કોઇ તેવી રાજાની રાણી! છે આજે કોઇ તેવી પતિવચનાનુગામી? છે આજે કોઇ તેવી નિર્વિકારી પરોપકારિણી મહાસતી? છે આજે કોઇ એવો ગુરૂભક્ત રાજા! છે આજે કોઇ એવા કામજિત સાધુવો? આજે તો ફુવડ અને મેશથી પણ ગોરી ગોરીને નગ્ન જોઇ કામના દાસ થાય તેવા વિરાગીઓ ઘણાએ છે! આજે તો સતીનું બિરૂદ લીધા છતાં અનીતિને પૂર્ણ આદર આપે તેવી જગવંચક સ્ત્રીઓ ઘણીએ છે! આજે તો દિગંબર દશામાં સ્ત્રીને ઉભી રાખવાનું કહેતાં ગુરૂને પણ ગાયબ કરી

દેનારા ગુરૂભક્તો ઘણાએ છે! એથીજ હિંદ હતભાગી પદને ભેટયો છે. અફશોષ! સમયની પણ બલિહારી છે!!!

સ્નેહ સહિત સતિયે સદા, પતિનું વચન પ્રમાણ;
કરવું એથી પ્રિય થશે, કોટિ કોટિ કલ્યાણ.

ધર્મવીર સતી ભૂપાલદેવી.

શિરોલિખિત અભિધાનવંત ભૂરી ભાગ્યભાજન શ્રીમતિ મહારાણી **ભૂપાલદેવી** વીર વિક્રમાદિત્ય રાજેંદ્રના બારમા સેંકડામાં આ દક્ષિણ ભારત ભૂમિના **દેથળી** ગામમાં વીર ક્ષત્રિયાણીના ખોળામાં આનંદનું મહાન્ પાત્ર નિવડી હતી. જો કે તેણી શ્રીમતિનાં માતા પિતાનાં નામો કુમારપાળ રાસ આદિથી તો શંકાની તુરંગમાંથી મુક્ત થવા પામેલ નથી; તથાપિ મારવાડ-જોધપુર નિવાસિ સમર્થ જૈનતત્ત્વજ્ઞાતા સ્વર્ગસ્થ યતિવર્ય્ય શ્રીમાન્ જુહારમલજીની પાસેથી મળી આવેલા લેખ ઉપરથી કહેવામાં આવે છે કે તેણીની માતાનું નામ **રત્નદેવી** અને પિતાનું નામ **ખેતસિંહ** હતું. અને તેણીનાં લગ્ન સોલંકી વીર સિદ્ધરાજના ઓરમાઇ (બીજી માતા) કાકાના છોકરા-ભાઇ દેવપાળના પુત્ર ત્રિભુવનપાળના કુંવર **કુમારપાળ** સાથે થયાં હતાં, તેમજ પિયર અને સાસરાની સ્થિતિ સાધારણ ગિરાસદાર તરીકેની ગણનામાં હતી; પરંતુ સમયના ફેરફારથી તેણી શ્રીમતિને અઢાર દેશપતિ ગુર્જરેશ્વરની મહારાણીનું શ્રેષ્ઠ પદ પ્રાપ્ત થવા પામ્યું હતું અને તે સઘળો પ્રતાપ ઉત્તમ સતીપદના યોગ્ય વર્તણૂક ચલાવવાનોજ હતો. તેની [illegible]ના એવી છે કે:—

ગુર્જરેશ્વર સિદ્ધરાજને સતી શિરોમણિ રાણકદેવીના શાપથી કહો કે પૂર્વ પાપોદયથી કહો, પણ પુત્રદર્શન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું ન હતું, જેથી વારંવાર તે સોલંકી સિંહના હૃદયને 'મારો ગાદી વારસ કોણ થશે?!' એ ચિંતાજ સતાવ્યા કરતી હતી, અને તેને વૃદ્ધિ કરનાર પ્રકાર એ જણાઇ આવ્યો કે,-કોઇએક ભવિષવેત્તાએ એવું ભવિષ્ય ભાખ્યું કે-' આપની રાજગાદી ઉપર કુમારપાળ મહારાજા થશે અને તે દીર્ઘ સમય લગી રાજ્ય વૈભવ વિલસી આપનાથી પણ અતિવિશેષ ખ્યાતિ તથા ધન્યવાદ મેળવી ઉભય

જન્મને દીપાવશે.' જો કે આ વાતથી ગાદીના વારસ માટેની ચિંતા નાશ પામે તેમ હતું, તદપિ ચિંતાનો નાશ ન થતાં ઉલટો તેમાં ઉમેરો થયો તેનું કારણ એજ હતું કે-સતી બકુલાદેવી કે જે વૈશ્યાના કુળમાં જન્મેલી છતાં મહાન્ પતિવ્રતા હતી, એ ગુણથી ફિદા થઇ સોલંકી મૂળરાજે પોતાની રાણી કરી લીધી હતી. તેણીના ઉદરથી પૈદા થયેલ ક્ષેમરાજ તે સોલંકી સિદ્ધરાજનો આરમાઇ કાકો થતો હતો તે કાકાનો પ્રપૌત્ર કુમારપાળ હતો. આમ હોવાથી પોતાના કરતાં હીનકુળવંત પોતાની ગાદીનો વારસ થઈ પોતાનાથી વિશેષ ખ્યાતી મેળવી મહાન્ ધન્યવાદ વરે એ તદ્દન અસાધ્ય શૂળ સમાન તન મનને પીડવા યોગ્ય કારણ જણાયું. એથી તેમ ન થવા દેવા લેખ પર મેખ મારવા ધારતા સિદ્ધરાજે કુમારપાળને મારી નખાવવાનો ચોક્કસ ઇરાદો ગોઠવ્યો.

'મૂર્ખાઓ સમજતા નથી કે-લાખો પ્રયત્ને પણ ભવિષ્યમાં નિર્માણ થયેલો બનાવ કદી ખોટો પાડી શકાતો નથી; તો પણ તે માટે અનહદ ઉપાયો આદરી તન ધન આદિની ખુવારી કર્યાજ કરે છે.'

ઉપરના મહાન્ પુરૂષના મહાવાક્ય પ્રમાણે સિદ્ધરાજ પણ ભવિષ્યને ખોટું પાડવા મચ્યો; પરંતુ 'લખી વાત મિથ્યા ન થાયે લગાર' એ સિદ્ધાંતના પ્રબલપણાથી તે વાત વાયરાની મારફત જાહેરમાં આવતાં કુમારપાળને કાને જઇ પહોંચી, તેથી આશાની અમરતાને અવલંબી તે પોતાનો જાન બચાવા ગુપ્તરીતે પલાયન કરી ગયો. અને વેષ બદલી કેટલાંક વર્ષો લગી મહાન્ પ્રાણસંકટો વેઠતો ભટકતો ફર્યો. સિદ્ધરાજે પણ તેના પ્રાણ લેવા જેટલા ઉપાય થાય તેટલા કરી લીધા; પણ કુમારપાળ હાથમાં સપડાયો નહીં.

વ્હાલા વાંચનાર! જેને કુદરત લાંબી જિંદગી લગી જીવાડવા ચાહે છે, જેને કુદરત સાર્વભૌમ-મહારાજ રાજેશ્વરનો વૈભવ માણવા માટે ઇંતેજાર હતી, જેને કુદરત ઘણી સારી નામનાઓ મેળવરાવી ઉભયજન્મનું સાર્થક સુપરદ કરવા નિશ્ચય કરી બેઠી હતી અને જેને કુદરત સિદ્ધરાજના કરતાં વિશેષ શોભાવંત કરવા આતુર હતી, તેને સિદ્ધરાજનાં કાવતરાં શું કરી શકે તેમ હતાં? '**રામ રાખે તેને કોણ મારી નાંખે?**' બિચારો કુમારપાળ કોઇ વખત પોતાની પાછળ મારાઓ આવી પહોંચતાં કુમારના નિભાડામાં, વાડના ઝાંખરામાં, ભોંયરામાં, પાલા પતરાળાંથી આચ્છાદિત ખાડાઓમાં, ઉપાસરામાં,

મંદિરમાં' અને ગંદી ગુંગળાઇ જવા જેવી જગોમાં સંતાઇ પ્રાણ બચાવતો ભિક્ષાવૃત્તિ વડે અને પરાધીનતાની લીનતામાં મહા દુઃખે પેટ ભરી આશાએ આશાએ જીવન ગુજારતો વિષમ સમય વિતાવતો હતો. તેને પક્કી પ્રતીતિ હતી કે હું અમુક મુદ્દતને ગુર્જરેશ્વર થવાનોજ છું, તેને પૂર્ણ વિશ્વાસ હતો કે મારા પ્રાણુસંકટો વેઠેલાં મજરે આવવાનાંજ છે, તેને ખસૂસ ખાત્રી મળી હતી કે હિમ્મત ન હારતાં વખત વિતાવી લેવાથી ફતેહ સ્વાધીન થનારીજ છે, અને તેને મહદાત્માઓના વચનો પર, સામુદ્રિક ચિન્હોપર અને માળવા પરદેશમાં આવેલા કુડગેશ્વરના દેવળની અંદરના વાંચેલા શિલા લેખપર પૂર્ણ ભરોસો હતો કે હું સાર્વભૌમ પદાધિકારી થવાનોજ છું. આમ હોવાથી તેને જેણે થોડી ઘણી પણ દુઃખ સમયમાં મદદ આપી હતી તેને તેને તેણે વચન આપ્યાં હતાં. હું જ્યારે પાટણનો પૃથિવીશ થઇશ ત્યારે આ તમારા ઉપકારનો બદલો સરસ રીતે આપીશજ! અને થયું પણ તેમજ. સંવત ૧૧૯૯ની સાલ આવી પહોંચી કે કુમારપાળનો કેડો લેનારા સિદ્ધરાજનો યમ રાજાએ કેડો પકડ્યો એથી તેને આ લોક છોડી પરલોક જવું પડ્યું, એટલે કુમારપાળની ભાગ્યદેવીએ તે સમયનો લાભ લઇ, સિદ્ધરાજે મરતી વખતે સામંતો વગેરેનાં કુમારપાળને મારી પાછળ ગાદીએ ન બેસાડવા વચન લીધેલ છતાં તેઓનાજ હાથે તે કુમારપાળ પાટણેશ્વર થવાની પસંદગી કરાવી મહારાજ રાજેશ્વર કરી દીધો.

રાજલોભી પાપી મનના સિદ્ધરાજે કુમારપાળની ગેરહાજરીના વખતે દેથળીની અંદર દુઃખમાં દિવસો ગુજારતી રજપૂતાણી ભૂપાળ દેવીને કુમારપાળનો પતો મેળવવા માટે પુષ્કળ લાલચો અપાવી હતી, તેમજ તેણીને સુખી કરવાની સરતો કબૂલ કરવાની પણ તેણે ઇચ્છા જાહેર કરી હતી; છતાં તેણીએ તે લાલચોની કે સુખી થવાની સરતોની તર્ફ બિલકુલ બેદરકારી બતાવી હતી, જેથી તેણીને પ્રાણુદંડના ત્રાસ પણ બતાવવામાં આવ્યા હતા; તથાપિ ભૂપાલદેવી તે ડરથી જરાપણ પોતાના ધર્મથી ડગી ન હતી. તેણીએ તો તેટલા ત્રાસની પણ બ્હીક બાજુ પર રાખી પોતાના પતિદેવને મારવા આવી પહોંચેલા મારાઓથી બચાવા દેથળીમાં આલિંગ કુંભારના નિભાડામાં સંતાડી દેવરાવવાની ગોઠવણ પોતેજ કરી આપી હતી, અને પતિદેવનો પતો ઘણી વખત જાણવામાં છતાં પણ શત્રુપક્ષને તેની જરા પણ જાણ પડવા દીધી ન હતી. એથી તેણીના સતીત્વની

ખરી કસોટી થઇ આવ્યાની કદરમાં કુમારપાળે રાજ્ય મળતાંજ ભૂપાળદેવીને મહારાણી પદનું તિલક કરાવામાં હાર્દિકતા દર્શાવી હતી; કેમકે મોટી લાલચો આપવામાં આવ્યા છતાં, કંગાલ દશામાં વિદેશમાં ભટકતા તથા મરણના મુખમાં પહોંચવાની અણીનાં ચોઘડીયાં વાગતાં સંભળાતાં છતાં અને મહાન સુખો સન્મુખ થવાનો સમય આવ્યા છતાં, તેમજ પ્રાણદંડના ત્રાસ હાજર થયા છતાં પોતાનું સતીપણું જાળવી પ્રાણાર્પણ થતાં લગી પતિદેવના પદમાં મન લીન રાખવું એ અત્યંત મુસ્કેલી ભર્યો સંયોગ છે. હાજર થયેલા સુખ સંયોગોને છોડી ભવિષ્યમાં પ્રાપ્ત થનારા સંયોગો કે જે હવામાં મહેલ બાંધવા સરખા હતા તેને પોતાના ધર્મમાં અડગ રહી અમર નામના મેળવવા જિજ્ઞાસુ હોય તેજ વળગી રહે છે. તે શિવાયના પતંગીઆ (કાચા) રંગના જનો તો તરતજ પોત પરખાવી દે છે. ધૈર્યતા, ધર્મિષ્ટતા, મિત્રતા અને પતિવ્રતા એ ચારની કસોટી વિપત્તિના વખતેજ થાય છે! સતી ભૂપાળદેવીની દરેક કસોટી વખતે જેવીને તેવીજ અચળ વૃત્તિ રહેતાં સો ટચના સોના સરખી ગણના થઈ આવી હતી, એના લીધે ગુર્જર દેશની પાટરાણીના પદને પ્રાપ્ત કરી તે પદને સરસ રીતે શોભાવી પતિનું પ્રાણધન થઇ રહી હતી!

પાઠક વર્ગ! તે કદરદાન કુમારપાળ અને સતી ભૂપાળ દેવીનું સ્થૂળ શરીર પૃથીતત્વમાં મળી ગયાને આજે સાતસો વર્ષ ઉપર કેટલાંક વર્ષ વીતિ ગયાં છે, છતાં તેમનું સૂક્ષ્મ શરીર પોતાની ઉમદા વર્ત્તણુકવડે પોતાનું અસ્તીત્વ દર્શાવી ગરીબને ભેટેલા પતિ તરફનો તેમજ પત્ની તરફનો અસીમ પ્રેમભાવ, તેમનું અખંડ પતિવ્રત અને કુલીનપણાનો તાદશ ચિતાર પવિત્ર ઇતિહાસમાં પ્રકાશિત રહી સદ્વર્તનવંત પતિ પત્નિને ઉત્તમ બોધ આપી જનકલ્યાણ કરી રહેલ છે! ધન્યાતિધન્ય છે એવા સ્વધર્મ પરાયણ મહાત્માઓને કે જેણે બોલેલા બોલ પાળી કરેલા ઉપકારોનો ઉત્તમ બદલો આપી–અનેક સુકૃત્યો વડે પોતાના ઉભય જન્મ સફળ કરી પોતાની વિજયપતાકા ફરકાવી રહેલ છે!!!

દોહરો—જે કામોથી જગતમાં, કાયમ કીર્તિ કરાય,
તેજ કામ કરિયે સદા; આનંદ આનંદ થાય!

યુદ્ધવીર સતી નાયકાદેવી.

આ વીરાંગના વિક્રમના તેરમા સૈકામાં પરમર્દી રાજાના મહેલમાં જન્મી હતી અને તે ગુર્જરેશ અજયપાળની રાણી થઇ બાળમૂળરાજના રાજ્યની અધિષ્ઠાત્રી ગણાઇ હતી.

જ્યારે બાળમૂળરાજ નાની વયમાં પાટનગર અણહિલપુર-પાટણની ગાદીપર બિરાજ્યો હતો ત્યારે તે રાજ્યનો સમસ્ત કારોબાર તેની માતુશ્રી નાયકાદેવી ચલાવતી હતી. એ અરસામાં શાહબુદ્દીન ગોરીએ બાળમૂળરાજનું રાજ્ય, સગીરવયના રાજાને તાબે અને વિધવારાણીના રાજ્યતંત્રાધીન જાણીને તે રાજ્યપર જબરી ચડાઇ કરી; પરંતુ નાયકદેવી ગોરી છતાં ગોરીના લશ્કરથી ડરી પાછી પાની કરે તેવી ન હતી. તેણીએ તો તેવો પ્રસંગ પ્રાપ્ત થતાં મહોત્સવનો સમય સ્વાધીન થયો માની તુરત કેળવાયેલી જબરી સેના સહિત ગાડરાઘાટ પરના યુદ્ધ સ્થળની ભેટ લીધી.

તે બાળરાજાને ખોળામાં રાખી પોતે પોતાનું વીરત્વ બતાવતી શત્રુસેનાપર શસ્ત્રઅસ્ત્રોનો અસહ્ય મારો ચલાવતી હતી; એટલુંજ નહીં પણ અરીદળને હંફાવી ખ ાખાવીખી કરી તેનો પરાજય કરી અંતે નાયકાદેવીએ વિજયનાં નિશાન વગડાવ્યાં. ગોરીના સપાટામાંથી ગોરી મહામુશીબતે જાનને બચાવી નાશી છૂટયો, અને તેણીનું અસીમ પરાક્રમ જોઇ શાહબુદ્દીન ગોરી પૂર્ણ પ્રેમસહ તેણીનાં વખાણ કરી ખુદાતાલાની બંદગી ગુજારવામાં જોડાઇ તેવી સ્ત્રીની પ્રાપ્તિ ચાહવા લાગ્યો.

વ્હાલા વિવેકી વાચકવર્ગ! સમય અને શૂરત્વની બલિહારી છે, પળનાં પાકેલાં મોતી વિશ્વજનને ચકિત કરનાર નીવડે છે, એમ કહ્યા વિના ચાલે તેમ નથી. સ્ત્રી જાતી જવાંમર્દને હરાવે એ પણ એક માલિકની મહેરબાનીનું જ કારણ છે. આવેલી તકને ઝડપથી હાથ કરી લે તો બેશક ફતેહને ભેટી શકે છે. સમયની જે કદર કરે છે તેની કદર સમય કર્યા વિના રહેતોજ નથી. અને સમયની જે બેદરકાર રાખે છે તો તે સમય પણ ચાહે તેવો વીર, વિદ્વાન કે ગુણવાન હોય; તથાપિ તેની દરકાર રાખતો નથી. જેણે સમયને ઓળખાણ પૂર્વક સાચવી સન્માની લીધો છે, તેણે સર્વ

બાજી સાચવી-સંભાળી લીધી છે એમાં જરા ફેર નથી માટે ધ્યાનમાં લેવા લાયક મહારાજ અમીધરપ્રસાદજીના પદને શ્રવણ કરો કે,-

(કવ્વાલી ગજલ.)

એક દિન વિશ્વમાં લડવું, એક દિન વિશ્વથી રડવું;
એકદિન વિશ્વમાં ચડવું, એક દિન વિશ્વમાં પડવું. ૧
એક દિન નોકરો ફરતા, એક દિન આજ્ઞા શિર ધરતા;
એક દિન વિશ્વમાં મરવું, વળી પાછું ત્યાં અવતરવું. ૨
એક દિન નોકરો થઇને, એક દિન દોડવું રહિને;
એક દિન વિશ્વથી તરવું, એક દિન વિશ્વથી ડરવું. ૩
એક દિન બેસવા હાથી, એક દિન સાથ ન સંગાથી;
એક દિન શ્રેષ્ઠ સુખપાલો; એક દિન બેસવા પાલો. ૪
એક દિન મીઠાઇ તાજી, એક દિન લૂણવિણ ભાજી;
એક દિન પેટ ખુબ ભરવું, એક દિન ભૂખથી મરવું. ૫
એક દિન હેમની થાળી, એક દિન શુષ્ક પતરાળી;
એક દિન હેમમાં પાણી, એક દિન તુંબડી કાણી. ૬
એક દિન શાલ ધારંતા, એક દિન ટૂટલી કંથા;
એક દિન મોતીની માળા, એક દિન અંગ મૃગછાલા. ૭
એક દિન સેજ સુખદૈયા, એક દિન ભૂમિની શય્યા;
એક દિન ચાલતો પંખો, એક દિન ડાંસના ડંખો. ૮
એક દિન મહેલમાં ફેરા, એક દિન જંગલે ડેરા;
એક દિન બંગલો ખાસો, એક દિન ઝુંપડી વાસો. ૯
દિનેશ્વર ઓ પ્રભુ મ્હારા, ચરણમાં શરણ છું ત્હારા;
અમીધર એ ના દેખાડો, દિનેશ્વર દૈત રૂપ પહાડો. ૧૦

(દોહરો.)

સદા સમય બલવાન હૈ, નહી પુરૂષ બળવાન;
કાબે ગોપી લૂંટલઇ. વહી અર્જુન વહી બાન.

એજ મુજબ સમયના ફેરફારથી મર્દો માદી આગળ હારી જાય છે અને સમયના ફેરફારથી તેવી માદીઓ દેશની, દેહની કે ધર્મની આબાદીને ન જાળવતાં બરબાદીની મુલાકાત લેનારી જગો જગોએ ઝળકવા લાગી છે. સમય જે કરે તેજ થાય છે; માટે સમયને સિદ્ધિ આપનાર સમયેશ્વર શ્રી પરમાત્માના ભજનમાં તલ્લીન રહો કે જેથી પુનઃ પ્રશંસનીય સમય રૂપ સૂર્ય પ્રકાશી રહે !

દાનવીર સતી અનૂપમા દેવી.

આ આર્યભૂમિની અપૂર્વ ગરીમા રૂપ સતી સુંદરીનો જન્મ વિક્રમની તેરમી સદીમાં પરમારની રાજધાનીની **ચંદ્રાવતી** કે જે **આબુ** પહાડની તલેટીમાં મહાન્ વિખ્યાત નગરી હતી તેમાં પોરવાડ વંશી પ્રખ્યાત શેઠ **ગંગાશેઠની** ધર્મપત્નિ **ત્રિભુવનદેવીની** રત્નકુક્ષથી થયેલો હતો, અને તેણીનું લગ્ન દેશકાળ તથા શાસ્ત્ર વિધિ મુજબ અણહિલપુર પાટણ (ગુજરાત પાટણ) ના વાઘેલવંશ વિભૂષણ મહારાજા **વીરધવલના** મુખ્ય ને માનીતા પ્રધાન અમર નામધારી **તેજપાળ** સાથે થયું હતું. જો કે અનૂપમાદેવી બાલરૂપથી રૂપાળી ન હતી એટલે કે દેખાવમાં ખુબસૂરત ન હતી, એથી અનૂપમાદેવીના ભાઇ ધરણિગે જ્યારે પોતાની બહેનનું સગપણ તેજપાળ સાથે જોડ્યું ત્યારે પાછળથી તેજપાળને પાકે પાયે ખબર મળી કે ભવિષ્યમાં થનારી ધર્મપત્નિ કદરૂપી છે. એ સબબના લીધે તે સગપણ તુટી જવાની ખાતર તેણે પરચાધારી ક્ષેત્રપાળને નૈવેદ્ય ધરાવવાની બાધા રાખી હતી; પરંતુ ભાવિ મિથ્યા કરનાર કોઇ નથી, એથી આખર તેણીની સાથેજ ગૃહરાજ્ય ચલાવવાની તેને જરૂર પડી, એટલુંજ નહી પણ તે ઉપરથી રૂપાળી ન છતાં અંતરના અદ્દભુત રૂપ બળથી તેજપાળને તે એટલી બધી રૂપાળી અને વ્હાલી થઇ રહી કે તેણીના શકુન મુજબજ તે કદમ ભરવામાં સૌભાગ્યતા માનતો હતો એમ કહીએ તો તે અતિશયોક્તિ ભર્યું નહીંજ ગણાશે.

સંવત ૧૨૭૭માં અનૂપમાદેવીની પ્રેરણાથી તેજપાળે શત્રુંજયનો મોટો સંઘ કહાડ્યો હતો. તે સંઘમાં કેટલાં માણસો હતાં તેની ગણત્રી બીજી ગણત્રી પરથી સ્હેજ કહી શકાશે કે તે સંઘની અંદર ૫૫૦૦ ઉત્તમ વાહન હતાં, ૭૦૦ રાતી સાંઢણીઓ હતી, ૧૦૦૦ ચોકીદારો હતા, સંઘ રક્ષણાર્થે ચાર મોટા સામંતો હતા, અને ૩૦૦ દિગંબર તથા ૨૧૦૦ શ્વેતાંબર સાધુઓ હતા, તો આ ઠાઠ પ્રમાણે અન્ય મનુષ્ય તેમજ તંબુ રાવઠીઓ વગેરેની કેટલી સંખ્યા હશે તેનું સ્વાભાવિક અનુમાન બાંધી શકાય તેમ છે. તે સંઘ-યાત્રામાં લાખો રૂપિયા ખર્ચી દેવાલય, ધર્મશાળા, મૂર્તિપ્રતિષ્ઠા સડક, કોટ, સરોવર, પ્રાસાદ આદિ બનવરાવ્યાં, છતાં હડાળા ગામે પહુંચતાં ત્રણ લાખ રૂપિઆ ધર્મખર્ચ ખાતાના સિલકમાં રહ્યા હતા,

જેથી તે રકમને સોરઠી ચોરોના ભયથી કેમ બચાવવી, તેના નિશ્ચયમાં મધ્ય રાત્રિની વખતે પીંપળના થડ પાસે ખોદી ઘાલવા વિચાર્યું; પરંતુ ત્યાં ખાડો ખોદતાં ઉલટો સોનામ્હોર ભરેલો ચરૂ નિકળી આવ્યો એ જોઇ અનુપમાદેવીને પૂછ્યું કે-"આ બધા ધનને ક્યાં મૂકી રાખીએ કે જેને ચોરો હરી શકે નહીં?" આના ઉત્તરમાં અપાર ડહાપણ અને ઉદારતા પૂર્ણ દિવ્યદેવી બોલી કે-"માનવની સંગાથે કશું આવી શકતું નથી, માત્ર પુન્ય કે પાપ સાથે આવે છે. ધન તો આવે છે અને ચાલ્યું જાય છે; માટે આ ધન અને બીજું આપણી પાસેનું ધન તે સર્વે આપ એવી પર્વતની ટોચે મૂકી રાખો કે તે ધનને પૃથિવી માત્રનાં મનુષ્યો જોઇ શકે, પણ તે ધન કોઇ લઇ જઇ શકે નહીં." કહેવામાં મતલબ એ સમાયલો હતો કે શત્રુંજય, ગિરનાર, આબુ એ પવિત્ર પર્વતોના શિખરો ઉપર દેવાલય, ધર્મશાળા વગેરે ધર્મસ્થળ બંધાવો કે જેથી ખર્ચેલું ધન હમેશાં માનવોની દષ્ટિને ચોરી શકશે, પરંતુ ચોરો તેને ચોરી શકશે નહી અને તે ધન ઘણા સમય લગે જેવુંને તેવું જળવાયું રહેશે. પરમાર્થ નિમિત્ત જે ધન ખર્ચ્યું તેજ ધન અનંત ફળરૂપ નીવડી ઇતિહાસ પત્રમાં અને સૃષ્ટિ સૌંદર્યતામાં કાયમ રહે છે!" આ ચાનકપૂર્ણ સુબોધક વાક્યથી તેજપાળ અને વસ્તુપાળ એ બેઉ પુણ્યપાત્ર ભ્રાતાઓએ નિશ્ચય કર્યો કે મળેલી અનર્ગળ લક્ષ્મીનો તેવેજ રસ્તે સદુપયોગ કરવો.

વાંચનાર! ભવિતવ્યના પ્રમાણેજ સહાયતા મળે છે એ કથનાનુસાર તે બેઉ ભાઇઓની હજૂર એક વિદ્વાન મહાત્મા આવી ચડ્યા અને મનમાં નિશ્ચય કરી રાખેલા વિષયને લગતો બોધ આપવા અન્યોકિત અલંકારથી સૂચવ્યું કેઃ—"

(વસંતતિલકા છંદ.)

कोशं विकाशय कुशेशय सश्रितालौ
प्रीति कुरुष्य यदयं दिवसस्तवास्ते।
दोषोदये निविड राजकर प्रतापे
ध्वांतोदये तव समेष्यति कः समीपम्॥

હે કમળ! દિવસ છે એટલા સમયમાં તારો આશરો કરી રહેનારા ભ્રમરાઓને વિષે પ્રીતિ કર; કેમકે જ્યારે રાત પડશે ત્યારે અંધારા

નો ઉદય થશે, તેમજ ચંદ્રમાનાં ધોળાં કિરણોનો પ્રતાપ વિસ્તરશે તો પછી તારી પાસે કોણ આવશે? મતલબ એકે રાત્રે કમળ બિડાઇ જતાં સુગંધિ ગુપ્ત થવાથી ભમરાઓ પાસે આવતા નથી, જ્યાં લગી સુગંધી ફેલાઇ છે ત્યાં લગીજ ભમરા આવે છે; માટેજ તારા વિકસ્વરપણા વખતે ભોગી ભમરોને જે સુગંધીનો લાભ અપાય તે આપ.

બીજો ભાવાર્થ એ પણ પ્રદર્શિત થતો હતો કે હે કમળ જેવા સુકોમળ શરીરવાળા પુરૂષાર્થી! તારો દિવસ જ્યાં લગી પાંસરો વા ઉદયવંત છે ત્યાં લગીજ તારૂં ચલણ તારા સ્વાધીન છે; માટે તે દરમ્યાન તારા આશ્રિત મંડળને માટે તારો ખજાનો ખુલ્લો મૂકી દે એટલે કે તે ધન તેઓને આપી દે; કેમકે જ્યારે તારા દોષ જાહેરમાં આવશે અને તારા પર રાજાના કર (હાથ) નો પ્રતાપ છે તે જતો રહેશે ત્યારે તારી પાસે કોણ આવશે? અર્થાત્ ઊતરેલા અમલદારને કોડી કીમતનો ગણી કોઇ નહી આવશે! માટે અત્યારે જે કરીશ તેજ સ્તુત્ય છે!”

અનૂપમાદેવીના બોલને આ બોધથી વિશેષ પુષ્ટતા પ્રાપ્ત થઇ એથી તે બેઉ ભાઇઓએ એકંદર ત્રણ અબ્જ, ચૌદ લાખ અને અઢાર હજાર રૂપીઆ પરોપકારમાં ખર્ચી તેનું સઘળું માન અનૂપમાદેવીને સમર્પણ કર્યું. તેમજ અનૂપમાદેવીએ પણ સત્કૃત્યમાં લાખો રૂપિયા વાવરી દાનવીરપદને શોભાવ્યું. જો કે અનૂપમાદેવી ચુસ્ત જૈનધર્માનુરાગીણી હતી છતાં પોતાના પતિ અને જેઠને અન્ય ધર્મ તરફ પણ પોતાના જૈનધર્મ જેવી તિવ્ર લાગણીવંત રખાવ્યા હતા એટલે કે-એક લાખ શિવલિંગની સ્થાપના કરાવી. બારસો વિષ્ણુ, શૈવાદિ માર્ગીના દેવોનાં દેવળો બંધાવ્યાં, સાડા સાતસો વિશાળ બ્રહ્મણશાળા બંધાવી, સાતસો ને એક તપસ્વીઓને રહેવાનાં સ્થાન કરાવ્યાં, સાતસો સદાવર્ત્ત ખુલ્લાં મૂક્યાં, ચોરાસી સરોવર, ૭ સો ચોસઠ કુંડ અને ચોસઠ વાવડીઓ બંધાવી, ત્રણ હજાર શિવાલય બંધાવ્યાં, સો પત્થરની અને ત્રણસો ઇંટોની પર્વો બંધાવી, તપસ્વીઓને માટે હજાર વર્ષાસન બાંધી દીધાં, સાતસો શૈવમઠ બંધાવ્યા હતા. આ શિવાય તેરસો તેર નવાં જૈનમંદિરો, તે· ત્રીશ સો મંદિરોનો જીર્ણોદ્ધાર, એક લાખ પચીશ હજાર જિન પ્રતિમાઓનું સ્થાપન, નવસો ચોરાશી યતિયો માટે પુસ્તકશાળા,

સાતસો ઉન્નત પૌષધશાળા, પાંચસો વિદ્યાલય કે જેમાં પાંત્રિસ સો જૈન સાધુઓને ભોજન મળી શકે તેવી વ્યવસ્થા સહિત બંધાવી અને ચોવીશ દંતમય જૈનરથ સુવર્ણ કળશ અને સુવર્ણમય કરાવ્યાં. તેમાં શત્રુંજય ઊપર ૧૮૯૬૦૦૦૦૦ રૂપિયા, ગિરનાર ઊપર ૧૨૮૦૦૦૦૦૦ રૂપિયા, આબુ ઊપર ૧૩૫૩૦૦૦૦૦ રૂપિયા ખર્ચ્યા. તેમજ એ ત્રણે સ્થળે સરસ્વતી ભંડાર સ્થાપવા ૧૮૦૦૦૦૦૦ રૂપિયા અને ખંભાતમાં જ્ઞાનભંડાર સ્થાપવા ૩૦૦૦૦૦ રૂપિયા ખર્ચ્યા.

આ પ્રમાણે અભેદ ભાવથી વર્તિ અનુપમાદેવીએ પતિ જેઠ જેઠાણી પાસે સાર્વજનિક હિતનાં કાર્ય કરાવી સર્વનાં કામો લેખક-કવિયોની કલમ વાણીથી સુવર્ણમય કાયમ કરાવ્યાં. ધન્ય છે એણીની ઉદારતાને કે જે સૌભાગ્યશાલીનીનો અંતરાત્મા અત્યારે લોકાંતરમાં બિરાજેલ છતાં આપણા અંતઃકરણમાં ઉદારતાના અંકુરો ઉદ્ભવાવી રહેલ છે!

નામ રહંદે ઠક્કરો, નાણાં નાહિ રહંત;
કીરત હંદાં કોટડાં, પાડ્યાં નહિ પડંત!

યુદ્ધવીર સતી ઇચ્છનકુંમારી.

આ વીર વનિતા સતીનો જન્મ વિક્રમાદિત્યની તેરમી સદીમાં પ્રખ્યાત આબુપહાડની તલેટીથી આસરે બાર માઇલને છેટે પરમાર રજપૂતોની રાજધાની ચંદ્રાવતી નગરીમાં અટંકી પરમારજેતસિંહના મહેલમાં થયો હતો. એ વીરબાળા તે સમયની સુંદરીઓમાં ઘણીજ રૂપવાળી ગુણશાળી અને સુબુદ્ધિશાળી વીરસતી શિરોમણિમાં પ્રથમ પદાધિકારિણી ગણાતી હતી, અને એણીનાં લગ્ન દિલ્લીશ્વર (છેલ્લા ક્ષત્રીવીર નરેશ) પૃથિરાજ ચહુઆણની સાથે થયાં હતાં. તેમજ એણીની વીરત્વ, સતીત્વની કસોટી પણ સરસ પ્રકારે થઇ હતી-તે બિના આ પ્રમાણે છે કેઃ—

હમેશાં નિયમજ છે કે જેની પુત્રી બહેન કે સ્ત્રી બેહદરૂપાળી હોય તેના હજારો શત્રુ થવા પામે છે; કેમકે તેણી રૂપવંતીના રૂપમાં અનેક વિષયીજનો લીન થઇ અનેક ખટપટો આદરી તેણીનો સમાગમ મેળવવાને અત્યાતુર બને છે, અને તેમ કરતાં કોઇ આડે

આવે તો તે વિષયી કૃત્યાકૃત્યનું–સારાસારનું–ગમ્યાગમ્યનું–લાભાલાભનું કે ધર્માધર્મનું કશું પણ ભાન ન રાખતાં બેસુમાર પાપનાં પગલાં ભરે છે, આમ હોવાથી રૂપવંત બાળાના વાલી વારસો વગેરેને ઘણું શોષવું પડે છે. દાખલા તરીકે જોશો તો કોઇ પણ પદ્મિની સ્ત્રીના પિતાને જાનમાલની ખ્વારી પ્રાપ્ત થયા વિના રહી નથી એવી ઇતિહાસ સાક્ષી આપી રહેલ છે. જે જે સ્ત્રીઓને લીધે બખેડા, ખુનામરકી વગેરે થયાં હશે, થતાં હશે અને થશે તે તે બધાંઓનું મૂળ કારણ રૂપાળી હોવાનુંજ મળી આવશે. કદરૂપી માટે તો કોઇ ચાહનાજ રાખતું નથી, તો પછી જોખમમાં ઉતરવાનું હોય જ શાનું! જે જે વિપત્તિઓ છે તે તે અતિરૂપના આશ્રયમાં જ છે. તો પછી મહા રૂપવંત, ગુણવંત છતાં રાજ્યમહેલમાં રમનારી રાજકુમારી ઇચ્છનકુમારીના માટે તેણીના પિતા આદિ વાલી વારસો લાગતા વળગતાઓને કેમ દુઃખ શોષવું ન પડે!! એ ઇચ્છનકુમારીના કારણને અવલંબી એવી ખાનાખરાબી થઇ કે આ ભારત પરાધીનતામાં ગારત થઇ આજની ઘડી સુધી આરતમય બની રહેલો દૃષ્ટિગોચર થઇ રહેલો છે. જેથી સતી ઇચ્છનકુમારીનું અતિરૂપ આર્યાવર્ત્તની અવદશાના બીજ રૂપ જ થઇ પડ્યું હોય તેમ કહેવામાં આવે તો તે ખોટું ગણાય તેમ નથી.

ઇચ્છનકુમારીના રૂપગુણની પ્રશંશા ભાટ, ચારણો, કવિયો અને માગણો વિગેરેના મુખથી દેશ વિદેશના દરેક વિભાગમાં ફેલાઇ જતાં પાટણપતિ ભોળોભીમ કે જે ભીમ (ભયંકર) હઠીલી પ્રકૃતિ સહ કામ કરવામાં એક્કો ગણાતો હતો, તેના કાને જઇ પહોંચી. એથી તે ભોળોભીમ ઇચ્છનકુમારીની પ્રાપ્તિનો ઉપાસક બની રહ્યો, વાત ચીતમાં, હરવા ફરવામાં, ખાવા પીવામાં, રાજ કાજમાં, બેસતાં ઉઠતાં, અને જાગતાં ઉંઘતાં પણ ઇચ્છનકુમારીનાજ ધ્યાન–ગાન–તાનમાં ગુલતાન બની તેણીને મેળવવા માટેના ઉપાયો યોજવામાં લીન થયો. પ્રથમ રાજરીતિ પ્રમાણે અમરકોષનો કર્ત્તા જૈનયતિ અમરસિંહ ઘણોજ રાજખટપટનો જ્ઞાતા અને શામદામાદિમાં પૂરો કુશળ હતો તેને પોતાના મનની વિચારણા જણાવી જેતસિંહ પરમાર પાસે ઇચ્છન-કુમારીનું માગું કરવા મોકલ્યો; પરંતુ કુદરતની કારીગરી અગાડી

અમરસિંહની અને ભોળાભીમની કારીગિરી આશાને ભેટી શકી નહીં; કેમકે જ્યારે અમરસિંહે ચંદ્રાવતીના મહારાજા અગાડી જઇ ગુર્જરેશ્વરની ઇચ્છનકુમારી માટે લાગેલી તાલાવેલીનું છટાદાર વિવેચન કરી બતાવ્યું, ત્યારે ઉત્તરમાં નિરાશાભર્યા શબ્દ એ કાને પડ્યો કે-"મહારાજ! ગુર્જરેશ્વરને પરમારપુત્રી આપવામાં જ્ઞાતિબંધનાદિનો કશો પ્રતિબંધ આડે આવે તેમ નથી; તથાપિ ચાલુ રાજરીતિ પ્રમાણે રાજકન્યાનો વિવાહ દિલ્લીશ્વર ચહુઆણ રાજરાજેશ્વરના યુવરાજ પ્રથિરાજ સાથે યુવરાજ પદ પ્રાપ્ત થતાંની સાથે જ થયેલો છે, જેથી હવે અન્યને અપાઇ ચૂકેલી કન્યા ગુર્જરાધીશને આપવામાં ન્યાયબંધન-પ્રેમબંધન વગેરેનો પ્રતિબંધ આડે આવે છે; માટે નિરૂપાયને લીધે આપનો સવાલ અંગીકાર કર્યા શિવાય જેમનો તેમ પાછો સુપરદ કરૂં છું."

અમરસિંહે પોતાના શ્રમને અને પોતાના અનુયાયી ભીમની લાલસાને લાલિત્યતાવંત રાખવા ભીમનો જરા પ્રતાપ પ્રગટ કરી પરમારને ભયને સ્વાધીન કરવા યુક્તિ પૂર્ણ વચનો કહેવાં શરૂ કર્યાં કે-"રાજન્! આપનું કહેવું ઠીક છે; પરંતુ ભોળા ભીમદેવની પ્રતિજ્ઞા ભીમ જેવી અડગ છે, ભીમદેવના પરાક્રમ વૈભવાદિ અગાડી દિલ્લીશ્વરનો યુવરાજ કંઇ વિશાદમાં નથી. ગુર્જરેશ્વરને ગુણવંતી આપવાથી ઘણો ગાઢ સંબંધ બંધાતાં આપને ઘણા લાભ થવા સંભવ છે, મોટા બળીઆની ઓથ મળવી એ અતિદુર્લભ છે, છતાં ઘેર બેઠે તે પ્રાપ્ત થવાનો સમય સ્વાધીન થયો છે તેને જાણી બુઝીને જવા દેવો એ શું આપ જેવા સુજ્ઞ દીર્ઘદર્શિને યોગ્ય છે! ઘણા લાભની પ્રાપ્તિમાં થોડી હાનિ હાથ લાગતી હોય તો તેની દરકાર રાખવાની કશી જરૂર નથી. યુવરાજ ગાદીપતિ થશે ત્યારે રાજ્ય વૈભવનો અનુભવ મેળવશે અને કોઇ વખત કુમક કરશે; પરંતુ તે ભવિષ્યની વાતપર કયો અનુભવી હવામાં મહેલ બાંધવા સરખા તર્ક કરી તેમાં મોહિત રહે! ગુર્જરેશ્વર સર્વ ઐશ્વર્ય સંપન્ન, પ્રતાપી, બુદ્ધિવંત નેકટેકધારી છે તેની માગણી સ્વીકારી મહાન્ લાભને પ્રાપ્ત કરી લ્યો કે જેથી સંકટમાં પણ સાહાયક થઇ આનંદનો ઓઘ અર્પી શકશે. કદાચ હઠને વળગી રહી રાજકુમારીનું કરેલું માગું નહીં સ્વીકારશો તો તેથી શું ગુર્જરેશ આપનું ધાર્યું થવા દે તેમ છે! તે તો રાજકુમારીનું બલાત્કારે હરણ કરી તેણીને પોતાના મહેલનો

શૃંગાર બનાવી લેશે, અને તેમ થશે ત્યારે કશો પણ રંગ રહેશે નહીં; પણ તંગ દશાને ભેટવાનો જંગ જામશે. બળિયા સાથે બાથ ભીડવી એ આપ જેવા વચલા વર્ગના રાજાઓનું કામ નથી. માટે આગળ પાછળનો વિચાર કરી મારી માગણીને માનપૂર્વક માન્ય કરો કે જેથી સર્વ પ્રકારે સુલેહ–શાંતિ જળવાતાં ગાઢ સ્નેહસંબંધ થશે. પછી તો જે આપને ભાવીની વિષમતાથી રૂચે તે ખરૂં. મારે તો ફકત આપના લાભ માટે જ તાણીને અંતે કહેવું પડે છે કે જો ચંદ્રાવતીને, અચળગઢને, આપની વૈભવસંપત્તિ સંતતીને, અને ઉજ્વળ યશને બરબાદી સાથે મુલાકાત ન લેવડાવતાં આબાદી પૂર્વક રાખવાની ઇચ્છા હોય તો ગુર્જરપતિનું જ કૃપાપાત્ર થવું એ વધારે ઉત્તમ છે."

ઉપર પ્રમાણેનાં કથન સાંભળતાં જેતસિંહે તો ખામોશ પકડી; પરંતુ ઉછરતી વયનો ઉષ્ણ લોહીવંત કુમાર સલખણ ક્રોધાવેશમાં આવતાં મ્યાનમાંથી સમશેરને ખુલ્લી કરી આવેશ પૂર્ણ અમરસિંહને કહેવા લાગ્યો–"જો આપના રાજાએ અમારૂં રાજ્ય માગ્યું હતે તો અમો વગર આનાકાનીએ આપી દેત; કેમકે બીજું રાજ્ય મેળવવાની આ સ .ોર સત્તા ધરાવે છે; પરંતુ ભોળોભીમ પરાણે પરમારની રાજકુ રી માગવા ચાહે છે તે કદી મળશે નહીં; કેમકે એથી અમારા ટેક ને નીતિ આદિને કલંક લાગે તેમ છે, તેમ વળી આપનો રાજા -જૈનનો અનુરાગી થયેલ છે; છતાં દગા ફટકાનો ભંડાર, પાપનો પુંજ, હિંસકનો અધિરાજ, માંત્રિકનો મંડળેશ્વર અને ખોટા ગર્વનો ખેરખાં થઇ પડેલ છે; માટે તેવાને કન્યા આપવામાં પરમારો પોતાની હીનતા સમજે છે. તેણે પશ્ચિમ પ્રદેશના રાજાઓ રૂપ મૃગ બાળોને પોતાને તાબે લીધાં છે, પણ હજુ ઉત્તર પ્રદેશના મૃગપતિ રૂપવીર રાજેંદ્રોના હાથનો સ્વાદ ચાખ્યો નથી જેથી તે તાબે લેવાની ધમકી આપવાનું ગુમાન રાખે છે. વીરપ્રસવિની મરૂ ધરતીની અંદર હાલ નેઉલાખ વીર લડવૈયા વિદ્યમાન છે. આ આબુના અચળગઢને તાબે અઢાર રાજગાદિઓ પ્રતાપવંત છે અને દિલ્લીશ્વર ન્હાની વયનો યુવરાજ છતાં કરાળકાળરૂપ વ્યાળ જેવો સાહાયક છે; છતાં દૈવ યોગે તે બધા અમારૂં સંરક્ષણ કરવા સશક્ત નહી રહેશે; તથાપિ અમારો ઇષ્ટદેવ ગોવિંદ અમારૂં સર્વ પ્રકારે સંરક્ષણ કરવા કટિબદ્ધ જ રહેલ છે માટે જે કરવું હોય તે ગુજરાતી રાજા ભલે કરી લે. અમો

તો અમારો ટેક ક્ષત્રીવટની રીતિ પ્રમાણે રાખવામાં કદિપણ પાછી પાની કરનાર નથી. પ્રાણ કરતાં પણ પ્રમાણિક પણું અમને વિશેષ વ્હાલું છે. કહો હવે શું કહેવા માગો છો ?"

પુત્રને બોલતો અટકાવી જેતસિંહ પરમાર અમરસિંહ પ્રત્યે કહેવા લાગ્યો–"મહારાજ આ તો અલ્હડ઼તો બાળક છે, એના બોલવા તરફ આપને ધ્યાન દેવાની જરૂર નથી. જરા પણ ખોટું ન લગાડતાં આપ એટલું જ ગુર્જરાધીશને કહેજો કે–જે કન્યાનું એક ઠેકાણે સગપણ થયું હોય તે કન્યાનું બીજે ઠેકાણે સગપણ કેમ થઇ શકે ? આ વાતથી તેઓ પોતે જ ક્ષત્રીની જ્ઞાતિધર્મ પ્રણાલિકાને ધ્યાનમાં લેશે જ એમ આશા રાખું છું. છતાં કદાચ વિષયાંધપણાને લીધે કે રાજમદાંધપણાને લીધે ચંદ્રાવતીપર ચડાઈ લાવશે તો હું કંઇ નિર્વીર્ય થઇ નમીને પાસું દઉં તેમ નથી. હજુ ક્ષત્રી વીરોની તરવારે ક્ષત્રીઓનું પાણી જવા દીધું નથી, તો પછી તાતી તેગ મારૂં પણ કેમ જવા દેશે ?! શું કંઇ ગુર્જરેશને ચાર હાથ અને બે માથાં છે કે તેમનાથી કોઇ ડરી જઇ પોતાનો ધર્મ પાણીમાં વ્હેવરાવશે ! પરમાત્માએ સર્વને સ્વતંત્રતા જ બક્ષેલી છે, જેથી પારકી સત્તાપર પગ મૂકવા (પગલાં ભરવા) કોઇને કશો હક્ક નથી, છતાં જે હક્ક ધરવાનું ગુમાન ધરાવે છે તેને પરમાત્મા પોતાના કાયદાનું ઉલંઘન કરનાર ગુન્હેગાર માની પાયમાલીની મુલાકાત કરાવા પ્રેરણા કરે છે. હશે જેમ રૂચે તેમ કરવું. અમારે તો ન્યાયપૂર્વક કામ કરવું અને તેને નિભાવી યશ યુક્ત મરવું એ સિદ્ધાંતને જ કંઠમણિ કરી રાખવા કટિબદ્ધ રહી પણ જાળવવાનું છે ! ભલે ગુર્જરેશ ગમે તે કરી લે."

આવાં ધીરપતા યુક્ત પણ હૃદયભેદી વચનો સાંભળી અમરસિંહ કોપયુક્ત થઇ ત્યાંથી ચાલતો થયો; અને પાટણ પહોંચી ભોળાભીમને ભંભેરી ભૂત થવા જોગ નિરાશાના સમાચાર આપી ઉભો રહ્યો.

ભોળોભીમ ભોળો પણ ઉતાવળીઓ–દુરાગ્રહી–ડંસીલો ને ધાંધલિયો વીર હતો, જેથી તે વાત સાંભળતાં જ નવજલધરની ગર્જના સાંભળતાં કેસરીસિંહ કોપાટોપ થઇ ત્રાડમારી વિકરાળ સ્વરૂપને અમલમાં આણે તેમ ભીમની ભીમમૂર્તિ બની રહી. આર્યાવર્ત્તના અભાગ્યોદયના લીધે તેણે ચંદ્રાવતીપર ચડાઈ લઈ જવા માટે નિશાને ડંકા દેવરાવ્યા. સમુદ્રના લોઢની પેઠે જબરા આવેશ

પૂર્ણ ગુજરાતી લશ્કર આબુ ભણી પંથ પસાર કરવા લાગ્યું અને મજલ દર મજલવડે ગુર્જરભૂમિને ઉલ્લંઘી મરૂભૂમિની સીમાને ભેટવા લાગ્યું.

જેતસિંહ પરમારે પણ પોતાના તાબાના રાજાઓને લશ્કર સહિત ચંદ્રાવતીએ આવવાનો તાકીદી હુકમ અમલમાં મૂક્યો, લશ્કર, કિલ્લા-કોટ-ગઢ-લશ્કરી સરંજામ વગેરેનો જોઇએ તેવો બંદોબસ્ત કર્યો, અને પોતાની કુમકે આવનાર અજમેરના ધણી સોમેશ્વર ચહુઆણને કુવર સલખણદ્વારા ગુર્જરેશને ચડી આવવાનું સઘળું કારણ જણાવી વિશેષમાં રોશન કર્યું કે-“શું સિંહની સિંહણીને શિયાળવું લઇ જશે? । તે તો સાર લખે છે કે-ચાહે તો આબુ વિભાગને ઉજડ થવા દે, અગર તો ઇચ્છનકુમારીને મારા વેરે પરણાવ। તે શત્રુ મારી મિલકત આપની મોટી ઓથ છતાં ભલી રીતે લૂંટે છે, ધણ વાળી જવાથી મારા ગોવાળીઆની મને રોજ બુમો સાંભળવી પડે છે, મારી પ્રજા નાહક રીબાય છે અને અનેક નુકશાનીઓ કરતો શત્રુ ધસ્યો આવે છે; માટે આ પરમારની ચહુઆણ સરકારે આદર સત્કાર સાથ વ્હાર કરવી યોગ્ય છે.”

સલખણકુમાર સમાચાર જણાવી રહ્યો હતો તેટલામાં પંજાબના જાસુસ મારફત ખબર મળ્યા કે હિંદની લક્ષ્મીનો લોભી શાહાબુદ્દીન ગોરી બલવાન-મહાન સેના સાથે હિંદપર ધસ્યો આવે છે. એ બેઉ સમાચાર મળતાં સોમેશ્વર વિચારવા લાગ્યો કે-“પ્રથમ હિંદ ભૂમાતનું રક્ષણ કરવા જવું કે પુત્રવધૂનું સંરક્ષણ કરવા જવું? ભૂમાત કરતાં પુત્રવધૂને પર હાથે જતી પહેલાં અટકાવવાથી કુળમર્યાદાને વિશેષ શોભા મળશે, માટે ભીમ સ્હામા મારે જાતેજ જવું યોગ્ય છે, અને સેનાપતિને અરધા લશ્કર સાથે ગોરી સામે મોકલી તેને આગળ ધસી આવતાં અટકાવવો ઘટે છે, કે જેથી બેઉ બાબતો સાથેજ સચવાઇ શકાય।” ઇત્યાદિ વિચારી આ સમાચાર દિલ્લીએ વીરકેસરી પૃથિરાજને કહાવી મોકલી પોતે આબુગઢ ભણી મંગળ પ્રયાણ કરી સેનાપતિને ગોરી સામે જીત મેળવવા લશ્કર સહિત વિદાય કર્યો.

ઇચ્છનકુમારીને આબુ ઉપરના અજિત અચળગઢના મ્હેલમાં સખત સંરક્ષકો સહ રાખવામાં આવી હતી. તેણીના ઉપર ૧૫

ગુણને લીધેજ જે સાતપડું સંકટનું વાદળ ઝઝુમી રહ્યું જણાવાથી તેણીએ તુરત માનવેંદ્ર પૃથિરાજ ચૌઆણને વિજ્ઞપ્તિપત્ર લખી વિશ્વાસુ બ્રાહ્મણ સાથે દિલ્લી વિદાય કર્યુ હતું; છતાં પત્રોત્તર લઇ બ્રાહ્મણ આવી ન પહોંચવાથી શોકગ્રસ્ત ઇચ્છનકુમારી ચિંતાને વશ થઇ શોચવા લાગી હતી કે–" હજુ લગણ ભૂદેવ પત્રોત્તર લઇ કેમ પાછો આવી પહોંચ્યો નહીં ?! સસરાજીને વીર સલખણ કુમકે લાવવા પોતે ગયો છતાં તે પણ કેમ ન આવી પહોંચ્યા ? ગઢની ચોમેર તો લોહીની નદીઓ માત્ર મારી અને ક્ષત્રીવટની ટેક જાળવવાની ખાતરજ ચાલી રહી છે, છતાં ટેકના સંરક્ષક કેમ ન આવી પહોંચ્યા હશે ! ચૌઆણ રાજને કયાં રાજકન્યા પ્રાપ્તિ માટે ખોટ છે ! એક ક્હેતાં એકાશી મળે તેમ છે ! જેથી મારો ટેક જાળવવાની દરકાર શું નહીં હશે ? ના, ના, તેમ તો નહીંજ હશે; કેમકે મારો ટેક જતાં ચૌઆણરાજના અટંકી પણાનો ટેક કયાં રહેવા પામે તેમ છે. એમની થઇ ચૂકેલીને બીજો લઇ જાય તો તો પછી નેકટેક દ્રહબોળજ જઇ પહોંચે તેમ છે. શું ત્યારે મદાંધ ગોરી શહેનશાહની સ્હામે વિજય મેળવી પછી ભીમ સ્હામે વિજય મેળવવો વિચાર્યો હશે ! ના, ના, તેમ પણ ન હોય; કેમકે દેશ કરતાં દેહની અરધ ભાગીયણને જાળવવા વધારે ખંત ધરાવતા હોવાજ જોઇયે. ત્યારે શું મારા સત્યપ્રેમની પરીક્ષા જોવા વિલંબ કરતા હશે ? ના, ના, તેમ પણ કેમ સંભવે ! મારા પત્રથી પ્રેમની ઝલક તો જણાઇજ ચૂકી હશે, અને આવા રસાકસી ભર્યા અડાકડીના સમયમાં કસોટી જોવા માટે વિલંબ કરી વટ ગુમાવવા તેઓ કેમ ચાહે ! તેઓ શૂરશિરોમણિ, સમયસૂચક, ક્ષાત્ર ધર્મના જાણ ગૌ વિપ્ર અબળા ને શરણાંગતોનું સંરક્ષણ કરનાર, અટંકી. વચનપાળ, પ્રશંસનીય પ્રેમપાત્ર અને પવિત્ર મનના નરકેસરીકિશોર છે; માટે વ્હારે ચડયાવિના તો નહીંજ રહેશે, નામનું નીર તો જાળવ્યા વિના તેમનો છૂટકોજ નથી. મારૂં મન જ ક્હેલું છે કે આવા તર્ક વિતર્કને સ્વાધીન બન્યું છે, મારા સસરાજી અને ચહુઆણ રાજનાં પગલાં વાગતાં હશે! પણ ચિંતાગ્રસ્ત ગરજુની અકલ સ્વાભાવિક રીતે બ્હેરજ મારી જાય છે. જેની તરફ સત્ય સંકલ્પ સાથ અડગ ભાવનાની સુરતા લાગી રહે તો તે સ્વયંમેવ આકર્ષાઇ સંકલ્પકર્ત્તાની રૂબરૂ વિદ્યમાનપણું દર્શાવે છે; માટે તેમજ થશે." ઇત્યાદિ વિચારતી અને ચૌઆણસિંહની રાહ જોતી ઉંઘમાં આલોચતી ઇચ્છનકુમારી વિષમ વખત વ્યતીત કરતી હતી.

મહારાજા સોમેશ્વર જેતસિંહની કુમકે પધાર્યાના સમાચાર દિલ્લીમાં પત્રદ્વારા પૃથિરાજને મળવાથી પોતે પોતાના ખાનગી સલાહકાર મિત્રમંડળમાં બિરાજી વિચાર ચલાવતો હતો. દરમ્યાન મારવાડી ભૂદેવ અચળગઢથી પત્રિકા લાવ્યો છે એવી તેને વરદી મળી જેથી આતુરતા સાથ તેને અંદર પ્રવેશ કરાવી પત્રિકા ગ્રહણ કરી વાંચી જોઇ અને તે પછી તે પત્રિકા વરદાયી મિત્ર ચંદકવિને વાંચવા આપી. જેથી તે પત્રિકા વાંચી ચંદકવિ મિત્રો પ્રત્યે કહેવા લાગ્યો—"સુહૃદાત્મનો! પ્રથમના પત્રથી આપણે ભાંગગડમાં પડી પૂજ્ય સોમેશ્વર મહારાજા જેતસિંહ પરમારની કુમકે જવાથી અજયમેર ગઢ સાચવવાની વિચારણામાં હતા; તથાપિ આ બીજું પત્ર વળી વિશેષ ભરડોળમાં નાખે તેવા સમાચારનું છે. એક બાજુ ધર્મવિરોધી શાહાબુદ્દીન ચડી આવે છે તેને રોકવામાં આપણુ રોકાયા હતા, બીજી બાજુએ અજયમેર (અજમેર) ગઢને સંભાળવા વિચારલીન થયા હતા, ત્યાં ત્રીજું તાન આપણાં ભવિષ્યનાં મહારાણી ઇચ્છનકુમારીજી તરફથી આપણા વીરમણિ યુવરાજને તેડું થયું છે; તેઓ લખે છે કે–'ગુર્જરેશનું દળ અચળગઢ અને ચંદ્રાવતીને ઘેરી ધમસાણ મચાવી રહ્યું છે, સસરાજીની મદદ આવી પહોંચી નથી અને મારા પિતાશ્રીનું સૈન્ય ગુર્જરેશના સૈન્ય અગાડી મુંઠીભર હોવાથી વધારે વખત ટક્કર ઝીલી શકે તેમ નથી, જેથી કદાચ સસરાજીની મદદ આવી પહોંચતાં પહેલાં ચંદ્રાવતી અને અચળગઢને ભીમ ભીમ પરાક્રમ વડે સર કરી લેશે તો મારો ધર્મ–ટેક–સતીત્વ બચાવાની ખાતર મારે પ્રાણુની આહુતી અવશ્ય આપ્યા વિના અન્ય ઇલાજ હાથ રહેશેજ નહી; માટે હે કમલાવતી મહારાણીજીના કેસરી કુમાર! આપ પાણી પીવા જેટલો પણુ વિલંબ ન કરતાં છડી સ્વારીએ અત્રે પધારી મને આપના તાબામાં લઇ જાઓ કે જેથી શત્રુ જીત મેળવ્યા છતાં પણુ ધૂળ ફાકતો નિરાશાને વરી પાછો ચાલ્યો જશે.' વગેરે વગેરે લખી સત્વર આમંત્રણુ કરે છે અને યુવરાજજી તે વાત આપણા વિચારને સુપરદ કરે છે, કહો હવે શું કરવા ચાહો છો? ન કરે જગદીશ્વરી ને કદાચ અચળગઢ સર થતાં ભવિષ્યની મહારાણી અંતદશાને વ્હોરી લે તો આપણુ સોળ સામંતો સહિત યુવરાજજીને મોટું લાંછન લાગે કે વીરમણિ ગણાયા છતાં પોતાની ભાવિ મહારાણીને પણુ બચાવી ન શકયા; માટે તે કલંકથી મુક્ત રહેવા કેવો માર્ગ લેવો? હવે વધારે

વિચાર કરવા જેટલો વખત નથી. મારો તો વિચાર એજ છે કે ચહુઆણકેસરી સાથે આપણામાંથી ગમે તે બે જણ જઇયે અને અચળગઢમાંથી સંકટવશ થયેલી વીરદેવીને છોડાવી લાવિયે તથા બાકીના બધા અજમેર જઇ ત્યાંનું રક્ષણ કરિયે."

પૃથિરાજે કહ્યું—"મારી સાથે કવિ ચંદરાજ અને રામરાય ગુરૂને લઇ જવા વિચાર છે અને બાકીના બધા અજમેરગઢ જઇ રાજ્યનું રક્ષણ કરો. હિંદને હેરાન કરવા હલ્લાં કરતા યવનેશ ઘોરીને હંફાવા સબળ સેનાને ગોઠવી તૈયાર કરો. હું અચળગઢથી દેવીને લઇ આવી તરતજ પંજાબમાં પહોંચી ગોરીને હરાવી દઇશ." આ પ્રમાણે મસલત ચલાવી દરબાર બરખાસ્ત કર્યો અને ઠરાવ્યા પ્રમાણે બીજા સામંતોએ અજમેર, અને ચંદ કવિ રામરાય સહ પૃથિરાજે અચળગઢ ભણી મંગળ પ્રમાણ કર્યું.

ઇચ્છનકુમારી અપરિમિત શોકાકુળ થયેલી એક દિવસ અચળગઢના ઉંચા અચળગઢવાળા મહાલયના ઝરોખામાં બેસી પાછલા પહોરે શ્રાવણ ભાદ્રવા નામના સુંદર સરોવરના જળતરંગની રમ્ય રચના નિહાળી રહી હતી. સવિતાનારાયણ મંદમંદ ગતિવડે અસ્તાચળનો આશ્રય લેવા આસક્ત થયા હતા, રંગ બેરંગી વાદળપંક્તિ પોતાની મનોહરતા પૃથ્વીની સપાટી પર વસનાર પ્રાણીઓને બતાવી રહી હતી, પશુ પક્ષિ આદિ દિનચારી પ્રાણી માત્ર પોત પોતાના સ્થાન તરફ વિદાય થવા પોત પોતાના ગણને બોલાવી રહ્યાં હતાં, રજનીચરો પોત પોતાના કાર્યના આરંભમાં જોડાવાની યોજના યોજતાં હતાં, સૂર્યવિકાશી કમળોને સંકોચતા અને ચંદ્રવિકાશી પોયણાંને વિકશ્વરતા પ્રાપ્ત થયાનાં ચિન્હોની સંભાવના થવા લાગી હતી, ચકોર પક્ષી ચંદ્રદર્શનની રાહ જોવા તલપી રહ્યાં હતાં, પહાડી વૃક્ષવેલાઓનાં પીળાં પુષ્પોના લીધે સામેનું રૂખિશિખર સોના સરખા આભાસનું ભાન કરાવતું હતું. કેતકી કેવડાદિના પુષ્પપરિમળ પ્રસંગ વડે પવન પણ પ્રિય પરિમળમય બની તેના પરીક્ષક પ્રાણીઓને પરમાનંદ દઇ રહ્યો હતો અને દેવમંદિરોમાં ભક્તજનો આરતી ઉતારવાની સામગ્રી સજતા હતા. એ સમય આરત વશ થયેલી ઇચ્છનકુમારીને આરત દૂર થનારા દસ્પનો આભાસ થયો—એટલે કે તેણીનું ડાબું નેત્ર ફરકર્યું જેથી હર્ષમાં આવી તે બાળા સૃષ્ટિસૌંદર્યતા

જોતી પ્રાણપતિના દર્શન માટે આમતેમ જોવા લાગી, તો શેહીડા તરફની પાજ તરફ ભવ્ય પોષાકવંત ત્રણ ઘોડેશ્વારો તેણીની નજરે પડ્યા. એક અમૂલ્ય વિજયકારી ઘોડા પર બેઠેલ સ્વાર પાછળના બન્ને ઘોડેસ્વારનો ઉપરી હોય એવું અનુમાન કરાવતો હતો. તે ત્રણે જણ કદાવર, ભવ્ય ચ્હેરાવંત, મૂછના ફુટતા દોરાના વિશાળ ભાલપટવાળા, પ્રફુલ્લિત વદનના, ચિત્તાકર્ષક પ્રતાપશાલી અને યુવાવસ્થાનો શૌર્યતા, ઉત્સાહ તથા ધૈર્યતાની ઝલક બતાવી રહ્યા હતા. તે ત્રણે હથિયાર યુક્ત વીરમણિ લાંબી મજળ પસાર કરી રાતોરાત વગર હરકતે ધારેલે સ્થળે આવી પહોચ્યા હોય તેવો તેમની ગતિ વગેરેનો દેખાવ પ્રતીતિ દઇ રહેલ જણાતો હતો, અને હર્ષની રેલમછેલમાં મગન થયા ધસ્યા મસ્યા પંથ પસાર કર્યા કરતા છેક અચળગઢની સમીપ આવી પહોંચ્યા હતા, જેથી ગઢરક્ષકો તરફથી તેઓ કોણ છે, ક્યાંથી અને કોનું હિત સાધવા આવ્યા છે તે જાણવા તુરત પૂછવામાં આવતાં તેમને પ્રાણધન રક્ષક ચહુઆણકેસરી કિશોર હોવાની પકી પ્રતીત મળી, જેથી મહેલાતમાં ત્વરાયે આનંદ પૂર્ણ સમાચાર આપ્યા. સર્વના મનોદધિની અંદર હર્ષરસના કલ્લોલે ભરતીની ભેટ આપી. તત્કાળ સેવક વર્ગે મહત્ સન્માન પૂર્વક અંદર પ્રવેશ કરાવી ભવ્ય દીવાનખાનામાં આનંદયુક્ત નિવાસ કરવા વિનતી કરી. ત્રણે વીરમણીઓએ ત્યાં વસ્ત્ર શસ્ત્ર અસ્ત્રને ગોઠવી આરામ લીધો. તુરતજ સેવકોએ સ્નાન મજ્જનાદિકની તૈયારી કરી ન્હવરાવી શ્રમ વિહિત કર્યા. તે પછી ભોજન જમી મુખવાસાદિનો આનંદ મેળવ્યો; તથાપિ તેમને પ્રાણેશ્વરીની ઝાંખીનો કે તેણીની તરફના આનંદી સમાચારનો કશો પણ આનંદ અત્યાર લગણ મળવા પામ્યો નહતો, એથી યુવરાજનું અંતઃકરણ અતિ અધીરતાને આધીન થતું જતું હતું. પરંતુ તેટલામાં તો સુજ્ઞ સખીદ્વારા પ્રાણસજીવની તરફથી એકાંત ભવનમાં આમંત્રણ કર્યાની ઇશારત થઈ કે તુરત મૌનતા યુક્ત ચહુઆણકુમારે સાહેલી સાથેજ અંતઃપુરમાં પ્રવેશ કર્યો. સાહેલી વર્ગ સર્વ બાજુના ઓરડામાં દાખલ થઇ રહ્યો. પ્રાણેશ્વરનાં પુનીત પગલાં દૃષ્ટિ સન્મુખ થયલાં નિહાળી તુરત મર્યાદા પુર્વક ઉઠી ઉભી થઈ પ્રથમથી તૈયાર કરી રાખેલ સુવર્ણ વર્કવંત તાંબૂલ ભેટ કરી ઇચ્છનકુમારી સલજ્જતા સાથ પતિપદમાં નમન કરી પ્રાણનાથને યોગ્યાસન આપી કુશળ સમાચાર પૂછી કરકમળ જોડી ઉભી રહી.

પૃથિરાજે જેવું પ્રાણપ્યારીના સુસ્વરૂપનું વર્ણન સાંભળ્યું હતું

તેવુંજ સુરેશ્વરપ્રિયાને પણ શરમાવનારૂં અદ્દભુત સ્વરૂપ લાવણ્યતાવંત સાક્ષાતપણે નિહાળ્યું, જેથી અત્યંત આનંદ પામી પ્રિયા પ્રત્યે માધુર્યતા પૂર્ણ વચનોથી કહ્યું–"મારા હૃદયમંદિરમાં રમનારી રસીલી દેવી! જે કઇ સંતાપ તમને સદૈવ સતાવ્યા કરતો હતો તે હવે સમૂળો દૂર થઇ ગયો છે. જેથી હવે હાસ્ય વિનોદમાં મસ્ત ચિત્તવડે મ્હાલો અને પછી મારી સાથે ચાલો કે જેથી અજિતગઢ અજમેરની રાજગઢીના મહેલને આનંદગૃહનું વિશેષણ પ્રાપ્ત થાય. પ્રથમ સમાગમમાં સુકુલીની સુંદરીઓને લજ્જાસંકોચ આવી અવસ્થા અર્પેજ છે; તો પણ આ સમયને ધ્યાનમાં રાખી લાજપટનો પરિત્યાગ કરી વાર્તાનંદ બક્ષો કે જેથી સર્વ શ્રમ સાફલ્યતાને ભેટવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે! રસિક રમણી! હવે ચિંતા કરવાની જરૂર નથી, તમારા પિતાજીની કુમકે તમારા પૂજ્ય સસરાજી ક્યારનાએ આવી પહોંચ્યા છે, અને હું પણ તમને અચળસ્થળમાં દાખલ કરી ચડી આવેલા ગોરી સુલતાનને હરાવી ભીમના કહેવાતા અસીમ ભુજબળનો અંત આણવા તાકીદે આવી પહોંચ્યું છું, માટે મહારાણી! નિશ્ચિંત પણે કાળની કિમ્મત ધ્યાનમાં લ્યો અને દુષ્યંત તથા સાકુંતળાની પેઠે સમયને માન આપી પ્રીતિ લગ્નનો પ્રેમપૂરિત લ્હાવો લઇ પ્રેમગ્રંથીને સજડ કરો એટલે અભેદ પ્રેમરસ સમસ્ત રોમરોમે પ્રસરી અનહદ આનંદ આપે અને પરિતાપનું સંકટ કાપે."

આટલું બોલી યુવરાજે અષ્ટવિવાહ વિધિ પૈકી સૂર્યચંદ્ર અગ્નિ દેવની સાક્ષી સહિત ગાંધર્વ વિવાહ વિધિ સાચવી અંક મધ્ય નિઃશંક પણે પ્રિયતમાને સ્થળ આપી પર્યંકને શોભાવ્યો. તે સમયનો આનંદ –આતુરતા–પ્રેમભરી વાતો–અને પરસ્પરનો વિનોદી વિલાસ લેખકની લેખિની કરતાં તે દંપતિનાં અંતઃકરણજ સરસ રીતે સત્ય ચિતાર આપી શકવા સમર્થ હતાં, એથી માત્ર એટલુંજ લખવું બસ છે કે તે બેઉની અંતઃકરણરૂપ અંતઃપુરમાં સાક્ષાત ભેટ થતાં, સંસાર વાસિ ચરાચર જીવોને નિતનૂતન આનંદનો અનુભવ કરાવી રહેનારી પ્રેમપ્રભા ઝાંખી પ્રકાશમાં આવી સત્યપ્રેમની સાબિતી આપી; દુષ્ટ ભીમરાજની ધારેલી ધારણાને ધૂળની મુલાકાત લેવાની મંજુરી બક્ષી, અને સાચા પ્રેમીઓનો સદૈવ જય થાય છે એ વાતની આગાહી જણાવી.

શરાદિયાના દિવસો સોળ હોવાથી જતાં વાર લાગે છે; પણ દિવાળીના પાંચજ દિવસ હોવાથી જતાં વાર લાગતી નથી. એટલે

કે દુ:ખનો સમય વીતતાં વાર લાગે છે; પણ સુખનો સમય તો તુરત ચાલ્યો જઈ આતુરતાને કાયમની કાયમ રાખી દે છે. આમ હોવાથી ચહુઆણકુમાર અને પરમારકુમારીની સુખાનંદ પૂર્ણ રાત્રી ક્યારે વીતી ગઇ તે પણ જણાયું નહીં. પ્રભાત થયું, પ્રયાણ કરવાની તૈયારીનો હુકમ અમલમાં લેવાયો, દૂત મારફત માતુશ્રી તેમજ પિતાશ્રીને નિર્વિઘ્નતા સાથ પતિની સાથે અજમેર ભણી મંગળ પ્રયાણ કર્યાના સંતોષ ભરિત સમાચાર મોકલ્યા અને ત્રણ વીરમણિયો તથા ત્રણ વીર રમણિયો (યુગ્મ સાહેલીઓ યુક્ત પરમારકુમારી) સુંદર પાણીદાર ઘોડાઓ પર સ્વાર થઇ અચળગઢને અભિવંદન કરી મંગળ શકુનને વધાવી અનળકુંડ તરફના રમણિય માર્ગને શોભાવા લાગ્યાં. જો કે તે સમય ઇચ્છનકુમારીના ચિત્તની વિલક્ષણ સ્થિતિ હતી, તો પણ તે આજુ બાજુના સંજોગોને અવલોકી ધૈર્યને હર્ષસહ પંથ પસાર કરતી પરમારકુમારી પોતાના અચલ અર્બુદાચળ પ્રદેશને પુન: ભેટવાની આતુરતા વધારતી પતિપદમાં લીન રહેતી હતી; કેમ કે પોતાની જન્મભૂમિ, પોતાનાં પિતા માતા ભાઈ અને પૂજ્ય સસરાજી તથા અન્ય આપ્ત મંડળને પોતે શત્રુઓની ઝડીયો વચ્ચે રાખી ચાલી નીકળી હતી જેથી એઓનું શું થશે! મારા એક જીવની ક્ષત્રી ટેકની અને સતીત્વસંરક્ષણની ખાતર લાખો જનનાં લોહી રેડાતાં છતાં શું પરિણામ આવશે? પુન: તે સર્વની હું ભેટ લેવા ક્યારે ભાગ્યશાળી થઇશ? વગેરે વગેરે વિચારલીન છતાં સમયને માન આપી પતિયે ઉઠાવેલા સાહસને ધન્યવાદ દેતી હતી.

પંથ પસાર કરતાં મધ્યાન્હે અનળકુંડ પર જઇ પહોચી અનળકુંડના રક્ષદેવોને અને રજપૂત કુળના પ્રકટેલા પ્રથમ પુરૂષ પરમાર પૂર્વજને દંપતિયે પ્રણામ કર્યા; કેમકે તે કુંડમાંથી વસિષ્ઠ રૂષિયે પૂર્વે મંત્રબળથી પરમાર આદિ ચાર વીર ક્ષત્રીઓના મૂળ પુરૂષોને ઉત્કટ વીરત્વતા યુક્ત પ્રકટ કરેલા હોવાથી તે સ્થળ પોતાનું ઉત્પત્તિ સ્થળ જાણી સન્માન પૂર્વક નમન કરી તેનો આશ્રય લીધો. એટલે કે થોડી વાર ત્યાં વિશ્રામ કરી પુન: અજયમેર ગઢ ભણીનો પંથ પસાર કરવા લાગ્યાં, અને મજલ દર મજલે રજપૂતાનામાં વિહાર કરતાં અજમેરમાં પણ સહી સલામતે જઇ પહોંચ્યાં.

ત્યાં પ્રિયાને આનંદ પ્રાપ્તિનાં કારણો સ્વાધીન કરી પૃથિરાજ પિતાની આજ્ઞા પ્રમાણે યવનેશને હરાવા સરહદ (પંજાબ) તરફ

જઇ પહોંચ્યો અને નહીં જેવા સમયમાં દૈવી પરાક્રમ વડે સુલતાન શાહાબુદ્દીનને હરાવી પાછો અજમેર આવી પહોંચ્યો.

ભીમદેવે ભીમ પરાક્રમ વડે સોમેશ્વરને સ્વર્ગસદનમાં પાઠવી કંઇક વિજયનાં ચિન્હ અનુકૂળ કર્યાં; પરંતુ થોડાજ વખતમાં પૃથિરાજે દિલ્લીશ્વરપદ ધારણ કરી કઠિન પ્રતિજ્ઞા પૂર્વક ભીમપર ચડાઇ લઇ જઇ મહાભારત સમ યુદ્ધ મચાવી આખર ભીમને પણ હાય વૉય યુક્ત સોમેશ્વર પાસે પોતાના કુકૃત્યની માફી માંગવા માટે મોકલાવી દીધો.

જો કે 'સોમેશ્વર સાથે સંધી કરી ભારતશત્રુ શાહબુદ્દીનને સર્વેએ એકમતે થઇ હરાવવો કે જેથી આપણુ બધાંની પીડાનો અંત આવી જાય.' આવું ભીમના સામંતોએ ભીમને ઘણીવાર સમજાવ્યું હતું છતાં દૈવની વિપરિતતાથી તે એકનો બે ન થયો અને માંહો માંહે કલેશનાં બીજ રોપી ભારતની આરતને જરાપણ ધ્યાનમાં ન લીધા એથી અંતે પોતે ગારત થઇ ઇતિહાસપત્રમાં સદાને માટે દેશનું અકલ્યાણ કરનાર અને રજપૂતરાજ્યનો અંત આણનાર તરીકે ચિતરાઇ પરલોકનો ભોકતા થયો. ઇચ્છિનકુમારીને લેવા જતાં ઇચ્છનકુમારીએ તેના પાપી સ્થૂળદેહને રાજ્યવૈભવથી વિમુકત કરી સખ્ત સજાને પાત્ર કરાવ્યો.

પ્રિય પાઠકગણુ! આ સ્થળે મારે બે બોલ કહેવા યોગ્ય છે કે—ભીમદેવે પ્રાણુ જતાં લગી પણુ પણુ ન જવા દીધું, તથા પ્રાણાંતે પણુ સબળ શત્રુદળ સાથની સંગ્રામભૂમિમાંથી પાછી પાની ન કરી, અને જેણી ઇચ્છનકુમારીને પોતે સર્વસ્વ અર્પણુ કરવા ધારતો હતો તે બદલ તેણીને પ્રાણુ સુદ્ધાં પણુ અર્પણુ કરી પોતાનો સત્ય રંગ સાચવી દુનિઆનો દુરાગ્રહી—દૃઢાગ્રહી પ્રેમી અને વીરોને જે દાખલો લેવાનો ચિતાર પોતાના વારસામાં આપી ગયેલ છે તે માટે ખચિત તેને ધન્યવાદ આપવા ઘટેછે. માત્ર દિલગીર થવા જેટલું એટલુંજ છે કે જો તેણે હઠવાદપૂર્ણ અનીતિમાં જેવું અડગ ધ્યાન આપ્યું હતું તેવું સત્યવાદ પૂર્ણ સુનીતિમાં, સ્વજ્ઞાતિના ઉદયમાં અને દેશસંરક્ષણમાં અડગ ધ્યાન આપ્યું હતે તો ભીમદેવ ભારતસંતાનોના મનમંદિર અંદર એક ઇષ્ટદેવની પ્રતિમા પેઠે પ્રતિષ્ઠાવંત્ત થઇ પ્રાતઃસ્મરણીય થાત; પરંતુ થનાર વાતને કોણુ મિથ્યા કરે તેમ છે! '**તુલસી જસિ ભવિતવ્યતા, તૈસિ મિલૈ સહાય; આપુ ન આવૈ તાહિપૈં,**

તાહિ તહાં લે જાય'—એટલે પછી કોના હાથ બાજી રહે!! **હોનહાર હિરદે બસે, બિસર જાત સબ શુદ્ધિ;** + + + +' યવન શહનશાહતનો અમલ અને પૂર્ણ પ્રતાપિ રાજ રાજેશ્વર બ્રિટીશ રાજ્યનો (ઇલ્મ હુન્નર તથા સ્વતંત્ર રાજ્ય તંત્રનો) આનંદ આર્યાવર્તના આર્યોને પ્રાપ્ત થઇ મોજમજાહ માણવી લખેલ હોય તે કોણ મિથ્યા કરી શકે!! એથી આખર એ થયું કે:—

શાહબુદ્દીનને ૭ વખત દંડ લઇ પૃથિરાજે પાછો હાંકી કહાડેલ છતાં તે રાજ્યલોભી ગોરીએ હિંદની સામ્રાજ્યલક્ષ્મીને હાથ કરી લેવાની હિમ્મત છોડી નહીં. અને હિમ્મત ન છોડી તો આખર તેણે પોતાની શહનશાહત સાથે હિંદસામ્રાજ્યલક્ષ્મીને જોડી દઇ હિંદના શહનશાહનો હોદ્દો ભોગવ્યો '**કોઇ પણ માણસ ખંત પૂર્વક દૃઢાગ્રહી બની યત્નપ્રયત્ન યુક્ત એક સરખો કોઇ પણ કષ્ટસાધ્ય કે અસાધ્ય જણાતા કાર્ય તરફ મચ્યોજ રહે તો બેશક આખર પોતાની ભલી કે બૂરી મુરાદ બર લાવી શકે છે!'**

ભવિતવ્યતાની પ્રબળતાથી પૃથિરાજે પોતાના વીર સામંત કૈમાસને મારી નાખ્યો, હાહુલીરાયને નારાજ કર્યો, ચામુંડરાયને બાલા વિનાનું તીર માત્ર એકજ વખત ચલાવવાનો પ્રતિબંધ કર્યો, અને બીજા કેટલાક સામંતોનો ભીમદેવ સાથેની લડાઇમાં અંત આણ્યો એથી, તથા અનંગમંજરીના વિશેષણવંત સંયુક્તા રાણીના ગાઢ મોહ—પાશમાં સપડાઇ પડવાથી, અને સ્પષ્ટ શબ્દોમાં કહિયે તો આર્યાવર્ત્તના આર્યધર્મની અત્રદશાસહ કુસંપરૂપ ધૂમકેતુ ઉદય થવાથી તે તકનો લાભ લેવા શાહબુદ્દીન ગોરી હિંદની અખૂટ સામ્રાજ્યલક્ષ્મી લૂટી ત્રિજોરીને તર કરવાની લાલચમાં લપટાઇ જબરા લસ્કરના જમાવ સહિત હિંદપર ચડી આવ્યો.

ઇચ્છનકુમારી મહારાણી યુદ્ધકળામાં ઘણીજ નિપુણ હોઇ જાતે યુદ્ધમાં ઉતરી ફતેહ મેળવવામાં અતિ આતુર હતી અને ઘણી ખરી લડાઇયોમાં તે પૃથિરાજની અર્ધાંગના પ્રાણેશ્વરની સલાહકારિણી થઇ દુઃખ સુખની ખરી ભાગિયણ થવા સાથેજ રહેતી હતી.

છેલ્લી લડાઇમાં પણ શાહાબુદ્દીન સાથે દંપતિની યુદ્ધ સંબંધી કૌશલ્યતાથી અનેક જીત મળી હતી; પરંતુ હમેશાના નિયમ પ્રમાણે

જેમ જીતમાં મસ્ત બની તથા ઇશ્વર સ્તવનાદિના ગાન તાનમાં લીન રહી, વચન પર વિશ્વાસ રાખનારા રજપૂતો, મળીને દગો દેનાર યવન સુલતાની લશ્કર પર ભરોંસો રાખી, ખુવારીને ભેટતા આવેલ છે, તેમ આ વખતે પણ જીતની ખુમારીમાં લીન બની ગાન તાન આદિમાં મસ્ત રહી અસાવધ રહેલ ચહુઆણુ સેનાપર, વિશ્વાસ ઘાતી દેશદ્રોહી વિજયસિંહે તેજ ટાણે શાહબુદ્દીનને ખબર આપી ઓચિંતો ભારે ધસારા સાથ છાપો મરાવ્યો, જેથી અસાવધપણાને લીધે બેહદ કતલ ચાલી, તોપણ રજપૂત વીરો લાખોના જાન લઇ રણમાં પડયા અને રણવંકો દિલ્લીશ્વર પણ ઘાયલ થઇ આખર ઘણા વખતથી વ્યાકુળ થઈ રહેલી સ્વર્ગની અપ્સરાઓના હાથની વરમાળા સ્વીકારી સ્વર્ગીય સુંદરીઓને સુખ આપવા માટે [1]સ્થૂલ શરીર છોડીને સ્વર્ગવાસિ થયો.

જ્યારે દિલ્લીનો છેલ્લો રજપૂત રાજેંદ્ર સ્વર્ગની અપ્સરાઓને વર્યો ત્યારે પોતાથી છાને વરેલી સુંદરી તરફ શોક્ય ભાવને લીધે ઇર્ષ્યા આણી ઇચ્છનકુમારી પણ ખબર મળતાંજ મહા દુઃખદ પ્રસંગને વશ હતી છતાં તુરત ઉઠી ઉભી થઇ અને પોતે પણ દિલ્લીશ્વરની પેઠે અમિત પરાક્રમ બતાવી પોતાનું અને સ્વામિનું સ્થૂળ શરીર ચિતાને સ્વાધીન કરી સૂક્ષ્મ શરીરથી પતિની અને શોક્યની સ્વતંત્રતામાં ભાગ પાડવા ચાલી નીકળી.

મતલબ એજ કે પતિદેવને વીર શબોની શય્યાપર આરૂઢ થઈ ઘોરમંત્રદ્વારા સૂક્ષ્મ દેહે ઇંદ્રભવનવાસિ થયા જાણી પોતે પણ તેમના સ્થૂળ દેહ સહ ચિતામાં પ્રવેશી વીરેંદ્રાસનદ્વારા ઇંદ્રાસન લેવા તત્પર થઇ. ઇચ્છનકુમારીને સત ચઢયું, સંસારની અન્ય સગાઇ સર્વ વિસરી ગઇ, માત્ર પતિદેવની સગાઇ તરફ તાલાવેલી લાગી. તે લાલનેત્ર, છૂટાકેશ, ભીમમૂર્તિ ને હુંકાર શબ્દ સહ ખુલ્લી સમશેરને નચાવતી કસેલા વીરકચ્છ યુક્ત પ્રજ્વલિત રોષ પૂર્ણ હાલ ધારણ

---

૧ કેટલાક ઈતિહાસકારો પૃથિરાજનો રણમાંજ અંતકાળ થયો માને છે, પણ વરદાયી કવિચંદના કરેલા કહેવાતા પૃથિરાજ રાસામાં ઘાયલ થતાં મૂર્છા આવવાથી ગોરીના હાથ પકડાઈ ગયાનું તથા તે પછી અંધદશા છતાં ગોરીને મારી ચંદ અને પૃથિરાજ પરસ્પર કટારના જખમથી મરણને શરણ થયાનું બતાવે છે. સત્ય શું હશે તે પરમાત્મા જાણે; તથાપિ ઉપરની બિના સપ્રમાણ છે.

કરી ઘોડેસ્વાર થઇ. એ જોઇને રજપૂતોએ અરજ કરી કેઃ—

"સ્વામિની ! મહારાજાનું સ્થૂળ શરીર યવનેશની છાવણીમાં બંદોબસ્ત સાથે રાખવામા આવેલ છે તે હાથ આવી શકશે નહીં, અને નાહક આપણી લાજ જવા જેવો સમય સ્વાધીન થાય તો ઘણુંજ માઠું પરિણામ આવે; માટે તે વિચારને માંડી વાળી બચેલા લશ્કર સહિત આપણે અહીંથી રૂખ્સદ થઇયે તો અતિ લાભકારી છે. શ્રીમતિ ઉમાવતીજીના નિર્જીવ શરીર સાથ આપ, કદાચ નિર્બળ થયેલા નિધણિયાતા લશ્કરને લીધે શત્રુના હાથ સપડાઇ જાઓ તો વિપરિત વાતનો માઠો સ્વાદ અનુભવવો પડે. એથી પૂર્વાપરનો તપાસ કરતાં અહીંથી અતિ વેગે છ પાચ ગણી જવા એજ સર્વોત્તમ છે."

આવા હતાશા અને હીનવીર્યવાળા શબ્દો સાંભળી વીરાંગના કચ્છનકુમારી આવેશ સહ બોલી ઉઠી કે—"શું હું ગોલી જણી છું ? શું મારા શરીરમાં વીરક્ષત્રીત્વતાનું ઉષ્ણ લોહી વહન કરતું નથી ? શું હું બાયલી પ્રજા પૈકીની નિર્બળ બૈરી છું ? શું હું કોઈ સાધારણ કુળની કન્યા છું ? શું હું શત્રુદળથી ભય પામી ભાગવાનું પ્રિય ગણી પરમારકુળને કલંકિત કરનારી છું ? મારી સ્હામે કોણ થનાર છે? યવનો શું કરી શકનાર છે! હું પાપીઓના હાથમાં કદિ સપડાનારી નથી ! હું વીરક્ષત્રીઆણીની કુખમાં લોટેલી છું ! હું પરાક્રમી રાજ્યશેખર દિલ્લીશ્વરની મહારાણી છું. હું શત્રુઓનાં મસ્તકની અચ્છી કાપણી કરનાર—સુલતાનને ઘણીવાર બંધિવાન બનાવી દયા દર્શાવી જતો કરનાર રાજરાજેશ્વર ચહુઆણરાજની પટરાણી છું ! મને યવનોનો કે મરણનો ભય નથી ! સંસારની સર્વ ચલિત વસ્તુઓનો તિરસ્કાર કરી સત્ય યશને પ્રિય ગણનારી છું ! મારામાં શક્તિનો નિવાસ છે ! મેં યુદ્ધની ઉત્તમ કેળવણી મેળવી છે ! તરવારને ઘણા દિવસથી રૂધિરપાન કરાવ્યા વિના તરશી રાખેલી છે તેને આજે તૃપ્ત કરીશ ! વીરાંગનાઓ—વીર રજપૂતાણીઓ—અને સન્નારીઓમાં કેટલું પાણી છે તે આજ શક્તિની સહાયતાથી શત્રુઓને અને તમોને બતાવી આપીશ! હું શત્રુની છાવણી મધ્ય છાપો મારી મારા નાથના સ્થૂળ દેહને હાથ કરી ચિતામાં ભસ્મીભૂત થઇ સ્વામી સંયુક્ત સ્વર્ગને શોભાવીશ ! હું કૂતરાના મ્હોંતે મરીશ નહીં ! પણ વિશુદ્ધ કીર્તિને વરી જગતપરની સ્ત્રીઓને મારૂં અનુકરણ કરનારો દાખલો સ્થાપન કરી

વીરમૂર્તિરૂપે મરીશ! પરમારવંશવિભૂષણ પિતા **જેતસિંહ**, બડવીર **સલખણ** ભ્રાતા, સુરેંદ્ર સાદશ સસરાજી **સોમેશ્વરજી**, કુંવર કુળભૂષણ સાસુજી **કમળાવતીજી**, વહેવાઇજી રાણા **સમરસિંહજી** વીરમણિ જમાઇ **કલ્યાણસિંહજી**, સતી શિરોમણિ પુત્રી **ઊષાવતી** પ્રતાપી પુત્ર **રણસિંહકુમાર**, સતી **પદ્માવતી** તથા **સંયુક્તાદેવી** શોકય અને વીર પ્રસવિની રાજપૂતાનાની વીરભૂમિના ચક્રવર્તી ચહુઆણેશ્વર વગેરે વગેરેના ઉજજ્વળ તેજ, યશસ્વી નામ અને પ્રતાપી પુરૂષાર્થને અમર નામના આપીને મરીશ! જેને સંસારના ક્ષણિક સુખની, સ્ત્રી પુત્રાદિની વાંછના હોય તેને તરતજ સમરભૂમિમાથી ચાલ્યા જવું. જેને વીરત્વ બતાવી તરવારની ધારથી કપાઇ સ્વર્ગ સંપત્તિના સ્વામી થવા કરતાં, ઠુંબા ખાનારા સંસાર વ્યવહારની વિપત્તિ વ્હોરવી હોય તેને મારી નજર આગાડીથી હમણાંને હમણાં જ દૂર થઇ જવું. જેને રાણીજણ્યા નહીં ગણાતાં ગોલીજણ્યાની ગણત્રીમાં ગણાવું હોય તેને છ પાંચ ગણવામાં જરા વાર લગાડવી નહીં. જેને વીરમણિની સેનામાં કાળા મેંઢા સરખા બદનામી આપનારા થઈ ક્ષત્રી છતાં ખતરી બની રંગાટીનું કામ કરી ઉત્તમ જન્મને ભ્રષ્ટ કરવો હોય તેવા કુળકલંકિતોને નિમિષ માત્ર પણ અહીં હાજરી આપવાની જરૂર નથી. જાઓ, મર્દરૂપની માદાઓ! જલ્દીથી ભાગી જાઓ! જાન બચાવો! અમારે તો આ હવન કુંડમાં હજારોના જાનની આહૂતી આપી સ્વર્ગસદનને શોભાવતા સ્વામીના સમીપ જઇ સ્વર્ગ સુખને સાધ્ય કરવું છે!" વગેરે વગેરે બોલતી ચંડ પરાક્રમવંત ચંડીના સરખા પ્રચંડ રોષથી દંડ દેવા અને ભુજદંડના ઘમંડપૂર્વક ઘમસાણ મચાવી રૂંડમુંડમય રણભૂમિને ભેટી સ્વર્ગભોક્તા સ્વામીનું સ્થૂળ શરીર લેવા અશ્વારૂઢ થઇ શત્રુઓના તરફ ધસી, અને જે જે સાહમે મળ્યું તે તેને તાતી તેગનો વેગથી સ્વાદ ચખાડતી ચાલી, એ જોઇ વીરક્ષત્રીયો પણ તેણીની પુંઠે ચાલ્યા.

પ્રલય કાળસમયની રૌદ્રાણીની મૂર્તિ સરખી, દૈત્યોનો અંત આણનારી ચંડ ચામુંડાદેવી સરખી અને અરિદળના હર્ષનો હંત કરવા મુલકમેદાન તોપના સરખી ધાણુ કહાડતી છાવણીનાં ધસતી આવતી વીરદેવીને નિહાળી ભયભીત બની યવનો હાંફલા ફાંફલા થઇ ગયા. અને તેઓને અસ્ત્રશસ્ત્ર સજવા અગાઉ તો વીરાંગના ઇચ્છનકુમારી મહારાણીએ તથા વીર રજપૂતોએ મરણનેજ વ્હોરી એવી તો કાપણી ચલાવી કે જોત જોતાંમાં વીરયવનનાં શીશ ને ધડ

અલગ થઇ ઉછળતાં હાહાકાર મચવવા લાગી ગયાં. મહારાણી તો આંધાધુંધી ભરી કતલ ચલાવતી જ્યાં દિલ્લીશ્વરનું શબ રાખવામાં આવ્યું હતુ ત્યાં જઇ પહોંચી તે શબને ઘોડાપર લેઈ પાછી ફરી. એ જોઇ એક બીબીજાયાએ મર્દોનું પાણી માદા થઈ જતી જોઇને પૂર્ણ વીરાવેશથી મહારાણીના કલેજામાં મરણિયા થઇ બરછીનો ઘા કર્યો જેથી મહારાણી ઘોડાપરથી મહારાજાના શબ સહિત ભોંયપર પડી પોતાના સ્થૂળ શરીરને પરમાત્માને શરણે સોંપી સૂક્ષ્મ શરીરે સ્વર્ગમાં સુખાનંદ વિલસતા સ્વામીને સૂક્ષ્મ શરીર વડે જઈ ભેટી સૌભાગ્ય શાલીની થઇ.

એ વખતે વીર રજપૂતોએ અને વીરયવનોએ ખરેખરી અડીકડીનો સમય જાણી અનહદ પરાક્રમ ભર્યા આવેશથી કતલ ચલાવી; કેમકે યવનો તે બેઉ શબોને પાછાં યવન છાવણીમાં લઇ જવાની કોશિશમાં હતા, અને રજપુતો તે બેઉ શબને શત્રુના હાથ જવામાં સર્વસ્વ પ્રકારે હીનપદ માનતા હતા, એથી તેઓએ તુમુલ યુદ્ધ મચાવ્યું; પરંતુ આખરે ઇશ્વરેચ્છાની પ્રબળતાથી બેઉ શબને વીર રજપૂતો સહીસલામતે બેહદ ખુવારી વેઠીને પણ પોતાના તાબામાં લઇ ગયા અને મ્હેં ખડકી ઉજાવતી, ઇચ્છન-કુમારી અને પૃથિરાજ એ ત્રણેના શબને ગોઠવી ચિતા સળગાવી દઇ ધારેલી ધારણા પાર પાડી સફળ શ્રમવંત થયા.

વાચકો! આજે ક્યાં છે એવા વીરમણિ રજપૂતો? આજે ક્યાં છે એવી વીર રમણિયો? આજે ક્યાં છે એવા મજબુત વિચારના સુલતાનો? અને આજે ક્યાં છે એવી સતી સુંદરીઓ? આજે તો સુખશાંતિના સાગર સ્વરૂપ બ્રિટિશ શહનશાહત કે જેણે સર્વ પ્રકારે સુખનાં સાધનો સાધ્ય કર્યાં છે, તે સુખદાતા સરકારની સ્હામે નાહક ગલબલ મચાવી પોતાના સુખને પાંજરાપોળને તાબે કરનારા અકલના અરીરૂપ આર્યો જગે જગે આગિયાની માફક ચળકતા જણાઇ હિંદને હતભાગી બનાવી રહ્યા છે. આજે તો ઇંગ્રેજ સરકારના વચનપાળ–ગુણગ્રાહી–નેક ટેકદાર–સમય સૂચક–વિદ્યા કળામાં અત્યંત અભિરૂચિ–નવીન શોધ ખોળમાં દઢાગ્રહી–સત્યસંગી–ન્યાયપરાયણ–ખંતવંત અને દેશોદયના ઉપાસક–ઇત્યાદિ ઇત્યાદિ ઉત્તમોત્તમ અભ્યંતર ગુણોનું અનુકરણ ન કરતાં ચાહ–કૉફી–સાઇકલ–મોટર–બિસ્કુટ–બ્રાંડી ચિરૂટ–ચશ્માં–સ્ટીક–સ્ટોકીંગ–અમરેલા–બુટ–કોટ–પાટલૂન–જાંકીટ–

ફેસેનેબલ બાબરી-ઓવરકોટ-ભપકાબંધ ચાલ વગેરે વગેરે બાહ્ય રોપ રૂઆબનું અનુકરણ કરી યશ નોના ભગત બની વૈર વિરોધ વધારી દેશના દાલિદ્રને દિમાગવંત કરવા ગપ્પી-કૃતઘ્ન-અપ્રતિજ્ઞ-અનાસ્તિક-આછકલાઇના પાત્ર ને ભીરૂના ભક્ત બન્યા જ્યાં ત્યાં દૃષ્ટિ ગોચર થઈ રહ્યા છે. આજે અર્ધદગ્ધ કેળવણી મેળવી સુશિક્ષિત સંતતી બનાવવાનું શિક્ષણ હવાને સોંપી વિલક્ષણ વર્ત્તનવાળી ચટક મટક ભરી ચાલ-ચાવી ચાવીને બોલવું વૃદ્ધોને વિવેકહીન-પતિને ગમાર ગણુનારી ટાપટીપમાં લીન સ્ત્રીવર્ગ સ્થળો સ્થળ ફેશનની શિષ્યા-રીમાં ગર્ક થયેલો દર્શન દઇ રહેલ છે. અને આજે પ્રજા પ્રજાધર્મને ન જાણતાં રાજ્યકર્ત્તાએ અર્પણ કરેલા સુખની બેકદરપણે ટીચ-કારી કરી આડે માર્ગે વિચરી રાજ્યકર્ત્તાનો અણગમો વ્હોરી રહેલ છે. ખેર ! સમય જે કરે તે ખરૂં, પરંતુ લેખકની તો હમેશાં એજ ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે કે આ બ્રિટિશ રાજ્ય નિરંતર અચળપણે રહી અધિકાઅધિક ન્યાયસૃગના સુખાનંદવડે અમને વિશેષ વિશેષ સુખ ન્યાય હકુમતો બક્ષી અત્યંત પ્રજાપ્રિય થાઓ અને અમારા શહનશાહ પંચમ જ્યોર્જ સામ્રાટનાં સકળ સંકટો જહાનમની ખાડીમાં જાઓ !!! અસ્તુ !!!

ધર્મવીર સતી ઉષાવતી.

વિશ્વવિદિત વિમલ વર્તનવંત **ઉષાવતી**નો જન્મ **અજયમેરમાં** વિક્રમની તેરમી સદીમાં ચહુઆણેશ્વરના રાજમહાલયમાં થયો હતો, પિતાશ્રીનું મુબારક નામ દિલ્લીશ્વર **પૃથિરાજ** ચહુઆણ અને માતુ-શ્રીનું નામ **ઇચ્છનકુમારી** હતું, અને તેણીનું પાણિગ્રહણ સમરસિંહ (લડાઇના મેદાનમાં સિંહ સમાન સામર્થ્ય બતાવનાર) મહારાણા **સમરસિંહ**. ચિત્તોડપતિના યુવરાજ **કલ્યાણસિંહ** સાથે થયાં હતાં.

હીરાની ખાણુમાં હીરોજ નીપજે છે. જેણીનાં માતાપિતા વી-રશાળી-પ્રતાપશાળી-સુનીતિશાળી-વિદ્યાશાળી-ધૈર્યશાળી હતાં તેણીની સંતતીનામાં તે તે ગુણો વારસામાં પ્રાપ્ત થાય એ સ્વાભાવિકજ છે.

જ્યારે જ્યારે પૃથિરાજ લડાઇના મેદાનમાં વિજય મેળવવાને

માટે જતો ત્યારે ત્યારે ઇચ્છનકુમારી ઉત્તમ સલાહકાર અને સાથકાર તરીકે સાથેજ રહેતી હતી અને તે તે સમય વ્હાલી પુત્રી ઉષાવતીને પણ તે તે યુદ્ધકળાની અનુભવિ તાલીમ મળ્યાજ કરતી હતી.

છેલ્લી લડાઇ વખતે પણ ઉષાવતી સાથેજ હતી; પરંતુ તે સમય એકાએક તેણીની શરીરસંપત્તિમાં બિગાડો થઇ આવ્યો અને દિનપરદિન ઉપદ્રવોના આગમનથી તેમાં ઉમેરો જ થતો ગયો.

દેશદ્રોહી-નિમકહરામ હાહુલીરાયના આમંત્રણથી હિંદપર ચડી આવેલ ગોરી પાદશાહ જો કે આ છેલ્લી વખતે પણું હારી જઇ હતાશાને ભેટયો હતો; તથાપિ ભારતના ભાગ્યગગનમાં આર્યરાજ્યચંદ્રની જ્યોત્સના પવન મેઘમાળાથી આચ્છાદિત થવાનું સરજેલ ભવિષ્ય સત્ય થવાતે લીધે સ્વદેશશત્રુ-વિશ્વાસઘાતી વિજય સિંહદ્વારા વિજયોત્સવમાં લીન થયેથી ભારતેશ્વરસેનાની અસાવધાનીના સમયની ખબર મળતાં ગોરી આશાના આવેશને અવલંબી ઘોર પરાક્રમ યુક્ત ચહુઆણેશ્વરની સેના પર તુટી પડયો અને અંતે ભાવિબળથી ફતેહ પામ્યો. મહારાણા સમરસિંહે તથા યુવરાજ કલ્યાણસિંહે અને વીર સામંતો સહિત પૃથિરાજે અનંત વીરોના પ્રાણોને પરલોક પહોચાડી પ્રાણુ રહિત થઇ સ્મરાંગણને શોભાવ્યું.

આમ થવાથી એટલે કે પતિદેવ કલ્યાણસિંહજીના સ્વર્ગારોહણના સમાચાર સાંભળ્યા કે ધર્મવીર સતી ઉષાવતીના પ્રાણ પણ સ્વર્ગારોહણની સામગ્રી સજવા લાગ્યા, કેમકે પ્રાણેશ્વર જતાં પ્રાણ નિષચ્ચિયાતા થઈ પડ્યા, અરધ અંગ જતાં શેષ રહેલું અરધાંગ ગતિભંગ-સામર્થ્યહીન-નકામું થઇ પડ્યું, અને લગ્નસમયના કોલ કરારનો ભંગ થવાનો સમય સ્વાધીન થયો, જેથી સતીના પ્રાણે કલ્યાણના પ્રાણુ જતાં પોતાનું કલ્યાણુ થવું જોયું નહીં, કે તુરત તેણીએ પ્રાણેશ્વરના પ્રાણુની પાછળજ પોતાના પ્રાણોને સ્વર્ગનો સીધો રસ્તો સમર્પા દીધો. ધન્ય છે એવી સતીત્વશાળીની સતીને કે જે પતિનો વિયોગ પળવાર પણુ સહન ન કરી શકી!

ચલત કલમ સૂકત અખર, યહી સનેહકો મૂલ,
ગઇ કલમ લીલી રહે (તો) તાકે મુખપર ધૂર.

કળા કૌશલ્ય ધર્મવીર સતી શશિવ્રતા.

—o—

શિરોલિખિત નામાભિધાનવાળી સતી પણ વિક્રમના તેરમા સૈકડામાંજ દેવગિરિ (દોલતાબાદ) ના રાજાના મહાલયમાં જન્મી હતી. તેણીના માતા પિતાનાં નામ ઇતિહાસ પૂર્વક હજુ પ્રકાશમાં જણાયાં નથી; પરંતુ વિશ્વવિખ્યાત ચહુઆણેશ્વર પૃથુરાજની તે રાણી હતી, પણ તેણીની સગાઇ પ્રથમ તેણીનાં લાગતાં વળગતાંએ કનોજપતિ રાઠોડ જયચંદ્ર સાથે જોડી હતી.

પરસ્પરના રૂપ ગુણ વગેરેની જોડી મળવાથી ચિત્તરંજન થતાંજ પ્રીતિ જામે છે. રાઠોડ જયચંદ્ર મહાન્ રાજા હતો; તથાપિ તે દેશદ્રોહી–કુળ–સ્વજન–દ્રોહી–વિઘ્નસંતોષી–હળપાંગળો–પુરૂષાર્થ વિહીન હતો, જેથી શશિવ્રતા તેવા નરને વર બનાવી પોતાનું જીવન ઝેરમય કરવા ધારતી નહતી; કેમકે જેને શરીરરૂપી સમૃદ્ધિનો માલિક કરવો છે, જેને સંસાર વ્યવહારરૂપ સફરી વહાણનો નિયામક બનાવવો છે, જેને જીવનદોરી સુપરદ કરવી છે, જેને સુખ દુઃખનો સાથી કરવો છે, અને જેને ઉભય જન્મ સુધારવાનો અધિકાર સોંપવો છે, તેની પ્રથમથીજ પૂર્ણ તપાસ લઇ જિંદગીનો વીમો ઉતરાવવાની તજવીજ કરવી એજ ઉત્તમ છે. કેળની જોડે કંથેરનો સંયોગ થાય તો કેળની કેવી દશા થાય? એક રસિક હોય અને બીજું જંગલી રોઝ જેવું બબુચક હોય તો પછી જિંદગી રોદડાં રડ્યામાંજ ગુજારવી પડે. જેની જેવી યોગ્યતા તેને તેવા માનવનો સહવાસ પ્રાપ્ત થાય તો (તેને) સંસારમાંજ સ્વર્ગસુખ સ્વાધીન ગણાય છે. તે ધારતી હતી કે–"ભલે જયચંદ્ર ચક્રવર્તી હોય; પણ મને તો પાંચ સાંથીનો ખેડુત મનમાન્યો રજપૂત મળે તો બસ છે. અત્યારના વખતમાં જયચંદ્ર રાજનો મસિઆઇ ભાઇ પૃથિરાજ રૂપ ગુણ પરાક્રમ આદિમાં સુવિખ્યાતિવંત છે માટે મારે તેનેજ વરવું છે। નહીં તો કુવારાં રહીને ઇશ્વરભજન કરી પાતિક પરિહરવું છે." એવો દ્દઢનિશ્ચય તેણીએ ધારણ કીધો હતો.

શશિવ્રતા સ્ત્રીની ચોસઠ કળા પૈકી ઘણી કળાઓમાં નિપુણ હતી. તેમ તેના લાયક વર પૃથિરાજ પણ પુરૂષની બહોતેર કળા પૈકી ઘણીક કળાઓનો જ્ઞાતા હતો, જેથી જુગતી જોડીને જોડવા શશિ-

વ્રતાએ ચહુઆણેશ્વર ઉપર પત્ર લખ્યો હતો; પરંતુ તે પત્ર કેટલાંક ગંભીર કારણોને અંગે ઉપયોગમાં લેવાયો નહતો, તથાપિ પાછળથી તે તરફ પૃથિરાજે ધ્યાન આપ્યું અને તેણીની વ્હાર કરવા તથા જયચંદ્રને દ્વિગુણિત દ્વેષાગ્નિનો ઉપાસક બનાવવા તરતજ છડી સ્વારી સહિત દિલ્લીશ્વર દોલતાબાદ જઇ પહોંચ્યો અને શશિવ્રતાને વરી આનંદયુક્ત પાછો ફરી વિંધ્યાચળ પ્રદેશની રમ્યગહનવન ઘટામાં વનવિહાર ને શિકારનો આનંદ મેળવવા કેટલોક વખત રોકાયો.

જયચંદ્રને પૃથિરાજના દેવગિરિ જવાના સમાચાર મળતાં તેણે શશિવ્રતાને લઇ આવવા જબરૂં સૈન્ય મોકલ્યું હતું; પરંતુ સૈન્યના પહોંચતાં અગાઉ શશિવ્રતાતો વિંધ્યાટવીમાં પતિ પૃથિરાજ સંગ આનંદ વિલાસ વિલસતી મૌજ કરતી હતી, જેથી દાઝે બળતું લશ્કર દેવગિરિને ઘેરી તેનો નાશ કરવાની તૈયારી કરવા લાગ્યું. એ જોઇ દેવગિરિના રાજાએ પૃથિરાજજીને તુરત ખબર મોકલાવી, એટલે પૃથિરાજે સમર્થ સામંત ચામુંડરાયને દેવગિરિએ મોકલાવી કનોજના લશ્કરનો પરાજય કરાવી દીધો.

આમ થવાથી જયચંદ્રે પાટણના પતિ ભોળાભીમની અને શાહાબુદ્દીનની સાથે મસલત ચલાવી તેમને અવકાશ આપી પોતાની પડતીને આમંત્રણ કર્યું. શાહાબુદ્દીન ચડી આવ્યો. લાહોરના સૂબા ચંડપુંડીરે ચહુઆણેશ્વરને તે સંબંધી ખબર આપી. યવનેશને આગળ ન વધવા દેવા યુદ્ધ આરંભ્યું; તથાપિ તે આગળ વધતો અટક્યો નહી; પણ લાહોરની નજદીક આવી પહોચતાં પહેલા તો વીરાધિવીર પૃથિરાજ પોતે આવી પહોંચ્યો અને સુલતાનને પરાજિત સાથ કેદ કરી લીધો; અને છેવટ ગોરીના મુખ્ય સરદાર તાતારખાંને શાહના છુટકારા માટે આખર કેટલાક એરાકી જાતના ઘોડા, સાઠ હાથી, ઉત્તમોત્તમ વીશ સાલો, અને પુષ્કળ રોકડ નાણું દંડમાં આપી પોતાના શાહને કેદથી મુક્ત કરાવ્યો.

શશિવત્તાના સિકંદરમાં ભારતેશ્વરના પ્રશંસનીય સુખ પ્રાપ્તિનું સૌભાગ્ય પ્રાપ્ત થવું સરજેલું હતું તે જયચંદ્ર રાઠોડથી દૂર થઇ શક્યું નહીં; પણ તે રાઠોડ રાજનુંજ સૌભાગ્ય નષ્ટ થયું. શશિવ્રતા પોતાના પતિની અત્યંત માનીતી થઈ પોતાના જીવનને અમૃતમય બનાવી પોતાની કળાકૌશલ્યતા અને ધર્મવીરત્વથી આ લોક અને

પરલોક શોભાવી અમરનામનાને હજુ લગણુ પણ પ્રકાશપણે કાયમ કરી રહેલ છે ।

દોહરો.—સારાં કાર્ય કરી સદા, યશ યુત રહે સતેજ;
સુખમય આ સંસારમાં, ઉત્તમ જીવન એજ ।

—o—

યુદ્ધવીર સતી પદમાવતી.

વિક્રમાદિત્યની તેરમી સદીમાં પુનીત દેવી **પદ્માવતીનો** જન્મ **સમુદ્રશિખર** નગરમાં **વિજયસિંહ** રાજાના અંતઃપુરમાં થયેલો હતો. અને તેણીનાં લગ્ન વિશ્વવિખ્યાત **પૃથિરાજ** ચહુઆણ સાથે થયેલાં હતાં. તે વિષેની બિના એવી છે કેઃ—

" જો મારા યોગ્ય સ્વરૂપ સદ્‌ગુણ સંપન્ન વીરવિજયી ક્ષત્રીવરની જોડી જડે તો જ મારે વરવું, નહીં તો બ્રહ્મચર્યવ્રત ધારણ કરી ઇશ્વરભજનમાં લીન રહી સ્વર્ગ સુખસંપાદન કરવું. "

આ પ્રમાણે દૃઢ પ્રતિજ્ઞા ધારણ કરેલી દેવી માટે વિજયસિંહ રાજાએ જોઇતી જોડી માટે ઘણી શોધ કરી; તથાપિ તેણીની પસંદગી યોગ્ય અન્ય કોઇ ક્ષત્રીવીર યોગ્ય લાગ્યો નહીં. દરમ્યાન દિલ્લીશ્વરની રૂપ–ગુણ–પરાક્રમ આદિ વિષેની અનહદ વિખ્યાતિ કવિ ભાટ ચારણો દ્વારા પદ્માવતીના સાંભળવામાં આવી, જેથા તેણીએ ખાનગી રીતે ખબર કરાવી તે વાતની ખાત્રી કરી લઇ દૃઢ નિશ્ચય કર્યો કે–"જો વરૂં તો એ ચહુઆણ રાજનેજ વરૂં, નહીં તો કુમારિકા વ્રત સહિત આ શરીર ચિતાગ્નિને સમર્પણ કરૂં । " એમ ધારી તે સતી સુંદરીએ પોતાની દૃઢ પ્રતિજ્ઞા પોતાના પૂર્ણ વિશ્વાસુ પોપટદ્વારા ચહુઆણેશ્વરને જાહેર કરાવી; તે એવી રીતે કે,—

એક સમય ચહુઆણરાય સાયંકાળના સમય પોતાના રંગ મહેલની અગાસીમાં બેસી યમુનાતટ પ્રદેશની સૌંદર્યતા નિહાળતો ને મૂછપર હાથ ફેરવતો શત્રુ શાહાબુદ્દીન સબંધી ઘાટ ઘડતો હતો.

રાજનીતિમાં કહેલું છે કે,–કદા દુશ્મનને વારંવાર યાદ કરવાથી મનુષ્યમાં પાંચ ગુણ સતેજ રહે છે એટલે કે–(દુહો.) બુદ્ધિ પરાક્રમ ધીરતા, અનાલસ્ય ઉત્સાહ; આવે અરિ સમર્યા થકી, પાંચ ગુણો

તન માંહ. માટે જ પૃથિરાજ શાહબુદ્દીનનું વારંવાર સ્મરણ કરતો હતો. દરમ્યાન એક હીરા માણેકના અલંકાર યુક્ત હીરામણ પોપટ ગગનપંથથી નીચે ઉતરી મહારાજાની સ્હામે બેઠો અને નમન કરી મીઠા શબ્દોવડે માનવીની ભાષા બોલવા લાગ્યો,—

"શ્રીમન્ નૃપેંદ્રજી! જેની સુકીર્તિ રીસાઇને દિશાના અંતમાં જઇ વસી છે, જેની ધાકથી વિરોધી રાજાની રાણીઓ અશ્રુપાત કરી ખારાજળનો દરિયાવ ભરી રહેલ છે અને જેના સ્મરણ માત્રથી સુલતાન શાહબુદ્દીન ગોરી ઉંઘમાં પણ ઝબકીને જાગે છે તે જ સુયશના બીજક-ક્ષત્રીયચૂડામણિ અને યશસ્વી ચહુઆણવંશવિભાકર ભારતેશ્વર પૃથિરાજજી જ છો? જો મારૂં માનવું અસત્ય ન હોય તો મારા તરફ હસિત વદન કરી પક્ષીની અમર્યાદા માટે ક્ષમા બક્ષશો."

ભારતેશ્વરે, શુકપક્ષીનાં માધુર્યતા અને ધ્વનિ પૂરક વચન શ્રવણ કરી કહ્યું—"હા વિચક્ષણ શુકરાજ! તમારૂં માનવું સત્ય છે! હું તે જ છું!"

આટલું સાંભળતાંજ શુક દિલ્લીશ્વરના હાથ પર આવીને બેઠો અને મીઠી મનગમતી વાણી ઉચ્ચરવા લાગ્યો કે:—"મહિપતિમુકુટ મણિ! આપશ્રીના રૂપ ગુણ આદિ પર મોહિત થયેલી એક રાજકુમારિકાએ પ્રેમનિવેદન પત્રિકા પાઠવી છે, તે મારા કંઠમાં બાંધેલી હોવાથી આપ છોડીને વાંચો અને તે પછી વિશેષ બિના માટે મને પ્રશ્ન કરી પ્રેમીજનનું જીવનધન બચાવવા કૃપા કરો."

મહારાજાએ શુકની કોટેથી પત્રિકા છોડી લઇ ઉકેલી ઉકેલવા માંડી તો તેમાં આટલીજ વિજ્ઞપ્તિ હતી કે,—

"સિદ્ધશ્રી **દિલ્લી** મહાશુભસ્થાન સમ શ્રી વિરાજિત-અર્જુનાવતાર, આશુતોષભક્ત, સકળ સદ્ગુણરત્નરત્નાકર, પુનીત યશસ્વી, અસીમ પરાક્રમવંત, અગણિત રાજનના મસ્તકમૌલિના રત્નથી ચરણ નખને વિશેષ દ્યુતિવંત કરનાર, મમ મનમંદિરના અધિષ્ઠાતા, હૈયાના હીરાવળી હાર, જીવજીવન, શિરકિરીટ પ્રિયપ્રાણાત્મન્ **શ્રીમદ્દચંદ્રપુત્રજીની** પવિત્ર સેવામાં-

"કમુદશેખર નગરથી લખનાર આપ રાજેંદ્રજીની ચરણ ચાંપવા તલસી રહી નામ સ્મરણમાં તલ્લીન રહેલી વિજયસિંહની

બાળા પદ્માવતીના પ્રેમપુર:સર અભિવંદન સ્વીકારી આભારી કરશો જી. વિશેષ વિનયપૂર્વક વિનતી કે—આપના સગુણપુષ્પની સુવાસના દિશાના સર્વ વિભાગને સુવાસિત કરી રહેલાં હોવાથી આ સુવાસનાની લોભી ભ્રમરી સ્વયં આકર્ષાઇ મકરંદનો આસ્વાદ લેવા આતુર બનેલી છે. અને સ્વાભાવિક નિયમજ છે કે, લોહ ચુંબકવત્ આપની સુવાસનાના સૂક્ષ્મ રજકણો સજાતીય પ્રાણીને પોતાના ભણી આકર્ષી લેવા ઉદ્યમ ચાલું રાખેજ ! એથી આપેજ આપના સજાતીય પ્રાણુને આપના સન્મુખ કરેલ છે એમ કદાચ કહું તો તે ભૂલ ભરેલું નહિજ ગણાશે. મને લાગેલી તાલાવેલીને લીધે ખાનપાન ગાન આદિ અરૂચિનાં નિદાન થઇ રહેલ છે, ચિંતારૂપ શોકયને નિહાળી મારી નિદ્રાદેવી તો કદાં રૂપણાં કરી બેઠી છે, સ્વજન સાહેલીઓ ભણી પણ કંટાળો ઉપજે છે, સ્વપ્નમાં પણ આપશ્રીનુંજ સ્મરણ દર્શન થાય છે અને અહોરાત્રી એજ ઝંખનામાં જાય છે. પ્રાણુ નાથ ! મારી દૃઢપ્રતિજ્ઞા છે કે—આ શરીર આ જન્મમાં તો આપનેજ સમર્પણ છે. કદાચિત્ આપશ્રી આમ છતાં આ શરીરને નહિ સ્વીકારશો તો અંતે ચંદનચિતાને સુપરદ કરી સબળ સંકલ્પ બળથી પુનર્જન્મમાં પણ આપશ્રીનેજ મેળવી લઇશ. બસ હવે એથી વિશેષ શું લખું ! જે પ્રેમના ગૂઢ તત્ત્વોના જ્ઞાતા છે, જે ક્ષત્રીય ધર્મના પાળક છે અને જેણે હાથે કરીનેજ પોતાના ભણી અભિમુખ કરેલ છે તે શૂર શિરોમણિ પ્રેમમૂર્તિને વિશેષ શું કહેવું ? ઇતિ શુભમ્ મિતિ માઘ પૂર્ણીમા.

લિ. આપશ્રીની ગુણાનુરાગિણી.

પદ્માવતીના વિનયપૂર્વક પ્રણામ."

પત્ર વાંચ્યા બાદ દિલ્લીશ્વરે પોપટની સ્હામે નિહાળ્યું કે પોપટે અરજ કરી—"રાજ રાજેશ્વરજી ! પૂર્વ પ્રદેશની અંદર સમુંશિખર નગર છે, તેના રાજતખ્તપર વિજયસિંહ રાજન્ વિદ્યમાનછે અને તે પુરપતિને ફક્ત સંતતીમાં એક બાળા છે તે આપશ્રીના ઉપર અત્યંતાનુરાગિણી છે. અન્ય સંબંધીઓ રાજકુમારીને અન્ય રાજકુંવર સાથે પરણાવવાની યોજના યોજી રહેલ છે; પરંતુ દઢાગ્રહી રાજકન્યા આપશ્રી શિવાય અન્યને વરવા સ્વપ્નામાં પણ ઇરાદો ધરાવતી નથી. માત્ર ધ્યાન-સ્મરણ-જાપ-દર્શન-ચિત્ર-નૃત્ય આદિ સર્વ આપનેજ સંબોધી સંકલ્પ શક્તિવડે ચક્ષુ અગાડી રાખેલા આપના પ્રતિબિંબ

અગાડીજ કર્યા કરે છે; માટે તેણી શ્રીમતિનો મનોરથ પૂર્ણ કરવા કૃપા કરવી ઉચિત છે. આશ્રિતને આશ્રયદાતા આશ્રયવંત નહીં કરશે તો પછી આશ્રયકારની શી દશા થશે? તે આપશ્રીથી જરા પણ અજાણ્યું નથી. એટલે સુજ્ઞેષુ કિમાધિકમ્?!" ઇત્યાદિ ઇત્યાદિ સમયોચિત કથન કહ્યાં એથી પૃથિગજના પ્રેમી હૃદયમાં સજાતીય પ્રાણુ તરફની ઉંડી લાગણીના પ્રેમાંકુરો પ્રકટ થયા જેના લીધે તેણે પોપટ પ્રત્યે કહ્યું.—

"વ્હાલી વલ્લભાના વિનીતત્વાચી શુકરાજ! નિશ્ચિંત રહો, તમારી સ્વામિનીને સધીર બનાવો, પત્રિકા લખી આપું છું તે આપી આશ્વાસન આપો. હું પ્રાત:કાળે જ પૂર્વ પ્રદેશ ભણી મંગળ પ્રયાણ કરીશ અને અવશ્ય વિજયસિંહની રાજકુમારીને વરીશ!" એટલું બોલી પત્રિકા લખી આપી પોપટને ખાનપાન આદિથી સંતોષી તેના કંઠમાં પત્રિકા લગ્ન કરી તેને વિદાગિરી આપી, એટલે તત્ક્ષણે આનંદ યુક્ત પોપટ પોતાની પાળક રાજકુમારીના વતન ભણી રવાના થયો.

પદ્માવતી પોપટના આગમનની અત્યંતાતુરતા સહ રાહ જોતી મનને તર્ક વિતર્કના તરંગોને સ્વાધીન કરી રહી હતી. નિયમ જ છે કે--આતુર જનને કાર્ય સિદ્ધિ હાસલ થયા વિના પળભરપણ ચેન પડતુંજ નથી, અને તે તેની તેજ જંખનામાં રસબસ થઇ રહે છે, તો પછી પદ્માવતી તે કુદરતી નિયમથી કેમ ભિન્ન હોઈ શકે? પણ પદ્માવતીનું મન પવનથી પણ અધિકાધિક ગતિવંત હોવાથી ટેલીફોનની પેઠે આ છેડે અવાજ આવતાં પેલે છેડે જવાબ પહોંચતો હોય તેમ પતિ અગાડી જઇ પહોંચતું હતું; પરંતુ બિચારા પોપટને તો ઉડી લાંબો પંથ પસાર કરીને શ્રીમતિના પ્રાણપતિ પાસે પહોંચવું અને પ્રત્યુત્તર લઇ પાછું આવવું હતું, એથી અધીરા મનને વધારે વખત વ્યતીત થયાનું વારંવાર ભાન થાય તો નવાઇ જેવું નથી.

પોપટની રાહ જોતી હતી, તેટલામાં પંથક્રમણ કરતો અવિલંબિત ગતિથી પોપટ પણ આવી પહોંચ્યો. એ જોઇ પદ્માવતિ રાજી થઇ સમાચાર જાણવા અત્યંત અધીરા મનવાળી બની ગઇ એથી પોપટે પત્ર લઇ લેવાની અને કાર્ય સિદ્ધિની આગાહી રૂપ વધામણિ આપી એટલે તેણીના જીવમાં જીવન આવ્યું. તરત પત્રિ-

કાને છાતી સરસી ચાંપી, પ્રેમચુંબન કરી આંખ્યે અડાડી માથે ચડાવી વાંચવા લાગી તો તેમાંના શબ્દોએ પદ્માવતીના હૃદયમાં વિલક્ષણ ભાવ ઉત્પન્ન કર્યા—એટલે કે તેણીનું હૃદય પ્રેમથી આર્દ્ર બની રહ્યું, નેત્રોએ પ્રેમાશ્રુ રૂપ સુંદર મોતીડા વરસાવવાં શરૂ કર્યાં, નીચેનો હોઠ ફરકી પ્રેમાવેશને પ્રદર્શિત કરવા લાગ્યો, શરીરમાં રોમાંચોએ-રૂએં રૂંએ પ્રફુલ્લતાપણું પ્રકટ કર્યું, મન વિહ્‌વલતાને વશ થયું અને લાગેલી તાલાવેલીનો તાલ સુમ ઉપર આવવા લાગ્યો. કારણ કે તે પ્રેમપત્રિકામાં લખ્યું હતું કે,—

"સદોદિત—મમ સુખોદધિના તરલ તરંગોને વૃદ્ધિ કરનારી હાવભાવામૃતમય પ્રેમરૂપ—પૂર્ણચંદ્રની ચંદ્રિકા! તમારા પત્રરૂપ આષાઢી મેઘવૃષ્ટિ વડે મારા વિશુદ્ધ હૃદયક્ષેત્રમાં ગુપ્ત રહેલ આનંદના બીજાંકુરો પ્રકટ થઇ બે પાંદડા વાળા થયા છે, એથી નિર્વિઘ્ન પણે પલ્લવ પુષ્પ ફળ રસાદિથી પૂર્ણતાને પ્રાપ્ત કરી મનોરથ સમૃદ્ધિને સાધ્ય કરશે એવી અખંડ આશા બધાઈ છે, અને તમારાં વેધક વાક્ય, તથા મનમોહક વર્ણપંક્તિએ એક ચમત્કારિક માંત્રિકની પેઠે મારૂં મન તમ મોહિનાના તાબે કરી લીધું છે. મારા પ્રાણોનું જીવન તત્વ બક્ષનારી પ્રાણપ્રિય સંજીવની મૂળી! તમો નિશ્ચિંત રહેશો. હું તાકીદે ખાસ સરદાર મંડળ સહ ત્યાં આવું છું અને તમારી પ્રતિજ્ઞાને પૂર્ણ કરી પ્રતિસ્પર્દ્ધિયોના વિરૂદ્ધ વિચારોને મહીપુત્રીની (ધૂળ) સાથે મેળવી દઇ વિજય સ્વાધીન કરૂં છું!"

પદ્દમાવતી પત્રિકા વાંચી આનંદોદધિમાં નિમજ્જન કરવા લાગી, હર્ષ હૈયામાંથી ઉભરાઈ જતો જણાવા લાગ્યો, અને નવીન બોડીનો જુસ્સો વધી જવાથી પહેરેલી કંચુકોની કસો પણ ત્રુટી ગઈ. પ્રથમ તો નાથના તરફથી પોતાની માગણી કબુલ રાખવા અને આગમનની વાતો સંબંધી બરહોળ થયાં કરતી હતી; પરંતુ પત્રિકા પઢ્યા પછી તો તે વાતાવરણ બદલાઇ હવે નાથના આગમનની વધામણિ સંબંધી સમાચાર—વાર્તાના ભણકારા થતા ભાસવા લાગ્યા, હવે તો તે પોતાના જીવનને ધન્યાતિધન્ય માનવા લાગી, હવે તો કન્યા પદથી મુક્ત થઇ વધુના પદની ઉપાધિને આધીન થવા અત્યાતુર બની રહી, હવે તો રાજકુમારી મટી ભારતેશ્વરની રાણી થવા તલ પાપડ થઇ રહી, હવે તો કાગડા વગેરેના શબ્દ શકુનોને જોવા લાગી, અને હવે તો કુળદેવ, ગ્રામદેવ તથા ઇષ્ટદેવ પ્રત્યે નિર્વિઘ્ન

પણ મનોરથ સિદ્ધિ સ્વાધીન થવા માટેની બાધા માનતાને અમલમાં લેવા લાગી. અહા! આશા પણ પ્રાણી માત્રને શું શું નાચ નાચવરાવે છે?!

પત્ર પાઠવ્યા પછી પૃથ્વિરાજે પણ વિશ્વાસુ વીર પ્રધાન કૈમાસને દિલ્લીના રાજ્યની પાછા આવતાં લગીની સત્તા સોંપી વરદાયી કવિચંદ ગુરૂ રામરાય ગુજ્જર અને અન્ય આઠ હજાર લશ્કરની છડી સ્વારી સહિત સમુદ્રશેખર તરફ મંગળ પ્રયાણ કર્યું. અને મજલ દર મજલ કરતે તથા રસ્તામાં આવતા નાન્હા મોટા રજવાડાઓને પોતાની આજ્ઞા મનાવી ભેટ લેતે સમુદ્રશિખરની હદમાં પાવન પગલાંની પધરામણી કરી.

વિજયસિંહના જાસુસોએ તરત દિલ્લીશ્વરના આગમનની વધામણિ આપી એટલે વિજયસિંહે તેઓને અમૂલ્ય શિરપાવ આપી ભપકા ભર્યા રહામૈયાની તૈયારી કરી, અને રહામે જઇ અત્યંત આદર સન્માન પૂર્વક નમન, સ્તવન, વિનતી વડે મહાન્ હર્ષ પ્રદર્શિત કરી ચહુઆણેશ્વરને કેમસહ સમુદ્રશેખરના ભવ્ય મહાલયમાં નિવાસ કરાવી પ્રસન્ન કર્યા.

તદનંતર જોશી પાસેથી ઘડિયાં શુભ લગ્નને વધાવી રાજ પદ્ધત્તિ પ્રમાણે અને દેશ કાળના નિયમ પ્રમાણે સર્વ વિધિ સાચવી પ્રિય પુત્રી પદ્માવતીનાં લગ્ન હિંદપતિ પૃથ્વિરાજ ચહુઆણુ સાથે કર્યાં. તથા કન્યાદાન વખતે અપરિમિત પદાર્થ દ્રવ્યાદિ અર્પી વધૂનાં માતા પિતા ગદ્ગદ્યાં. પ્રતિસ્પર્દ્ધિયો ઝૂરતાંજ રહ્યાં અને સાચા પ્રેમિયોએ સત્યપ્રેમ પંથે વહી વિયોગ દુઃખો દળ્યાં.

વિલાસિની નવલવધૂના વિલાસ-વિનોદ રૂપ વસંતવાટિકાના સુમનસનો સુગંધલોભી ભોગી ભ્રમર પૃથિરાજ વિવિધ વિહાર કરતો કેટલોક વખત સસુરાલયમાંજ નિવાસી મસ્ત ચિત્તવંત થયો, અને વિશેષ વખત ત્યાં વ્યતીત કરવાના વિચારમાં હતો; પરંતુ શાહબુદ્દીનની ખટપટનું સ્મરણ થવાથી દિલ્લીને વધારે વખત પોતાની ગેરહાજરીથી રાખવી એ યોગ્ય જણાયું નહી તેથી, અને કલહપ્રિય વિઘ્નસંતોષી સુમંતે દિલ્લીપર ઘેરો ઘાલ્યાની ખબર મળ્યાથી તુરતજ વિદાગિરી માગી દિલ્લીશ્વરે પ્રયાણ કર્યું.

કટ્ટા શત્રુ શાહબુદ્દીનના છુપા જાસુસો પૃથિરાજ સંબંધી પળે પળે ખબર રાખતા હતા અને પોતાના સુલતાનને તે તે ખબરો

પહોંચાડ્યા કરતા હતા. ' પુષ્કળ દોલત, નવલ વધૂ અને ફક્ત નાન્હકડી લશ્કરી ટુકડી સહિત પૃથિરાજ પરહદમાં આવે છે, માટે તેને ઘોર જંગલમાં ઘેરી પરાજયને પાત્ર કરવાનો સરસ લાગ છે' એવા સમાચાર પણ તેઓએ પ્રથમથી આપ્યા હોવાથી શાહાબુદ્દીન યોગ્ય લશ્કર સહ ગાઢ જંગલનો માર્ગ રોકી શત્રુ પૃથિરાજની રાહ જોતો હતો.

પૃથિરાજને પણ જાસૂસો મારફત ગોરીના કાવત્રાના અથેતિ સમાચાર મળ્યા એટલે નવલવધૂને તે સમાચાર નિવેદિત કરી તેણે તેણીની બુદ્ધિ-શૌર્યતા જાણવાની ખાતર સલાહ પૂછવા માંડી કે "પ્રાણેશ્વરી ! આપણી પાસે માત્ર ન્હાની લશ્કરી ટુકડી છે, અને શાહાબુદ્દીન જબરા લશ્કર સહિત ગીચવનનો રસ્તો રોકી બેઠો છે, તો તે રસ્તે ન જતાં બીજે રસ્તે જવું કે સ્હામે જવું ? !"

પદ્માવતી બોલી-" પ્રાણનાથ ! રસ્તો બદલવાથી ભારતેશ્વરને લાંછન લાગવા સરખો પ્રકાર છે, એથી શત્રુ ની સ્હામે જવાથી શત્રુની છાતી ધમકવા લાગે છે, ન્હાનું લશ્કર છે તો શું થયું ? અંકુશ ન્હાનો છતાં હાથીને કાબુમાં લઇ શકે છે, ન્હાનો જમૈયો છતાં શત્રુને યમસદનમાં મોકલવા બસ થઇ રહે છે, ન્હાનો સરખો સિંહ બાળ મોટા પશુગણનો વિધ્વંસ કરવા વગર સહાયતાયે આગળ વધે છે, ન્હાનકડો ઠાકરિયો વિંછી ભલભલાને અરૂરાટી ઉચરાવી દે છે. જરાક જેટલો અગ્નિ મહાન્ ઘાસપુંજને ભસ્મીભૂત કરી મૂકે છે, અને ન્હાનકડો વજ્ર મહાન્ પર્વતોનાં ચૂર્ણ કરી દે છે! આપ એકલાજ અરિદળનો અંત આણવા બસ છો, છતાં આપણી પાસે યમદૂત જેવા આઠ હજાર લડાયકો છે તે આઠ લાખને પૂરા પડે તેવા છે. સિંહને કોઇની સહાયતાની જરૂર હોતીજ નથી, તે સદા એકલો છતાં નિડર રહી ચાહે તે પ્રદેશમાં મ્હાલતો ફરે છે, અને તેને સ્વપ્નમાં પણ ભીતીનો સંસ્કાર થતો નથી ! માટે એજ રસ્તે જવું અને આત્મબળ વડે વિજયી પદ પ્રાપ્ત કરવું એજ યોગ્ય છે."

નવલવધુનાં આ પ્રમાણે વીરાવેશભર્યાં વાક્ય સાંભળતાં વીર-શેખર પૃથિરાજને વીરત્વ ને હર્ષના સંચારથી રોમાંચ થઈ આવ્યાં. વકારેલું સિંહબચ્ચું, વધારેલું વિષ અને પણછના ઘસારાવાળું બાણ અવરના પ્રાણ લે તેમાં નવાઈ શી ? પૃથિરાજને, 'ભાવતું હતું ને

વેર કર્યું ' તેવો પ્રકાર પ્રત્યક્ષ થવાથી આનંદની ઉર્મિયોમાં રસબસ–લીન થઇ તે બોલ્યો કે–" શાબાસ શૌર્યમૂર્ત્તિ સુંદરી શાબાસ! ખરી ક્ષત્રીઆણીનો એજ પરમ ધર્મ છે! અને ખરી વીરતા આત્મબળમાંજ સમાયલી છે!"

આ પ્રમાણે બોલી લશ્કરી ટુકડીને સાવધ કરી દંપતી આગળ વધ્યાં. બેઉ લશ્કરનો ભેટો થયો. તરવારની તાળિયો પડવા લાગી. અને જોત જોતામાં મહાન યુદ્ધ ચાલ્યું. પદ્માવતી પણ પતિને પડખે રહી જેમ અસુરોનો અંત આણવા ચંડી પ્રચંડ કોપથી દૈત્યદળના ખંડોખંડ કરે, તેમ હાથમાં ખડ્ગ ધારણ કરી યવનોનો અંત કરવા શત્રુશિરની કાપણી કરવા લાગી. રૂંડમુંડમય સ્થળ બની રહ્યું. પચાસ રજપૂત સરદારો પાંચ હજાર યવનવીરોને મારી તેમના શરીરની પથારી કરી અનંત કાળને માટે ગાઢ નિદ્રામાં લીન થયા. યવનસેનની ખાખા વીંખી થ ગઇ શાહાબુદ્દીન જીવતો કેદ પકડાયો. તેને આઠ હજાર ઘોડા અને પુષ્કળ દ્રવ્ય દંડમાં આપ્યું એથી મોટા દિલના દિલ્લીશ્વરે દુશ્મનને હાથ આવ્યા છતાં મરણને શરણ કરી સદાને માટે કાશલ ન કહાડતાં જીવતો જવા દીધો. પૃથિરાજ વિજય મેળવી આગળ વધ્યો, યવનેશે અને બારોટે પદ્માવતીના અજબ પરાક્રમનાં વખાણ કર્યાં. સહી સલામતે દંપતી સ્વદળ સહિત દિલ્લી જઇ પહોંચ્યાં. આનંદોત્સવનાં રંગ વધામણાં થયાં. વખતો વખત વીરાધિવીર પૃથિરાજ પદ્માવતીની કિંમતી સલાહ લઇ યુદ્ધમાં વિજયને વર્યો. અને અંતે દંપતિએ સ્વધર્મને શોભાવી સ્વર્ગને પણ શોભાયુક્ત બનાવ્યું. ધન્યાતિધન્ય છે એવી વીર સતીઓને કે જેણીઓએ પતિના સુખ દુઃખમાં સદૈવ ભાગિયણ થઇ અત્યંત આનંદ ને અપૂર્વ ઉન્નતિક્રમને વિકાશમાં લાવી જીવન ગુજારવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું!!!

(દોહરો) જેણે જગમાં જન્મીને, ઉન્નતિક્રમને ખાસ;
વિકાશમાં લાવ્યો નહીં, તેનો વૃથા પ્રયાસ!

ધર્મવીર સતી સંયુક્તા.

આર્યાવર્ત્તના અનુપમ અલંકારરૂપ અનંગ મંજરી–સતી સંયુક્તા વીર વિક્રમાદિત્યની તેરમી સદીમાં કનોજના મહારાજાધિરાજ જયચંદ્ર રાઠોડ રાજની સિંહલદ્વીપની પત્નિની મહારાણી જુન્હાઈના રત્નકુક્ષરૂપ જન્મભૂમિથી અમૂલ્ય રત્ન રૂપ પેદા થઈ હતી અને ચહુઆણેશ્વરની (પૃથિરાજની) મનમોહિની રાણી થઈ પોતાના ઉત્તમોત્તમ ધર્મ બળના લીધે આ લોક છોડયા છતાં પણ આર્યોના મનમંદિરમાં પ્રાતઃ સ્મરણીય સતી–દેવી પદથી અદ્યાપિ પર્યંત જેવા ને તેવા સૌભાગ્યમય વિરાજિત રહેલ છે તે સંબંધે નીચે પ્રમાણે બિના બનેલી હતી.—

પૃથિરાજની ગુણિકા કર્ણાટકીના લુબ્ધપણાને લીધે બુદ્ધિનીમૂર્તિ રૂપ પ્રધાન કૈમાસનો પૃથિરાજે અંત આણ્યો, જેથી ભયની મારી તે ગુણિકા નાસીને પૃથિરાજના કટ્ટા શત્રુ જયચંદ્ર રાઠોડ મહારાજાના દરબારમાં જઈને રહી, અને કનોજની લક્ષ્મી સંયુક્તાને ગાન કળાદિ વિદ્યાનો અભ્યાસ કરાવા માટે નિયત થઈ.

'અપમાનને પાત્ર થયેલ છતાં પણ નિમકહલાલ મનુષ્ય પોતાના અન્નદાતાનું કે વ્હાલાજનનું કદિ પણ અનિષ્ટ કરવા ઇચ્છતું નથી.' એજ પ્રમાણે નિમકહલાલ કર્ણાટકી પૃથિરાજના ત્રાસથી જીવ બચાવી નાશી છુટી શત્રુ રાજ જયચંદ્ર ને શરણે રહી હતી; તથાપિ જયચંદ્ર કરતાં પૃથિરાજ વિશેષ વીરશાલી, દાનશાલી, બુદ્ધિશાલી, પરોપકારશાલી, ને ધીરશાલી હોવાથી તેણીની નસ તેના તરફ ખીંચાતી હતી. એના લીધે વખતો વખત વાર્ત્તાલાપમાં પ્રસંગવશાત્ રાજબાળા સંયુક્તા અગાડી તેના (પૃથિરાજના) રૂપ ગુણ વીરત્વાદિની પ્રશંસા કરવામાં ઉત્સુક રહેતી હતી.

નિયમજ છે કે–**બાળક અવસ્થાના કુમળા મનમાં જે વાતની અસર ઠસાવી દીધી હોય તે અસર વિધિના અંક જેવી અનિવાર્ય દશાવંત થઈ રહે છે.** આમ હોવાથી સંયુક્તાના કુમળા મનમાં પૃથિરાજના રૂપ ગુણ વીરતા વગેરેની સરસ ચોકસ અસર ઠસાવી દીધી, તે અસર સંયુક્તાના સ્થૂળ શરીરનો નાશ થતાં લગી, જેવી ને તેવી કાયમ રહેવા પામી હતી.

'જેવી ભવિતવ્યતા હોય તેવીજ સહાયતા મળે છે'

એ નિયમાનુસાર સંયુકતા સુંદરીના મનમાં પૃથિરાજનીજ મૂર્તિ રમી રહી હતી એટલામાં એ મૂર્તિની પ્રાપ્તિરૂપ એવો સંયોગ બન્યો કે એક દ્રવિડી જોશી રાજકુમારીના અગાડી આવી પહોંચ્યો અને તેને શ્રીફળ વગેરે ભેટ કરી રાજબાળાએ ચહુઆણુ સાથેની લેણુ દેણી જોવરાવી, એથી સમયસૂચક જોશીએ મનને રૂચતિ લ્હેણુદેણી બતાવી રાજકન્યાની પ્રસન્નતા મેળવી. આ બનાવથી સંયુકતાનો નિશ્ચય સબળ થયો, જોશીરાજ પણ રાજકન્યાના લક્ષબિંદુ તરફ લક્ષ રાખી દિલ્લી પહોંચ્યો અને દિલ્લીપતિ અગાડી જઇ પહોંચી તેણે રાઠોડકુમારીના અનુપમ રૂપ ગુણુ તથા લાગેલી લગનીનું યથાસ્થિત અલંકાર પૂર્ણ વર્ણન કર્યું, એથી પૃથિરાજ તરફથી સારા સત્કાર સહ પુષ્કળ ધન પ્રાપ્ત થતાં ભૂદેવ પ્રમોદ પૂર્વક પોતાના વતન ભણી વિદાય થયો.

પૃથિરાજે પોતાના સામંતો અગાડી સંયુકતાની લગનીની વાર્ત્તા કહી સંભળાવી અને તેણીનું હરણુ કરી લેવાની યુકિત પણુ પૂછી. એટલે સામંતોએ વિચાર દર્શાવ્યો કે, “કનોજ ઉપર ચડાઇ લઇ જવી એ સ્હેલ વાત નથી, શિરસટ્ટાની ચડાઇ છે; તથાપિ આપણા કરેલા અશ્વમેધ યજ્ઞથી દ્વેષપૂર્ણ થઇ રાઠોડ રાજે મહારાજસૂયયજ્ઞ આરંભ્યો છે. જો કે તેવો યજ્ઞ કરવાની તે લાયકાત ધરાવતો નથી; તો પણ ખોટા ગર્વમાં ગર્ક થઇ તમામ રાજાઓને આમંત્રણ પત્રિકાઓ મોકલી તેણે હિંદના રાજાઓને એકઠા કરવા યત્ન આદરેલ છે. આપણુને તથા સમરસિંહજીને પણુ તેવી પત્રિકા મળી છે; છતાં પણુ ‘તે નાલાયકના યજ્ઞમાં દાસત્વપણું સ્વીકારવા આપણે કદી પણુ ચાહીશું નહી.’ સમરસિંહજીના આવા વિચારની પત્રિકા પણુ આપણુને મળી ચુકી છે. હવે આપણે એ જોવાનું રહ્યું છે કે આપણા ન જવાથી તે શું વિચાર ધરાવે છે। તે જણાયા પછી જોઇ લેવાશે. દિલ્લી ચારસો કોસ છે અને આપણા સો સામંતો પૈકી દરેક તે દળપાંગળાના લશ્કરની ચાર ચાર કોસ લગી ટક્કર લઇ શકે તેવા છે જેથી સોએ કામમાં આવતાં લગી પણ સંયુક્તાદેવીને દિલ્લીના મ્હેલ લગી આપ સહિત સહી સલામત લાવી દેવા હિમ્મતવંત છિયે; પરંતુ તે ‘છેલ્લું ઓષધ છાશનું’ છે. માટે જ્યાં લગી અન્ય ઉપાયથી કાર્ય ફતેહ થાય ત્યાં સૂધી ‘ઉઠ કોવાડા પગ ઉપર પડ’ એમ કરવું આપણુને યોગ્ય નથી. સમય જે આપણુને પ્રેરણા આપશે તે

પ્રમાણે કરીશું." ઇત્યાદિ મસલત ચલાવતા હતા. દરમ્યાન સમાચાર આવી લાગ્યા કે–"પરા પૂર્વથી ચાલતા આવેલા નિયમ પ્રમાણે રાજસૂયયજ્ઞમાં ઝાડુ વાળનાર–વાસણ ઉટકનાર–ચોકી કરનાર–મતલબમાં દરેક કામ કરનારની જગોએ ઘટતા દરજ્જાના રાજાઓને જ ગોઠવવામાં આવે છે. તે પ્રમાણે જયચંદ્ર રાઠોડે આવેલા રાજાઓની યોગ્ય નિમણુક કરી છે; પણ દ્વારપાળની જગોએ અને એઠાં વાસણો સાચવવાની જગોએ, આપ અને મહારાણાજીની (ગેરહાજરીને લીધે બેઉની) સોનાની મૂર્તિયો કરી નામાંકિત સહિત નિમણુક કરી છે એ યજ્ઞની પૂર્ણાહુતી થતાં સંયુક્તાદેવીનો સ્વયંવર મંડપ પણ તૈયાર રાખવાનો છે."

આવા અપમાન ભર્યા સમાચારથી સામંતો સહ દિલ્લીશ્વર કોપાયમાન થઇ બોલી ઉઠયા કે–"એ ગર્વીષ્ટનો ગર્વ અવશ્ય ઉતાર્યા વિના સિદ્ધિજ નથી, માટે તેના રંગમાં ભંગ પાડવા જંગ મચાવવો જ યોગ્ય છે. ચંદન શીતળ હોય છે; તથાપિ વિશેષ ઘર્ષણના યોગથી તે પણ અગ્નિને જન્મ આપનાર થઇ પડે એમાં કંઇ નવાઇ નથી. એણે સુતા સિંહને વિના કારણે છંછેડી પોતાના મ્હોતને જ આમંત્રણ મોકલ્યું છે, ઝેરી સાપના મ્હોંમાં તેણે હાથ ઘાલ્યો છે, અને જાણીબુઝી પોતાની પ્રતિષ્ઠાને પાયમાલી સાથ ભેટાડવા યત્ન આદર્યું છે. બસ સંયુક્તાદેવીનું હવે અવશ્ય હરણ કરવું અને તેના કરેલા કૃત્યની નસિયત પણ આપવી."

જો કે બધા સામંતોનો ઉપર પ્રમાણે વિચાર થયો હતો, પણ કવિ ચંદને તે વાત ગમી નહીં એથી તેણે કહ્યું કે–"આપ સર્વનો વિચાર યોગ્ય છે; તથાપિ થોડા લાભને માટે વધારે હાનિને વ્હોરી લેવી એ વિશેષ ડાહાપણ ભર્યું નથી. સાકરના શરબતથી પિત્તની શાન્તિ થતી હોય તો ગળોનો કડવો ક્વાથ શા માટે ઉપયોગમાં લેવો જોઇએ। મારો વિચાર જો સર્વને યોગ્ય જણાય તો એવો છે કે–હું રાજરાજેશ્વરનો દશોંદી બારોટ હોવાથી કનોજ જઉં અને રાજરાજેશ્વર ગુપ્ત વેશથી મારે સાથે રહી સકળ ચર્યા જુવે સિવાય ચુંટી કહાડેલા સૈનિકો તેમ જ આપ સામંતો પણ સાથે રહો હું સમય પ્રમાણે કામ લઇ રાજેશ્વરજીની ચડતી વાત રાખીશ અને લાગ મળતાં સઘળું કાશળ કાહાડી નાખીશ. શામ, દામ, ભેદ ને દંડ એ ચાર પૈકી જે જેની બળિષ્ટતા જણાય તે તેનો ઉપયોગ

કરવો એ વધારે સુગમતા આપે છે. સમયને માન આપી એક બીજાની આધીનતા સ્વીકારવામાં કશી માન હાનિ મનાતી નથી. કોઇ વખત ગાડા ઉપર વાહાણને ચડી બેસવાથીજ પંથ પસાર કરાય છે અને કોઇ વખત વાહાણ ઉપર ગાડાને બેસી રસ્તો માપવો પડે છે. જે વખતે જેનો લાગ તેના દાવપેચની દલીલ દિલમાં ધારવી પડે છે. મહારાજેશ્વરને હીનતા ન લાગે અને સંયુક્તાદેવી સ્વાધીન કરી લેવાય એટલીજ આપણી મતલબ છે તે હું યુક્તિ પૂર્વક પાર પાડી આપ સર્વની મદદથી ફતેહની પતાકા ફરકાવીશ." ઇત્યાદિ વિચાર જાહેરમાં મૂક્યો અને તે સર્વને ઠીક ભાસ્યો એથી એજ વિચારને અમલમાં લીધો.

દબદબાપૂર્ણ દિલ્લીથી મંગળ પ્રયાણ કરી કનોજનું કલ્યાણ કરવા વરદાઇ ચંદ કવિ પંથ પસાર કરતે કનોજ નજીક જઇ પહોંચી હેમરાજ કછવાહ મારફત રાઠોડરાયને દિલ્લીશ્વરના દશોંદી વરદાઇ કવિ ચંદના આવવાની ખબર અપાવી, એથી રાઠોડરાયે પણ મહાન્ સન્માન્ પૂર્વક કવિ ચંદને કનોજના સમીપમાં પસંદ પડતી જગોએ છાવણી કાયમ કરવાની સઘળી ગોઠવણ પૂરી પડાવી.

ત્યાર પછી ચંદ કવિ પૃથિરાજને પોતાની જળદાની જાળવી રાખનાર તરીકેના પોષાકમાં સાથે રાખી દરબારમાં ગયો અને સમયાનુસાર વિનોદી વાર્તા કવિત્તાદિ કહી વ્યાજનિંદાસ્તુતિ અલંકાર વડે રાઠોડરાયની ઉપરથી પ્રશંસા અને અંદરથી નિંદા બતાવી પોતાના રાજેશ્વરની ચડતી સિદ્ધ કરી. જો કે તે તે વખતે પૃથિરાજ સંબંધી રાઠોડરાયને કેટલીક શંકાઓ ઉપસ્થિત થવા સરખા સંયોગો હાજર થયા હતા; તથાપિ તે તે સંયોગોને ભૂલાવામાં બમાવી પોતાની બાજી સુધારવા ચંદે અચ્છી યુક્તિ પ્રયુક્તિ વાપરી, આખર સ્વયંવર મંડપમાં સંયુક્તાના હાથે પૃથિરાજની સોનાની મૂર્તિને વરમાળા પહેરાવાની ખુબી અમલમાં અણાવી અને વીર પૃથિરાજને વરેલી સંયુક્તાનું હરણ કરી (ત્યાંથી) છાવણીને કૂચ કરી.

સંયુક્તાએ પોતાનો ટેક રાખવા પિતાના શત્રુને વરવા તરફની પણ જરા વિચારણા ન રાખતાં, "ભલે પિતા અવિચારીપણાનો બદલો ભોગવી લે, મારે બીજાઓની પંચાત છોડી મારૂં જીવન સુધામય બનાવવું એ મુખ્ય ફરજ છે." એજ નિશ્ચયને વધાવી

થઈ દિલ્લીશ્વરના દિલદેવળમાં દેવીરૂપ બિરાજી અપૂર્વ આનંદની ભોક્તા થઇ.

પોતાને મનથી અને કર્મથી વરેલી પ્રિયાને પોતાની કરી લેવા પ્રુથિરાજે પણ ઘણું જાન માલનું નુકશાન વેઠ્યું. શરા સામંતો પડ્યા લશ્કરીઓનો પણ ભોગ અપાયો અને આખર એના છાંટા ઉડવાથી ગોરી હિંદપર ગર્વ સહ ચડી આવવાથી સર્વસ્વ સત્યાનાશીને ભેટ્યું; છતાં પણ ચહુઆણરાયે પોતાનો ટેક તજ્યો નહીં.

સંયુક્તાના મોહપાસમાં સપડાયલા પ્રુથિરાજે હાહુલીરાયનું અપમાન થવા જેવું વર્તન કર્યું, જેથી તે દેશદ્રોહી બની શાહાબુદ્દીનને તે પોલનો લાભ અપાવા તેડી લાવ્યો. એ ખાનાખરાબી વાતની ચિત્તોડપતિને ખબર પડતાં તે પણ તરત ત્યાં આવ્યો અને પ્રુથિરાજને પોતાની ભૂમિમાતા અને પોતાની પ્યારી પ્રજાનું રક્ષણ કરવા માટે સજગ કર્યો, એટલે સંયુક્તાના હાથથી પાણી પીતો હતો તે પાણી પીવું પણ પડતું મૂકી સ્નેહીવર્ય્ય સમરસિંહના વાક્યને તાબે થયો.

સંયુક્તાએ પણ સમયને ધ્યાનમાં રાખી વીરવિજયી પ્રુથિરાજને વિજય વરવાની વિશેષ ભલામણ આપી અને 'પીતાં પીતાં બચેલા પાણી વડેજ આપના પધારતાં લગી સમય વીતાવીશ' એવી દ્દઢ પ્રતિજ્ઞા કરી વિદા કર્યા; પણ સૌભાગ્યલક્ષ્મી નગરનાયકા જેવી હોવાથી તે એકજ પુરૂષની સાથે લુબ્ધ રહેતીજ નથી, તેથી સદાય કોઇની સ્થિતિ સમાન ન રહેતાં સ્થિત્યંતર થયાજ કરે છે. તો પછી સંયુકતાની કે પ્રુથિરાજની અથવા યવનેશ ગોરી શાહની સ્થિતિ પણ એક સરખી કેમ રહી શકે? તેઓની સૌભાગ્યલક્ષ્મી ભાવિની પ્રબળતાના લીધે યવનેશને વશીભૂત થવાની હતી એથી પ્રુથિરાજ જય મેળવ્યા છતાં પણ વિશ્વાસઘાતી વિજયસિંહના કાવત્રાથી રણમાં પડ્યો, હિંદરક્ષક રજપૂત પૈકી કોઇ શેષ રહ્યું નહીં એથી ભારતભૂમિએ યવનેશના વશમાં પડી પોતાની સર્વ સ્મૃદ્ધિના ભોક્તા તેમને જ ગણી લીધઃ.

જ્યારે સંયુક્તાને આ વાતની ખબર પડી ત્યારે પીતાં પીતાં બચેલા પાણીથી જીવન ટકાવી રાખનારી સતીએ ચંદનની ચિતા ખડકાવી પોતાનો દેહ ભસ્મિભૂત કર્યો. પ્રાણનાથ વિના નિધણીઆતા પ્રાણને ટકાવી રાખવા તે તેને બિલકુલ રૂચ્યુંજ નહીં, તે તો સ્વામિને સ્વર્ગની અપ્સરાઓ વરમાળા આરોપે તે પહેલાં સ્વર્ગમાં જઇ પહોંચી

સ્વામિની સહવાસિની થઇ રહી જગતની કુલીન સ્ત્રીઓને દૃષ્ટાંત લેવા લાયક સતી પદની ભોક્તા થઇ. આજે તેણીનું સ્થૂળ શરીર નાશ પામી ગયું છે, તથા તેણીના મહેલોના સ્થંભાદિ વસ્તુઓ, જુની દિલ્લીમાં ભિન્ન ભિન્ન રૂપમાં રહેલી નામની નિશાનીઓ પણ કાળે કરી કાળના સ્વભાવ પ્રમાણે તે સર્વ માટીમાં મળી નાશ પામશે, અને અનેક ઉથલ પાથલ થશે, તથાપિ તે સ્વર્ગવાસિની સંયુકતાની પતિભક્તિ સત્યસ્નેહતા તથા સતીત્વતાનો પ્રકાશ જેમનો તેમ ઇતિહાસપત્રમાં સુવર્ણાક્ષરોથી અંકિત રહી સુશીળ સુંદરીઓના સતીત્વભાવને ઉત્તેજિત કરતો કાયમજ રહેશે ।

દોહરો.

જશે જગતમાંથી યદા, પિંડ દ્રવ્ય પ્રાસાદ;
તો પણ રહેશે તેમનો, સુયશ સદા આબાદ ।

ધર્મવીર સતી પૃથાદેવી.

પતિ ધર્મ પરાયણ સતી **પૃથાદેવી**નો જન્મ વિક્રમાદિત્યની તેરમી સદીમાં ચહુઆણવંશીય **સોમેશ્વર** મહારાજાના મહાલયમાં **કમળાદેવી**ના કુખથી થયો હતો. અને તેણીનું ગૃહસૂત્ર ચિત્તોડપતિ અટંકી હિંદુપતિ બાદશાહ ન્યાયનિપુણ વીરધીર **સમરસિંહજી** રાવળ (મહારાણા) સાથે જોડાયું હતું.

રાવળ સમરસિંહજી અને **ભારતેશ્વર પૃથુરાજ ચહુઆણ** શાળો બનેવી અને અનન્ય મિત્ર હતા. પૃથિરાજના કહો કે મહારાણ સમરસિંહના કહો કે ભારતના કહો, પણ તે ત્રણેના કટ્ટા દુશ્મન માત્ર ત્રણજ હતા; એટલે કે પાટણનો સોલંકી મહારાજ **ભોળોભીમ**, કનોજનો દળપાંગળો મહારાજા **જયચંદ્ર રાઠોડ** અને **ધારાનગરના રાજાઓ** એ ભારતનું ભવ્ય ભાગ્યપટ વિનષ્ટ કરવા મચી પડયા હતા.

ભોળા ભીમદેવની મહારાણી **લીલાદેવી** રાવળ સમરસિંહની બેન હોવાથી રાવળ સમરસિંહ તે ગાઢ સગાઇના લીધે પાટણપતિ તરફ પોતે તરવાર ઉઠાવતો ન હતો; પણ રાઠોડ અને યવન તરફ તરવાર ઉઠાવવાને સદા તત્પર રહેતો હતો. ભારતપતિ પૃથિરાજ પણ

જ્યારે જ્યારે મહાભારથ યુદ્ધ મચવવા યવનેશ સ્હામે સ્મરાંગણમાં ઊતરતો ત્યારે ત્યારે ચિત્તોડપતિ રાવળની સલાહ અને હાજરી શિવાય એક પગલું પણ ભરતો ન હતો.

મહારાણા સમરસિંહના સંબંધમાં વરદાયી કવિ ચંદે દર્શનીક પુરાવા યુક્ત કહેલું છે કે સમરસિંહ, સાહસી-ધૈર્યવંત-યુદ્ધકુશળ-ધર્મનિષ્ઠ-સત્યપ્રિય-પરમપંડિત-શાસ્ત્રવિશારદ-નિપુણસલાહકાર--શુદ્ધ-ચરિત્રવંત-શકુનજ્યોતિષવેત્તા-ભવિષ્યભાષક-સંગ્રામ વ્યૂહરચનામાં અતિ ચતુર-ઘોડા અને ભાલા ચલાવવામાં એકકો-વીરત્વશિક્ષણનો શિક્ષક-વીરતાનો પ્રાદુર્ભાવ કરનાર સુવક્તા અને સર્વશાસન વિષયની નીતિ શિક્ષા, એટલે કે ધર્મનીતિ-રાજનીતિ-સમાજનીતિ, પ્રધાનને પારખવાની રીતિ-રાજદૂતના આચાર-રાજપ્રતિ રજપૂતોનાં મોટાં મોટાં કર્ત્તવ્ય સંબંધી વાર્ત્તા રૂપક અલંકાર ઇત્યાદિનો અચ્છો જ્ઞાતા હતો, તે બાપા રાવળનો વંશજ મહારાણો હમેશાં વાઘંબર પર બિરાજતો હતો, રાતાં વસ્ત્રો ધારણ કરતો હતો, શરીરમાં વિભૂતિ લગાડતો હતો, ગળામાં પદ્માક્ષની માળા, મસ્તકપર લાંબી જટા અને યોગસાધક હોવાથી અખિલયોગેંદ્રનો ભક્ત હતો.

તે સમરસિંહ રાવળ પાણિપતના છેલ્લા સ્મરાગણમાં અંતના ગૌરવ દિવસે ભારતનો અદ્વિતીય મહાવીર, શાહાબુદ્દીનના સબળદળ સ્હામે લડતાં વિજયસિંહના વિશ્વાસ ઘાતના સબબથી પોતે પોતાના પ્રિય વીર પુત્ર કલ્યાણસિંહના ભીમ પરાક્રમ વડે અગણિત યવનસેનાનો સંહાર કરી, પોતાની દેશપ્રેમિકતાનું અને અતિ અદ્ભુત વીરત્વતાનું જ્વલંત ઉદાહરણ બતાવીને પોતાના તેર હજાર બહાદુર મેવાડીઓના લશ્કર અને સુપ્રસિદ્ધ સામંતગણની સાથે લડાઇના મેદાન મધ્ય પુણ્યભૂમિ બ્રહ્માવર્ત્તની પ્રાંતવાહિની પવિત્ર નદી દષદ્વતી (કાગ્ગાર) ના કિનારે વીર શરીરની પથારીમાં અનંતકાળને માટે ઘોરનિદ્રાને વશ થયો. અને તેમ થતાં તે કાગ્ગાર નદીમાં (લોહીના નદીમાં) ભારતના ગૌરવે ઝંપાપાત કરી હમેશના માટે લોપ દશાને ગ્રહણ કરી! ભારતની આશા લુપ્ત થઇ ગઇ! આર્યરાજ્યરૂપ પ્રદિપ્ત સૂર્ય અસ્તાચલનો સંગી થયો! અને ભારતદેવી વૈધવ્યતાનાં વેશે પરાધીનતાનું પાત્ર બની સુલતાન શાહાબુદ્દીન ગોરીના તાબામાં ગઇ!!!

શિરછત્ર-સૌભાગ્યનો અધિપતિ-અને મેવાડી રજપુતોનો અલંકાર યશસ્વી કર્ત્તવ્ય પૂર્ણ પોતાના આત્માનો ઉદ્ધાર કરી પતિ સમ-

રસિંહ અને વીર પૃથુરાજ અને પુત્ર કલ્યાણ સહ અચળ સમાધિમાં સદાને માટે નિમગ્ન થયો છે, એવા સમાચાર જ્યારે પૃથાદેવીને કાને જઇ પહોંચ્યા ત્યારે નિર્વિલંબે, કોઇનું પણ કહ્યું સાંત્વન વચન ન ગણકારતાં દેવી પૃથાદેવી સતીત્વ સંરક્ષણ નિમિત્ત, તથા પોતાના પવિત્ર સૂક્ષ્મ શરીરને પ્રાણપતિના સૂક્ષ્મ શરીર સાથે સ્વર્ગીય સુખો વિલસવા નિમિત્ત ચિતાગ્નિને સ્થૂળશરીર સોંપી ધારેલી ધારણામાં ફળીભૂત નીવડી નામને અમર કરી અમરભુવનમાં અંતરાત્માના નાથને ભેટી આનંદ પૂર્ણ થઈ!!!

માતૃભક્ત ભારતસંતાનો! આવી સતીદેવીઓના અંતિમ સંસ્કાર વખતે, તેમણે પ્રકાશમાં આણેલી ભારતગૌરવતાને લીધે આર્દ્રચિત્તવંત થઇ બે હર્ષાશ્રુ ગેરવો! બે ચાર ઉષ્ણ ભારપપૂર્ણ ઉદ્ગારો કહાડી તેમનાં પવિત્ર ચરિત્રોનું અન્ય ભારત ભામિનિયો ભક્તિભાવ પૂર્ણ અનુકરણ કરે તેવા વિનીત વકૃત્વ વડે તેમના કલુ કલુષિત અંતઃકરણની અંદર અસર કરો. અને નિરંતર જ્યાં ત્યાં તેવી જ શીળસંરક્ષક દેશસંરક્ષક-ધર્મસંરક્ષક સંતતીનો પ્રાદુર્ભાવ થાય તેવા દૃઢ સંકલ્પ બળયુક્ત ભયહારી ભગવંત પ્રતિ વિનતી કરો કે જેથી તેવી ભારતોદ્ધારક ભવ્ય ભૂતિવંત ભામિનિયોનું ભારતમાં અવતરણ કરી સર્વને સુખ અર્પે!!!

અસ્તુ!!!

ધર્મવીર સતી લીલાદેવી.

લીલાદેવી લલિત લાવણ્યવંત લીલાયુક્ત મેવાડપતિ રાણા સમરસિંહના રાજભુવનાંગણમાં ઉછરી વિદ્યાકળામાં વિશારદ નીવડી ગુર્જરેશ બીજા ભીમદેવના ગૌરવતા પૂર્ણ ગૃહસ્તથી ગુંથાઇ સતીત્વ પદનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકી હતી.

બીજો ભીમદેવ ભોળા ભીમના નામથી ઓળખાતો હતો, પણ બડો અંટલદાર-ખૂની હતો. વીરશ્રેણીમાં પહેલે નંબરે પ્રસિદ્ધિવંત હતો; પણ પ્રીતિપાસમાં પડવા માટે છેક અધીર બની પ્યારીને ક્ષેમ તરીકે માની લેનારો મદાંધ હતો. લીલાદેવીની સ્નેહસાંકળથી મજબૂત બંધાયલ રહેતો હતો; પણ ઇચ્છન-

કુમારીને વરવાની ઇચ્છા થતા બિલકુલ છુટો બની ગયો હતો. દેશસુધારક દેશી રજપૂત મહારાજા હતો; પણ સ્વદેશનું સત્યાનાશ વાળવામાં શ્રી ગણેશાયનમઃ કરનારો હતો. સમજદારીનું ઉપદ ધરાવનારો હતો; પણ સ્વરાજ્ય ને સ્વદેશીનું ભલું થવા માટે પોતાના સોબતી તથા ખેરખાંઓ જો હિતશિક્ષા કહે તો તે તરફ કેવળ દુર્લક્ષ દેનારો દુરાગ્રહી હતો, પાંચે ઇંદ્રિયોનો જ્ઞાનવંત હતો; છતાં તે માત્ર એકેંદ્રીનુંજ જ્ઞાન ધરાવનારો હતો, શત્રુનું સૈન્ય મર્દવામાં જવામર્દ હતો; પણ પોતે તે કામથી ગર્દમાં મળી જશે તેનું પણ ભાન રાખનારો ન હતો, એથીજ એક ઇચ્છનકુમારીને હાથ કરવા જતાં પોતાની લાજ, પોતાનું લશ્કર ને પોતાનું જીવન ધૂળમાં મેળવી આખા ભારતને આરતમાં ગારત કરવા આગેવાન થઇ પડયો હતો. તો પછી ભીમને ભીમકાર્ય કરનારામાંજ ગણિયે તો શો વાંધો નડે તેમ છે?

ઇચ્છનકુમારી કુવારી ન હતી। તેણીની સગાઇ તો પૃથિરાજ ચહુઆણ સાથે જોડાતાં તે ચહુઆણની જ વિવાહિતા થઇ ચૂકી હતી; છતાં ભીમ ભીમ પરાક્રમવડે ભદ્રરૂપબાળાને પોતાની ક્ષત્રાયરીતિને વિસરી જઇ પોતાની કરવા માટે અંધાધુંધી સાથ લડાઇ લેવા તત્પર થયો હતો. તે વખતે રાવણને જેમ સતી મંદોદરીએ પરનારીના પ્યારથી પડતાં દુઃખો, તથા થતી ખાનાખરાબી માટે હદપાર હિત-શિક્ષાવચન કહ્યાં હતાં, તેમ ભીમદેવને પણ વિવાહિતા મહારાણી લીલા-દેવીએ હિતશિક્ષાવચન કહ્યાં હતાં કે—“પ્રાણનાથ। પ્રથમ તો તે કુંવારી નથી, બીજાને અપાઇ ગયેલી છે તો તે જીતસિંહ પરમાર પોતાનું આપેલું વાગ્દાન કેમ પાછું લઇ આપને પોતાની કન્યા આપી શકે?। ક્ષત્રિયોનો નિયમજ છે કે, એક વખત જે જેના નામની ગણાઇ તે તેની હયાતી લગી કુંવારી છતાં પણ બીજાને અપાયજ નહીં. તો પછી તેવી વાત માટે ધામધૂમ કરવી સઘળી શાહણપતને પાણીને શરણ કરવા સરખી છે. તે પરમારપુત્રી પરનારી છે તેની તાલાવેલી રાખતાં રાજતાજ આદિ બરબાદિને ભેટવાનો વખત હાથ લાગશે. પરનારી નરકનું મુખ્યદ્વાર, નીતિનિકંદનનું નાકું, દુઃખનો દ્રહ, વિપત્તિની વાડી, ભ્રષ્ટમતિ કરવામાં ભૂંડી ભૂતડી જેવી, પૈસાનો-નિદ્રાનો-સુખનો-એસારામનો-સંપ અનેજંપનો નાશ કરવામાં સમર્થ શત્રુ, વેર-વિરોધ-દ્વેષ-કાપાકાપી આદિ કરા-વવામાં અતિ કુશળ અને સદ્ગતિ માર્ગે જનારનું સર્વસ્વ લુંટનાર

ક્રૂર ચોર સાદૃશ છે. અત્યાર લગણના ઇતિહાસોમાં ક્યાંય જોવામાં આવ્યું નથી કે પરનારી સાથે પ્યાર જોડનારા સુખના વિલાસી, સદ્દગતિનું પાત્ર–દુષ્ટ કંટાળાથી રહિત અને મહાન્ મોદવંત થવા પામ્યા છે. તો પછી આપ શી રીતે મોદવંત રહેવા ભાગ્યશાળી રહેશો ? પરાયાની માલિકીવાળી વસ્તુ ને પોતાની કરવા તાકવી એ શાહનું કામ નથી; પણ ચોરનુંજ કામ છે. બીજા નિમિત્તનિમાઇ ગયેલી (નિર્માલ્ય વસ્તુ–ઉચ્છિષ્ટ) વસ્તુનો અન્ય ઉપભોગ કરનાર હલકા પ્રકારનો પ્રાણી મનાય છે.જે આપને જરા પણ ચાહતી નથી તેના માટે આટલી બધી ચાહના રાખવી એ નીતિ રીતિ ને કુદરતી કાનૂનથી પણ વિરૂદ્ધ વર્તનછે.પ્રીતિ, પરસ્પરનો પ્રેમભાવ જામ્યેથી સજડ ગાંઠ વાળી થતાં જીવનને અમૃતમય બનાવે છે; પણ પરાણે પ્રીતિ જોડવાથી કદિપણ સુખનું સ્વપ્ન આવવા પામતું નથી. ઇચ્છિતને ઇચ્છવાથી એક બીજા રાજા વચ્ચેનો ભ્રાતૃભાવ નાશ કરનારો, તેમજ પરસ્પર લડાલડી કરી નબળા થવાથી હિંદપર હલ્લાં કરનારા યવનેશનો દાવ ફાવનારો માર્ગ ખુલ્લો મૂકનાર આપજ ગણાશો, દિલ્લીપતિને અને ચિત્તોડના મહારાણા વચ્ચે ગાઢ પ્રીતિ છે, તે પણ દિલ્લીપતિની દિલોજાન માટે ધમાલ મચાવશે જોકે મહારાણા આપણી સ્હામે આપણા વૈવાહિકસૂત્ર સંબંધથી નહીં થશે; તથાપિ વૈમનસ્યતા વધવાથી અંતરંગનો રંગ તો ઝાંખોજ થશે, અને એકંદરે સર્વ પ્રકારની ખરાબીજ હાજર રહેશે; માટે મારી હિતવાર્તા કૃપાની અને ક્ષેમની રાહે ધ્યાનમાં લઇ પરનારી તરફ વધી પડેલો પ્યાર કમી કરી દો કે જેથી ઉભય જન્મ આનંદમય પસાર થાય. ”

રોગના ભોગ થનારાં રોગીને પથ્ય, અને મિત્રનાં હિતવચન કદી રૂચતાંજ નથી. એ નિયમ મુજબ કામ વિહ્વલતાને વશ થએલા કામાંધ અને ગર્વાંધને પણ હિતશિક્ષા રૂચતીજ ન હોવાથી ભોળા ભીમને ભલી ભામિનિનું હિતભાષણ કેમ પસંદ પડે ? એણે તો છેવટ બળતી લાહ્યમાં ઝીંપલાતા પતંગિયાની પેઠે વિષયાંધ થઇ પરમાર રાજા સાથે લડાઇ મચાવી, એથી આખર મનમોહિનીને મેળવતાં પોતાનો જાન યમને ત્યાં જામીન રૂપ મ્હેલવો પડ્યો.

મહારાણી લીલાદેવીએ પોતાના નામની યાદી રહેવા માટે લખતર* પાસે લીલાપુર નામનું ગામ વસાવી તેમાં બે શિવાલય બંધાવી એકમાં પોતાના નામથી લીલેશ્વર મહાદેવ અને બીજામાં પતિદેવના

નામથી ભીમેશ્વર મહાદેવની સ્થાપના કરી તે ગામ તે દેવાલયોના અર્ચનિર્વાહ માટે અર્પણ કરી જગતની સુશીળ સુંદરીઓને ઉત્તમ ઉદાહરણ આપ્યું કે–'મારી વ્હાલી સન્નરિયો ! જેમ હું મારા પતિદેવ (મારાં હિતવચનોથી વિરૂદ્ધ વર્ત્તિ ખાનાખરાબોને આમંત્રણ કરતા હતા થયા; છતાં પણ) હું ભીમેશ્વરદેવ તરીકે સ્થાપી તેમને સદ્‌ભાવ પૂર્ણ સેવા પૂજાદિ સમર્પણ કરૂં છું અને તેમનેજ મારા તરણતારણ માનું છું, તેમજ તમો સુશીળાઓ પણ પોતાના ઉન્મત્ત પતિદેવને પણ અંતરંગના સાચા રંગથી મહાદેવ તરીકે તમારા મનમંદિરમાં સ્થાપી સદૈવ તેમને સેવા પૂજાદિ સમર્પણ કરો કે જેથી આ લોક અને પરલોકમાં સમસ્ત સ્તુત્ય સુખસંપદા સ્વાધીન રહે."

આ અમૂલ્ય હિતપ્રદ ઉદાહરણદાતા સતી લીલાદેવી આર્યાવર્ત્તમાંથી જો કે લીલાવિસ્તારી સ્વર્ગસદનને સ્વામીસહ શોભાવી રહેલી છે, તથાપિ લીલાદેવીની સતીત્વલીલા આજ પર્યંત આ આર્યભૂમિમાં લીલા સહિત લલિત વર્ત્તનવાળી લલનાઓના હૃદયસ્થળમાં લલિત લીલાઓની ઉર્મિયોને ઉદ્‌ભવાવી સતીત્વતાનું લાલિત્ય પૂર્ણ આદર્શ રૂપ ઉદાહરણ બતાવી રહેલ છે, માટેજ વ્હાલા વાચકો !

દોહરો—મુવા પછી પણ માનવો, યાદ કરે અહોરાત;
તેવાં સુકૃત કરી તમો, મરજો મારા ભ્રાત !

ધર્મવીર સતી ગંગાબાઇ.

ઉક્ત અભિધાનવંત સતીનો જન્મ વિક્રમની તેરમી સદીમાં **ખીલચીપુર** પાટણમાં મહારાજ બેલમજૂજીના રાજમહેલમાં થયો હતો, અને તેણીનાં લગ્ન **ધુલરગઢ**ના રાજા **બીજલદેવ**ની સાથે થયાં હતાં.

ધર્મવીરતાની કસોટી થવાનું કારણ એ બન્યું કે–પોતાના પિતા બેલમજૂજીની ગાદી પર પોતાના ભાઇ દેવનસિંહ કાયમ થયા. તે દેવનસિંહને અને બીજલદેવના પ્રધાન ગંગદાસની વચ્ચે કંઇ કારણસરથી ભારે અંટસ પડતાં વૈર બંધાયું હતું. એથી દેવનસિંહે ધુલરગઢ ઉપર ચડાઇ કરી. એટલે 'ગંગદાસના લીધે મારા રાજપર ચડાઇ આરો આવો છતાં લઇ આવ્યો એ ખચિત તેણે મારૂં માનભંગ કર્યું છે.'

એમ માની બીજલદેવે દેવનસિંહ સ્હામે લડાઈ લીધી. શાળા બ્હનેવી વચ્ચે ખુનખાર લડાઇ ચાલી; પરંતુ દેવનસિંહના જુસ્સા અગાડી બીજલદેવે અને પ્રધાન ગંગદાસે ઘણી ટક્કર લીધી છતાં આખર બેઉ જણનો અંત આવ્યો, દેવનસિંહે પ્રધાનની અદાવતને લીધે બ્હેનને રંડાપો આપ્યો, અને ધૂલરગઢને ધૂલધાણી કરી તેનું નામ ગાગરૂન રાખ્યું.

જ્યારે સતી ગંગાબાઇએ પોતાના ભાઇના હાથથીજ પોતાના પતિનું મરણ થયું જાણ્યું કે તુરતજ સર્વે અસાર સંસારની માયા ત્યજી દઇ સતીનો સાજ સજ્યો અને ઘણીજ સતાબી સાથ કાષ્ટની ચિતા ખડકાવી તેમાં ભસ્મીભૂત થઇ સ્વામીને મળવાનું કાયમ કર્યું; કેમકે તેમ કરવામાં વાર થતાં વખતે પતિ નારાજ થાય, માટે કિંચિત્ પણ વિયોગ સહન ન કરતાં તેણે પોતાના સ્વામીના સ્થૂળ શરીરને ખોળામાં લઈ ચિતામાં પ્રવેશી, પતિપદ પ્રેમમાં અચળ ધ્યાન રાખી સ્થૂળ દેહનો નાશ કરી સૂક્ષ્મ શરીર વડે સ્વામી સહિત સ્વર્ગભવનની સર્વોચ્ચ સુખ સત્તાનો અધિકાર પ્રાપ્ત કર્યો.

વાંચનાર ! તે સતી ગંગાદેવીનો સ્થૂળ પણ આ દુનિયામાંથી નાશ થઇ ગયો છે પણ પેલી દુનિયામાં (સ્વર્ગમાં) અને આ દુનિયાના ઇતિહાસપત્રમાં તેણીના ઉત્તમ કૃત્યની નામના જેવી ને તેવીજ તેજસ્વી પણે ઝળકી રહેલ છે. નિયમજ છે કે, જે સ્રીઓ મોહ માયામાં લપટાઇ નાશવંત જીવન ધનને વ્હાલું ગણી પતિનો વિયોગ થયા છતાં પણ જીવતી રહી અમન ચમન ઉડાવે છે અને લગ્નના કરાર પ્રમાણે તેમ કરવાનો હક્ક ઉઠી ગયા છતાં હક્ક ધરાવે છે તે સ્રીઓ ખચિત કોટયાવધિ ધિક્કારને પાત્ર ગણાય છે. કારણ એ કે અરધું શરીર નાશ પામ્યા પછી અરધું શરીર કાયમ રહી સઘળા હક્ક પૂરા પાડવાની હિલચાલ રાખે એ લગ્નના શબ્દાર્થથી કેવળ વિરૂદ્ધાચરણ આચરેલોજ માનવો યોગ્ય છે. તે કુદરતના, માનવનીતિના અને ધર્મના કાયદાનો ભંગ કરવાથી સજાવાર થાય છે અને એથી આખર આ દુનિયામાં અપયશને પાત્ર અને પેલી દુનિયામાં રૈરવ નરકદુ:ખને પાત્ર થઇ ભવમાં ભટકનારી બને છે. ઉત્તમ સ્રીઓ તો તેજ કે જે પ્રાણ પતિના જવાની સાથેજ પોતાના પ્રાણ પરલોક ભણી પ્રયાણ કરી જાય. મધ્યમ સ્રીઓ તેજ કે જે પતિના મુવા પછી સંસારમાં રહ્યા છતાં પણ યોગિની કે સાધ્વી સ્વરૂપ

શ્વેતવસ્ત્રો ધારણ કરી માત્ર નિરસ આહારને સેવી-પ્રભુ ભજનાદિ સુકૃત પુણ્ય પતિને સમર્પણ કરી મમતા રહિત જીવન પૂર્ણ કરે. અને અધમ સ્ત્રીઓ તેજ કે પતિ દેવના મુવા પછી પણ ઠાઠ માઠથી ઠમકદાર રહી. અનાચારને આદરી-પતિને તુચ્છ વચનથી વગોવી મોજ મજામાં મ્હાલી ઉભયલોકને ભ્રષ્ટ કરે છે. ખઇ કહિયે તો તેવી સ્ત્રીઓ સ્ત્રીઓ જ નથી; કેમકે જેઓએ પોતાના ધર્મને જ જાણ્યો પિછાણ્યો નથી તેથી તેઓ જંગલની વૈયો કરતાં પણ અધમ દેહધારી જ ગણાય છે, કહ્યું છે કે:—

પતિ પાછળ થાએ સતી, અથવા મમતા ત્યાગી;
રહે સદા શુભ રંગમાં, તેજ ત્રિયા સદ્‌ભાગી. ૧
અલંકાર અધિકારથી, ભ્રષ્ટ થઇ જે નાર;
ભોગ ભોગવે ભાવથી, તેને અતિ ધિક્કાર. ૨
નરનારીનું જોડલું, તૂટ્યે જીવે જેહ;
પ્રેમ તણા સંસ્કારથી, ભ્રષ્ટ ગણાયે તેહ. ૩
સાચો સ્નેહ જ મીનનો, જળથી જૂદી થતાં જ;
પ્રાણ તજે છે પલકમાં, ધન્ય તેહ જગમાં જ. ૪
દાદુર જળસંગી છતાં, સંગ તજી ધૂમંત;
કેમ પ્રેમી કહેવાય તે, કરે પ્રેમનો અંત! ૫

× × × × × × × ×

યુદ્ધવીર સતી કર્મદેવી.

વિજયી વિક્રમ સમ્વત્‌ની તેરમી સદીમાં વિજયવતિ વીરાંગના કર્મદેવીનો જન્મ ગુર્જરેશ સોલંકી મહારાજ બીજા ભીમદેવના રાજમહાલયમાં થયો હતો, અને તેણી વીરમતિનાં લગ્ન સમરની અંદર સિંહસમાન અસીમ સામર્થ્ય બતાવનાર ચિત્તોડપતિ મહારાણા સમરસિંહ સાથે થયાં હતાં. તે વીરેશ્વરીની વીરતાના સંબંધે આ પ્રમાણે કસોટી થઈ હતી કે,—

જ્યારે હિંદભૂમિનું હિત અને હેમાદિ હરવા હુમલા કરી વારંવાર હાર્યો છતાં પણ હિમ્મત સાથ શાહાબુદ્દીન ગોરી હિંદ પર ચઢી આવ્યો હતો, ત્યારે ગોરીને વારંવાર ગોરી સમાન નમાવી દંડ સાથ મુક્ત કરી

જીવિતદાન દેનાર પૃથિરાજ ચહુઆણે કાગ્ગાર નદીને કાંઠે આર્યપુરૂષોની ગરીયસી જન્મભૂમીના સંરક્ષણ માટે યુદ્ધ મચાવ્યું હતું. તે યુદ્ધમાં મેવાડમહિપતિ મહાન્ પરાક્રમી સમરસિંહ, યુવરાજ કલ્યાણસિંહ સહિત મિત્ર અને સંબંધી દિલ્લીશ્વરની કુમકે પધાર્યા હતા. તે વખતે ચિત્તોડના કિલ્લાનું રક્ષણ માત્ર કર્મદેવી જ કરતી હતી; કેમકે પાટવીપુત્ર પતિની સાથે રણરંગનો રશીયો થવામાં શામિલ થયો હતો, બીજો કુંવર કુંભકર્ણ દક્ષિણમાં બેદરનો જાગીરદાર થવાથી ત્યાં રહેતો હતો, ત્રીજો કુંવર કેટલાંક કારણોથી મેવાડ છોડી નેપાળમાં જઇ ગુરખાઓના મૂળ પુરૂષની પદ્વીને વર્યો હતો, એથી સહુથી ન્હાનો કુમાર કે જે મેવાડ રાજ્યનો ઉત્તરાધિકારી હતો તે કર્ણરાજને સાચવી રાજ્ય સંભાળતી હતી.

દૈવની વિચિત્ર ગતિના લીધે જે નદીના તીરે યોગી તપસ્વીઓ ઇશ્વરારાધના કરી સ્વર્ગ સંપાદન કરતા હતા તે પવિત્ર નદીના તીરે વીરપુરૂષો યુદ્ધ મચાવી સ્વર્ગ સુંદરીઓને સંપાદન કરવામાં લીન થયા હતા, તેથી પવિત્ર જળ વીરલોહીથી પૂર્ણ થઇ વહન કરતું હતું. લાખો વીરોનાં અને અસંખ્ય ઉપયોગી પ્રાણીયોનાં શબ તેમાં તણાતાં નજરે પડતાં હતાં, અને તેમાં વીર પૃથિરાજ, સમરસિંહ અને તમામ મેવાડી વીરો સહિત કલ્યાણસિંહ વગેરેનાં પણ લોહી રેડાવાથી દિલ્હી મેવાડ અને વિશેષમાં કહીએ તો આર્યાવર્ત્ત નિરાશાને વશ થઇ રહ્યો. દુરંત અફઘાનીઓની દગાબાજી ભરી ચાતુરીથી આર્યોનો પરાજય થતાં ક્ષત્રિયોના અનંત પ્રવાહના રૂધિરસાગરમાં ભારતનો સૌભાગ્ય ભાનુ ડુબી ગયો. દિલ્હી, કનોજ વગેરે મહાન્ રાજ્યોમાં ઇસ્લામી નિસાનીના બાવટા ફરકવા લાગ્યા. છેવટ અને રજપૂતાનામાં પણ તે યવનોએ પગ પેસારો કરી કેટલાંક ક્ષત્રી રાજસ્થાનોને ચડાઇવડે હેરાન કરવા અંધાધુધી મચાવી તેઓ રાજ્ય, આબરૂ અને અમૂલ્ય પ્રાણધન આદિ લુંટવા મચ્યા હતા.

મેવાડ ઉપર યવનેશની ખાસ ચોટ હતી, જેથી તેણે પોતાના પ્રીતિપાત્ર કુતુબ્બદીનને તે કામ સોંપ્યું હતું. કુતુબદ્દીન મોટા લશ્કર સહિત મેવાડ તરફ ધસી આવતાની ખબર જાસુસો મારફત વિધવા મહારાણી કર્મદેવીને મળી, મેવાડની ગાદિનો વારસ રાણો સગીર વયનો હોવાથી મેવાડને સાચવવાનું કામ સતી કર્મદેવીને પોતાની, પોતાના દેશની, પોતાની જાતિની અને પોતાના સદ્ધર્મની રક્ષાને

માટે દૃઢ નિશ્ચય પૂર્વક કર્યાવિના છુટકોજ નહોતો, એથી વીર પોષાક સજી—ભીષણ રૂપથી મહાન્ વીરત્વગરીમાની મુખ્ય લીલાભૂમી મેવાડનું સંરક્ષણ કરવા તત્પર થઇ. એ જોઇ વડવીર સીસોદિયા રજપૂત વગેરે :પણ તેણી દેવીની સરદારી હેઠળ વીરસાજથી સજ્જ થયેલા હાજર થયા. વીરસેના સહિત વીરાંગનાએ મંગળ પ્રયાણ કરી કુતુબદ્દીનની સ્હામે જઇ પહોંચી તેને આંબર અગાડી ઘેરી લીધ. યુદ્ધ આદરી અજબ વીરત્વ પ્રદર્શિત કર્યું. યવનની સેના ત્રાસ પામી. ભૈરવી મૂર્તિના ભીમ પરાક્રમ આગળ યવનોથી ટકી શકાયું નહીં. જેમ ફાવ્યું તેમ જીવ બચાવી નાશવા માંડયું. પક્ષની આશા ઉડી ગઇ. કુતુબદ્દીન પંડે જખમી થતાં જાન બચાવા લડાઇનું મેદાન છોડી ચાલ્યો ગયો, અને આ પ્રમાણે થતાં મેવાડની મહારાણીએ વિજયલક્ષ્મીવંત થઇ પુનીત ઇતિહાસ પત્રમાં અનંત અક્ષયકીર્તિની કથનીને અચળ કરી મેવાડની ગૌરવતામાં વધારો કર્યો. ધન્ય છે વીરમણિ ! તેં એક હિંદની પડતીના મોરચામાં વૈધવ્યદશા પ્રાપ્ત થયે છતે, અન્ય રાજ્યોની મદદ વગર બળવાન્ શત્રુની સ્હામે મોરચો માંડી તેને પરાજિત કરી મેવાડની પુણ્યભૂમિને નિષ્કલંકિત રાખી ! તે શત્રુઓ, તે સમય અને તે સ્થળ પણ સ્થિત્યંતરનાં સંગી થયાં; છતાં વીરેશ્વરી કર્મ દેવી ! તારી ઉજ્વળ કીર્તિ તેના તેજ તેજપુંજ પુર્ણ પ્રકાશિત રહેવા પામી છે, અને અનંતકાળ લગી પણ તે સુકીર્તિ વિલય થવા પામશેજ નહીં.

દોહરો—કામ લલામ કર્યાં થકી, નામ અમર નિત થાય;
અકામ કામ કર્યાં થકી, નામ નાશ થઇ જાય.

ધર્મવીર સતી સુમતિદેવી.

સુમતિવંત **સુમતિદેવી** વિક્રમાદિત્યના ચૌદમા સૈંકડામાં જન્મી યુવાવસ્થા પ્રાપ્ત થયે **સીલોન**ના ચહુઆણ રાજ **હમીરસિંહ**ના ભાઇ **ગોરાસિંહ**ની વિવાહિતા થઇ સ્વર્ગભવન સાદૃશ ભારતભૂમિ પૈકીના ચિત્તોડગઢમાં સ્વર્ગસદન શોભાવા સિધાવી હજુ લગી ભારતની ભવ્ય ભામિનિયોના ભૂષણ રૂપ સનૂરપૂર રહી છે. એ સંબધી બિના આ પ્રમાણે કે,—

દિલ્લીના ખિલજી બાદશાહ અલ્લાઉદ્દીન ખૂનીને ખબર મળ્યા કે–'ચિત્તોડના સગીર વયના મહારાણા લક્ષ્મણસિંહ (લખમસી)ના કાકા ભીમસિંહની સુંદરી કે જે સિલોનના રાજા હમીરસિંહની કુંવરી પદ્મિની પદ્માવતી સૌંદર્યતાની સીમારૂપ સુગુણસંપન્ન સતી છે, અને તેણીની બરોબરી સ્વર્ગની સુંદરી પણ કરી શકવા સમર્થ ન હોવાથી જાણે હલકી થઇ પડતાં હલકા ત્રાજવાની પેઠે આકાશ ભણી ઉંચે જઇ વસી હોયની ! તેવી અનુપમ લાવણ્ય લીલાવતી છે.' આથી તે તેણીને સ્વાધીન બનાવવાના ઇરાદાથી તેણે ચિત્તોડ પર ચડાઇ કરી–ગઢની પાછળ ઘેરો ઘાલ્યો; પણ લાંબી મુદ્દત લગી ઘેરો ચાલુ રહેવા છતાં પણ ધારેલી ધારણામાં કશી ફ તેહમંદી મળી નહીં. જેથી ઘેરો ઉઠાવી લેવાની શરત જાહેર કરી કે–'માત્ર પદ્મિની પદ્માવતીને સુપરદ કરી દેવામાં આવે તો વિના હરકતે દિલ્લી ભણી કૂચ કરી જઇએ.' પરંતુ શૂરા શિશોદિયાઓ પિંડમાં પ્રાણ રહેતાં લગી પણ પોતાની આબરૂ લૂટાવી ચિત્તોડને આબાદિવંત રાખવા ચાહે તેવા ન હતા. જેથી તે શરત બિલકુલ પસંદ કરી નહીં એથી છેવટે તે મેવાડની સૌભાગ્યલક્ષ્મીનું મ્હોં ફક્ત આરીશામાં પ્રતિબિંબ રૂપે બતાવવાની શરત જાહેર કરી. એટલે પોતાની વફાદાર અને બહાદુર પ્રજાના પ્રાણ ઉગારવાના હેતુથી તે વાત રાણાએ સ્વીકારી.

ખૂની શાહ સારી પેઠે સમજતો હતો કે–"શિશોદિયા ખૂની છતાં પ્રતિજ્ઞાપાળક છે; માટે તેમના કબ્જામાં જવા છતાં પણ મને વગર હરકતે પદ્મિનીનું પ્રતિબિંબ આયનામાં બતાવી પાછો મારી છાવણીમાં પહોંચતો કરશેજ ! એથી તે નિડરપણે ભરોંસા પૂર્વક થોડાક અંગરક્ષકો સાથ ચિત્તોડના કિલ્લામાં ગયો અને શરત પ્રમાણે પદ્મિનીનું પ્રતિબિંબ નિહાળી રજપૂતોના વચનપાળ પણા માટે તથા દાના દુસ્મનો માટે પ્રશંસા સાથ ઉપકાર માની પાછો ફર્યો.

ખૂની મ્હોંડેથી વિશ્વાસ લાયક વાક્ય વદતો હતો; પણ ઘટમાં વિશ્વાસ ઘાતના ઘાટ ઘડતો હોવાથી પદ્માવતીનું મહાન્ સ્વરૂપ ને મુખ જોવા પછી તેના વિચારો તદ્દન બદલાઇ બેઠા, અને સ્વાત્માર્પણ થતાં લગી પણ પદ્માવતીને પોતાના કરવી તેવા દ્રઢનિશ્ચય પર આવી વાતો કરતો કરતો ગઢ નીચે ઉતરી પોતાની છાવણીમાં પહોંચ્યો કે તરત તકને હાથ કરી તેણે રાણા ભીમસિંહને કેદ કરી લીધો,

તથા 'જ્યારે પદ્મમાવતીને આપશો ત્યારેજ કેદમાંથી મુક્ત કરવામાં આવશે' એવું ચોખ્ખુંચટ્ટ જાહેર કરી દીધું. આથી ભોળા ને ભલા ભરોંસાવંત રજપૂતો ભૂલાવાને લીધે ભારે સંતાપને ભેટી પડ્યા. ચિતોડ પણ આ સમાચારથી ચિંતાને શરણ થઇ રહ્યું. 'પદ્મમાવતી આપ્યા વિના ચિત્તોડરક્ષક ભીમદેવને શાહ છોડે તેમ નથી, અને પદ્માવતીને આપવા કરતાં તો આપણા પ્રાણ આપવા એ લાખ ગણે દરજ્જે પ્રશંસનીય છે.' આવા વિચારના વમળમાં ગોથાં ખાતા વીર મેવાડીઓ મુંઝાવા લાગ્યા. એ જાણી પદ્મિની પદ્માવતીએ પોતાના કાકા ગોરાસિંહને અને ભત્રીજા બહાદુરસિંહ કે જે મહારાણાજીની લશ્કરી ટુકડીના અધિનેતા હતા, તેઓને પોતાની પાસે બોલાવી તેમના શિરમણિને ખૂનીના કબજામાંથી છૂટા કરવાની કોશિશ માટે પૂછ્યું. એટલે તેઓએ યુક્તિપૂર્વક આબરૂ જળવાય તેવી યુક્તિ કહી બતાવી અને તે યુક્તિ પદ્માવતીને પણ પસંદ પડી. જો કે તે કોશિશ હતી તો શિરસટ્ટેની; તથાપિ તે કાકા ભત્રિજાના બળ પર મુસ્તાક રહી તેણીએ કબૂલ કરી એટલે તરત તેઓએ અમલમાં લીધી.

કાકા ભત્રીજાએ પોતાના સરદારો વગેરેને પસંદ કરેલી વિચારણા વિષેનો ઇસારો સમજાવી તે પ્રમાણેની ગોઠવણ તૈયાર કરી બાદશાહને ખબર પહોંચાડાવી કે–'અમો પદ્મિનીને આપવા કબુલ છિયે અને પદ્મિની પણ પાદશાહના જનાનખાનામાં આવવા પ્રસન્નતાવંત છે; પરંતુ અમો રજપૂતોની અને પદ્મિનીની આબરૂ તેમજ રૂઢી સાચવવા માટે કેટલીક શરતો આપને પાળવી પડશે. પહેલી શરત એ કે–આપે આપની છાવણી ગઢ પાછળથી ઉઠાવી લેવી. બીજી શરત એ કે પદ્મિની સંગાથે કેટલીક દાસીઓ સખિયો આપની છાવણીમાં પદ્મિનીને પહોંચાડવા આવશે અને તેમની ખાસ દાસિયો હશે તે તો દિલ્લીમાં પણ સાથે રહેવા જ આવશે ત્રીજી શરત એ કે-અમારા રિવાજ પ્રમાણે અમારી રજપૂતાણીઓ પરપુરૂષને પોતાનું મ્હોં બતાવવામાં હલકાઇ માને છે, માટે તેમનો પૂર્ણ માન મરતબો જળવાવા માટે મ્યાનામાં પડદા સાથે આપના તંબુ સુધી વગર રોક ટોકે આવવાની છૂટ મળવી જોઇએ તથા તેમનું મ્હોં જોવા કોઇ પણ સરદાર ગડબડ ન કરે તેવી સખ્ત મના થવી જોઇએ. ચોથી શરત એ કે–પદ્મિનીને ત્યાં પહોંચતાં જ ભીમસિંહજી સાથે છેલ્લી મુલાકાત લેવા અરધા કલાકની છૂટ આપવી જોઇએ. જો આ ચાર શરતો આપને કબુલ હોય તો છાવણી ઉઠાવી એક મુકામ આગાડી છાવણી નાંખી

તુરત અમોને ખબર આપો કે અમો તેજ વખતે કબુલત મુજબ પદ્મિનીને દાસિયો સહિત મ્યાનાઓમાં બેસારી પહોંચતી કરાવીએ."

આવા સમાચાર મળતાંજ અલ્લાઉદ્દીન કે જે પદ્મિની પદ્માવતીના મોહમાંજ લુબ્ધ થયો હતો, તેણે તે બધી શરતો કબુલ રાખી; કેમકે ગમે તે શરતે પણ પદ્મિનીને હાથ કરવા તેતો એક પગો થઇ રહ્યો હતો. પદ્મિની પ્રાપ્ત થતાં કદાચ તખ્ત તાજ ને લાજ જાય તેનો પણ વાંધો ન હતો, તો પછી તે ચાર શરતો કે જેમાં કશી અડચણકર્ત્તા ન હતી તેવી શરતો માટે કબુલત આપવામાં શો વાંધો નડે તેમ હતું? તુરત તેણે ગઢ પાછળનો ઘેરો ઉઠાવી લેવરાવી એક મુકામ દૂર છાવણીના ડેરા તંબુ ખડા કરવાનો હુકમ કરી તે ખબર ચિત્તોડમાં પહોંચડાવી.

ગોરાસિંહ અને બહાદુરસિંહ પણ ખૂબી સરખાજ પ્રપંચકુશળ વીરમણિ હતા, તેઓએ સાતસો કરતાં પણ વધારે મ્યાના તૈયાર કરાવી તેમાં દરેકમાં એક એક બહાદુર લડવૈયો શસ્ત્રાસ્ત્ર સહિત બેસાડી દીધો, અને તે દરેક મ્યાનાને ઉઠાવનારા ચાર ચાર જણાઓ પણ બહાદુર મેવાડિયોને ભોઇયોના વેશમાં ઢાલ તરવાર સહિત ઉચકનારા બનાવ્યા. તે પછી એક પછી એકને લાઇન બંધ દબદબા પૂર્વક પાદશાહી છાવણીમાં રવાના કર્યા તથા પોતે જુગલ જોડી વીરસાજ સહિત એક પાણીદાર ઘોડાને તૈયાર રખાવી કિલ્લાના પ્રથમ દરવાજા અગાડી ઉભી હતી.

રવાના થયેલા મ્યાના સઘળા પાદશાહી તંબુ પાસે જઇ પહોચ્યા કે તે કનાતદાર તંબુમાં ભીમસિંહને પદ્મિની સાથે અરધા કલાક વાત કરવા માટે મોકલી શાહ પદ્મિનીને મળવા તલ પાપડ બની પાસેના તંબુમાં ઉભો હતો. પરંતુ રજપૂતોએ તો એક મ્યાનામાં તુરત ભીમસિંહને બેસારી દઇ કેટલાક મ્યાના સહિત તે મ્યાનાને ચિત્તોડ ભણી પાછો વાળ્યો, અને છાવણી બહાર પહોંચી પાણીદાર ઘોડાપર ભીમસિંહને બેસાડી સહી સલામતે ચિત્તોડગઢમાં પહોંચતો કરાવ્યો.

અલ્લાઉદ્દીનનો વિચાર ભીમસિંહને પાછો ચિત્તોડ જવા દેવાનો હતો જ નહીં, તેમ વધારે વખત ભીમસિંહ સાથે પદ્મિની પદ્માવતી વાત કરે તે પણ તેના ઇરાદાને નાપસંદ હતું, જેથી અરધો કલાક થતાંજ તે પાસેના તંબુમાં પદ્મિનીને પોતાને તાબે કરવા દાખલ થયો; પરંતુ ત્યાં તો ભીમસિંહ કે પદ્મિની બેકમાંથી એક પણ મળે નહીં.

માત્ર મ્યાનાને બોઇ હાજર હતા, તેમાંથી ઝડપો ચડપ વીર મેવાડીયો વકરેલા વાઘ જેવા બાહાર નીકળી ખૂનીના લશ્કરપર કૂદી પડી ફૂષિકારની પેઠે કાપણી કરવા મચી પડ્યા. અલ્લાઉદ્દીન પણ ગફલતમાં રહેલો ન હતો, તેણે પણ તૈયાર રાખેલા લશ્કરને તુરત મેવાડીઓને મારી ચિત્તોડગાર હલ્લો કરી ભીમસિંહને પકડી પાડવા હુકમ કર્યો. છતાં પણ કેસરીયાં કરી આવેલા રજપૂતોએ હજારોના જાનને જમને તાબે સોંપી દીધા. એક એક મેવાડી મરતો ગયો તેમ તેમ યવન લશ્કર આગળ વધતું ગયું અને તે છેક દરવાજા લગી આવી પહોંચ્યું; પણ દરવાજા અગાડી ઉભેલા મેવાડી ટુકડીના આગેવાન વીર ગોરાસિંહ કે જે ભર યુવાનીવંત તથા બહાદુરસિંહ પણ માત્ર બાર વર્ષની ઉગતી વયનો જ હતો, તે બેઉ પોતાની ભારત ભૂમીનું, પોતાના નિષ્કલંકિત મેવાડ દેશનું, પોતાના ક્ષાત્રીય ધર્મનું, પોતાના માલિકનું અને પોતાની આબરનું સંરક્ષણ કરવા મહાન્ વીરાવેશપૂર્ણ થઇ શત્રુઓને અનિવાર્ય ગાઢ નિદ્રાને સ્વાધીન કરવા તાતી તરવાર દ્વારા પાસીસ કરી પોતાના યોગ પ્રયોગના ઉદ્યોગની સફળતા સિદ્ધ કરતા હતા, એથી દરવાજા અગાડી મરણિયા થઇ લડતા મેવાડી બહાદુર વીરો વિશેષ રણમત્ત થઇ તેઓ એક એક જણ બસો પાંચ-સોને અનંત નિદ્રાને તાબે કરવા લાગ્યા હતા. જો કે યવનસૈન્ય વિશેષ હતું અને મેવાડીઓ મુઠ્ઠીભર જેટલા હતા, જેથી સઘળા મેવાડિયો પૈકી ઘણા ખરા તે કાપણીમાં કામ લાગી ગયા હતા અને કૈંક ઘાયલ થઇ પૃથિવીને ભેટવાની અણી પર હતા; તથાપિ તે મહાન્ સૈન્યને નિરાશાને તાબે કરી રહ્યા હતા; કેમકે તેઓ જીવતા ઘેર જવાના ઇરાદાથી કેસરીઆં કરી આવેલા ન હતા, પણ તેઓ તો વિજય વરવા, મરવા અને રણાંગણતીર્થમાં પ્રાણાહુતી આપી આત્મ ઉદ્ધરવા માટેજ આવેલા હતા, તેઓ થોડા છતાં પણ વિશેષ થઈ લઢી રહ્યા હતા, જેથી જે અલ્લાઉદ્દીનના સ્મરણમાંથી પદ્માવતી પળવાર પણ વિસ્મરણ થતી ન હતી તે અલ્લાઉદ્દીનને પણ તે સ્મરણ બંધ પાડવાની ફરજ પાડી હતી; કેમકે પોતે જખમી થયો, શાહજાદો મરાયો, જેથી પોતાના વિજયની જરાપણ આશા જણાઇ નહીં, એટલુંજ નહિ પણ પોતાનો જાન કેમ બચાવવો તેની તક ખોળવાની તદબીર શોધવાની ધુન લાગી રહી હતી એથી આખર પાછું હઠવું પડ્યું. કારણ કે સમય પ્રતિકૂળ જણાયો, લડવૈયાઓની બેસુમાર લાશો પડેલી જોઇ, વીર મેવાડીઓનો બાંધેલો મોરચો દરવાજા

આગાડીનો ભેદી શકાયો નહીં અને પોતે પડે લોહી લુવાણ થઇ રહ્યો હતો, આમ હોવાથી તે વખતે સમયને માન આપી બાદશાહ બહાદુર છતાં પણ બાપડાની પેઠે રણ મેદાનને છોડી પોતાની રાજ્ય-ધાની ભણી પાછા વળવાની ફરજ અદા કરવી એજ વિચારણાને સ્વાધીન થયો, અને બાહોશ દાવપેંચી બાદશાહ યુગલ વીરમણીના અસીમ વીરત્વની પ્રશંસા કરતો કરતો ને ધન્યવાદ દેતો દેતો પાછો વળ્યો.

બહાદુર બાહાદુર (બાદુલ) સિંહ જખમી થયો હતો; પરંતુ ગોરાસિંહ ઘણાંજ જખમોવડે ઘાયલ થઇ માત્ર પોતાનો દઢ સં-કલ્પ પૂર્ણ થતાં લગી પોતાના સ્થૂળ શરીરને દરવાજાના મોખરે ટકાવી રાખવા ચાહતો હતો, અને થયું પણ તેમજ। પાદશાહ પાછો વળ્યો એટલે તે પોતાના વીર મસ્તકને રૂદ્રદેવની રૂંડમાળમાં શોભાવી સૂક્ષ્મ શરીર વડે અપ્સરાઓને ભેટી આનંદમાં લીન થયો.

કાકા ગોરાસિંહ પડયો એટલે બહાદુરસિંહ જુજ બચેલા મેવાડીઓ સહિત વિજય સહ ચિત્તોડમાં આવ્યો, અને પોતાની ફોઇ પદ્દમાવતીને નમન કરી વિજયની વાત જાહેર કરી, ગોરાસિંહજી વિજય કરી અપ્સરાઓની વિજયમાળને વર્યા છે તે પણ જણાવી રકત રંજિત પોષાક યુક્ત ઉભો રહ્યો. પદ્દમાવતી ભત્રીજાને પ્યાર કરી તેનું વીરત્વ વૃદ્ધિ પામનાર આશિર્વચન આપી, કાકા ગોરા સિંહની વીરત્વતા વખાણવા લાગી.

ગોરાસિંહની સતી શ્રી સુમતિદેવીએ સતીત્વાવેશમાં આનંદ પૂર્વક બહાદુરસિંહને પૂછ્યું 'બહાદુર! તારા કાકાએ કેવી રીતે શત્રુ-શિરરૂપ કણસલાંની કાપણી કરી હતી? તે કહી બતાવ કે મને આ સ્થૂળ શરીરથી મુક્ત થતાં પહેલાં પૂર્ણ શાંતિ મળે!'

બહાદુરે કહ્યું–'કાકી સાહેબા! મારા વીરમણિ કાકા સાહેબ, રણરૂપ ખેતરમાં શત્રુના શિરરૂપી કણસલાંની એવી કાપણી કરી કે ભાગ્યેજ કોઇ કણસલું બચવા પામ્યું છે. શત્રુશિરરૂપ કણસલાનો ગંજ મારી તે ઉપર અચળ નિદ્રામાં શાંતિયુક્ત લીન થયા છે।'

કાકીએ ફરીને પૂછ્યું–'બહાદુર! તારા બહાદુર કાકાએ શત્રુસેનમાં કેવી બહાદુરી બતાવી? તે પુનઃ કહી બતાવ!'

બહાદુરે કહ્યું–'શ્રીમતિ કાકી સાહેબા! ખરેખર વર્ણન તો ખુલતેલા અલ્લાઉદ્દીન તથા રણમાં રોળાયલા યવનો અને સ્વર્ગવાસિની

અપ્સરાઓજ કરી શકે તેવું અદ્‌ભુત છે તો પણ એટલું તો કહી શકું છું કે એમણે એમનાથી ડરવાને કે એમની વીરતાનાં વખાણ કરવાને ફક્ત બાદશાહને થોડાંક લડવૈયાઓ સહિત જીવતો રાખી આબરૂની શય્યામાં અનંત યવનવીરોના મુડદાઓનો રંગ બેરંગી ગાલીચો બિછાવી એક શાહજાદાના શિરનું ઓશીકું કરી પોતાનો સંકલ્પ પૂર્ણ થતાં સ્થૂળ શરીરને ગાઢ સુષુપ્તિ યુક્ત બનાવી આતુર અપ્સરાઓને આનંદ આપવા તે સૂક્ષ્મ શરીરવડે સ્વર્ગભુવનમાં ગતિ કરી રહ્યા છે।"

સતી સુમતીદેવી બોલી—"બસ બાહાદુર બસ હું એટલુંજ સાંભળવા ચાહતી હતી કે તેઓનો ઘા દુસ્મનો પણ વખાણે તેવી વીરતા દર્શાવી અમર પદના ભાગી થાય ! અને તેમના અમરયશ ગવાય. હવે મારે પણ વિલંબ કરવો ઘટતો નથી; કેમકે મારી શોક્યો અપ્સરાઓ મારા વીર સ્વામીની સેવા કરે તે પહેલાં મારે મારા સ્વામીની સેવા કરવી યોગ્ય છે." એટલુંજ બોલી આનંદિત ચ્હેરા સાથ સતીનો અંતિમ દેખાવ ગ્રહણ કરી પરલોકગત સ્વામીના સ્થૂળ શરીરને ખોળામાં રાખી ચિતાની મધ્ય સ્થાયી થઇ અંતરના યોગાગ્નિવડે ચિતામાં અગ્નિ પ્રકટ કરી સતી સુમતીદેવીએ આત્મવિસર્જન કર્યું. પોતાની પાછળ ફક્ત તેણીએ પોતાના સતીત્વની કીર્તિ અનંતકાળ જીવલોકને ગંભીર ભાવનો ઉપદેશ આપવા અવિનશ્વર કરી આર્યાવર્તને આર્યપદ બક્ષ્યું ! ભૂરી ભાગ્યભાજન ભારત ! તું પણ આવી ભાગ્યવંત ભામિનિયોની ભવ્ય પદરજરેણુથી તારી સપાટીને પાવન કરી મહાન માન મેળવી ઉજ્વળ ઇતિહાસપત્રમાં સુવર્ણાક્ષરોથી દિગંત લગી પ્રશંસનીય થયેલ છે।। તને પણ ધન્યાતિધન્ય છે।।।

ધર્મવીર સતી પદ્મિની પદ્માવતી.

પુનીત સતી પદ્માવતી કઇ સદીમાં જન્મી હતી ? તેણીની ક્યાં જન્મભૂમી હતી ? અને તે કયા રણજીત રાજવંશીનો ગૃહશૃંગાર હતો? વગેરે વગેરે કહી બતાવવાની હવે અત્ર કશી જરૂરનથી; કેમકે તે બધું ગતવાર્તામાં કહેવાઇ ગયું છે, જેથી પિષ્ટપેષણ ન કરતાં માત્ર એટલુંજ કહી બતાવવાની અગત્ય છે કે દેવી પદ્માવતીના

સતીત્વની ખરી કસોટી ક્યારે થઇ ? તો તે સંબંધમાં હું વ્હાલા વિવેકી વીર વાચકોને વિદિત કરીશ કે,—

દિલ્લીનો બાદશાહ અલ્લાઉદ્દીન પદ્મિની પદ્માવતીને પોતાની કરવા જતાં ચિત્તોડીઆઓથી પરાજિત થઇ પાછો ફર્યો હતો; પરંતુ તેણે પુનઃ પુષ્કળ બળશાળી લશ્કરને જમાવી થોડાજ વખતમાં એટલે કે વિક્રમ સંવત્ ૧૩૪૨ની સાલમાં ચિત્તોડગઢને ઘેરી લીધું. ઘેરી લેવાનું કારણ તો પાઠકોથી અજાણ્યું નથી. તે દુરંત દિલ્લીપતિ લાવણ્યમયી લલામ લલનાની લગનીમાં લીન થયો હતો. ચિત્તોડથી પ્રથમ પાછો હઠવા છતાં તેના અંતઃકરણમાંથી તેણે પદ્મિની પદ્માવતીને પાછી હઠાવી ન હતી, જેથી ગમે તે યત્ન પ્રયત્ને તે તન મનવેધી તારૂણીને પોતાની તારૂણ્યતામાં તદાકાર બનાવા તલપી રહ્યો હતો. એ સબબને લીધે ' अर्थं साधयामि किंवा देहंपातयामि–અર્થ સાધીશ કે દેહ અર્પણ કરીશ'–એવી દૃઢ પ્રતિજ્ઞા ધારણ કરી ચિત્તોડીઓને મહા ચિંતાને સ્વાધીન કરવા સુલતાન અલ્લાઉદ્દીને ચિત્તોડની દક્ષિણ બાજુની ટેકરીપર પોતાની લશ્કરી છાવણી નાખી ચિત્તોડની ચોમેર સુરંગો ખોદવી શરૂ કરાવી.

પ્રથમની લડાઇમાં વીરમણિ મેવાડિઓ ઘણા કામ લાગી ગયા હોવાથી આ વખતે પ્રતિનિધિ રાણા ભીમસિંહ અને મેવાડરક્ષક અધિકારી વર્ગ ભારે સંકટને વશ થયો હતો. કેમકે ચિતોડના શૃંગાર રૂપ પ્રચંડ પરાક્રમી મેવાડી અગ્રેશ્વર વીરોની થયેલી અછતથી અત્યારે મેવાડ નિર્બળતાની ભાવનાને ભેટ્યું હતું, જેથી 'પરાપૂર્વથી મેળવેલી વિજયપતાકાનું શી રીતે રક્ષણ થઈ શકશે ! સ્વદેશપ્રેમવાત્સલ્યતારૂપ મહામંત્રનો ઉત્સાહી ઉપાસક થઇ કોણ યવનદળનું બળ અટકાવવા આગળ પડશે ! અને શિશોદિયાની ટેકને કોણ સાહ્યકારી બની નિષ્કલંકી રાખશે !' એવી ચિંતામાં મગ્ન થઇ કંઇક વખત વ્યતીત કર્યો.

વ્હાલા વાચકો ! આ ઉપરથી એવી શંકાને જન્મ આપશો નહીં કે–મેવાડિઓ નિર્બળ દશાવંત થઇ પડવાથી દેશવૈરી દિલ્લીપતિને મેવાડ સુપરદ કરી દેશે ! કિંવા પ્રાણ છતાં તે પદ્માવતીને પોતાની કરી લેશે ! કે મેવાડમાં યવનોનું લીલું નિશાન ફરકતું જીવતાં જીવે જોવું પડશે ! ના ના, તેમ નહીં થશે ! કદિ પણ નહીં થશે ! પ્રાણાંતે પણ નહિ થશે ! સંકટ આવવાથી ગમે તેવા મનુષ્યને પણ થોડી

વાર શોચ વિચારમાં લીન થવા જેવું બને છે. મૂર્ખ ને નિર્વીર મનુષ્યો મુંઝાઈ હાનિને ભેટે છે; પણ સુઘડ, સમયસૂચક ને વીરનરો મુઝવણનો નાશ કરી લક્ષિત લાભ તે મેળવે છે.

ચિત્તોડિ શિશોદીઆઓનો પરંપરાથી એવો નિયમ છે કે-તેમના ફેફસાની અંદર જ્યાં લગી વીરતાવંત ઉષ્ણુ લોહીનું એક બુંદ પણ વહેતું હશે ત્યાં લગી, અથવા તો તેમના શરીરમાં જીવનતત્ત્વ કાયમ હશે ત્યાં લગી તેઓ કદી પણ શત્રુની સ્હામે પીઠ બતાવશે નહીં! ત્યાં લગી તેઓ પ્રેમી પ્રમદાના મોહપાશમાં પકડાઇ પોતાની પુનીત પ્રતિષ્ઠાને જોખ પમાડશે નહીં! ત્યાં લગી તેઓ ધર્મવૈરીને ગોગા કરવા દેશે નહીં!

ચિત્તોડગઢ, મેવાડિયોનું પ્રાણુધન હતું! ચિત્તોડગઢ, મેવાડિયોની વિજય મેળવવાની લીલાભૂમી હતી! ચિત્તોડગઢ, મેવાડિયોનું નિર્ભય નિષ્કલંકી-અનમી તથા અજીત રહેવા માટે સર્વોત્તમ સાધન હતું! અને ચિત્તોડગઢ, મેવાડિયોની સંસારમાંજ સ્વર્ગસદનનું સુખ સંપાદન કરાવી અંતે અપ્સરાઓને અત્યાતુર બનાવનાર સિદ્ધોપાસના હતી!

જ્યારે આમ હતું ત્યારે તે ચિત્તોડગઢ સ્વહસ્તક રહેવા માટે સર્વસ્વ સમર્પણુ થઇ જાય તો પણ તે માટે મેવાડિવીરો જરાપણુ આંચકો ખાય તેવા ન હતા. જેથી ચિત્તોડી શૂરાઓ થોડીજ વાર વિચાર કરી તુરત એકમત પર આરૂઢ થઈ પ્રચંડ રોષથી એકીવારે ઉન્મત્ત બની રહ્યા. અને દુરંત દેશવૈરીના દુરાચરણુની લાયક સજા દેવા શત્રુઓનું ઉષ્ણુ લોહી પીવા તલપી રહેલી તરવારોને ખુલ્લી કરી શત્રુને ત્રાહ્ય પોકરાવવા તત્પર થયા.

રાણો ભીમસિંધ પોતાના એક કુંવર અજયસિંહને કેળવાડાના અજય કિલ્લામાં પહોંચતો કરાવી બાકીના અગ્યારે કુંવરો સહિત શત્રુની સ્હામે રણુમેદાનમાં ધુમવા કટિબદ્ધ થઇ મોરચાઓને મોખરે આવી ઊભો. ભીમસિંહના કુંવરો એક પછી એક વીર રજપૂત સમૂહના અધિનેતા થઇ શત્રુસેનાપર તૂટી પડયા. ઘણુા મુસલમાનોનો ઘાણુ વાળ્યો અને વીરતાની સારી કસોટી બતાવી શકયા; તથાપિ તે ઘણુા સૈન્યની અગાડી આખર ફાવી શકયા નહિ. તેઓ પિંડમાં પ્રાણુ રહેતાં લગી રિપુઓનો રોળ વાળવામાં પાછા પડયા નહીં અને અંતે દુશ્મનો તેમનો ઘા વખાણે તેવો સમય સ્વાધીન કરી તે બધાઓ શત્રુઓના શબોની શય્યા ઉપર અનંત શાંત નિદ્રાને તાબે

થયા. રજપૂતોની સંખ્યા પ્રથમની લડાઇમાં કમી તો થયેલી જ હતી છતાં આ લડાઇમાં પણ સંખ્યાબંધ વીરો વિમાનમાં વિરાજી અપ્સરાઓને વરવા લાગ્યા જેથી મેવાડિયોની સંખ્યામાં ઘણો ઘટાડો થતો ચાલ્યો.

'ખુમાન રાસાના કર્ત્તાએ યુદ્ધ સમયના ચિત્રને અજાયબી ભરી ખુબીથી ચિતરી બતાવ્યું છે, તે જોતાં બે કલ્પનાઓને જન્મ મળે છે કે–કાંતો રાણા ભીમસિંહે ભીમ સમયનું ભાન થયું માની ભવ્ય કિલ્લાનું રક્ષણ કરવા વીર મેવાડિયોને ભૈરવરૂપ બનાવા ભેદ ભરી ભાવનાદ્વારા ભૂરી ઉત્સાહવંત રાખવા યુક્તિ યોજી હોય ! અથવા તો કવિયે પોતાના કલ્પના કલ્લોલને કમનીયતા યુક્ત કરી વાચકોનું ચિત્ત આકર્ષવા અજબ રૂપ આલેખ્યું હોય તો તેઓ જાણે કે પ્રભુ જાણે; તથાપિ વીરોત્સાહી વાચક વર્ગ વિશેષ વિસ્મયવંત બની વિપત્તિ વખતની વિચિત્રતાને ધ્યાનમાં લઇ અડગ બને એ માટે તે ચિત્રનો સારાંશ અત્ર ટાંકી બતાવીશ કે —

દિલ્લીપતિના દુરંત ઘેરા વખતે રાણા ભીમસિંહે મહારાણા લાખમસી (લક્ષ્મણસિંહ) ના અનુશાસનથી દુરાચારી બાદશાહને નશિહત આપવા દ્દઢ વિચારણા કરી. જો કે પ્રથમની લડાઇ વખતે થયેલી વીર લશ્કરની ખ્વારીની ખોટ પણ પૂરી પડી ન હતી, હજુ તે જખમના ઘા પણ પૂરા રૂઝાયા ન હતા, અને જોઇતાં યુદ્ધ સાધનોની સવડ જોઇએ તેવી ન હતી; તો પણ તેણે પોતાની યુદ્ધ કૌશલ્યતાને યશસ્વી રાખવા–મેવાડનું વીરગાંભીર્ય ગૌરવ જાળવવા–બાપારાવળના નામને નિષ્કલંકી રહેવા–ચિત્તોડગઢનું ચીરસ્મરણીય યુદ્ધજનમનને વિસ્મયતાને તાબે કરવા–મેવાડપતિની મામ દમામ યુક્ત દર્શાવવા મેદાનમાં મ્હાલી મેવાડિ વીરોના નામને બ્હાલી આપવા કટિકસી તાતી તેગને તૃપ્ત કરવા લડાઇ આદરી.

આર્ય લડાઇના નિયમ પ્રમાણે સૂર્યની સાક્ષીએજ યુદ્ધ કરવાથી વિજય મળે છે, એથી દિવસે ઘોર યુદ્ધ ચાલુ રહેતું હતું (રાતે લડાઇ કરવાથી ઘણી જાતનાં નુકશાન થવા પણ સંભવ છે માટે સૂર્યની સાક્ષિયે કહો કે સૂર્ય છતાં કહો પણ દિવસે લડાઇ લડવી લાભકારી હોય છે.) દિવસનો શ્રમ રાતે નિવૃત્ત થાય, નવીન વિચાર યોજનાને અમલમાં મૂકવાનો અવકાશ મળે, અને જખમીઓની માવજત કરવા કિંવા મરણને શરણ થયેલાઓનું ઠેકાણું પાડવાની

સવડ પડે, જેથી દિવસની લડાઈથી વિશ્રાંતિ મેળવી ભીમસિંહ રાણો વિશ્રામભવનની અંદર બેસી ભવિષ્ય વિચારમાં લીન થયો હતો. રાત અંધારી ને અર્દ્ધવ્યતીત થઇ હોવાથી સમસ્ત દિનચારી પ્રાણી નિદ્રાદેવીનાં અનન્ય ઉપાસક થયાં હતાં. તે સમય માત્ર રાત્રિચારી પશુ પંખીનો, પાણીના પ્રવાહનો અને પવનના સપાટાથી હાલતાં વૃક્ષપત્રોનો જ શબ્દ સંભળાતો હતો. ભીમસિંહને પણ નિદ્રાદેવી પોતાનો ભક્ત બનાવવા વારંવાર ઝાંખી જોતી હતી; પણ રાણો ચિંતાદેવી રૂપ નવલ સુંદરીને વરી એકરૂપ થઇ બેઠેલો હતો, જેથી શોકરૂપ સહ વિચાર ચલાવતા રાણાનો નિદ્રાદેવીએ તિરસ્કાર કર્યો હતો. રાણાને ઉંઘ કેમ આવે? લડાઇનું મૂળ અને મેવાડની ખરાબીનું ખાત મુહુર્ત્ત રાણાની રાણી પદ્માવતીનું મનમોહક રૂપ જ હતું, એટલે પછી તેને ચેન ક્યાંથી પડે?! જેની સ્ત્રી અત્યંત રૂપાળી તેના હજારો દુશ્મન હોય એમાં નવાઇ શી? રાહખેંગારના રાજ્યની ખરાબીનું મૂળ મહા સ્વરૂપા મહારાણી સતી રાણકદેવી જ હતી! દિલ્લીશ્વર પૃથિરાજ ચહુઆણની ખરાબીનું મૂળ ઇચ્છનકુમારિ–પદ્માવતી–શશિવૃતા–સંયુક્તાદિ સ્ત્રી રત્નજ હતાં! યુગબાહુના જીવન પતનનું મૂળ પટરાણી મદનરેખાજ હતી! અને કરણઘેલાના અમાત્ય માધવરાયની વિપત્તિના આવાહનનું મૂળ વિવાહિતા સ્ત્રી રૂપસુંદરી જ હતું! રૂપવંત કુમારિકાનો પિતા અને સ્વરૂપવંત સુંદરીનો પતિ કદિ પણ સુખભર મીઠી નિદ્રાને સ્વાધીન કરી શકતો જ નથી! આમ હોવાથી રાણો ભીમસિંહ પણ ભારે ભીષણ વિપત્તિને વશ થતાં મેવાડનું ભવિષ્યપત્ર અવલોકતો હતો કે,—'ચિત્તોડની ચોાગર્દ વિષમ વિપત્તિનું સાતપડું વાદળ ઘેરાઇ વિપદ વર્ષાવા ટટૂમી રહ્યું છે. ચિત્તોડના શિશોદિયા કુળની સામ્રાજ્ય લક્ષ્મી મ્લાન મુખ સહ પલાયન કરવાની પ્રેરણામાં પ્રવૃત્ત છે. ચિત્તોડરક્ષક પ્રચંડ પરાક્રમી વીર પુરૂષોનો પ્રતિ સંગ્રામમાં ઘાણ વળ્યે જાય છે. હવે મેવાડની ગરીમા–ગૌરવતાનું કોણ ગર્વ રાખી નિષ્કલંકી રાખશે?! આ સમસ્ત સંહારક સમયમાંથી બાપારાવળનો વંશ બચી પિતૃદેવોને પિંડદાન દેવા શી રીતે હયાતી ભોગવવા ભાગ્યશાળી રહેશે?! મહારાણાના બાર કુંવરો પૈકી એક પણ હયાત રહે તો રિપુનો રોળ વાળવા કોક દિવસ પણ કીના ભરી વિચારણા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે!' ઇત્યાદિ ઇત્યાદિ મહાન્ ચિંતાઓનિમગ્ન થઇ ભાવિફળ અવલોકતો હતો. દરમ્યાન ભયંકર ગંભીર અવાજ તેના કાન પર આવી અથડાયો કે

'હું ક્ષુધિત છું' એથી અજાયબી સાથ ને ભીષણુ શબ્દાગમન ભણી રાણો ધારીને જોવા લાગ્યો, તો તેને એ જણાયું કે–પથરના સ્તંભની વચમાં ચિત્તોડગઢની અધિષ્ઠાતા દેવીની ભયંકર મૂર્તિ તે ભયંરવ પ્રકટ કરી રહી છે! મહમાયાને નિહાળતાં તથા તેમના અમંગળ સૂચક શબ્દ શ્રવણુ કરતાંજ રાણાનું હૃદય વિષાદ અને ગર્વમાં ગર્ક થઇ ગયું. તેથી રાણાએ કહ્યું–' લાખોનો ભોગ અપાયો છતાં હજુ આપની ભૂખ ભાગી નથી ?!' દેવીએ કહ્યું–'હું આજ રાજબલિ લેવા ઇચ્છું છું જેથી મુકુટવંત બાર રાજકુમાર જો ચિત્તોડના રક્ષણુ માટે જીવનબલિ ન આપે તો મેવાડનું રાજ્ય બાપારાવળના વંશજને હાથ રહેશે નહીં!' આટલું કથી દેવી અંતર્ધાન થઇ ગયાં.

ભીમસિંહ દેવીવચનથી ઘણોજ સંકલ્પવંત થઈ રહ્યો! આખી રાતને એજ વિચારમાં ને વિચારમાં વીતાવી અને પ્રભાતે પોતાના લશ્કરના ઉપરિયોને ખાનગીમાં બોલાવી તેમની સમક્ષ રાત્રિનું વર્ણન કહી બતાવ્યું; તથાપિ તેઓને તે વાર્ત્તાપર યથાર્થ પ્રતિતી ન થઇ એથી રાણાએ ફરીને કહ્યું–'તમો અવિશ્વાસ દૃષ્ટિથી એ વાત ભણી અનાસ્તાવંત જણાઓ છો; પરંતુ આજ રાતે પ્રત્યક્ષ બતાવી પ્રતીતિ કરાવી દઇશ એટલે પછી તે વાણીને કબુલ કરવીજ પડશે. મારૂં મગજ ખસી ગયેલું નથી કે આવી વાતો કહી આવી વખતે તમોને વિશેષ ચિંતાને શરણુ કરૂં!' એટલું બોલી સમયપર વિશ્રામભવનમાં તે બધાઓને હાજર રહેવાની સુચના આપી. સરદારો પ્રસન્નતા સાથ રાત્રે ત્યાં એકઠા થયા. સમય થતાં દેવીએ અદ્ભુત ચમત્કાર બતાવ્યો અને કહ્યું કે–' નિરંતર હજારો મ્લેચ્છો મરણુને શરણ થાય છે; પરંતુ તેમનું બલિદાન હું ગ્રહણુ કરી શકું તેમ નથી. તેમ રજપૂતો મરે છે તેથી પણ યથાર્થ તૃપ્ત થતી નથી; માટે દરરોજ રાણાવંશી કુમારને રાજ્યાભિષેક કરી છત્ર ચામરાદિ રાજચિન્હ યુક્ત બનાવી પૂર્ણ સન્માન પૂર્વક ત્રણ દિવસ તેની આજ્ઞા પાળવી, અને ચોથે દિવસ તે રાજા સમરભૂમિમાં ઉતરી કુદરતી કાનૂનની કે અદૃષ્ટની આજ્ઞા પાળે. એવી રીતે બાર રાજકુંવર આ ક્રમ પ્રમાણે જીવનબલી આપે તો હું તૃપ્ત થઉં અને આ ગઢમાં નિવાસ રાખી શકું!' એટલું કહી દેવીએ દૈવીમાયા સંકેલી સ્વધામનો માર્ગ ગ્રહણ કર્યો. અને સરદારો અતિ વિસ્મિત થઈ વિચારમાં લીન થયા; કેમકે તેઓ બધા-આસ્તિક હોવાથી તે દેવીવચન પર પૂર્ણ વિશ્વાસ વંત થઇ.

દેવીની આજ્ઞા પાળવા એકમત થયા, અને ભગવાન શ્રી ઇષ્ટદેવ એક-લિંગજીના સોગંદ ખાઇ તેજ પ્રમાણે વર્તવા તત્પર થયા.

વાંચનાર ! મેવાડિયોએ પોતાને ભારે નુકશાન રૂપ રાજકુમારોના બલિદાનને પણ કબુલ કર્યું; પરંતુ મ્લેચ્છોશને શરણ થવું કબુલ ન કર્યું ! જ્યાર સુધી પોતાની રક્તવાહિનીઓની અંદર ક્ષત્રી વીરત્વનું ઉષ્ણ રૂધિર વહ્યા કરતું હોય-અરે ! જીવમાં જીવન હોય ત્યાર સુધી તેઓ વિધર્મિયોને ચિત્તોડમાં પગ મૂકવા દે તે તેમને બિલકુલ રૂચતું ન હતું. અહા! શું તેમની દેશપ્રેમિકતા! શું તેમનું સ્વજાતીયનું અભિમાન ! શું તેમની દેવ પ્રત્યેની આસ્તિકા ! અને શું તેમનો વીર્યોલ્લાસ ! ધન્યાતિધન્ય છે મેવાડી વીરો ! તમો જગતમાં જન્મ્યા પણ પ્રમાણ છો ! તમારી રજપૂતાઇને પણ અનંત રંગ છે ! તમારા નેકટેક ઉપર અમો વાચક વર્ગ આફ્રીન છિયે.' એમ પાઠકગણને હર્ષના અત્યાવેશથી બોલાઈ જવાય તો કશી નવાઇ જેવું નથી. કેમકે પ્રાણ પડ્યા પછી પણ-પ્રતિજ્ઞા પાછી પડે તો ભલે; પણ પ્રાણ રહ્યા છતાં લીધેલું પણ જાય તો તે જીવ્યું પણ ન જીવ્યા બરોબર છે-નાક કપાતાં આખું શરીર આબાદ રહે તો પણ શું કામનું ! એમ તેઓ સમજતા હતા એથી તેમણે એ કર્યું કે, દેવીનો હુકમ પાળવા પડઆખડ કરી પહેલો નિજ પ્રાણોત્સર્ગ કરવા રણ મેદાનમાં ધૂમી દેશની સેવા બજાવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે તેવો વીરમણિ રાજકુમાર કોણ છે, તે જોવાની ઘટના ઘડવા લાગ્યા.

રાણાના બાર કુમાર પૈકી પ્રથમ મોટો કુમાર અરિસિંહ વાર-સાના નિયમને ધ્યાનમાં લઇ પોતે રાજ્યાસન પર બેસવા ઉમંગી થયો જેથી પહેલ વહેલાં તેને રાજ્યચિન્હયુક્ત ત્રણ દિવસ માટે મહારાણો બનાવી દીધો. અને ચોથે દિવસે તે અરિસિંહ રાણાએ યવન સમરમાં ઉતરી મહાન્ અસીમ વીરતા બતાવી આ મરલોકથી પ્રયાણ કરી અમરલોકમાં નિવાસ કર્યો. એટલે તે પછી તેથી ન્હાનો કુંવર અજયસિંહ તૈયાર થયો; પરંતુ રાણાને તે અત્યંત પ્રિય હતો તેથી તેને રાણાપદ સ્વીકારવા દીધું નહી, આમ થવાથી તે પછીના ક્રમવાર કુમારો ક્રમ યુક્ત રાજ્યસિંહાસન પર બેસતા ગયા અને દર ચોથે દિવસે રણમાં રંગ મેળવી જીવન વિસર્જન કરવા ગયા. પરંતુ બારને બદલે અગીઆર રાજબલિ અપાવાથી એક રાજબલિ

બાકી રહેતાં રાણો પંડે પોતાનું પ્રાણબલી આપવા તત્પર થયો. પરંતુ તે પહેલાં એક ભયંકર કાર્ય કરવાની વિશેષ જરૂર જણાઇ જેથી તેણે સઘળાઓના મત મેળવવા માંડ્યો, પણ તે મતમાં કુમાર અજયસિંહ એકમત થયો નહી. તે તેમાં ખલલ પહોચાડનારા વિચારોજ દર્શાવતો હોવાથી રાણાએ તેને કેટલાક શૂરા સરદારો ને લશ્કરીઓ સહિત તેનું મન મનવી એકમત કરી ત્યાંથી કેલવાડાના અન્ય કિલ્લામાં જઇ રહેવું કબુલ કરાવી તથા સમય સ્વાધીન થતાં શત્રુના કબ્જેથી ચિત્તોડ મેળવી વેર વાળવાને બલ્લામણ કરી મહા મહેનતે વિદાય કર્યો. રાણાને હવે કોઇ પ્રકારની પ્રતિબંધતા રહી નહીં; કેમકે બાપારાવળનો વંશ હવે હયાત રહેવાની આશા પાર પડી. હવે થનારા અનંત નુકશાનનું વળતર વાળવાની ભાવિ આશા ને આલંબન મળ્યું, હવે પિતૃઓને તૃપ્તિ મળવાની વાચાને જીવનવતી જાણી, અને હવે જરૂરી ભયંકર કાર્ય કરવાની ધારણામાં આડે આવવાની પંચાત ન રહી.

વાચક વર્ગ! તે ભયંકર કાર્ય એ કરવાનું હતું કે—'જે ટેક જાળવવા માટે સર્વસ્વ ગુમાવવા કટિબદ્ધ થયેલા છિયે—એટલે કે આપણી રજપૂતાણી યવનને હાથ ન પડે એજ માટે આ ખાનાખરાબીને વ્હોરી છે; છતાં મારા મરણ પછી પણ તેઓ જીવતીજ તેઓને હાથ જાય તેવો વખત હાજર રહેશે માટે તે બધીઓને એકી સાથ અગ્નિદેવને શરણ સોંપી પછી નિર્ભીતપણે કેસરીઆં કરવાં કે જેથી પાછળની કશી પંચાતમાં પડવા જીવ ફાંફાં મારે નહીં!' એ કારણને લીધે તે જીવનહર વ્રતને ઉજવવા નિરધારી સર્વ ક્ષત્રીઆણી સમાજને ખબર આપી કે—"આવતી સવારે અમારે આત્મહૃદયનું રૂધિર રેડી ચિત્તોડગઢરક્ષિકા દેવીનું ખપ્પર ભરવાનું છે. જેથી તમારા રક્ષણ માટે શું કરવું કે જેથી કરેલી મહેનત સફળતાને ભેટે? તે સત્વર જાહેર કરો. હવે વિલંબ કરવાનો વખત નથી—માટે નિર્વલંબે જિગરની ધારણાને જીવન આપો."

ખબર મળતાંજ વીર ક્ષત્રીઆણીઓએ કહાવ્યું કે—'આપ કેસરીઆં કરવા તૈયાર છો એથી અમો પણ કેસરીઆ કરવા અત્યુત્સાહી છિયે; કેમકે અમો અર્દ્ધાંગના અર્દ્ધાંગને શત્રુસંહાર વખતે મદદ કરવાને માટે લગ્ન સંબંધના અર્થથી બંધાયલજ છીએ. તેમ આપના આત્મોત્સર્ગ પછી પણ જ્યારે અમારે સતી થઇ મરવાનું તો

છેજ ત્યાર પછી પહેલાંજ શત્રુઓનો સંહાર કરતાં કરતાં મરિયે તો તે વધારે ઉત્તમ છે, અને શત્રુઓ પણ અમારા હાથની તીખી તરવારનો તાતો સ્વાદ ચાખી વિચારી લે કે આવી વીરાંગનાઓની કુખમાં લોટેલા વીરપુરૂષો નમતું પાસું પ્રાણાંતે પણ ન આપે તેવા પાકે એમાં નવાઇ શી! વળી શત્રુઓનો વિશેષ પરાભવ થતાં ફરીને ચિત્તોડપર ઘેરો ઘાલવા આવતાં અચકાશે; માટે વેણી છૂટી મૂકી વીરસાજ સહિત અમો હાલ તુરતજ હાજર થઇએ છિયે."

આવા વીરોત્સાહ પૂર્ણ સમાચાર મળ્યા; પણ તે વિચાર રાણાને, ભીમસિંહને અને અન્ય સરદાર તથા વીર મ્વાડિ રજપૂતોન પસંદ પડયો નહિ. કેમકે 'રજપૂતાણીઓ રણમાં ઘૂમવા આવે; પરંતુ ભોગજોગે એમાથી એકાદ શત્રુના હાથમાં સપડાઇ પડે તો સર્વ મહેનત ધૂળમાંજ મળે, ને કદાચિત ખુદ પદ્મિની પદ્મમાવતીજ પકડાઇ જાય તો દુરંત શત્રુની દુષ્ટ ધારણા પાર પડવાનો વખત આવે, માટે તેમતો થવુંજ ન જોઇએ,' એથી છેવટ અન્ય રસ્તો હાથ ન લાગતાં તેણીઓને તરવારની ધારાથી સ્વધામમાં મોકલી પછી કેસરીઆં કરવાં એજ મુકરર થયું. પણ જે તરવાર શત્રુઓનાં માથાં કાપવા ધારણ કરી છે, તે તરવાર પ્યારા પ્રાણધનને ગળે ફેરવવા માટે કેમ વપરાય? જેથી અંધારી સુરંગમાં ચિતા સળગાવી તેના અંદર તે બધીઓને પૂરી વજ્રદ્વાર બંધ કરી ભસ્મીભૂત થયે કૃતાંત રૂપ બની દુસ્મનોપર કાળોકેર વર્ત્તાવા તુટી પડવું એજ અંતિમ નિશ્ચયને કબૂલ રાખ્યો.

અંતઃપુરની અંદર અંધારી ગહેરી સુરંગ તૈયારજ હતી, તેમાં જંગી લાકડાં ગોઠવરાવી શળગાવી દેવરાવ્યાં અને પોતાના અથેતિ વિચાર જણાવી તે ચિતામાં બળી મરવા તેણીઓને ઉત્તેજિત કરી. જોત જોતામાં છૂટાવાળો સહિત પદ્મિની પદ્માવતી યુક્ત અગણિત રજપૂતાણી વર્ગ એકી વખતે સ્વાત્માર્પણ કરી સ્વદેશ, સ્વજાતી અને સ્વધર્મનું રક્ષણ કરવા મેવાડના મહીપતિ સરદાર વગેરે સર્વને વીરરંગમાં રંજીત કરતી 'વન્દે જગન્મતરમ્' વદતી સુરંગ સહિત સુરંગમાં ઉતરી જ્વલંત અગ્નિને પોતાના પવિત્રાત્માને શરણ કરવા લાગી; અને થોડીજ વારમાં અમૂલ્ય દેહોનું ભક્ષ કરી તે સ્મશાનાગ્નિ પણ તૃપ્ત થયો.

જો કે તે રજપૂતાણીઓ જબરા આવેશ સાથ મરણ મુખરૂપ સુરંગમાં પ્રવેશ કરતી હતી, તે વખતના ભીષણ દેખાવથી દેખનારનું હૃદય

કંપ્યા-પિગળ્યા વિના રહે તેમ ન હતું; તથાપિ દેશ, જ્ઞાતીટેક ને ધર્મને માટે રણોત્સાહી બનેલા રજપૂતોએ પ્રેમાળ સ્ત્રીઓ, પવિત્ર માતા ભગિની પુત્રી ભત્રીજી ભાણેજી વગેરેને અનતકાળને માટે વિદાય થતી નિહાળ્યા છતાં સૂકી આંખ્યે તે હૃદયવિદારક દૃશ્ય નિહાળ્યો. તેમની આંખ્યો આંસુને બદલે શત્રુસમૂહને દગ્ધ કરી મૂકવા સરખા પ્રજ્વલિત આગના તણખા નિકળતાં લાલચોળ બની પ્રલય સમયની કઠોરતાને આદર મળ્યો પ્રદર્શિત કરતી હતી! તેમનાં પ્રેમાળ હૃદય પ્રેમામૃત રહિત બની વજ્ર જેવાં નિઠુર કઠોર બની બેઠાં હતાં! અને માત્ર બનતાં લગી ટેક રાખવા સિવાય અન્ય સર્વ મમતાથી મન વિરક્ત થઇ રહ્યું હતું!

વાચકો! આનું નામ તે દેશ પ્રેમ! આનું નામ તે દેશસેવા! આનું નામ તે સત્ય લાગણી! અને આનું નામ તે સાચા સ્વદેશી! નહીં કે વિલાતી કપડાં ન પહેરવાં! વિદેશી વસ્તુ ન વાપરવી! રાજ્ય લાભને નુકશાની કરવા 'બાયકોટ'નો પંથ પકડવો! દેશીઓને રાજ્ય સ્હામે અણગમો-ઇતરાજી પેદા થાય તેવાં લખાણ ભાષણો ઉપયોગમાં લઈ ઉશ્કેરવાનો યત્ન કરવો અને સ્વદેશી બન્યાનો ખોટો ડોળ ભર્યો ફાંકો રાખી ફરવું તે ફૂલ વિના ફળની આશા રાખનાર જેવો અપ્રશંસનીય પ્રકાર છે. પ્રશંસનીય પ્રકાર એ છે કે જો સ્વદેશની ઉન્નતિ કરવીજ હોય તો, બ્યાંપાર ઉદ્યોગ ખિલવનારા મહેનતુ લોકો, કારિગરોને ઉત્તમોત્તમ કારિગરી હાથ કરાવી તૈયાર કરવા, નવીન નવીન કળા કૌશલ્ય કેળવી રાજ્યની ત્રિજોરીમાં જકાત આદિથી વધારો થાય તેવા માર્ગો યોજવા, પ્રજાએ રાજ્યકર્ત્તા તરફ કેવા પ્રકારનો ધર્મ બજાવવો ઉત્તમોત્તમ છે તેનાથી પ્રજાવર્ગને પૂર્ણ માહેતગાર બનાવવો, રાજ્ય સાથે બાહ્યાંતરથી શુદ્ધ વફાદારી બતાવવાની દરેક કોશિશો કરવા ધ્યાન આપવું અને તે સંબંધી જ લખાણો ભાષણો કરી હક માગવા લાયકાત પ્રાપ્ત કરવી. લાયકાત વગર પદ મળતાં માંહોમાંહે યાદવાસ્થળી જેવો પ્રકાર કરી પાયમાલીને ભેટવા જેવું થવા સંભવ છે. પાશ્ચિમાત્ય પ્રજા જેવા ઉચ્ચ ગુણો હજુ આપણામાના ઘણા થોડા જનોમાં નજર પડે છે. હજુ પરસ્પરનો દ્વેષ-ઇર્ષ્યા-કુસંપ આદિ બંધ પડેલ નથી, હજુ બોલેલા બોલો પાળવા દઢપ્રતિજ્ઞ થયા નથી, હજુ રાજા પ્રજાનો પવિત્ર ધર્મ જાણી અનુભવવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરેલ

નથી, અને હજુ મારાપણાનો ખરો મર્મ સમજ્યા જ નથી. જેથી કહ્યા વિના ચાલતું નથી કે આપણે આપણા હકો જાળવી શોભાવિયે તેવા લાયક થયા નથી ! જ્યાં લગી કૂતરાનું કટક કાશિયે જવા જેવું તમારૂં મંડળ છે, જ્યાં લગી પોતાનો ધર્મ પૂર્ણ પણે સમજવાથી અજાણ છો, જ્યાં લગી ઉચ્ચ કેળવણીથી અસુંસ્કારિત છો, જ્યાં લગી સ્વતંત્ર તંત્ર ચલાવવાની આવડતવાળી ગણત્રીમાંથી બાતલ છો. જ્યાં લગી કુસંપને દેશવટો દેવા અસમર્થ છો, જ્યાં લગી સારા ચિત્રકાર-કવિ-પંડિત-કૃષિકાર-કારીગરોને સર્વ પ્રકારની મદદ આપવાની ઉત્તમ કાળજીથી અલગ છો, અને જ્યાં લગી બ્રિટીશ રાજ્યથી થયેલા ફાયદા ધ્યાનમાં લઇ આ રાજ્યના અમલને અમર રહેવા ભિન્ન મત ધરાવો છો ત્યાં લગી કદિ પણ આ દેશનો પૂર્ણ ઉદય થનાર નથી ! માની પાસેથી પ્રેમવાત્સલ્યતા વડે વસ્તુ માગિયે તો માતા મમતા પૂર્ણ બની તે તે વસ્તુ આપે છે; પણ જો આડો લઈ પજવી વસ્તુ માટેની હઠ કરિયે છિયે તો તરત લપડાક વગેરેના સંસ્કારથી સંપન્ન થઇયે છીયે. તો વિચાર કરવાનું છે કે સગી મા પણ જ્યારે આડો લેવાથી-પજવવાથી અગાધ હિત-ચિંતક છતાં ગુસ્સાને અમલમાં લઇ લે છે, ત્યારે દ્વીપાંતરનિવાસિની-સરકાર-ઔર માત તમારા પજવાટથી કેમ નહીં ખીજવાઇ તંગ કરશે ? ! હઠ-પજવવાની પણ હદ હોય છે અને લાયકાત પ્રમાણે લાયક હકો આપવાની પણ હદ-મર્યાદા હોય છે તે ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે.

જોકે મેવાડિયોએ પોતાનાં સ્ત્રી રત્નો પરને હાથ ન જવા હદ ઉપરાંત ખ્વારી વ્હોરી ? તથાપિ તે સંપમાં-પ્રેમમાં-વીરત્વમાં-ટેકમાં એક્કા હતા, જેથી તેઓએ પોતાની લાયકાત પ્રમાણેના કામ વડે પોતાનો હક્ક અદા કરી શત્રુને પણ ચકિત કરે તેવા માર્ગ અમલમાં આણ્યા હતા ! બહાદુર બ્રિટીશ રાજ્યકર્તા શાહાણી સરકાર તેજસ્વી તાજ તુલ્ય છે અને આપણે મંજુલ મસ્તક તુલ્ય હોવાથી આપણી સરકાર શિરતાજ છે. મંજુલ મસ્તક વડે તેજસ્વી તાજ અને તેજસ્વી તાજવડે મંજુલ મસ્તક મહાન્ શોભા-મહોદયવંત રહે છે, એ હેતુથી જ સતેજ સરકાર ખુંધાં ખમે છે એ તેનો પ્રશંસનીય પ્રકાર છે ! ! રાજાનો પવિત્ર પ્યાર એજ પ્રજાની અભિવૃદ્ધિ રૂપ મહેલનો પક્કો પાયો છે, અને પ્રજાનો પવિત્રનો પ્યાર સંપાદન કરવો એ

રાજાની પવિત્ર ફરજ રાજ્યરૂપ સૂર્યકિરણોને પ્રકાશવાના પ્રાતઃસમયની સંધી છે, એ નિર્વિવાદની વાર્તાથી શાહાણી સરકાર અજાણ નથી. એની પ્રતીતિ પોતાના શાંતિભર્યા અમલથી આપી રહેલ છે. જુઓ બાદશાહી જોહાકી દોર, જોર બતાવતાં કેવો શોર મચાવી મૂકતો હતો?? તે ધ્યાનમાં લેતાં આધુનિક દયાળુ સરકારની શાંતિભરી દયામર્યા-રાજનીતિનો ખરો ખ્યાલ થયા વિના રહેશેજ નહીં!

જુઓ કે પ્રજાપર બતાવેલા પવિત્ર પ્યારને લીધે ચિત્તોડની પ્રજા મહારાણાના સંકટ સમય પોતાના પ્યારા પ્રાણનો ભોગ આપવામાં પણ પાછી પડી નહતી, પોતાના શિરતાજનો ટેક જળવાઇ રહે તેટલા માટે યુદ્ધમાં પણ શામિલગિરી કરી પ્રજાની પવિત્ર ફરજ અદા કરવાનું તે પ્રજાએ સૌભાગ્ય સંપાદન કર્યું હતું, અને હિમ્મત આપી દ્રવ્યાદિની મદદ આપવા અર્જ કરતી હતી; કેમકે તે પ્યારી પ્રજાએ સ્વદેશોદયશિક્ષાપત્રની ઉત્તમ શિક્ષા ગ્રહણ કરી હતી.

રાજભક્ત પ્રજાની રાજ્યરક્ષણ નિમિત્ત ઉંડી લાગણી જાણી રાણાજીને ઘણોજ ઉત્સાહ વધ્યો, પૂર્ણ મમતામયી દૃષ્ટિથી તેમને ધન્યાતિધન્ય કહી મેવાડનું પાણી રહે તેવી કંઇક અસરકારક શબ્દધ્વની દ્વારા વિશેષ ભલામણ કરી રાણાજીએ કહ્યું કે—" સિંહને વનના બળની જરૂર છે અને વનને સિંહના બળની જરૂર છે. જગતની અંદર દરેક વસ્તુ બેઉના બળવડેજ મુખ્ય ભાગ ભજાવતી જણાય છે; જેમકે-બે પૈડાંથી ગાડી-ગાડું ચાલે છે, બેઉ હાથના સંયોગથી તાળી પડે છે, સ્ત્રીપુરૂષની જોડીવડે વિશ્વવૃદ્ધિનો વ્યવહાર નિભે છે, સૂર્ય ચંદ્રવડે રસકસ અને તત્વ પરિવર્ત્તનનો ક્રમ જળવાય છે, ધાર્મિક અને વ્યવહારિક કેળવણીથી સૃષ્ટિની શોભા શોભાયમાન રહે છે, ગૃહસ્થ અને યતિધર્મ એ બેઉ જગત્ ભૂષણ રૂપ છે, ઇહલૌકિક અને પારલૌકિક કૃત્યો પણ ઉપયોગમાં લેવાયાજ કરે છે, અને સૈવ્ય સેવક સંપદાવડે વિશ્વમર્યાદા માનીતિ થઇ રહે છે. માટે રાજાએ પ્રજાની પ્રીતિ મેળવવી અને પ્રજાએ રાજાની પ્રીતિ મેળવવી એજ રાજાપ્રજાની આબાદીનું મૂળતત્વ છે. જે રાજા પ્રજાની નારાજી મેળવી રાજ્યને આબાદ કરવા ઇચ્છે છે તે ખરા શબ્દોમાં કહું તો બરબાદીનેજ ભેટવા સબળ યત્ન કરે છે. અગર જે પ્રજા રૂડારાજ્યતંત્રની સ્હામે વિના પ્રયોજને કે સ્હેજ અંગત કારણોને વળગી રૂડા રાજ્યતંત્રની સ્હામે ફિતુર-હુલ્લડ મચાવા મથન

કરે તો તે ફાયદો મેળવતી નથી. પણ પાયમાલી થવાનો વાયદો પૂર્ણ કરવાનોજ પંથ પકડે છે. ખેતરનું રક્ષણ વાડ અને વાડનું રક્ષણ ખેતર છે. રાજાને પ્રજા એજ પ્યારી સંતતિનું રક્ષણ કરનાર રક્ષક છે, પ્રજા એજ રાજભંડારને ભરપૂર રાખનાર ઉત્તમોત્તમ સાધન છે, પ્રજાએજ રાજ્ય દૃઢતાની પ્રધાન સંસ્થા છે, અને પ્રજાએજ રાજ્યકર્તાનું પ્રાણજીવન છે. તેમજ પ્રજાને રાજા પણ તેજ પ્રમાણે સુખદાતા છે. જે પ્રજાએ રાજ્યકર્તાની અને જે રાજાએ પ્રજાની દર[illegible]ણી નથી તે રાજા પ્રજાની નાશની નિશાનીજ મનાય છે. મેવાડનુંજ રાજ્ય મારૂં નથી; પણ તમો સર્વ મેવાડિયોનુંજ છે [illegible]ની લાજ જાય તે મારી લાજ ગઇ ન ગણાય; પણ મેવાડિ વીરોનીજ લાજ ગઇ ગણાશે. મારૂં રક્ષણ થવાથી આખા મેવાડનું રક્ષણ થશે જે તમો તમારી ઉત્તમ ફરજ બજાવા ઉત્સુકતા દર્શાવો છો તે અત્યંત પ્રશંસનીય છે. આ સમય અડીકડીનો છે. મેવાડ અને મેવાડપતિ મહા સંકટમાં સપડાયલ છે; માટે બનતો પ્રયાસ કરી મેવાડને નિર્ભીત રાખશો. મારો તો આ રણગણમાં ઘણે ભાગે જીવનોત્સર્ગ થશે; પણ તમારા ભવિષ્યના રાણાને તન મન ધનથી મદદ આપી મેવાડી રાજ્યને આબાદી આપી દેશશત્રુનો પરાજિત કરવામાં ખૂબ ધીટ રહેજો. હું મારા પ્રાણ રહેતાં લગી તો મેવાડનું રક્ષણ કરીશ–મેવાડ રક્ષણાર્થે રણાંગણમાં મરીને વિજય વરીશ, પરંતુ મારા પ્રાણની–મારા વ્હાલા શૂરા સામંતોની–વ્હાલા પ્રાણીઓની અને વ્હાલી વીર પ્રજાની આહુતી અપાયાની કદર બુઝી પાછળથી ભવિષ્યના મહારાણાને મદદ આપવી એજ તમારૂં મુખ્ય અને મહામૂલ્યવંત કર્તવ્ય છે તો તે અવસ્ય ધ્યાનમાં રાખી વારસોને તે સંબધી વારસો આપ્યા કરશોજ એજ ભલામણ છે.” એટલુંજ કહી પોતાની વીરમંડળી સહિત કેસરિયાં કર્યાં.

પ્રચંડ શબ્દસહ રણતૂર વાગવા લાગ્યાં. જીવનપર નિર્મોહ રાખનારા શૂરા સરદારો રણસ્થળમાં પ્રાણદાન દેવા તત્પર થયા. કિલ્લાના દરવાજા ખુલ્લા મૂકી દીધા અને માત્ર સ્વર્ગ મેળવવાની ઇચ્છાથીજ ખુલ્લા ખડગથી હરહર કરતા બકરાના જુથ્થપર સિંહ છલંગ મારી પ્રાણ લેવા તૂટી પડે, તેમ દેશદ્રોહીના દળપર મેવાડપતિ અને મેવાડિ વીરો તૂટી પડ્યા. રજપૂતોની તરવારથી ઇસ્લામીઓ અને ઇસ્લામીની તરવારથી રજપૂતોનાં શરીર છિન્ન ભિન્ન થઇ ધરણીપર ઢળવા

લાગ્યાં, અને બેઉ પક્ષે બનતા યત્ન પ્રયત્ન વડે વિજય મેળવવો વાંછ્યો; તથાપિ સત્ય કહિયે તો તે બેઉ પક્ષે લીધેલો શ્રમ, ભોગવેલી નુકસાની અને આપેલી પ્રાણાહુતી તે સઘળું વ્યર્થ ગયું હતું; કેમકે ચિત્તોડરક્ષિકા દેવીવચન પ્રમાણે અગ્યાર રાજકુમારોએ તો રાજછત્ર ધારણ કરી એક પછી એક રણમાં જીવનોત્સર્ગ કર્યું. અને છેવટે અજયસિંહને બચાવી ખુદ રાણાએ બારમા રાજવંશીની બલિહિતાર્થ પોતાનો ભોગ આપી દેવીને તૃપ્ત કરી. બાદશાહી લશ્કરરૂપ સાગરમાં રજપુતરૂપ પાણીના પરપોટા જોતજોતામાં વિલય પામી ગયા, ચિત્તોડી એક પણ કાયમ રહેવા પામ્યો નહી, જેથી ચિત્તોડ આજે જિવનવંત જીવ વગરનું છે, આજે તે રમ્યસ્થળ સ્મશાન સ્થળ સમાન થઇ રહ્યું, જ્યાં ત્યાં નરશોણિતની નીકો ચાલી રહી. ભયાનક રૂપથી માથાં ધડ ને હાથ વગેરે અવયવો રહિત થયેલાં શબના ઢગલે ઢગલા પડ્યા, તે બિભિત્સ ને રૌદ્રરસનો આવિર્ભાવ કરાવતા હતા, અને મંગળની જગોએ અમંગળનાં નિશાનો ફરકવા લાગ્યાં હતાં; તથાપિ પિશાચવૃત્તિનું યવનદળ હર્ષપૂર્ણ થઇ આગળ વધ્યું. નિર્જીવ ચિત્તોડને વગર હરકતે તાબે કરી જીવનસંજીવની પદ્મિની પદ્માવતીની શોધ મેળવવા લાગ્યું; પરંતુ જેના માટે લાખો જીવોનું બલિદાન આપી પ્રાણકષ્ટ વેઠી પિશાચકૃત્ય કરી રહ્યો હતો તે શાહ અલ્લાઉદ્દીન તેને મેળવી શક્યો નહીં. તે કામાંધને સતીઓના ધર્મની રજપૂતોના રસમની—મેવાડની મહત્તાની અને આર્યધર્મમર્મની ખબર ન હતી જેથી રજપૂતોએ કેસરીઆં કરી દરવાજા ખુલ્લા મૂકી રણને ભેટ્યા છતાં પણ તે પદ્મિનીને જીવતી માનતો હતો. પદ્મિની તો ક્યારનીએ પોતાના સહચારી વર્ગ સમેત સ્વર્ગભવનન શોભાવા શોભાયુક્ત આ લોકમાંથી પ્રયાણ કરી ગઇ હતી. માત્ર તેણીએ અપવિત્ર આત્માઓને પવિત્ર કરવા પોતાના સ્થૂળ શરીરની ભસ્મ અંતઃપુરની સુરંગમાં રહેવા દીધી હતી તે પણ તેના ભાગ્યને ભેટી શકી નહીં; પરંતુ સુરંગમાં દહન થતાં સતી શરીરોનો ધુમાડો તેના અંગને સ્પર્શવા પામ્યો. એના લીધે વિકારી નેત્રોમાંથી કામાંધ પટલ દૂર ખસવા પામ્યાં, પૂર્ણ પશ્ચાતાપ થવા લાગો, નાક કપાતાં છતાં પણ ઘી ચાખવાનો વખત વહી ગયો. ધારેલી ધારણા ધૂળમાં મળી ગઇ એથી અંગમાં નિરાશાનો વાસ થતાં તે નિર્જીવ પૂતળાં વગેરે મેવાડની અસલી કારીગિરીના નમૂનાઓને નિર્મૂળ કરી જાલોરના રાવ માલદેવ રાજાને સત્તાપદસહ

ચિત્તોડ સોંપી નિરાશાયુક્ત દિલ્લી ભણી ચાલ્યો ગયો.

પવિત્ર પદ્મિની પદ્માવતી! તારાં પવિત્ર કાર્યો આ પવિત્ર દેશનાં પવિત્ર સ્ત્રી પુરૂષોના પવિત્ર હૃદય પ્રાસાદમાં પરચા ધારી પ્રતિમારૂપ પ્રતિષ્ઠિત રહી પ્રતિદિન પુનીત ઉર્મિયોને ઉત્તેજિત કરવા પ્રબળ પ્રેરણા પૂરિત રહો! એજ ઇચ્છા અને આશા છે!

ધર્મવીર સતી સુલક્ષણાદેવી.

ઉભયકુળ ઉજાગર સતી સુલક્ષણા દેવીનો જન્મ વિક્રમની તેરમી સદીમાં થયો હતો. તે આર્યાવર્તનો અલંકાર કોને ત્યાં અને કયા માતા પિતાના સમાગમથી જન્મ પામી જગત જીવોની જીવ્હાને પવિત્રકારીણી નિવડયો હતો તે સપ્રમાણ જાણવામાં આવ્યું નથી, માત્ર તે મોહબાના ચંદેલ રાજા પરમાલના મુખ્ય સેનાપતિ આલ્હની વિવાહિતા હતી. તેણીની સાસુનું નામ દેવલદેવી અને દિયરનું નામ ઉદલ હતું. અને તેણીની ધર્મવીરતાની કસોટી ચહુઆણ પૃથિરાજ સાથની ચંદેલની ચડાઇ સમય નીચે પ્રમાણે થઇ હતી.

સુલક્ષણા દેવીના પતિએ ચંદેલરાજને ગયા કાંઠાનો—રેવાકાંઠાનો—મેવાડનો-ગંગા યમુના વચ્ચેના પ્રદેશનો અને આસપાસના અન્ય મુલકનો ઘણો ભાગ જીતી લઇ રાજ્યસીમા વધારી અમૂલ્ય ફાયદો કરી આપ્યો હતો; છતાં પણ 'રાજા કોઇના મિત્ર થયા નથી' એ કહેવતને સિદ્ધ કરવા ચંદેલ રાજાએ ચાડીઆઓ તરફથી કાનમાં સ્વાર્થિ મંત્ર ભણાતાં આલ્હ ને ઉદલનો સઘળો ગુણ ભૂલી જઇ અપકારનો ભાવ અંગીકાર કર્યો હતો. કારણ એ હતું કે—આલ્હની ઘોડાશાળામાં પાંચ ઉંચી જાતના કચ્છી વછેરા હતા, તેની ઘણીજ તારીફ વિસ્તરતાં તે વછેરા ચંદેલરાજા લઇલેવા ચાહતો હતો; પરંતુ આલ્હે તે વછેરા આપવાની ચોખી ના પાડી, જેથી રાજાએ કોપાયમાન થઇ તેમને દેશનિકાલની શિક્ષા કરી. આમ થવાને લીધે તે પોતાના કુટુંબ સહિત કનોજ જઇ રાઠોડ મુકુટમણિ મહારાજા જયચંદ્રને ત્યાં રહ્યો.

રાઠોડપતિયે તેને તેની સારી કદર બુઝી સારા સરદારના દરજ્જાની નોકરી સ્વાધીન કરી આપી, એથી તે સકુટુબ શાંતિ સહ કન્નોજમાં કાળ ક્રમણુ કરવા લાગ્યો.

આલ્હ ઉદલના ગયા પહેલાંજ ચંદેલ રાજાએ પોતાની પાયમાલીનું ખાતમહુર્ત કરી લીધેલુંજ હતું, તે એ કે સતી પદ્દ્માવતીને પરણી પાછા વળતાં તાતારખાં, શાહાબુદ્દીન, અને અનંગપાળની મહાન સેના સાથે પૃથિરાજ જંગ જમાવતા જીત મેળવી દિલ્લી જઇ પહોચ્યો હતો; પરંતુ તે લડાઇ દરમ્યાન પોતાના કેટલાક નામીચા લડવૈયા સરદારો ઘાયલ થવાથી બેફામને લીધે પાછળ રહી જતાં તે ભૂલા પડ્યા હતા. જેથી તેઓ ફરતા ફરતા ચંદેલ રાજાના શહેર બાહરના બગીચામાં ઉતારો લેવા ચાહતા હતા, પણુ વાતચીત થતાં એઓને પૃથિરાજના સરદારો જાણી બગીચામાં પેસવા દીધા નહીં, ન પેસવા દેવાનું કારણુ તો એજ હતું કે ચંદેલરાજ રાઠોડ મહારાજા જયચંદ્રનો ખંડિયો રાજા હતો અને ઘાયલ સરદારો જયચંદ્ર મહારાજાના કટ્ટા દુસ્મન પૃથિરાજના હતા; આમ હોવાથી રાઠોડપતિની કુનકને લીધે ચંદેલના બાગવાનોએ તેમ કર્યું હતું; તથાપિ તે અટકાયત કરવાનો મર્મ સમજી સૂરા સરદારોએ પોતાનું નહીં પણુ પોતાના મહારાજાનું તે કૃત્યથી અપમાન થયેલું માની બાગવાનોને ઠેર કર્યા. એથી બાગવાનની સ્ત્રીઓના પોકારને અને પોતાની અવજ્ઞાને લીધે ચંદેલે મોટું લશ્કર મોકલી તેમનો નાશ કરવા યત્ન આદર્યો, પણુ તેમાં પોતાના ત્રણુ હજાર અને ઘાયલ સરદારો પૈકી ત્રીશનો નાશ થયો, એના લીધે ચંદેલ વધારે ચીડવાઇ ઉદલને બોલાવી ઘાયલોનો નાશ કરવા મોટી ચડાઇ કરવા ઉતાવળો થયો. તે સમય ઉદલે કહ્યું હતું કે “ઘાયલોને તથા પોતાના શહેરમાં સ્થાનાશ્રય લેવા આવેલા અતિથિયોને આશ્રય આપવાને બદલે ઠાર મારવા એ નીતિનિયમથી વિરૂદ્ધ છે. તેમ વળી દિલ્લીશ્વર પૃથિરાજ આ અપમાનનો બદલો વાળવા ચંદેલપર ચડાઇ લાવ્યા વિના રહેશે નહિ; માટે કન્નોજના બળને લીધે નજીવા કારણુને અંગે મહાન નુકસાનીને આમંત્રણુ કરવું એ યોગ્ય નથી. અમો તો પછી આપના નિમકહલાલ નોકર છિયે જેથી લડાઇમાં ઉતરીશું; પરંતુ પછી આપનેજ પસ્તાવું પડશે.” આમ ઘણીક વાતો કહી હતી; પણુ તે કાચા કાનના રાજાએ આથી તેને બીરૂ અને

ચહુઆણુની શરમ રાખનાર માની ધાયલોને મારવાની જ આજ્ઞા કરી, એટલે ઉદલે તે ધાયલ સરદારો સાથે યુદ્ધ મચાવ્યું. તેમાં કનક ચહુઆણુ ઉદલના હાથથી નિર્જીવ થયો, ઉદલ મૂર્છિત થઈ પડયો. પણુ આખર તે બધા ધાયલોને મારતાં પોતાના એક હજાર લડવૈયા કામ આવી ગયા. જોકે ફતેહ તો મેળવી; તથાપિ ચંદેલરાજ અને ઉદલના વિચાર વચ્ચે મતભેદ પડતાં દિલ ઉંચા તો થયાંજ હતાં અને તેમાં વળી આડી અવળી વાતોને ધ્યાનમાં રાખી દેશનિકાલની સજા ફરમાવી જેથી તદ્દન રીતે નારાજ થઈ તેઓ કન્નોજ જઈ રહ્યા હતા.

પૃથિરાજને જ્યારે પોતાના સરદારોનો ચંદેલ સેનાએ વિના કારણે જીવ લીધો એવું જાણુમાં આવ્યું ત્યારે તેનો પૂર્ણ બદલો આપવા ચંદેલ ઉપર દિલ્લીશ્વરે જબરી ચડાઈ કરી. એ જાણી ચંદેલરાજને પસ્તાવાની શરૂવાત થઈ, એટલે પોતાના સરદાર મંડળની સલાહ લીધી, તો તે બાયલા સરદાર મંડળે સ્હામે યુદ્ધ ન કરતાં કિલ્લામાં ભરાઈ પેસી પોતાનું રક્ષણુ કરવાની, તેમજ આલ્હ ઉદલને પાછા બોલાવી લેવાની અને જયચંદ્રરાજની મદદ માંગવાની સલાહ આપી. એ જોઈ ચંદેલપુત્ર બ્રહ્માજીત કે જે યુદ્ધ કરવામાં વિશેષ પ્રવીણુ નહોતો, પણુ તેના બાપ જેવો બાયલો નહોતો, તેથી તેને તે સલાહ નાપસંદ પડી. " કજિયો આદર્યો છે તો સ્હામી છાતીએ લડી જયશ્રી વરવી એજ યોગ્ય છે. શું ચડી આવનાર લસ્કરને બે હાથ છે ને આપણે બે હાથ નથી ?! શું તેઓ વીરત્વવંત છે અને આપણામાં તે વીરત્વ કુદરતે બક્ષ્યું નથી ?! શું તેઓ જેમ શસ્ત્ર અસ્ત્રનો સારો ઉપયોગ કરવાજ સરજાયલા છે તેમ આપણે સરજાયલા નથી ?! શું તેઓ મર્દ છે અને આપણે બાદાઓ છિયે ?! શું તેઓજ જીત મેળવશે એવું કંઈ તેમને કુદરતે હસ્તાક્ષર કરી આપેલ છે ?! શું તેઓ નુકસાન કરશે અને આપણે તેઓને નુકસાની આપ્યા વિના જવા દઈશું ?! તેઓ પચાસને મારશે તો આપણે પચીશને પણુ કેમ નહીં મારી શકીએ. ?! શું પ્રથમ ઉદલે નહોતા ચેતાવ્યા કે ધાયલોને મારવાથી લાંબું પરડ જાગતાં પસ્તાવું પડશે ?! પ્રથમ આલ્હ ઉદલને કહડાવતાં શું ન હોતું સૂઝ્યું કે ફરી તેઓની પળસી કરી બોલાવતાં નીચું જોવા જેવા બનાવ બનશે ?! જ્યારે પ્રાણુ વ્હાલા કરવા હતા ત્યારે પ્રથમથીજ આવી દશા

આવવાનું પગરણ નહોતું માંડવું અને જો માંડયું છે તો હવે પ્રાણોની આહુતી અપાય ત્યાં સુધી સ્હામા થઇ લડવાનો નિશ્ચય રાખો. તેઓ પણ વીરરજપૂતાણિયોના જાયા છે અને આપણે પણ તેવીજ ક્ષત્રીયાણીઓના જાયા છિયે, કંઇ ગોલી જાણ્યા નથી. તરવાર તેમના બાપની છે તેવીજ આપણા બાપની છે; કેમકે મારે તેની તરવાર છે! માટે કુતરાને મ્હોતે મરવા કરતાં સ્હામી છાતીએ સિંહની પેઠે લઢી રણમાં રકતપૂર્ણ થઇ મરવું એ લાખ ગણે દરજ્જે ઉત્તમ છે. બ્હીવાથી મ્હોત આપણને જીવતા છોડનાર નથી! કોઇ અમર પટો લાવ્યું નથી, તમામ પ્રાણી કાળના કોળિયા હોવાથી એક દિવસ ગમે તે આધિ વ્યાધિ ઉપાધિથી તેમને મરણને શરણ તો થવુંજ છે અને આ ફાની દુનિયા સરાયમાંથી મુસાફરી લંબાવવી જ છે. તોપછી રણતીર્થમાં સ્તુત્ય મરણને વરી અપ્સરાઓની આશા પૂર્ણ કરી શા માટે આનંદ ન મેળવવો જોઇયે! રજપૂતોનું રણાંગણમાં મરણ થવું એ મહોત્સવરૂપ માનું છું. જેનાં અહોભાગ્ય હોય તેજ અરિદળમાં ખરી ક્ષત્રીવટ દર્શાવી આત્માને અમરનામી બનાવા તત્પર રહે. રાણીજાયાને રણરંગમાં રંગિત રહેવું એજ પ્રશંસનીય છે." ઇત્યાદિ ઇત્યાદિ બ્રહ્માજીતનાં વીરાવેશ પૂર્ણ વચનો સાંભળતાંજ વીર સરદારો દેહગેહનું ભાન ભૂલી રણોત્સાહી થતાં વીરવેગથી ધ્રુજતા અંગવાળા–લાલ નેત્રવાળા–અવળાં રૂવાટાંવાળા–વીરમૂર્તિવાળા અને મ્યાનથી બહાર નિકળેલી તરવારવાળા જણાયા. એથી ચંદેલરાજા બહુચરી દેવીના પાવૈયા સરખો છતાં પણ સર્વાનુમતે લડાઈ લેવી ઠરી એટલે પરવાનગી આપવા સહમત થયો. મલખાન–અરિસિંહ વૈરિસિંહ–નરસિંહ અને જયસિંહ એ પાંચ સરદારોની સરદારી હેઠળ એક હજાર બાયાતો અને આઠ હજાર માણસોનું સૈન્ય સજ્જ કરી તેણે દિલ્લીશ્વર સ્હામે મોકલ્યું અને સિરસવા અગાડી બેઉ લશ્કરનો ભેટો થયો એથી જંગ જામ્યો.

કૈમાસની સ્હામે મલખાન, ચંડપુંડીર સ્હામે નરસિંહ, ચામુંડરાય સ્હાયે જયસિંહ અને બાકીના લશ્કર સ્હામે અરિસિંહ તથા વૈરીસિંહ બીડયા. કેટલીક વખત યુદ્ધ ચાલતાં અવતારી કૈમાશ, ચંડપુંડીર અને ચામુંડરાયના હાથે તે ત્રણેનો નાશ થયો, તેમજ વૈરીસિંહ પણ તેમની સાથની લડાઇમાં અપ્સરાઓની વરમાળાને વર્યો, એથી અરિસિંહ એકલો પડતાં ના હિમ્મતવાન થયો; તથાપિ રણ ત્યાગી જીવતા

રહેવું તેણે નાપસંદ કર્યું. અંતે તે મહાવીરોની સાથે લડતાં તે પણ કામે આવી ગયો, તેના લીધે ચંદેલની સેનાનો ઘાણ વળી ગયો. માત્ર સમાચાર આપવા જેટલુંજ લસ્કર બચ્યું હતું તેણે ચંદેલરાજને સ્નાનના સમાચાર આપી કરેલા અવિચારી કૃત્યનું ભાન કરાવ્યું.

તે પછી હવે શું કરવું? એ સંબંધી મસલત ચલાવા પટરાણી માલ્હનદેવી, કલ્યાણદાસ કાયસ્થ, જગનક દશોંદી અને કેશવરામ રાજપુરોહિત એ ચાર એકત્ર થયાં અને વિચાર ગોઠવી રાજાને બોલાવી રાણીએ કરેલો વિચાર જાહેરમાં મૂક્યો કે– "આપણે જે પાંચ વીર સામંતોના બળ ઉપર મુસ્તાક હતાં તેઓ તો સ્વર્ગ ભુવના સામંતો થયા છે. હવે તો માત્ર ચંદેલના બચાવ માટે કન્નોજથી આલ્હ ઉદલને પાછા બોલાવવામાં આવે અને જયચંદ્ર રાજને મદદ માટે વિનતી પત્ર મોકલવામાં આવે તોજ લાજ રહે તેમ છે. બાકીની આશા તો વ્યર્થ છે. માટે અમારી સમ્મતી પ્રમાણે હાલ તુરત પૃથિરાજ પાસેથી યુદ્ધ બંધ રહેવા બે માસની મહેતલ લેવી. તે મોટા મનના મહારાજા મહેતલ આપશેજ. તે દરમ્યાન આલ્હ, ઉદલ અને રાઠોડપતિ તરફથી મદદ મેળવી લેવી જેથી બાજી બની રહેશે." વગેરે વગેરે કહ્યું.

રાજાએ તે વિચારને માન આપી દશોંદી મારફત અમૂલ્ય ભેટો મોકલી પૃથિરાજ પાસેથી બે માસ લગી ચાતુર્માસનો સબબ બતાવી યુદ્ધ બંધ રાખવાની મહેતલ માગી લેવરાવી, અને તે પછી દશોંદીને વિનતીપત્ર સહિત કન્નોજ મોકલી શામદામ સહિત કનોજપતિ અને આલ્હ ઉદલને પ્રસન્ન કરવાનો માર્ગ હાથ ધર્યો.

જો કે પ્રથમ તો તે બેઉ ભાઇઓએ ચંદેલને બચાવ કરવાની ચોખી ના કહી, પણ પછીથી તેઓની માતાના તથા સ્ત્રીના વચનપ્રહાર વડે સ્વામિધર્મની જાગ્રતી થતાં હા પાડી અને ચંદેલ આવી પુનઃ તેઓ ચંદેલના સન્માનિત સરદાર થયા.

તે પછી પૃથિરાજને જંગ જમાવવાની માગણી દર્શાવી રણરંગને વિશેષ દીપાવા ચંદેલરાજ તત્પર થયો. આલ્હ ઉદલ તો એજ નિશ્ચય કરી કટિબદ્ધ થયા હતા કે શત્રુઓને મારવા કે વિપક્ષિની તરવાર ધારાથી કપાઈ મરવું, એથી દિવસ મુકરર થતાં પોતાની પ્રાણેશ્વરી સુલક્ષણાદેવીની સમ્મતી મેળવી યુદ્ધોત્સવમાં જવા તૈયાર થયા. સતી

સુલક્ષણાએ મંગળ વચન કહી પોતાનામાં જીવ ન રાખવાની ભલામણ કરી હતી કે,–" પ્રાણેશ્વર ! આપ કશામાં મમતા ન રાખતાં માત્ર ચંદેલરાજના નિમકથી પોષાયલા શરીર વડે ચંદેલની લાજ રહે તે તે સંબંધીજ મમતા રાખજો, અને આર્ય રજપૂતોને રણમાં શોભી આપની જન્મદાત્રી દેવળદેવીજીની કુખને ઘણા રંગ અપાવજો. કદાચિત વિજય રંગથી મોહિત થયેલી અપ્સરાઓ આપના સુકંઠમાં વરમાળા આરોપી વરવા ચાહશે તો આપ અવશ્ય ખાતરી રાખજો કે તે પહેલાં તો હું આપની સેવામાં સન્મુખ રહીશ. નાથ ! જે સ્ત્રી પતિનો અનિવાર્ય વિયોગ થતાં પુત્રાદિકમાં લલચાઇ સતી થવામાં ઢીલ કરે, તે સ્ત્રી હરામખોર અને ગોલી ગણાય છે, તથા અંતે અવગતિયણ થઇ ભવફેરામાં ભટકતીજ ફરે છે; માટે હું તેવીની ગણનામાં કદી ગણાઈશ નહીં. હું તો પ્રાણનાથના પ્રાણનોજ સંગાથ રાખી ચરણ સેવામાં હાજર રહીશ. ઇત્યાદિ વાત્સલ્યતા પૂર્ણ વચન સાંભળી આલ્હે અતિ પ્રેમપૂર્વક સુશબ્દાદિથી સંતોષ આપી રણમત્ત થઇ ઉદલ સહિત રણતૂરના નાદ યુક્ત રણાંગણ તરફ પ્રયાણ કર્યું.

પરમાલ રાજાએ મોખરે સ્થાન લેવું ધાર્યું હતું; પણ પૃથિરાજના મુખ્ય સેનાપતિ નરવ્યાઘ્ર કાકા કન્હને સેનાના અગ્રમોરચા અગાડી યુદ્ધ ભેટવા તત્પર રહેલો દીઠો કે ચંદેલરાજના હાજાં ગગડી ગયા. હિંમત હદપાર જતી રહી, હોશકોશ ઉડી ગયા, લડાયક જુસ્સો લથડી પડ્યો, સાહસ સંતાઇ પેઠું અને કન્હને યમરૂપજ જોઇ તે પીઠ બતાવી લડ્યા પહેલાંજ પોબારા ગણી જવાની તૈયારી કરી કહેવા લાગ્યો–" અર્દ્ધરાજ્ય કિંવા અર્દ્ધ ખજાનો માંગશે તો સંધિના બદલામાં આપી ચહુઆણ–રાજનું મન મનવીશ, પણ હું કાળ સમ કન્હના સ્હામી ફાળ ભરવા બિલકુલ ખુશી નથી " વગેરે વગેરે હિચકારા–નપુંસક જેવાં વચન સાંભળી બ્હાજીતના આલ્હ વગેરે વીરમણિયોએ ઘણી ઘણી ક્ષત્રીવટની હિતશિક્ષાઓ કહી પાણી ચડાવા માંડ્યું, પરંતુ પાવઇના સમાન હોવાથી તેને જરા પણ પાણી ચડયુંજ નહીં, એથી તેઓએ તેને નાશી જવામાં કશી પણ અડચણ કરી નહીં, આલ્હે તો યુદ્ધ રંગ મચાવવાની આજ્ઞા આપી. બન્ને પક્ષની સેના ભેટી તરવાર ભાલા બાણ વગેરેનો વરષાદ વરસાવા લાગી. અને ઘણાજ ઉત્સાહ–વીરત્વ તથા જુસ્સાથી યુદ્ધકુશળતા અમલમાં મૂકી પોત

પોતાના મહારાજાને યશ અપાવવા યત્ન આદરી પ્રાણાહુતી આપવા લાગી. જોકે બેઉ સેનામાં મહાન વીરો હતા; તથાપિ ચહુઆણની સેનામાં વીણી કહાડેલા વીરશેખર વિશેષ ઝળકતા હતા જેથી સ્હામા પક્ષનો પરાજય કરવામાં વધારે આગળ વધી રહ્યા હતા, અને એથીજ ચહુઆણુ રાજની સેનાએ કનોજના લશ્કરનો ઘાણ કહાડી નાખ્યો અને તે પછી ચંદેલના લશ્કરનું પણ રોળ વાળી દીધું. એના લીધે આખર બ્રહ્માજીત ઉદલ અને આલ્હને દારૂણયુદ્ધ પ્રસંગને હાથ ધરવો પડ્યો. દેવતાઓ પણ તેમના યશનાં ગાન કરવા મસ્ત બને તેવી વીરતા બતાવી નામીચા સરદારો લડવઇયાઓને લઇ એક પછી એક કામ આવતા ગયા. ઘણા અગાડી થોડાઓનું શું ચાલે ! ચહુઆણની ચડતી હતી, તેમ ચહુઆણ રહામે બીજાઓની લડાઇ ન્યાય વિહિત હતી એથી અંતે ચહુઆણનો વિજય થયો. અને કવિ ચંદે સ્હામા પક્ષનો છતાં પણ આલ્હ અને ઉદલની વીરતાનાં ઘણાંજ સરસ વખાણ કર્યાં.

જ્યારે સતી સુલક્ષણાદેવીને પોતાના પ્રાણનાથ આલ્હના પ્રાણની સમરયજ્ઞમાં આહુતી આપેલી જાણવામાં આવી ત્યારે તે તુરત સતી થવાનો સાજ સજી, ચહુઆણ સેનામાંથી પોતાના વીર કેસરી પતિનું શબ પ્રાપ્ત કરી અંતર યોગાગ્નિદ્વારા ચ્હેમાં પ્રવેશી નાશવંત આત્માને અમર નામના સાથે ભેટાડી સ્વર્ગમાં બિરાજેલા સ્વામિની સહગામિની થઈ પોતાનું ખરૂં સતીત્વ જાહેરમાં લાવી. અનહદ ભાગ્યશાલિની થઇ.

વાચકો ! ધન્યાતિધન્ય છે એવી સત્યવીર સતીઓને કે જેણે ઉભયકુળ ઉદ્ધરી શાશ્વત સુયશને પ્રાપ્ત કરી કવિકોવિદગણની જીભ્હાને, વાચકોનાં નેત્રોને અને શીળપ્રેમી માનવોના હૃદયને પાવનતા બક્ષી રહેલ છે.

ધર્મવીર સતી સોનબાઇ.

વિક્રમના ચૌદમા સેંકડામાં બેટ શંખોદ્ધારની અંદર રાજા **દુદનસી** વાઢેલના રાજ્યમહેલમાં સતી **સોનબાઇનો** જન્મ થયો હતો અને તેણીનાં લગ્ન **થાનકંદોલના** ઠાકોર મિયાત બાબરીઆના કુંવર **રખાયત** સાથે થયાં હતાં. પરંતુ તેણીની શીળ સંબંધી કસોટી આ પ્રમાણે થઇ હતી કે—

જ્યારે સતી સોનબાઇનો જન્મ થયો હતો તે વખતેજ તેણીને બે દાંત ઉગેલા હતા એથી વ્હેમના વશ થઇ દુદનસી રાજાએ જોશીને પૂછ્યું, એટલે જોશીએ તેને વધારે વ્હેમને વશ કર્યો કે "જો આ કુંવરી ત્રણ દિવસ આ શહેરમાં રહે તો આ શહેરનો અને વાઢેલ વંશનો નાશ થાય" આના લીધે તે દુદનસીને બીજું કશું સંતાન ન હોવા છતાં પણ તે આંખની પૂતળી જેવી એકની એક દીકરીને પોતાના બચાવની ખાતર એક પેટીની અંદર (હવા જાય પણ પાણી પ્રવેશી ન શકે તેવી પેટીની અંદર) રાખી દરિયાની ખાડીમાં તે પેટીને વ્હેતી છોડી દીધી.

પેટી ઘસડાતી ઘસડાતી મીઆણી બંદરે જઇ પહોંચી અને તેનીપર સોનના આવરદા બળને સંયોગે ત્યાં પ્રભાત ચાવડાની પ્રજાપૈકીના એક કંસારાની નજર પડી. જેથી તે કંસારે તે પેટીને બહાર કઢાવી અને ઉઘાડી જોયું તો તેમાં તેને એક અત્યંત ખૂબસુરત કન્યા રમતી નજરે પડી. તે કંસારાને કંઇ સંતાન ન હોવાથી તેણીને તેણે ઘણા પ્યાર સાથે પાળી પોષી ઉછેરી મોટી કરી, અને તેણીનાં લાડકોડ સગા બાપથી પણ વિશેષ પૂર્ણ કર્યાં. જોકે સોનબાઇ કંસારાની દીકરી કહેવાઇ અને કંસારાને ત્યાં ઉછરી; તોપણ તે રાજબીજની પેદાશ હોવાથી તેણીના શરીરમાં અનૂપમ સૌંદર્યતા—તેજસ્વીપણું બુદ્ધિબળ—શૌર્યતા—ધૈર્યતામાં દૃઢવિચારબળ અને ચાતુર્યતાની ઝલક કંઇ ઓરજ પ્રકારની ઝલકી રહી હતી.

રૂપ અને ગુણથી પરિપૂર્ણ સતી સોનકુંવરીને નિહાળી ત્યાંના રાજા પ્રતાપ ચાવડાએ તેણીની સાથે પાણીગ્રહણ કરવા ઉત્કટ ઇચ્છા દર્શાવી; પરંતુ કંસારાની તેથી વિરુદ્ધ વિચારણા હોવાથી રાતોરાત નગદ માલ લેવાય તેટલો લઇ ત્યાંથી અંદ્રવાસી થઇ ધુમલીમાં જઇ રહ્યો

ધમલીમાં તે સમય ભાણુજી જેઠવો રાજ્ય કરતો હતો. તે જેઠવાની નજરે સોનબાઇની મનહર મૂર્તિ રજુ થતાં તે પણ તેણીને પોતાની કરવા ચાહતો હતો; પરંતુ વચમાં વિઘ્ન એ આવ્યું કે પોતાના સાળાનો કુંવર પોતાની ફોઇને (એટલે કે ભાણુજી જેઠવાની રાણીને) મળવા આવ્યો હતો, તેને તેની ફોઇએ સોનની સાથે પરણવાની ઇચ્છા જાગ્રત કરી, જેથી તે કંસારાને પોતાનો વિચાર દર્શાવ્યો. કંસારાને સોનના હદ્દાનહદ રૂપના પ્રસંગથી રાજવંશીઓજ તેનું માગું કરતા હોવાથી ઘણો કલેશ થવા લાગ્યો. ઘરમાંથી વનમાં જતાં પણ લાય લાગેલી નજરે પડી એથી ક્યાં ક્યાં વારંવાર નાસતા ભાગતા ફરવું. વગેરે વગેરે કંટાળો આવતાં તેણે સોનની અગાડી તે કહી બતાવ્યું. સોને પણ તે રખાયતની બહાદુરી ભરી વાતોથી વાકેફ થતાં તેની સાથેજ લગ્ન કરવાનો નિશ્ચય કીધો હતો, એથી ભાવતું હતું ને વૈદે કહ્યું, ત્યાં પછી વાંધોજ શો નડે? સોને કહ્યું–"પિતાજી! વારંવાર નાસ ભાગ કરવાથી અપાર હેરાન થવું પડે છે. મારૂં ભાગ્ય રાજ્યવંસી સાથે મને જોડાવા માગતું હોય તેમ જણાય છે, તો તે કુંવરજી સાથે મને પરણાવી દો કે જેથી પંચાતનો પાર આવી જાય." કંસારે પણ તેજ ગોઠવણ પસંદ કરી પંચાતનો અંત આણવો ધાર્યો, અને રખાયત કુંવર સાથે સોનને પરણાવી ઉપાધીથી મુક્ત થયો. આમ થવાની ભાણુજી જેઠવો પોતાની મુરાદ પાર પાડવામાં પછાત પડયો.–જોકે આમ થવાને લીધે પ્રજ્વલિત થયેલો અનંગાગ્નિ છેક બુઝી તો ગયો ન હતો તથાપિ ભાર્યા દેવતા સરખો અંતરમાં જ્વલિત રહ્યો હતો અને તે સમય સ્વાધીન થાય તો પાછો તેવા ને તેવા રૂપમાં જ્વલંત કરવાની તક ખોળતો હતો. કુદરતની કરામતથી ખોળતા તકનો લાભ મેળવવા જતાં એ બનાવ બન્યો કે,–

રખાયત કુંવર સોનબાઇની સાથે પરણીને જેવો પોતાના નિવાસ સ્થળમાં જવા ધારતો હતો તેવાજ તેને સમાચાર મળ્યા કે–આજે "ધુમલીમાં ઢોર દુસ્મનો વાળી જાય છે" એ સાંભળતાંજ બહાદુર વીર રખાયત કુંવર તે ઢોરોને દુસ્મનના હાથથી છોડાવી પાછાં વાળી લાવવા તઇયાર થયો; પરંતુ સોનબાઇની જમણી આંખ ફરકતાં તેણીએ તે વિચાર માંડી વળાવા પતિને વિનીત વચન કહ્યાં–કે–" હજુ મીંઢળ હાથથી ગોત્રદેવી અગાડી છોડયું નથી, હજુ પીઠીનો રંગ જેવોને તેવો અંગમાં રંગત દર્શાવી રહ્યો છે, પરણી ઉઠયો ને

ાંચ ઘડી પણ થઇ નથી. આપ અહિંયાના રાજકુમાર નથી. આપ ઢોર પાછા વાળવા ન પધારો તો આપને કંઇ લાંછન લાગે કે ઓળંભો મળે તેમ નથી, અને આપને કોઇએ કંઇ એ કામ કરવાની ફરજ પાડી નથી, તો પછી આપને તે કામ માથે ઉચકી લેવાની શી જરૂર છે ?"

રખાયતે કહ્યું–"મારી હાજરી છતાં ફુવા પડે તે કામ માટે જાય તો તે કામ અયોગ્ય ગણાય તેથી તેમ કરવાની જરૂરજ છે. પરદેશમાં ગયા છતાં પણ પોતાનું પાણી છુપાવી દેવું એ ઠીક ગણાતું નથી. હું હમણાંજ દુશ્મનોનો ઘાટ વાળી પાછો આવું છું. ફિકર ના કરો !"

સોનબાઈ બોલી–"પ્રાણનાથ ! આપની મરજી એવી છે તો તે માટે વધારે કહી શકતી નથી; પરંતુ મારૂં જમણું નેત્ર મને શુભ શુકન સૂચવતું નથી, જેથી આપ રંક દાસીની અરજ અંગીકાર કરી વિના કારણની ફરજ અદા કરવાની ગરજ ન રાખો તો અતિ આનંદ થાય. પછી તો આપ અરધાઅંગની મરજી વિરૂદ્ધ વર્તન ચલાવો તો તેમાં કંઇ વધારે કહેવા જેવું રહેતું નથી."

રખાયતે કહ્યું–"વ્હાલી ! પ્રિય પ્રાણથી પણ વ્હાલી પ્રિયા ! હું તમારા વિચારથી વિરૂદ્ધ વર્તન ચલાવવા ચાહતોજ નથી; પરંતુ આ ક્ષત્રીધર્મ બજાવતાં ક્ષત્રીઆણીએ આડું આવવું તે જરા અયોગ્ય જણાય છે માટે ક્ષત્રીધર્મને દીપાવા માટે પણ સહમત થવાની જરૂર છે."

સોનબાઇએ કહ્યું–"નાથ! ક્ષત્રીધર્મ દીપાવા હું સહમત છું, પણ સમય સહમત હોય તેમ જણાતું નથી; છતાં આપની તેવીજ ઇચ્છા હોય તો ઉભયલોક વિજયકારી યશસંપાદન કરવા ભલે પધારો. જ્યાં ભાવીજ આપને તે ભાવનામય બનાવી રહેલ છે ત્યાં ભામિની શું આડે આવે તેમ છે ? ફુવાજીનાં ફાંફાં મારવાં ફોકટ ન જતાં આવા કારણોથી વખતે ફાવી જવા જેવો વખત હાથ ન આવી જાય એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. રાજ્ય પ્રપંચોનો રંગ કંઇ વિચિત્રજ હોય છે. એ બધું ધ્યાનમાં રાખી તુરતજ પાછા વળજો અને આ નવલવધૂને મળજો !"

"કંઇ ફિકર નહીં !" એટલુંજ બોલી પ્રિયાની મરજી ન છતાં પણ ભાવીની મરજીથી ભામિનીના મનનું જેમ તેમ સમાધાન કરી રખાયતે

ઘોડેસ્વાર થઇ દુશ્મનોની પુંઠ પકડી અને તાતી તરવારના ત્રાસથી શત્રુગણને ત્રાસવંત બનાવી ઢોરો પાછાં વાળી ઘુમલી બણીનો માર્ગ લીધો, પરંતુ બાણુગઢની નજીક આવી પહોંચતાં તેણે પાછું વળીને જોયું તો શત્રુપક્ષના ત્રણ અશ્વારોહીઓ પુંઠ પકડતા નજરે પડયા. એથી રખાયતે ઘોડાને પવનવેગી બનાવી તેના દાવમાંથી છુટી જવા યુક્તિ આદરી; પણ ભાવીની યુક્તિ આગળ તેની યુક્તી જરાપણ ચાલી શકી નહી. ઉતાવળમાં પવનવેગી ઘોડાને દોડાવતાં દોડાવતાં એક ગીચ વૃક્ષની ઘટામાં ઘોડો ઘુસી જતાં પોતાનું માથું તે ગીચ ઘટામાં બરાઇ રહેતાં પોતે લટકી રહ્યો ને ઘોડો આગળ નિકળી ગયો. પોતે નીકળી ઘોડાને પાછો હાથ કરવાની યુક્તિ હાથ કરવા દરમ્યાન દુશ્મનો આવી પહોંચ્યા, જેથી રખાયતનો ભાલા વડે પ્રાણ લીધો. બાજી પરવારી ગઇ! રંગમાં ભંગ થયો!! અને મનની હોંશ મનમાંની મનમાં રહી પરલોકનો પંથ પરાણે પકડવો પડયો!!! "दैवा विचित्रागतिः।"

સતી સોનબાઇ શોચવશ થઇ પ્યારાની રાહ જોતી બેઠી હતી. એટલામાં તો શોકનાજ સમાચાર મળ્યા, જેથી મીંઢળ બાંધેલા હાથેજ સતી પતિનો સ્તુત્ય સમાગમ પ્રાપ્ત કરવા પતિના શબ સહિત ચિતામાં પ્રવેશવા તત્પર થઇ; પરંતુ બાણજી જેઠવાને અણધારેલી વિચારસામ્રાજ્યની ફતેહ હાથ લાગવાથી તેણે તરત સોનબાઇને સતી થતાં અટકાવી, અને પોતાની સાથે પુનઃ લગ્ન કરવા માટે આજીજી કરી. એથી તેણીએ પોતાના શીળસંરક્ષણ માટે બ્રાહ્મણોનો આશ્રય લીધો; તથાપિ બાણજી જેઠવાએ પોતાની જિદ્દ છોડી નહી. બ્રાહ્મણો પાસેથી સોનબાઇને માંગી લેવા પ્રથમ તો વિનીત વચન કહ્યાં; પણ જ્યારે બ્રાહ્મણોએ શરણાંતને પોતાના કબ્જામાંથી દૂર ન જવાની ઇચ્છા જણાવી. ત્યારે રાજા અને મહારાજ વચ્ચે રંગ જામ્યો, હજારો બ્રાહ્મણો મરાયા અને બ્રહ્મહત્યાના રૂધિરની નદી વહી; તોપણ સોનને પાછી સોંપી નહીં. સતી સોન તો પોતાના પતિના શબ સહિત ચિતામાં પેઠી અને બળી મરતાં પહેલાં તેણી સતીએ શાપ આપ્યો કે-"ઘુમલીનો નાશ થજો અને ફરી વસવાનો વખત આવશોજ નહીં" આમ થવાથી બ્રહ્મહત્યાઓ વ્હોરી, શાપ અંગીકાર કર્યો અને સોન હાથ ન આવી.

કંસારા અને બ્રાહ્મણોએ સતી સોનના શુભ કૃત્યની સતત

યાદી રહેવા શહેર બહાર એક મંદિર ચણાવ્યું હતું તે હજુ લગણ સોન ડુંગરીના નામથી ઓળખાય આપી સતીના સ્તુત્ય કર્મની યાદી કરાવી રહેલ છે.

સંવત ૧૩૬૯માં જામ બામણીઓજીએ પિતાનું વેર લેવા ધુમલીનો નાશ કર્યો. એથી ભાણજીને જીવ લેઇ નાસવું પડ્યું અને રાણપુરમાં કરેલી નવી રાજધાનીની અંદર તે મરણને શરણ થઇ ધર્મરાજ હજૂર પાપની માફી માગવા લાગ્યો. વાંચનાર! વાવે તેવું લણે, કરે તેવું ભરે અને ઠારે તેવું ઠરે એમાં જરા શક નથી. કહ્યું છે કે—

“ નેકી જો કરતા હૈ બદલા નેકીકા મિલ જાએગા,
બદી કરતા હૈ તો બદલા બદીકા વોહ પાએગા.
બુરે કામોંસે કહો ક્યું કરકે અચ્છા ફલ મિલે ?।
બોતા હૈ બાબુલ બાજ તો ફિર આમ કહાંસે ખાએગા ?।
જીના ચહે કોઇ ઝહર ખાકર સાંપ મુંહમેં હાથ દે,
બેશક બચેગા વોહ નહી વિષગ્રસિત હો મરજાએગા,
મદમસ્ત હોકે ચામચોરી કરે પર આખિર અરે।
દિલદર્દી હો ચોગિર્દ વોહ મહાશોક દુઃખ ઉડાએગા. ૨
જર જમિન ઇજ્જત જિંદગીકોં જહાં પહુંચત હૈ યહાં,
પરલોકમેં દુખ દુર્ગતિકા માનપાન મિલાએગા.
માન લે યદિ ધ્યાન દેકર શીખ તો હોગા ભલા,
નહિ માનેગા તો ખાસુખાં ખલ બહુતહી પિછતાએગા. ૩
નહિ રાજ્ય પોપાંબાઇકા વહાં અદલ ઇન્સાફી ઉસે,–
હોગી સજા જબ સખ્ત તબ ફિર ફંદબીચ ફસાએગા.
કહતાહૈ પૂરનચંદ્ર યોં ચળ નેકીહુકી રાહપર,
હોગી ફતહ હાંસિલ સદા યશગાન સુરપતિ ગાએગા। ૪

શૌર્યવીર શ્રીમતિ સતી રત્નદેવી.

સતી રત્નદેવીનો જન્મ વિક્રમની ચૌદમી સદીમાં મેવાડ પ્રદેશ-માંના કેલવાડા સમીપના ગામડામાં થયો હતો. તેણીના પિતાનું નામ વીરસિંહ ચહુવાણ અને માતાનું નામ વિમળદેવી હતું. એમ એક ભાટની દંતકથા ઉપરથી જાણવામાં આવ્યું છે. તથાપિ 'તવારિખે મેવાડ' એ પુસ્તકમાં ખરાં નામોની ખાત્રી જુદાજ પ્રકારે જાણવાનું મળી શકે તેમ હોવા છતાં પણ તે પુસ્તકના અભાવે તે ઇચ્છા આશાના આલંબનનેજ સ્વાધીન રહેવા પામી છે. તેણીનાં લગ્ન ઉરસિંહ કે જે (મહારાણા અજેસિંગના ભાઇ હતા તેમની) સાથે થયાં હતાં. તે સંબંધની બિના એવી છે કે.–

એક વખત રાજકુમાર ઉરસિંહ કેલવાડાના કિલ્લાથી નીચે ઉતરી ઘાતકી પ્રાણિયોનો શિકાર કરવા પાહાડી પ્રદેશમાં ગયો હતો. ત્યાં શુઅરનો શિકાર કરવા જતાં તે સુઅર પોતાનો પ્રાણ બચાવા એક મકાઇના વાવેતરવાળા ખેતરમાં ભરાઇ પેઠું. આ મકાઇવાળું. ખેતર ગરીબ ચહુઆણ વીરસિંહનું હતું અને તે ખેતર ટોવાનું કામ ચહુઆણકન્યા રત્નદેવી કરતી હતી, ઉરસિંહે પુષ્કળ પ્રયત્ન કર્યાં છતાં તે ખેતરમાંથી તે શુઅરને બહાર કહાડી શકયો નહીં, એથી રત્નદેવીએ પોતાના વાવેતરનું રક્ષણ કરવા અને શિકારીની ધારણા સફળ થવા બે ચાર મકાઇના છોડ ખીંચી લઇ તેનાથી તે ભરાઇ પેઠેલા શૂઅરપર ચાર પાંચ સપાટા એવા તો જોરથી માર્યા કે તે શૂઅર ઘભરાઇ બહાર નીકળી ગયું, એથી કુંવર ઉરસિંહની મુરાદ પૂરી થઇ. એટલુંજ નહિ પણ તેણીના વીરતા પૂર્ણ પરાક્રમથી તે અતિ દિગ થઇ ગયો. ત્યાંથી થોડેક આગળ ચાલી પોતાના સોબતી શિકારીઓ સહિત તેણે એક નાળાને તીરે વિશ્રામ કરી શિકારથી પ્રાપ્ત થયેલા માંસભોજનનો આસ્વાદ લેવા વિચાર્યું, રસવતી તૈયાર કરવા માંડી, ઘોડાઓ ઘાસ ચરતા હતા અને તેઓ તેણી (બાઈ રત્નદેવી) નાંજ વખાણ કરી તાજુબીને શરણ થતા હતા. દરમ્યાન એક ગોફણમાંથી છૂટેલો માટીનો ગોળો ચરતા ઘોડાને આવી લાગતાં ઘોડો ઘાયલ થઇ પડયો, એથી તે ગોળો કયાંથી આવ્યો અને કોણે ચલાવ્યો તેની તપાસ ચલાવી. તો તે ગોળો પણ ખેતર ટોતી વીરબાઇ રત્નદેવીનીજ ગોફણમાંથી

છુટેલો જણાયો. આથી ઉરસિંહ તેણીના પરાક્રમ સંબંધે ઘણીજ તારીફ કરી અજાણનાં થયેલી કસૂરને માફ કરી કેલવાડાના કિલ્લામાં ચાલ્યો ગયો.

ફરી એક વાર ઉરસિંહ પોતાના સોબતિયો સહિત ઘોડાપર બેસી હવા ખાવા ગયો હતો, તે વખતે બાઇ રત્નદેવી માથે દુધનું ભર્યું માટલું મૂકી બેઉ હાથમાં બે પાડાં ઉચકી સ્હામેથી ચાલી આવતી જોવામાં આવી. ઉરસિંહના સોબતીઆઓએ તેણી બાઇનું દૂધનું માટલું પાડી નંખાવા એવું ટીખળ કર્યું કે—એક જણે પૂરપાટ દોડતા ઘોડાને બાઇની સ્હામે ચલાવ્યો અને બીજાઓ આસપાસ વિંટલાઇ વળ્યા. છતાં પણ તે બાઇ જરા પણ ધભરાણી નહીં. તેણીએ તો તે ટીખળીઓને પૂરા ધભરામણમાં નાખવા એ યુક્તિ ઉપયોગમાં લીધી કે જેવો દોડતો ઘોડો નજીક આવી પહોંચ્યો તેવુંજ તે ઘોડાની ફેંચ ઉપર એક હાથ પાડું ઉચકીને ઝાપટયું કે તે ઘોડો ને સ્વાર બેઉ ધૂળ ફાકતા ભૂંડે હાલે ભુંઇ પડયા. હસવામાં ખસવું થઇ પડયું. બીજાની મશ્કરી કરવા જતાં પોતાની પૂરેપૂરી મશ્કરી થઇ પડી અને ત્યાંથી ઉઠી પરાણે પરાણે પગે ચાલી તેઓને ઘર ભેગું થવું પડયું.

આવા અસીમ પરાક્રમપર ફિદા થઇ કુંવરે તેણી બાઇની તપાસ કરાવી તો તે ગરીબ ચોઆણની દીકરી માલૂમ પડી, એથી તેણીના બાપને બોલાવી તેણીનું માગું કર્યું, જો કે તે વખતે તો તેણે પોતાની તેમ કરવામાં ખુશી બતાવી ન હતી, પણ પછીથી તેણે તેની સ્ત્રીના કહેવાથી તે માંગુ કબુલ રાખ્યું, એટલે તેણીની સાથે તે સમયની રીતિ મુજબ આર્ય મર્યાદાપૂર્વક લગ્ન કરી સાંસારિક સુખાનંદ અનુભવી કુંવર પોતાને અહોભાગ્ય માનવા લાગ્યો.

હીરાની ખાણમાં હીરાજ નીપજે છે એ કહેવત પ્રમાણે તેણી વીર રાણીની કુખથી એક વીર બાળકને જન્મ મળ્યો કે તે વીર બાળક મેવાડની ગાદિપર બિરાજી ચિત્તોડને પાદશાહી કબ્જામાંથી છોડાવી યશસ્વી મહારાણો હમીરસિંહ થવા પામ્યો હતો.

સતી રત્નદેવી મહા શૂરવીર છતાં પતિપદકમળમકરંદમાં લીન થવા ભમરી રૂપ રહી પતિ તરફની પૂર્ણ પ્રસન્નતા મેળવનારી હતી. તેમજ વખતો વખત પતિને બહાદૂરીના કામમાં ઉત્તમ સલાહ

આપવાનું કામ બજાવતી હતી, અને પતિપ્રેમમાંજ પોતાના પ્રાણુ લુબ્ધ રાખી સતી નામને શોભાવતી અંતે સ્વર્ગસંપદાને સ્વાધીન કરવા સૌભાગ્યશાલિની થઇ હતી. ધન્ય છે એવી વીર સતીઓને કે જેણે ઉભયકુળને દીપાવી ઇતિહાસપત્રને અનુપમતા અર્પેલ છે !

યુદ્ધવીર સતી કલાવતી.

પરમ પુનીતા પતિપ્રેમી સતી કલાવતી વિક્રમની ચૌદમી સદીનો શૃંગાર હતો; છતાં તે કોની પુત્રી હતી તથા કયાં જન્મી હતી તે પ્રતીતિ યોગ્ય જાણુમાં આવ્યું નથી, માત્ર એટલુંજ અજવાળામાં આવ્યું છે કે-તે રજપૂતાના પૈકીના કોઇ ન્હાના રાજ્યકર્ત્તા **કરણુ સિંહની** રાણી હતી, અને તેણીની વીરતા તથા સતીત્વ સંબંધે નીચે લખ્યા મુજબ કવિ કોવિદો યશગાન કરે છે કેઃ—

જ્યારે કરણુસિંહના રાજ્યપર દિલ્લીશ્વર ખૂની અલ્લાઉદ્દીન બાદશાહે ચડાઇ મોકલી હતી ત્યારે તે કરણુસિંહે પોતાની, પોતાના જ્ઞાતિ બાન્ધવોની, પોતાના ધર્મની, પોતાના દેશની અને પોતાની વ્હાલી પ્રજાની વ્હાર કરી ટેક જાળવવા વીરતા પૂર્વક તત્પર થઇ. તે સ્હામે લડાઇ જમાવી. ખુલ્લા મેદાનમાં ખુલ્લા ખડ્ગથી અડગપણે શત્રુશિરની કાપણી કરવા લાગ્યો, અને લઘુ હકુમતવાળો છતાં વિશાળ હકુમતવાળા સાથ બાથ બીડી બેઉ હાથમાં મોદક પ્રાપ્ત કરવા રણુમત્ત થયો. વીર સતી કલાવતી પણુ વીર પોષાકના ઠાઠથી પતિની પડખેની પડખે રહી શત્રુશિરને લણ્યા કરતી હતી; એટલુંજ રહીં પણુ તે પતિપર આવતી ચોટોને સંભાળી લઇ લાગ મળતાં તે વિરોધીને ધૂળ સાથે મેળવવામાં પણુ જરા પાછી પડતી ન હતી. પ્રતિપ્રાણા પ્રમદા આ પ્રમાણે પતિના પ્રાણુનું રક્ષણુ કરતી અને શત્રુ સંહારવામાં મદદ કરતી વિજય મેળવવા ઇચ્છતી હતી; અને થયું પણુ તેમજ! કહ્યું છે કે-કોઇ પણુ કાર્યપર પોતાના પ્રબળ સંકલ્પબળવડે મનોબળને કાયમ રાખિયે તો બેશક તે કાર્ય ગમે તેવું કઠિણુ હોય તો પણુ સહેલા-ઇથી ફત્તેહમંદીને બેઠી શકે છે. એજ મુજબ યવન "લશ્કર ઘણું બળ વાળું વિશાળ છતાં કરણુસિંહના અને કલાવતીના અસીમ બાહુ બળના અગાડી નિરૂત્સાહી થઇ પડયું, અપાર પ્રાણિયોના પ્રાણુની

આહુતી અપાઇ ગઇ, અને ભાગ્યેજ કોઇ જખમી થયા વિના રહેવા પામ્યું. એ જોઇ યવનદળ પાછું હઠયું, કરણુસિંહનો વિજય થયો અને જીતનિશાન ઘુરાવતે-ગગડાવતે પોતાની રાજધાનીમાં આવી તેણે વિજય સ્મરણનો લેખ કાયમ કર્યો.

જો કે વિજય મળવાથી હર્ષનો પાર રહ્યો ન હતો; તેમ કરણુસિંહના બદન પર ઝહેર પાએલી તરવારના જખમમાં વેદના વધવામાં પણ પાર રહ્યો ન હતો, એથી હર્ષ અને વિષાદ હરીફાઇ કરતા દષ્ટિગોચર થતા હતા. વૈદ હકીમોને બોલાવી તે માટે ઉપચાર પૂછવામાં આવ્યા અને ઘણા ઘણા ઉપાય અમલમાં આણ્યા; તથાપિ એકે ઉપાય આરામ આપવામાં સફળ થયો નહીં. એથી તે ચિકિત્સકોએ અંતે જાહેરમાં આણ્યું કે-" આ જખમ મામુલી તરવારનો જખમ નથી; પણ ઝેર પાએલી તરવારનો જખમ છે; માટે કોઇ ઉપાય લાગુ થતો નથી; પરંતુ એક ઉપાય જીવ સાટેનો છે તે એ કે એક જણ એ ઝેર ચૂસી ચૂસી થુકી દે તો આ જખમમાંનું ઝેર દૂર થતાં મહારાજાનો જાન બચે, પણ ઝેર ચૂસનારનો પ્રાણ જાય, હવે જો એ બને તેમ હોય તો ઉપયોગ આપો. શિવાય અમારા ઉપાય તો એક પણ બાકીમાં રહેલ નથી."

આ પ્રમાણે વૈદ હકીમોનું બોલવું સાંભળી સર્વ નિજજનનું હિત ચાહનારા કરણુસિંહે તેમ કરવું દુરસ્ત ધાર્યું નહી. કારણ કે એકનો લાખીણો જાન ગુમાવરાવી પોતાના જાનને બચાવવામાં ન્યાય-પ્રજાપ્રેમી-હિતચિંતકપણાની ઉપર છીણી મૂકવા સરખું પગલું હતું. 'જેવો મારો જાન મને વ્હાલો છે તેવોજ રહામાનો જાન રહામા જનને વ્હાલો હોય છે તો પોતાનો વ્હાલો તે પરનો અળખામણો ગણી તેનો અંત આણવા જાણી બૂઝી ધ્વંસ કરવી એ સ્વાર્થી-ઘાતકીનુંજ કામ છે' એમ માની કરણુસિંહે તે ઝેર સૂચવા તૈયાર થયેલા માણસોને પણ તેણે સાફ મના કરી.

પતિપ્રેમી કલાવતી સતી પ્રાણનાથનો પ્રાણ ઉપાય વિદ્યમાન છતાં પરલોકને પંથે પડે તેમ થવા દેવા ચાહતી ન હતી; પરંતુ પોતાના પ્રાણનો ભોગ આપીને પણ પતિપ્રાણને હયાત રાખવા ઇચ્છતી હતી; કેમકે ' હજારો મરજો; પણ હજારનો પાળનાર ન મરશો અર્થાત્ હજારોનો પાળનાર મરવાથી તે હજારોના પોષણ વગર પ્રાણ જવાનો સમય સ્વાધીન થાય છે,' એજ કહેવત મુજબ પોતેજ

તે ઝેર ચૂસી લેવા તૈયાર થઇ, અને તે જ્યારે પતિદેવ ઉંઘમાં લીન થયા ત્યારે તેણીએ તે ઝેરને ચૂસી લીધું જેથી તે જખમ નિર્વિષમય થતાં વેદના રહિત થવાને લીધે રાજાને ઘણીજ શાંતિ ભરી નિદ્રા આવતાં આરામનો આરો નજરે પડવા લાગ્યો.

પતિભક્ત સતીએ તો પરમાત્માનું પવિત્ર મનથી સ્મરણ કરી શરણ મેળવી ઝેરના જબરા વેગથી પોતાના પુણ્યાત્માને પરજન્મની સાથે ભેટાડયો. જો કે સતી પોતાના મહા મહીમાવંત સતીત્વ બળ વડે તે ઝેરમાંના ઝેરમયી રજકણોને હરી લઇ અમૃતમય બનાવી પોતાના પ્રાણને બચાવી શકે તેવી સમર્થ–શક્તિશાલિની હતી; પરંતુ તેણીએ જગતની સર્વ સાધારણ સ્ત્રીયોના હૃદયમાં પતિ પ્રેમીપણાના દર્શનીક પૂરાવા યુક્ત અચ્છી છાપ કાયમ કરવા, તેમ ન કરતાં પોતાના પવિત્રાત્માને પ્રભુધામમાં પાઠવી દીધો !

પ્રાતઃકાળે જ્યારે પતિ જાગ્રત થઇ પ્રાણેશ્વરીને જગાડવા લાગ્યો તો તે અનંત નિદ્રાને તાબે થયેલી જણાઇ. તેમજ વિશેષ તપાસ કરતાં તેના શરીર પર અને નેત્ર જીગ્હાદિમાં ઝેર પરણુમ્યાનાં ચિન્હો જણાયાં એથી કરણસિંહને ખાત્રી થઇ કે મારો પ્રાણ બચાવી પોતાનો પ્રાણ ખોઇ દીધો છે. એ જાણી પોતાની જોડી તૂટતાં હૈયાભંગ બની કરણસિંહ મહાન કલ્પાંત કરવા લાગ્યો; પણ પરલોકના પંથે પડ્યા પછી કોણ પ્રાણી પાછું વળ્યું છે ? તે કરણસિંહનો અસીમ કલ્પાંત સાંભળી દયા આણી પ્રાણપ્રિયા કળાવતીના પ્રાણ પરલોક પંથથી પાછા વળે તેમ હતું ! પ્રધાનાદિ હિતૈષિયોએ રાણીના સુકૃત્યની અતીવ પ્રશંસા કરી મહિપાળને સમજાવી મન વળાવવાના ઘણા માર્ગ પ્રદર્શિત કર્યા; પણ સત્યપ્રેમી કરણના જીવને જરાપણ શાંતિનો સમાગમ થયો નહીં. એથી તેણે આખર એજ ગમગીનીમાં ગર્ક રહી પોતાની જીંદગીનો વીમો પૂર્ણ કર્યો.

વિવેકી વાચકો ! આજે ક્યાં છે એવી પતિપ્રેમી સન્નારિયો કે જે પતિના પ્રાણ બચાવાની ખાતર પોતાના પ્રાણનો ભોગ આપે ? ! આજે તો પતિપ્રેમીપણાનો ઉપરથી ડોળ દેખાડી પગ પખાળી પીવા, જમાડ્યા પછી જમવું, અને પતિની સમ્મતી મેળવી કામ કરવું વગેરે સ્ત્રીકાર્યું બતાવે છે; પણ જ્યારે પતિ માથે દીવાની દાવાની ધૂંસ આવતાં તે ધૂંસને પાછી વાળવા પત્નિને દાગીના ઉતારી આપવા માટે પતિ આજીજી કરે, છતાં પણ તે પતિભક્તિનો ડોળ દેખાડ-

નારી અસતીઓ પોતાના દાગીના આપવાની ચોખીચટ ના પાડી પતિને જેલમાં લઇ જવાનો સમય સ્વાધીન કરે તેવી વિદ્યમાન છે. આજે તો પતિ પળવાર પછી મરતો હોય તો પહેલાં ક્યાં નથી મરતો પણ પોતાના પ્રાણને જરા દુઃખ ન આવે તેમ વર્ત્તનારી ઘણીએ છે. આજે દુઃખમાં દુઃખનો ભાગ ઓછો કરનારી નહીં; પણ દુખમાં વધારો કરનારીઓ પાર વિનાની છે. એથીજ કુદરત લેખકની લેખિનીને ફરજ પાડી લખાવે છે કે 'પતિ પ્રેમી સતી કળાવતી! તારા પવિત્ર પતિ પ્રેમની અને પ્રજાને સુખ આપવાની ઉંડી લાગણીને ધન્યાતિ ધન્ય છે !! અમરનામીદેવી! તારાં પુનીત યશ ગાન કવિ–કોવિદ લેખકો તો શું, પણ અમરેશો ગાઈ પોતાના ખોટા અમર નામને કવખોડી તારા સત્ય અમર નામને પ્રશંસશે!!! વિમલવર્ત્તનશાલિની! તારા વિમલ વૃત્તાન્તનું વર્ણન સુવર્ણાક્ષરો યુક્ત ઇતિહાસ પત્રમાં ઓપી જગત જીવોના કલિમલનો નાસ કરનારૂં નિવડશે અને શ્રોતા વાચક ગણને અભિનવ પ્રેમ–સતીત્વતાનો ઉત્સાહ ઉત્પન્ન કરશે!

અસ્તુ !!!

ધર્મવીર સતી રૂપસુંદરી.

સતી રૂપસુંદરી પદ્મિની જાતીની મહા સ્વરૂપવાન સુંદરી હતી. તેણીનો જન્મ વિક્રમની ચૌદમી સદીમાં થયો હતો; પરંતુ કોણ માતા પિતાના આગણાને શોભાવ્યું હતું તે પૂર્ણપણે પ્રકાશમાં આવવા પામ્યું નથી. તોપણ તે નાગરાણી, નાગર બ્રાહ્મણ ગૃહસ્થ માધવરાય કે જે પાટણના છેલ્લા રજપૂત રાજા વાઘેલા કરણસિંહનો કુલકુલાં–મુખ્ય પ્રધાન હતો તેની વિવાહિતા હતી.

એક સમય પદ્મિની રૂપસુંદરી સુંદર શૃંગાર સહિત નવરાત્રીના પ્રસંગમાં ગરબે રમવા ગઇ હતી, તે સમયમાં નગરચર્યા જોવા નિકળેલા રણઘેલા કરણ વાઘેલાની દ્દષ્ટિયે પડી; જેથી તે તેણીના રૂપમાં તલ્લીન થતાં પાછળ પાછળ ચાલ્યો ને તપાસ કરતાં તે પોતાના પ્રધાનનીજ સ્ત્રી છે એમ તેને પ્રતીતિ મળી; તથાપિ ખાના ખરાબી કરનાર કામદેવના પ્રતાપથી અકલહીન થયેલા કરણ રાજાએ તેણીને પોતાની કરવા પ્રથમ દૂતી વગેરે મારફત અનેક યુક્તિ

પ્રયુક્તિયો અમલમાં આણી; પણ તે સતી સુંદરી એકની બે થઇ નહીં. તેણીએ તો દુતીદ્વારા સ્પષ્ટ કહેવરાવી દીધું કે—"મારા શીળસામ્રાજ્ય અગાડી આપનું રાજ્ય તદ્દન તુચ્છ માનું છું. મર્દ મારા પતિ શિવાય અન્ય રાજા મહારાજાઓ વગેરેને હું નામર્દ માની તેઓનું મ્હોં જોવા પણ ઇરાદો ધરાવતી નથી. પ્રીતિયુક્ત પવિત્ર પદાર્થના પ્રસાદી થાળને છોડી એઠા પતરાવડાનો ઉપભોગ કરવા સ્વપ્ને પણ ઇચ્છતી નથી. એઠું પતરાવડું ચાટવું તે કુતરાઓનું કામ છે. પરાઇ મિલકત પર બદદાનત કરવી એ હરામી ચોરોનુંજ કામ છે. પોતાની તરફ અણગમો બતાવનારી વસ્તુ ભણી પ્યારની લાગણી વધારવી એ પ્રેમપંથના પ્રવાશિયોની મર્યાદાથી અજાણ ગમારનુંજ કર્ત્તવ્ય છે. હું આપની પ્યારી પ્રજા પૈકી એક પ્યારી પુત્રીવત્ છું; છતાં મારા પર કુદૃષ્ટિ કરી પ્રજા–સંતતીરૂપ પુત્રીના પતિ થવા ઇચ્છી પ્રજાપતિના શોભાકારી કામને બદનામી આપવા ઈંતેજારી દર્શાવી ઇતિહાસ પત્રમાં કાજળનો લેખ લખાવવો એ કેવળ વિકળનુંજ વર્ત્તન છે, વિચારી જોશો કે, મરજી વગર મહોબત બાંધવા જતાં કોણે હાનિ હાંસલ કરી નથી!! કોણે રાજપાટ તજી ટાટની કંથા ધારણ કરી નથી!! કોણે રણમાં રઝળીને ગુરે હવાલે રીબાઇ મરણને અંગીકાર કર્યું નથી. તો શું આપ આવા બદ કામથી સદ નામના મેળવવી ધારો છો એ શું ડહાપણ ભર્યો પ્રકાર છે? શું વલ્લભીપુરના મહારાજા શીલાદિત્યે નંદકાકુ શાહની પુત્રી પાસેથી પરાણે માથું ઓળવાની કાંસકી પડાવી લેવા જતાં આખું રાજ્ય ઉંધું વળી યવનોને હાથ જવાનો વખત વધાવી લીધો હતો (એ પ્રમાણે પારકી વસ્તુ પોતાની કરવાથી વિગ્રહનાં મૂળ રોપાય છે.) એ આપશ્રીથી અજાણ્યું છે? તુચ્છ વાંછના પૂરી પાડવા જતાં મહાન વિપત્તિના વમળમાં ફસાઇ પડી પાયમાલીને ભેટવું એ અકલમંદોની કૃતિથી કેવળ વિરૂદ્ધ—બેઅકલમંદોની રહેણી છે! માટે જો આપશ્રી આપનું અને આપના રાજ્ય વૈભવનું કુશળ ચાહતા હો તો પરનારીનો પાલવ પકડવા કદિ પણ વિચાર ન કરશો. પછી તો ભવિષ્યજ ભૂલાવો દેતું હોય તો જેમ રૂચે તેમ કરવા આપ સ્વતંત્ર છો."

ઉપર પ્રમાણે કહેવરાવ્યા છતાં કરણરાજ સમજના ઘરમાં ન આવતાં આપદાના અરણ્ય ભણીજ વિચરવા અત્યુત્સાહી બન્યો. અને માધવ પ્રધાનની ગેરહાજરી રહેવાનો માર્ગ હાથ ધરી નિકંદનને નાકે જઇ પહોંચ્યો.

માધવરાયને અન્ય રાજ્યપ્રપંચની સિદ્ધિ માટે પરગામ મોકલી પોતે તેના ઘરપર જોર જુમલ કરી રૂપસુંદરીને હાથ કરવા ઉમંગી બન્યો, પણ માધવનો ભાઇ કેશવ પ્રધાન ઘેર હોવાથી રૂપસુંદરીએ કરણની ધૂંસ આપવાની તથા તમારા મોટાભાઇને પરગામ કઢાડવાની પ્રપંચરચના કરી છે તે સંબંધી સઘળી બિના કહી સંભળાવી. જેથી તે કેશવપ્રસાદનું લોહી ઉષ્ણ થતાં વેગવંત બની ગયું.

આજ કાલના નાગરો કે જે માત્ર મુત્સદ્દીપણાની જ ખટપટ કરી કલમના ગોદાથી પોતાના વૈરીનું કાશળ કઢાડવું ઉત્તમ માને છે તે વિચારને મળતો આવનારો તે કેશવ ન હતો. અથવા તો માત્ર વાતોના ફ્યાકા મારવામાં ફક્કડ થઇ અક્કડપણું રાખી કિંવા રાંકને રંજાડી નાગર નામને શોભાવે તેવા ટુંકા વિચારનો તે કેશવ ન હતો. તેમજ નાગર કે જે દેવાંશી–રજપૂતના ટોડાના અને એક લાકડીએ આખા ગામને પોતાના વિચારોનું અનુકરણ કરાવનારા મર્દ સમશેરધારી ગણાતાં છતાં બ્હીકણ બની બહુચરીના ભક્ત થઈ છળ પ્રપંચનું શરણ લેવા ચાહનાર જેવા વર્ત્તનનો તે કેશવ ન હતો. તે કેશવ તો નાગર નામના નિરૂપમ નૂરના નીરને જાહેરમાં બતાવી આપનાર વીર નર હતો. તરવારની તાળી પાડી પ્રતિસ્પર્ધિયોના પ્રાણોને પરલોકમાં પહોચાડવા પૂરો પ્રવીણ ને પરાક્રમી હતો, અને પોતાના પ્રાણોની હયાતી છતાં પોતાની આબરૂ પર હુમલો આવવા દે તેવો ન હોવાથી તેનાં નેત્રો લાલચોળ થઇ ગયાં, રૂવાડાં અવળાં બની રહ્યાં, નીચેનો હોઠ ફરકવા લાગ્યો, હૃદયયંત્રની ગતિ વધી પડી, ઉષ્ણ લોહી વેગથી વહેતાં શરીરમાં જુદાજ પ્રકારની ગર્મી જળકી રહી, અને તેની મતિ અન્ય ભાનને ભૂલી માત્ર ઇજ્જતપર આક્રમણ કરતા અરીને નસીહત આપવા ઝઝુમી રહી. તે હાથમાં નાગી તરવાર લઇ મુખ્ય દ્વાર પર આવી શત્રુ સિપાહોને ઘરમાં ઘુસતાં અટકાવા આગળ વધ્યો. ઝપાઝપી થતાં કેટલાકોના પ્રાણ પરલોકે પહોચાડયા અને કરણને પણ મરણને શરણ કરવા જતો હતો; પરંતુ એક સૂરાના હાથની સમશેરનો સખ્ત ઘા આવી લાગતાં વીર કેશવ આ ફાની દુનિયાને છેલ્લી સલામ કરી અપ્સરાઓની વરમાળાને વર્યો. 'ધન્ય છે! ધન્ય છે! ધન્ય છે વીર કેશવ!! તને ધન્યાતિધન્ય છે!!! કે બ્રાહ્મણ છતાં ભાભીના શીળરત્ન અને વડીલોની ઇજ્જત

રક્ષણાર્થ નવ યુવાનીમાં તેં તારા વ્હાલા પ્રાણની ઝપાઝપીરૂપ હવન કુંડીમાં આહુતી આપી નામને અમરપદ આપ્યું. તેમજ તેં નોકરીની કે અન્નદાની કશી પણ પરવાહ ન રાખતાં ફકત કુળઆબરૂની અને અમરકીર્તિનીજ પરવાહ રાખી જેથી અનંતાનંત ધન્યવાદ આપી આગળ વદીશકે—

કામાંધ કરણ રાજા કેશવના મરણ પછી ઘરમાં ખુશી બળાત્કારે રૂપસુંદરીને ઉઠવરાવી પોતાના મહેલમાં લઇ ગયો, અને કહેવા લાગ્યો—"કેમ છે ? હજુ મારૂં મન મનવવા વિચાર થાય છે કે નહીં ? પ્રથમ જો મારૂં કહ્યું માન્યું હોત તો દીઅરનો જાન ગુમાવવો ન પડત, પણ જગતમાં તમામ લોકો હાર્યે રહે છે પણ વાર્યે રહેતાજ નથી; માટે હવે સતીપણાનો ફાંકો મ્હેલી આ છેલ્લી વાર્ત્તા માની મારી મનમાની મોહિની થઇ રહે કે જેથી બધી પંચાતનો અંત આવે."

રૂપસુંદરી બોલી—"પંચાતનો અંત તો પંચત્વ પ્રાપ્ત કર્યા પછી જ આવશે. માટે મિથ્યા મોહને વળગી વળખાં ન મારો, હજુ પણ અંતની બાજી સુધારો, હાથે કરી માનવજન્મ ન હારો નહીંતો સંસાર સારો છતાં અવશ્ય અકારો થઇ પડશે. હમેશાં સુમનું ધન, કેસરીની મૂંછનો વાળ, સાપના માથાનો મણિ, શૂરાના હાથનું શસ્ત્ર અસ્ત્ર, અને સતીના અંગસંગનો આનંદ એ તેમની હયાતીમાં તો કદિપણ આવવા પામેજ નહીં; પણ મુવા પછીજ પ્રાપ્ત થાય છે. અહીયાં હું પરતંત્ર થઇ રહી છું; છતાં કંઇ મારા વિચારો પરતંત્ર થયા નથી, તે તો સર્વદા સ્વતંત્રજ રહેવાના, તો પછી તેમાં પરતંત્રતા પ્રવેશ શી રીતે કરી શકશે. હું આપને અન્ય પ્રકારે અબળા હોવાથી ન જીતી શકું; પણ મારા મનોબળ વડે તો અજીતજ રહીશ, હું મારૂં શરીર અર્પણ નહીં કરી શકીશ, પણ પળમાં મ્હોંત આણી જીવહત્મા આપી શકીશ. સિંહણ પાંજરામાં પુરાઇ તેનો સ્વાભાવિક સદાનો ખોરાક તજી ઘાસ ફળ વગેરેને ખાનારજ નથી. મરવું એકજ વખત છે. અમર રહેવા કોઇ પ્રાણિ આ સૃષ્ટિમાં સરજાયું જ નથી અને આયુઅંતના સંયોગ વગર કોઇથી કંઇ થનારજ નથી. માત્ર કંકુના કે કાજળના લેખ લખાવાની બિના અમર રહેશે. મ્હોતનો પણ મને ડર નથી. ફક્ત શીળરત્ન આપ જેવા ચોરો ન ચોરી લે તેનોજ ડર છે; પરંતુ જીવતાં લગી તો

કોઇની તાકત જોતી નથી કે તે લેઈ જવા પામે; માટે જ કહું છું કે આપ હજુ પણ દીર્ઘદર્શી બની ભૂલ્યા ત્યાંથી ફેર ગણો! નહીંતો ઘણો ગેરલાભ હાંસલ થતાં બુરા હાલ હવાલને ભેટી આપદાને વરશો અને અંતે અથડાતાં રઝળતાં પસ્તાતા મરશો. બસ હવે જે ઠીક લાગે તે પંથ હાથ ધરો.”

કરણ બોલ્યો–“ઘેલી! આવાં ઘેલછાનાં વચન છોડી મારી સાથે સ્નેહ જોડી સંસારમાં જ સ્વર્ગનો લ્હાવ માણી લે. હવે પંઝામાં સપડાયલી કંઇ આખી અણીએ છુટવા પામનાર નથી. હવે નાહક વલખાં મારવાં તે બધાં નકામાં જ છે. પ્રીતિ પરાણે કરવા જતાં રસ રહેતો નથી એટલા માટે હું આટલાં તારાં વચનો સાંખી તારી મૂર્ખતાને લીધે હસીવાળું છું. નહીંતો બલાત્કાર વડે ક્યારનોય મારી મનેચ્છાને તૃપ્ત કરી લેત, મને હવે કોણ રોકનાર છે! માટે મગરૂરી મૂકી મારા વિચારમાંજ ઝુકી જા કે તારૂં જીવન સફળતાને ભેટે. કહ્યું માનીશ ત્યાંલગી રસ રહેશે. કદિ કોઇ પ્રકારે મારૂં ધાર્યું નહીં થવા દઇશ તો શું જીવતી રહી તારા માધુડાનું તું ફરી મ્હોં જોવા પામીશ?! તરવારને તાબે કરી હરીને શરણ મોકલીશ; પણ તારૂં ધાર્યું થવા દઇશ નહીં. હવે જે તને રૂચે તે કર.”

અલ્યા મૂર્ખાધિરાજ! હવે તું શું વધારે સાંભળવા માંગે છે? તારી તરવાર વગેરેથી હું ક્યાં ડરખાઉ છું. ઘડી કેડે મારતો હોય તો અત્યારેજ મારી નાખની? શું આવા ડરથી ડરી તારી આજ્ઞાને તાબે થઇશ? જા જા કાળા મ્હોંના કુળબોળું આઘો જા. નહીં તો હમણાં તને પણ ગરમાગરમ સ્વાદ ચખાડી દઇશ. શું મને તું કેવળ નિર્બળ માને છે? શું હું તારા રોપ રૂવાબમાં અંજાઇ જઉં તેવી સાધારણ સ્ત્રી છું? જા તારાથી થાયતે કર. હું મારા પ્રાણનાથના સુસંગથી આ લોકમાં તો શું પણ પરલોકમાંએ વિખુટી પડનારી નથી. તો તું બાપડો બિચારો શું વિખુટાં પાડવામાં ફતેહમંદી મેળવવા માગે છે?? તારા મ્હોં પર અત્યાચારની કાળી છાયા તો છવાઇ જ રહી છે, તારી વિપત્તિ તો તને ભેટવા તલપી રહી છે અને તું પોતે મરણના મુખમાં જ પ્રવેશી રહ્યો છે; માટે ચેતવું હોય તો ચેતી લે.”

આવાં અવમાનિત વચનો સાંભળી રાજાને ગુસ્સો તો ઘણો આવ્યો; પણ કામીજનોનો ગુસ્સો જુસ્સો કામિનીઓ તરફ કશો પ્રભાવ

બજાવી શકતો ન હોવાથી રાજા સહનશીળતાને વશ થઇ બોલ્યો– "બસ હવે વધારે લવારો ન કર, હું જાણું છું કે બામણના ઘરમાંથી એકદમ રાજભવન વૈભવની પ્રાપ્તિથી હર્ષદ ઘ્હેલચ્છાનો અંશ ઉત્પન્ન થયો હોવાને લીધે બેભાન દશામાં લવી રહી છું; માટે હવે તને વધારે ઉન્માદને વશ ન કરતાં છેવટના બે શબ્દ કહી ચાલ્યો જાઉં છું કે જે રીતે તારૂં હિત થાય તે રીતે માર્ગ આદરજે અને મારી મનેચ્છાને સફળ કરજે. તારો જુસ્સો થોડા વખતમાં નરમ પડશે અને તને તારા સાચા સુખનું ભાન થશે ત્યારે તું પોતેજ મને ભેટી સઘળા તાપ સંતાપ મેટીશ. તારી નાદાની સાથે હું મારી ખાનદાની ખોવા ચાહાતો નથી જેથી થોડો વખત તને વિચાર કરવાને વિરામ આપું છું. મેં માની જ લીધું છે કે સ્ત્રીઓ માત્ર પ્રથમ આમ જ છણકા છાકોટા કરવામાં શૂરીઓ રહે છે, તેમ તું કરે છે, છતાં આખર દિલજાની! મારી વાત માની હૈરાની હાનીને તજી છાનીમાની મને સન્માની સંતોષી મનમાની નીવડનારી જ છું." એટલું બોલી કરણસિંહ પોતાના અન્ય કામમાં પરવર્યો. અને રૂપસુંદરી પણ પોતાના કાર્યમાં ફતેહ મેળવવા ઇશ્વરસ્તવનમાં એક રસ રૂપ લીન થવાની ક્રિયામાં પરવરી.

મંત્રી માધવને જ્યારે આ બાબતની જાણ થઇ ત્યારે રાજાના પ્રપંચને ધ્યાનમાં લઇ તેણે તેના કૃત્યના પ્રમાણે સજા અપાવવાનું પગલું ભરવું યોગ્ય લાગ્યું. તે સીધો જ દિલ્લીપતિ અલ્લાઉદ્દીન ખિલજી હજૂર ગયો અને ગૂજરાતનું રાજ્ય વિના હરકતે સ્વાધીન કરાવવાનો માર્ગ ખુલ્લો કરી બતાવી શાહના ભાઇ અલપખાનની સરદારી હેઠળ એક લાખ ઘોડેસ્વારો, પંદરસો હાથી, વીશ હજાર પૈદલ અને જેના અગાડી ડંકો વાગ્યા કરે એવા પિસ્તાળીશ કાર્યભારી સહિત માધવ પ્રધાન ગૂર્જરેશ પર ચડાઇ લાવ્યો અને ટુંકામાં કહીયે તો ગુજરાતના રાજ્યને અને રાજાને પાયમાલી સાથે ભેટાડી દેવા પોતેજ આગેવાન થઇ દેશદ્રોહીપદનો ભાગી થયો.

માધવ આ પ્રમાણે મામલો મચાવા તત્પર થઇ રહ્યો હતો અને સતી સુંદરી રૂપસુંદરી પોતાના મનોરાજ્યપર પૂરેપૂરો કાબુ રાખી ઉભય જન્મને સફળ કરવા તત્પર થઇ રહી હતી. તેણીએ ફંદમાંથી છૂટવા આપઘાત કરવો ધાર્યો; પરંતુ ધર્મશાસ્ત્ર પ્રમાણે તેને ગુન્હો માની તેના તરફથી મનને પાછું હઠાવી એજ નિશ્ચયપર

આરૂઢ થઇ વિચાર્યું કે:-"રામ જેને રાખે તેને કોણ મારી નાખે તેમ છે?! મારા શીગનું સંરક્ષણ કરનાર હજાર હાથનો ધિંગોધણી વિદ્યમાન છે. મારી ગુપ્તમિલકત જાળવવા માટે બનતા પ્રયત્નમાં હું પાછી પડનારજ નથી અને મારા નાથ કંઇ આ અફ્રુસનો બદલો આપ્યા વિના રહે તેવા નથી; તો પછી શા માટે મુંઝાઇ મરણને સ્વાધીન થવું જોઇએ?! જે વખતે જે લાભકર્ત્તા જણાશે તે કરી લેવાશે. હાલ હરબડી જઇ તેમ કરવાથી નાથ નિરાશાને સ્વાધીન થાય; માટે ધીરજ ધરી ઇશ્વિરારાધન કરી કાર્ય સાફળતાની સુરતાએ સંચરી ખરી મજાહને વરી આનંદ મેળવવો એ વધારે ઉચિત છે." એમ માની તે પ્રભુભજનાદિ સુકૃત્યમાં સ્થિત થઇ હતી.

માધવે મુસલમાની લશ્કરની મદદથી અને ત્રણસો સાઠ કચ્છી ઘોડાના નજરાણાથી કરણના અમલનો અંત આણી, તેની કોલાદેવી પટરાણી તથા દેવળદેવી કુંવરીને શાહના જનાનાનો શણગાર બનાવવામાં કારણરૂપ નીવડી, ગુર્જરી પ્રદેશનો કાર્યભારી કહેવાઇ, પોતાનું વૈર પૂર્ણ પાડી રૂપસુંદરીને સ્વાધીન કરી. દંપતિના દુઃખનો પણ અંત આવ્યો અને તે સાથે ગુર્જરી સ્વતંત્ર રાજ્યનો પણ અંત આવી ગયો. કાળ વહી ગયો, કથની રહી ગઇ અને રૂપસુંદરીના શીળગુણનો પ્રભાવ અપ્રતિહતપણે સંકુલિન સ્ત્રીઓને ચાનક તથા શોભા આપનાર સ્મરણ નોંધમાં અમર રહ્યો. ધન્યાતિધન્ય છે મહાસતી! તેં રતીભાર પણ સત્કૃતીથી વિમુખ ન થતાં પતિવ્રતપણાનેજ પસંદ કરી રાજ્યવૈભવને અતિશય ધિઃકારી દઇ સુવૃત્તિને સાધ્ય રાખી એ અત્યંત પ્રશંસનીય પ્રવૃત્તિ કરી છે! જે સ્ત્રીઓ સુખ વૈભવની લાલચમાં લપટાઇ લંપટતાની લોલુપી બને છે તેઓને ખચીત સતકોટી ધિઃકાર જ છે. આર્યદેવી! મહાદેવી! તારા જેવી સદાચારિણી, અડગ ધૈર્યધારિણી અને કમનીય કૃત્યકારિણી બ્રહ્મકુમારીકાઓ આ આર્યાવર્ત્તમાં જગો જગોએ ઝળકી નીકળી પુનઃઆધિને આધીન રહેલા આર્યાવર્ત્તનો ઉદ્ધાર કરો અને સકળ સંતાપ હરો!

ધર્મવીર સતી મંજુલદેવી.

——(:)——

શિરોભિધાનવંત વીર પ્રસવિની મરૂ ભૂમીના શૃંગારરૂપ દેવી **જાલોરના રાજા માલદેવની** કુંવરી અને નિષ્કલંકી ચિત્તોડપતિ મહારાણા **હમીરસિંહજી**ની મહારાણી હતી, અને તે વિક્રમના ચૌદમા સેંકડામાં વિદ્યમાન હતી. તેણીએ પિયરિયાંની ચડતીની દરકાર છોડી સાસરિયાંની અને પતિદેવની ચડતી કરવા કેવી દરકાર રાખી પોતાનો ધર્મ જાળવ્યો હતો તે જાણમાં લાવવા કહેવાની જરૂર જ છે કે.—

જ્યારે અલ્લાઉદ્દીન ખુનીએ ચિત્તોડને સર કરી લીધું હતું ત્યારે સતી પદ્મિની પદ્માવતીની વાર્તાની સમાપ્તિ સમય પૃષ્ઠ ૩૨૬ માં કહેવામાં આવ્યું છે કે ખિલજીશાહ ચિત્તોડના સુબા તરીકે જાલોરના રાવ માલદેવને નીમી દિલ્લી ચાલ્યો ગયો હતો. જોકે રાવ માલદેવ રજપૂત હતો છતાં નિમકહલાલની શુભ નામનાને વરવા મેવાડપતિ અજયસિંહને સતાવવામાં તેણે કંઇ ખામી રાખી નહોતી. તેમજ અજયસિંહ પછી રાણો હમીરસિંહ મહાન પરાક્રમી નીવડયો હતો; તથાપિ તેને પણ પજવવામાં માલદેવે કચાશ રાખી નહતી. જ્યારે કોઇ ઉપાયથી હમીર રાણાને તાબે કરી શક્યો નહીં ત્યારે છેલ્લો ઉપાય છળથી તાબે કરવાનો અને અપમાન આપવાનો હાથ ધર્યો. અને પોતાની કુંવરી મંજુલદેવી સાથે વિવાહ કરવા તેણે રાણા ભણી શ્રીફળ મોકલ્યું.

હમીર રાણાએ પોતાના બુદ્ધિવંત સલાહકારોને તે વાત જણાવી એટલે સલાહકારોએ શત્રુનો ભરોસો ન રાખવાનું જણાવી માલદેવનું મોકલેલું શ્રીફળ ન સ્વીકારવા વિચાર જાહેરમાં આણ્યો. હમીર રાણાએ કહ્યું—"તમારૂં કહેવું વ્યાજબી છે; પણ આપણી તરફ મોકલેલું શ્રીફળ પાછું વાળીશું તો તે આપણને બ્હીકણ જાણશે. તેમ વળી આવેલું શ્રીફળ પાછું જાય ને તે શ્રીફળ બીજો રાજા સ્વીકારે તો તેમાં જરા હું ઠીક માનતો નથી; માટે તેનાથી ડરી શ્રીફળ પાછું વાળવું શોભાને પાત્ર નથી. શત્રુથી ડરી પોતાની ધારેલી ધારણામાં પાછું પડવું એ રાણીજણ્યાના કામને શરમાવનારો પ્રકાર છે, તે હિચકારા—નિર્વીર—ગોલીજણ્યાના પદને પ્રાપ્ત કરનારો પંથ છે. રજપૂતો તો નિરંતર સંકષ્ટના સમયને ભેટવાજ તત્પર રહે અને મહેલ કે ઘરમાં મરવા કરતાં રણમાં તરવારની તીક્ષ્ણ ધારાથી તન કપાવી

મરે તે સર્વોત્તમ છે. રજપૂતોને કોઈ સમય પોતાનું સ્થળ-રાજ્ય છોડી વન વન કણુ કણુ વગર ભટકી જીવનને વિપત્તિને વશ કરવાનો વખત આવી અડે છે અને કોઇ સમય જીત નિશાણુ સહિત મંગળ વાદ્યોમય રાજ્યાસન શોભાવવાનો પણુ પ્રાપ્ત થાય છે. તો પછી ડરવા જેવું શું છે? અન્યથી ડરવું એ મારી માતુશ્રીએ પણ સ્વપ્નમાં અનુભવ્યું નથી તો તેનોજ તનુજ થઇ માલદેવથી ડરી શ્રીફળ પાછું વાળું તો તે જનેતાની કુખ લાજે છે. હું સારી પેઠે સમજું છું કે તમો પોતાના જીવાત્માને જોખમમાં મૂકવા કરતાં મારા આત્માને જોખમમાં ન મૂકવા હમેશાં કાળજીવંત રહો છો તે યોગ્ય છે; પરંતુ તેની પણુ કંઇ હદ હોવી જોઇએ. મકાનની અંદર રહ્યે રહ્યે અને મુખમલના ગાદલામાં આરામ લીધે લીધે પણુ કારણુ વગર કાળના ગાલમાં સમાઇ જાય છે. દરેક પ્રાણી એક વખત મરણુને શરણુ થયાવિના રહેનારજ નથી. આ ફાની દુનિયા શરાયના તમામ નિવાસિ સમય થયે મુશાફરી લંબાવવાના છે. મરતાને જીવાડવા કોઇ શક્તિ ધરાવતું નથી. અને વગર ખૂટયે કોઇ મારનાર નથી; તો પછી ડરવાથી શું ફાયદો હાંસલ થાય તેમ છે? જો દૈવ જીવાડનાર છે તો માલદેવ શું કરનાર છે! માટે નિઃશંકપણે શ્રીફળ સ્વીકારવું શોભા ભર્યું છે. પરણુવા જતાં કદાચ દગો જણુાશે તો દુસ્મનોને મારતાં મરીશું તો તે જીવતા બરોબર ગણુાઇશું; પણુ ડરીને આમ જીવવુ એ મુવા બરોબર છે; માટે તેમજ કરવું યોગ્ય છે. ભલા આ બહાનેથી, જે ચિત્તોડગઢની ઉપર મારા બાપદાદા વગેરે નિવાસ કરતા હતા તથા જ્યાં જીતના બાવટા ને વિજયસ્થંભ શોભી રહ્યા હતા, જે ગઢ સંરક્ષણાર્થ બેસુમાર પૂર્વજોનાં ઉષ્ણુ લોહી રેડાયાં છે, અને જ્યાં પૂજ્ય રજપૂતાણીઓએ સતીત્વને શોભાવા જીવતે બળીમરી જીવનને સમર્પણુ કરેલ છે, તે પવિત્ર તીર્થ સ્થળને ભેટવા ભાગ્યશાળી તો થઇશ! કદાચ દગાની પ્રબળતા થતાં મારો ત્યાં અંત આવશે તો મારા યશસ્વી પૂર્વજોને આનંદ આપી અપ્સરાઓની વરમાળા વરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરીશ. વખતે આપણુને આપણુા કુળદેવો જ મદદ આપવાની પ્રેરણુામાં હોઇ માલદેવને આવી મતી સુજાડી ભૂલ ખવરાવતા હશે, કિંવા મને તેઓજ આતુર બની ચિત્તોડ સ્વાધીન કરાવવા મદદગાર બની વિજયવંત જોવા ચાહતા હશે, તો કોને ખબર છે! બસ મારૂં મન તો એજ હામી ભરે છે કે આવેલું શ્રીફળ સ્વીકારવું. જે થશે તે સારૂંજ થશે!" રાણુાનું આ પ્રમાણે બોલવું થતાં મેવાડી

વીર સામંતોનો જુસ્સો સતેજ થઇ આવ્યો અને તેઓ પણ શ્રીફળ સ્વીકારવામાં આનંદ સહ સહમત થયા.

હમીર રાણાએ પોતાની ખાસ પસંદગીના પાંચસો મક્કમ વિચારના વીર ઘોડેશ્વારો લઇ મુકરર કરેલા દિવસે ચિત્તોડ ભણી મંગળ પ્રયાણ કર્યું; અને તે મજલ દર મજલે ચિત્તોડગઢ નજીક જઈ પહોચ્યા એટલે માલદેવે પોતાના પાંચ પુત્રોને જાનનું સ્હામૈયું કરવા સ્હામે મોકલી તેમનું સન્માન કર્યું; પરંતુ જ્યારે હમીરસિંહ રાણો દરવાજા અગાડી આવી પહોચ્યો અને દરવાજા ભણી જોવા લાગ્યો તો તોરણ રહિત દરવાજો જોતાંજ ચિત્તમાં વિસ્મય પામ્યો 'કે ઘેર લગ્ન સમારંભ છતાં દરવાજે મંગળ ચિન્હ તોરણ પણ નથી એ શું ? ! હશે કંઇ ફિકર નહીં અગાડી શું રચના છે તે જોવાથી જે હશે તે જણાઇ આવશે.' એમ વિચારતો આગળ વધ્યો, તો બજારમાં કે રાજગઢી અગાડી ક્યાંય પણ મંગળવાજિત્રો વગેરે કશું જોવામાં ન આવતાં તરતજ રાણો રાતો પીળો થઇ આંખ ફેરવી માલદેવના પુત્રોને પૂછવા લાગ્યો—" શું આતે લગ્ન સમારંભ માંડેલ છે કે મશ્કરી ? શું અપમાન કે દાવપેચ કરવા ધારો છો ? " આટલું બોલતાં તો પાંચસો રજપૂત સિંહો પણ ગુસ્સામાં આવી (જો અપમાનજ કરવા ચાહ્યું હશે તો તેનો અચ્છો બદલો આપીશું એમ માની) ખુલ્લી તરવારો કરી સાવચેતીથી ચાલવા માંડ્યા. એ જોઇ માલદેવના પુત્રો થરરી જતાં કશું બોલી શક્યા નહીં. હમીર પાંચસો વીર સહિત દરબારમાં રૂદ્રરૂપથી દાખલ થયો.

માલદેવે ભૈરવ સ્વરૂપ સહ હમીરને જોતાંજ અન્ય અપમાન કે દાવપેચ કશું કરવા હિંમતદાર થઈ શક્યો નહીં. તેણે મુંગે મ્હોંડેજ પોતાની એક વિધવા કુંવરીને કશી પણ લગ્નક્રિયા કરાવ્યા વગર તુરતજ હસ્તમેલાપ કરાવી હમીર રાણાને જાનીવાસો આપી શાંત કર્યો. પુનઃ તે વિવાહિતાએ રાત્રીની વખતે ઘણા પ્રેમ,—ભાવ ભક્તિ, તથા સામ્યધર્મ ઉપયોગમાં લઇ પતિદેવને પ્રસન્ન કરી કહ્યું કે—" પ્રાણનાથ ! મારા પિતાએ જો કે આપશ્રીનું અપમાન કર્યું છે; તો પણ આપશ્રી તેથી હાલ ગુસ્સાને પ્રકાશમાં લાવશો નહીં એમ મારી નમ્ર વિનતી છે. પ્રથમ મારાં લગ્ન થયાં હતાં; પણ હું સાસરે જવા જોગ થતાં પહેલાં વિધવા થઇ રહી હતી એથી કુંવારીને બદલે વિધવાનો હસ્તમેળાપ કરાવી મારા પિતાએ અયોગ્ય

કામ કર્યું છે; તથાપિ આપ મારા હસ્તમિલાપથી નારાજ થશો નહીં; કેમકે હું આપશ્રીને ચિત્તોડગઢ સ્વાધીન કરાવાજ આવી છું એમ આપશ્રી ખચિત માનીજ લેશો. હવે મારો સંબંધ તેમની સાથે નથી; પણ આપ હજૂરશ્રી સાથે ગાઢ સંબંધ છે! આ અપમાનનો બદલો વાળવા હાલ અન્ય કોઇ ઇલાજ ન યોજતાં આ રંક દાસીની અરજ ઉપરથી ફક્ત પહેરામણી વખતે બક્ષી જાલમસી મુહતો કે જે રાજ્યખટપટનો મહાન્ અનુભવી અને આપશ્રીનો જુનો વિશ્વાસુ મુત્સદ્દી છે તેને માંગી લેવો, એટલે ચિત્તોડગઢ ઉપર ફરીને રાણાજીનો વિજય ખાવટો ફરકતોજ થયો માનશો. નાથ! નગીના નર નાથ! હું આપશ્રી સાથ હાથ મેળવી આપ પ્રાણનાથનેજ સર્વસ્વ આશરૂપ સગા સગાં સંબંધી સંગાથ માની આ ભવ પાથ તરવા સનાથ થઇ છું જેથી માથ નમાવી આપશ્રીના ગુણગાથ ગાઇ જીવન સાફલ્યતા પ્રાપ્ત કરવામાંજ લીન રહીશ.” ઇત્યાદિ સરાગી વિનીત વચનો સાંભળી રાણો આનંદ પામ્યો અને વિવાહિતાની ભલામણ મુજબ પહેરામણી વખતે પોતાનો મુદ્દો પાર પાડવા ઉત્સુક થયો.

જ્યારે પહેરામણી આપવા વખતે માલદેવે જમાઇરાજને પૂછ્યું કે–“ આપ પહેરામણીમાં શું વસ્તુની ઇચ્છા ધરાવો છો ? જે ઇચ્છા હોય તે ફરમાવો તો મારા ગજા મુજબ હાજર કરી સાનંદિત થઉં.”

રાણાએ પહેરામણીમાં ફકત મંજુલદેવીના કહ્યા મુજબ મુહતા જાલમસી બક્ષીનેજ માંગી લઇ પ્રસન્નતા બતાવી રંગેચંગે કેલવાડા ભણી નવલવધૂ સહ પ્રયાણ કર્યું. અને નિર્વિઘ્ન પણે સ્વસ્થાનમાં પહોંચી સંસારને સ્વર્ગસમાન સુખમય બનાવ્યો.

દંપતિના અત્યાનંદ અભિનવ વિલાસયોગે ખેતસિંહ નામે પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ, એથી આનંદમાં વિશેષ ઉમેરો થયો. સંસારમાં સાંસારિક જીવોને સુપુત્ર પ્રાપ્તિ કરતાં અન્ય કોઇ વિશેષ આનંદ પ્રસંગ નથી, એમ કહિયે તો તે અસત્ય ગણાય તેમ નથી. એથી દંપતિનાં દિલ દિવસ પ્રતિ દિવસે આનંદિત રહી આશાને સફળ કરવા સદુદ્યોગી થયાં, અને જ્યારે કુંવર વર્ષ દિવસનો થયો ત્યારે તેમના મનમાં હર્ષનો પાર રહ્યો નહીં.

બુઝુર્ગ બક્ષીએ છુપા જાસુસો મારફત ચિત્તોડમાં માલદેવની ગેરહાજરીની ખબર મેળવી રાણાજીને અરજ કરી “ધર્માવતાર!

હું એવી ખટપટને સફળ કરવા ધાઉં છું કે, માલદેવ અત્યારે મહારિયાના મેર લોકો સાથની લડાઈમાં ગુંથાયેલો છે, તેવા સમયમાં મહારાણી સહિત કુમારશ્રીને લઈ ત્યાં જવાય તો મારી નિમકહલાલી ફતેહને ભેટવા ભાગ્યશાળી થાય તેમ છે. પ્રથમ ત્યાં કુમારશ્રીને ક્ષેત્રપાળને પગે લગાડવાની બાધા પૂરી કરવા જવા સંબંધી ખબર મોકલી તેડું આવતાં ત્યાં જઈશ, અને ત્યાંની પ્રજા તથા લશ્કરને મારા કથનાધીન બનાવી દઈશ. આપ હજૂરશ્રી પણ ચિત્તોડગઢની નજીકમાંજ વીર મેવાડીઓ સહિત તૈયારીમાંજ રહેજો અને જ્યારે ખબર મોકલું ત્યારે ચિત્તોડમાં પધારી જીતના નગારે ડંકા દેજો.”

આ પ્રમાણે મસલત કરી માલદેવના કાર્યવાહકોને કહેણુ મોકલાવ્યું એથી ‘સુખેથી પધારો’ એવા સમાચાર મોકલાવ્યા કે તુરત મંજુલદેવી કુંવર અને બક્ષી સાથે રક્ષકો સહિત ચિત્તોડ જઈ પહોંચી. બાધાનું તો બ્હાનું હતું પણ કામતો પ્રજા ને પ્રતિપક્ષિના લશ્કરને પોતાના પક્ષમાં લેવાનું હતું તે બક્ષીએ પૂરેપૂરૂં પાર પડ્યું. રાણાજીને ચિત્તોડ સર કરવા કહાવી મોકલ્યું કે તુરત રાણાજી તૈયાર રાખેલા લશ્કર સહિત ચિત્તોડભણી પધારતા હતા; પરંતુ શત્રુ લશ્કરની ટુકડીનો રસ્તામાં ભેટો થયો જેથી પોતાની પાસે જુજ લશ્કર છતાં પણ તેની ખાખાવીખી કરી ચિત્તોડમાં પ્રવેશી પોતાની વિજયપતાકા કાયમ કરી અત્યાનંદ પામ્યા.

જ્યારે ચિત્તોડગઢ ઉપર રાણાજીની વિજયપતાકા ફરકતી નિહાળી ત્યારે તેની આસપાસ પ્રદેશની અને મેવાડ પ્રદેશની વીરમેવાડી પ્રજા અત્યંત આનંદિત થઇ ચિત્તોડગઢમાં આવી વસવા લાગી, તેમજ શત્રુ સ્હામે ભીડવા અત્યાતુર બની રહી. એથી રાણાજીને લશ્કરી મદદની ખોટ રહી નહીં, અને અન્ય ખંડિયા રાજાઓ પણ પૂર્વની પેઠે ચિત્તોડને ખંડણી ભરવા ને લશ્કરી મદદ આપવા તત્પર થઇ, વિધર્મીઓ તરફ વૈરભાવથી વર્ત્તી સ્વધર્મી રાણાજીના સંરક્ષણમાં સાવધ રહેવા લાગ્યા.

અલ્લાઉદ્દીન પછી શાહ મહંમદ દિલ્લીપતિ થયો હતો, તેની અગાડી માલદેવે ચિત્તોડને પુનઃ પોતાના હાથ લેવાની અરજ કરી એથી મહંમદશાહ ચડાઇ લઇ ચિત્તોડ ભણી આવવા રવાના થયો; પરંતુ તેને ચિત્તોડ લગી પહોચવા દેવો એ મેવાડી વીરપ્રજાથી દેખી શકાયું નહીં. સંખ્યાબંધ ભીલો બાહડાઓ અને અન્યવીર

પ્રજા હમીરસિંહ રાણાજીની સરદારી હેઠળ વીરસાજ સહિત આવી શત્રુને શઆઆનો અચ્છો સ્વાદ ચખાડવા તત્પર થઇ એટલે તે તકનો લાભ લઇ સીંગોલી અગાડી મહંમદશાહના લશ્કર સાથે રાણાજીએ લડાઇ લીધી, અને એવો તો જુસ્સો બતાવી શત્રુ સેનાપર મારો ચલાવ્યો કે તેમાં માલદેવનો પુત્ર હરિસિંહ મરાયો અને મહંમદશાહ જીવતો કેદ પકડાયો જેથી વિજય વરી ચિત્તોડમાં પધારી સર્વને આનંદ આપ્યો. તથા ત્રણ માસ લગી દિલ્હીપતીને કેદમાં રાખી છેવટે સુલેહ માટે અજમેર, રણથંભોર, નાગોર અને સુઇસોપુર એ ચાર પ્રગણાં તથા સો હાથી અને પચાસ લાખ રોકડનાણું આપી શાહ કેદથી મુક્ત થયો.

મહારાણીએ પોતાના મોટા ભાઇ વનવીરને નિમકહલાલ જાણી પોતાની પાસે રાખ્યો અને તેણે પણ ઇમાનદારીથી રાજસેવા બજાવી ચંબલનદી ઉપરનું ભીનઓર જીતી મેવાડના રાજ્યમાં વધારો કર્યો.

વ્હાલા વાચનાર! મંજુલદેવીની વાર્તા આપણને એજ શિક્ષણ આપે છે કે કુલીન સ્ત્રીએ પરણ્યા પછી પોતાના પતિના જ પક્ષમાં પૂર્ણપણે રહી પતિનું જ ભલું થાય તે માર્ગ હાથ ધરવો. નહી કે પિયરીઆંઓનો પક્ષ કરી પતિના હકમાં ગેરલાભ થવાની દરકાર ન રાખવી! આજકાલની સ્ત્રીઓ પતિનું હિત ન ચાહતાં પિયરનું જ હિત ચાહે છે એથી અંતે પતીનો અણગમો વ્હોરી સુખ ને સ્વર્ગસંપત્તિને ગુમાવી બેસે છે. તેમજ ન્યાયશીળ રાજાની પ્રજા પોતાના રાજા તરફ કેવી વફાદારી બતાવે છે, અને અનુભવી મુત્સદ્દીઓ કેવા દાવપેચથી પોતાના અન્નદાતાને ફતેહ અપાવે છે તેનો તાદૃશ ચિતાર આપણી નજર અગાડી ખડો કરે છે. જુઓ તે મંજુલદેવી અને તે વફાદાર મુત્સદ્દી કોઇજુદીજ સ્વર્ગ ભૂમિકામાં બિરાજેલ હશે; તથાપિ તેમની સતીત્વતા અને ભક્તિવાત્સલ્યતા જેવાને તેવા રૂપથી આપણને તે તે ગુણોનું ભાન કરાવી તે તે ગુણોને લાયક બનાવી રહેલ છે. ધન્ય છે તેવી પતિપ્રેમી પતિયો, ન્યાયી નરનાથો અને અટંકી વીર રાજ ભક્ત પ્રજાને કે જેણે પોત પોતાનો ઉત્તમ ધર્મ જાળવી દુનીયાના જીવોને અજાયબીને તાબે કરી રાખેલ છે! કહ્યું છે કે,—

દોહા—સુકામથી નામો સદા, અમર રહે સહી તેહ;
સુકામ વિણ નામો નક્કી, નાશ થાય નિસંદેહ!

——(૦)——

શૌર્યવીર સતી કર્મદેવી.

મજકુર સતીનો જન્મ વિક્રમની ચૌદમી સદીમાં રાજપુતાનાના **અરીત** સ્થલ અંદર રાજા **માણુકરાયની** હવેલીમાં થયો હતો. અને વિવાહ સંબંધ **જૈસલમીરની** પાસેના **યુગલપુરના** પતિ રાજા **રણુંગદેવના** કુમાર **સાધૂરાજ** સાથે જોડાયો હતો. શૌર્યતાની કસોટી એ પ્રમાણે થઈ કે—

રાજકુમારી કર્મદેવીના કર્ણપુટમાં સાધૂરાજના ઉત્તમ ચરિત્રામૃતનું બુંદ પડયું હતું કે સાધૂરાજ કેવળ ડોળઘાલુ સાધુનામ ધારણ કરનાર વૈરાગ્યવૃત્તિ વડે પેટ ભરનારી સાધના કરનાર ન હતો; પણ તે અટલ શુરવીર રાજકુમાર હતો જેથી તેણીની અંતરંગવૃત્તિ તે કુમાર તરફજ અચળ પણે દોરાઇ તેનીજ પત્નિ થવા દૃઢ નિશ્ચય કરી બેઠી હતી. તેણીના પિતાનો વિચાર રાઠોડ વંશી રાજકુમાર અરણ્યકમળ સાથે વિવાહસબંધ જોડવાનો હતો અને તે સંબંધી વાર્તા પણ બ્હાર આવી જતાં છેક તે વાત અરણ્યકમળના કાને પણ જઈ પહોંચી હતી. અરણ્યકમળ પણ કર્મદેવીના રૂપ ગુણનાં અત્યુત્તમ વ્યાખ્યાન શ્રવણ થવાને લીધે તેણીને વરવા માટેની યોગ્ય કોશીશ કરી રહ્યો હતો; તથાપિ રાજકુંવરી કર્મદેવીની ઈચ્છાનુસાર આખર માણુકરાયે સાધૂરાજ સાથેજ સંબંધ જોડયો અને તેણીના પતિને કન્યાદાન સમય પુષ્કળ ધન દોલત વગેરેથી પોતાનો ઉત્સાહ પ્રદર્શિત કરી પ્રેમસંબંધને વિશેષ દીપાવ્યો.

આમ થવાથી અરણ્યકમળનો શ્રમ વ્યર્થ જતાં તે ક્રુદ્ધાયમાન થયો અને પરણ્યા છતાં પણ સાધૂરાજને કુશળ પૂર્વક કર્મદેવી સહ જવા ન દેવો, એવા ઈરાદાથી તે ચાર હજાર રાઠોડ વીરો સહિત સાધૂરાજને જવાનો માર્ગ રોકી યુદ્ધ કરી કર્મદેવીનું હરણ કરવા તત્પર થયો.

સાધૂરાજ પણ એ વાતથી તદ્દન અજાણ ન હતો એથી તેણે પ્રથમથી જ સાતસો ભટ્ટી રજપૂતોનું વીરમંડળ પોતાના સંરક્ષણ નિમિત્ત સાથે રાખેલું હતું. તો પણ સ્હામેવડીયો સબળ દળવંત હોવાથી તે સાવધાની સાથ પંથ પસાર કરતો હતો. પરંતુ ચંદન નામના વિકટ સ્થળમાં આવી પહોંચતાં તેને વિકટશત્રુના મોરચાની ભેટ થઈ.

અરણ્યકમળે પ્રથમ તો સાધૂરાજને કહ્યું કેઃ—"આ મારા નામ સાથે જોડાયલી રાજબાળાને તું લઇ જવા ધારે છે; પણ તે સિંહનો શિકાર શિયાળનું લઇ જવા ધારે તેવો તારો પ્રયત્ન છે; તો પણ જો એ મારી મનમોહીનીને મારા સ્વાધીન કરી દે તો હું તને વગર હરકતે જતો કરીશ; નહી તો રકઝક કરવામાં તારો અંત આવશે. બોલ, એમાંથી કયો માર્ગ તને ઠીક લાગે છે?"

સાધૂરાજે કહ્યું—"મને શત્રુ જાણ્યા છતાં આવી દયા બતાવવી એ જ રજપૂતને લાંછન લગાડનારી રીતિ છે. યુદ્ધના વિચાર કાયમ કરી પછી વાતના ફ્યાકા મારવા એજ કાયરોનું કર્ત્તવ્ય છે. શિયાળનું છે કે સિંહ એની ખબર મારા હાથની તરવાર તને જણાવી દેવા સશક્ત છે. રાજી ખુશીથી જેણીના પિતાએ મને પરણાવી છે જેથી આ મારી વિવાહિતા જ છે; છતાં સ્વાતન્ત્ર્યવૃત્તિવંત બની તું જૂઠી પાતકનો સ્વાદ અનુભવવા ઇચ્છા ધરાવે છે તે તને ઘણુંજ શરમ ભરેલું છે. તારી ભાગ્યદેવીએ આ સુંદરીથી વિમુખ રાખ્યો તો તે માટે તેણીની સાથે દ્વેષ ભાવ ધર; પરંતુ પાડાના વાંકે પખાલીને ડામ દેવા સરખો પ્રકાર શા સારૂ આદરી મરણને માગી લે છે. રજપૂતો વરેલીને જીવતાં છતાં કદી બીજાને સોંપનારજ નથી; માટે તારામાં જો બળ હોય તો તને યોગ્ય લાગે તેમ કરી રજપૂતાઇને દીપાવ."

આવું બોલવું થતાં અરણ્યકમળ રાતો પીળો થઇ જઇ પોતાના ચાર હજાર રાઠોડીઓ સહિત સાધૂરાજ ઉપર તૂટી પડયો અને તેને મારી કર્મદેવીને લઇ જવાના વિચારમાં દૃઢ થયો.

સાધૂરાજનું લસ્કર ન્હાનું હતું; તથાપિ પૂર્ણ હિમ્મત સાથ રાઠોડીઓ ઉપર શસ્ત્રાસ્ત્રનો વર્ષાદ વરસાવી રહ્યું હતું. એથી બેઉ પક્ષ ગરમાગરમી રૂધિર પ્રવાહ ચલાવા ગીટપણે દ્વંદ્વ મચાવી રહેલ હોવાથી બન્ને બાજુનાં ઘણાં માણસો માર્યાં ગયાં.

કર્મદેવી પોતાની દૃષ્ટિ અગાડી થતી ઘોર લડાઇ જોઇ રહી હતી અને પોતાની અરધી સેના કામ આવી ગઇ હતી છતાં પોતાના પતિદેવને અધિક વીરોત્સાહી વચનો વડે રણરંગમાં અધિક રંજિત કરી રહી હતી, એથી સાધૂરાજે એકલેજ છસો રાઠોડીઓને યમલોકમાં મોકલાવી દીધા, અને પૂર્ણ જુસ્સા ને ગુસ્સા સાથ અરણ્યકમળની

ઉપર ધસી ઘા કર્યો; પણ તેની આત્મરક્ષાની બલિષ્ટતાથી તે ઘા તેના હાથ ઉપર લાગતાં તે બચી ગયો. એથી અરણ્યકમળે સાધુરાજ ઉપર એવો તો સખ્ત ઘા કર્યો કે તે ઘા તેના માથામાં લાગતાં અચેત થઇ ધરણીપર ઢળી પડ્યો, તે ફરી પોતાની પ્રાણપ્યારીનું સંરક્ષણ કરવા અદ્યાપિ પર્યંત સચેત થયો નહી. કર્મદેવીપર ઘોર આપદા આવી પડી. પોતાનું શીળ સંરક્ષણ સવું પણ મુસ્કેલ થઇ પડ્યું. બિચારી લાચારીને ભેટતાં નિરાધાર થઇ રહી, અને દુઃખમાં કશી મણા રહી નહી; તદપિ શું તેણીએ અરણ્યકમળની મુરાદ બર લાવવાની આશાને આશ્વાસન આપ્યું ! ના, બિલકુલ નહી ! તેણી સતીએ તો તરત પતિની તરવાર હાથમાં પકડી તે તરવારથી પોતાનો એક હાથ કાપી નાંખી પોતાના સેવકો મારફત સસરાજીને તે હાથ પહોંચાડવા ભલામણ કરી અને બીજો હાથ કાપી તે હાથ ગીદડા (કાંકણ દોરા) સહિત મહીલ નામના પોતાના રાજકવિને ત્યાં પહોંચાડવાની ભલામણ કરી, તેજ સમય જયઅંબેના અવાજ સહિત પોતાના પ્રાણનાથના શબને પોતાના ખોળામાં રાખી ચિતા ખડકાવી તેમાં પ્રવેશ કરી ભસ્મીભૂત થઇ સ્વર્ગને શોભાવ્યું. એથી અરણ્ય કમળ અપયશનામી થવાને લીધે અરણ્યકમળ વા ખાતો જ રહ્યો અને અનહદ નુકસાની તથા સતીની હાય વ્હોરી વ્હીલે લમણે પાછો વળ્યો. અને સાધુરાજ સર્વ પ્રકારે યશનામી નીવડી સ્વર્ગસંપદા પ્રાપ્ત કરી પોતાની મુરાદને બર લાવવાના સૌભાગ્યનો સંગી થયો.

સતીનો ડાબો હાથ સસરા પાસે અને જમણો હાથ રાજકવિ પાસે પહોચતાં સસરાએ તે હાથને પ્રસન્નતા પૂર્વક વિધિવત્ અગ્નિ સંસ્કાર કરાવી તે સ્થળે તે ઉત્તમ હસ્તની અચળ યાદી રહેવા કર્મદેવી સરોવર બંધાવ્યું તે હાલપણ હયાત છે, અને રાજકવિએ કાંકણુ દોરા વાળા હાથને પણ અગ્નિસંસ્કાર સાથે ભેટાડી તે મંગળ ચિન્હવંત હાથની નિરંતર યાદી રહેવા 'સતીધર્મસરોજ' નામનું ઉત્તમ અસરકારક કાવ્ય પુસ્તક રચ્યું, તે પુસ્તક હાલ કાયમતા ધરાવી વાચકોને વિમળવંશી સતીઓનું કર્ત્તવ્ય સ્મરણમાં લાવી રહેલ છે ?

વાંચનાર ! અપયશ વ્હોરી જીવવું, છે ધિઃકાર સ્વરૂપ;
સુયશ વરીને જીવવું, તે જયવંત અનૂપ ।

ધર્મવીર સતી હંસાકુંવરી.

સતી હંસાકુંવરીનો જન્મ વિક્રમની પંદરમી સદીમાં વીર પ્રસવિની મરૂભૂમિના પાયતખ્ત મંડોરની અંદર રાવ ચૂંડાજીના રાજમહાલય વિષે થયો હતો. અને તેણીનાં લગ્ન મેવાડપતિ રાણા લાખમસિંહ સાથે થયાં હતાં. તથા તેણીએ કિશોર વયમાં, જેના શરીર પર સોગંદ ખાવા એક પણ કાળો વાળ ન હતો તેવા બુઠ્ઠા વરને વરી ઉત્તમ પ્રકારે પોતાનું સતીત્વ જાળવી શોભાને પાત્ર કર્યું તે બિના નીચે મુજબ છે:-

સંવત્ ૧૪૫૮ની સાલમાં રાવ ચૂંડાજી પુગલના ભાટી રાજા સાથની લડાઇમાં સ્વર્ગસ્થ થયા જેથી કિશોરી હંસાકુંવરીનાં સગપણ માટે તેણીના ભાઇ રિડમલ્લે રાણા લાખમસિંહના પાટવી પુત્ર ચંદ્રસિંહ સાથે જોડવું યોગ્ય ધાર્યું. અને ગોરની સાથે ચિત્તોડગઢ શ્રીફલ મોકલાવ્યું; પરંતુ ભાવિવશથી એમ બન્યું કે-જ્યારે ગોર નાળિયર લઇ રાણાજી હજૂર હાજર થયો ત્યારે વૃદ્ધ રાણાજીએ મજાકમાં ગોરને પૂછ્યું કે-" શું આ શ્રીફળ આપી આ ધોળી દાઢી વાળાને રાવ રિડમલ્લ પોતાની બ્હેનને આપવા ચાહે છે કે ?" ગોરે કહ્યું:-

" નામવર ! રિડમલ્લજી રાવે યુવરાજ વેરે પોતાની બ્હેનનાં લગ્ન કરવા આ શ્રીફળ મોકલ્યું છે; કેમકે પટરાણી પદનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તો ભવિષ્યમાં રાજ્યમાતાનું પણ બિરૂદ મેળવવા ભાગ્યશાળી થવાય."

ચંદ્રસિંહ તે વખતે ત્યાં હાજર ન હોવાથી રાણાએ તેમને તેડું મોકલ્યું; પણ તેડાગરે દરબારમાં થયેલી વાત યુવરાજ અગાડી રોશન કરી જેથી ચંદ્રસિંહે પોતાના પિતાશ્રીની લાગણી તે કુંવરીના વરવા તરફ જાણી, એથી દરબારમાં આવી નાળિયર આવ્યા સંબંધીની વાત નિકળતાંજ તેણે નમ્રતા યુક્ત વિનવ્યું કે-" પૂજ્ય ! એ રાજકુમારી તરફ આપની મનોવૃત્તિ હો કે ન હો; પણ મશ્કરીમાં જેણીને પોતાની થવાની વિચારણા જાહેરમાં આણેલી હોવાથી તેણીને અંગીકાર કરવાનું નાળિયર હું શી રીતે સ્વીકારી શકું ! માટે આપેજ એ શ્રીફળ સ્વીકારી લેવું જોઇએ."

ચંદ્રસિંહનું આવું બોલવું થવાથી રાણાએ તેમજ ઉમરાવ પટાવતોએ ઘણી ઘણી રીતે યુવરાજના મનનું સમાધાન કરવા યત્ન પ્રયત્ન અમલમાં લીધાં; તથાપિ ચંદ્રસિંહે લીધેલી જિદ્દ છોડી નહી; એથી આખર રાણાએ એક અટલ બિના રજુ કરી કે–"જો તમો મનેજ શ્રીફળ અંગીકાર કરાવા આગ્રહ કેરો છો તો ધ્યાનમાં લ્યો કે—તે રાવજી પોતાના ભાણેજને મેવાડની ગાદીનો હકદાર થવાની ઉમેદ ધરાવે છે; માટે તમો આ ગાદી પરનો દાવો છોડી દઇ પહેલા પટાવતની જગા સ્વીકારી જીવનને પ્રશંસનીય કરવા ધારો તો તેમ કરી શકું, કહો એ શી રીતે બની શકે ?!"

રાણાજીના આવા શબ્દ શ્રવણ કરી દરબારિયો ગંભીર સ્વાલનો નિર્ણય જોવા અતિ આતુરતાને આધીન થયા હતા; છતાં પિતૃભક્ત દૃઢપ્રતિજ્ઞ ચંદ્રસિંહે તેઓને આતુરતાને આધીન રહેવાનો વિશેષ અવકાશ આપ્યો નહીં. તે તો તુરત અટલ સ્વાલની અગવડ દૂર ટાળીને બોલી ઉઠ્યો કે–"હું સત્ય નિષ્ટાથી ઇષ્ટદેવ શ્રી એકલિંગજીના સોગંદ ખાઇ વગર દબાણે શરત જાહેર કરૂં છું કે–'આજથી હું મેવાડની ગાદીને માટે કિંચિત્ પણ દાવો ધરાવીશ નહીં અને સ્વામીધર્મ સાચવી શુદ્ધ ભાવયુક્ત પ્રથમ દરજ્જાનો ઉમરાવ થઇ આનંદથી રાજભક્ત રહીશ.' ફરમાવો હજી પણ કંઇ આથી વિશેષ ફરજ બજાવવાની છે ?"

ચંદ્રસિંહની આવી વાણી સાંભળી તમામ દરબારિયો એકે અવાજે ધન્યવાદ આપવા લાગ્યા, કેમકે પિતાશ્રીનું મન રાખવા મેવાડ જેવી ગાદીનો હક્ક છોડી ઉમરાવની પદવી મેળવવા કોણ દૃઢ પ્રતિજ્ઞા કરે તેવો સ્વાર્થશત્રુ હોય ! કોણ પૂરો પરમાર્થી હોય ! અને કોણ ચાંદલો કરવા આવેલી લક્ષ્મીને જાણી બુઝી પાછી કહાડનાર સુજાણ હોય ? ધન્ય છે પિતૃભક્ત પુત્રને !

આમ બનવાને લીધે તે નારિયલ રાણાજીએ સ્વીકાર્યું. હંસાકુંવરી સાથે લગ્ન થયાં. નવી રાઠોડાણીજી સાથે પ્રશંસાયોગ્ય સાંસારિક સુખાનંદ વિલસતાં મોકલસિંહજી નામનું નિર્મળ પુત્રરત્ન પ્રાપ્ત થયું. જ્યારે મોકલસિંહ પાંચ વર્ષનો થયો ત્યારે રાણાજી સંસારસંતાપની તપ્તતાથી શાંત થઇ સાચી શાંતિ મેળવી જીવન સાર્થક કરવા માટે ગયાજીના પવિત્ર ધામમાં પાછળની–શેષ જીંદગી ગાળી ઇશ્વરોપાસનામાં વ્યતીત કરવી એવા–નિશ્ચયપર આવ્યા;

પણ ગયાજી જવા અગાઉ મોકલસિંહને મેવાડની ગાદીએ તખ્તનશીન કરાય તો ઠીક; પરંતુ પોતે વૃદ્ધ હોવાને લીધે રાજ્યનો સઘળો કારભાર ચંદ્રસિંહ ચલાવતો હતો–એટલુંજ નહીં પણ ચંદ્રસિંહની બુદ્ધિચાતુરીથી, બહાદુરીથી, સદ્દગુણોથી અને પ્રજાપ્રેમાલ-મિલનસાર સ્વભાવ વગેરેથી તમામ જનોની મમતા ચંદ્રસિંહે સારી પેઠે મેળવેલી હતી, તેથી રાણાજીને તે મમતા સતાવતી હતી કે વખતે મેવાડીપ્રજા ચંદ્રસિંહ જેવા સારા અને સાચા હક્કદારને ગાદીનશીન ન કરતાં મોકળને તખ્તનશીન કરૂં તો પ્રજાજ તેની તરફ મમતાળું ન બને અને ચંદ્રસિંહને ગાદીપતી થવાની ફરજ પાડે. અથવા તો કાબેલ ચંદ્રસિંહ અગાડી માત્ર પાંચ વર્ષનો મોકલસિંહ રાણો શા હિસાબમાં ગણાય? તેમ વળી અત્યાર લગણુ કદી ચંદ્રસિંહ અગાડી મોકલને ગાદીનશીન કરવાની વાત પણ રાણાજી ઉચ્ચારી શકયા ન હતા. અને ચંદ્રસિંહની મંજૂરી ને સહી–દસ્તખત વિના મેવાડની ગાદીનો કશો પણ રાજ્યવ્યવહાર કબુલ ગણાય તેમ ન હતું, એથી આખર ચંદ્રસિંહને કહ્યા વિના અન્ય ઇલાજજ ન હતો. એ સબબને લીધે ચંદ્રસિંહને યુક્તિ પૂર્વક પોતાનો વિચાર જાહેર કરવા રાણાજીએ પૂછ્યું–" વ્હાલા વિવેકી ચંદ્રસિંહ! હું હવે પાછળની બાકી રહેલી જીંદગી પવિત્ર તીર્થ ગયાજીમાં રહીનેજ ગુજારવા ધારૂં છું, પણ તે પહેલાં હું તને મેવાડની ગાદી આપી મોકલને જાગીર આપવા ઇંતેજાર છું, તો કહે કે મોકલને કયાની જાગીર આપવી ઉચિત છે! "

ચંદ્રસિંહે રાણાજીના પ્રશ્નનો મતલબ સમજી તથા પોતાની પ્રતિજ્ઞાને સિદ્ધ થવાની તક માની કહ્યું કે–" ચિત્તોડની જાગીર મોકલભાઇને આપવી વ્યાજબી છે. હું પણ આપશ્રીની વિદ્યમાન મોકલભાઇને રાજ્યાભિષેક થવો જોવા આતુર છું માટે તેમ કરી મને સલુંબરની જાગીર આપો એટલે હું ત્યાં જઇ રહી શુદ્ધ નિષ્ઠાથી બાળકરાણાજીની સેવા બજાવીશ."

આવો બોલ સાંભળી રાણાજી ઘણાજ પ્રસન્ન થયા. તેમણે તુરતજ મોકલને મેવાડની ગાદીનો વારસ કરી રાજ્યચિન્હયુક્ત રાજ્યસિંહાસનને શોભાવ્યું અને ચંદ્રસિંહને સલુંબરની જાગીર આપી પહેલા નંબરનો ઉમરાવ ઠરાવી રાણાજીની જમણી બાજુએ પહેલીજ બેઠકનો હક્કદાર તથા ભાલાની નિશાની સાથ તેની કે

તેના વંશજોની સહી થયા વગર મેવાડી રાજ્યનો કશો પણ રાજતંત્ર વ્યવહાર સંબંધી ઠરાવ કબુલ ગણાઇ શકાય નહી, તે સર્વોચ્ચ પણાનો હક્કદાર ઠરાવી, મોકલસિંહ રાણો રાજ્યની લગામ સાચવવામાં પૂર્ણ પ્રકારે કાબેલિયત ને લાયકાતવંત થાય ત્યાં લગી ચંદ્રસિંહજ સઘળો રાજ્યભાર વહન કરી તમામ અધિકાર સાચવે. એવું પોતાની મ્હોર શિક્કા સહિત ઠરાવ પત્ર કરી સર્વ ઉમરાવો વગેરેને મેવાડની ગાદીના સ્વામધર્મી રહી મેવાડી પ્રજાને આનંદ આપવાની ભલામણુ કરી રાણોજી અત્યાનંદ વર્યા.

તે પછી વૃદ્ધ રાણાજીએ નવી રાઠોડણીની સમ્મતી મેળવવાનું વિચારી તેણીને જાહેર કર્યું કે–"તમોને હવે રાજ્યમાતાનું પદ સુંપરદ કરાવી દીધું છે. હવે અન્ય પ્રકાર કશી ભાંજગડ રહી નથી અને કુંવર વિદ્યમાન હોવાથી સર્વ બાજી સુધરેલી છે, તો હવે મને મારી અંત અવસ્થાને પ્રશંસાવંત પુણ્યપ્રાપ્તિ કરવા ગંગાજીમાંજ રહી જીવન ગુજારવાની સમ્મતી મેળવવા હું તમારી પાસે આવ્યો છું. હું ધારૂં છું અને માનું છું કે તમોએ કિશોરાવસ્થામાં છતાં મારા જેવા વૃદ્ધને વરી જરાપણ ઉદાસી ધરી નથી, તેમ પવિત્ર સતીના જે જે ધર્મકર્મ છે તે તે પ્રમાણે વિચરી મારી પૂર્ણ પ્રીતિ સંપાદન કરી છે, અને એનાજ બદલામાં ખરા હક્કદારને માત્ર સલુંબરની જાગીર આપી તમારા બાળકુંવરને મેવાડની ગાદીની આબાદી હાથ સોંપી છે. તમારી મને સર્વ પ્રકારે પ્રતીતિ મળી ચુકી છે એથી અન્ય તો કશું કહેવાનું રહ્યુંજ નથી; પણ માત્ર તમો ભોળાં ને ભલા દિલનાં છો જેથી કાચા કાનનાં થઇ કંઇ સાહસ કરી કોઇનું માન ન્યૂનતાવંત કરતાં નહીં. જો કે તમોને પરણ્યે વિશેષ વખત થયો નથી, અને તમો ઉછરતી યુવાનીનાં છો; છતાં તેવા સમયમાં મારો વિયોગ તમને સાલે તેમ છે; તથાપિ તમારા સતી–પાતિવ્રત ધર્મને ધ્યાનમાં લઇ હું ગંગાજી જવાની સમ્મતી સાથ તમારી સમ્મતીને અનુકૂળ રહેવા ઇચ્છું છું તો તેમાં સહાયભૂત થશોજ એવી પૂર્ણપણે ઉમેદ રાખું છું."

પ્રિય પાઠકગણુ ! સતી હંસાકુમારી સર્વ પ્રકારના વૈભવ પૂર્ણ અને ભર યુવાનીવંત હતી; છતાં તેણીએ વૃદ્ધ વયના પતિની કેટલી બધી પ્રીતિ પ્રતીતિ સંપાદન કરી હતી તે ખચિત તેણીના સતીત્વતાનો ખરો ખ્યાલ ખડો કરનાર પ્રકાર ધ્યાનમાં રાખવા

જેવો છે, આજ કાલની નવયુવક સ્ત્રીઓ તો ધોળાવાળવાળા પુરૂષને જોતાંજ ધીખતા હૈયાવાળી બની બેસે છે. ધોળાવાળને તો તેમની વિષયી વાંછનાની ધારેલી ધારણાને ધૂળમાં મેળવનારા માને છે, અને વૃદ્ધને વરવા કરતાં મરવા તરફ વધારે ધાંખનાને દોડાવે છે; પણ તેઓ નથી સમજતી કે કાળાં કૃત્ય કરનાર પણ ધોળા વાળવાળો થતાં જરા ધોળાં (ઉજળાં) કૃત કરવા તરફ દોરાય છે, અનુભવી બને છે અને વિચારી વિચારીને પગલાં ભરી નવીનું મન જાળવવા વધારે ખંતવંત રહે છે. સુખ યા દુઃખ મળવું કે સંતતી થવી એ કંઈ અવસ્થા ઉપર ચોક્કસ નિયમ ધરાવનાર નથી, તે તો પ્રારબ્ધાધીન છે. તો પછી ઉમર તરફ પ્રેમ કે અણગમો બતાવવો વધારે વજનદાર નથી. જુઓ રાઠોડાણીજીને વૃદ્ધ વર મળ્યા છતાં કેવું સર્વોચ્ચ સુખ મળ્યું ! તથા તેમણે વૃદ્ધ પતિદેવના મનને જરા પણ મ્લાન ન બનાવતાં ગૃહરાજ્યને ઉત્તમ પ્રકારે શોભાવી પતિની પૂર્ણ મહેરબાની મેળવી આનંદનાં અધિકારિણી થયાનો દાવો હાથ કર્યો હતો. એજ તેમની ઉત્તમ નીતિ, રીતિ, પ્રીતિ, પ્રવૃત્તિની સરસ સાબેતી આપી રહેલ છે. તેમજ રાણાજીની મરજીને આધીન થઈ પોતાની મરજી ન છતાં પણ ગયાજીએ જઈ જીવનને સફળ કરવાની સમ્મતી આપવા સંબંધે તે આ પ્રમાણે બોલી કેઃ—

"મારા સંસારને મધુર કરનાર નેત્રમણિ ! આપશ્રીના જાણુવા બહાર નથી કે વિષપ્રાય સંસારમાં માત્ર આપશ્રીની વિદ્યમાનીના પ્રસંગેજ માધુર્યતા કાયમ રહી શકે છે, આપશ્રીના દર્શન વડેજ હમેશાં ઉદય પામતો સૂર્ય સોનાનો મનાઈ મારા દિવસોને મહા મુંઘા દર્શાવ્યા કરે છે, આપશ્રીની વિદ્યમાની વડે આબહવા આદિ તમામ પદાર્થો સુખનાં સાધનો થઈ રહે છે, આપશ્રીની પ્રસન્નતારૂપ ચંદ્ર કિરણોથી જ મારા હૃદયરૂપ ચંદ્રવિકાશી કમળ પ્રફુલ્લતા પામે છે, અને ટુંકામાં કહું તો આપશ્રીની ગેરહાજરી થતાં પ્રાણિમય સંસાર છતાં તે જન શૂન્ય થઈ પડશે. સ્ત્રીને સાચું ઉપરાણું પતિનુંજ હોય છે, સુખ દુઃખની છાની મીઠી ગોઠડીઓ પતિ અગાડીજ પ્રકાશતાં હૈયાનો ભાર ઓછો કરાય છે, અને પતિની પ્રેમચેષ્ટાથી સર્વ દુઃખ સુખરૂપ થઈ રહે છે, પુત્રો વગેરે સર્વ પ્રિયજનો દીર્ઘાયુષી રહો અને આનંદ મંગળને ભેટો; પરંતુ આપશ્રીની ખોટ તે પૈકી કોઈનાથી પૂરી પડે તેમ છેજ નહીં, જેથી આપશ્રીની ગેરહાજરી થવામાં મારી

જીભ શી રીતે સહમત થઇ સમ્મતી આપવા શકિતવંત બની શકે; પરંતુ જ્યારે આપ આર્યશાસ્ત્રોના ફરમાન મુજબ પોતાના દેહનું કલ્યાણ કરવા અત્યંત ઉત્સુક થયા છો ત્યારે મારી મરજી હોય કે ન હોય તોપણ મારા પુનીત ધર્મ પ્રમાણે આપશ્રીની મરજીને આધીન થવુંજ ઘટે છે માટે જેમ આપશ્રી ફરમાવો તેમ કરવા હાજર છું, અને ફરમાવેલી આજ્ઞા પાળવા તત્પર છું” ઇત્યાદિ ઇત્યાદિ વચનો કહી મૌન રહી.

રાણાજીએ તેણીનું સર્વ પ્રકારે મન શાંત કરી ગયાજી જવાનું નિરધાર્યું અને ત્યાં જઇ પોતાની તદન વૃદ્ધવયના લીધે જર્જરીભૂત શરીર છતાં ક્ષાત્ર ધર્મને ધ્યાનમાં ધર્મદ્રોહી તૈમુરલંગને હરાવી તેજ વર્ષમાં તે લડાઇમાં થયેલા સખ્ત જખમો ન રૂઝાવાથી પોતાના જીવાત્માને અમર સ્થળમાં શોભાવ્યો. ધન્ય છે એવા ધર્મ દૃઢતાધારી ક્ષત્રીયને !

તેમજ પતિની ગેરહાજરી વખતે સાદા ખોરાક, સાદા પોષાક અને સાદા વ્યવહાર સહ જીવનને તપ જપ વ્રતાદિમય પવિત્ર કરી આયુના અંતે સતી હંસાકુમારીએ પણ હંસવત્ ઉજ્વળ ધર્મ સહિત સ્વર્ગસદનમાં જઇ પતિની ભેટ પ્રાપ્ત કરી જીવાત્માને પાવન કર્યો, એથી એવી સુંદરીઓને પણ ધન્ય છે કે જેણીઓએ યુવાવસ્થામાં પતિનો વિયોગ થતાં યોગધારી પવિત્ર યોગિની સમ રહી છેલ્લી ઘણી શુધી અખંડ શીળશાલિની સાથ અમરત્વને પ્રાપ્ત કર્યું! પરમાત્મા! પરમ કૃપા કરી પુણ્ય-શિથિલ થઇ પડેલા આ આર્યાવર્તમાં પુન; તેવીજ પાવન સતાઓને પ્રકાશમાં લાવી સર્વ પવિત્રાત્માઓને પ્રસન્નતા આપો, જેથી આનંદ આનંદ થાય અને આર્યાવર્ત્તનાં યશોગાન દિગંત લગી ગવાય!!!

યુદ્ધવીર સતી સરદારબા.

આ પુનીતાત્મા રજપૂત બાળાનો જન્મ વિક્રમના ચૌદમા સૈકામાં અણહીલપુર પાટણની ઇશાનકોણમાં આવેલા રાણીપુરના કલ્યાણવંશી ખેમરાજ રાજાના દરબાર ગઢમાં થયો હતો, અને તેણીનાં લગ્ન ચંદ્રાવતીના દેવડા ચહુઆણ રાજકુમાર વૈરિસંહ સાથે

થયાં હતાં, તથા શીળ અને વીરતાની કસોટી થવાની બિના નીચે પ્રમાણે બની હતી.

પાટણના છેલ્લા રાજા કરણઘેલાને હરાવી દિલ્લીપતિયે તે રાજ ખાલસા કર્યું હોવાથી ત્યાં સૂબાની સત્તા રહેતી હતી. જ્યારે પાદશાહી પ્રતિનિધિ રહેમતખાં ખંડિયા રાજાઓ પાસેથી ખંડણી વસૂલ કરવા પાટણનો સૂબો થયો હતો ત્યારે તે ખંડણી વસૂલ લેતો લેતો રાણીપુર (પણ તે કામ માટેજ) જઇ પહોંચ્યો હતો. તેણે શહેરની બ્હાર સુંદર હવાવાળી જગામાં ડેરા તંબુ ખડા કરાવી મેલાણ કર્યું હતું, જેથી ખેમરાજે તેની સારી સરભરા કરવા માટે ઘણા સત્કાર પૂર્વક એક દિવસ વિવિધ જાતના ખેલ તમાશા કરાવ્યા, તેને નિહાળવાની ખાતર શહેરનાં તમામ પુરૂષો ત્યાં ગયા હતા, જેથી શહેરમાં ફક્ત કુલીન સ્ત્રીવર્ગ શિવાય કોઈ ન હતું, પુરૂષોની ગેરહાજરીને લીધે ઓઝલ પડદાવાળી ખાનદાન સ્ત્રીઓને તે દિવસે ખુલ્લી રીતે બારિયે બેસવામાં કે ખાનગી બગીચામાં ફરવા હરવામાં કશો પ્રતિબંધ નડે તેમ રહ્યું ન હતું, એ સબબને લીધે એક રાજવંશી નવયૌવના બાળા પણ એક બે સાહેલીઓને તથા ન્હાની વયના પોતાના ભાઇને લઇ મહેલ પાસેની ફૂલવાડીમાં સંધ્યા વખતે બેઠી હતી.

તે સમય સૂબેદાર રહેમતખાં શિકારને બ્હાને બ્હાર નીકળી કોઇના જાણવામાં ન આવે તેમ સકુલીન સ્ત્રીઓનાં સ્વરૂપો નિરખાવાની પાપી લાલસાને પોષવા રાણીપુરમાં દાખલ થયો. અને જ્યારે તે રંગમહેલની નજીક આવ્યો ત્યારે ઘોડાપર બેઠે બેઠે તેની નજર તે નવયૌવના ઉપરજ જઇ પહોંચી. તેમજ તે બાળાની નજર પણ તે સ્વારની તરફ આવી એથી બાળા એકદમ ઉઠી મહેલમાં દાખલ થવા દોડી, પણ ઉતાવળના સબબથી માથેથી સાડી ખસી જતાં તેણીની વેણી તથા મુખની અનુપમ સુંદરતા રહેમતખાનના જોવામાં આવી કે તે સ્તબ્ધ થઇ ગયો. શહેરની અન્ય સુંદરતા જોવાનું મોકૂફ કરી તેણી સુંદરીની સુંદરતાની સુરતામાં રસબસ થઇ પોતાને ઉતારે જઇ પહોંચ્યો; પણ તેને રાજકુમારીના મન મોહક સ્વરૂપે જરા પણ કળ વળવા દીધી નહીં. ચિત્ત પરવશ પડવાથી આકુળ વ્યાકુળપણું વધી પડ્યું. સેવકો મારફત તેણી રાજકુમારીની પ્રાપ્તિ માટે રસ્તા પણ ખોળ્યા; તથાપિ તે સર્વ નિષ્ફળ

નીવડયા. પરંતુ છેવટમાં ખેમરાજના પુત્ર મૂળરાજની મૂર્ખતાને ધ્યાનમાં લેઇ તેણે તેનાથી મનની મુરાદ બર લાવવાનો માર્ગ અખ્તીઆર કર્યો, અને બીજે દિવસ રાત્રીએ મૂળરાજને પોતાના તંબુમાં રાખી રમ્મત ગમ્મત કરવા વિચાર્યું. મૂળરાજ દારૂ ને જુગારનો શોખી હોવાથી રહેમતખાંએ તેને અચ્છી લ્હેજતવાળો દારૂ પાઇ ખાણું ખવરાવી ઘુઘરાજેવો બનાવ્યો.

વાંચનાર ! ચાલાક લોકોએ આટલી બાબતો ખાસ યાદ રાખવી જોઇયે કે, પોતાને કઇ વાત કે ચીજપર શોખ છે, પોતાનો અમુક જીવજાન દોસ્ત છે, અમુક કટ્ટો દુશ્મન છે, અમુક ઇષ્ટદેવનો હું ભક્ત છું, અમુક મારામાં દોષ છે. અને અમુક વાતો કે ચીતો તરફ મને નફરદ છે વગેરે બીજા મનુષ્યને કશું જણાવવું નહીં. નહીં તો દુશ્મનો અને સ્વાર્થસાધકો પોતાની ઇચ્છા પાર પાડવાનો લાગ શોધી મુરાદ હાંસલ કરી શકે છે. [1] એ વાતની સાબેતીને માટે પુરાવો રજુજ છે, કે જ્યારે મૂળરાજની મૂર્ખપ્રકૃતી અને દારૂ જુગારનો શોખ રહેમતખાંના કળવામાં આવ્યો તો તેથી કેવું માઠું પરિણામ આવ્યું તે તરફ લક્ષ આપો.

દારૂની લ્હેમાં લોટપોટ થયેલા મૂળરાજને પછી જુગાર ખેલમાં શામેલ કર્યો, અને તે પછી રંગ જામતાં હાર જીત બકવા માંડી. તેથી રહેમતખાંએ કહ્યું કે-"જો હું હારૂં તો તમોને ઉત્તર દેશ સોંપી દઉં, અને જો તમો હારો તો તમારી બ્હેન મને પરણાવવી." આ પ્રમાણે કહેવામાં આવતાં નિસ્સાની લ્હેરમાં તે શરત કબૂલ રાખવાની મૂળરાજે કબૂલત આપી, અને રમતાં રમતાં ભાગ્યની વિપરિતતાથી મૂળરાજ હારી ગયો, એટલે શરત પાળવાની કબૂલત મંજૂર કરવી પડી. તે પછી કંઇક સમય વીસા પછી નિસ્સો નરમ પડ્યો એથી ચિત્તમાં સ્વસ્થતા આવી એટલે કરેલી શરતનો પસ્તાવો કરતો કરતો પોતાને મહેલે ગયો.

---

૧ સર્વ વાતમાં ચતુર ગણાવાનું શિક્ષણ લેવાની ઇચ્છા હોય તો પુરોહિત પૂર્ણચંદ્ર શર્માકૃત "ગૃહસ્થની સત્ય ગૌરવતા અથવા બુદ્ધિચાતુરીનો બગિચો." એ નામનું પુસ્તક કે "પુરૂષાર્થ પારિજાતક" વાંચો.

અરધી રાત ગયા છતાં પણ નાથ ન આવ્યાથી મૂળરાજની સ્ત્રી રૂપાંદે રાહ જોતીજ બેઠી રહી હતી, તે અરસામાં તો નાથ ઝૂલતા ઝૂમતા આવતા નજરે પડ્યા, એથી સમજી ગઇ કે નિસ્સામાં ગર્ક છે; તથાપિ નાથને સત્કાર સહિત બિછાનામાં સુવાડી પોતે પણ સૂઈ રહી.

મૂળરાજનો જેમ જેમ નિસ્સો ઉતરતો ચાલ્યો તેમ તેમ નિ-સ્સાના વશથી થયેલી મહા મૂર્ખાઇનો પસ્તાવો દમપરદમ વધતો ચાલ્યો, એથી ઉંઘે તો કાંઇ રૂપચ્યાં લીધાં. મૂળરાજે વિચાર્યું કે "થ-યેલી ભૂલ જો હું અત્યારે નહીં કહું તો સવારે પણ પાપ પ્રકટ થયા વિના રહેનાર નથી; માટે કહી દેવું એજ ઠીક છે." એવો નિશ્ચય કરી રહેમતખાં સાથે થયેલી હારજીત સંબંધી સઘળી વાત સ્ત્રીને કહી સંભળાવી. સાંભળતાંજ રૂપાંદે ખરી ક્ષત્રીઆણી હોવાથી કોપવંત થઇ પતિ પ્રત્યે કેહવા લાગી:—

"ધિક્કાર છે મારા જીવિતને કે તમારા સરખા કુળને કલંકિત કરનારા વર સાથે વરી જગતમાં મ્હોં છુપાવવાની તક પ્રાપ્ત કરી! ધિઃકાર છે તમારા જીવનને કે જેણે નીચમાં નીચ નર સરખુ કામ કરવા રજપૂત થઇ કેડ બાંધી! તમોએ તમામ રજપૂતોનાં ઉજ્વળ કામોને કાજળનો કાળો દાગ લગાડયો! જે કલ્યાણવંશમાં આજ દિવસ લગી એક પણ છિદ્ર નહતું તે કુળને માટે તમારા જેવા કુળબોળુએ અપકીર્તિનું ગહેરૂં વાદળું છવરાવી દીધું! અવિચારી મદાંધ! આજથી તમારૂં કાળું મ્હોં મને બતાવશો નહી! હું લાજી મરૂં છું! હું તમારા જેવા રાજકુંવરની સધવા રાણી ગણાયા કરતાં તો વિધવા ગણાણી હોત તો આમ ઉભયકુળ બોળકપણાની બદનામી વાળાનું મ્હોં જોવામાં ન આવત! ભલે તમોએ તમારૂં કાળું કર્યું; પણ સમજશો નહીં કે જ્યાં લગી એક એક ઉષ્ણ લોહીવાળો શૂરો રજપૂત બચ્ચો કપાઇ જશે ને એક પણ કાયમ રહેશે ત્યાં લગી તો સુંદરબાની તરફ કાંઇ આંખ પણ ઉઠાવી જોવા પામશે નહીં, તો મહોમેદનને હાથ સોંપવાની વાતજ શી?! કુળાંગાર! તમોએ તમારૂં પોતાનુંજ સર્વસ્વ હાથે કરીને નાશ કરવામાં પગલાં ભર્યાં છે તેનાં માઠાં ફળ ભોગવજો." ઇત્યાદિ તિરસ્કાર વચનો કહી તુરત બીજા દિવાનખાનામાં ચાલી ગઇ.

પ્રાતઃકાળ થયો. રહેમતખાં તરફથી રાજકુંવરી સરદારબાને લઇ જવા પાલખી, મ્યાના, વાજાં, સહિત સિપાઇ આવી રાજમહેલની નીચે હાજર થયા. સરદારબાએ ઝરોખામાંથી જોયું ને યવનસ્વારો આદિ જોતાં આશ્ચર્ય ચકિત થઇ ભોજાઇ પાસે આવી તે સંબંધી કારણ પૂછયું. રૂપાંદે ઉદાસ થઇ પ્રથમ મૌન થઇ રહી, પણ પાછળથી વિચાર પૂર્વક બોલી:—

" જો હું એવું જાણતી કે સવારેજ આવું થનાર છે તો રાત્રેજ સસરાજીને વાત કહી દેત. હશે કંઇ ચિંતા નહીં ! સૂબેદાર નાહક રાજ્ય પ્રતિષ્ટાપર એક દમ આક્રમણ નહી કરશે, અને કરશે તો તે પણ ભારે વિપત્તિમાં આવી પડશે."

રૂપાંદેનું ઉપર પ્રમાણે અસ્પષ્ટ બોલવું થતાં સરદારબા વધારે ચિંતાગ્રસ્ત થઇ વારંવાર પૂછવા લાગી, એથી રૂપાંદે ઉંડા નિસાસા નાખી કહેવા લાગી-" શું કહું નણુદીજી ! ગજબ ગુજર્યો છે ! કહેતાં જીભ ઉપડતી નથી ને કહ્યા વિના ચાલે તેમ નથી." એટલું કહી રાત્રીની બનેલી હકીકત સર્વ તેણીએ નિવેદન કરી, એ સાંભળતાંની સાથેજ સરદાર વિચારમાં પડી ગઇ; પરંતુ તે ખરી ક્ષત્રીયાણી હોવાથી ધૈર્ય ધારણ કરી કહેવા લાગી —

" ભાભીજી ! ભલે તેમ થયું હોય તો પણ કંઇ ફિકર નથી. સહેલ વાત નથી કે તે મને પોતાની કરી મારી લાજપર હાથ નાંખી શકે ! હજુ વીર અટંકી રજપૂતો મારા બચાવની ખાતર હજારો તૈયાર છે. આ શોદો તો મરજીનો છે, કંઇ મરજી વિના કરવો એ તેના માથામાં ગજ ઘાલ્યા નથી. જોઇયે છે કે તે શું કરે છે." એટલું બોલી તે પોતાના ઓરડામાં ગઇ અને પોતાના રૂપ યૌવન લાવણ્યતાને ધિઃકારી ભાઇની મૂર્ખતાપર શોચવા લાગી.

રહેમતખાં તરફથી મનુષ્યો તેડવા આવ્યા છતાં પણ કશી કાર્યસિદ્ધિ હાથ ન લાગવાથી તેણે ખેમરાજને પત્ર લખી રાત્રે બનેલો સર્વ વૃત્તાંત દર્શાવી કન્યાને આપી દેવાની તાકીદ આપી.

ખેમરાજને પત્ર પહોંચ્યો કે તે અને રજપૂતો ખળભળી ઉઠી એજ વિચારપર સ્થિત થયા કે "તેડું કરવા આવેલા માણસોને બાંધી રાખો અને આપણુ બધા તૈયાર થઇ રહી સૂબાને ચડી આવતાં કતલ ચલાવી ઇજ્જત અને ધર્મ દીપાવિએ. આપણુ જીવતાં છતાં જબરા

શત્રુથી ડરી કંઇ દીકરીને આપી કુળને કલંકિત થવા દેવું તે તો જીવતાં છતાં મુવા બરાબર જ છે.” એકમતે આ પ્રમાણે નિશ્ચય કરી તેડાગરોને કેદ કર્યા અને તે સંબંધી સમાચાર સૂબાને પહોંચાડ્યા.

સમાચાર મળતાં જ રહેમતખાં ચડી આવ્યો, ગઢને ઘેરી લીધો, યુદ્ધ મચ્યું અને ગઢ તોડી અંદર દાખલ થઈ પોતાની ઇચ્છા પાર પાડવા બહુ બહુ મથ્યો; પણ ફતેહ મળવી માલૂમ ન પડતાં તેણે મૂળરાજને મોટી લાલચો મારફત ફિટવી પોતાના પક્ષમાં લઈ લીધો. હવે ઘર ફુટયે ઘર જવાનો વખત આવ્યો. જે જગોએથી ગઢ જીર્ણ હાલતમાં હતો તે જગો મૂળરાજે બતાવી દીધી. સૂબે ત્યાં તોપના મારા મારી ગઢ તોડી પાડ્યો. દીન દીન કરતા મહોમેદનો શહેરમાં ઘુસ્યા. એ જોઇ રજપૂતો તેમ મુસલમાનો જબરા આવેશમાં આવી ગયા. જોઈ ન શકાય તેવી કમકમાટી ભરી કતલ ચાલી. રજપૂતોનો ઘાણ નીકળતાં રહેમતખાં અગાડી ધસ્યો, અને મૂળરાજ સહિત રંગ મહેલની આગળ જઇ પહોંચ્યો.

મહેલની આસપાસ રૂપાંદે અને સરદારબાની ઇજ્જત જાળવવા માટે હજારો વીર રજપૂતાણીયો ખુલ્લી સમશેરથી પોતાની લાજ બચાવવા કેસરિયાં કરી રહેમતખાંનો રોળ વાળવા તૈયાર હતી, તે રહમ વગર બની કતલ ચલાવા લાગી; પણ ઘણાની અગાડી થોડી રજપૂતાણિયો શા હિસાબમાં. અંતમાં રજપૂતાણિયોનો કોટ ભેદી મહેલની અંદર દાખલ થઈ મૂળરાજ સહિત સૂબો પોતાનો મનસૂબો પાર પાડવાની અણીવર પહોંચ્યો.

વીર ક્ષત્રીઆણિયો તેને મહેલમાં ઘુસેલો જોઇ ભાલા, કોવાડી, તરવાર, સાંગ, વગેરે જે અસ્ત્ર શસ્ત્ર હાથમાં આપ્યું તે ધારણ કરી રૂપાંદે અને સરદારબાની સરદારી નીચે સુબા રહામે ધસી. વિફરેલી વાઘણ સરખી બની યવનોપર તુટી પડી, બડી બહાદુરી સાથ લડવા લાગી.

વાંચનાર! જે રજપૂતાણિયોએ આગણામાંથી બહાર પગ ન કાહોડેલો એવી અદબદાર છતાં અત્યારે તે ખુલ્લા માથા અને ખુલ્લી વેણી સાથ બિલકુલ શરમ છોડી દઇ પોતાની લાજ લૂટવા આવેલાને હંફાવા લાગી. મારો મારો શબ્દ કહેતી કૃતાંત રૂપ કાળિકા સમાન સઘ અસુરોનો અંત કરવા લાગી. ખપાખપ તરવારો ચાલતાં હજારો રૂંડ ધરતી પર પડવા લાગ્યાં. લાંબી વખત લગી આકરી કાપાકાપી

ચાલી છતાં રજપૂતાણિયોયે જરા પણ પીઠ બતાવી નહિ, એથી કુળબોળુ મૂળરાજ આગળ વધી મહેલના ચોક સુધી જઇ પહોંચ્યો. ત્યાં તો તેની સ્ત્રી રૂપાંદે જેમ મહીષાસુરનો અંત આણવા ચંડ કોપ સહ ધસેલી ચંડી આવી હોય તેમ મૂળરાજ પર ધસી તેણીએ તરવારનો ઘા કર્યો, પણ દૈવયોગથી મૂળરાજ પાછો ખસી જતાં તે ઘોડાની ગરદન પર જઈ વાગ્યો, જેથી ઘોડાનો અંત આવી ગયો. એ જોઇ તેણીએ બીજો ઘા કરવા ધસારો કર્યો, એટલે મૂળરાજ પોતાની તરવાર આડે ધરી, તેણીને રોકવા બોલ્યો-" હેં હેં રાણી ! આ શું કરો છો ? હું તમારો પતિ છું તે પણ ઓળખાણમાં આવતું નથી ?"

રાણી રૂપાંદેએ તો તેની તરવાર કે બોલવા ર્‌હામે કશીપણ દરકાર ન રાખતાં ઘા કર્યો, તથાપિ તે બચી ગયો, એથી તે બોલી- 'જા જા કુળબોળું કાયર ! તારા જીવિતે તને બચાવી લીધો છે. મારી તરવારજ તારા જેવા બાયલાનું લોહી પી તૃપ્ત થવા ચાહતી નથી. કેમકે તારા સરખાને મારતાં શૂરી ક્ષત્રિયાણીને શોભા મળતી નથી. નહીં તો બતાવી દેત કે તું કેવી રીતે અહીંથી જીવતો જાત ! નફ્ટ ! છેક હદ મ્હેલી કુલકલંકિત કરનાર શત્રુની સાથે મળી તુંજ લાજ લૂંટાવા તૈયાર થયો છે. જા તું પણ તારા કૃત્ય યોગ્યજ સજા પામીશ."

ઉપર પ્રમાણે બોલી તે બહાદુર રૂપાંદેએ પોતાનાજ હાથે પોતાના પેટમાં કટાર મારી પ્રાણને સહી સલામતે રામધામમાં મોકલી દીધો; કેમકે જો તે એમ ન કરત તો થોડીવાર પછી જીવતી દુષ્ટોને હાથ જાત જેથી કરેલી મહેનતે ઉઠાવેલી નુકસાની બધી બરબાદ થાત.

અંતમાં રજપૂતો મરી ખૂટતાં અને રજપૂતાણીઓ કામમાં આવી જતાં રહેમતખાં મહેલની અંદર ઘુસી ગયો અને ખેમરાજ, તેની સ્ત્રી, સરદારબા અને કુંટુંબદ્રોહી મૂળરાજ એ ચારેને કેદ કરી લઇ તેણે સીધો પાટણનોજ માર્ગ લીધો, અને તે ચારે જણને એક એકથી જૂદે સ્થળે રાખ્યાં.

સરદારબાને મેળવતાં વિશેષ તકલીફ ઉઠાવવી પડી છતાં હજી તેણીનો વાર્તાલાપ જેટલો પણ આનંદ મળવા પામ્યો ન હતો, કેમકે એકપક્ષી સ્નેહ હતો જેથી તે તેણીની મહેરબાની મેળવવા અતિ ઇંતેજાર હતો; પણ તેણીનું મન તેનાથી વિજાતિય પ્રાણોવાળું;

હોવાથી જરાપણ સૂબાના મનસૂબાને પાર પાડવા ચાહતું ન હતું. સૂબો સમજતો હતો કે–" અત્યારે છંછેડાયલી સિંહણ સરખી સરદાર આ સરદારને બ્હાર ઉડાવવા દે તેમ નથી. મનુષ્ય માત્રનો જુસ્સો ચાર દિવસજ તેજ મિજાજવાળો રહે છે. પછી વખત જતાં નરમ પડી ગરમ પણાને ગુમાવતાં સઘળું ઠેકાણે આવે છે. હવે તે ક્યાં સિંહના પંજામાં સપડાયલી જવા પામે તેમ છે, કે ઉતાવળ કરવા જેવું છે!" ઇત્યાદિ વિચારી થોડો વખત તે વાતને નરમ નાખી ગરમ પણાને શાંત થવાનો રસ્તો આદરી આનંદમાં રહેવા લાગ્યો.

કંઇક મુદત વીત્યાબાદ મુરાદને આબાદ કરવાને માટે એકાદ વખત સરદારબા તરફ મળવાની ઇશારત કરી, એથી સરદારબાએ દીર્ઘ વિચારને લીધે વિચાર્યું કે–" અહીં તરવારિયાં બન્યે મનતું ધાર્યું થાય તેવો સમય સાનુકૂળ નથી; માટે દાવપેચથી કામ લેતાં ધારણા પાર પડવાનો સંભવ છે." એમ વિચારી તે ઇશારત કરવા આવનાર સાથે કહેવરાવ્યું કે—

" આપ મને મળવા આતુર છો તેમ હું પણ આપને મળવા આતુર છું માટે આજ રાત્રીની વખતે ખુશીથી પધારો કે જેથી મનની મુંઝવણ દૂર કરવામાં આવે."

જ્યારે ઉપર મુજબ આમંત્રણ થયાના સમાચાર મળ્યા ત્યારે તો રહેમતખાંનો આનંદ હદ ઓળંઘી આસમાનની લગભગ જઈ પહોંચ્યો. એથી તે વિચારવા લાગ્યો કે–" આજે મને મનમોહના ભેટશે! આજે તનના તાપ ટાળશે! આજે સઘળી મહેનત સફળ થશે! આજે જીવન ધન્ય મનાશે! આજનો સૂર્ય સુવર્ણનોજ ઉગ્યો છે! પરવરદિગારની આજે પૂરી મહેરબાની માલૂમ પડે છે!" વગેરે વગેરે આનંદરંગના તરંગમાં ઉમંગી બની રહ્યો.

દિવસ ગયો. રાત પડી. શૃંગારવડે શરીર શોભાવ્યું. બપકાબંધ ચાલ્યો અને ચમચમાટવાળા જોડાથી જુસ્સાબંધ પગ ઉપાડતો સૂબો સરદારના તંબુની અગાડી જઈ પહોંચ્યો તથા તેણે ઉપર ખબર અપાવી.

સરદારબા પણ પૂરા શૃંગાર સહિત સરદાર રહેમતખાંને પાણી પાણી કરવા તૈયાર થઇ રહી હતી. તેણીએ તુરત તેમને ઉપર બોલાવરાવ્યા, અને આવતાંની સાથેજ ઉઠી આદર આપી મીઠી આંખ-

ડીને નચાવતે નચાવતે કૃત્રીમ નેહ પણ સાચાને ભ્રાંત કરે તેવા રૂપમાં જાહેર કર્યો, મ્હોં મલકાવી આગળ ઉભી રહી હર્ષ પ્રદર્શિત કર્યો. પાનપટ્ટી આપી પ્રેમનો રંગ જણાવ્યો, અને મીઠડી ગોઠડીઓમાં ગુલતાન કરી કેવળ શુખનનો તાબેદાર બનાવી દીધો.

તે પછી સરદાર સરદાર પ્રત્યે કહેવા લાગી–" દારૂની કેફ વડે ઇશ્કની મજાહ ઔરજ ઉડે છે માટે તે મંગાવો." આવું કહેતાં જ તુરત તેણે શરાબ મંગાવ્યો કે સરદાર તુરત તેને પ્યાલા ભરી ભરી આપવાજ લાગી. જોકે સબાએ તેણીને પ્યાલો લેવા વિચારણા જણાવી હતી પણ તેણીએ તે પીવાની ટેવ ન હોવાથી રહેતે રહેતે ટેવ પડતાં પીવાની ખુશી બતાવી સમયને ટાળી દીધો અને રંગના ઉમંગને લીધે સરદાર રહેમતખાંએ વિશેષ દારૂ પીધો.

દારૂની ખુમારીનો રંગ જામતાં તેણે સરદાર સુંદરીને શયન સુખ આપવા માટે હાથ પકડીને પ્રાર્થના કરવા લાગ્યો, એટલે તેણીએ પ્રાર્થના પૂર્વક જાહેર કર્યુંકે—"આજના દિવસને માટેજમાફી માગું છું. મારૂં લીધેલું વ્રત કાલે પૂર્ણ થાય છે એથી કાલે હુંશ પાર પાડીશ. હવે હું કયાં આપથી દૂર છું? કે અધીરા થવાની જરૂર છે. હવે તો ભ્રાંતી ભાગી, લગની લાગી અને અંતરની પ્રીતિ જાગી છે તો સુભાગીજ થઇ રાગીની રીતિ આદરી પરમાનુરાગી દશાને ભેટીશું. ફક્ત આજની રાત્રીજ વિરહસંકટ વેઠી લેવા વિનતી છે." વગેરે વગેરે બોલવાથી—રહેમતખાંને ખાત્રી થતાં તેમજ કરવું કબુલ રાખી મીઠી નિદ્રાને અંગીકાર કરી લીધી.

સરદારબાએ પ્રથમથીજ સંકેતને બરોબર સિદ્ધ કરી મૂક્યો હતો કે—"સબો ઘેનમાં ઘેરાઇ ઉંઘમાં લટ્ટુ થાય કે હું અગ્યારા ગણી બલામાંથી બચી જાઉં." અને થયું પણ તેમજ, ત્યાં પછી કોને મુહૂર્ત મંગળ પૂછવું કે કોની સલાહ લેવી હતી! તેણે મનને પૂછી સલાહ લઇ લીધીજ હોવાથી તરંત મર્દાની પોષાક પહેરી લઇ બ્હાર તપાસતાં સબા ત્યાં હોવાને લીધે પહેરેગિરોને સરદારબાની વિશેષ ચોકી કરવાની જરૂર રહી ન હતી, તેમ તે સરદાર ઉંઘી ગયા હતા જેથી નિરાંતે ઉંઘતા માલમ પડ્યા કે તુરત આસ્તેથી કોઇને જાણ ન પડે તેવી રીતે તેણીએ પોબારા ગણ્યા, અને રાતની રાતમાં જુસ્સાને માથેં વીશ પચીશ ગાઉ ચાલી નીકળી એક વૃદ્ધ યોગીના મઠમાં જઇ પહોંચી આરામ લીધો. અને તે પછી તે વૃદ્ધ યોગીની

મહેરબાની મેળવી પોતાની ખરી હકીકત જાહેર કરી આશ્રય ઇચ્છયો. એટલે યોગીએ પૂર્ણ વિશુદ્ધ દિલાસો દઇ તેણીને યોગીની સ્વરૂપ ધારણ કરાવી પ્રભુસ્મરણ કરવાનું કાર્ય ભળાવી નિશ્ચિંત કરી.

સરદારબાના નાશી છૂટવાથી પોતે તો સતીધર્મથી પતિત થતાં બચી; પણ પોતાનાં માતાપિતા કષ્ટમાં સપડાયાં રહ્યાં એથી તેણીને વારંવાર તે સંબંધીની ચિંતા સતાવતી હતી, પણ નિરૂપાય હોવાથી લાચારપણે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાનીજ ખટપટમાંજ લીન થવું પડ્યું હતું.

પ્રાત:કાળ થયો, કેફ ઉતર્યો, સૂબો જાગ્યો, મકાન તપાસતાં સુંદરી નજરે ન પડી, પહેરેગિરોને ધમકાવ્યા, પોતે પણ પસ્તાવો કરવા લાગ્યો, ચોમેર સ્વારો દોડાવ્યા; અને છેવટ પોતે અને મૂળરાજ તપાસ કરવા નીકળી ઘણાં સ્થળ તપાસ્યાં; તથાપિ શ્રમનું ફળ હાથ લાગ્યું નહીં. એથી સૂબો અતિ ગમગીન થઇ ગયો, અને સરદારબાની ચાલાકીને તારીફ સાથ શાબાશી આપી વારંવાર તેનેજ યાદ કરતો લાચારી સાથ પાટણનો પંથ પુરો કરી વખત વિતાવા લાગ્યો.

સરદારબા તો માબાપસંગથી વિયોગીની થયા છતાં યોગિની બની યોગના સંયોગને ખોળતી હતી. દરમ્યાન ચંદ્રાવતીનો દેવડો કુમાર વૈરિસિંહ શિકાર કરવા તે જંગલમાં આવી ચડતાં યોગીના આશ્રમમાં આવ્યો અને વિશ્રામ લઇ શ્રમને દૂર કરવામાં સ્થિત થયો; પરંતુ ભસ્મચર્ચિત શરીરવંત નવયુવા ભરિત યોગિનીને નિહાળી તે કંઇક વિચારમાં લીન થઇ શોચવા લાગ્યો.

“ખચિત આ યોગિની છતાં વિયોગીની માલમ પડે છે. ભસ્મ લગાવવાથી ભાગ્ય છૂપતું નથી. યોગિનીનાં લક્ષણ કંઇ જૂદાજ પ્રકારનાં હોય છે. કોઇ દુ:ખની મારી હોવાથી ‘ભાગ્યાના ભેરૂ ગોપીચંદન કે ગેરૂ’નું શરણ લઇ વિયોગતાને દબાવી યોગતા દર્શાવી રહેલ રાજકન્યા હોવી જોઇયે ! શરીરનાં સામુદ્રિક ચિન્હ પણ સાબેતી આપે છે કે કામ જેટલા વખત માટે લીધેલા જોગવાળી રાજ્યચિન્હધારિણી વીરબાળા છે: તેમ શ્રીમદ્દભગવદ્દગીતા પણ કહે છે કે-‘ **सुचीनां श्रुतिनां गेहे योगभ्रष्टोपिजायते.** × × ×’

પણ પૂછવા જતાં ખરી વાતને જાહેર કરે કે ન કરે તે જાણ્યાની પ્રથમ જરૂર છે.

થોડીવાર પછી મહાત્મા સમાધીથી મુક્ત થઇ પોતાનાં નિત્ય કર્મ કરવા નિમિત્ત આશ્રમ બહાર ગયા, એટલે એકાંત મળતાં રાજકુમારે યોગિનીને પૂછ્યું કે–"આપ ક્યાનાં રાજકુમારી છો ? અને શા કારણે આવા સ્વરૂપ સહ વનવાસિની થયાં છો ? તે કહેવામાં કંઈ અડચણ ન હોય તો ફરમાવો. હું ચંદ્રાવતીના દેવડા ચહુઆણનો રાજકુમાર છું, મારૂં નામ વૈરિસિંહ છે. અને જે કંઇ મારા જાણવામાં આવશે તે વાતને છકાને જવા ન દેતાં બનતી મદદ કરીશ."

યોગિની તે સાંભળતાંજ તેની તરફ જોઇ આકૃતિ આદિથી પ્રતીતિ મેળવી બોલી કે–"દુઃખનો સાગર ઉલટયો છે, ઉગરવાનો આરો હાથ લાગતો નથી, અને ભવિષ્યની ખબર નથી; છતાં આપ બચાવી લેવા હિમ્મત ધરાવતા હો તો કહું છું કે જે આપે ધારણા બાંધી છે તેજ સત્ય છે." એટલું કહેતામાં તો હૃદય ભરાઇ આવતાં ગદ્ગદિત સ્વરવંત બની ટુંકામાં તેણીએ વીતક વાત રોશન કરી કહ્યું–"બસ વૈરિસિંહ નામનો હવે મહીમા બતાવો."

તે સાંભળીને વીરમણિ વૈરિસિંહે વચન આપી દુઃખમાં ભાગ લેવા આવેશ પૂર્ણ પ્રતિજ્ઞા કરી કે–"જો હું ત્રણ અઠવાડિયાં બાદ પાટણમાંથી બાદશાહીની જડ ઉખેડી ન નાખું તો કદી પણ હાથમાં શસ્ત્ર ધારણ કરીશ નહીં."

સરદારબા વીરતા પૂર્ણ વાણી અને ચ્હેરો ધ્યાનમાં લઇ અતિ હર્ષ પામી; કેમકે તેના બોલો ઉપર તેણીને ખાત્રી જણાણી. તે સાચો વીર રજપૂત હતો એમ તેનાં વચન તન મનનોરંગ કહી આપતો હતો. એથી તેણીએ તેજ સમય જાહેર કર્યું કે–"આજથી આ શરીર આપનેજ સ્વાધીન કરૂં છું અને માનસિક વિવાહથી વરી મારા પ્રાણધનના આપનેજ માલિક ઠરવું છું જેથી જેમ યોગ્ય ભાસે તેમ માર્ગ આદરવો. હવે પુનઃ ક્યાં મળવાનો સંકેત સફળ થશે તે બતાવી દો કે જેથી નિશ્ચયને અવલંબી તે સ્થળે હાજર થઉં"

વૈરિસિંહે કહ્યું–"ત્રણ અઠવાડિયા પછી આરાસુર ઉપર આરાસુરીના મંદિરમાં હું અવશ્ય મળીશ અને પછી ધારેલી ધારણા સફળ કરીશ." એટલું કહી પ્યાર ભરી આંખ્યોવડે ભીતરની ભવ્ય ભાવનાનો મિલાપ કરી બેઉ જૂદાં પડયાં.

જ્યારે વાયદો નજીક આવી પહોંચ્યો ત્યારે મહાત્માની રજા મેળવી સરદાર યોગીની ધારેલા યોગનો સંયોગ સ્વાધીન કરવા તે આશ્રમથી ચાલી નીકળી, એક અવડ માર્ગ મારફત આરાસુર જવા પંથ પસાર કરવા લાગી, અને થોડે દૂર જતાં પહાડની ખોહ ભણીથી પોતાના ભણી સરકારી સ્વારો આવતા માલમ પડ્યા એથી તેણીએ ચોંકીને તેમની તરફ જોયું, તે ઉપરથી ચાલાક સ્વારો પૈકી એકને શંકા આવી કે–" આ વટેમાગુ કોઇ ભયભીત સ્થિતિવંત છે, અને પકડાઇ પડવાની ધાસ્તી ધરાવનાર છે; માટે પકડી લેવાથી ભેદ જણાઇ આવતાં લાભ જણાશે તો ઠીક નહી તો જતી કરીશું."

એમ વિચારી તેણીને તરત પકડી લીધી અને અનહદ સ્વરૂપવંત કુમારિકા નિહાળી પોતાના સરદાર પાસેથી એવું સ્ત્રીરત્ન પ્રાપ્ત કર્યા બાબતનું સારૂં ઇનામ મેળવ્યા ઉપરાંત તેમની કૃપાનું પાત્ર થઇશું. એવી આશાને અવલંબી તેઓ તેણીને લઈ આવ્યા અને એક ગામેજઇ પહોંચી હવા જઇ શકે તેવા છિદ્રો વાળી મજબૂત મોટી પેટી તૈયાર કરાવી તેમાં તેણીને પૂરી ગાડું ભાડે કરી તે ઉપર ગોઠવી રસ્તો માપવાનો વિચાર કાયમ કર્યો. તેમ કરવાનો હેતુ એજ હતો કે આવી સ્વરૂપાને કોઈ જોઇ લે તો વચમાંજ કોઇ પડાવી લેનાર ગ્રાહક થઇ પડે; માટે આમ ગુપ્ત પણે લઇ જવાથી નિર્ભય સહ મુરાદ બર આવશે. એ વિચારને લીધે તેમ કર્યું હતું.

તે પછી જ્યારે સાંજ પડી ત્યારે નિરાંતે બેસી ખાઇ પીઈ આનંદની વાતો ચલવતા હતા. દરમ્યાન આ કામનો શિરપાવ આપણમાંથી કોના નામ પર મળવો જોઇયે તે સંબંધી વિચાર ચલાવ્યો. તેમાં એકે કહ્યું પહેલી નજર એણીની ઉપર મારી પડી હતી, બીજો બોલ્યો મેં શંકા આણી તે વાત માટે વિચાર દર્શાવ્યો હતો. અને ત્રીજો બોલ્યો કે મેં પકડી પાડી હતી. જેથી જેની મુખ્ય મહેનત હોય તેનેજ ઇનામ મળવું જોઇયે. પણ મુખ્ય મહેનત કોની તે માટે નિર્ણય પર આવતાં એક બીજા લડી પડ્યા અને આખરે એક બળવાન સિપાઇયે ઉઠી તે બધાને તથા ગાડીવાન સુધાંને કાપી નાખ્યા. તે પછી પોતે અફીણના અને આનંદના તોરમાં ગુલતાન બની ઝોકાં ખાતો મોટું ઇનામ મેળવવાનો ઘાટ ઘડતો હતો. દરમ્યાન પાપની સજાનો તરત બદલો મળવા રૂપ મોટું ઇનામ એ મળ્યું કે ઓચિંતા એક ચિત્તો આવી તેની ડોક મરડી મારી સઘળી

ભૂખ ભાગી ફેંસલો આણ્યો. આથી ઇનામ ઇનામને ઠેકાણે રહ્યું અને પેટી પેટીને ઠેકાણે રહી.

જ્યારે રાત ગઇ ત્યારે તે મુડદાઓની અને માણસની ગંધથી આકર્ષાઇ હિંસક પ્રાણિયો આવી ત્યાં હાજર થયાં ત્યારે મુડદાલ ખાનારાં જીવોએ મુડદાં ખાઇ પેટ ભર્યું; પણ સજીવ પ્રાણીનો શિકાર કરી તૃપ્ત થનારા ક્રૂર પ્રાણીએ તો તે ગાડાપર પડેલી પેટીને તોડી પાડવા ઉદ્યમ આદરી નીચે ગબડાવી પાડી. રાતભર મહેનત કરી; પરંતુ પેટી અને આયુષ દોરીની સબળતાને લીધે તેની મહેનત નકામી ગઇ. ઇશ્વરેચ્છાથી સરદારબાઇ બચી ગઈ. દિવસ ઉગતાં ત્યાં ગરધેલો વગેરે માંસાહારી પક્ષિયોનાં ટોળે ટોળાં ઝપટ મારતાં જોઇ પહાડ નિવાસિ ભાઉડાંઓએ આવી તે વિષે તપાસ કર્યો તો તે બનાવ નિહાળી વિસ્મય થઇ તેઓ વિચારમાં પડ્યાં; પરંતુ પોતાનો છુટકારો થવા સરદારબાઇએ અંદરથી તેઓને અવાજ આપ્યો અને 'પેટી ઉઘાડી મને બહાર કહાડો, હું નિરાધાર યોગણ સપડાઇ પડી છું.' વગેરે બોલવું સાંભળી તેઓને દયા આવતાં તેઓએ કહ્યું કે—"અમે પેટીમાંથી તો તમને કહાડીશું નહીં; પણ અંબામાના પૂજારીને આ પેટી સોંપી દઇશું. પછી એની જે મરજીમાં આવે તે કરે."

બાઈ બોલી 'ભલે તેમ કરો.' આવું બોલવું સાંભળી પેટીને ગાડામાં ઘાલી તે ગાડાને આરાસુરમાં લઇ જઇ તેમણે આરાસુરીના પૂજારીને સોંપી 'અંદર કોઇ યોગણ છે' એવું જાહેર કર્યું. એથી પૂજારીએ જેવી પેટી ઉઘાડી તેવીજ સુંદર યોગણ નજરે પડી. અને ઝટ ઉભી થઇ બ્હાર આવી. તે યોગણે એક અમૂલ્ય હાર પૂજારીને બક્ષીસમાં આપ્યો. એ જોઇ હર્ષ સહ ભાઉડાંઓને કંઇ આપી તેમનું મન મનવી તે સર્વને વિદાય કર્યાં.

સરદારબાઇએ ટુંકામાં ગુપ્ત રહેવાની જરૂર સંબંધી હકીકત કહી પૂજારીને વાકેફ કરી વિશેષ લાલચ આપી વિશેષ હર્ષવંત કર્યો. એથી તે સરદારબાને ગુપ્ત રીતે રાખી સર્વ રીતે સંભાળ રાખવા લાગ્યો.

જ્યારે અવધિ પૂર્ણ થઇ ત્યારે વૈરિસિંહ ખુદ ન આવતાં તેણે પોતાના પૂર્ણ વિશ્વાસુ દશ સરદારોને અંબા ભવાનીમાં મોકલ્યા. અને પૂજારીને કોઇ બાઈ (યોગણ) ત્યાં આવ્યા સંબંધી ભાળ પૂછી;

પણ તેણે કશો પતો આપ્યો નહી, જેથી તેઓ નિરાશ થઇ પાછા ચાલ્યા ગયા, જેથી ખુદ વૈરીસિંહ ત્યાં આવ્યો, અને તેણે પણ શોધ મેળવવા પૂજારીને પૂછ્યું; તથાપિ પ્રથમ તો તેણે કશું પગલું માંડયું જ નહીં; પરંતુ તે શોધ મેળવનાર રાજકુમાર સંબંધી સરદારબાને વાત જણાવી ત્યારે સરદારબાઇએ કેટલીક નિશાનીઓ પૂછી જોઇ એથી તેણીને ખાત્રી થઇ કે પોતે કુંવરસાહેબ જ પધાર્યા છે. એ કારણને લીધે પૂજારીને સરદારબાઇએ કહ્યું કે—

"જેના લીધે આ દુ:ખમાં દિવસો ગુજારૂં છું અને જેનાથી તમને સારો લાભ મળનારો છે તેજ તમારા પૂજ્ય ચંદ્રાવતીના રાજકુમાર છે માટે તેમને મારી સાથે મેળવો એટલે બેડો પાર."

એ સાંભળી પૂજારી અત્યાનંદવશ થયો અને કુમારશ્રીને ગુપ્તદ્વારમાં લઇ જઇ તેણે મનમોહનાની ભેટ કરાવી. તથા પૂજારીને ખૂબ ધન વગેરે આપી રાજી કરી પાટણ ભણી જવાનો વિચાર ગોઠવી વૈરિસિંહે સરદાર કુંવરીને સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરવાનું કહ્યું; પરંતુ સ્ત્રીનો શૃંગાર ધારણ કરવો તેણીએ ઇન્કાર કર્યો; કેમકે તેણીએ પુરૂષના પોશાકથી પાટણના યુદ્ધનાટયમાં મુખ્યભાગ ભજવી રહેમતખાંનો ઘાટ પોતાનાજ હાથથી ઘડવાની પ્રતીજ્ઞા પૂર્ણ કરવાનું જાહેર કર્યું. એ સબબથી તે બેઉ સમાન પોશાકવાળાં થઇ જગદંબેને પારે ગયાં અને પોતાના કામમાં મદદ કરી અસુરોનો અંત લાવવાનાં સાધનો સાનુકૂળ થવાની પ્રાર્થના કરી ઘોડાપર સ્વાર થઇ ડુંગરથી નીચે ઉતર્યાં. તળેટીમાં પોતાનું લશ્કર તૈયાર હતું એથી લશ્કર સહ પાટણ ભણી મંગળ પ્રયાણ કર્યું.

ટુંક મુદતમાં તે લાંબો પંથ પસાર કરી જ્યારે પાટણ પહોંચ્યા ત્યારે તેમની જાણમાં આવ્યું કે, રહેમતખાં મુસલમાનોની ટુકડી સહિત સરદારબાનાં માતપિતાને ફાંસી દેવા માટે શહેર બ્હાર હાજર છે.

ફાંસી દેવાનું કારણ એજ હતું કે—તેણીનાં માત પિતાને ઇસ્લામી મજહબ અખ્તીઆર કરવા કહ્યા છતાં તેઓને તે વાત કબૂલ કરી નહીં. એ સબબને લીધે તેઓને ફાંસી દેવાનો જુલમ ગુજારવા ખુદ રહેમતખાં ફાંસીના માંચડા અગાડી હાજર રહ્યો હતો અને તેઓને ફાંસીના માંચડાપર ખડાં કરવામાં આવ્યાં હોવાથી તે પરમાત્માની પ્રાર્થના કરતાં હતાં.

એ સમયને સાનુકૂળ માની પોતાના લશ્કરના બે ભાગ કરી એક વિભાગની સરદારી સરદાર કુંવરીએ અને બીજા વિભાગની કુમારે લીધી હતી. કુંવરી તો એકદમ ફાંસીના માંચડા તરફ ધસી સર્વથી પહેલાં સૂબાને ઘેરી લઇ તરતજ તેનું માથું ધડથી જુદું કરી દઇ તે પછી ભાગતા મહોમેદાને કતલ કરવા લાગી અને તે દરેકને વીણી વીણીને મારી માતા પિતાને પોતાને સ્વાધીન કરી ઓળખાણ આપી પાટણને સર કરવા ધસી.

બેઉ સેનાઓના વિભાગોએ શહેરને ઘેરી લઇ વિધર્મિયોને જેર કરી ઠેર કરી જીતના ડંકા સાથ હિંદી ઝંડાથી માંડવી શોભાવી, આણ દુઆઇ ફેરવી તેણીએ પતિની પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં અચ્છી મદદ આપી.

આ પ્રમાણે વૈરીસિંહનું પરાક્રમ નિહાળી સરદારબાનાં માતા પિતાએ તેનીજ સાથે સરદારબાનું પાણીગ્રહણ કરાવ્યું, અને પાટણની પાદશાહીમાં રાજશાહી સ્થાપી સઘળો રાજ્યકારોબાર ક્ષેમરાજને સોંપી ચંદ્રાવતીએ જઇ દંપતી આનંદમાં સમય વ્યતીત કરવા લાગ્યાં; કેમકે વૈરીસિંહે ચંદ્રાવતીનું રાજ્ય મુખ્ય રાખી પાટણને પેટા રૂપ ગણ્યું હતું.

ગુજરાતની બાદશાહીનું નષ્ટ થવું અને મુસલમાનોની હાર થવી એ સાંભળતાં ગુજરાતી રાજ્ય-લક્ષ્મીથી વિમુખ થયેલા યવનો ફરીને ગુજરાત ભણી ચડાઇ લાવ્યા અને પાંત્રીશ હજાર લશ્કરીઓ સાથ બાદશાહનો વિશ્વાસુ સરદાર ખુશરૂખાન ચંદ્રાવતી પર જબરા જુસ્સા સાથે ધસી આવ્યો, તથા લશ્કરી છાવણી કાયમ કરી તેણે વૈરીસિંહ દેવડા રાજાને કહાવી મોકલ્યું કે-

"જો જીવવાની કે રાજ્યવૈભવ ભોગવવાની આશા રાખતા હો તો ખંડણી આપવી કબુલ કરો અને તેમ ન કરવું હોય તો લડાઇ કરવાની તૈયારી કરો."

આવું દૂત દ્વારા કહેણ સાંભળતાં ચંદ્રાવતિનો રાજા વૈરિસિંહ યુદ્ધ કરવા તૈયાર થયો અને દશ હજાર રજપૂતો સહિત યુદ્ધમાં ઉતર્યો. તેમજ બીજા પહાડી ભીલ મિયાણા વગેરેને પણ તેણે બોલાવી વિશેષ લશ્કરી મદદ મેળવી લીધી. પાંચ દિવસ લગી બેઉ બાજુથી ઘોર યુદ્ધ થયું; પરંતુ યવયસેના સાથે રજપૂતો ફાવી શકયા નહીં એથી ભીલ વગેરેની આવેલી મદદનો ઉપીયોગ કરી

યુદ્ધને બલ આપ્યું અને એમ થવાથી સાતમે દિવસ મુસલમાનોની હાર થઇ, તેના લીધે ખુશરૂખાંએ સલાહ કરી લેવી યોગ્ય માની સંધી કરવા માટે દૂત મારફત વિચાર જણાવ્યો એથી લડાઇ બંધ પડી.

ખુશરૂખાંએ વિચાર્યું હતું કે–" હઠીલા અને શૂરા રજપૂતો કપટબાજી વિના જીતાવા મુશ્કેલ છે માટે તેમજ કરવાની જરૂર છે. માટે હાલ સંધી કરવાનું જણાવી લેતાં યુદ્ધ બંધ થશે, અને દિલ્લીથી મંગાવી લીધેલી મદદ આવી પહોંચશે કે ફરી ઓચિંતો છાપો મારી કતલ ચલાવીશ, એટલે ફતેહ મળશે."

રજપૂતો ભલા અને ભોળા–વિશ્વાસુ હોવાથી તે સંધી થવાના સમાચારથી જીતના રંગમાં રંગાઇ યુદ્ધથી વિરામ્યા, તેઓ આપ એવો સંસાર સમજતા હોવાને લીધે નિરાંતે રહી ઇશ્વર ભજન વડે મેળવેલા વિજય માટે ઉપકાર યાચતા હતા; પરંતુ ખુશરૂખાનું કપટ તંત્ર તેમના કળવામાં ન હતું, તેનું પરિણામ એ આવ્યું કે જીતેલી બાજી હારી જવાનો સમય નજીક આવવા પાગ્યો.

દિલ્લીથી મદદ આવી પહોંચતાં લગી ખુશરૂખાંને ચૂપચાપ બેસી રહ્યો જોઇ રજપૂતોને વિશ્વાસ મળ્યો હતો કે હવે કોઇ રીતે લડાઇ થશેજ નહીં; પરંતુ એ વિશ્વાસ રાખવો ભૂલ ભરેલોજ હતો. જ્યાં લગી શત્રુ ઘેરો ઘાલી પડયો છે, વિદા થયો નથી, કંઇક વખત વિત્યો નથી, છતાં ગફલતમાં રહી કે વિશ્વાસને વશ થઇ સાવધ ન રહેવું એનું નામ વિશ્વાસ નહી; પણ અસાવધગિરીજ કહિયે તો કંઇ ખોટું ગણાશે નહીં. અને તેજ આખર સત્ય પડયું. લશ્કરી મદદ આવી મળતાં ખુશરૂખાંએ સંધીને બંધીખાનામાં નાખી દીધી. વિશ્વાસને છેલ્લા શ્વાસોશ્વાસનું રૂપ આપ્યું અને દગા સાથે સગાઇ જાળવી ઓચિંતા અને રાતની વખતે રજપૂતો પર હલ્લાં કરી કતલ ચલાવી. રજપૂતો અસાવધ રહેલા હોવાને લીધે સ્હામા થવામાં સ્ફુરતી કરી શકયા નહી. અને તૈયાર થતાં થતામાં તો મુસલમાનોએ ઘણાઓનો ઘાટ ઘડી દીધો.

પોતાની તરફ કરેલા વિશ્વાસઘાતે અને રાખેલી ગફલતને વેરી-સિંહને મુઝવ્યો ; પરંતુ હાર થતી જોઈને તે સાહસ સહિત મદદ મેળવ્યા વિનાજ હતા તે રજપૂતો વડે યુદ્ધ આરંભી રજપૂત

બચ્યો સ્હામે અડયો, પોતાના વીરોને ઉત્સાહ વધારવા અચ્છી કતલ ચલાવી અને દગાખોરોને બતાવી આપ્યું કે, ગફલત રહેલા છતાં પણ રજપૂત સિંહોએ ઘણોજ કેર વર્ત્તાવ્યો છે. પરંતુ યવનો પણ પૂરા ઉત્સાહ સહિત ઝુઝતા હોવાથી ઘણા રજપૂતો કપાઇ પડયા, અને ખુદ રાજછત્ર વૈરીસિંહ પણ પોતાની તરવારને ઘણા શત્રુગણનો ભોગ આપી અંતે શત્રુની તરવારનો ભોગ થઇ વિજયવંત થયો; કેમકે રણમાંથી પાછી પાની મરતાં લગી પણ બતાવી ન હતી, એથી શત્રુઓ પણ તેની અસીમ વીરતા માટે શાબાશી સાથ તારીફ કરતા હતા,

વૈરીસિંહ પ્રાણ રહિત થઇ રણમાં પડયો, એ જોઈ તેના ભાઇ માનસિંહે વીર લડવૈયાઓ હાજર છતાં માન મૂકી રણમાંથી પીઠ બતાવી પાછો ફરી ઘરનો માર્ગ લીધો અને ઘેર આવી તે માઠા સમાચાર જાહેર કર્યા. પીઠ બતાવી પાછા આવ્યાને લીધે તેને ચારે કોરાથી ધિક્કાર દેવામાં આવ્યો, એથી તેને માઠું તો લાગ્યું; પણ જીવવાની આશા રહેલી હોવાને લીધે તે બહુચરીનો ભક્ત બની મૌન બન્યો. મર્દાઇ તો મર્દોનીજ છે !

જ્યારે સતી દેવી સરદારબાને માનસિંહ મારફત પતિ રણમાં પ્રાણ રહિત થઇ પડયાના સમાચાર મળ્યા ત્યારે મગજ ઉપર દબાણ થવાથી એકદમ મૂર્છા આવતાં તે ધરણી પર ઢળી પડી, એ જોઈ માનસિંહે તરત શીતળ જળ છંટકોરી-પંખાથી યવન કરી તેણીને સાવધ કરી કહ્યું કે-

“આટલી બધી મુંઝવણ લાવવાનું કારણ શું છે? તમારી ગાદી કંઈ જતી રહી છે ! રાણીઓ ગાદિનેજ વરેલી ગણાય છે તો તે ગાદી તો આબાદિ સાથ કાયમ છે. ઈંદ્ર કાયમ ન રહેલ હોય તો ઇંદ્રાણીને શી ચિંતા ! બીજો ઇંદ્ર આવે તેજ પોતાનો ઇંદ્ર ! મારો ભાઈ મરી ગયો છે; પણ હું તો ગાદીવારસ હજી જીવતો છું; તો પછી ગાદીને વરેલી રાણીને શોક શાને માટે કરવો જોઇએ! હવેથી મારી રાણી ગણાશો અને એથી પ્રથમ કરતાં પણ વિશેષ આનંદ મેળવી શકશો.”

માનસિંહનાં આવાં નીચ વાસનાવાળાં અને નીતિ તથા સમયને પ્રતિકૂળ વચનો સાંભળી તે શીળસુરંગી સુંદરી શોકમાં ગર્ક થયેલી છતાં ક્રોધાવેશમાં આવી ભૈરવી સ્વરૂપ સહ બોલી

કે–" દુષ્ટ લંપટ! ચૂપ રહે! તારા વીર વીરનાને શોભાવી સ્વર્ગમાં બિરાજ્યા છે; શત્રુ માથે સિંહની પેઠે ગર્જના કરી રહેલ છે અને તને આવા પ્રાણસંકટ સમયમાં આવાં નીચ વચન વદતાં જરા પણ શરમ કે વિચારણા ન આવી! તારા જેવા રણભીરૂ કુળાંગારને પારાવર ધિઃકાર છે! શું સિંહની ગાદીપર તારા સરખું શિયાળવું શોભા પામશે? જા પાપિષ્ટ! તારૂં મ્હોંડું કાળું કર! શું કરૂં કે તું મારો દીઅર છે, નહીં તો આવી વાત કરનારનું હમણાંજ માથું ધડથી જુદું કરી દેત! તું જલ્દીથી ચાલ્યો જા, મારા જળેલા જીગરને વિશેષ ન જલાવ,"

આ પ્રમાણે સરદારબા કાળમુખા દીઅરને કહી રહી હતી તેટલામાં તો કિલ્લેદારે સમાચાર મોકલ્યા કે–" મહારાજા રણમાં પડવાથી લશ્કર નવા સેનાપતિની માગણી કરે છે; કેમકે મુસલમાનો ચડતા નદીના પૂર સમાન વેગથી આગળ વધ્યે આવે છે; માટે વીર સૈનિપની જરૂર છે." એથી સરદારબા તથા વૃદ્ધ રાજાને માતા ફિકરને વશ થયાં. માનસિંહે તો માને પોતાના નામને કામથી જ સાબીત કરી આપ્યું હતું કે–' મા ન સિંહ ' મા! હું સિંહ નથી; પણ શિયાળ છું? એથી તેને તો કશું કહેવા જેવુંજ રહ્યું નહતું. તેમ રાજ્યવારસ કુંવર ફક્ત નવ માસનોજ હતો, અને અન્ય વીર રજપૂત કોઇ ધર અગાડી હતો નહીં એ જોઇ સરદારબાનું ઉષ્ણ રક્ત ઉછળી આવ્યું અને તેણીએ વિચાર્યું કે–

"દિયર તો નામર્દ બાયલો છે, અન્ય સેનાપતિ થવાને લાયકાત ધરાવે તેવો નથી અને યવનો સમુદ્રના લોઢની પેઠે ધસ્યા આવે છે એથી તેમને અટકાવી આબરૂ જાળવવાની અત્યાવશ્યક્તા છે; માટે હું પંડેજ સેનાપતિની જગાએ કાયમ થઇ તે કામ બજાવી સ્વર્ગસ્થ વીરમણિ પતિના અંતરાત્માને અલાનંદ આપું તો આબરૂ રહે. છેવટ મરવું તો છેજ–સતી થવાનું સર્જેલું જ છે તો પછી શત્રુઓને પાણીદાર હાથ બતાવી શા માટે ન મરવું? કદાચ ભાવિની પ્રબળતાથી હારની આશા બદલાઇ જીતની આશા પણ પ્રાપ્ત થાય; માટે પ્રયત્ન કરવામાં શા માટે પાછા પડવું?" ઇત્યાદિ વિચારણાના નિશ્ચયપર કાયમ થઇ સરદારબા લશ્કરની સરદારી લેવા ઉત્સાહ પુર્વક ઉઠી ઉભી થઇ. પોતાના વારસ બાળારાજાને પ્રેમચુંબન કરી સાસુના ખોળામાં સોંપી તે બોલી કે—

"સેનાપતિની જગા લેવા કોઇ તૈયાર નથી એથી ચહુઆણોનું પાણી કાયમ રાખવા હું પોતેજ સેનાપતિની જગા હાથ કરીશ. આપ સર્વને ઇશ્વર નિર્વિઘ્નપણે રાખો." એટલું બોલી તે વીરાવેશ યુક્ત શસ્ત્રાસ્ત્રસજ્જ છુટી વેણી સહિત વકરેલી વાઘણના સરખી ગર્જના કરતી ખુલ્લા ખડગ સાથે રણમાં ઘુમવા ઘોડાપર સ્વાર થઇ ચાલી.

તે સમયની તેણીની ભૈરવી મૂર્તિ એવો ભાસ આપતી હતી કે—જાણે આ બ્રહ્માંડને હમણાંજ આ શક્તિ પોતાના ખપ્પરને સ્વાધીન કરી લેશે કે શું! એવી વીરતામયી બની કિલ્લાનું રક્ષણ કરવા જઇ પહોંચી. કીલ્લાપર એક હજાર વીર રજપૂતો હાજર હતા તેમની તેણીએ સરદારી સ્વીકારી તેમને ઉત્સાહિત કર્યા. તેમજ વીર રજપૂતાણીનો પ્રશંસનીય જુસ્સો જોઇ વીર રજપૂતો પણ મરણિયા થઇ શત્રુઓનો સંહાર કરવા સેનાપતીના કથન મુજબ દરેક બુરજો પર રહી મારો ચલાવવા લાગ્યા. અને ખુદ સરદારબા સો શૂરાઓની સહ કિલ્લાના દરવાજા પર આવી શત્રુઓને પોતાનો હાથ બતાવવા ઉભી રહી.

ખુશરૂખાં આગળ વધતો કિલ્લા નજીક આવી પહોંચ્યો અને તેણે કિલ્લા ભણી નજર કરી તો બુરજે બુરજ પરથી વીર રજપૂતો તોપ બંદુક તીર વગેરેનો સખ્ત મારો ચલાવતા જણાયા, તેમજ કિલ્લાના દરવાજા ઉપર શક્તિના ખજાના રૂપ વીર સુંદરી ખુલ્લી તરવાર સાથે ઘોડા પર સ્વાર થઇ તેને પાણી બતાવા તૈયાર રહેલી નજરે પડી, એથી તેણે ખાત્રી કરી લીધી કે—"પાટણની બાદશાહીને આ વીરાંગનાએજ બરબાદી સાથે ભેટાડી હશે જ! માટે હવે જ જય મેળવતાં ખરેખરૂં પાણી ઉતરશે. ખરૂં લોહું ને આરસ પાહાણનો સંયોગ છે. માટે જોર ન બતાવતે કળથી કામ લઇ ત્રાસ પોકરાવવો એજ ઠીક છે. સ્હામે થવાથી જરૂર આ વિકાળ મૂર્તિ માર્યા વિના જતો મૂકશેજ નહીં." ઇત્યાદિ વિચારાધીન થતાં નેતરની કાંબડીની પેઠે થરથરી ગયો, અને રજપૂત તથા વીરેશ્વરી રજપૂતાણીનો વીરોત્સાહ જોઇ તેણે સ્હામે થવાનો વિચાર માંડી વાળી તેમને મુંઝવવાનો માર્ગ આદરવા કિલ્લાની ચોમેર ઘેરો ઘાલ્યો, અને તે ઘેરો એક માસ લગી કાયમ રાખ્યો.

આ તકનો લાભ લઇ રજપૂતો બધા એકજ જગોએ એકત્ર થઇ શત્રુપર તૂટી પડ્યા હોત તો હતાશાને ભેટેલો ખુશરૂખાં મશાર

જેવો નરમ થઇ જાતાં પાછો વળત પણ ભવિષ્યના ભૂલાવ્યાથી અને સ્હામા થયા વિના સ્હામાની ઉપર જુલમ ન ગુજારવાના ન્યાય નિબંધને વળગી રહેવાથી બીજી વખત વરવા આવેલી જીત વિમુખ થઇ શત્રુને જઇ વરી.

શહેરની ચોમેર ઘેરો ઘાલવાથી અન્ન આદિ ખોરાકની ચીજો બ્હારથી આવતી અટકી પડી એથી પ્રજાવર્ગ આદિ અન્નની અછતથી પીડાવા લાગ્યાં અને તેમની બૂમ આવવા લાગી. એટલે સરદારબાએ રજપૂતવીરોની સભા ભરી પ્રજાની પીડા જાહેરમાં મૂકી તથા તકનો લાભ લેવા રહેલી બેદરકારની ભૂલનું પણ ભાન કરાવી કહ્યું કે–"હવે પ્રજા પીડાતી જોવી મને પસંદ નથી. આખર કેસરિયાં કર્યા વિના તો છુટકોજ નથી અને તે વિના ધીઠ શત્રુ પાછો હઠવાનો નથી, તો પછી હવે વિલંબ શા સારૂ કરવો જોઇએ? હવે વિજયની આશા તેમ કર્યા વિના છેજ નહીં. બેસી રેહેવાથી પરાજિત થઇશું તેના કરતાં તો કેસરિયાં કરી પરાજિત થઇએ તો પણ આબરૂ લુંટવા શત્રુ સમર્થ નહી થઈ શકશે. માટે છૈયાં છોકરાંને ઇશ્વરને ખોળે મૂકી સ્ત્રીઓ, કન્યાઓ અને વૃદ્ધોઓને આપણાજ હાથથી સ્વર્ગ તરફનો માર્ગ ખુલ્લો કરી વિદાય કરિયે તોજ ઉત્તમ છે." વગેરે વગેરે દલીલો દર્શાવી.

રજપૂતો પણ એજ વિચાર પર કાયમ થયા. સ્ત્રી વર્ગને સ્વધર્મ સાચવવાની તેમણે વાત જણાવી અને કેસરીઆં કરવાનો ઇરાદો જાહેર કર્યો. એથી સ્ત્રીવર્ગ આનંદ સહિત પોતપોતાની મેળેજ સ્વર્ગસદનને શોભાવા લાગ્યો અને એમાં જે કાયર જણાઇ તેને તેમના વાલી વારસોએ તરવારને તાબે કરી તેઓ નિશ્ચિંત થઇ છેવટની વીરતા બજાવી શત્રુઓને સદાને માટે પોતાનું સ્મરણ રહેવા તત્પર થયા.

સરદારબા તેમાં આગેવાની ભર્યો ભાગ લેવા કટિબદ્ધજ હતી જેથી તેણીની આગેવાની સાથ સૂરા રજપૂતો કેસરીઆં કરી ખુલ્લે દરવાજે બાહાર નીકળી જેમ જંગલમાંથી ત્રાપ અને ત્રાડ મારી ભૂખ્યા સિંહ બકરાઓના ટોળાંઓ ઉપર તુટી પડી ભુખ ભાગી નાખવા કાળો કેર વર્ત્તાવે તેમ કાળો કેર વર્ત્તાવા મંડી પડ્યા. અને સવારથી માંડી બપોર લગી બેઉ પક્ષ વચ્ચે ભારે કાપાકાપી ચાલી. હજારો માથાં ચોટી વાળાં અને બેડાંરોડાં દડાની પેઠે રણમાં

ગબડયાં. લોહીની નીકો ચાલી. ગીધ્ર પ્રેતો વગેરેને ઉજાણી થઇ અને તમામ રજપૂતોએ હજારોનો ભવાનીને ભોગ આપી રણરંગને રંજિત તથા પોતાના વીરરૂધિરથી યોગીની વીરાદિને તૃપ્ત કરી માથાને રૂદ્રની રૂંડમાળામાં સ્થાપિત કર્યાં. હવે બાકીમાં સરદાર કુંવર જ મૂર્છિત દશામાં છતાં જીવતી રહી જણાઇ, તેથી તેણીને પકડી લઇ ખુશરૂ ખુદાતાલાની શુક્રયાદ કરવા લાગ્યો. તેણીની વીરતા ધીરતા અને ખૂબસૂરતી જોઇ પોતે દિલ્લીની બાદશાહી મળ્યા જેટલો આનંદ માનવા લાગ્યો; કેમકે મહાન જાન માલની હાની વેઠતાં છતાં પણ મહા અમૂલ્ય સ્ત્રીરત્ન સહીસલામતે ખુદાએ બક્ષીશ કર્યું એથી મહાન લાભ પ્રાપ્ત થયો માની ખુસરૂખાં તેણીને પોતાના તંબુમાં લઇ ગયો, અને તેણીની સારવાર કરવા લાગ્યો.

જ્યારે સરદાર કુંવર શુદ્ધિમાં આવી ત્યારે તેણીને શત્રુને હાથ સપડાઇ ગયેલાનો સંતાપ સંતાપવા લાગ્યો; કારણ કે જેને માટે હજારો જાનોનું લોહી રેડયું હતું તે આખરૂ ઉપર તો એટલું નુકસાન વેઠયા છતાં પણ આખર હુમલો કાયમ રહ્યો જોયો એના લીધે દારૂણ દુઃખ હૃદયને ભેદવા લાગ્યું, અને ઓછામાં પૂરૂં ખુશરૂખાં તેણીની પ્રત્યે કહેવા લાગ્યો હતો કે,–

"હુરપરી! તેરે માત પિતાકોં ધન્ય હૈ! તેરી શૂરતાકે ઉપર મેં ફિદા હું! ઔર ઉસલિયે મૈ તેરા તાબેદાર બન હજૂરીમેં હાજિર હુવાહું. અબ જો કુછ હુકમ હો વો બેધડક ફરમાઇયે ઔર દિલકારંજ ગંવાઇયે. સુંદરી! મેં તુઝકો મેરી પટરાની બનાઉંગા! તું બિલકુલ ફિક ન કર! દિલ્લીકે સૂબેકાભી રાજ્યશાસન ચલાના મેરેહી અખ્તીયાર હોગા. બાદશાહ મુબારક ખિલજી તો નામ માત્રકેહી બાદશાહ હૈં, ઇસલિયે બાદશાહ યા વજીર જો કુછ હો સો મૈંહી હું. મુબારકકે બિહિસ્તનશીન હુવે બાદ મૈંહી બાદશાહીકા હકદાર હું, ઔર અભી ભી બાદશાહ મેરે હાથકી પુતલી હૈ, વાસ્તે તેરા બુલંદ નસીબા માન કર ગમ ઔર લાજ છોડ દે ઓર મેરે સાથ સચ્ચી મોહોબત જોડ સોબતકા આનંદ દે દે, અબ તુઝકો કોઇ યહાં આકર બચાવે વૈસા રજપૂત તો મૈને જીતાહી નહી રખ્ખાહૈ. ઔર તેરા રાજ્યભી નિર્મૂળ હો ગયા હૈ; વાસ્તે સબ બાતકી ફિક નાબુદ કરદે. હમારે બાદશાહી મહલમેં તેરે જૈસી રજપૂતાનિયેં બહુતસી હૈં; ઉનમેસેં કિતનીકતો મેરી ભી બન રહી હૈં, ઉનકે કુલ તિર ગયે હૈં, તૂં ભી અપને કુટુંબિયોંકા

ઉદ્ધાર કર. તૂ કહે તો તેરે બાલકકોં પટ્ટનકી ગદ્દી ઇનાયત કર દૂં, ઔર તેરે રાજ્યકોં દિલ્લીસેં સ્વતંત્ર બના દૂં. કહ દે કિ અબ જી ક્યા ચાહતાહૈ ? મૈં તુઝપર મોહિત (આશક) હો રહા હું તો તુરંત મેરી અર્જ કબુલ કર મૌજ મજાહ ઉડા."

ઉપર પ્રમાણે ખુશરૂખાંનાં કાળાંવાળાં ને બડાઇ ભર્યા વચનો સાંભળી જખમોમાંથી લોહી વહી જતાં વિશેષ અસક્ત થઈ બિછાનામાં પડી હતી; તથાપિ જુસ્સામાં આવી જતાં સરદારકુંવરી ઉઠી બેઠી થઇ કહેવા લાગી કે-"અરે દુષ્ટ ! દૂર રહે. મારા શરીરનો સ્પર્શ કરતો નહિ, મારૂં પવિત્ર શરીર તારા દુષ્ટ મનના અપવિત્રપણાના સંગથી અપવિત્ર થાય માટે આઘો ટળ. તું રજપૂતાણિયોનો હાથ ગ્રહણ કરવા હુંશ રાખે છે, પણ કાગડો હંસિની મૌજ મેળવવાની હોંશ રાખે તે કદી પણ પૂરી પડેજ નહીં. તું મને કરણઘેલાની કમલાદેવી (કૌલાદેવી) તથા દેવળદેવી જેવી સર્વસ્વ સતીત્વ અને ધર્મ હારી લાલચોને સ્વીકારી લેનારી માનતો નહીં. વાસ્તે મારા તરફની આવી આશા છોડી દે, અને આઘો હઠી જા; નહી તો જોયા જેવું કરીશ." એટલું બોલતામાં તો બેહોશ થઇને પાછી બિછાનાને સ્વાધીન થઇ પડી. એ જોઇ ખુશરૂ આસના વાસના કરવા તેને અડકી હોશમાં લાવવા ગયો; પરંતુ તે દુષ્ટના હાથનો સ્પર્શ થતાં જ તેણીને ફરી શુદ્ધિ આવી એથી તુરતજ કમરમાંથી તેના કળવામાં ન આવે એવી રીતે કટાર કાહાડી એવા તો જુસ્સાથી ખુશરૂખાંના કલેજાની અંદર આરપાર પહેરાવી દીધો કે જેથી સજાવાર ખુશરૂ પરવરદિગારની હજૂર પોતાના પાપી ગુન્હાની માફી માંગવા આ દુનિયામાંથી પેલી દુનિયામાં ચાલ્યો ગયો.

એ જોતાંજ બધી નુકસાનીનો બદલો વળ્યો માની સરદારકુંવર ત્યાંથી ચંદ્રાવતીમાં જઇ પહોંચવા ચાલી નીકળી અને થોડે દૂર જઇ પહોંચી; પણ શક્તિ ન રહેતાં પાછી બેભાન દશાને વશ થઇ ભોંય પડી ગઇ, તથા થોડી વાર પછી શુદ્ધિમાં આવી; પણ આયુ અવશેષ ન રહેવાનું જણાવાથી શહેરમાંથી સ્હામે આવી પહોંચેલા દશોંદી બારોટોને કહેવા લાગી—"તમો સર્વની જય થાઓ ! હું મારા બાલારાજાને તમારી હિમ્મતથીજ તમારે ખોળે સોપું છું માટે તેનું જેમ ભલું થાય અને મરનારની નામના રહે તેમ મદદ આપજો, અને મારાં વૃદ્ધ સાસુ સસરાજીને હૈયાભંગ ન થવા દેતાં મારા છેલ્લા

નમન કહી, મારા બાળકને પ્રેમવાત્સલતા બતાવી તેમને હિમ્મત આપી સુખમાં રાખવાનાં યત્ન આદરજો!” બસ એટલાજ છેલ્લા શબ્દો બોલી સરદારબાએ પોતાના પવિત્ર આત્માને અમરલોકમાં બિરાજતા અમરકીર્તિવાળા નાથની સાથ આનંદ વડે સંલગ્ન થવા પાઠવી દીધો! ધન્યાતિધન્ય છે વીર રાજબાળા! તારી પોતાની સત્ય જીવની ઉજ્વળ અક્ષરપંક્તિસહ ભારતના ઇતિહાસમાં શોભિત રહી વાચકોનો ઉદ્ધાર કરવા યત્નવંત રહી છે!

ધર્મવીર સતી સીતાબાઇ.

આ સતીનો જન્મ વિક્રમની ચૌદમી સદીમાં કોઇ સોલંકી રાજવંશીને ત્યાં થયો હતો; પરંતુ ગામ નામ વગેરે જાણમાં આવ્યાં નથી; પરંતુ તેણીનાં લગ્ન ખીલચીપુરના ખીચી રાજા **બાપાજી** સાથે થયાં હતાં, અને ધર્મવીરતાની કસોટી નીચે પ્રમાણે થઇ હતી;-

બાપાજીનો વિચાર લગ્ન થયા પછી ઇશ્વરની ભક્તિમાં લીન થયો હતો જેથી રાજપાટ આદિનો અધિકારી છતાં તે બધાંને ધિ:કારની નજરથી જોતો હતો. એના લીધે આખર રાજ્યાધિકારનો ભાર પોતાના ભાઇ કલ્યાણદાસને સોંપી પોતે રામાનંદ નામના સાધુનો શિષ્ય થયો.

આમ હોવાને લીધે સીતાબાઇ માત્ર પરણ્યાં ગણાયાં; પણ તેમને સંસાર વ્યવહારનું સુખ તો ભાગ્યેજ મળવા પામ્યું હતું; કેમકે પરણ્યા પછીથી જ પતિની ઇશ્વરભક્તિ તરફ પ્રીતિ વધી જવાથી દુનિયાંદારી ભણી તેણે દિલ દીધુંજ નહીં; છતાં પણ તેણીએ પૂર્ણ પ્રીતિ સાથ એક નિષ્ઠાથી પતિભક્તિ અને પ્રભુભક્તિમાં પરાયણ રહી વિરાગી પતિની પણ પ્રીતિ સંપાદન કરી હતી. એથી આખર જ્યારે પતિએ સંસાર ત્યાગી ખરા વિરાગીરૂપને સ્વીકાર્યું ત્યારે સતી સીતાબાઇએ પણ તેજ વિરાગીરૂપને અંગીકાર કર્યું હતું. આવો સાચો રંગ જામવાને લીધે સંવત ૧૪૧૪માં તે બેઉ વિરાગી દ્વારકામાં બિરાજતા શ્રી કૃષ્ણ ભગવાનનાં સાક્ષાત દર્શન કરવા માટે ગયાં અને ત્યાં જઇ ઘણી શોધ કરી છતાં સાક્ષાતપણે ક્યાંય શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા નહીં. એથી બાપાજીએ સીતાબાઇ પ્રત્યે કહ્યું,-

"સાક્ષાત દર્શન કરવા માટે મહા પરિશ્રમ વેઠી અહી આવ્યા છતાં ભગવાને દર્શન દીધાં નથી; પરંતુ જાતોજાત ભગવાનને ભેટયા વિના પાછું જવા ચાહતો નથી. ભગવાન રૂક્મિણીજી સહિત આપણા પ્રેમનું પારખું જોવા સમુદ્રમાં છુપાઇ રહેલા માનવામાં મન સાક્ષી પૂરે છે; માટે સાચા પ્રેમનો પરચય આપી સમુદ્રમાં સંતાયલા યુગલસ્વરૂપને ભેટવા સમુદ્રના અગાધ જળમાં ઝંપાપાત કરવો ધારૂં છું તેમાં તમારી શું વિચારણા છે?"

સતી સીતાબાઇ સહર્ષથી બોલી—"પ્રિય પુનીતાત્મન્! મારો વિચાર આપના વિચારથી ભિન્નતા ધરાવનારો રહેજ શાનો? જે આપનો વિચાર તેજ મારો વિચાર છે. દેહનો પાત થતાં પણ પ્રભુ સાથે વાત થાય તો એકોતેર પેઢીના ઉદ્ધાર સાથ આપણ અહો ભાગ્યવંત ગણાઇયે. માટે કરો તૈયારી કે જેથી રૂકિમણીવિહારીને ભેટી સકળ દુઃખ મેટિયે."

આવું સાંભળતાંજ બાપાજીનો ઉમંગ વધ્યો અને બેઉ જણે શિરના સાટાની ભકિતને અમલમાં આણી અગાધ પાણીમાં પડતું મૂક્યું, કે છેક તળિયે પહોંચી આંખ ઉઘાડી જોયું તો તેમની નજર આગળ એક સુવર્ણના મંદિરમાં શ્રી કૃષ્ણ ને રૂકિમણીજી બિરાજેલાં જણાયાં. એટલું જ નહીં પણ બેઉ અનન્ય ભક્તને નિહાળતાં જ રૂકિમણી સહ શ્રીકૃષ્ણે હસીને રહામે આવી બેઉને ભેટ આપી. યુગલભક્ત યુગલસ્વરૂપને નિહાળી ચરણમાં પડી વિનતી કરવા લાગ્યાં. તે વિનતી સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા,—

"મારા પ્રાણધન પ્રિય ભકતો! તમોએ શિરને સાટે કરેલી ભકિતથી મને આધીન કર્યો છે. મારૂં બિરૂદ ભકતાધીન છે એથી હવે હું તમારે આધીન છું અને કહું છું કે—'**कृदा न कोइ घमसें यूं और भक्त लोगा, जो काम हुवा तुमसैं वोह रुस्तमसें न होगा.** ધન્યાતિધન્ય છે ભકતશિરોમણિ તમારી અનન્ય ભકિતને! ખરો ભકત તો તેનેજ માનું છું કે-સર્વનો ભરોંસો તજી મારા ચણુમાંજ વિશ્વાસ રાખે છે. મેં શ્રીમદ્દ ગીતાજીમાં પણ સખા અર્જુન પ્રત્યે કહ્યું છે કે—'**सर्व धर्मान् परित्यज्य मामेकं शरणंव्रज अहंत्वा सर्व पापेभ्यो मोक्ष मिष्यामिमाऽशुच:**—અર્થાત્ અન્ય જાતનાં સર્વ ધર્મ-વ્યવહાર તજી દેઇને કેવળ મારા ચરણને પ્રાપ્ત થા હું તને સર્વ પાપથી મુકત કરીશ, તું શોચ કરીશ નહી.' કેમકે—

'येतुधर्म्यामृतमिदंयथोक्तंपर्य्युपासते श्रद्दधानामत्परमाभक्तास्तेऽतीव मे प्रिया:—જે કોઇ શ્રદ્ધા યુક્ત મને સર્વોત્તમ માની ભજનાર ભકત આ યથોકત ધર્મરૂપી અમૃત એટલે કે મારામાં મન લગાડવા આદિ ધર્મરૂપ અમૃતનું પાન કરે છે તે ભકત–મનુષ્ય મને અત્યંત પ્રિય છે.'' ઇત્યાદિ ભકતજનોની પ્રશંસા કરી શ્રીકૃષ્ણે તેમને ભેદ અને પ્રાર્થનાની વાતો તથા સેવાનો પ્રકાર શીખવ્યો અને આઠ દિવસ પોતાની પાસે રાખ્યાં. તે પછી ભકતોને માનવલોકમાં પોતાની ભક્તિની ફળશ્રુતિ વિશેષ જાહેરમાં લાવવાની આજ્ઞા કરી જેથી તેઓ બેઉ પ્રભુશ્રીની આજ્ઞા પાલન કરવા માટે શંખ–ચક્ર ગદા ને પદ્મ એ ચારેનાં ચિન્હ માગી લઈ (તપ્ત કરી) તેની છાપોથી પોતાનું અંગ શોભાવી તે ચારે ચિન્હો સહિત બેઉ ભકત દ્વારકામાં આવ્યા અને તે ચારે ચિન્હો ત્યાં સ્થાપી છાપો લેવાનો ક્રમ શરૂ કરી જાહેરમાં લાવ્યા કે જે આજ લગી પણ પ્રચલિત રહી માનવદેહને પાવન કરી રહેલ છે.

તે પછી પોતાની જીંદગી પૂર્ણ થતાં લગી કૃષ્ણકીર્ત્તનમાંજ મસ્ત રહી અન્યલોકોના પવિત્ર અંતઃકરણની અંદર શુદ્ધ અવ્યભિચારિણી ભક્તિ દઢાવી અંતે શ્રીકૃષ્ણના ધામમાં અચળ સુખ પૂર્વક વિરામ પામ્યાં. ધન્ય છે એવાં ધર્મ ભક્તિવીર માનવોને કે જેણે અભકતરૂપ દાનવોને પણ પોતાની ગિરાશક્તિ વડે ભકતજનપાવની ભક્તિ પ્રાપ્ત કરાવી સદ્‌ગતિના સંગી કર્યા! માટેજ પ્રિય વાચનાર!

ભક્તિ ભવજળ તારણી, ભક્તિ મહા મણિ તુલ્ય;
સાચી ભક્તિ સ્વીકારીને, જીવન કરો અમૂલ્ય.

ધર્મવીર સતી સાઇબાઇ.

મજકુર બાઇનો જન્મ વિક્રમની પંદરમી સદીમાં થયો હતો તેણીનાં માતા પિતાનાં નામ પૂર્ણ પણે જાણવામાં આવ્યાં નથી; પણ તેણીના પતિનું નામ હરસુર હતું.

એક વખત મેઘાશાહ નામનો જૈન શ્રાવક કે જે દાણાનો મહાન્ વ્યાપારી હતો તેણે અન્નની પુષ્કળ વખારો ભરી લીધી હતી તેને વેચી નાણું કરવા ચાહતો હોવાથી સુખવિજયજી નામના જૈનયતિપાસે જઇ–'' વર્ષાદની ખોંચ થાય તો મારી વખારોમાંનું

અન્ન ખપી જાય, એવી કોઇ આમ્નાયપૂર્ણ ચીઠ્ઠી વગેરે કંઇ કૃપા કરી કરીને આપો." એવી આજીજી પૂર્વક લોભીઆએ અર્જ કરી, જેથી તેણે એક એવી ચીઠ્ઠી કરી આપી શાહને કહ્યું કે—

"તમારા કામ જોગ આ કાર્યમાં લક્ષ રાખજો; નહી તો હજારો જીવોની હિંસા થશે ને તે પાપના ભાગી આપણ જ ગણાઇશું આપણો સિદ્ધાંત દયા મૂળ—અહિંસા ધર્મપાળવાનો છે. થોડી મુદત વર્ષાદ ખેંચાશે તો તેથી જીવોને મરવાનો વખત નહી આવશે અને તેટલા અરસામાં તમો પણ દાણા વેચી નાણાં ઘડી લેશો. માટે આ ચીઠ્ઠી કાળીઆરના શિંગડે બાંધી તેને છૂટું મૂકજો. જ્યાં લગી ચીઠ્ઠી શિંગડેબાંધી રહેશે ત્યાં સુધી વર્ષાદની બુંદ પડશે નહીં. માત્ર તે કાળિયર જ્યાં જ્યાં ચરશે ત્યાં ત્યાં લીલાડું રહેશે, પણ જો જો હો, વધારે વખત ચીઠ્ઠી શિંગડેજ બાંધી રાખી મને બહુ ભવી બનાવતા નહીં." ઇત્યાદિ કહી તે ચીઠ્ઠી આપી.

એટલે શાહે કહ્યા મુજબ કર્યું; પણ લોભને માર્ગે પોતાનું ભલું થવા સાત વર્ષ લગી તે ચીઠ્ઠી કાળિયરના શિંગડેથી છોડી લીધી નહી એથી અસંખ્ય માનવ પશુ પક્ષિ વગેરેના પ્રાણ ગયા. લોકો ઘરબાર વિનાનાં રખડી રઝળી પેટ ભરતાં થઈ પડયાં અને કેટલાંક સુગાળ વાળા ભાગમાં જઇ વસ્યાં. તે મહાન્ કાળમાં પેલા જૈનયતિ પણ કાળના ગાલમાં સમાઈ જવાથી મેઘાશાહના મનનું ધાર્યું થયું. ક્રોડો કુટુંબને મારી માત્ર પોતાના કુટુંબને પોષવામાંજ તેણે મન દીધું. 'લોભ તને પણ ધિક્કાર છે ! તારા વશથી પ્રાણી અનંત પાપ ધાપનો પંથ ચલાવી દુર્ગતિનાં દ્વાર ખુલ્લાં કરતા જણાય છે.'

આમ થવાથી છેવટ સાતમે વર્ષે બીજા એભલ વાળાને કાળ પડવાના કારણની ખબર મળી જેથી તેણે કાળિયરના શિંગડેથી ચીઠી છોડીને વાંચી જોઇ તો તેમાં લખેલું હતું કે "ચીઠી પાણીમાં બોળવાથી તુરત વર્ષાદ થશે." એથી ચીઠીને પાણીમાં બોળી દીધી કે તુરત મેઘ—વૃષ્ટિ થઇ, પ્રાણીઓના મૃતકવત્ થઇ રહેલા પિંડોમાં પ્રાણની સતેજતા પ્રકટી, સુગાળ થયો, એથી પરદેશ ગયેલા લોકો પોત પોતાની માલ મતા ઢોર વગેરે લઇ પોત પોતાના રહેઠાણે આવી વસવા લગ્યાં.

સતી સાઇબાઇ તળાજા નજીકના પાહાડમાં નેહડો જમાવી

પોતાનું ગુજરાન ચલાવી હતી, પણ તેણીનો પતિ ઢોરોને જીવાડવા પ્રદેશ ભણી ચાલ્યો ગયો હતો, તેને પણ પોતાના વમનમાં સુગાળ થયાના સમાચાર મળ્યા.

એભલવાળો (બીજો) તે ટાણાની વર્ષાદની ઝડીમાં પોતાના દેવતાઇ ઘોડાપર બેસી કોઇ દીવાનું અજબ પ્રકારનું અજવાળું નજરે પડતાં તે દીવાની શોધ માટે પુરપાટ ઘોડો દોડાવતો દોડાવતો આંધ્રે સુધી જઇ પહોંચ્યો; પણ તે દીવાનો તેને પત્તો લાગ્યો નહીં, જેથી થાકીને શરદીને લીધે ધ્રુજતો ધ્રુજતો જ્યાં સતી સાઇબાઇ ચારણીદેવી હતી ત્યાં જઇ ચડયો. રાજાએ તે નેહડામાં સ્ત્રીવર્ગ શિવાય પુરૂષ વર્ગને તો દીઠોજ નહીં, એથી તેણે ચારણીદેવી સાઇ બાઇને ભાગ્યે તુટયે શબ્દે પોતાનું કષ્ટ જાહેર કર્યું, એથી સાઇબાઇએ દયા લાવી અતિથિને ઘોડા ઉપરથી નીચે ઉતારી તેને દેવતાના તાપથી અને પવિત્ર હૃદયના આલિંગનથી ગરમી પ્રગટ કરી સાવચેત કર્યો. સાવધ થતાંજ ઉપકારિણી બાઇને પૂછ્યું કે–

"તમો કોણ છો ? અને બધી સ્ત્રીઓજ અહીં કેમ જણાઓ છો તે કહેવામાં હરકત ન હોય તો કહી બતાવો."

બાઇ બોલી–"હું ગઢવીની સ્ત્રી છું અને કાળ પડવાને લીધે સઘળા ગઢવી પોતાના ધણુને બચાવા લીલાડા પ્રદેશમાં ગયા છે તે હવે આવશે."

રાજાએ કહ્યું–"હું 'એભલવાળો છું. તમોએ મારો જાન બચાવ્યો છે જેથી તમો મારાં ધર્મનાં સાચાં બ્હેન છો જેથી ભાઈ પસલીના રોજના બદલામાં જે ઇચ્છા હોય તે માંગી લ્યો."

બાઇ બોલી–"હાલ તો આનંદ છે, પણ આ વચન થાપ" તરીકે રહેવા દ્યો, મને જ્યારે એની ખાસ જરૂર પડશે ત્યારે હું ટાણે માગી લઇશ".

આ પ્રમાણે જવાબ મળતાં તેણે તેમજ કરવાનું કબુલ રાખ્યું. અને ત્યાં ત્રણ દિવસ રહી એભલવાળો બ્હેનની રજા માગી પોતાને વતન તળાજે ગયો.

જ્યારે ગઢવી ઘેર આવ્યો ત્યારે કોઈ પાપી મનની પેટબળી સ્ત્રીએ ગઢવીને ભંભેર્યો કે–"તમારી ગેરહાજરીમાં તમારી સ્ત્રી સાઇબાઇએ કોઇ ફાંકડા છેલને ત્રણ દિવસ સુધી ઘરમાં ઘાલી રાખ્યો

હતો." આવું સાંભળતાં ગઢવી લાલ પીળો બની ગયો અને સા-
ઇબાઇને ન બોલવાનાં વેણુ બોલવા લાગ્યો.

એ સાંભળી સતી સાઇબાઇ ન્હાઇ ધોઇ સૂર્ય સન્મુખ ઉભી રહી પોતાનું સતીત્વ જાહેરમાં લાવવા સૂર્યનારાયણુને વિનવવા લાગી-"હે સત્યના સાક્ષી સૂર્યનારાયણુ! જો હું તદ્દન રીતે દોષસહિત હોઉં તો મને કોઢરોગ નિકળજો નહીં તો જે મારે માથે કૂડી ગાળ ચઢાવી સંતાપતું હોય તેને કોઢ નિકળજો."

સતી સુંદરિયે તો શુદ્ધ બુદ્ધિથી દોષિતને કોડ નીકળવા કહ્યું હતું; પણુ નિર્દોષિત પર દોષારોપણુ કરનાર જાહેર રીતે ગઢવીજ ગણુાય; માટે સતીના શાપ વચનથી તેણીનો પતિજ કોઢીઓ બની રહ્યો. એ જોઇ સતી અતિ મુંઝાયલી મતિવાળી બની ગઈ. હવે પતિને તુરત કોઢ રોગથી મુકત કરવા, બત્રીશ લક્ષણુાના લોહીની જરૂર જણુાણી એથી પતિને સારી માવજત સહિત લઇ ધર્મભાઇ એભલવાળા પાસે તળાજે જઈ પહોંચી. અને થાપણુ રૂપ રાખેલા વચનનો ઉપયોગ કરવા ધર્મભાઈના દ્વારપાળ સાથે કહેવરાવ્યું કે "તમારાં બ્હેન સાઇબાઇ બાઇપસલી લેવા આવ્યાં છે,"

એભલવાળો તે સમાચાર મળતાંજ તુરત હરખાતે હૈડે પોતાના કુંવર સાથે જમતાં જમતાંજ ઉઠી ઉભો થયો, અને બહાર આવી બ્હેનનો આદર સત્કાર કરી ઘરમાં બેસારી પૂછવા લાગ્યો-પૂજ્ય બ્હેન! કહો તમે શું લેવા ચાહો છો?"

સાઇબાઇ બોલી "મારા પતિ કોઢરોગી થયા છે તેથી એમને (કોઢ રોગ મટાડવા) બત્રીશ લક્ષણુા પુરૂષના લોહીથી ન્હવરાવવા છે માટે તે આપો."

એભલવાળે કહ્યુ-"તેવો પુરૂષ કયાંથી હાથ આવી શકે તેમ છે?"

સાઇબાઇ બોલી-"કયાંય દૂર ખોળવા જવું પડે તેમ નથી. તમારો કુંવર અણુો બત્રીશ લક્ષણુો છે. માટે તે આપી દો."

આ સાંભળી વાળો બેઉ ઉપાધિમાં ફસાતાં ખેદયુક્ત બની રણુવાસમાં ગયો અને તેને ઉતરેલા ચ્હેરાનો જોઇ રાણીએ પૂછ્યું કે "બ્હેનને મળવા જતાં બેહદ હર્ષને બદલે ઉદાસીવંત કેમ થયા છો?"

એભલવાળાએ કહ્યું–" જે ગઢવીની સ્ત્રીને મેં મારા જાન બચાવવાના બદલામાં મરજીમાં આવે તે માંગી લેવાનું વચન આપેલુ છે તે વચન પાળવા માટે તે ગઢવણુ બ્હેન આવી છે ને વચનમાં અણુા કુંવરનું માથુંજ માગે છે એથી આ સ્થિતિમાં આવી ફસાયો છું."

એ સાંભળી રાણી અને તે કુંવર બેઉ બોલી ઉઠયાં કે–" એમાં ધભરાવા જેવું શું છે? આપેલુ વચન પાળવું એ માણસ માત્રની અને વિશેષે કરીને રજપૂત બચ્ચાની ખાસ ફરજજ છે. એમાં આપણી ઘણી સુકીર્તિ વધશે. મરવું તો આખર છેજ; તોપછી નામના મેળવી શામાટે ન મરવું જોઇયે? એ મરવું તો સદાસજીવન રહેવા સરખું છે; માટે તાકીદે તે કામ કરો. જે મનુષ્ય અન્યને વચન આપી પછી તે વચન પાળતો નથી તે માનવજ નથી મનાતું; પણ જાનવરજ ગણાય છે અને અધોગતિને પામી નિંદા નર્ક આદિનું ભાગી થાય છે. ' **વચન પાળે તે રાય, બાકી તો રાંડીરાંડો; વેણુ પાળવા કાજ શોક સંતાપજ છાંડો.**" ઇત્યાદિ કહી રાજાને હિમ્મતદાર બનાવ્યો.' ધન્ય છે રત્નકુક્ષ ધારિણી તને અને તારા પુત્ર રત્નને, પતિ તથા પિતાનું વચન સત્ય કરવા વ્હાલામાં વ્હાલા પ્રાણુનો ભોગ આપવા પણ જરા પાછી પાની કરી નહીં !'

એભલવાળ એ તરતજ સાઇબાઇના દેખતાંજ પોતાના વ્હાલા કુંવરનું તરવારથી મસ્તક કાપી તેના લોહી વડે ધર્મના બ્હનેવીને ન્હવરાવ્યો જેથી તુરત તે કોઢ રોગ રહિત થયો, એટલે શક્તિ રૂપ સાઇબાઇએ પોતાના શીળ પ્રભાવથી તે નિર્જીવ બનેલા કુંવરના ધડ ઉપર કાપેલું માથું ગોઠવી પ્રબળ સંકલ્પબળસિદ્ધિ વડે તે કુંવરને સજીવન કરી પોતાનું સતીત્વ જવાહિર જાહેરમાં આણ્યું." ધન્યાતિધન્ય છે સતી! તેં પણુ ખૂબ અચળ રંગ રાખ્યો!!!

વ્હાલા વાંચનાર! એભલવાળાના અને કુંવર અણુાના અભંગ વચન અને અચળ રંગના આજે પણ સોરઠમાં યશગાન ગવાયછે કે.–

સોરઠો–સોરઠ કરો વિચાર, બે વાળામાં કિયો ભલો!
શિરનો સોંપણુ હાર, કે વાઢણુહાર વખાણિયે?!

(મતલબ એજ કે એભલવાળો અને અણુાવાળો એ બેઉમાં માથું સોંપનારો કે માથું વાઢનારો વધારે વખાણવા યોગ્ય છે!)

આજ કામથી વચનપાળ એબલનો અને સતી સાંઇબાઇનો યશ અદ્યાપિ છાઇ રહ્યો છે. એ બધાંએ અત્યારે પરલોકમાં બિરાજે છે અને તેમનાં રહેઠાણોમાં પણ પુષ્કળ સ્થિત્યંતર થઇ ગયો છે; છતાં તેમનાં ઉજ્વળ કામોથી અમર નામો સહિત આર્યોના મન મંદિરમાં જેવા ને તેવા પ્રભાવવડે સાક્ષાત્ ભાવની સ્ફુરણા કરાવી રહેલ છે. પતિત પાવન પરમાત્મા! આ પતિત સ્થિતિને પ્રાપ્ત થયેલા આર્યાવર્ત્તને પુન: પાવન દશા અર્પવા પ્રેમ આણો અને આર્યો યોગ્ય દાદ જાણો એટલે આનંદ આનંદ!

ધર્મવીર સતી રામકુંવરબા તથા લાલકુંવરબા.

પરમ પુનીતા સતી રામકુંવરબાનો જન્મ વિક્રમના પંદરમા સૈકામાં માંડળના ઝાલા રાજા જેતસિંહજીના દરબારમાં થયો હતો અને લાલકુંવરબાનો જન્મ ચિત્તોડના પ્રતાપી રાણા કુંભકર્ણના રાજ્યમહાલયમાં થયો હતો. તથા એ બેઉ પવિત્ર બાઇયોનાં લગ્ન તરસંગમાના રાણા કાન્હડદેવ વેરે થયાં હતાં. તેમજ સતીપણાની કસોટી આ પ્રમાણે થઇ હતી કે,—

કાન્હડદેવ અને આંબોજી એ બે સગા ભાઇયો હતા; પણ આંબોજીએ કોટડાનો પટો લેઇ લીધો હતો જેથી બેઉ ભાઇના વચ્ચે વિરોધ બંધાતાં વૈરાળું ચાલતું હતું.

રજવાડાંની રીતિ જ છે કે—ભાઇઓને કે બાપ બેટાને કદાં વૈર ચાલી રહેલ હોય, છતાં લોકની મેદની વચ્ચે ભેગા થઇ બેઠા હોય તો એક બીજાને ઘણી હેત પ્રીતિ હોય તેવી વર્તણુકથી વર્ત્તે છે અને દાવ આવ્યે એક બીજાના પ્રાણ લેવામાં પણ પાછા પડતા નથી.

રાણા કાન્હડદેવજીને ત્રણ રાણીઓ હતી, તેમાં પાટરાણી રતનકુંવરબા સીસોદિયાણીજી તથા બીજાં રામકુંવરબા ઝાલીજી અને ત્રીજાં લાલકુંવરબા સિસોદિયાણીજી હતાં; છતાં કેટલાક કારણોને લીધે ત્રીજાં રાણી પરણવાની ઇચ્છા થતાં ચિત્તોડના રાણા કુંભકર્ણ (કુંભાજી)ની કુંવરી લાલકુંવરબા વેરે લગ્ન કરવા પધાર્યા હતા. ત્યાંથી નવલ વધૂસહ પાછા વળતાં કોટડાને પાદર થઇ નીકળવાથી તેમના ભાઇ આંબોજીએ મનમાં વેર છતાં ઉપરથી અત્યંત આગ્રહ બતાવી જાનને

કોટડામાં લઇ જઈ સરભરા કરવા આજીજી કરી; પરંતુ કાન્હડદેવજીએ ત્યાં રહેવાની ઇચ્છા બતાવી નહી; જેથી આંબોજીએ સિસોદિયાણીજી અગાડી જઇ કહ્યું કે—"કોટડાના પટા સંબંધમાં અમો બેઉ ભાઇઓ વચ્ચે તકરાર છે, તે તમે અત્રે પધારેલ છતાં નહીં મટશે તો પછી ક્યારે મટશે? માટે બે વાતો કહી મારા ભાઇને સમજાવી અમો બેઉ વચ્ચે રહેતાં ઉંચાં મન સુલેહને સ્વાધીન કરો તો ઘણો આનંદ થાય. લડવાડ તો સ્વાર્થના અંગે કદાચ થઇ આવે; તો પણ ડાંગ મારવાથી પાણીનો પ્રવાહ કદી જુદો પડનાર નથી. આખર એક બીજાને ભાઇની જરૂર પડવાની, તો પછી શા માટે મેળ કરવાની વિચારણા ન કરવી?" વગેરે વગેરે નિખાલસ દિલ બતાવી નમ્રતા-પૂર્વક આજીજી કરી, તેથી ભોળી અને ભલી સિસોદિયાણીજીએ પોતાના સ્વામિને તે સંબંધી વિનવ્યું. એટલે કાન્હડદેવજીએ કહ્યું—

"વ્હાલી દેવી! તમો મારા ભાઇના અને રજપૂતોની અંટસ-દાર રીતિ રસમથી કંઇક અજાણ છો. તરવારની ધારપર ચઢાવેલી આસણીનો સ્વાદ અનુભવતાં જીભ કપાઇ પ્રાણની હાણ થાય તેવી જ રીતિનાં તમારા દીયરજીનાં વચનો છે; માટે તે વચનોથી લલચાવું કે પતીજવંત રહેવું લાભકારક નથી. હમેશાં દંભી દુર્જનો મીઠાં વચનો ને નમ્રતારૂપી ગેબી મારથી સ્હામાનાં પ્રાણ ધન હરી લેછે. જેથી તેના કથન તરફ દુર્લક્ષ દાખવવું જ યોગ્ય છે." વગેરે વગેરે કહ્યું; પરંતુ ભાવીની પ્રબળતાથી લાલકુંવરબાએ ભાઇની દુષ્ટતા તરફ મોટું દિલ બતાવવાને દઢાગ્રહ કર્યો. જેથી કોટડામાં જાન સહિત રાણા-જીએ નિવાસ કર્યો.

જ્યારે જમવાનો સમય થયો ત્યારે બેઉ ભાઇ સાથે જમવા બેઠા, પણ જમતાં જમતાં આંબોજી એકદમ ઉભા થઇ કાન્હડદેવના માથામાં તરવારનો ઘા કરી મેડાપર ચડી જવા લાગ્યા એટલામાં તો સખ્ત ઘાયલ થયા છતાં પણ કાન્હડદેવે સીડીએ ચડતા આંબોજીનું ધોતીયું પકડી પાડી તેને કટાર વતે એકવીશ ઘા કર્યા તેથી આંબોજી મરણ પામ્યો, અને કાન્હડદેવ પણ ત્યાંજ દગાખોરનો વિશ્વાસ રાખ-વાથી આવેલા પરિણામનું સિસોદિયાંણીજીને પ્રત્યક્ષ દષ્ટાંત દર્શાવી મરણને શરણ થયા. સતીને પછી તો અપરિમિત પશ્ચાતાપ થયો; પણ બાજી બગડ્યા પછી શોચવું શું કામ આવે? તુરત જ અન્ય વિચાર અને સંસારની મોહજાળનો તિરસ્કાર કરી કાષ્ટની ચિતા

રચાવી સિસોદિયાણીજી લાલકુંવરબા હાથે બાંધેલા કાકણુદોરા સહિત તે ચિતામાં પ્રવેશી ખોળામાં પતિનુ નિર્જીવ શરીર ધારણ કરી પોતાના સજીવ શરીરને ભસ્મીભુત કરી પતિના સૂક્ષ્મ શરીર સાથે સત્વર સ્વર્ગમાં બિરાજી સતી સુંદરીઓને હર્ષોત્સવનાં દર્શન કરાવા લાગી.

બેઉ પુત્રો સહિત પિયરમાં રહેલી ઝાલી રાણીજીએ જ્યારે પતિનું અકાળ મરણુ થતાં નવલ વધૂએ જીવનોત્સર્ગ વડે સ્વર્ગને શોભાવ્યું જાણ્યું, ત્યારે પોતાના પિતાને પોતાના કુંવરોનુ પાલન પોષણાદિ વિષેની ભલામણ કરી, કુંવરોને ક્ષત્રીવટની રીતિ સંબંધી અંતિમ શીખામણુ આપી મસ્તક ચુંમી તુરત સતીના સાજ સજી ચિતામાં બિરાજી પતિપદની ભેટમાંજ લીન રહી પ્રજ્વલિત સ્મશાનાગ્નિ દ્વારા સ્વર્ગસોપાને ચડી પતિની હાજરીમાં હાજર થઇ જીવનને સફળ કર્યું. ધન્ય છે ધર્મવીર સતીઓ તમને સતકોટી ધન્ય છે! કે પતિના વિયોગ થતાં તુરતજ સંસાર સુખને સંયોગ ત્યજી દઇ સ્વપતિના સંગથી સ્વર્ગને શોભાવી અન્ય સુકુલિન સુંદરીઓને સદાને માટે ચાનકદાર સુબોધ સમર્પ્યો. (નવી રાણીની દેરી કોટડામાં અને ઝાલીજીની હળવદમાં હજુ લગણુ એ દૃષ્ટાંતની સાબેતી આપી રહેલ છે.)

ધર્મવીર સતી કુન્તાદેવી.

આ પરમ પુનીતા સતીના જન્મ વિક્રમના સોળમા સૈકામાં સોરઠ ભુમિની અંદર ભીમસિંહ ગોહિલના કુંવર અર્જુનસિંહના દરબારગઢમાં થયો હતો અને તેણીનાં લગ્ન જુનાગઢના ત્રીજા રાહ મંડલિક સાથે થયાં હતાં. તેણીની ધર્મવીરતાની કસોટી આ પ્રમાણે થવા પામી હતી કે,–

કુન્તાદેવીનાં માતપિતા મરણુ પામવાથી એટલે કે પહેલાં મા મરી જવાથી અને પછીથી મુસલમાનોની લડાઈમાં પતિ કામ આવી જવાથી તે પોતાના કાકા દુદા ગોહિલ કે જે હાલ લાઠી છે તે જગોએ વસતા આર્થીલા ગામના દરબાર હતા તેમને ત્યાં ઉછરવા પામી હતી; પરંતુ તે દુદો ગોહિલ લુંટનોજ ધંધો ચલાવતો હોવાથી અમદાવાદના સુલતાન મહમૂદશાહની હદમાનાં લોકોને ત્રાસ આપતો હતો, જેના લીધે પાદશાહે રાહ મંડલિકને લખી જણાવ્યું કે–'તમારી નજીક રહેતો દુદો ગોહિલ અમારી પ્રજાને સંતાપે છે માટે તેને

તમારે સમજાવી તેમ કરતાં અટકાવવો.' આવા ફરમાનને લીધે રાહ મંડલિકે તેને યોગ્ય સમજૂતી સાથ એક બે વાર કહાવી મોકલ્યું; તોપણ દુદાગોહિલે પોતાની ટેવ છોડી નહીં, એથી અંતે રાહે પોતાના કાકાજીની ઉપર ચડાઇ કરી તેનો અને તેના ગામનો નાશ કરી કુંતાદેવીને વરી પોતાના આનંદને વૃદ્ધિ પમાડયો.

રાહ મંડલિક સોરઠનો ચુડાસમો રાજ્યપતિ વિદ્યા કળામાં, હથિયાર વાપરવાનો અને રણરંગમાં વિજય વરવામાં ઘણો કુશળ હતો; પણ તેણે વ્યભિચારીપણામાં કુશળતા મેળવેલી હોવાથી તેની બીજી બધી ઉત્તમ કુશળતા કશી પ્રશંસાપાત્ર નીવડી નહીં. ફકત તેની વૃત્તિ વિષયવાસના તૃપ્ત કરવા માટે પોતાની પ્યારી પ્રજાની બહેન દીકરીપર બળાત્કાર ગુજારવામાંજ મસગુલ રહેતી હતી, એથી પોતાની સતીદેવીને પણ હદપાર સંતાપ આપ્યા કરતો હતો; તથાપિ સતી કુન્તાદેવી કશો પણ કંટાળો ન લાવતાં પ્રિયતમ નાથચરણમાં નમી વિનયયુક્ત વિનવતી હતી કે–

"પ્રાણનાથ! આપ સર્વ વાતમાં નિપુણ છો એથી જાણવાની જરૂર છે કે વ્યભિચાર એ દુરાચાર હોવાથી નિકંદનના નાકારૂપ છે, વ્યભિચાર સર્વ પ્રકારે ખ્વાર થવાના દ્વારરૂપજ છે, વ્યભિચાર દુઃખાગાર દુર્ગતીદાયક પારાવાર ચિંતાના કોષાગાર રૂપ છે, અને વ્યભિચાર ઉભય જન્મ ભ્રષ્ટ કરનાર છે. એ દુરાચારના સંગી–રંગી થતાં કોણ સુખ –યશ–સુગતિ પામેલ છે ? રાવણ–કૈયા કીચકાદિ અનેક દાખલાઓ તેના ગેરલાભ પ્રત્યક્ષ બતાવી રહેલ છે અને આપ ખુદ પણ તેની પ્રાપ્તિ માટે કેટલી કેટલી મુશીબતો વેઠો છો ? એ બધું ધ્યાનમાં લઇ એ દુરાચારને બંધ પાડવામાં આવે તો સર્વરીતે વિજય સાધ્ય રહેશે. પ્રાણેશ્વર! જેવી:ભર્યે ભાણેથી તૃપ્તિ મળે છે તેવી એઠી પાતળોના ઉપયોગથી તૃપ્તિ કદી મળનારજ નથી, તેમ તે કામમાં ચિત્તને કદી પણ શાંતિ મળતીજ નથી, અને પ્યાર વ્હેંચાયલો રહેવાને લીધે પોતાના પ્રિયપાત્રને પણ જોઇએ તેવો સત્ય આનંદ અપાઇ શકાતોજ નથી; માટે તે પંથ તજવોજ વ્યાજબી છે."

મંડલિકે કહ્યું–" પરાધીનતામાં ઉછરેલી પ્રમદા તને સ્વાધીનતાના ઉમદા આનંદાનુભવની શું ખબર હોય; પરંતુ જરા ખુદ કુદરત કે જેનાથીજ આપણ પ્રાણિમાત્રને બોધ લેવાનું દ્વાર જડેછે તે કુદરત પણ એકજ વેષમાં ન રહેતાં જુદી જુદી ઋતુઓમાં જુદો જુદો બહાર બતાવે છે,

તેમજ તે કુદરતના કાયદાના અનુયાયી પ્રાણિ માત્ર પણ જુદા જુદા રંગમાં રંગાયલ નજરે પડેછે,—જો તારા જેવી અક્કલના અજીરણવાળી અને આનંદના વશિકરણથી વિશ્વને વશ રાખનારી અન્ય આનંદી સ્ત્રીઓ પણ નિત નિત નવિન પોષાક ભૂષણ વગેરે ધારણ કરી શરીરને શોભાવેછે, ભોજન જમવામાં પણ દરેક જણ જુદા જુદા સ્વાદભરી સુંદર રસવતીનો આસ્વાદ અનુભવે છે, પક્ષિયો પણ જુદાં જુદાં મિષ્ઠફળો, પશુઓ જુદી જુદી જાતના તૃણાંકુરો, મધુમક્ષિકાઓ જુદા જુદા પુષ્પમકરંદ વડે સ્વાદિષ્ટ મધુ, ભમરાઓ જુદાં જુદાં પુષ્પોનો પરિમલ પરાગ અને વૈદો પણ ભિન્ન ભિન્ન દવા હવાનું સમયાનુસાર સેવન કરી કાર્યસિદ્ધિ સાધ્ય કરેછે; તો પછી વિચાર કર કે એકજ સ્ત્રીમાં બદ્ધ રહી સ્તબ્ધ થવું એ વ્યાજબી કેમ ગણાય? જુદા જુદા દેશ પ્રદેશમાં વિચારવાથી, જુદા જુદા ગ્રંથો અવલોકવાથી, જુદાં જુદાં પ્રેમરસભરિત પાત્રોના પ્રસંગ રંગમાં ઉમંગી રહેવાથી અને અલગ અલગ આનંદ અનુભવવાથી આ દુનિયાનો અલૌકિક બહાર પ્રાપ્ત થતાં સ્વર્ગવત્ સ્વાદાનુસહ સંસાર મીઠો નીવડે છે. એ ઓરજ પ્રકારની બહાર તારા જેવી ગમાર સ્ત્રીઓને ક્યાંથી પ્રાપ્ત થઇ હોય કે તેના વિચારોને આચારમાં મૂકી શકે?! કુવાનું દેડકું સાગરની લ્હેર લીલા શું જાણી શકે?! રસશૂન્ય મૂર્ખી! ઘરની સ્ત્રી કરતાં પરસ્ત્રીમાં પ્યારની પ્રભા વિશેષ ઝળકતી હોય છે, ઘરની સ્ત્રી કરતાં પરની સ્ત્રીમાં પ્રેમઉમંકો પૂર્ણપણે પ્રદર્શિત થતાં કળી કળી ખીલી મનનો ઉભરો ઓછો કરવાને અચ્છો લાગ જડે છે; કેમકે ઘરની સ્ત્રીઓ સાથે વિવિધ જાતના સંકોચને લીધે આનંદી ઉર્મિયોને દાબી રાખવી પડે છે તે પરસ્ત્રીના સમાગમમાં દાબવાની કશી જરૂર રહેતી નથી. ઘરની સ્ત્રીઓ કજિયાકંકાસના ત્રાસ આપે છે અને પરસ્ત્રીઓ આનંદ વિલાસની આશા પૂર્ણ કરી સ્વર્ગસુખનો આભાસ બતાવે છે, અને ગૃહણીનાં અનેક તરીલાં તાણવાથી પુરૂષ કાયર બની જાહેર રીતે રોદડાં રડતો ફરે છે, પણ મનમાની પરપ્રિયાનો પ્રસંગ મળતાં અંગ શીતળ બની શાંતિમાં ઠરે છે.”

કુંતાદેવીએ કહ્યું—“પણ નાથ! આપ અન્ય સ્ત્રી સાથ રમવાની કુદરતથી છુટ મળેલી માનો છો તો તો પછી સ્ત્રીને પણ કુદરત તરફથી તેવીજ છુટ બક્ષાયલીજ હોવી જોઇએ; છતાં પુરૂષ શમે તેમ લગ્ન શબ્દના ગંભીર અર્થનો ભંગ કરી સ્ત્રીને તંગ કરે

તો સ્ત્રી પોતાના હકને હાની પહોચતાં કેમ તકરાર ઉઠાવી પોતાના પતિને અન્ય સંગે અનંગરંગ રમતાં ન અટકાવી શકે ? ! અરધુ અંગ પુરૂષ વ્યભિચાર ખેલે અને અરધું અંગ સ્ત્રી મર્યાદામાં (સદાચારમાં) રહેતાં મ્હોટી પોક મ્હેલે એ કોના ઘરનો ન્યાય કહેવાય ? ! સ્ત્રીના અનાચારથી રોષ લાવી તેના પ્રાણુ લેવામાં પણુ પાછી પાની ન કરવી અને પોતે પુરૂષ અનાચાર આચરે તે માટે કશું પણ કહેવાય નહીં એ શું કુદરતી કાનુન સચવાયો મનાય છે કે ? અનાચારને નઠારો માનવાથીજ પુરૂષો સ્ત્રીઓ પ્રત્યે શિક્ષા કરવા વિચારે છે; છતાં જ્યારે તેને સારો માની પ્યારો કરી બેસે ત્યારે પછી તેને શું ડબલ શિક્ષા થવી કુદરત વિરૂદ્ધ ગણાય ? કુદરતનો ન્યાય તો સર્વને માટે સમાન ભાવનાનોજ સરજાયલ હોવો જોઇયે, મમ સંસાર સાગરના તારૂ સ્વામિ ! મારામાં શી ખામી છે કે અન્ય ભામિનીના ભોગમાં વિરામી બદનામીના બાદશાહ બનવા આતુર રહી મને વામી દોછો ? ભલે આપ ગમે તે કહેશો કે ગમે તે કરશો તો પણુ હું તો મારા શીળધર્મનેજ સંભાળી આપનું મુખ નિહાળી ખુશાલી મેળવી જીવનતરૂડાળીને રસાળી કરીશ અને અંતે આખી અણી સહિત પંચત્વને વરીશ" ઇત્યાદિ ઇત્યાદિ હિતવચનોની દલીલો વખતો વખત રજુ કરતી સતી કાન્તાદેવી શીળને સેવી જીવન ગુજારતી હતી. જો કે પતિને હિતશિક્ષા વચન કહેતાં કોઇ કોઇ વખત તો લપડાક કે જોષ્ટિકાની શિક્ષા પણુ સહન કરવી પડતી હતી; તોપણુ સતી સુંદરી ખરી લાગણી ભરી સ્વામિની સેવા કરી આનંદ વરી લેતી હતી, અને એવીજ રીતે દંપતી પોતપોતાનો ક્રમ ચાલુ રાખી સંસારની મુસાફરી આગળ લંબાવી હતી; છતાં કુદરતને પણુ રાહન રીત રિવાજથી કંટાળો પ્રાપ્ત થતાં તેણે પતિભક્ત પ્રમદાને આખી અણી યુક્ત અમરભવનની ભોક્તા કરી રાહને દુનિયાની બત્રીશીએ ચડવા-વૈરીને વશ પડવા અને કુળકલંક નિવડી વિધર્મવંત ખાનજહાન પદરૂપ પદકમાં (રાહનું) નામ જડવા જુનાગઢની ગાદીની બરબાદી માટે જગતમાંજ રહેવા દીધો. વ્હાલા વાંચનાર વાતનો સાર એજ કે,—

વ્યાપારી વ્યભિચારના, બને જ જે નર નાર;
તેની દુર્ગતિ થાય છે, ભવભવમાં નિરધાર !

ધર્મવીર સતી સાહેબકુંવરબા.

આ ચુડાળના શણગારે વિક્રમની સોળમી સદીમાં કાલરી ગઢના સોલંકીને ત્યાં જન્મ ધારણ કર્યો હતો. પિતા માતાનાં મુબારક નામ યથાર્થપણે પ્રકાશમાં જણાયાં નથી; પરંતુ તે શ્રીમતીનો વિવાહ કુચાના દરબાર વાઘોજી સાથે જોડાયો હતો, અને સતીત્વતાની પંક્તિમાં પદ પ્રાપ્ત થવાનું કારણ નીચે મુજબ બન્યું હતું.—

શ્રીમતિ સાહેબકુંવરબા સાથે વિવાહ જોડાયા પછી વાઘોજીને ગુજરાતના બાદશાહ મહમદ રહામે ભારે લડાઈમાં ઉતરવું પડ્યું હતું. પ્રથમ વાઘોજીએ ઘણુંજ પરાક્રમ બતાવ્યું અને જીત મેળવવાની અણી પર આવવું ધાર્યું હતું; પરંતુ ખોરાક ખૂટી પડતાં નવો ખોરાક મેળવવાનું કોઈ પણ બારૂં ખુલ્લું ન મળ્યું જેથી કેસરિયાં કરી આખર નામના કાયમ કરવા કિલ્લાની બ્હાર જઈ લડવું અને બને તેટલા ઇસ્લામીઓનો ઘાણ કહાડવાનું નિરધાર્યું. એમ કરતાં પહેલાં પોતાની રાણીઓને કહ્યું કે—" અમે છેવટ કેસરિયાં કરવાના છીએ માટે વિજય મળવો એ હરીના હાથ છે; તો પણ તમારે તો એટલીજ ખબરદારી રાખવી કે જ્યાં લગી શક્તિમાતાના ચિન્હવાળું મારૂં નિશાન ફરકતું જણાય ત્યાં લગી તો કશી ફિકર રાખવી નહીં; પણ નિશાન ભૂમિને ભેટેલું માલમ પડે તો પછી તમારે તમારો કુળધર્મ સાચવી મુસલમાનોને હાથ જતાં બચવું. જો તમારામાંથી એક પણ મુસલમાનોના હાથમાં જશે તો મ્હારી વ્હોરેલી મહાહાનિ સર્વ વ્યર્થ જશે અને મારો આત્મા પરલોકમાં પણ શાંતિ ન પામતાં પાર વગરના તાપ યુકત બનશે; માટે તે બાબત ધ્યાનમાં રાખી મારા અંતરાત્માને અત્યાનંદ આપવા તત્પર રહેવું."

આ પ્રમાણે અંતિમ ભલામણ આપી વાઘોજી ગઢ બ્હાર નિકળી અતુલિત પરાક્રમ સહ યવન સૈન્યપર એકદમ તૂટી પડયા. અને મહમુદ શાહના લશ્કરને હંફાવી રણમત્ત થયા; પરંતુ વાઘાજીએ ગઢના રક્ષકો તથા રાણીઓને 'નિશાન ભૂંય પડયાથી મારો નાશ થયો માનવો ' એ આપેલી સૂચનાથી નિશાનદારને વાકેફ કરવાનું વાઘોજી ભુલી ગયલા હોવાથી તે—નહીં જેવી નજીવી પણ સબળ ગણાવા સરખી થયેલી ભૂલનું અંતે એ પરિણામ આવ્યું કે—નિશાનદારને

નિશાનના બોજાથી થાક લાગતાં તેણે સ્વાભાવિક પણે નિશાનને જમીન પર મૂક્યું. કિલ્લાપરના રક્ષકોએ નિશાનને ફરકતું ન જોતાં ભૂંય પડ્યું જાણીને રાજાની એહયાતી સંબંધી સૂચના જાહેર કરી એથી રાણીઓએ પોતાની તથા ઝાલાકુળની આબરૂ જાળવવાની ખાતર ક્ષત્રીઆણીના ધર્મ પ્રમાણે અન્ય ઉપાય તરત માટે અનુકૂળ ન જોતાં દરબાર ગઢના જંગી કુંવામાં પડતાં મૂકી અમૂલ્ય જાનને મહા અમૂલ્યવાન બનાવી આર્ય-ક્ષત્રીધર્મના અને પતિવ્રતા સતી સાધ્વી સુંદરીઓના સુકૃત્યને વિશેષ પણે શોભાવ્યું. વાઘોજી તે લડાઇમાં પ્રતિસ્પર્દ્ધિ સેનાની ખાખાવીંખી કરી પાછા ગઢમાં ગયા, તો પોતાનીજ ભૂલથી થયલી મહાન હાનિ થયાનું જાણમાં આવતાં તેમનો જુસ્સો ઉસ્કેરાઇ આવ્યો અને બસ શત્રુઓને કાપી મારે પણ સતી સુંદરીઓને સ્વર્ગમાં ભેટવું એવો નિશ્ચય કરી વાઘોજીએ પુનઃ યવન લશ્કર ઉપર અનહદ જુસ્સાથી હલ્લાં કરી કતલ ચલાવી અનેક દુશ્મનાના શબોની શય્યા પાથરી પોતાના વીર સરદારો સહિત પોતાના સ્થૂળ દેહને અનંત નિદ્રાને તાબે કરી સૂક્ષ્મ શરીરને સ્વર્ગમાં પાઠવી સતી સુંદરીઓના સમાગમમાં લીન કર્યો.

સંવત ૧૫૪૨ માં આ પ્રમાણે બનતાં કાલરીગઢમાં રહેલ કુમારિકા સાહેબકુંવરબાને જાણ થઇ એટલે તેણીએ સતી થવાની વિચારણા અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો. એ જોઇ અન્ય આપ્ત વર્ગે તેણીને કહ્યું કે—"તમારે સતી થવાની કશી જરૂર નથી. જ્યાંલગી પાણીગ્રહણ ન કર્યું હોય ત્યાં લગી કુમારી કન્યાને હજારો ઘર ને વરમાંથી ગમે તેને પસંદ કરી પરણવામાં કશો વાંધો નથી. કંઇ રજપૂતોને કાતરે ખાધા નથી કે અન્ય રૂપગુણવંત વરની પ્રાપ્તિ નહીં થશે ? માટે છોકરવાદિ કરવાની કશી હિલચાલ કરવી નહીં."

સાહેબકુંવરબા બોલી—"ભલે મારો વિવાહજ માત્ર કુંવા- પતિની સાથે થયો હતો, તો પણ એક વખત એમના નામની હું ગણાઇ ચુકી છું; તો પછી તેમનો વિયોગ થતાં અન્યવરનો સંયોગ કરી પવિત્રાત્માને પાપનો ભાગી કરવો એને હું જરાપણ પસંદ કરતી નથી. સોળ સંસ્કાર પૈકી વિવાહ-સંસ્કાર થવાથી હું વિવાહિ તાજ થઇ માનું છું. મારા સત્ય પ્રેમની કસોટી જોવા જીવનોત્સર્ગ કર્યું છે અને મારો હાથ ગ્રહણ કર્યા વગર સ્વર્ગસુંદરીઓના હાથ ગ્રહવા મહારાણાજી અમરભવનમાં પધાર્યા છે; પણ હું ખુદ ત્યાં

પહોંચી મારો હાથગ્રહવાની ફરજ પાડી મારી અન્ય સન્નારી-બ્હેનોને મારૂં ઉદાહરણ આપી સતીત્વ શોભાવવામાં ઉત્તેજિત કરીશ. જે સ્રીઓ અસાર સંસારના સાર રહિત ક્ષણિક સુખોથી લલચાઈ અનંત સ્વર્ગસુખને અલખામણાં કરે છે તે બદનામી ને દુર્ગતીને વરે છે; માટે હું તે વિષયની લાલસાની લોભીયણ બની સ્તુત્ય સ્વર્ગસુખને હાથથી કદી પણ જવા દઇશ નહીં. નાશવંત શરીરને અવિનાશિ નામના આપવા હું તો ચ્હેમાં જીવતે ભસ્મીભૂત થઇ અમર પદવાળા મકવાણાજીને જ ભેટીશ. બસ મને મારૂં કલ્યાણ સાધતાં કોઇએ આડે ન આવવું." વગેરે વગેરે નિશ્ચયાત્મક વચન શ્રવણ કરી સોલંકીરાજે ઉભય કુળદીપક અંગજાને સતી થવાની પરવાનગી આપી અહોભાગ્યની પ્રશંસા કરી જોઇતી સામગ્રી હાજર કરી આપી એથી જયઅંબેના ઉચ્ચાર પૂર્વક સતી અખંડ બ્રહ્મચારિણી બાળાએ ચિતમાં પ્રવેશી સર્વને આશિર્વાદ અને સુનીતિદર્શક વચનો કહી આનંદ પૂર્વક પતિપદમાં અંતરાત્માને લીન કરી જીવનોત્સર્ગ કર્યું. સાબાશ છે! ઘણા રંગ છે! અનંત ધન્યવાદ છે સોલંકણી દેવી! તારા અખંડ બ્રહ્મચર્યને, અચળ ટેકને અને સત્ય પ્રેમને કે તેં જબાનથી સોંપાયલા શરીરને નામના કહેવાયલા નાથની પછાડી કુરબાન કર્યું! શીળવતી સુભાગ્યશાલિની! તારા સરખી બ્રહ્મચારિણી રાજકુમારિકાઓ ઉભય કુળને સુનામનાથી અલંકૃત કરવા આ ભાગ્યવંત ભારતમાં અવતરી આનંદના ઓઘ દેખાડો! પવિત્ર પ્રેમધારિણી! નિઃસ્વાર્થિ પુનીત અવ્યભિચારી પ્રેમને પ્રત્યેક ભારતસંતાનોના હૃદયપ્રાસાદમાં પ્રકટ કરવાની પ્રેરણા કરાવી પતિત થતા જતા પ્રેમને પુનર્જીવન બક્ષો! નિર્મળ યશનામી નરેંદ્રનંદિની! અમરનિકેતનમાં બિરાજ્યા છતાં આ મૃત્યુલોકના માનવીઓના મનમાં ભરાઇ પેઠેલ કલિમલને નિકંદી જગત્પાલિની જગદંબેરૂપ જ્યોતિવંત ઝગમગતી જણાઇ જગદુદ્ધાર કરો! કે જેથી આસુરીસંપત્તિનું અંત આવી દૈવીસંપત્તિનું દિગંત લગી દિગ્દર્શન થાય અને સકળ સ્થળ જયમંગળનાં ગાન ગવાય!

ધર્મવીર સતી નાગબાઇ.

આ આર્યાવર્ત્તના અલંકારરૂપ નાગબાઇ ઉર્ફે ગંગાબાઇ મા-ણિયા ગામની ભૂમિને ભવ્ય ભૂષણરૂપ કરનારી વિક્રમ સંવત પંદ-રસેં પાંત્રીસ લગણુ વિદ્યમાન હતી. તે બાઈ જાતની ચારણીઆણી હતી. તેમજ શક્તિના વરદાયી વંશમાં પેદા થયેલી હોવાથી રૂપમાં ને ગુણમાં ઘણીજ વખાણવા લાયક હતી. હમેશાં ચારણની જાત શૂરવીર–ચાલાક–બુદ્ધિશાળી–પવિત્ર વર્ત્તનવાળી–નિમકહલાલ અને કુદ-રતી કવિતા કરનારી હોય છે; જેથી નાગબાઇ પણ એ બધા ગુણોમાં પ્રવીણ હતી.

કસ્તૂરીની સુવાસના, પુષ્પનો પ્રમોદકારી પરિમળ, જવાહિરની જવાહિરતા ભરી જ્યોતી; વાદ્યગીતનો મનહર નાદ અને સુદ્દગુણ-સંપન્ન મનુષ્યની મહિમા આપોઆપ પવનવેગ સાથ પૃથ્વિની સપાટીપર પસરી વળે છે. એજ પ્રમાણે નાગબાઇની નિરૂપમ રૂપ ગુણની સુનામના સોરઠભરમાં ફેલાઇ વળી હતી. જેમ સૂર્યકાંતિ, સુમન સુવાસના, યશ, વિદ્યાકળા, તથા વૈર છુપાવ્યા છતાં પણ છુપતાં નથી, તેમ નાગબાઇનું નેકનામીપણું સ્વાધીન રાખવા ઘણાએ ઉદ્યમ આ-દરતાં છતાં પ્રભાકર રશ્મિની ગતિ પ્રમાણે ધરોધર દર્શન દેવામાં પાછું પડી શક્યું નહીં. તે તો ઠેઠ વ્યભિચારીના મંડળેશ રાહ મંડ-લિકના કાનસઘી પણ જઇ પહોંચ્યું અને તેની મનોવૃત્તિમાં સંચાર કરી તેણીના દર્શનની લાલશા પેદા કરી. જેથી ખુદ રાહ તેણીનાં દર્શન કરવા છડી સ્વારી સાથ માણિયે જઇ પહોંચ્યો; પરંતુ દ-ર્શન કર્યા પછી તેના મનોવિકારમાં પોતાના નિત્યના વ્યભિચારી સ્વભાવના પ્રસંગવશથી વ્યભિચારી ભાવનો સંચાર થઇ આવ્યો, જેથી તેણે પોતાની તે ધારણાને સફળતા આપવાની વિચારણા આ-ચારમાં મૂકવા વિષે પ્રાર્થના કરી; પરંતુ પોતાના પ્રાર્થીજન અગાડી પ્રાર્થનાપૂરકે પ્રાર્થના કરી વિપરિત રીતિ પ્રકટ કરેલી જાણી છતાં સતિ શિરોમણિ ચારણીદેવી નાગબાઇયે મર્યાદા પૂર્ણ વચન કહ્યાં કે–

" પિતાતુલ્ય પૃથ્વિપતિ ! અમે તો તમારી દૈવીસંપત્તિવાળી દીકરીઓ છિયે, જેથી અમારી સાથે પાપી વર્તનની પ્રાર્થના કરતાં પતિત થવાનું પરિણામ પ્રાપ્ત થાય છે. જે આસુરીસંપત્તિધારિણી અસતી અંગનાઓ હોય તે સાથે આવી કુદષ્ટિ કરવી ઠીક ગણાય.

અમારી અગાડી આવી અયોગ્ય લગની લગાડી વિવેકને બગાડી દેવો એ ભુંડા ભાગ્યની નિસાની છે. જેથી ફરી એવો શબ્દ ન ઉચરવા વિનતી છે. છતાં જીભ ને જીવ વશ નહી રાખશો તો અમો કાળને વશ થઇ તમારો કાળ આણવા મર્યાદા મુકીને ગાળ તથા શાપ દઇશું; માટે અમારી જાતની આવી પરીક્ષા લેવાનું વલણ તરતજ ફેરવી નાખો, નહીંતર હસવામાં ખસવું થઇ જશે"

આ પ્રમાણે વિવેક ભર્યા વચન કહ્યાં; તોપણ શું વિષયભૂતને વશીભૂત થયેલ ભૂપતિ ભાર બોજ જાળવવાનું ભાન રાખે ખરો કે? તે તો ભૂતાધીન જનની પેઠે ભ્રમિત ચિત્તવંત થતાં સતીના ચીરનો પાલવ પકડવા આગળ વધ્યો, ત્યાં તો કાળના કટકા જેવી ચારણી દેવી મહાકાળિકા જેવી કૃતાંત કોપવંત બની તિરસ્કાર યુક્ત વિકરાળ રૂપથી બોલીકે—

"દુષ્ટાત્મા! હું તો તારે હાથ આવનાર નથી, આ ચાલી; પણ જેવી રીતે હું તારી આગળથી પાછી ફરૂં છું તેવીજ રીતે આજથીજ તારી ભાગ્યદેવી વિમુખ થઈ પાછી ફરી તારા કટ્ટા શત્રુ મહમૂદ શાહને વરશે, જા ખૂટેલ! વણ ખૂટયે તેં કાળ ખૂટયાની ખંત કરી જેથી તારો પુણ્યાત્મા પાપમય બની યવન ગણાઇ પદભ્રષ્ટ થશે."

વ્હાલા વાંચનાર! ચારણ લોકોનું માનવું ઉપર પ્રમાણે છે; પરંતુ ભાટ લોકોનું માનવું છે કે તે નાગબાઇ ચારણીઆણી જુનાગઢથી બાર મૈલ દક્ષિણે વડાલ તાલુકાના દાતરાણા ગામમાં જન્મી હતી. તેણીના બાપનું નામ હરજોગ દામો હતું, અને પતિનું નામ રાવસુર ભાસુર હતું. નાગબાઇના દીકરાનું નામ નાગાજન અને તેની વહુનું નામ મીનબાઈ હતું. એ મીન બાઇ ઘણીજ ખૂબસુરતવંત હતી તેને નિહાળવા માટે શિકારને બ્હાને રાહ મંડલિક તેણીને ઘેર જઇ પહોંચ્યો હતો.

ચારણોની રીત છે કે જ્યારે રાજા પધારે ત્યારે ચારણિયાણીઓ થાલમાં કંકુ ચોખા લઇ પોંખવાં જાય છે. તે રીતિ મુજબ રાહને ઘેર પધાર્યા જાણી નાગબાઇયે વહુ મીનાબાઇને પોંખવાની આજ્ઞા કરી, જેથી તે પોંખવા ગઇ; પણ રાહ તો તેના મોહક રુપથી મોહિત થઇ જતાં તેણીનું મ્હોં વધારે વખત જોવા ચાહતો હોવાથી

મીનબાઇ પોંખવા લાગી કે તે તરત બીજી બાજુએ ફરી ઉભો રહ્યો. તેમ કરવાની મતલબ તો એજ હતી કે-પોતાની બદઘાનત જાહેર ન થાય અને વધારે વખત મીનબાઇનું મ્હોં નિરખી શકાય. તો પણ ભોળા ને ભલા મનની વહુ ઓવારણાં ન લેતાં સાસુજીને (મ્હોં ફેરવી ઉભવાનું કારણ) પુછવા ગઇ. સાસુ બોલી-'એ દિશા ચોખી નહી હશે તેથી તેમ કર્યું હશે; માટે બીજી દિશાએ પોંખી ઓવારણાં લે જો.' તે ઉપરથી મીનબાઇ ફરીને પોંખવા આવી તો રાજા તે દિશા તરફથી ફરી બીજી દિશા તરફ મ્હોં રાખી ઉભો. એથી મીનબાઇ પોંખ્યા વિનાજ પાછી ફરવા લાગી. એ જોઇ રાહે મીનબાઇની છેડખાની કરી, એથી તો મીનબાઇ ગુસ્સાના ભાવ સહિત ઘરમાં ચાલી જઇ તેણીએ તે વાત સાસુને જણાવી. એટલે સાસું નાગબાઇ કાળી નાગણ જેવી બની શાપ વચન બોલી ઉઠી કે—"ફૂટેલનું નશીબજ ફૂટયું જણાય છે" એટલું બોલી બ્હાર આવી રાહને ધિટકાર વાક્ય કહેવા લાગી કે,–

ચાંપે જે ચારણ ભણે, તું વાર્યું માને વીર;
  હીણી નજર્યું હમીર, માવિત્રાન્યુ નોય મંડલિક. ૧
ચૂડારા ચારણ તણું, વચન જ માને વીર;
  નેવાં તણાંજ નીર, મોભે ન ચડે મંડલિક. ૨
તપસામેં ખામી પઇ, કિરીઆ ઘટસે કોટ;
  ખૂટામણની ખોટ, મું બિસારસ મંડલિક. ૩
પિસે જુનાની પોળ, દામોકુંડ દેખિશ નહીં;
  રતન થીશે રોળ, મું સંભારસ મંડલિક. ૪
પોથાં ને પુરાણ, ભાગવતે બિલાસો નહીં;
  કલમો પઢશો કુરાણ, મું સંભારસ મંડલિક. ૫
નહિ વાજે નિશાણ, નકીબ હુંકલસે નહીં;
  ઉમટશે અસુરાણ, મું સંભારસ મંડલિક. ૬
નહિ હોય ઘોડાનાં ઘેર, પાલખિયું પામસ નહીં;
  ગિરનારે ગર મેર, મું સંભારસ મંડલિક. ૭
માની નહિ ભલ સીખ, ભૂંડી રીત્યોં આદરી;
  ભામતો માંગસ ભીખ, મું સંભારસ મંડલિક. ૮
રાણિયોં રીત પખેં, જાય બજારે બીસસે;
  ઓજલ આળસને, મું સંભારસ મંડલિક. ૯

પોતાના પરિણાતણી, લાજજ લોપે મા;
જુનાણું જાતાં, મરવું હતું મંડલિક. ૧૦

ઘોડા ને ઘોડલીઉં લઇ, જૂને પાછો જા;
માનને મોદલ શાહ, મત કીં ફરિ મંડળિક. ૧૧

જાશે શાહની રીત, શાહપણું રહેશે નહીં;
મ્હેલ ઠેકાણે મસીત, મું સંભારસ મંડળિક. ૧૨

વગેરે વગેરે શાપવચન વદી ચારણી દેવી ઘરમાં ચાલી ગઇ અને શાહ ખિસિયાણો પડી જુનેગઢ જતો રહ્યો; પણ સતી નાગબાઇના શાપથી તેની મતિ અતિ બગડતી ચાલી તેથી અંતે પોતાના પ્રધાન વિમળશાહની મનમોહિની નામની સુંદરીની લાજ લીધી તથા તે વાત પ્રધાનની જાણમાં આવતાં તુરત અમદાવાદના શાહ ત્રીજા મહમૂદ બેગડા પાસે જઇ જુનાગઢ પર ચડાઇ લાવ્યો. જેથી છેવટ રાજ્ય ગુમાવ્યું અને ઇસ્લામી મજહબ સ્વીકારી ખાન જહાનનો ઇલકાબ વાળો ગણાઇ આખર કબરમાં સમાયો કે જે હાલ પણ અમદાવાદમાં ખાન જહાનનો (ખાંજીઓ) આરો નિરખતાં તે કબર દ્રષ્ટિગોચર થાય છે.

પ્રિય પાઠકો! સતી નાગબાઇના શાપથી શાહની કેવી સ્થિતિ થઇ તેથી આપ વાકેફગાર થતાં એજ સાર ગ્રહણ કરશો કે પરસ્ત્રીની છેડ કરવાથી કડવાં ફળ પ્રાપ્ત થાય છે, તથા હિતેચ્છુની સીખામણ ન માને તેના અંતે આવાજ બુરા હાલ થાય છે, અને સર્વ પ્રકારે શીળભંગ કરવાથી જીવાત્મા પાપનોજ ભોક્તા થઇ આસુરી સંપત્તિનેજ આધીન થાય છે. માટેજ,

સોરઠો.— સજિયે સદા સુનીતિ, ભજિયે નિત ભગવંતને;
તજિયે સકળ કુરીતિ, સેવી સાચા સંતને.

ધર્મવીર સતી દેવકુંવરી.

વિક્રમની સોળમી સદીમાં મરૂભૂમિની અંદર રાઠોડી રાજ્યના ભાયાત જોગીદાસની હવેલી મધ્યે દેવી દેવકુંવરીનો જન્મ થયો હતો. અને તેણીનાં લગ્ન રાણપુરના ઠાકોર ગોહિલ રાણાજીની સાથે થયાં હતાં, તથા તેણીના સતીત્વની પરીક્ષા આ પ્રમાણે થઇ હતી કે,–

જોગીદાસ અમદાવાદના સુલતાન મહમૂદ બેગડાની હજૂર કેટલોક વખત લગી રહ્યો હતો અને કેટલાંક ગર્ભિત કારણોસર તેણે પોતાની મોટી દીકરીને બેગડાને આપી દેઇ બેગમ બનાવી હતી.

એક વખત તે પાદશાહની બેગમ અને રાણાજીનાં ઠકરાણાં પોતાના પિયરમાં એકઠાં થયાં હતાં, એથી મ્હોટી બ્હેન બેગમે ન્હાની બ્હેનનો ઘણે દહાડે મેળો થવાથી હર્ષ પામી, દેવકુંવરીને ભેગાં બેસી જમવાની તાણ કરી. પણ દેવકુંવરી બોલીકે–

" આપ પાદશાહ વેરે પરણ્યાં છો અને મારા ધણી આપના શાહશ્રીના પટાવત છે જેથી પદવીની યોગ્યતા પ્રમાણે હું આપની ભેળાં બેસી જમવા જેટલી યોગ્યતા ધરાવી શકતી નથી, સગાં હોઇયે છતાં અધિકારને માન આપવાની ખાસ જરૂરજ છે."

બેગમે કહ્યું–" અધિકાર તો અમદાવાદમાં રહેલ છે' અહીયાં તો બ્હેનોનો નાતો છે માટે તેવો વિવેક રાખવાની બિલકુલ જરૂર નથી માટે જમવા બેસો કે મને આનંદ મળે."

"દેવકુંવરીએ કહ્યું–હાલ હું એક વ્રત આદરી બેઠી છું એથી આજ ઉપવાસને લીધે આપશ્રીનું મન રાખવા અસમર્થ છું." આ પ્રમાણે વિનય ભરી વાણીથી ના કહી–તો પણ બેગમે જમવાનો આગ્રહ છોડયો નહી. જોકે બેગમ તો ભોળે ભાવેજ તેમ કરતી હતી, પણ રાઠોડાણી ધર્મભંગના લીધે ખોટાં ખોટાં બ્હાનાં કહાડતી હતી; પણ આખર બેગમના દુરાગ્રહ આગળ બ્હાનાનો અંત આવ્યો અને તેણીએ બેગમની માફ્રમાંગી ભેગાં બેસી જમતાં વટલાવાનું ખરૂં કારણ કહી બતાવ્યું, એથી બેગમને અપમાન થયાના કારણથી ઘણી રીસ ચડી; પણ તે રીસને તે વખતે દબાવી રાખી વાતને રાળી તેણીએ મન સાથે ચોક્કસ ઠરાવ કર્યો કે–" ગમે તેમ થાય

તો પણ એણીને અમદાવાદ બોલાવી ભેગી બેસી જમાડી વટલાવરી દઉં તોજ હું બેગડા બાદશાહની બેગમ ખરી. પોતે ઉંચી બની મને નીચી બનાવી છે તેનો બદલો બધો વાળી દેવાશે."

થોડો વખત પિયરમાં રહ્યા પછી બેઉ બેહેનો પોત પોતાના પતિને ઘેર ગઇ; પણ બેગમને જે ખટક હતી તે સંબંધી બાદશાહને બધી વાત રોશન કરી તેણીએ પોતાનું ધાર્યું થવાનો પૂરેપૂરો પાઠ પઢાવી રાખ્યો હતો.

દરમ્યાન ગોહિલ રાણોજી કંઇક કારણસર અમદાવાદના સુલતાનની હજૂર આવ્યો હતો, તથા તે વખતે પોતાના એક ઢોલિયાના ચાકરને વાંકસર રજા આપી હતી તે બેગમની જાણમાં આવતા તે ચાકરને પોતાની હજૂરમાં નોકર રાખી લીધો, અને તેની મારફત છળ પ્રપંચથી ગોહિલનાં ઠકરાણાંને અમદાવાદ તેડી લાવવાનો સંકેત જણાવી તેને લાલચથી લલચાવી મહેરબાનીનું પાત્ર બનાવી દીધું, પણ તે નોકરે જણાવ્યું કે-

"હું એ કામમાં ફતેહ મેળવી આપીશ; પણ ગોહિલઠાકોરની પક્કી નિશાની બતાવ્યા વિના ઠકરાણાં મારી પતીજ રાખે તેવાં નથી; માટે ગમે તેવી રીતે ગોહિલ ઠાકોર પાસેથી નિશાનીઓ મેળવી તે મને આપવાથી હું ઠકરાણાંને જરૂર ફરેબ દઇ અહીં લાવી શકીશ."

તે પછી બેગમે રાણાજીની નિશાની મેળવવા બાદશાહને વિનવ્યું, જેથી પાદશાહે પ્રથમ દિવસે રાણાજી પાસેથી તરવાર જોવાને માટે લઇ લીધી, બીજે દિવસે કટાર અને ત્રીજે દિવસે હાથનું માદળિયું માગી લઇ તે ત્રણે ચીજો બેગમ મારફત ચાકરને સોંપી તેને રાણપુર રવાના કર્યો. અને તે ત્યાં પહોંચી રાણાજીના ઠકરાણાને કહેવા લાગ્યો-

"હું આપના ઢોલિયાનો ચાકર છું તે આપથી અજાણ્યું નથી, અને એમ હોવાથી રાણાજી સાહેબે મને ત્રણ નિશાનીઓ આપીને આપને તેડવા સારૂ મોકલ્યો છે. રાણાજી સાહેબની આજ્ઞાને માન આપવું એ તો આપની ફરજ જ છે અને વિશેષ પોતે એમ પણ ફરમાવ્યા છે કે 'જો આ નિશાનીઓ મોકલ્યા ને જોયા છતાં અહીં નહીં આવશે તો સદાને માટે અણબનાવ રહેવાનો બનાવ બનશે' માટે આપને ત્યાં પધારી ઠાકોર સાહેબની પ્રસન્નતા વધારી લેવાની જરૂર છે, પછી તો આપની મરજી."

દેવકુંવરીએ નિશાની જોતાં અને વિશ્વાસુ નોકરને મોકલતાં પતીજ રાખી તુરત રથ જોડાવ્યો અને તે ચાકર સહિત અમદાવાદ ભણીનો પંથ પકડયો. તે જ્યારે અમદાવાદની નજીક આવી પહોંચ્યાં ત્યારે માર્ગમાં ઠાકોર સાહેબનાં માણુસો સ્હામાં મળ્યાં, તેમણે રથને ઓળખી રથ પાસે જઈ વિનવ્યું કે–" આપ અહીં કેમ પધાર્યાં છો? આ નિમકહરામ નોકરને તો રજા આપેલ છે એનો વિશ્વાસ કેમ લાવ્યાં? હશે જે બન્યું તે ખરૂં." એમ કહી ઠકરાણીને રાણાજીના ઉતારા ભણી લઇ જવાનો માર્ગ લીધો. પેલો નિમકહરામ નોકર તો તે માણુસોની આંખને ભૂલાવો આપી છ પાંચ ગણી ગયો, તે ઠકરાણાં આવ્યાના સમાચાર બેગમને પહોંચાડી પોતાના મુકામે જતો રહ્યો."

ઠકરાણાં જ્યારે ઠાકોર સમીપ જઇ પહોંચ્યાં ત્યારે ઠાકોર સાહેબે પૂછ્યું કે "વગર તેડયે એકદમ અહીં આવવાની કેમ ફરજ પડી?"

દેવકુંવરીએ કહ્યું–" મને આપણા ઢોલીઆના ચાકર મારફત આ ત્રણ ચીજો નિશાનીમાં મળવાથી તેડું થયું જાણી આવી છું; પણ કપટ થયું છે એમ હવે મને જણાઇ આવ્યું છે, અને મને વટલાવા માટે બેગમે આ પ્રપંચ આદર્યો હશે."

ઠાકોરે કહ્યું–" કંઇ ચિંતા નહી. જે બન્યું તે ખરૂં. માતાજી શકતી સાહાય કરશે અને આવેલી આપદા દૂર હરશે." એટલુંજ બોલી રાજબાઇનું ધ્યાન ધર્યું.

રાજબાઇ ઉમેટા ગામના દુદા ચારણુની દીકરી હતી અને એકવાર રાણાજી ઉમેટાભણી ખંડણી ઉઘરાવાને ગયો હતો તે વખતે વાવાઝોડાનું તોફાન આવી લાગતાં પોતાના સ્વારોથી વિખૂટો પડી તે ભૂલો પડયો અને ફરતાં ફરતાં ઉમેટે જઇ પહોંચતાં પુષ્કળ પાણીની પ્યાસ લાગવાથી તેણે રાજબાઇ પાસેથી પાણી પીવા માંગ્યું હતું, એથી દૂર બેઠે બેઠે પણ ઘોડાપર બેઠેલા રાણાજીને તેણીએ માયા શકિત વડે લાંબો હાથ કરી પાણી પાઇ પોતાનું ગુપ્ત પરાક્રમ બતાવ્યું. એટલે તુરતજ રાણાજી હેઠો ઉતરી રાજબાઇને દંડવત્ પગે પડી ઉભો રહ્યો. એ જોઇ રાજબાઇ બોલી—

" પ્રજાપાળ! શું વસ્તુની વાંછના છે? જે જોઇયે તે માગી લે."

રાણોજી બોલ્યો—"સંકટની વેળાએ સંભારૂં ત્યાં આપ આવી હાજર થઇ મારૂં સંકટ નિવારજો."

રાજબાઇ બોલી—"જ્યારે જ્યારે જ્યાં જ્યાં ભીડ પડે ત્યારે ત્યારે ત્યાં ત્યાં સમરતાંજ હાજર થઈ ભીડ ભાંગીશ. બેફિકર રહેજે."

આ પ્રમાણે વરદાન આપેલ હોવાથી આ વખતે રાણોજી ધર્મસંકટમાં સપડાયલો હોવાથી તેણે રાજબાઇને સમરી એટલે રાજબાઇએ ત્યાં આવી કહ્યું.—

"વ્હાલાવીર ! શામાટે મુંઝાય છે ! કાલે બાદશાહ ઠકરાણાને બેગમ હજૂર મોકલવા તેડું કરશે તે વખતે હું ઠકરાણાનું રૂપ લઇ જનાનામાં જઇશ અને તારી આબરૂ તથા ધર્મ જાળવીશ, અને તે દરમ્યાન ઠકરાણાંને તારા રાણપુરના દરબારમાં પહોંચાડી તને નિશ્ચિંત બનાવીશ. હું તો શાહના જનાનામાં જતાંની સાથે ધરતીમાં સમાઇ જઇશ; માટે તારા કિલ્લામાં કુળદેવી તરીકે મારૂં થાનક બનાવી મારી મૂર્તિ સ્થાપજે; પણ તે થાપના કરતી વખતે મ્લેચ્છનો પડછાયો પડવા દઇશ નહીં; નહી તો તારા જાન આદિ સહિત રાણપુર પરમારોના હાથ જશે. એ તું ખૂબ યાદ રાખજે."

બીજે દિવસે બાદશાહે રાણાજીના ઠકરાણાંને જનાનખાનામાં તેમની બ્હેન બેગમજાનને ભેટવા માટે તેડું મોકલ્યું એટલે તુરત રાજબાઇ ઠકરાણાંનું રૂપ ધરી તુરતજ મર્યાદા સાથ મ્યાનામાં બેસી બેગમને મળવા ગયાં. ત્યાં શાહ પણ હાજર હતો તેથી શાહને જોતાંજ વિકરાળ રૂપ બતાવી બેગમને ભીતરના દાહથી પીડિત કરી ભૂંયમાંજ સમાઇ ગઇ. એ જોઇ બેઉ જણ ચમત્કાર પામી કરેલાં કૃત્યનો પસ્તાવો કરવા લાગ્યાં.

રાણોજી પણ તેજ ટાણે મોજ સાથે રાણપુર ભણી વિદાય થઇ ગયો અને તેણે રાણપુર પહોંચી ઠકરાણાંને ભેટી આનંદ પામી તરતજ રાજબાઇની કિલ્લામાં સ્થાપના કરી; પરંતુ ભાવીની પ્રબળતાથી તે વખતે એક અભડાયલી ચૂનારણનો પડછાયો પડી ગયો હતો; તથાપિ તેને તે વેળાએ જાણુમાં આવ્યું ન હતું; પણ પાછળથી તે વાતની જાણ થતાં રાજબાઇનું ભાખેલું ભવિષ્ય ખરૂં પડવાની ધાંખનામાં લાગવાથી ઘણો સાવચેત રહેતો હતો. દરમ્યાન એક હજ કરવા

જનાર મા બેટાને બ્રાહ્મણોના ભરમાવ્યાથી સંતાપ્યાં જો. કે તેઓએ માફી માગી હતી; તોપણ અદ્દશ્યની અકળી ગતિથી રાણાજી કશો વિચાર ન લાવતાં ધર્માંધપણાને લીધે તે ડોસીના નિર્દોષ દીકરાને તરવારને તાબે કરી માલિકનો ગુન્હેગાર બન્યો. ડોશી હજ કરવાનું મોકુફ રાખી અન્યાયની પુકાર કરવા અમદાવાદ જઇ મહમૂદ શાહને બનેલી બિના રોશન કરી તેણે તેનો બદલો આપવા વિનવ્યું. જેથી શાહે તે જુલ્મીને જેર કરવા ઉમરાવોને પૂછયું, પણ અન્ય કોઇ હિમ્મત બીડી શકયા નહી; પરંતુ શાહનો ભાણેજ બંડેરીખાન કે જે તેજ દિવસે નિકા પઢીને આવેલો હતો, તેણે ધર્મનું જનુન લાવી તે ધર્માંધ કાફરને રણમાં રોળવાનું બીડું ઝડપ્યું અને ફોજ લઇને ધંધુકા લગી જઇ પહોંચ્યો. એટલામાં તો રાણાજીને તે વાતની જાસુસ મારફત ખબર મળતાં તાકીદે સેના સાથ ધંધુકા અગાડી બંડેરીખાન સાથે તેણે ભેટો કરી જબરૂં જંગ મચાવ્યું. અને શત્રુસેનાને કાપતો કાપતો પાછે પગે ઠેઠ રાણપુરના દરવાજા લગી સહી સલામતે જઇ પહોંચ્યો. અને તેણે ઠકરાણીને કહેવરાવ્યું કે-" મારા માથે ધરાતું છત્ર જ્યારે નજરે ન પડે ત્યારે મારૂં મરણ થયું જાણી તમો તમારો સતીધર્મ પાળજો કે જેથી મુસલમાનોને હાથ જતાં અટકો. "

ઉપર પ્રમાણે સંકેત બતાવ્યો હતો છતાં છત્ર ધરનારાને તરસ લાગી જેથી છત્ર નાચે રાખી પાણી પીવા ગયો, અને એમ થવાથી ઠકરાણીએ જાણ્યું કે 'ઠાકોરશ્રીનો દેહાંત થયો' એમ જાણી તેજ ક્ષણે દરબારગઢમાંના કુંવામાં ઝીંપલાવી પતિસહ સતીએ સ્વર્ગગમન કરવું અખ્તીઆર કર્યું. ફાની દુનિયામાંની મુસાફરી પૂર્ણ કરી. વાર લાગવાથી પતિદેવ ખીજે અને એટલો પણ વિયોગ ન થાય તે ઠીક નહીં, એમ ધારી સતીધર્માનુરાગિણી દેવકુંવરી દેવીએ પોતાના જીવનનો અંત કરી ખંત સહિત અનંત અક્ષય શોભાવંત યશ પૂર્ણ સ્વર્ગમાં પધારી વિશ્રાંતપણું પ્રાપ્ત કર્યું. ધન્ય છે દેવી ! તને લક્ષાવધિ ધન્ય છે ! ! !

રાણાજી ઉપરના બનાવથી જાણીતો થતાં તો વધારે જુસ્સાથી લડી બંડેરીખાનને ભોંય ભેગો કર્યો અને ઘણા દળનો ઘાણ કહાડી દરવાજા આગળ પ્રાણભોગ આપી અમર કીર્તિવંત અમરાપુરીમાં જઇ પ્યારી દેવકુંવરીને ભેટયો.

'રાણાજીના મુવા પછી મુસલમાનોએ કિલ્લો હાથ કરી ગામને ઉજડ કરી ગધાડે હોળ ખેડાવી તે જગોએ મીઠું વવરાવી પોતાનો વિજય જાણ્યો અને તે વિજય મેળવ્યા સંબંધી સુલતાનને ખબર આપી, એથી રાણપુરનો પટો મહમદશાહે મૂળીના પરમાર ઇસ્લામી ધર્મ સ્વીકારનાર હાલાજીને હસ્તક સોંપ્યો. હાલાજી રાણાજીની બ્હેનનો દીકરો (ભાણેજ) હતો.

વાંચનાર! આ વાર્તા એજ બતાવી આપે છે કે-સ્વાર્થ અગાડી ધર્મ કર્મનો નાશ થવાનાં કામો હાથ ધરવામાં આવે છે, તથા પોતાનો ટેક જાળવવા ગમે તેટલી હાનિ વ્હોરવી પડે તો પણ હરકત નથી, તેમજ ભાવિની પ્રબળતા, અને ભંડેરીખાનની ધર્મ તરફ અપૂર્વ શ્રદ્ધા (યકીન) તથા સતી સુંદરીઓનો ધર્મ વગેરે વગેરે ધ્યાનમાં લેઇ સમય પર તેજ પદ્ધતિ ભર્યાં પગલાં ભરી ઉજ્વળ નામના વરવી યોગ્ય છે. ભંડેરીખાનના નામ ને કામની યાદી આજે પણ અમદાવાદમાં કાળુપુરની અંદર ભંડેરી પોળ યાદી અપાવી રહેલ છે. ધન્ય છે એવા ધર્માનુરાગીપણાથી નવપરણિત છતાં પ્રાણની આહુતી આપવા તત્પર થનાર ધર્મશીળને કે જેણે નવલવધુને તેજ દહાડે નિકા કરી લાવેલ છતાં પણ તેની માયામાં મોહ ન રાખતાં ખુદાતાલાની બંદગી કરવા જનારના જાન લેનાર રાણાજીનો જાન લઈ ઇન્સાફ ધર્મની રાહે પરવરદગારની હજૂરમાં હાજર થઇ પોતાનું જીવન સફળ કર્યું! માટેજ.

સ્નેહ તજી સંસારનો, ભજો સદા ભગવંત;
એજ અમરપદ આપીને, કરશે દુખનો અંત.

ધર્મવીર સતી સુમરીબાઈ.

ઉભયકુળ ઉજાલણી સુમરીબાઇ વિક્રમના સોળમા સૈકામાં સિંધભૂમીમાં જન્મી હતી અને તે જત જાતીની હતી; પરંતુ તેણીના માતા પિતા જન્મસ્થળ તથા પતિ આદિનું નામ યથાર્થ પણે મારી જાણમાં આવ્યું નથી. ફક્ત તેણીની શીળકશોટી કથા પ્રસંગને અનુસરીને થઇ તે કંઇક અંશે જાણમાં આવ્યું છે—તે આ પ્રમાણે છે,—

સુમરીબાઇનું પોતાની જ્ઞાતિના રીત રિવાજ મુજબ વેવિશાળ કર્યું હતું; પણ પરણવાનું બાકી હતું. સુમરીબાઇ અત્યંત રૂપાળી હતી જેથી તેણીના રૂપની પ્રશંસાનો પવન જોસબંધ ફેલાતાં છેક સિંધના બાદશાહ × × × × સુધી જઇ પહોંચ્યો હતો. એથી તેણીને જોર જુલ્મથી પોતાના જનાનખાનામાં દાખલ કરી દેવરાવવાની ગુપ્તરીતે હિલચાલ ચલાવી, પણ તે હિલચાલ સુમરીબાઇના જાણુમાં આવતાં પોતાના પિતાને ચૂંપ સહિત જાહેર કરી.

સુમરીબાઇનો પિતા જતલોકોનો આગેવાન અને જ્ઞાતિપ્રીય હતો. તેણે પોતાના ન્યાતિલાઓને બોલાવી શાહ તરફથી આબરૂપર હાથ નાખવાની થતી હિલચાલથી વાકેફ કરી પછી તે બલામાંથી બચવા શું કરવું વગેરે માટે તેમની સમ્મતી મેળવી. એટલે તો જત લોકો કે જે મહા હઠીલા અને પોતાનું પાણી જાળવવા જતાં મરણથી પણ ન બ્હીનારા તે તુરત ગુસ્સાના જુસ્સામાં આવી ગયા. તેઓએ છેવટનો વિચાર એજ કર્યો કે કબીલા સહિત અહીંથી ચાલ્યા જઇ કચ્છના રાહની મદદ મેળવી લેવી. અને તેજ વિચાર મુજબ સત્તરસો જત એકમના થઇ કબીલા સહિત સુમરીબાઇને લઇ કચ્છના રાહનું શરણ લેવા હબાય ગયા; પણ (કચ્છના) રાહ જામ હમીરજીએ સિંધના શાહ સ્હામે ટક્કર લેવા નાહિમ્મત બતાવી જેથી આખર મુળીના સોઢા પરમાર લખધીરજી કે જે પરદુઃખ ભંજનમાં પ્રથમ રેખાવાળો હતો તેને શરણે ગયા.

લખધીરજીએ જતલોકોને પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું હતું કે—“ જ્યાં લગી અમારા ધડ ઉપર અમારાં માથાં કાયમ રહેશે ત્યાં લગી તો સુમરીબાઇને ઉન્હી આંચ આવવા દઇશું નહીં. જે માતુશ્રીના કહેવાથી ચાબડ રજપૂતોએ શરણે આવેલા તીતર પક્ષીને પાછું માંગતાં લાખો પરમારોનાં લોહી રેડાયા છતાં શરણાંગત (તીતર) ને પાછું આપવા દીધું ન હતું તે શૂરી માતાના પુત્રો અમો શરણાંગતને જીવમાં જીવ છતાં કદિ શત્રુના હાથમાં જવા દેઇશું જ નહી માટે બેફિકરથી રહો અને ખાઓ પિઓ ચમન કરો. ”

સુમરીબાઇ હાથથી ગઇ જાણી તેણીને મેળવવા માટે પ્રાણની પથારી કરનારો સિંધનો શાહ જબરા લશ્કર સહિત જતલોકોનાં પગલાં ચાંપતો મૂળી પર ધસી આવતો પરમારોને માલુમ પડયો.

'મૂળીને ગઢ કિલ્લો વગેરે ન હોવાથી શાહ સ્હામે લડતાં અહીં ફાવીશું નહીં' એમ ધારી પરમારો, જત અને સુમરીબાઇ સમેત મૂળીની પશ્ચિમમાં પંદર ગાઉપર માંડવનો ડુંગર છે તેની ગીચ ઝાડીમાં જઇ લડાઇના મોરચા માંડી તૈયાર રહ્યા.

પાદશાહનું લશ્કર પણ ત્યાં આવી પહોંચ્યું અને બેઉ જણનો ભેટો થતાં ભયંકર લડાઈ ચાલી હજારો જણનાં (બેઉ પક્ષમાંથી) લોહી રેડાયાં અને લાંબો વખત લડાઇ ચાલુ રહી; તો પણ શાહની ધારેલી ધારણા પાર પડી નહી. એથી તેણે પરમારોના હજામને પૈસા વગેરેની પુષ્કળ લાલચ લાંચ આપી ફીટવ્યો.

પ્રિય પાઠકો ! પરંપરાની રીતિથી સાબિત જણાયું છે કે- 'હજામ, ધોબી, માળી, અતીત, વૈરાગી, જ્ઞાતિગોર, દરજી, કોળી, પઠાણ, ભગતડાં, અને કુટની-વૈસ્યા એઓની જાતિનોજ સ્વભાવ છે કે જો ધનની લાલચથી કોઈ લોટપોટ કરી દે તો તે ફરી બેસી નિમકહરામ નીવડે છે; (પણ કાઠી, ભીલ, રજપૂત, આહીર, આરબ, અને જાટ એઓ પ્રાણાંતે પણ બદલી બેસતા નથી.)' માટેજ હજામ વગેરે ફિટલ જાતનો ચતુર શિરોમણિજનો ઓછો વિશ્વાસ રાખી ખબરદાર રહે છે.

લુણહરામી હજામ, શાહને મળી જવાથી શૂરા પરમારોને ફક્ત એકજ કુવો પીવાનું પાણી પૂરૂં પાડતો હતો, તે કુવો તેણે બતાવી દીધો, તેથી મુસલમાનોએ રજપૂતોના જીવનને જોખમમાં લાવી મુકવા તે કુવામાં ગાયનું માથું કાપીને લોહી સમેત નાખ્યું. એમ થવાને લીધે પરમારોને પાદશાહ સાથે સલાહ કરવાની જરૂર પડી, લખધીરજીએ પોતાના બાઇ હાલાજીને તે પંચાતની ખોળાધરીમાં પાદશાહની તહેનાતમાં સોંપ્યો. તથા એક મહીનામાં આપની ધારણા પાર પાડીશું એવું કહી લડાઇ સમેટી લેવરાવી; પણ સુમરીબાઇને પક્કા બંદોબસ્ત સાથ બાંધી ખરેડી વણોદ (વણોદ) પહોંચાડી અને તે પોતાનું સતીત્વ તેમજ પરમારોનું પણ જાળવતા જીવતીને જીવતી ધરનીમાં સમાઈ ગઇ, જેથી કાળ ગયો, પણ કમનીય કીર્તિ કાયમ રહી.

આ પ્રમાણે થયા પછી લખધીરજી ગુજરાતના સુલતાન મહમદ શાહને મળી તેમને મદદે લઇ આવ્યો. ગુજરાતી લશ્કરની મદદ વડે સિંધિયોને હરાવ્યા, હાલાજીને છોડાવ્યો અને જીત મેળવી પાછો પોતાની રાજધાનીમાં ગયો. (પણ હાલાજીને સોબતની અસર થવાને

લીધે પાછળથી ઇસ્લામી મજહબને સ્વીકારવાની ઇચ્છા થઇ એથી મહમુદશાહે તેને રાણપુરને ફરી આબાદ કરી ત્યાંની જાગીર બક્ષી દીધી).

જે જગોએ સુમરીબાઈ જમીનમાં જીવતી સમાઇ ગઇ હતી તે જગોએ હજુ લગણુ પણુ તેણીના સ્મરણરૂપ કબર હયાત હોઇ સતી સુંદરીઓને ઉત્તમ ઉદાહરણુ લેવા લાયક ઉર્મીઓને ઉત્તેજન આપે છે. માટેજ વાચકો!

નિત નિત નેહે નામ દીપાવો, શુભ કામોનું સ્મરણુ કરાવો;
મુવા પછી પણુ લોક સંભારે, કરો એવું શાબાશજ ત્યારે.
નહિ તો ફોકટ ફેરો થાશે, કોઇ ન તમારા યશગુણુ ગાશે;
ખાલી ભૂમિને ભારે મારી, આવ્યા તેમજ જશો સિધારી.
માટે વાંચી ઉક્ત કહાણી, કરીલ્યો સ્નેહે સુકૃત કમાણી;
અમર નામના કરોજ ભ્રાતા, તો મળશે નિત સૌખ્યદ શાતા.

ધર્મવીર સતી મુંધીબાઇ.

મુંધીબાઇ વિક્રમની સોળમી સદીમાં રાણીસર ગામની અંદર વિપ્રકુળમાં જન્મી હતી એટલું જ સ્પષ્ટ રીતે જાણુવામાં આવ્યું છે, પણુ તેણીના માતા પિતાનાં નામ જાણુવામાં આવેલ નથી. અને તે કુંવારી છતાં માત્ર મનથી વરેલા પતિ પરમાર લખધીરજીની પાછળ સતી થઇ હતી. તે બિના નીચે મુજબ છે:—

તે સમયના બાદશાહી રાજ્યરંગમાં અંધેરી અને જોહાકીદારના મામલાને અંગે વિશેષ લૂંટફાટ ચાલતી હતી એથી બોડી મુગલ પણુ લૂંટફાટ મચાવી રૈયતની પાયમાલી કર્યા કરતો હતો.

લૂંટારાઓ ચારણુના ગામ ઉપર લૂંટ ચલવતા નથી એવી પરંપરા ધ્યાનમાં લઇ, તે લૂંટના સમયમાં રાણીસરની આસપાસના લોકોએ પોત પોતાની માલમતા રળિયા ગઢવીને સોંપી હતી. એટલે કે રાણીસર તે ગઢવીનુંજ પસાયતું ગામ હતું જેથી તે જગોએ લૂંટારાઓ લુંટ ચલવશે નહી, એમ ધારી લોકોએ તેમ કર્યું હતું; પરંતુ હિંદુ-લૂંટારાઓ તેમ કરતા નહતા. આ બોડીમુગલ તો યવન હતો, જેથી તે ગામજ લૂંટી પુષ્કળ ધન હાથ કરવા જઇ

પહોંચ્યો અને ગામ લૂંટી રળિયા ગઢવીને કુટુંબ સહિત પકડી લઇ ચાલતો થયો.

રળિયો ગઢવી બુદ્ધિમાન હતો જેથી તેણે પહેલાજ મુકામે અરધી રાત જતાં રડીને કકળવા માંડયું એથી સરદાર બોડી મુગલે તેમ કરવાનું કારણ પૂછયું. તો તેણે કહ્યું કે—" જો આપ મને અને મારા કુટુંબને છોડી મૂકો તો આપના માગ્યા પ્રમાણે દરવર્ષે આપને ખંડણી આપ્યા કરૂં."

મુગલે કહ્યું—" તારી માલમતા તો લૂંટાઇ ગઇ છે તો હવે તારી પાસે શું છે કે તું આપી શકીશ "

ગઢવી બોલ્યો—" મારા બાપની દાટેલી અપાર પૂંજીના સંબંધમાં મને મારા માદળીયામાંથી નિશાનીબંધ એક ચીઠી મળી છે જેથી મને પ્રતીતિ છે કે તે માલ અકબંધ છે.

લોભી મુગલે એ વાતને પાયાદાર માની તેને કુટુંબ સાથે તે જગોએ જઇ પૂંજી કહાડી લેવાની તજવીજ માટે ૫૦૦ માણુસો સહિત જવા દીધો, એથી તે પાંચસે જણનો ધાણ વાળવા હળવદ પાસેની ટીકરની રણભૂમિમાં લઈ ગયો.

બોડી મુગલે ગઢવી સાથે મોકલેલી ટુકડીના સરદારને ભલામણ કરી હતી કે 'જો ગઢવી લાખ રૂપિયા આપે તો તેને છોડી મૂકજો.' આ ઉપરથી ટોળીનો નાયક પણ મકલાયો હતો કે—'લાખ સરદારને મળશે તો પાંચ પચીશ હજાર મને ને મારા માણુસોને પણ મળશે' આવી ઉમંગને લીધે ગઢવી જ્યાં લઇ જાય ત્યાં જવાને ખુશી હતો. તેમ તે પ્રદેશનો તે અજાણ્યો હતો, એથી લોભે ફસાતાં આખર એ થયું કે—ગઢવીએ તે રણમાં એક બેટ બતાવી તે નાયકને કહેવા લાગ્યો કે—" આ સ્હામે દેખાય છે તે બેટજ મારી વડીલોપાર્જીત ધનનું ઠેકાણું છે; માટે મારે તો એમાંથી જે તમો આપશો તેજ લેવું છે અને કદાચ કશું નહીં આપો તો પણ હું ખુશી છું, મારે તો જમીન જાગીર છે તેથી હું ઘણુંએ પેદા કરી લઇશ. બસ મને છૂટો મૂકવાના બદલામાં એ બધું ધન તમારે હાથ પડે તોપણ મને જરા બળતર નથી; માટે તમો તે ધન ખોદી કહાડી હાથ કરી લ્યો. હું અહીં બેઠો રહીશ અને જ્યારે તમે કહેશો ત્યારે અહીંથી આઘો ખશીશ." વગેરે વગેરે કહ્યું, જેથી

દમડાના લોભી લોભમાં લપટાતાં અકલહીન બની ગઢવીને કુટુંબ સહ ત્યાંજ રાખી પોતે બધાય પોત પોતાના ઘોડા દોડાવી હુસ ભર રવાના થયા.

રળિયો ગઢવી જાણતો હતો કે તે ભૂમિ વિથુરવાળી છે જેથી જેવા બધા ઝપટ બંધ ઘોડા દોડાવતા ગયા તેવાજ એકદમ તે વિથુરવાળી જગોમાં ઘોડા સહિત સમાઇ ગયા.

વિથુરવાળી જગોમાં ઉપરથી રેતી ઉડતી તથા સાર જમીન જેવી જમીન દેખાય છે; પણ પગ દેતાંજ તેમાં કળી જઇ તે ઉપર પાછી હતી તેવી જમીન બની રહે છે. તેવી જમીન તે પ્રદેશના રણમાં ઘણે ઠેકાણે છે અને તે પ્રદેશના ભોમિયા તેવી જમીનથી ટળી અન્ય રસ્તે થઇ પંથ પસાર કરે છે; પરંતુ અજાણ્યા જન તેમાં સપડાઇ જીવનને યમની જમાનીમાં મોકલી દે છે.

જ્યારે બધા તે કળણમાં કળાઇ લોપ થયા ત્યારે ગઢવી કુટુંબ સહિત વઢવાણ જઈ પહોંચ્યો અને ત્યાંના રાજાની શરણવત્સલતા માંગી; પણ ત્યાંથી એવો વાયદો થયો કે–" તમે હાલ તો મૂળીના સોઢા પરમાર લખધીરજીનો આશ્રય મેળવો. દરમ્યાન હું વ્હારે આવી ચડીશ.' આથી તે રળિયો ગઢવી મૂળી જઇ પહોંચ્યો અને વીતક વાત લખધીરજીને કહી સંભળાવી કે તુરત પાંચસો પરમારો સહિત લખધીરજી બોડી મુગલને ભેટવા નળકાંઠામાં આવેલા પનંગસર તળાવ પાસે જઇ મળ્યો અને લડાઇ જમાવી મુગલને ત્રાહ્ય પોકરાવા લાગ્યો.

જ્યારે રાણીસર લૂંટયું હતું ત્યારે વિપ્રકુમારી મુંધીબાઇને ઘણી રૂપવંત નિહાળી બોડી મુગલ નીચ ઇરાદાથી ઉઠાવી લાવ્યો હતો તથા તેણીને પોતાની કરવા તેણે બહુ બહુ યત્ન પ્રયત્ન કર્યા હતા; તોપણ તેણીએ યુક્તિવડે તે કામાંધને ફોસલાવી પટાવી 'અમુક મુદત સુધી મારૂં વ્રત પૂરૂં થતાં તમારી થઇશ' વગેરે બ્હાનામાં લલચાવી લીન રાખ્યો હતો, મુગલ સમજતો હતો કે–' એ મારા કબજામાંથી ક્યાં જનારી છે? અને વિપ્રકુમારિકા સમજતી હતી કે–' નિમેલી મુદત લગી પ્રભુ સત્યની વ્હારે ચડી મને કોઇ બચાવનારનો ભેટો કરાવી દેશે તો મારા શીલરત્નને જફા નહી પહોંચે.' અને થયું પણ તેમજ, સત્યસંધ ભગવાને સત્યવ્રતની વ્હારે ચડી પરમાર વીર લખધીરજીને ત્યાં પાઠવી પણ દીધો હતો.

લખધીરજી સાથે લડતાં લડતાં જ્યારે મુગલ પાસે ગણ્યાં ગાંઠયાંજ માણુસો રહ્યાં ત્યારે તેણે જીત્યાની આશા છોડી જીવ લેઇ નાસવાનો ઇરાદો મુકરર કર્યો અને અંતમાં પોતાની આશાને બર લાવનારી વિપ્રતનયા સુંધીબાઇને ઘોડાપર નાખી નાશી છૂટયો; પણ લખધીરજીએ કેડો છોડયો નહી એથી અડધો ગાઉ આગળ ચાલી નિકળ્યા બાદ પરમાર મુગલની લગભગ આવી પહોંચ્યો, એટલે મુગલે મ્હો ફેરવીને જોયું તો પરમારને એકલોજ દીઠો જેથી તેણે પાછા ફરી લખધીરજી ઉપર એક સખ્ત ઘા ચલાવ્યો; પરંતુ તે ઘા બચાવી પરમારે તેની ઉપર ઘા કર્યો; છતાં તે પણ બચી ગયો; તથાપિ બેઉના ઘોડા ભડકી ઝાડ થઇ જતાં તે ત્રણે જણુ હેઠાં પડયાં, એટલે ઉઠીને બેઉ બથંબથા કરવા લાગ્યા.

સુંધીબાઇ પરમેશ્વરની પ્રાર્થના કરતી હતી કે–"આ બલામાંથી બચાવનાર પરમારને વિજય આપ; કેમકે હું એને મનથી વરી ચુકીછું. પરોપકારી ધીરવીર બસ આ દુષ્ટનો નાશ કરે તો વિજયના ડંકા છે."

આ પ્રમાણે વિચાર યુક્ત પ્રાર્થના કરતી હતી; દરમ્યાન બોડી મુગલે લખધીરજીને નીચે પાડી દીધો. એ જોઇ તેણીએ તુરત લખધીરજીની મદદ માટે પોતાનો જુસ્સો બતાવી બોડી મુગલને નીચે પાડી લખધીરજીને ઉપર આણી કમર સંભાળવાનો ઇસારો કર્યો, એથી લખધીરજીએ પોતાની કમરમાંથી કટાર કહાડી મુગલની છાતીમાં ભોંકી દીધો; પરંતુ મુગલે પણ મરતે મરતે પોતાનો કમરમાંથી છરો કહાડી લખધીરજીના પેટમાં ભોંકી દીધો, આથી બેઉ જણુ ત્યાં મરણને શરણુ થયા.

લખધીરજીને મરણુ પામેલા જોઇ સુંધીબાઇ અત્યંત શોકવશ થઇ અને મનથી વરેલા નાથની સાથ સતી થવા તત્પર થઇ, તથા આસપાસથી લાકડાં એકઠાં કરી ચ્હેં ખડકી પરમાત્માના સ્મરણુ યુક્ત આવતા ભવમાં તેજ વીર મારા પતિ થાય તેવો સત્ય સંકલ્પ કરી પોતાના રક્ષક–માનસિક પતિના શબને ખોળામાં લઇ ચિતામાં પ્રવેશી અંતરની યોગાગ્નિ દ્વારા ભસ્મીભૂત થઇ સ્વર્ગમાં તેજ વીર સ્વામિની સુંદરી થઇ માનસિક સંકલ્પને સિદ્ધ કરવા સૌભાગ્યશાળિની ગણાઇ. ધન્ય છે એવી મનથી વરેલા વરની પાછળ સતી થનારી સાધ્વીઓને ! ! !

યુદ્ધવીર સતી તારાબાઈ.

મજકુર સતીનો જન્મ વિક્રમની સોળમી શતાબ્દીમાં બેદનોરના સોલંકી રાવ સુરતાનસિંહની મહેલાત અંદર થયો હતો. તેણીની માતાનું નામ જાણવામાં આવ્યું નથી; પરંતુ તેણીનાં લગ્ન સિસોદિયા વીર પૃથિરાજ સાથે થયાં હતાં અને તેણીની વીરતા આ પ્રમાણે પ્રસિદ્ધિમાં આવી હતી;—

ગુજરાતમાંથી સોલંકીની રાજ્યસત્તા નાશ પામી તે વખતે સોળંકી વંશી વીર પુરૂષે મધ્ય પ્રદેશમાં જઇ બનાશ નદીને કિનારે ટોંક–ટોડા નામનાં ગામ વસાવી ત્યાં પોતાની સત્તા કાયમ કરી હતી. તેનો ક્રમાનુયાયી રાવ સુરતાનસિંહ હતો; પરંતુ અફઘાન લીલાખાંએ હુમલો કરી ટોંક–ટોડા અને તેને લગતો બાજો ભાગ કબજે કરી લીધો હતો. જેથી તે રાવ સુરતાન બેદનોરમાં રહેતો હતો. બેદનોર મેવાડી સીમાપર અર્વલ્લીના મૂળમાં હોવાથી ત્યાં દુશ્મનોનો દાવ એકદમ ફાવી શકે તેમ ન હોવાથી રાવ નિર્ભયપણે રહેતો હતો.

પુત્રી તારાબાઈ પિતાના રાજ્યની ક્ષીણતા થયેલી નિહાળી, તથા પિતાનું દુઃખિત અને મ્લાન દિલ જોઇ પોતે ઘણીજ વિચારમાં પડતી હતી; કેમકે તે પોતાના પિતાનું ગયેલું સ્વતન વાધીન કરવા યોગ્ય થવાની કેળવણી મેળવવા ધારતી હતી, અને કર્યું પણ તેમજ. ઘોડા ઉપર બેસવું, તરવાર બરછી કટારી તીર વગેરે ઘોડો દોડાવતે કિંવા સ્થિર રહી કેમ ચલાવી નિશાનને ઉડાવવું, પુરૂષપોશાકથી બખ્તર ટોપ યુક્ત કેમ થવું અને કેવા યુદ્ધ પ્રપંચવડે જીત મેળવવી? વગેરે વગેરેની તેણીએ ઉચ્ચ તાલીમ મેળવી પોતાની ઇચ્છા પૂર્ણ કરવા ચાહ્યું; તથા પોતાના બાહુબળથી તે અફઘાનો પર હુમલા કરી ટોંક–ટોડાની આસપાસનો કેટલોક ભાગ બેદનોરને તાબે કરી લીધો.

તારાબાઇના પરાક્રમથી રાવ સુરતાનમાં પણ પરાક્રમી ઉત્સાહ વૃધ્યો અને તેણે ટોંક–ટોડાને હાથ કરવા અફઘાનો ઉપર ચડાઇ કરી. તે વખતે વીરાંગના તારાબાઇ પણ વીરસાજથી સાથેજ રહી હતી; પરંતુ શત્રુઓનું દળ બળ વિશેષ હોવાથી તે વખતે ફતેહ મેળવી શકાઇ નહીં; તથાપિ તેણીએ એ પ્રતિજ્ઞા કરી કે–'જે વીર ક્ષત્રી ટોંક–ટોડાને જીતી આપશે તેજ વીરને હું વરીશ.'

તારાબાઇના રૂપ-ગુણ-વીરત્વાદિની પ્રશંસા ભાટ ચારણોની મારફત આખા રાજપૂતાનામાં ફેલાઇ ગઇ હતી, જેથી તે રાજરૂપ બગીચામાની અનૂપમ સુવાસિત કુસુમકળીને જોવા ઉપભોગમાં લેવા કેટલાક રાજકુમારો ને રાજાઓ તત્પર થયા; પણ પઠાણોને જીતવાની પ્રતિજ્ઞાને લીધે પોતાની ઉમેદ પૂરી પાડી શક્યા નહી.

ચિત્તોડપતિ રાણા રાયમલ્લજીને ત્રણ કુંવર હતા તેમાંનો જયમલ્લ તેણીને વરવા તૈયાર થયો હતો; પરંતુ તે પ્રતિજ્ઞા પૂર્ણ કર્યા પહેલાં તારાસુંદરીની ભેટ લેવા આગળ વધ્યો; એથી મર્યાદા ભ્રષ્ટ થતાં તેને રાવ સુરતાને તરવારને તાબે કરી અમર્યાદિતપણાની યોગ્ય સજા આપી.

જો કે રાવ સુરતાન રાણાજીનો આશ્રિત હતો. પડતી સ્થિતિને વશ હતો અને જયમલ્લને પુત્રી વરાવાની શરત પણ કબૂલ કરેલી હતી, છતાં પણ શરત પૂર્ણ થયા વિના કુમારિકાની ભેટ લે તે આબરૂને બટ્ટો લગાડે તેવું વર્ત્તન હતું, જેથી આબરૂને ઉજ્વળ રાખવા કશો પણ ભય ન રાખતાં રાણાના કુમારને ઠાર કરી રજપૂતો પોતાની આબરૂને માટે કેવી વિપત્તિને વ્હોરી લે છે તે તેણે કરી બતાવ્યું.

રાણાજીનો પાટવી કુંવર સંગ ભાઇઓ વચ્ચેની ચાલતી કટ્ટી દુશ્મનાઇને લીધે છુપા પ્રદેશમાં ભટકતો હતો. પૃથિરાજને તેની ઉદ્ધતાઇથી દેશવટો મળેલો હતો એથી મેવાડની ગાદીનો વારસ જયમલ્લજ હતો. તેને મારી નાખવાથી મેવાડી સરદારોએ રાણાજીને પુત્રને મારનાર વૈરીને તેવોજ બદલો આપવા ઘણા ઉસ્કેર્યા; પરંતુ ન્યાયપરાયણ ને મોટા મનના રાણાજીએ ઉસ્કેરણીના અંતમાં એજ ઉત્તર આપ્યો કે—" જયમલ્લે દીકરીના પિતાની આબરૂ પર હાથ નાખવા દુષ્ટ પગલું ભર્યું અને તેની પડતીના સમયમાં તેને પોતાનું જોર બતાવાની કોશિશ કરી, જેથી રાવ સુરતાને તેને જે શિક્ષા કરી છે તે વ્યાજબીજ છે. તો તે માટે રાવને નસીયત ન દેતાં ઇનામ આપવાની ઇચ્છા કરવી યોગ્ય છે કે જેથી મારી ખાનદાની સૌભાગ્યશાલિની જણાય." એટલું કહી રાવનો ગુન્હો માફ કરી બેદનોરની જાગીર બક્ષી રાણાજીએ મહાશય પદની મહત્તા પ્રકાશમાં આણી. ધન્યાતિધન્ય છે રાણાજી! કે આપે પુત્રવધકર્તાને પણ ન્યાયી નજર વડે ઇનામથી અલંકૃત કર્યો!!!

આમ થવાથી પૃથિરાજનો ગુન્હો માફ કરી મેવાડની ગાદિનો વારસ કરવા રાણાજીએ પાછો બોલાવી લીધો. પૃથિરાજે ભાઇ જયમલ્લના ખૂનની વાત ધ્યાનમાં લઇ તે રાજ્યસ્થાનની કુસુમ સુંદરી તારાબાઇને વરવાની વાત પ્રતિજ્ઞા પૂર્ણ કરવા સાથ સુરતાનને જણાવી, જેથા સુરતાને કબૂલ રાખી. તેમ પૃથિરાજના પરાક્રમથી તારાબાઈ જાણીતી હોવાથી પોતે પણ તેના નામ પર ફિદા હતી તે સબબથી તેણીએ પૃથિરાજને લખી જણવ્યું હતું કે—

એક વચની પૃથિરાજ, કહે ટોડા જીતી આપશું;
તો તારા મહારાજ, પરણે વચન વિશ્વાસથી!

પત્ર મળ્યા બાદ પૃથિરાજે ટોંક-ટોડા જીતી આપ્યાનું વચન આપ્યું અને તેના વચન ઉપર દરેક મનુષ્યોને પ્રતીતી હતી, જેથી સુરતાન રાવે તેજ પ્રતીતીને લીધે પ્રતિજ્ઞા પૂર્ણ થઇ જ માની તારાબાઇને પૃથિરાજ વેરે વરાવી દીધી. અહા! સત્યવચની ને વચનપાળ પર લોકોનો કેટલો બધો વિશ્વાસ રહે છે તે આ દાખલો દર્શનીક પુરાવો દેખાડી રહેલ છે!

તે પછી પૃથિરાજ પોતાનું વચન પાળવાને ટોંક-ટોડા પર ચડાઈ કરવા ઉત્સુક થયો અને ફક્ત ૫૦૦ વિશ્વાસુ વીર રજપૂત સ્વારો સાથ તે તરફ ચાલવા લાગ્યો. તે વખતે તારાબાઇએ પણ સાથે રહી પુરૂષ વેશસહ યુદ્ધમાં ભાગ લેવાની ઇચ્છા જણાવી અને પૃથિરાજને તેણીના બળની પ્રતિતી હતી જેથી તેણીને સાથે લઇ વીર પૃથિરાજે મંગળ પ્રયાણ કર્યું.

તારાબાઇ ટોંક-ટોડાના માર્ગ આદિથી જાણીતી હતી જેથી તે તથા પૃથિરાજ અને તેમનો એક વિશ્વાસુ સરદાર એ ત્રણે અગ્રેશ્વર ૫૦૦ લડવૈઆઓ સહિત ટોંક-ટોડે જઇ પહોંચી, લશ્કરને છુપી જગામાં રાખી તે ત્રણ જણ મોહર્રમની ૧૧ મીના રોજ તાજીઆ ઉઠાવવાની વખત પર એકદમ નિર્ભીતપણે શહેરમાં ઘુસી જઇ ખાસ મહેલ સુધી પહોંચ્યા. એટલામાં મહેલ નીચે આવી પઠાણ લીલાખાંએ તેમને આગળ જતા અટકાવી પૂછ્યું કે—"તુમ તીનૂ પરદેશી સિપાહી કહાં જાતે હો?" એના ઉત્તરમાં પૃથિરાજે તેને પઠાણોનો આગેવાન જાણી ભાલો માર્યો કે તારાબાઇએ તાણીને તીર માર્યું જેથી તુરત તે જમીન દોસ્ત થયો, એટલે જોડેના સરદારે પૂરો કર્યો. તરતજ તેઓ ત્રણે જે રસ્તેથી આવ્યા હતા તે રસ્તેથી જ

પાછા ફરી શહેર બહાર રાખેલ પોતાના છુપા લશ્કરને શામિલ રાખી યુદ્ધ મચાવવા આતુર હતા. છતાં દરવાજા અગાડી આવી પહોંચતાં દરવાજાની વચ્ચે હાથી ઉભેલો જોયો, એથી રસ્તો કરવા તારાબાઇએ તેની શૂંઢ ઉપર તરવારનો ઘા કર્યો કે તે હાથી ચીસ પાડતો દૂર ભાગી ગયો. એટલે પોતે ત્રણે નિર્વિઘ્નપણે પોતાના લશ્કરમાં જઇ પહોંચ્યાં. તથા તે લશ્કર સહિત તે શહેર ઉપર હલ્લો કર્યો; પરંતુ સરદારના મરી જવાને લીધે સાહસ રહિત થયેલા પઠાણો તેમની સ્હામે થઇ શક્યા નહીં અને જેમ બન્યું તેમ પોતપોતાના પ્રાણ બચાવી નાશી છૂટયા. તથા જે કોઇ સ્હામે થયા તેને તરવાર તીર ભાલાની ભેટ લેવરાવી યમધામમાં મોકલાવ્યા.

આમ થવાથી પોતાના સસરાનું ગયલું મુખ્ય સ્થળ પુનઃ પ્રાપ્ત કર્યું. જો કે લીલાખાંનો ભાઇ પોતાના ભાઇના ખૂનનો બદલો લેવા અને ટોક-ટોડાને પોતાના તાબે કરવા આવ્યો; તથાપિ તેની પણ તેવીજ વલે થઇ. પઠાણોની હાર થઇ જાણી અજમેરનો નવ્વાબ મલ્લુખાં દીનની ખ્હાર કરવા ચડી આવ્યો; પણ પૃથિરાજે સૂર્યોદય થતાંજ નવાબની છાવણી પર છાપો માર્યો અને હજારો મુસલમાનોને કતલ કરી બિહિસ્તનશીન કર્યા. તેમજ અજમેરનો કિલ્લો પોતાને તાબે કરી લીધો, આથી રાજપૂતાનામાં પૃથિરાજની વીરતાની વિશેષ પ્રશંસા પ્રસરી.

પૃથિરાજ સિસોદિયો પણ નેકનામી પૃથિરાજ ચહુઆણ સરખોજ સાહસિક અને વીરેશ્વર હતો એથી એની દંતકથાઓ વિવિધ રૂપથી વિશ્વમાં વિસ્તરી ભાટ ચારણો ને જનસમુદાયના હર્ષોત્સાહમાં ઉમેરો કરી રહેલી છે. કહેવાય છે કેઃ—

એક વાર પૃથિરાજ રાણાજી રાયમલ્લજીના દરબારમાં બેઠો હતો તે સમય માળવાના પાદશાહનો એક અનુચર ત્યાં આવ્યો, તેની સાથે રાણાજી છૂટથી વાત કરવા લાગ્યા. એ જોઇ પૃથિરાજે પિતાશ્રીને અરજ કરી કે-"હિંદુપતિ બાદશાહ એક માળવાના દાસની સાથે છૂટથી વાત કરે એ અછાજતી રીતિ છે."

એના ઉત્તરમાં રાણાજીએ મર્મ વચનમાં જણાવ્યું કે-"ભાઇ! તું તો મોટા પાદશાહોને કેદ કરનારો હઇશ; પણ મારે તો મારા રાજ્યની સલામતી માટે બધાઓની સાથે દિલસોજીથી વર્ત્તવાની જરૂર છે."

આ પ્રમાણે મ્હેણારૂપ વચન સાંભળતાંજ મૂંગે મ્હોંડે પૃથિરાજ ત્યાંથી ચાલતો થયો અને વિશ્વાસુ વીર રજપૂતો સહિત નીમચ જઇ પહોંચ્યો. પૃથિરાજ માળવાના શાહને સકિસ્ત કરવા જાય છે એવું સાંભળવામાં આવતાં તેના બાહુબળ ઉપર મુસ્તાક રહેનારા પાંચ હજાર રજપૂતો તેના ઝુંડા નીચે આવી હાજર થયા, એથી દેપાળપુર ઉપર હલ્લાં કરી ત્યાંના સુબાને મારી-ગામ લુંટી આગળ વધ્યો. માળવાના પાદશાહને એ વાતની જાણ થઇ એટલે જેટલું લશ્કર એકઠું જમાવી શકાય તેટલું જમાવી પૃથિરાજને સજા કરવા તે પણ આગળ વધ્યો, તો પણ પૃથિરાજ ડર્યો કે ડગ્યા વિના આગળ વધી પાદશાહી છાવણી પર હુમલો કરી લાગલોજ પાદશાહના તંબુ આગળ જઇ પહોંચી પાદશાહને પકડી લઇ સાંઢણી ઉપર નાખી પાછો વળ્યો.

પાદશાહી લશ્કર ધભરાટમાં પડ્યું છતાં પૃથિરાજ પર મારો ચલાવા લાગ્યું. એ જોઇ પૃથિરાજે કહ્યું–" જેને છોડવા માટે તમે મારા પર મારો ચલાવો છો તેનો જીવ તો મારી મુઠીમાં છે. મારા પર મારો ચલાવશો તો હું તમારા પાદશાહને હાલજ મારી નાખીશ અને જો ચુપકી પકડી રહેશો તો આંચ આવ્યા વગર સહી સલામતે મારા પિતાના પગે લગાડી પાછો મોકલીશ."

પૃથિરાજના એકવચનીપણા વિષે બધા લોકોને પૂર્ણ પ્રતીતી હતી જેથી તેઓએ તે વાતને કબુલ રાખી. પૃથિરાજ પાદશાહને ચીતોડ લઈ ગયો અને પિતાશ્રીના પદમાં તેને નમાવી એક માસ કેદમાં રાખી દંડ લઇ માન અકરામ સહિત પાછો મોકલી આનંદ પામ્યો.

પૃથિરાજ ઘણો વખત કુંભલમેરમાંજ નિવાસ કરતો હતો, અને પુષ્કળ પરાક્રમો સાથ પોતાની જીંદગીનો અંત આવતાં લગી પૂર્ણ પુરૂષાર્થી નીવડ્યો હતો. તેમ સતી તારાબાઈ પણ દરેક લડાઇમાં પતિની સાથેજ રહી પોતાની યુદ્ધકુશળતા બતાવી વીરરમણીના વીરવરપદની ભાગીયણ થઇ રહી હતી. પૃથિરાજને તેત્રીશ વર્ષની વયે પોતાની બ્હેનની વ્હાર કરવા જતાં પોતાના બનેવી શિરોહીના દેવડા પ્રભુરાવે પોતાના અપમાનનો બદલો વાળવા ઝેહેર આપ્યું જેથી કુંભલમેર નજીક વિષ વ્યાપતાં તારાબાઇને તે વાત જણાવા તેણે જાસૂસ મોકલ્યો; પણ તારાબાઇના આવતાં પહેલાં પૃથિરાજના પ્રાણ પરલોક પહોંચી ગયા જેથી પતિના મૃતકશરીરને ખોળામાં લઇ

સતી તારાબાઇ ચંદનની ચિતામાં પ્રવેશી પતિ સહિત સ્વર્ગભવનમાં સિધાવી અમર નામવંત થઈ.

પ્યારા પાઠક મહાશય!

નાશવંત આ દેહનું, રક્ષણુ ન કરો કાંય;
રક્ષણુ કરવું કીર્તિનું, નામ અમર રહી જાય.

યુદ્ધવીર સતી જવાહિરબા.

તેજસ્વીની રાઠોડાણી વીરેશ્વરી રાણી **જવાહિરબા** વિક્રમની સોળમી શતાબ્દીમાં રણવીર રાઠોડને ત્યાં જન્મી હતી અને મેવાડ-પતિ સંગરાણાના પુત્ર **વિક્રમાજીતના** રણવાસનો અત્યુત્તમ શૃંગાર તથા વીરત્વના ભંડારરૂપ નીવડી હતી. તેમ જ તેણીના શીળ અને વીરત્વની કસોટી એ પ્રમાણે થઇ હતી કે,—

વિક્રમ સંવત ૧૬૦૪ ની સાલમાં લૈચા-ક્ષેત્રની અંદર વિક્રમાજીતને હાર ખવરાવી વિજયવંત થયેલો ગૂજરાતનો બાદશાહ બહાદુર રાજ્યસ્તાનમાં થયેલી ફાટફૂટને તથા પોતાની જ્ઞાતીના માંડુગઢના શાહ મુજફ્ફરને કેદ કરેલો તે ધ્યાનમાં લઇ ચીતોડને સર કરવા સબળ સૈન્ય સાથે જઇ પહોંચ્યો. તથા તોપખાનાની મદદથી તે અજિત કિલ્લાને તોડવાના વિચારમાં લીન થયો અને તેણે કર્યું પણ તેમ જ!

જો કે રાણો વિક્રમાજીત પોતાના નામની કે કોમની મહિમા જાળવવામાં વિજયી નીવડી શક્યો ન હતો અને પોતાના ઉમરાવો કે પ્રજાની ઉત્તમ મમતા પણ મેળવી શક્યો ન હતો; તો પણ આખી રજપૂત કોમને ચીતોડ નામ જ વહાલું હતું એથી વિક્રમાજીતના રક્ષણાર્થે નહીં; પણ ચીતોડની ગૌરવતારક્ષણાર્થે અનેક ક્ષત્રી રાજાઓ, પટાવતો વગેરે આવી પહોંચ્યા અને વીર પ્રસવિની મેવાડભૂમીનો મહિમા જાળવવા ઉત્તેજિત થયા.

આમ થવાથી બહાદુરશાહ સહજમાં ચીતોડ સર કરવું ધારતો હતો તે દુસ્તર થઇ પડયું અને જ્યારે તે અન્ય કોઇ પ્રકારથી ચીતોડને હાથ કરી શક્યો નહીં ત્યારે આખર લાખીખાંની સલાહથી

બીકા ખડકને સુરંગમાં દારૂ ભરી ઉડાવી દઇ કિલ્લાને હાથ કરવા તૈયાર થયો.

તે બીકા ખડક ઉપર વીર અર્જુનસિંહ હાડો પોતાના ૫૦૦ હાડા વીરો સહિત તૈયાર રહી શત્રુસેનાને હંફાવતો હતો, તે ટેકરીના નીચે જ ૪૫ હાથ લાંબી સુરંગમાં દારૂ ભરી તેને એકદમ ઉડાવી દીધી જેથી તે સર્વ વીરત્વતા પૂર્ણવીર ભસ્મીભૂત થયા. કિલ્લો ભેદાયો અને ત્યાંથી પ્રચંડ આવેશ સાથ યવનો પ્રવેશ કરવા આગળ વધ્યા; પણ જ્યાં લગી શરીરની ધમની-ધોરી નસોમાં વીર ક્ષત્રીયતાના લોહીનું એક ટીપું પણ રજપૂતોના શરીરમાં શેષ રહેલ હોય, ત્યાં લગી પ્રાણાદપિ ગરીયસી ચીતોડપુરીને શત્રુના હસ્તક કેમ જવા દે ?! જોત જોતામાં વીરેશ્વર દુર્ગસિંહ સત્તા ચંદાવત અને દુદા વગેરે કેટલાક સૈનિક અને સામંતો આવીને તે ભાગી પડેલા ભાગના રક્ષણ માટે તૈયાર થયા.

એ સમય યવનસેનાએ ભારે બળ વાપર્યું અને કતલ ચલાવવામાં કશી મણા રાખી નહી; છતાં તે અટલ અબીહ અચળ વીરોના વીરત્વ અગાડી યવનસેનાનો સઘળો પરિશ્રમ વ્યર્થ થઇ પડયો; પરંતુ ઘણા અગાડી થોડા વીરો શા હિસાબમાં હતા ? તેમના પડયા પછી યવનદલ કિલ્લામાં ઘુસવા આતુર બન્યું; પણ તે વખતે તેમને એ વીર રજપૂતોના નડતર કરતાં પણ એક મોટું નડતર આડે આવ્યું, અને અકસ્માતપણે એક મહાકાલી સ્વરૂપ ભીમરૂપિણી યુદ્ધાવેશ યુક્ત રજપૂત વીરાંગના રાણી જવાહિરબા આવી તે નાકાની મધ્યમાં ઉભી રહી તેણીએ શત્રુઓ પર અનહદ અસ્ત્રશસ્ત્રનો એવો તો મારો ચલાવ્યો કે જેથી થોડીવારતો યવનસેના હતાશાને વશ થઈ પડી; પરંતુ રહેતે રહેતે પાછી હોંસમાં ને આશામાં આવી ભારે હલ્લા સાથ વિજય વરવા પ્રચંડતા બતાવા લાગી. એથી તે વીર રમણી ઘણા યવનોને પાકપરવરદગાર અલ્લાહતાલાની હજૂરમાં મોકલતી આગળ વધી શત્રુસેનાની મધ્યમાં જઇ પહોંચી અને જગતમાં વીરાંગનાનું અપૂર્વ ઉદાહરણ તથા ઉત્તમોત્તમ સ્ત્રીશિક્ષણ વારસામાં કાયમ કરતી કરતી અમર યશ યુક્ત અમર ભવનમાં પહોંચી સદાને માટે વિજય વરવા સૌભાગ્યશાલિની થઇ. તથા તેણી વીરાંગનાની વીરત્વતાનાં વખાણ ખુદ શત્રુ બહાદુરશાહે પણ વિસ્મયચિત્ત સાથ કર્યાં !

વ્હાલા વિવેકશીળ વાંચનાર ! કાળના કઠીનપણાને લીધે તે

વીરાંગનાનો સ્થૂળ દેહ નાશ પામી ગયો છે, તે સમયના ચરિત્રનાં અત્યારે સ્વપ્ન પણ આવતાં નથી અને તેવો સ્વદેશાભિમાન પણ અત્યારે જોઇયે તેવો તેજ પૂર્ણ રહેલ નથી; તોપણ વીર સતી જવાહિરબાનું શુભ શીળ ને વીરત્વરૂપ જવાહિરનું ગૌરવ જેવું ને તેવું કાયમ રહેલ છે તે કદિ પણ નષ્ટ ભ્રષ્ટ થનાર નથી જ! જ્યાં લગી "जननीजन्मभूमिश्च स्वर्गादपि गरीयसी" આ મધુર વાક્ય સ્વદેશવત્સલ જનોના રસાલ હૃદયની અંદર અમૃત પ્રવાહનો સંચાર કરશે, અને જ્યાં લગી ભૂમી સૂર્ય ને ચંદ્ર તથા કવિકોવિદોના પુસ્તકોની અંદર લખાયલા લેખો કાયમ રહેશે ત્યાં લગી તો દેશાભિમાની–જાત્યાભિમાની–શીલાભિમાની જવાહિરબાનું પાવન નામ સ્મરણમાંથી વિલુપ્ત થવા પામશે જ નહીં! માટે જ કહેવું અવશ્યનું છે કે સુકામવડે નામ અમર કરી પછી સદ્ગુણીજન વર્ગે અમરસદનને શોભાવંત કરજો કે જેથી દેહ નાશ પામ્યા છતાં પણ નામ અચળ રહે!!!

ભક્તિવીર સતી મીરાંબાઈ.

ભક્તિપંથપ્રવાશિની અને ભક્તશિરોમણિ **મીરાંબાઇનો** જન્મ વિક્રમની સોળમી શતાબ્દીનો અર્દ્ધ ભાગ વીત્યા પછી રાજપૂતાનામાં મેડતા શહેરની પાસે **કુડકી** નામના ગામની અંદર મેડતીઆ રાઠોડ **રતનસિંહને** ત્યાં થયો હતો, અને તેણીનાં લગ્ન મેવાડપતિ મહારાણા સંગ્રામસિંહજી ઉર્ફે સંગરાણાના પાટવીકુંવર **ભોજરાજ** સાથે થયાં હતાં.

મીરાંબાઇની ખરી હકીકતના સંબંધમાં આજ લગી રચાયલાં પુસ્તકો અને પદોની અંદર મોટી અંધાધૂધી ચાલેલી છે. મીરાંબાઇને **મેડતાના** રાઠોડ **જયમલની** દીકરી અને **કુંભારાણાની સ્ત્રી** બતાવે છે તે વાત તદ્દન નાપાયાદાર છે; કેમકે મીરાંબાઇનો જન્મ થયા પહેલાં ૨૫ અથવા ૩૦ વર્ષ ઉપર મહારાણા કુંભાજીનો દેહાન્ત થયેલ છે- એટલે કે કુંભાજીનો સંવત ૧૫૨૫ માં કપૂત કુંવર ઉદયસિંહજીના ઝેર દેવાથી અંતકાળ થયો છે અને મીરાંબાઇ સંવત ૧૫૫૦ અને ૧૫૫૫ની વચ્ચે જન્મેલ છે. તેમજ બીજા પણ ઐતિહાસિક દાખલા

દલીલો સાથે મુકાબલો કરતાં પણ મીરાંબાઇ કુંભારાણાની રાણી અને રાઠોડ જયમલની પુત્રી સાબિત થઇ શકતી નથી; માટેજ મીરાંબાઇની હકીકતના સંબંધમાં ખાસ અજવાળું પાડવાની જરૂર હોવાને લીધે આ વાર્તાને કંઇક વિસ્તાર પૂર્વક લખવી દુરસ્ત છે.

કર્નલ ટૉડ સાહેબે પણ પોતાની તવારીખમાં (ટૉડ રાજસ્થાનમાં) મીરાંબાઇને રાણા કુંભાજીની રાણી લખેલ છે અને એજ આધારને અવલંબી બાબૂ કાર્તિકપ્રસાદે પણ મીરાંબાઇના જીવન વૃત્તાંતમાં તેમજ લખ્યું છે; પરંતુ એ તદ્દન ભુલ થએલી છે; કેમકે રાણા કુંભાજી તો મીરાંબાઇના પતિ કુંવર ભોજરાજના પરદાદા હતા; છતાં પણ રજપૂતાનાની મોટી તવારીખ લખાવવા વાળાઓએ આવી ભૂલ કેમ ખાધી હશે તે સમજી શકાતું નથી.

પંડિત ગૌરીશંકરજી હીરાચંદજી ઓઝા (કે જેઓ પ્રથમ ઉદયપુરના વિકટોરિયા હોલના સેક્રેટરી હતા અને હાલ અજમેરમાં છે. તથા તેમણે ઇતિહાસિકના સંબંધનું ઘણુંજ ઉચ્ચજ્ઞાન મેળવ્યું છે, તેમજ લિપિમાળા અને બીજાં ઐતિહાસિક પુસ્તકો પણ પ્રસિદ્ધ કર્યાં છે તેઓ)નું અનુમાન એવું છે કે-ચિત્તોડના કિલ્લા ઉપર કુંભાશામજીનું મંદિર રાણાકુંભાજીનું બનવરાવેલ છે અને તેનીજ પડોશમાં મીરાંબાઇના નામથી એક મંદિર પ્રસિદ્ધિમાં આવેલું છે. (તેમજ એકલિંગજી મહાદેવજીની પાસે પણ ઉદયપુરથી ૧૦ માઇલને છેટે મીરાંબાઇના નામથી એક મંદિર મશહુર છે.) આમ પાસે પાસે બેઉ મંદિર હોવાથી વખતે ટૉડ સાહેબ ધોખામાં ફસાયા હોય તો કોણ જાણે! મીરાંબાઇનું નામ મેડતિયાણી છે અને મીરાંબાઇના દાદા દૂદાજીને રાણા કુંભાજીના અંતકાળ લગી મેડતા મળેલુંજ ન હતું તો પછી તેણીને મેડતિયાણીનું ઉપનામ શી રીતે લાગુ થઇ શકે! એ ઉપરથી અને અન્ય બિના ઉપરથી મીરાંબાઈ કુંભારાણાની રાણી ન હતી એ બિન તકરારે કબૂલ કરવું પડશેજ. તેમજ મીરાંબાઇની પાસે અકબરશાહ રાજનીતિ શીખવા ગયાની, તથા તાનસેને ગાયનવિદ્યાની તાલીમ લીધાની અને ગુસાંઇજી તુલસીદાસજી સાથે મીરાંબાઇના જવાબ સવાલનો પત્રવ્યવહાર થયેલાની જે દંત કથાઓ ચાલી રહી છે તે બધાં ભોળા ને ભલા ભક્ત લોકોનાં મીઠાં ગપ્પાં છે અને તેમણે મીરાંબાઇની સલૂકાઇ તથા અહસાનીનો બદલો આવા મનોરંજક ગપ્પગોળાના ફેલાવાથી આપેલ છે. મતલબ કે-અકબર

શાહનો અમલ સંવત ૧૬૧૨થી શરૂ થયેલ છે. તુલસીદાસજીએ રામાયણનો પ્રારંભ સંવત ૧૬૩૧ માં કર્યો છે તથા તુલસીદાસજીનો દેહાંત ૧૬૮૦ માં થયેલ છે અને મીરાંબાઈ ૧૬૦૩ સુધીજ જીવતી હતી, એથી એ વાતો પણ ડાહ્યા પહોરનીજ છે.

મીરાંબાઇનું પેઢીનામું આ પ્રમાણે છે.—

૧ રાવ ચૂંડા–ચાંદાજી રાઠોડના કુંવર રાવ રિડમલ્લ–રણમલજી હતા, તેમના કુંવર રાવ જોધાજી, તેમને બે કુંવર હતા, તે પૈકી મોટા કુંવર રાવ સુજાજીને જોધપુરની ગાદી મળી અને દુદાજીને મેડતા પ્રગણું મળ્યું. સુજાજીના કુંવર વાઘાજી તેમના કુંવર ગાંગાજી અને તેમના કુંવર માલદેવજી હતા. તેમજ દુદાજીને બે પુત્ર હતા તે પૈકી વીરમજીને મેડતા અને રતનસિંહજીને કુડકી વાજોલી વગેરે બાર ગામ મળ્યાં. એ રતનસિંહજીએ પોતાના નામથી રતનાસ નામનું ગામ વસાવી સંવત ૧૫૬૬માં રતનૂ જાતિના ચારણને શાસનમાં આપી દીધું હતું કે જે હજુ લગી તેની ઔલાદના કબજામાં છે. એ રતનસિંહજીની પુત્રી મીરાંબાઇ હતી, અને વીરમજીનો કુંવર જયમલ્લ કે જે નામ પ્રમાણે જય મેળવવામાં મલ્લ જેવો હતો, તથા તેણે ચિત્તોડના છેલ્લા દુરંત ઘેરા વખતે ગુણગ્રાહી અકબરશાહના અંતઃકરણમાં પોતાની પ્રશંસનીય નિમકહલાલી–સ્વધર્મ–મહાન્ પરાક્રમ સ્વદેશપ્રેમિકતાનો અદ્વિતીય દાખલો દેખાડી આગરાની રાજગઢીના દરવાજા અગાડી હાથી ઉપર બિરાજેલી મૂર્તિનું કાયમપણું કરાવવાની તીવ્રજિજ્ઞાસા પૈદા કરાવી. તે વીરશાળી જયમલ્લ અને મીરાંબાઇ કાકાનાં છોકરાં ભાઇ બહેન હતાં. આથી સાબિતજ થઈ ચુક્યું છે કે મીરાંબાઇ જયમલ્લ રાઠોડની પુત્રી નહતી; પણ જયમલ્લના ભાઇ રતનસિંહની પુત્રી હતી.

સાસરિયાનું પેઢીનામું આ પ્રમાણે છે કે–ચિત્તોડપતિ રાણા લાખમસિના પુત્ર મોકલજી, તેમના કુંવર કુંભાજી અને તેમના પુત્ર ઉદયસિંહ, તથા રાણા રાયમલ્લજી હતા. તેમના પુત્ર મહારાણા સંગ્રામસિંહ–સાંગાજી હતા. તે સાંગાજીને ચાર કુંવર હતા. તે પૈકી કુંવર ભોજરાજ યુવરાજપદમાંજ કાળવશ થયા, જેથી રાણા રતનસિંહ, રાણા વિક્રમાજીત અને રાણા ઉદયસિંહ એમ ટુંક આવરદાને લીધે એક પછી એક મેવાડપતિ થયા હતા. આ ઉપરથી

એ પણ સ્પષ્ટપણે સમજાઇ આવે છે કે—મીરાંબાઇ કુંભારાણીની રાણી ન હતી; પરંતુ પ્રપુત્રના કુંવર ભોજરાજની સ્ત્રી હતી.

મીરાંબાઇના પિયરમાં રાવ ચૂડાજી અને સાસરામાં રાણા લાખમસિથી પેઢીનામું દર્શાવ્યું છે તો તે બેઉ વચ્ચે શો સંબંધ અને તેઓ કોણ હતા તે જાણમાં લાવવા દર્શાવીશ કે:—

રાવ ચૂંડાજી રાઠોડવંશી બહાદુર નર હતો અને તેણે સંવત ૧૪૫૨માં મારવાડની પુરાણી રાજધાની મંડોર કે જે મુસલમાનોના કબ્જામાં હતી તે ફતેહ કરી પુનઃ પોતાની સત્તામાં આણી જોધપુરના રાજ્યનો પાયો મજબૂત બનાવ્યો હતો. તથા પોતાની પુત્રી હંસાકુંવરીનો વિવાહ ચીતોડના વૃદ્ધ રાણા લાખમસિ સાથે જોડી મારવાડ ને મેવાડના વચમાં ગાઢ મિત્રતા બાંધી હતી, (આ સંબંધ માટે જુઓ પૃષ્ઠ   માં.) તેમના મોટા કુંવર રાવ રિડમલજીને ચીતોડમાં રાખ્યા હતા એથી નાના કુંવર કાનાજી ઉપર વિશેષ પ્રેમ ભાવ હોવાથી ચુંડાજીએ અંત વખતે કાનાજીને મંડોરની ગાદી સુપરદ કરી. કાનાજી પછી સત્તાજી રાજગાદી ઉપર આવ્યો હતો તેને રાવ રિડમલે પોતાના ભાણેજ રાણા મોકલજીની ફોજ મારફત ગાદી પરથી દૂર કરી મંડોરની સત્તા હાથ કરી.

રાણા મોકલજીને ખેતસીના ઔરસપુત્ર ચાચા ને મેરાએ ઠાર માર્યા જેથી ભાણેજનું ખૂન કરનાર ચાચા મેરાને રાવ રિડમલે મારી નાખી રાણા કુંભાજીને ચીતોડનું તખ્ત હાથ કરાવ્યું. એથી રાવ રિડમલજીને કુંભાજીની માતાએ પુત્રરક્ષણાર્થ ચીતોડમાંજ રાખ્યા; પરંતુ રિડમલજીને ત્યાં કેટલીક હરકતોના અંગે આખર એ ફળ હાથ આવ્યું કે ખુદ કુંભાજી, તથા તેમની મા, અને મેવાડના સરદારોના મનમાં એવો જ શક સજડ થઇ રહ્યો કે રાવ રિડમલજી અમને મારી નાખી મેવાડનું રાજ્ય સ્વાધીન કરી બેસશે. આ સબબને લીધે એક વખત રાત્રે હલ્લો કરી રિડમલજીને સૂતાને સૂતા મારી નાખ્યા, એથી કુંવર જોધાજી મારવાડ નાશી ગયા. રાણાજીની ફોજે કેડો લીધો અને મંડોરને છિનવી લઇ રાણાજીના વિજયનો બાવટો ફરકાવ્યો; પરંતુ રાવ જોધાજીએ બાર વર્ષ લગી લૂંટફાટ ચલાવી લડાઇ લઇ સંવત ૧૫૧૧માં મંડોરમાં પોતાની સત્તા જમાવી, એટલુંજ નહી પણ બાપનું વૈર વાળવા મેવાડને લૂંટી કુંભારાણાને કુંભલમેરમાં ઘેરી લીધા, તેના લીધે કુંભાજીએ પોતાના કુંવર ઉદયસિંહને મોકલી સલાહ

સુલેહ કર્યો, અને જોધાજીનો વિવાહ પોતાના ખાનદાનમાં કરીને તથા કંઇક મુલક આપીને તેમને રાજી કર્યા.

રાવ જોધાજીએ સંવત ૧૫૧૫ ના જેઠ શુદિ ૧૧ ના રોજ પોતાના નામથી જોધપુર વસાવ્યું. સંવત ૧૫૨૫માં રાણા કુંભાજીને કપૂત પુત્ર ઉદાએ રાજ્યલોભના લીધે બાપનું ખૂન કર્યું, અને તેણે રાવ જોધાજીની બ્હીકથી (કુંભારાણા સાથે સંબંધ હોવાથી વખતે કુમક કરી મારો પરાજય કરવા ચાહશે એવા ડરને લીધે) અજમેર અને સાંભરનાં પરગણાં આપી દીધાં.

ત્રણ વર્ષપછી મેવાડના સરદારોએ ઉદયસિંહ ઉર્ફે ઉદાજીને કલંક રૂપ નીવડેલ જાણી રાજ્યતખ્તથી ઉઠાડી મુકયો અને રાણા રાયમલજીને ગાદી ઉપર બેસાડ્યા.

જોધાજીએ સંવત ૧૫૪૧માં રાણાજીના કુંવર સાંગાજી સાથે પોતાની બે પ્રપુત્રીઓ પરણાવી અને કંઇક વખત ગયા પછી સંગરાણાએ પોતાની કુંવરી રાવ જોધાજીના પ્રપુત્ર ગાંગાજીને પરણાવી. (રજપૂતોમાં બહેનની શોકયની દીકરીને પરણવાનો રિવાજ છે.)

જોધાજી સંવત ૧૫૪૫માં ૭૨ વર્ષની ઉમરે કાળને વશ થયા, તે વખતે મેવાડની ગાદી પર રાણા રાયમલજી હતા.

જોધાજીને ૧૪ કુંવર હતા, તે પૈકી છઠ્ઠા કુંવર વીકાજીએ જોધપુરથી ૮૦ કોશને છેટે ઉત્તર તરફ રેતાળ પ્રદેશમાં સંવત ૧૫૪૫ના ફાગણ વદ ૧૦ના રોજ વીકાનેર વસાવ્યું, અને દૂદાજીએ સંવત ૧૫૨૫માં જોધપુરથી ૬૨ કોશ છેટે અજમેરના રસ્તા ઉપર જુનું મેડતું ઘણી મુદતથી ઉજડ હાલતમાં હતું તેને નવા ઢંગથી વસાવ્યું. મેડતાને અસલ પંવાર રાજા માનધાતાનું વસાવેલું માને છે. તે મીરાંબાઇનો દેશ અજમેર આસપાસ ચોમેર ૨૦-૨૦ કોષના ઘેરાવામાં છે.

દૂદાજીના મોટા પુત્ર વીરમજી સાથે રાણા રાયમલજીએ પોતાની કુંવરી પરણાવી હતી. નાના પુત્ર રતનસિંહને ગુજારા માટે કુડકી વાજોલી વગેરે ૧૨ ગામ મળ્યાં હતાં. તે રતનસિંહજીને ફક્ત એકની એક કુંવરી પતિવ્રત ધર્મ પરાયણ-ઉદાર હૃદયા-સુશીલા-સુશિક્ષિતા સ્ત્રીરત્ન મીરાંબાઇ હતી.

મીરાંબાઇ નાની ઉમરની હતી તેવામાંજ તેણીની માનો સ્વર્ગ

વાસ થયો એથી તેની સાર સંભાળ માટે તેણીના પિતાને કેટલીક મુસીબતો નડવા લાગી; પણ એ વાતની તેણીના દાદા દુદાજીને જાણ થઇ કે તુરત મીરાંબાઈને પોતાની પાસે બોલાવીને પાલન પોષણ પૂર્વક ઉછેરી, અને જ્યારે ઉમર લાયક થઇ ત્યારે સંવત ૧૫૭૩માં રતનસિંહજીએ તેણીનાં લગ્ન મહારાણા સાંગાજીના પાટવી કુંવર ભોજરાજ સાથે કર્યાં, તથા પતિસહ ચીતોડગઢ પહોંચી તેણીએ પોતાનો કાળ ક્રમણ કરવો દુરસ્ત ધાર્યો.

જો કે મીરાંબાઇના પિતાએ તો તેણીના ભવિષ્ય પટમાં મેવાડ પતિની પટરાણી પદનું તિલક શોભાવા માર્ગ આદર્યો હતો; તથાપિ અફ્શોસનું મુકામ છે કે તેણીના ભાગ્યમાં મહારાણી પદ ભોગવવું કુદરતે સર્જ્યું ન હતું એથી ભોજરાજે ગાદી વારસ છતાં કુંવર પદમાંજ સંવત ૧૫૭૩ ને ૮૩ની વચ્ચેનાં વર્ષો દરમ્યાન કાળના ગાલમાં મુકામ કર્યો. તે કારણના લીધે તેણે પિતાને અને પતિને દુ:ખને શરણુ કરી મૂક્યાં.

મીરાંબાઇને આવી રીતે તરૂણાવસ્થામાંજ સંસારના વૈભવ સુખોથી શૂન્ય બની પોતાની બદ કિસ્મત પર કંઇ વિશેષ શોક સંતાપ અને વિલાપ ન કરતાં પરલોકના દિવ્ય સુખો તરફ લગની લગાડવાની ફરજ પડી. જો કે નાનપણથીજ મીરાંબાઇ ઢીંગલા ઢીંગલીની રમતમાં પણ ગિરિધરલાલજી અને રાધાજીના વિવાહની રંગત બતાવતી હતી અને તેમનેજ ઇષ્ટદેવ જાણી પોતાનો પુનીત પ્રેમ પ્રવાહ વહન કરતી હતી; તેમજ સાસરે ગઇ ત્યારે પણ તેજ ઇષ્ટ-દેવને પોતાની સાથે લઇ ગઇ હતી. અને વિધવા થઇ તો પણ રાત દિવસ તેજ મોહન મૂર્તિની પૂજા સેવા પુર્ણ શ્રદ્ધા–ભક્તિભાવ સમેત કરતી હતી. તેણીને એવી ટેક લાગી કે મને મહારાણી પદથી ભવિષ્યે પાછી પાડી; પણ હું ભગવદ્ભક્તિના અજબ સામર્થ્યવડે સ્વર્ગમાં બિરાજી દેવરાણીનું મહાન્ પદ પ્રાપ્ત કરી ભવિષ્યની ભૂલ ભરી અદેખાઇને સુધારી લઇશ. એમ ધારી તે શ્રીકૃષ્ણ ભગવાનના ગિરધર નામને અવલંબી અનન્ય ભક્તી પંથમાં આરુઢ થઇ

જેની પેઢી દર પેઢીથી જે ક્રમ ચાલ્યો આવતો હોય તેજ ક્રમ ઘણે ભાગે સંતતીને પણ વારસામાં સ્વાભાવિક રીતે મળે છે. મીરાંબાઇના કુળમાં પેઢી દરપેઢીથી ભગવદ્ ભક્તિનો રંગ કાયમપણે ચાલુજ હતો, તેથી દુદાજી, વીરમજી અને જયમલજી પણ પરમ

વૈષ્ણવ તથા ભગવદ્દભક્ત હતા. મેડતામાં દુદાજીએ ચતુર્ભુજજીનું મંદિર બંધાવ્યું હતું તે પ્રખ્યાત મંદિર હજી લગણ પણ મોજુદ છે, અને મેડતીઆ રાઠોડ તેમનેજ ઇષ્ટ માને છે, એટલુંજ નહીં પણ તે ઇષ્ટદેવના નામનું એક રેશમી પવિત્ર વસ્ત્ર પાઘડીના શિરપેચના તોરા ઉપર બાંધે છે.

મીરાંબાઇનું વૈધવ્યપણું જાણે મેવાડ મેડતા અને રજપૂતોની આપત્તિનું જ કારણ ન હોય! તેવા અપશકુનમય જણાયું હતું; એટલે કે રાણા સાંગાજી માળવા અને ગુજરાતના બાદશાહો પર કેઇક વખત જીત મેળવવામાં નામી ગણાયા હતા અને જેમનો હુકમ રાજપુતાના ગુજરાત અને માળવામાં ચાલતો હતો, તેમણે સંવત ૧૫૮૩ માં બાબર બાદશાહ ઉપર ચઢાઇ કરી; પણ તે લઢાઇમાં હાર ખાધી. તથા તેમાં મીરાંબાઇના પિતા રતનસિંહજી અને કાકા રાયમલ રાવ સાંગાજી તરફથી ગયા હતા તે કામમાં આવી ગયા. બીજા વર્ષમાં રાણાજી ફરી ફોજ સજી બાબરશાહ સ્હામે જતા હતા; પણ તે વખતે બુંદેલખંડના એરચ મુકામે શાહ બીમાર થતાં બિહિસ્તનશીન થવાથી લડાઇ બંધ રહી. પણ ગુજરાતના બહાદુરશાહે અને બાબરના પ્રપુત્ર અકબરશાહે વારંવાર ચીતોડ સર કરી ઘણી ખૂનખરાબી કરી જેની હકીકત આગળ કહેવામાં આવશે.

શિવાય મીરાંબાઇના ત્રણ દીઅર હતા તે પૈકી રતનસિંહજી ચિત્તોડમાં સંવત ૧૫૮૪ કાર્તિક શુદી ૫ ના રોજ બાપની ગાદી પર બેઠા અને વિક્રમાજીત રણથંભોરના કિલ્લામાં હતા જેથી તે પ્રગણાના માલિક થઇ પડ્યા. આ બેઉ વચ્ચે અણબનાવ હોવાથી છેવટ તે અણબનાવની નોબત એટલા સુધી વાગી કે એક દિવસ એકનો વકીલ બાબર બાદશાહની પાસે જતો, તો બીજે દિવસે બીજાનો જતો અને તે પોતપોતાના સ્વાર્થને લીધે રણથંભોર બાદશાહને આપી દેવાનો ઇકરાર કરતા હતા અને બાબરશાહ તે બેઉને દમ દાધા કરતો હતો. (ઉદયસિંહ તો કેવળ બાળક હતો.)

એ ઝમેલામાં રાણા રતનસિંહજી અને બુંદીના રાવ સુરજમલની વચમાં લડાઇ જામી; કેમકે સુરજમલ વિક્રમાજીત અને ઉદયસિંહના મામા થતા હતા જેથી રાણા સાથે ચકમક ખરી હતી અને આખર સંવત ૧૫૮૮માં બુંદીની સરહદ ઉપર રાણા શિકારના બ્હાનાથી સુરજમલ ઉપર ચડાઇ લઇ ગયા હતા; પરંતુ તે જગોએ

ડના પવિત્ર નમની એવી અજબ મોહની માયા હતી કે તે રાજ્ય-ના લાગતા વળગતા અને અન્ય વિક્રમશાળિ સાહસિક રાજાઓ તથા ક્ષત્રીવીરો ત્યાં આવી ખુલ્લી તરવાર સહ તેના રક્ષણ નિમિત્ત શત્રુ રહામે ઉભા રહ્યા હતા.

સૂરજ (પોળ) દરવાજા અગાડીના મુખ્ય મોરચા ઉપર ચીતોડનો અનન્ય ભક્ત સલુંબરનો ચંદાવત વીર સહીદાસ અકબરસાહની સેનાનું બળ મથન કરવાને માટે રણમત્ત થઇ અતુલિત ભીમ પરાક્રમવડે શત્રુઓનો સંહાર કરતો હતો. તથા તેની મદદમાં મદા-રિયાના રાવત દુદાજી સંગાવત, બેડલા અને કોટારિયાના ચહુઆણ પૃથ્વીરાજના વંશના ઠાકોરો, વીજોલીના પરમાર, સાદરીના ઝાલા, બેદનોરના જયમલ્લ મેડતીયા કેલવાડાના પ્રતાપસિંહ કે જેને પૂત્ત કુતો પત્તો વગેરે નામોથી ઇતિહાસકારો ઓળખાવે છે તે આદિ રાણાજીના પટાવતો, તથા દેવલપતિ વાઘજીનો વંશ, જાલોરના શ-નિગુરૂ (સોનીગડા) રાવ, ઇશ્વરદાસ રઠોડ કર્મચંદ કછવાહ, દુદો સાદણી અને ગ્વાલિયરનો તુંવરરાજ ઇત્યાદિ શામિલ રહી અદ્ભુત પરાક્રમ બતાવી શત્રુઓને અજાયબીમાં નાખે કરી રહ્યા હતા.

જ્યારે ઉદયસિંહ બાયલાએ ચીતોડને છોડયું હતું ત્યારે મીરાં-બાઇના કાકાના છોકરા ભાઇ મેડતીઆ રાઠોડ જયમલ્લ કે જે બેદનૂરનો જાગીરદાર અને રાણાજીની ગાદીનો પટાવત હતો તેને ચિત્તોડનું રક્ષણ કરવું સોંપી ગયો હતો. જયમલ્લની વીરતા અકબરશાહ જોવાને પણ છ મહીના લગી હંફાવ્યા હતા; કેમકે તે યુદ્ધની વ્યૂહ રચનામાં ઘણોજ કુશળ હતો. તેમ તે ભક્તશિરોમણિ હતો જેથી શ્રી કૃષ્ણ ચંદ્ર તના વહાર કરતા હતા.

પ્રતાપસિંહ કેલવાનો ઠકોર અને ચંદાવતની બીજી શાખા જગાવતનો વંશજ હતો અને તેની ઉમર માત્ર સોળ વર્ષનીજ હતી; તોપણ અનહદ પ્રતાપશાળિ હતો.

જે વખતે સૂર્ય દરવાજાના મોરચાનો મુખ્ય રક્ષક સહીદાસ સલુંબરો મરાયો તે વખતે હજારો વીરોની આહૂતી અપાઇ ગઇ હતી; તો પણ યવનદળ એ દરવાજો ભેદીને કિલ્લામાં દાખલ થવા ચાહતું હતું અને ગમે તેટલી હાનિ થાય તોપણ ચિત્તોડ લેવું એજ ધારેલું હતું. પરંતુ મેવાડી વીરો અને વિદેશી વીરોના અસીમ પરાક્રમથી તેમ કરવું મહા મુશ્કેલી ભર્યું થઇ પડયું હતું; કેમકે એક

મેવાડી વીર મરતો કે તુરત તે જગોની ખોટ પૂરી પાડવા બીજો વીરાધિવીર ત્યાં તૈયારજ જણાતો હતો.

સેનાપતિ સહીદાસના મરાયા પછી તેની જગાએ કેળવાના પ્રતાપસિંહની નિમણુંક થઇ; કેમકે ચંદાવત મરાયા પછી તે પોતે પણ ચંદાવતની બીજી શાખાનો જગાવત હોવાથી તે જગા લેવાનો દાવાદાર થયો, એથી તે જગા તે તરૂણવયના વીરેશ્વર કુંવરનેજ મળી. તેણે અવર્ણનીય પરાક્રમ બતાવ્યું; પરંતુ ચીતોડ યવનશાહને હાથ જવાનું ભવિષ્ય નિર્માણ થઇ ગયેલું હોવાથી તેને આખર યવન-શાહના મનરૂપ પદ્મમાં પોતાના નામ પ્રેમ આશ્ચર્ય અને અનહદ-વીરતાનો અચળ વિમળ લેખ લખી અમર નામ સાથે અમરલોકમાં નિવાસ કરવો પડ્યો.

જ્યારે તે જગા ખાલી પડી ત્યારે ખુદ જવાંમર્દ વીરેશ્વર જયમલ્લ તે જગાનો સરદાર થયો, અને તેણે પણ અપરિમિત વીરતાનું જ્વલંત ઉદાહરણ અચળ રાખ્યું,

ઘણો વખત જંગ જામ્યા છતાં પણ જયમલ્લની બહાદુરી આગળ અકબરનો સઘળો શ્રમ અત્યારલગી વ્યર્થ થયેલો જણાતાં હવે કેવે માર્ગે વિચરતાં વિજય થાય તે સંબંધી વિચાર ચાલતો હતો. દરમ્યાન ૧૬૨૪ ના ચૈત્ર વદી ૧૦ ની રાત્રીના વખતે જયમલ્લ કિલ્લાની ઉપર મશાલોના અજવાળા સહિત સવારે વિજય થવાની ગોઠવણ માટે રચના રચતો હતો તે વખતે અકબરશાહની નજર ત્યાં ગઇ અને તે વીરેશ્વરને ઓળખી લઇ પોતાના વિજયની આશાને અવલંબી અનીતિ ગેરકાયદા અને દુષ્ટરીતિ વડે શાહે બદ-નામી વ્હોરવા બંદુકની ગોળી ચલાવી અને તે ગોળી જયમલ્લની છાતીના મર્મસ્થળમાં આરપાર નિકળી ગઇ જેથી તે વીરે અકબર-શાહના એ કૃત્યને હજારો વાર ધિઃકાર આપી મનની વેદનાથી હૃદય વિદીર્ણ થતાં તેનાં લાલ નેત્રોમાંથી ફકત બે ઉષ્ણ આંસુ પડ્યાં અને તે દાંત પીસી ઉમેદભર અચળ નિદ્રાને તાબે થયો. (કેટલાકનું કહેવું એવું છે કે જયમલ્લ પછી પ્રતાપસિંગ સેનાપતિ થયો હતો.)

વીરજયમલ્લ મરાતાં હવે કિલ્લાની સલામતિ ન રહેવાની ખાત્રી થતાં પવિત્ર સ્ત્રીઓ અગ્નિને તાબે થઈ, અને રજપૂતો કેસરીઆં કરી આત્મવિસર્જન સાથ સ્વર્ગ શોભાવા લાગ્યા. મતલબ કે

મરતાં લગી ચીતોડનું રક્ષણ કર્યું અને અકબરશાહે માત્ર નિર્જીવ ચીતોડપર કબ્જો મેળવ્યો.

એ સંગ્રામની યાદીમાં અકબરશાહે જયમલ્લ ને પ્રતાપસિંહનું અદ્વિતીય પરાક્રમ યાદ રાખેલું હતું અને તે સંબંધી એટલી બધી શાહના મનમાં અસર પેદા થવાથી તે યુગલ વીરેશ્વરની મૂર્ત્તિયો હાથી ઉપર બેઠેલી આગરાની રાજ્યગાદીના મુખ્ય દરવાજા અગાડી કાયમ કરી હતી તે વિખ્યાત ફ્રેંચ પંડિત બર્નિયરે પોતાની પ્રવાસપોથી (બર્નિયરનો પ્રવાસ)ની અંદર પોતે નજરે જોઇ હતી અને તે બેઉ મૂર્તિના સંબંધમાં ઇ. સ. ૧૬૬૩ ના જુલાઇની તા. ૪ ના રોજ પોતાના મિત્રો પર પત્ર લખેલ તે હજુ લગણુ પણુ મોજૂદ છે. (ઘણાક કવિ લેખકોએ તો જયમલ્લ અને પ્રતાપને ચીત્તોડના જોદ્ધાર અને અકબરનો ગર્વ ગાળનાર રૂપે લખેલા છે.)

લોર્ડ હેસ્ટિંગે પણુ બ્રિટીશ અમલની શરૂવાતમાં હિંદના ગવરનર જનરલની પદવીના વખત દરમ્યાન બેદનોરના રાવજી કે જે જયમલ્લની ઓલાદના હતા તેમને પત્ર લખ્યું હતું કે–'હું તમારા શૂરવીર દાદા જયમલ્લજીની બહાદુરીને માન આપું છું અને તેમના નામની અદબ કરૂં છું.'

આ વાત ઉપરથી અચ્છી રીતે જણાઇ આવે છે કે મેડતાની ઉપર ૧૫૯૫થી માંડી ૧૬૧૮ સુધીમાં કેટલાં બધાં સંકટનાં વાદળ ટટ્રુમ્યાં છે. મેડતા બજનને હાથ જવા પછી મીરાંબાઇ પોતાનો પવિત્ર ધર્મ નિયમ જાળવવા તીર્થાટન નિમિત્ત નીકળી ગઈ હતી જેથી હિંદી, મારવાડી ભાષા શિવાય ગુજરાતીમાં પણુ મીરાંબાઇએ કેટલાંક પદો બનાવ્યાં છે; તોપણુ સ્વાર્થી બીજમાર્ગી વગેરે સાધુઓએ તેવાં નવાં પદો બનાવી મીરાંબાઇનું નામ ઓઢવી દઇ ભારે ઘુચવડો કરી દીધો છે કે અસલ અને બનાવટી પદો પારખવાનું અત્યંત મુશ્કેલ થઇ પડ્યું છે. તેમજ શ્રી ભક્તમાલના કર્ત્તા નાભાજી મીરાંબાઇના સમકાલીન હતા અને તેમણે જો ખરી હકીકત લખવી ધારી હોત તો યથાર્થ લખાત; પરંતુ કોણુ જાણે કેમ તે બાબતપર પ્રકાશ પાડેલ નથી !

જયમલજી જેવા વીરેશ્વર હતા તેવાજ ભક્ત પુરૂષોના લિસ્ટમાં પણુ સોનેરી અક્ષરોયુક્ત ઝળકતા હતા. લોકો કહે છે કે–એ ભક્તિ

રત્નને મીરાંબાઇના સતસંગવડે પ્રાપ્ત થયું હતું, એટલુંજ નહીં પણ ૧૬૧૦ માં માલદેવજીની ફોજે એમની ઉપર ચડાઇ કરી હતી તે વખતે પોતે તો ભગવતસેવામાં બેઠેલા હતા જેથી નિયમ પૂર્ણ થયા વિના ઉઠી માલદેવજી સ્હામે લડવા જઇશકે તેમ નહતું અને ન જવાથી પોતાની હાર થવા જેવો અડીકડીનો વખત હતો એથી કહેવાય છે કે તેમની ગેરહાજરીમાં ખુદ તેમને બદલે શ્રી કૃષ્ણચંદ્ર ચતુર્ભુજ ભગવાન જયમલ્લજીના સ્વરૂપમાં નીલા ઘોડાપર સ્વાર થઇ શત્રુને હરાવા પધાર્યા હતા, અને ફતેહના ડંકા દીધા હતા. તે વાતનો ભેદ ખુલવાને એ સાબિતી મળી હતી કે, પોતાનાં કુંડળ યુદ્ધભૂમીમાં પડી ગયેલ હાથ લાગ્યાં હતાં, તે કારણથી અત્યારે પણ તે જગો કુંડળના નામથી ઓળખાય છે.

મીરાંબાઇએ પણ જયમલ્લજીને આશીષ આપી હતી કે— "બહુત વધો તેરો પરિવાર, નહીં હોય કજિયામે હાર! અર્થાત્ તારો પરિવાર ઘણોજ વધજો અને લડાઇમાં કદી હાર થશોજ નહીં!" અને થયું પણ તેમજ. આજે પણ જયમલ્લજીની ઔલાદ મેડતીઆ રાઠોડ હજારો છે અને તે બહુધા મરવા મારવામાં જગત્ વિખ્યાત છે. તેમજ મારવાડમાં એક ઉખાણો પણ કહેવાય છે કે— "જાનરા ઊદા અને મરણને દૂદા" અર્થાત્ ઊદા (ઊદાવત) રાઠોડની ઔલાદ પરણવામાં અને દૂદા (દૂદાવત) રાઠોડની ઔલાદ મરવામાં શૂરીપૂરી હોય છે."

મીરાંબાઇ જેવી ભક્તિપરાયણ હતાં તેવાંજ દિવ્ય ગુણોથી પણ વિભૂષિત હતાં એટલે કે કવિતા રચવામાં, તર્કબુદ્ધિમાં, ચાતુરીમાં અને તત્ત્વજ્ઞાનમાં પણ તારીફદાર હતાં. તેમણે તીર્થયાત્રાના લીધે દેશાટન પણ પુષ્કળ કર્યું હતું. એક વખત મથુરે થઇને વૃંદાવન ગયાં હતાં, ત્યાં એક બ્રહ્મચારીએ તેમને કહ્યું કે—" હું સ્ત્રીનું મ્હોં જોતોજ નથી." એનો ઉત્તર તત્ત્વવાર્તા ભર્યો મીરાબાઇએ એ જણાવ્યો હતો કે—" વાહ મહારાજ! હજી સુધી સ્ત્રી પુરૂષની નામ રચનામાં ગુંચાઇ રહ્યા છો?! સમદૃષ્ટી એજ સાધુવૃત્તિનું મુખ્ય લક્ષણ છે! સ્ત્રીનું મ્હોં જોવાથી બ્રહ્મચર્ય નષ્ટ થતું નથી; પણ વિષયમય વિષમ દૃષ્ટિથી નષ્ટ થાય છે. જો મન માયું છે તો આપને પુરૂષ ને સ્ત્રીમાં તફાવત માનવાની કશી જરૂર નથી." આ પ્રમાણે કહી તત્ત્વજ્ઞાન સમજાવ્યું.

એક વખત રાણા સંગજીને એક પંડિતે દિલાસાનો કાગળ લખ્યો હતો તેમાં એક જગોએ 'સા' અક્ષર હિંગળોકથી લખેલ હતો, તેનો હેતુ જાણવામાં કોઇએ પ્રકાસ પાડી આપ્યો નહીં. આખર રાણાજીએ પવિત્ર મતિમાન્ શ્રીમતી મીરાંબાઇની પાસે તે કાગળ મોકલી તે અક્ષરનો માઇનો પૂછાવ્યો. તો તેમણે જોતાંજ કહી આપ્યું કે–આ જગોએ લાલસા એવો શબ્દ વાંચો; કેમકે સાલાલથી લખેલ છે માટે લાલસા એમ વાંચવાની જરૂર જોઉં છું. લખનારે એ શબ્દ વડે પોતાની મનેચ્છા જાહેર કરેલી છે." આ પ્રમાણેનો ખુલાસો મળતાં રાણાજી તથા સભાસદો તાજુબી પામ્યા અને તેમણે પ્રસન્નતા પૂર્વક તે પંડિતને લખી મોકલ્યું કે–"જેમ આપને અમારા મિલાપ માટે લાલસા છે તેવીજ અમોને તમારા મિલાપની લાલસા છે." અને એ પત્ર મળતાં પંડિત પણ આનંદિત થયો.

મીરાંબાઇની કવિતાના નમુના બે ચાર નીચે પ્રમાણે જોવા યોગ્ય છે:–

દરદ ન જાને કોય, ઐરી મૈતો દરદ દિવાની મેરા દરદ ન જાને કોય.
ઘાયલકી ગતિ ઘાયલ જાને, ઔર ન જાને કોય. મૈતો. ૧
શૂલી ઉપર સ્હેજ હમારી, પોઢન કિસબિધ હોય. મૈતો. ૨
સુખ સંપતિમેં સબ કોઇ આવૈ, દુખ વિપતીમૈ ન કોય. મૈતો. ૩
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, વૈદ શામરીઓ શોય. મૈતો. ૪

***

લિયો હૈ શાવરિયો મોલ માઇ મૈતો લિયોહૈ શાવરિયો મોલ.
કોઇ કહૈ સુંગો કોઇ કહૈ મૂંગો, મૈ તો લિયોહૈ હીરાસું તોલ. માઇ. ૧
કોઇ હલકો કોઇ કહૈ ભારી, મૈતો લિયોહૈ તાકડિયેં તોલ. માઇ. ૨
કોઇ કહૈ છાને કોઇ કહૈ ચોડે, મૈ તો લિયોહૈ વાજતે ઢોલ.–માઇ. ૩
કોઇ કહૈ ઘટતો કોઇ કહૈ બઢતો, મૈતો લિયોહૈ બરાબર તોલ. માઇ. ૪
કોઇ કહૈ કાળો કોઇ કહૈ ગોરો, મૈતો દેખ્યો હૈ ઘુંઘટપટખોલ. માઇ. ૫
મીરાં કહૈ પ્રભુ ગિરધર નાગર, મ્હારે પૂરવજન્મરો હૈ કોલ. માઇ. ૬

***

માઇ મૈતો સપનામૈ પરની ગોપાલ.
હાથી બી લાયો ઘોડા બી લાયો, ઔર લાયો સુખપાલ. માઇ. ૧
પાટપટંબર સૂત અમોલક, લાયો લલિત વરમાલ. માઇ. ૨
અચલ અહિવાતન અમર નામના, મુજ હિત લાયો નંદલાલ. માઇ. ૩

ભાલતિલક તુલસીકીમાલા, લાગે સુંદર કરતાલ. માઇ. ૪
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, પૂર્ણ જગતપતિપાલ. માઇ. ૫

મીરાંબાઇયે રાગ ગોવિંદ નામનો કવિતામય ગ્રંથ રચેલો છે, તેમજ બીજી પણ ઘણી કવિતા કરેલી છે, અને જયદેવ કવિવરકૃત ગીતગોવિંદની ટીકા પણ તેમણે કરેલી છે. મીરાંબાઇની કવિતા ભક્તિમય વાણી રસથી ભરપૂર તથા તેમાં ઇશ્વરપ્રેમ અને વૈરાગ્ય ઝળકતો છતાં કવિતા કોમળ મધુર ને રસિક છે.

મીરાંબાઇના અંતકાળનો વિષય વિવાદ ગ્રસ્ત છે; તથાપિ રાઠોડાના ભાટ ભૂરદાન કે જે મારવાડમાં પરગણે મીરાંઠ ગામ લૂણુવાનો છે તેની જબાની ઉપરથી મીરાંબાઇ રાણા ઉદયસિંહજીના અમલમાં સવંત ૧૬૦૩ ની સાલ અંદર સ્વર્ગવાસ થયો છે. તેમજ દ્વારકામાં અંત સમય લગી હાજર હતી તેને બોલાવી લેવા રાણાએ એક પુરોહિતને મોકલ્યો હતો, તેણે ઘણી ઘણી રીતે સમજાવ્યાં તો પણ મીરાંબાઇ ત્યાં ન જતાં શ્રીકૃષ્ણજી-રણછોડરાયના સ્વરૂપમાંજ સમાઇ ગયાં અને તે રણછોડરાય ભક્ત બોડાણાના આગ્રહથી ત્યાંથી પધારી ડાકોરજીમાં બિરાજેલા છે; છતાં કહેવાય છે કે રસિક અનન્ય ભક્તોને તે રણછોડજીની બગલમાં મીરાંબાઇનું પવિત્ર ચીર નિકળતું ઘણી વખત નજરે પડે છે. ધન્યાતિધન્ય છે એવી પવિત્રાત્માને કે જેના ચીરને શામલિયો બગલમાં સમાવી રહેલ છે.

નામ રહેજો નામસેં, સુનો સયાને લોય:
મીરાં સુત જાયો નહીં, શિષ્ય ન મુંડયો કોય.

યુધ્ધવીર સતી ત્રિપુટી કર્મદેવી-કર્ણસુંદરી અને કમલાવતી.

પરમ પુનીત માતુશ્રી કર્મદેવી, ભગિની કર્ણસુંદરી અને સુંદરી કમલાવતી એ ત્રણે વીરરમણિયોનું જન્મસ્થળ આર્યાવર્તના કયા દેશના કયા ગામમાં હતું તે સ્પષ્ટપણે જાણવામાં આવ્યું નથી; તો

પણ માત્ર કર્ણસુંદરીનો જન્મ મેવાડ પ્રદેશના કેળવામાં થયાનું અનુમાન કરી શકાય છે. તેમજ કર્મદેવી અને કર્ણસુંદરીનાં પાણિગ્રહણ કોના સાથે થયેલાં એ વાત પણ પટાંતરેજ રહેવા પામી છે. માત્ર કમળાવતીનું લગ્ન કેલવાના સરદાર પ્રતાપસિંહ કે જેને પતો ફતો પૂત્ત વગેરેને નામોથી ઇતિહાસકાર અને લેખકો ઓળખાવે છે અને જેની ગજારૂઢ મૂર્ત્તિ આગરાની રાજગઢીના દરવાજા અગાડી જયમલની જમણી બાજુએ અકબરશાહે સ્થાપિત કરેલી હતી તેજ વીરમણિની ધર્મપત્નિ હતી. તથા તે બધાં વીરશેખર સંવત ૧૬૨૪ સુધી વિદ્યમાન હતાં, અને તેમના વીરત્વ શીળત્વની કસોટી નીચે મુજબ થઇ હતી.

પૃષ્ઠ માંની અંદર અકબરશાહે અટલ વિચારથી ચીત્તોડ પર કરેલા હલ્લા સંબંધી ઇસારો કરવામાં આવ્યો છે તેજ હલ્લામાં જગતાવત પ્રતાપસિંહ સલુંબ્રા સહીદાસ સેનાપતિના સ્વર્ગવાસ પછી તેની જગાએ સેનાપતિના નામાંકિત પદ પર કાયમ થયો હતો. તથા તે વીરેશ્વરની તે વખતે ફક્ત સોળ વર્ષનીજ ઉમર હતી, છતાં તે ઘણા ઉત્સાહથી અપરિમિત જુસ્સા ને ગુસ્સાથી કોઇની સરસિફારસ વગર માત્ર સ્વદેશપ્રેમિકતા–સ્વદેશાભિમાન–વીરપ્રસવિની મેવાડ ભૂમીની ગરીમા–વીર રજપૂતોનું જવાહિર–વીરત્વ બતાવી ઉત્તમોત્તમ ઉદાહરણ આપી જગતજનોને ચકિત કરવા રણરંગમાં રત્ત થયો હતો.

જ્યારે વીરેંદ્ર પ્રતાપસિંહ માતુશ્રી પાસે રજા લેવા ગયો ત્યારે વીરરમણિ કર્મદેવીએ આનંદી ન્હેશ સાથ એકનાએક અને તે પણ ફક્ત સોળ વર્ષની તરૂણાવસ્થાવાળા પોતાના વીરકુમારને વિજય વરી સંસાર કિંવા સ્વર્ગમાં નામાંકિત નીવડ્યા સંબંધી ભલામણ કરી હતી, તેમજ બ્હેને પોતાના વ્હાલા વીરને અને પત્નિએ પોતાના નૌતમ નગીના નાથને એજ પ્રમાણે વિજય વરવા સૂચવ્યું હતું. અને જ્યારે તે વીરશિરોમણિ રણરંગ મચાવા વિદાય થયો ત્યારે તે ત્રણે વીર રમણિયો કોઇને પણ કહ્યા કાજવ્યા વિના વીર સાજ સજી પાછળની પાછળ રણમત્ત થઇ રવાના થઈ હતી; કેમકે માતા જાણુતી હતી કે–'મારો બાલુડો ઘણા યવન લડાયકોની સ્હામે વિજય મેળવવા ગયો છે તેમાં હું પણ ઉત્તમ મદદ આપું,' તેમજ ભગિની પોતાના વીર અને ભામિની પોતાના વીરમણિને મદદ આપવા ધારતી હતી. જેથી ત્રણે વીરાંગનાઓ બંદુક સહિત પહાડી

પ્રદેશમાં મોરચા માંડી અકબ્બરશાહની સેનાને મથન કરવા તત્પર થઇ તે પ્રશંસનીય કાર્યમાં પ્રવર્તી, અને જ્યાં જ્યાં પ્રતાપસિંહ સિંહ સમાન પ્રતાપ બતાવતો અસ્ત્રશસ્ત્રની ઝડી લગાવી રહ્યો જણાતો ત્યાં ત્યાં તે ત્રણે વીરાંગનાઓ શત્રુપક્ષને હંફાવવા ઉત્સુક રહી હતી.

વીરમણિ પ્રતાપસિંહની તરૂણાવસ્થાની યુદ્ધચાતુરી–અસીમ વીરત્તા–અને સ્વદેશપ્રેમિકતા નિહાળી તથા પોતાની સેનાને ગેબી ગોળીઓના વર્ષાદથી ત્રાસ પમાડતી તે ત્રણે વીરાંગનાઓને નિરખી તે ગુણગ્રાહી શાહ ઘણોજ આનંદ ઉત્સાહ પામી તેમને ધન્યાતિ ધન્ય પદ બક્ષી રહ્યો હતો; કેમકે પોતાની ઉછળેલા સાગર સમાન સેના અગાડી ગાગર સમાન મેવાડી સેના કાયમ રહ્યા છતાં ક્ષત્રીયકુળ ઉજાગર નાગર આશાની ભરતીનાં ભોગી હદપાર પુરૂષાર્થ બતાવી સમુદ્રસમ સેનાનું પાણી શોષવા અગસ્ત્યના તારા સરખાં તે ચાર વીરાધિવીર કાર્યદક્ષ જણાયાં હતાં અને તે બધાં પોતાની સેનાનો રોળ વાળવા તત્પર હતાં; છતાં તેઓને જીવતાં પકડી લાવી મને તેમની વીરછબી નિહાળવા અને તેમને હયાત રાખી યોગ્ય સન્માન આપવા કોઇ વીર બહાદુર યત્ન કરે તો તેને ઉત્તમ નિવાજસ આપું એમ ખુદ અકબરશાહ હર્ષાવેશ સાથ ફરમાવતા હતા.

વીરમણિ પ્રતાપસિંહને જાણમાં આવ્યું કે મારાં ત્રણે રક્ષકો પણ વીરત્વાવેશથી ગોળીબાર કરી શત્રુસેનાને હંફાવી રહેલ છે, જેથી તે ઘણોજ રણમત્ત થઇ શત્રુઓ પર કાળો કેર વર્તાવવા લાગ્યો; કેમકે પોતાની સેના ગણીગાંઠી હતી. તેમજ પોતાનું આખું કુટુંબ પણ ત્યાં “મારો મારો પકડો પકડો”ના ભયસ્વરથી વેષ્ટિત હતું એથી વિજય મળવો જગતકર્ત્તાને હાથ હતો; પણ પરાક્રમમાં પાછી પાની ન કરવી એ પોતાને હાથ જાણી ઉગ્ર પરાક્રમ બતાવતો હતો.

આ પ્રમાણે અતુલિત પરાક્રમની અગાડી એકવાર તો યવનસેનામાં ભારે ભંગાણ પડી ગયું અને નાશ ભાગ થતા તથા ટપોટપ ટપકીયા મ્હોંતે મરતા લડવૈયાઓને નિહાળી ખુદ અકબ્બરશાહે પોતાના લડાયકોને હિમ્મત ભય અને નિવાજસો આપવાનો લાભ બતાવી લશ્કરને પુનઃ જુસ્સામાં આણી ટકાવી રાખ્યું. તેમજ નવા જુસ્સાથી મરણીઆ થઇ આગળ ધસેલા લડાયકોએ પ્રાણ સટે આગળ વધી ગેબી ગોળાઓના આવતા મારને અટકાવા માંડયો ને તેમાં પ્રથમ પ્રતાપસિંહની બ્હેન કર્ણસુંદરીને ઘાયલ કરી. તથા તે ઘાયલ

થઇ લડતાં લડતાં જ્યારે છેક અશક્ત બની ગઈ ત્યારે તે ભૂમિપર અચેતન થઇ પડી પ્રાણને અમરલોકમાં પાઠવવા ભાગ્યશાલિની થઇ.

પોતાની પુત્રી મરણને શરણ થઇ જોઇ; છતાં પણ માતા કર્મદેવી જરાપણ ઉદાસી કે નાહિમતને શરણ ન થતાં શત્રુને ત્રાસ આપ્યા કરતી હતી. દરમ્યાન વધૂ કમળાવતી સખ્ત રીતે ઘાયલ થઇ છતાં તેણીએ પોતાના બાહુબળ વડે અંતિમ પરાક્રમ બતાવી ભૂમિનું શરણ લીધુ અને તે પછી એકલી રહેલી માતા કર્મદેવી પણ પુષ્કળ વીરતા બતાવી અત્યંત જખમી થઈ ભૂમિપર ઢળી પડી.

જો કે જીવતી પકડવાને માટે નિવાજસ મેળવવાની લાલચે ઘણા યવનો આગળ ધસ્યા હતા; તો પણ તેઓ જીવતે છતે પોતાના શરીરને યવન અથવા પરપુરૂષનો હાથ અડકવા જેટલો પણ સતીત્વમાં આવનારો અપવાદ લાગુ થવા દેવા ચાહતી નહોતી. એના લીધે શરીરમાં પ્રાણ રહેતાં લગી યવનોને કરસ્પર્શ કરવાની ઇચ્છા પુર્ણ થવા દીધીજ નહીં. એ સબબથી નિરૂપાયે તે યવનોએ તેમને ઠાર મારવા યત્ન આદર્યો હતો તેમાં હજારોના જાન હોમાઇ ગયા.

જ્યારે પ્રતાપસિંહે પોતાના રક્ષકો તરફથી મળતી મદદ બંધ પડી જાણી ત્યારે તેમની હયાતીની શંકા ન સ્વાધીન થઈ ત્યાં જઇ પહોંચી તેમની શોધ મેળવી તો, તેને પોતાની બ્હેને પ્રથમથી પ્રાણ છોડેલો જણાયો, તથા માતા અને પત્નિ સજીવ દશામાં હતાં. તે પૈકી માતાએ છેલ્લા શબ્દોમાં કહ્યું-" **વીરપુત્ર! અમે સ્વર્ગમાં જઇએ છીયે માટે તું પણ અમારામાં જીવન રાખતાં લડાઇ મચાવી શત્રુઓના હૃદયમાં વીરત્વની ભાવનાને આશ્ચર્યમય કરી જન્મભૂમીને માટે જીવનોત્સર્ગ મેળવી અમને સ્વર્ગમાં મળજે.** " તથા સતી સુંદરી કમળાવતીએ પણ બોલવાના હોસ ન હોવાથી પોતાના સ્વામીની તરફ તેણીએ ધીરભાવથી એકીટસે જોઇ વિજય વરવાનો ઇસારો કરી તે બેઉએ પ્રાણ છોડી દીધા.

આ પ્રમાણે થતાં વીરકેસરી પ્રતાપસિંહ તેજ વાક્યને સિદ્ધ કરવા રણઘેલો થયો અને અનહદ પરાક્રમ બતાવતો યવનસેનાનું બળમથન કરવા મચ્યો; પરંતુ યવનસેનાનું બળ વધા પડતાં આખર અનીશ્વર સંસારનો ત્યાગ કરી નીશ્વર પ્રભુધામમાં-સ્વર્ગલોકમાં જઈ પહોંચી પોતાની વીરત્રિપુટીને મળી અત્યાનંદ વર્યો! કેમકે પોતે ગયો, પોતાની વીરત્રિપુટી ગઇ, રાજપાટ દેશ વગેરે સર્વ દૂર થઇ

ગયાં; તો પણ પોતાનું અને પોતાની વીરત્રિપુટીનું યશગાન આ જગતમાં સદાને માટે કાયમજ રહ્યું એથી વિશેષ આનંદ પ્રાપ્ત થયો હતો.

તેમજ વીરત્રિપુટી પણ પોતાની ધારણા મુજબ આખી અણીએ આ દુનિયા સરાયને છોડી સ્વર્ગસંપત્તિ સાથે લગની જોડી હતી એથી એમના આત્માને પણ મહત્ આનંદ પ્રાપ્ત થયો હતો; કેમકે વીરસન્નારી સતી સાધ્વીઓ આખી અણીએ સ્વર્ગસંપત્તિને પ્રાપ્ત કરે એ તેમને મહાન્ આનંદનું કારણ હોય છે તે તો તેમની સ્વાધીનતામાં જણાયું એના લીધે તેણીઓના આનંદની સીમા રહી ન હતી. કહ્યું છે કે—

મનની ધારી ધારણા, થાય સફળ જો મિત્ર;
તો આત્માનંદી છતાં, જીવન થાય પવિત્ર.

યુદ્ધવીર સતી દુર્ગાવતી.

મજકુર વીરસુંદરી બુંદેલખંડમાં **મહોબાના** રાજા ચંદેલ (ચંદન)ની પુત્રી અને **ગઢમંડળના ગોંડ** રાજાની રાણી હતી અને એણીની વિક્રમની સત્તરમી સદી દરમ્યાન વીરતાની તથા સતીત્વતાની કસોટી આ પ્રમાણે થઇ હતી.

જ્યારે દુર્ગાવતીની વીરતાદિ ગુણોની પ્રશંસા ગોંડના રાજાના જાણવામાં આવી ત્યારે તેણે ચંદેલરાજને દુર્ગાવતીની માગણી સંબંધે પત્રદ્વારા લખી મોકલ્યું; પરંતુ ચંદેલરાજ કરતાં ગોંડરાજા ઉતરતા કુળનો હોવાથી તે વાત દુર્ગાવતીના પિતાને ગમી નહીં, એથી ચોખી ના ન કહેતાં યુક્તિ સાથ તેણે ઉત્તરમાં જણાવ્યું કે—"જો આપને મારી પુત્રી સાથે લગ્ન કરવાનો ઇરાદો હોય તો, ૫૦૦૦૦ મનુષ્યોની સેના મારી કુંવરીની અગાડી ચાલવા માટે તૈયાર કરી તે સહિત અહીં પધારવું."

રામપુર રતનગઢ અને સંભલપુરના ગોંડરાજા તો અશક્ત અને પડતી સ્થિતિવંત હતા; કેમકે લૂંટારાઓએ તેમના રાજ્યને

ઘણું નુકસાન પહોંચાડયું હતું; પરંતુ ગઢમંડળના ગોંડરાજાનું તો ઐશ્વર્ય તથા બળ એટલું બધું જોરદાર હતું કે જેથી તેટલી સેના સહજમાં તેણે એકઠી કરી અને મોટી ધામધૂમ સહિત ચંદેલ જઇ પહોંચી દુર્ગાવતીના પાણીગ્રહણની કબૂલત પૂરી પાડવા સૂચવ્યું.

ચંદેલરાજાએ ન પરણાવવાને લીધે તેવું હદ ઉપરાંતનું કામ બીજા ગોંડરાજાને ભરોંસે બળાવ્યું હતું; તેમાં તેણે મોટી ભૂલ ખાધેલી જાણી પસ્તાવો કર્યો; પરંતુ બોલેલા બોલ હવે તેને પાળ્યા વિના છૂટકો જણાયો નહીં, જેથી તેણે દુર્ગાવતીનાં લગ્ન કરી વચન પાળ્યું.

ઉંચ કુળની કન્યા પ્રાપ્ત થવાથી ગોંડ રાજાની પ્રતિષ્ટા અને યશમાં વિશેષ વૃદ્ધિ પામી; કેમકે ત્યાં લગી કોઈ ઉંચા કુળની કન્યા નીચા કુળમાં જવા પામી ન હતી. ગઢમંડળ જબલપુરથી પાંચ માઇલને છેટે દક્ષિણ દિશામાં નર્મદા નદીને કિનારે વસેલું છે. પહેલાં તે શહેર ઉત્તમ આબાદિવંત હતું. ત્યાં સ્થાન પ્રતિસ્થાન પર પત્થરના સુંદર ઘાટ બાંધેલા છે અને કિનારા પર ઉત્તમોત્તમ દેવમંદિરો પણ શોભાયમાન છે. સંતત ૧૯૫૬ લગી એ રાજ્ય ૧૦૦ માઇલ પહોળું અને ૩૦૦ માઇલ લાંબું હતું, તથા તે વખતે સમસ્ત પ્રકારે એ રાજ્ય આબાદિ ભરેલું હતું તે લગભગ ઓગણીશમી સદી સુધી સ્વતંત્ર હતું.

અકબરશાહના નવ નરરત્ન પૈકી અબ્બુલફજલ ઇતિહાસકારે લખ્યું છે કે—" એ દેશના વિશેષ ભાગમાં જંગલ હતું ને તેમાં અગણિત હાથીઓ મન માનતી રીતે વિચર્યા કરતા હતા. એ રાજ્યના ધન અને ધરતીના વર્ણનથી અકબરશાહનો એક સરદાર આસફખાં લોભવશ થતાં ૧૬૫૧ માં એ રાજ્ય ઉપર ચડાઇ લઈ ગયો.

તે સમય દેવી દુર્ગાવતીના પતિ દેવલોક સિધાવી ગયા હતા જેથી વિધવા રાણી પોતાનો કુંવર સગીર વયનો હોવાને લીધે ખુદ રાજ્યકારોબાર ચલાવતી હતી. તેણીએ મુસલમાન સરદારનું પોતાના રાજ્ય પર ચડી આવવું સાંભળતાંજ, ખુદ–પોતેજ ૧૫૦૦ હાથી અને ૧૭૦૦૦ સ્વાર તથા અગણિત પૈદલનું દળ લઇ તે સરદાર સ્હામે યુદ્ધ કરવા તૈયાર થઇ મજબૂત લોખંડનું બખ્તર જંજીર ટોપ વગેરે પહેરી હાથમાં ધનુષ બાણ ભાલો બર્છી ધારણ કરી લશ્કરના મધ્યમાં સજ્જ રહી.

પોતાની મહારાણીનું પૌરૂષ, બળ અને સાહસ નિહાળીને તથા સ્વતંત્ર રાજ્યનાં સુખ તેમજ પરાધીનતાનાં કલેશ ધ્યાનમાં લઈને સમસ્ત લશ્કર આવેશપૂર્ણ બની ગયું અને પોતાના બળ તથા પરાક્રમને બતાવી ઉત્સાહ પૂર્વક મુસલમાનોના વિમુખ યુદ્ધ કરવામાં રક્ત રહ્યું. તેમજ બધાઓનાં મન આવેશથી ઉભરાયલાં હોવાને લીધે તેણે યુદ્ધમાં બળ બતાવી શત્રુને પાછી પાની કરાવી ૯૦૭ સ્વરોનું કાત્યાયન કરી વિજય કર્યો.

રાણી દુર્ગાવતીએ વિચાર્યું કે–' શત્રુ પરાજિત પામેલ છે; છતાં પણ રાત્રીના સમય ફરી તેની લશ્કરી છાવણી ઉપર ધસારો કરી નાશિપાસ કરવામાં આવે તો ફરી સ્હામા થવાનું મન થાય નહીં. ' પરંતુ તેણીના સેનાપતિયોનો વિચાર એથી વિરૂદ્ધ જણાયો તે સબબના લીધે તેમ બની શક્યું નહીં.

સરદાર આસફખાં મર્દ થઇ માદાના જુસ્સાને લીધે પાછો પડવાથી ઘણોજ શરનિંદો બની ગયો, જેથી તેણે બીજીવાર તોપખાના સહિત ગઢમડળ પર ધસારો કર્યો; પરંતુ તે પ્રદેશનો માર્ગ વિકટ હોવાથી તોપખાનું શરૂવાતમાં લાવી શક્યો નહીં.

શત્રુને ચડી આવેલો જોઇ રાણીએ પહાડોના એક ન્હાના માર્ગ ઉપર મોરચો લગાવ્યો; પરંતુ શહાણા મુસલમાનો તે રસ્તે ન આવતાં બીજે રસ્તેથી દેવીના દેશમાં દાખલ થયા જેથી તેઓ પેચમાંથી બચી ગયા; તથાપિ જે મેદાનના માર્ગ થઇ; તે યવનલશ્કર દાખલ થયું હતું તે મેદાનમાં પણ રાણીનું લશ્કર તેણીના પુત્ર વીરનારાયણની સરદારી નીચે તૈયારજ રહેલું હતું, તેણે બે વખત હલ્લાં કરી શત્રુના ટાંટીઆ લથડાવી નાખ્યા; પરંતુ ત્રીજા હલ્લા વખતે રાજકુમાર સખ્ત ઘાયલ થયો, એ જાણી રાણી પણ ત્યાં આવી પહોંચી અને લોહીની અવિરલ ધારાઓ ચાલતાં કુંવર મૂર્છાવંત થયો જાણી તેના જીવનની આશા થોડી જણાતાં યુવક કુમારને તંબૂમાં લઇ જવાની આજ્ઞા આપી પોતે મેદાનમાં ઉતરવા કટિબદ્ધ થઇ; પરંતુ અસાહસિકોએ યુદ્ધભૂમીમાં પોતાનો વિજય થવાની આશા ન જોઇ કે અગ્યારા ગણ્યા. આમ થતાં માત્ર વીરરાણીના ઝુંડા નીચે ૧૦૦ વીર લડવૈયાજ રહેવા પામ્યા; તથાપિ રાણીએ યુદ્ધભૂમિનો ત્યાગ કર્યો નહીં; કેમકે નાહક પીઠ બતાવી જીવને વ્હાલો કરવા કરતાં તો રણમાં કામે આવવું એજ ઉત્તમ હતું, તેના

મરાયા, જેથી ચીતોડી સરદારો રાણાજીને દાગ દઇ રણથંભોરમાં ગયા અને ત્યાંથી વિક્રમાજીતને લઇ જઇ ચિત્તોડની ગાદી પર કાયમ કર્યા; પરંતુ વિક્રમાજીતની ઉમર ૨૦ વર્ષથી પણ કમ હોવાથી મિજાજમાં છોકરવાદી વિશેષ હતી તેના લીધે તમામ સરદારો નારાજ થઇ ગયા.

એ રાણાએ મીરાંબાઇને ઘણીજ તકલીફ આપી હતી; કેમકે મીરાંબાઇની પાસે ભક્તિના સંયોગને લીધે સંત સાધુ બહુજ આવ જા કરતા હતા, પણ એ વાત રાણાજીને બિલકુલ રૂચતી ન હતી. તેમજ રાણો ભક્તિના ખ્યાલમાં નહીં પણ બદચાલના ખ્યાલથી સંત સાધુને રોકટોક કરવા લાગ્યો અને મીરાંબાઇ ઉપર સખ્તાઇ કરી. એ વાત મીરાંબાઇના ઘણા ભજનોની અંદર પણ ઝલકી રહી છે, તે પૈકી એક પદ આ છે કે,—

" મેરે તો ગિરધર ગોપાલ દૂસરા ન કોઈ,
દૂસરા ન કોઇ હો નાથ દૂસરા ન કોઇ. મેરે તો.
સાધુન સંગ બૈઠ બૈઠ લોકલાજ ખોઇ;
યહ તો બાત ફૂટ ગઇ જાનત સબકોઇ. મેરે તો. ૧
અસુઅન જલ સીંચ સીંચ પ્રેમબેલ બોઇ,
યહ તો બેલ ફૈલ ગઇ ઇમૃતફલ હોઇ. મેરે તો ૨
આઇથી મેં ભગત જાન જગત દેખ રોઇ,
લોગ કુટમ ભાઇબંદ સંગ નહી કોઇ. મેરે તો. ૩"

આખર રાણાએ રોકટોકથી કશો ફાયદો થતો ન જોયો જેથી પોતાના મુસાહબની સલાહથી મીરાંબાઇને ઝેરનો પ્યાલો પાઇ દેવાનું નક્કી કર્યું. પ્રથમ તો ફૂલોની છાબડીમાં સાંપ વિંછી સંતાડીને મોકલ્યા; પણ તેથી કંઈ દાહડો વળ્યો નહીં જેથી આખર હળાહળ ઝેરનો પ્યાલો ભરી તે સલાહકાર વીજાવર્ગી જાતના વાણીઆના હાથથી પાવાનો નિશ્ચય કર્યો, અને તે કમબક્ત વાણીઓ તે ભગવતીને મારવા તૈયાર થઇ મીરાંબાઇને કહેવા લાગ્યો કે-" આ ચરણામૃતનો પ્યાલો રાણાજીએ આપના માટે મોકલ્યો છે તે આરોગો."

જોકે મીરાંબાઇ સમજી ગઇ હતી કે-" વૈરભાવવાળા રાણાજીએ ચરણામૃત નહીં પણ ઝેરજ મોકલ્યું છે; તોપણ તેવા હજારો ઝેરને અમૃતરૂપ કરનાર દ્વારકાપતિ શિરરક્ષક છે માટે તે પીને

મારી સાચી ભક્તિની કસોટી વડે જગતના જનોને ભગતજનોની મહીમા જણાવું. જગતને ને ભગતને સદાનું વૈર ચાલ્યુંજ આવે છે, જેથી ઝેર પી અમૃતનો આસ્વાદ અનુભવવોજ યોગ્ય છે." એમ નિશ્ચય કરી મીરાંબાઇએ સ્પષ્ટ શબ્દમાં કહી બતાવ્યું કે–

"રાણાજીને વિષ ભેજિયો, ઇન મેડતણીકે હાથ;
ચરણામૃત કર મેં પીઉં, તુમ જાનો યદુનાથ."

(રજવાડામાં રિવાજ હોય છે કે રાણીનું નામ ન લેતાં તેણીની કુળની અવટંકથી ઓળખાણ આપે છે, એટલે કે–રાઠોડાણી, સીસોદિયાણી, ઝાલી, વાઘેલી, સોલંકિણી, મેડતીઆણી, ચાવડી વગેરે વગેરે નામથી બતાવવાનો રિવાજ હોવાથી મીરાંબાઈને મેડતીઆણી કહી બતાવેલ છે.) ઝેર પીધા પછી તે વાણીઆના દુષ્કૃત્યને ધ્યાનમાં લઇ એટલું જ મીરાંબાઇયે કહ્યું કે–"તમારા કૃત્યથી મને તો કંઇ થનાર નથી; પણ તમને તમારા દુષ્કૃત્યના બદલામાં જગતપતિ યદુનાથ એ બનાયત કરે કે–' તમારી જાતમાં સંતતી ન થાય અને સંતતિ થાય તો સંપત્તિના સાંસા પડે.'

હાલ સુધી પણ એ વીજાવર્ગી વાણિયામાં રોટી હોય તો ચોટી નહીં અને ચોટી હોય તો રોટી નહીં એમજ ચાલુ રહેલું જણાય છે અને તેઓ કહે છે કે–' અમે મીરાંબાઇની દુભાયલી વૃત્તિનાંજ ફળ ભોગવિયે છીએ.' મેવાડમાંથી તો તે જાતી ત્રણતેર થઈ ગઇ અને તે વખતથી હજુ લગણ એ જાતનો રાજાઓ વિશ્વાસ રાખતા નથી. મારવાડમાં ને મેવાડમાં તે જાતી માટે કહેવત છે કે–

"વીજાવર્ગી વાણિયો, દૂજો ગૂજરગૌડ;
તીજો મિલે જો દાહમો, કરે ટાપરો ચૌડ.

મતલબ કે વીજાવર્ગી જાતનો વાણિયો, ગૂજરગૌડ બ્રાહ્મણ અને દહિમા જાતિનો વિપ્ર એ ત્રણેનો સમાગમ થાય તો ઘરને ચોપટ જેવું કરી મૂકે છે; અર્થાત્ ખાય તેનુંજ ખોદનારી એ ત્રણે જાતી છે."

મીરાંબાઇને તો પ્રભુકૃપાથી ઝેરની કશી અસર થઇ નહીં; પણ નરલીલાનો ઠાઠ બતાવી ભક્તિનો રંગ દહાવવા અને નીતિપંથનો કાયદો દર્શાવવા દ્વારકામાં શ્રી કૃષ્ણજીના મુખમાંથી એ ઝેરની અસરથી ફીણ આવેલાં માલૂમ પડયાં હતાં!

આ બનાવ બનવા પછી મીરાંબાઇ મેવાડ છોડી મેડતે જઇ પોતાના કાકા વીરમજીને ત્યાં બાકીનો સમય વ્યતીત કરવા લાગી.

જો કે મીરાંબાઇના વૈધવ્યથી મેવાડની તો પડતી થતીજ ચાલી હતી, તેમાં વળી મજકુર સતીના દેશત્યાગથી વિશેષ ઉમેરો થયો. તે એ કે–સંવત ૧૫૮૮માં ગુજરાતના સુલતાન બહાદુરે એક ભારી લશ્કર અને તોપખાના સાથે ચીતોડના કિલ્લાની મજબુતી તોડવા માટે બે વર્ષમાં એક ફિરંગી અફસરની તજવીજથી રૂમ અને ફિરંગીના કાયદા મુજબ તૈયાર કર્યું હતું તે સહિત ચીતોડને ઘેરો ઘાલ્યો. ચીતોડને બચાવાને માટે બુંદીથી હાડા, જોધપુરથી રાઠોડ અને મેડતેથી મેડતીઆ વીર આવી શૂરા સિસોદિયાની સેનામા શામિલ થયા અને લઢાઇમાં તેમણે ઘણી બહાદુરી બતાવી જેથી ફિરંગી તોપખાનાની આગ તે વીરોની તરવારોના પાણીથી ઠંડી થઇ ગઇ; તો પણ સમયસૂચક હાડીરાણી કરમેતીદેવી (કે જેનું નામ બાદશાહે પોતાની કિતાબ " તબુક બાબરી "માં પદમાવતી લખેલું છે તે) પોતાના પુત્ર વિક્રમાજિતની ન્હાની ઉમર અને યુદ્ધકુશળતામાં પૂર્ણ પ્રવીણ ન હોવાથી દૂરદેશી વડે સુલતાનની સાથે સુલેહ કરી અને નજરાણું કરી મિત્રતા જમાવી નિશ્ચિંત બની.

ગુજરાતી તવારીખ " મિરઆત શિકંદરી "માં તો લખ્યું છે કે એ નજરાણામાં માળવાના જિલ્લા કે જે મહમુદ ખિલજી પાસેથી છિનવી લીધા હતા તે, તથા સુલતાન મહમુદ ખિલજીનો જડાવદાર પરતલો અને તાજ, કેટલાંક કીમતી જવાહીર કે જે રાણા સાંગાજીને મહમુદ ખિલજીની હારના દિવસે હાથ આવ્યું હતું તે, તેમજ એક કોડ ટકા (મિરઆત અહમદીમાં તે ટકાની કીમત ૫ લાખ રૂપિયા લખેલ છે,), ૧૦૦ ઘોડા અને ૧૦ હાથી આપી સુલેહ કરી, એથી સુલતાન હીજરી સન ૯૨૯ શાબાનની તારીખ ૨૭ (ચૈત્ર વદી ૦)) સંવત ૧૫૮૮) ના રોજ સુલતાને ચીતોડથી કૂચ કર્યું અને અજમેર તથા રણથંભોરના કિલ્લા કબ્જે કરી નાના કુંવર ઉદેસિંહને સાથે લેતો ગયો. ઉદયસિંહને લઇ જવામાં એ મતલબ સમાયલો હતો કે–પોતે અપુત્રીઓ હતો જેથી લાયક રાજબીજને ઇસ્લામી પંથમાં કાયમ કરી પોતાનો ગાદીવારસ કરવા ધારતો હતો; પરંતુ તે છુપો ભેદ મેવાડી સરદારોની જાણમાં આવતાં તે સરદારો કોઇ ન જાણે તેમ કુંવરને લઇ ચીતોડ જઇ પહોંચ્યા.

આ ઉપરથી સુલતાને ખફા થઇ ફરીને ભારી જોરશોરથી ચીતોડપર હુમલો કર્યો. એથી રાણી કરમેતીદેવીએ બાદશાહ હુમાયુની પાસેથી મદદ માગી. તેના લીધે તે શાહ લશ્કર સહિત મેવાડને મદદ આપવા આવતો હતો, પણ ગવાલિયર મુકામે મોલવીઓએ તેને મુસલમાની મસલા સંભળાવીને આગળ જતાં અટકાવી દીધો.

મોલવીઓનું કહેવું એ હતું કે–"જ્યારે એક મુસલમાન શાહ કાફરોની સ્હામે લડતો હોય ત્યારે બીજા મુસલમાની બાદશાહે તેને લડતાં અટકાવી કે સ્હામે લડી પાછો પાડવો નહીં. એવો ઇસ્લામી ધર્મનો હુકમ છે."

આ હુકમને લીધે મેવાડને મળનારી મદદ બંધ પડી એથી રાણી કરમેતીદેવી વિશેષ નાઉમેદ બની અને તેણીએ પોતાના બેઉ કુંવરો (વિક્રમાજિત ને ઉદયસિંહ)ને બુંદીની તરફ મોકલી દઇ હથિયાર સજી ખુદ બહાદુરશાહથી લડાઇ લીધી; પરંતુ આખર જીતની આશા ન જણાતાં તેર હજાર રજપૂતાણીઓ સહિત કિલ્લો તૂટતાંની સાથેજ દેવી કરમેતી ચિતામાં પ્રવેશી ભસ્મીભૂત થઇ મેવાડની ટેકને ટકાવી લીધી, અને ૩૦૦૦૦ રજપૂતો કેસરીઆં કરી તે લડાઇમાં કામ આવી ગયા. છતાં પણ ચીતોડ સર કરી સુલતાને ધન દોલત લૂટી પવિત્ર મંદિરોને નુકસાન પહોંચાડ્યું. (અકબરનામામાં લખ્યું છે કે આ જીત હિજરી સન ૯૪૧ રમજાન તા. ૩ ના રોજ મેળવી હતી.)

મોલવીઓના કહેવાથી હુમાયુશાહ બહાદુરશાહને હઠાવા ચીતોડ ન ગયો; પણ પોતે કરમેતીદેવીને વચન આપેલું હોવાથી તે પાછો ગયો નહીં; પરંતુ છેવટનું પરિણામ જોવા ત્યાંજ મુકામ કરી રહ્યો હતો. અને જ્યારે ચિત્તોડ સર કરી બાહાદુરશાહ પાછો ફર્યો ત્યારે હુમાયુશાહે પોતાનું વચન પાળવા બહાદુરશાહને મુંદસોર મુકામે ભેટો કરી ઘેરી લીધો અને લડાઇમાં હરાવી રમજાનની તા. ૨૦ વૈશાખ વદી ૯ ના રોજ મંડુની તરફ ભગાડયો. (એમ મિરઆત સિકંદરીમાં લેખ છે,) ધન્ય છે વચનપાળ શાહ હુમાયુ! તને ઘણા રંગ છે!!! કે વચન પાળવામાં પોતાના પંથીનો પણ તેં નાતો ન રાખતાં શરણાંગતની સહાય કરી! એટલુંજ નહીં પણ વિક્રમાજીતને ફરી ચીતોડની ગાદી હસ્તક કરાવી તારા નામ કામને

સદાને માટે અમર કર્યું એથી પુનઃ લેખકની ઉભરાતી હર્ષોર્મિયો કહે છે કે તને અનંતાનંત ધન્યવાદ છે!!

જો કે હુમાયુશાહે વિક્રમાજિતને ફરી ગાદીનશીન કર્યો; પરંતુ તેણે પોતાની છોકરવાદી છોડી ન હતી એથી પોતાના સામધર્મી સરદારો અને મુત્સદ્દિઓનું અપમાન કર્યા કરતો હોવાથી આખર તે એ ફળનો ભાગી થયો કે તેમણે તેને મારી તેના કાકા પૃથિરાજના અનૌરસ કુંવર વનવીરને સંવત ૧૫૯૨ માં તખ્તનશીન કર્યો.

ગાદીવારસ ઉદયસિંહ વનવીરના કાવત્રાથી બચી કુંભલમેરના કિલ્લામાં રહી વખત ગુજારતો હતો અને વનવીરની મોકલેલી ફોજ સાથે લડતો હતો; પણ છેવટે સરદારોની મદદથી તે વિજય મેળવીને વિક્રમ સં. ૧૫૯૮ માં અગયાર વર્ષની ઉમરે મેવાડપતિ થયો,

નશીબના યોગથી ઉદયસિંહ ગાદીપતિ તો થયો; પરંતુ ઉદયસિંહ એ નામજ મેવાડની તવારીખને જેબ આપે એવુંજ ઇશ્વરે સરજેલું હોવાથી મેવાડનો ઉદયસિંહે ઉદય ન કર્યો; પણ અનોદય કરયો; કેમકે તે બ્હીકણુ અને જેના તેના દોરવાયે દોરાનારો હતો એથી અકબરશાહના પહેલા હલ્લામાં બીજાના બળથી ચીત્તોડનો બચાવ થયો;- પરંતુ બીજી વખત (સંવત ૧૬૨૪)ના હલ્લામાં મેવાડની સત્તા (ચૈત્ર વદી ૧૨ ના રોજ) ગુમાવી—વીરોનો નાશ કરાવી જંગલના ગુપ્ત પ્રદેશોમાં રહી તથા મુશીબતના સમયમાં સંવત ૧૬૨૮માં ઉદયપુર વસાવી તેણે યશાળી કારકીર્દિ વિનાય જીવન પૂર્ણ કર્યું.

મીરાંબાઇના જવા પછી મેવાડની આ પ્રમાણે શોચનીય સ્થિતિ થઇ પડી હતી; પણ મેડતામાં તે સતીની તરફ અણગમો ઉપજ થવાને લીધે મેડતાપર શી શી આફતોનું વાદળ તૂટી પડયું તે જણાવીશ કે.—

મીરાંબાઇની ખાતર બરદાસ વીરમજી અને જયમલ્લજી ઘણી સારી રીતે કરતા હતા; પરંતુ સાધુસંતોની આવજાથી તેણીની તરફ તેઓ અણગમાની નજર રાખવા લાગ્યા. તે માટે રોકટોક પણ કરાવી અને કહેણુ પણ કહાવ્યાં; તથાપિ તેણી નિર્મળ ચરિત્રવંતી સતીએ પોતાની કૃતિમા ફેરફાર કરયો નહીં; આમ હોવાને લીધે અભાવમાં ઉમેરો થયો.

'ભક્તાધીન ભગવાન ભક્તની તરફ અણગમો બતાવનાર તથા ભક્તને સતાવનાર તરફ કીના ભરી નજરથી જોયા વિના અને પા-

ધમાલી સાથ ભેટાડ્યા વિના કદિ રહેતાજ નથી. । તો પછી જેવું ચીતોડ ઉપર ભક્તની અવજ્ઞા કરવાથી વિપત્તિનું વાદળ ટટુમ્યું તેવું મેડતા પર ટટુમ્યા વગર રહેજ કેમ ?। એથી એ થયું કે,—

મેડતાના મેડતિયા રાઠોડ વીરતા ધીરતામાં દિનપ્રતિદિન આગળ વધતા જોવાથી જોધપુરના રાજાઓની આંખમાં મેડતા રજકણની પેઠે ખટક્યા કરતું હતું. એ સબબને લીધે રાવ માલદેવજીએ મેડતા તરફ કીનાભરી દૃષ્ટિને લંબાવી. લંબાવવાનું કારણ એ હતું કે—રાવ માલદેવજીના પિતા ગાંગાજીએ અજમેરના સૂબેદાર દોલતખાંને નાગોરની સરહદમાં સકિસ્ત આપી હતી અને તેનો હાથી ભાગીને મેડતે જઇ પહોંચ્યો હતો તે હાથીને વીરમજીએ પકડી લઇ પોતાની હાથીશાળામાં બાંધી લીધો હતો. ખબર પડતાં રાવ માલદેવજીએ તે હાથી પાછો માગ્યો; પરંતુ વીરમજીએ પાછો આપ્યો ન હતો; એ અદાવતથી રાવ માલદેવજીને જ્યારે વિક્રમ સં. ૧૫૮૮માં જોધપુરની ગાદી મળી ત્યારે મેડતાને ખાલસે કરવાનો મનસૂબો અમલમાં આણવાની ઇચ્છા થઇ; તથાપિ બીજા રાઠોડ સરદારોની સલાહ ન મળવાથી એ વખતે મૈનતા ધારણ કરવી પડી, અને જોરાવર રાઠોડ સરદારોને એક પછી એક ચઢાઇમાં માલદેવજી સર કરતા રહ્યા. દરમ્યાન વિ સં. ૧૫૯૫માં બાદરાજણના સિંધલ રાઠોડ પર ચઢાઇ કરી, તેમાં વીરમજી શામિલ થયા અને ફતેહ મેળવી તેઓ સાથે સાથે જોધપુર આવ્યા.

આ અવસર મળતાં મદદનો ઉપકાર ભૂલી જઇ રાવે દોલતખાંને મેડતા સર કરવાનું ઠરાવી પોતાની ફોજ આપી અખેરાજજી દાવતની સરદારી નીચે એવા મતલબથી ચઢાઇ કરાવી કે મેડતા સર થયા પછી દોલતખાનને ત્યાં ટકવા દેવો નહીં. જો કે તે ચઢાઇમાં અખેરાજે તેમજ કર્યું; પણ વીરમજીના ભત્રીજા ગાંગા સિંહાવતે તે અખેરાજને પણ હરાવી હઠાવી પોતાનો કબ્જો કરી લીધો.

જ્યારે વીરમજીને આ કાવત્રાની જાણ થઇ ત્યારે તુરત જોધપુરથી રવાના થઇ ગાંગા સિંહાવતના કબ્જામાંથી મેડતાને મુક્ત કરી અજમેર ઉપર તેમણે ચઢાઇ કરી. વીરમજીની ચઢાઇના ખબર મળતાંજ દોલતખાં તો અજમેરમાંથી છ પાંચ ગણી ગયો, એથી વગર હરકતે વીરમજીએ અજમેર પણ હાથ કરી લીધું.

દાવ અવળો પડ્યાની રાવ માલદેવજીને ખબર મળી એથી

રાવે વીરમજીને કહેવરાવ્યું કે 'મેડતા તમો રાખો અને અજમેર અમને સોંપી દો; કેમકે અમો તમારા વડીલ છિયે.' પરંતુ વીરમજીએ તે કહેણુ માન્યું નહીં અને મેડતામાં આવી લડાઇની તૈયારી કરી, એથી રાવ માલદેવજીએ પણ મેડતા પર હલ્લાં કર્યાં. આ મામલા વખતે વીરમજીને મિત્રોએ સમજાવ્યા જેના લીધો લડાઇ કરવી માંડીવાળી પોતે અજમેર જઇને રહ્યા; તથાપિ માલદેવજીએ મેડતા કબજે કરીને ત્યાનાં ગામ પોતાના સરદારોને વ્હેંચી આપ્યાં જેમાંનું "કસબારિયાં" ગાંગાસિંહાવતના ભાઇ સીસાને આપ્યું હતું, એથી વીરમજીને સીસાની ઉપર ઘણોજ ગુસ્સો આવ્યો કે–'ભાઇ થઇને પોતાનું વતન શત્રુને હાથ જતાં બક્ષીસ લેવામાં ભાગીદાર થયો!' આ ગુસ્સાને લીધે જુસ્સામાં આવી વીરમજીએ તેની ઉપર ચડાઇ કરી.

સીસો પણ મેડતીઓ વીર હતો જેથી હરખડી ન જતાં મરવા મારવા સ્હામે થયો, માલદેવજીએ આશ્રિતનો બચાવ કરવા રાઠોડ જેતાજી અને કુંપાજી વગેરેને સીસાની મદદ માટે મોકલ્યા. રસ્તામાંજ વીરમજી સાથે અથડાઅથડી થઇ. બેઉ તરફ રાઠોડો હતા જેથી ખૂબ તરવાર ચાલી. વીરમજી ૪ વખત ઘોડાને કુદાવી માલદેવજીની ફોજમાં ઘુસી જઈ તે સરદારોની ૧૧ બરછીઓ છિનાવી રકાબવાળા હાથમાં એકઠી કરી રણમત્ત થયા હતા; પણ અંતમાં રાઠોડ બહાદુરે તેમને હડસેલી એ રણસંગ્રામગાંથી આઘા ખસેડ્યા, જેથી તે ગુસ્સાના માર્યા અજમેર ચાલ્યા ગયા. રાવ માલદેવજીની ફતેહ થઇ. બેઉ બાજુના ૫૦૦ લડવૈયા મરણને શરણ થયા.

વિ. સંવત ૧૫૯૬માં રાવ માલદેવજીએ વીરમજીને અજમેરમાંથી પણ કહાડી મૂક્યા, એટલે વીરમજી આમેરની અમલદારીમાં ચાલ્યા ગયા. નરાણાના કછવાહાએ તેમને શરણું આપ્યું, પરંતુ જ્યારે રાઠોડ જેતા ને કુંપા રાવ માલદેવજીના હુકમથી ફોજ લઇ ત્યાં જઇ પહોંચ્યા ને કછવાહાને તાબે કર્યા ત્યારે વીરમજી ત્યાંથી પણ આગળ સટક્યા અને તે જ્યાં જ્યાં આમેરના રાજ્યમાં ગયા ત્યાં ત્યાં તે બેઉ સરદારો લાગુના લાગુ રહ્યા. જેથી તે ઇલાકો છોડી વીરમજી રણથંભોરની સરહદમાં ગયા; પરંતુ ત્યાં પણ તેઓ સરદારોને પાછળના પાછળ રહ્યા જોયા. આમ થવાથી વીરમજી હમેશાંની દોડધામથી તંગ થતાં તેઓ સરદારોને કહેવા લાગ્યા–"લ્યો હું પણ હવે અહીંથી આઘો ખસનાર નથી. અહીંયાં જે થાય તે નિકાલ લાવવો છે."

કુંપાજીએ કહ્યું-"તમો આવા ખસવાના નથી તો અમો પણ તમારો અંત લાવ્યા વિના પીછો છોડવાના નથી." પરંતુ જેતાજીએ કુંપાજીને સમજાવ્યા કે-"ગમે તેમ છે તો પણ વીરમજી આખર આપણા મોટા ભાઇ અને મોટા ઠાકોર છે, માટે કદી ને કદી કામ પડશે જેથી હવે કેડો મૂકી પાછા વળવું એજ ઠીક છે." આ પ્રમાણે સમજાવ્યાથી વીરમજીને માળવા ભણી મંડુનો માર્ગ લેવા દીધો, અને પોતે જોધપુર ભણી પાછા વળ્યા.

માલદેવજીએ સંવત ૧૫૯૮માં વીકાનેરના રાજા રાવ જેતસીને મારી તે રાજ્ય કબજે કરયું હતું. હુમાયુ બાદશાહ કે જે ગુજરાતના બહાદુરશાહને ભગાડીને સંવત ૧૫૯૩ લગી ગુજરાતમાં રહ્યા હતા તે ૧૫૯૪માં શેરશાહ પઠાણનો ફિસાદ મટાડવા માટે બંગાળામાં ગયા હતા. જો કે તે વખતે તો તેમને ફતેહ મળી; પણ ૧૫૯૫ માં શેરશાહથી હાર ખાઇ આગરામાં આવ્યા અને શેરશાહે આગરામાંથી પણ ૧૫૯૭માં સિંધ ભણી ભગાડ્યા. એથી તે ધમાધમીની પોલમાં રાવ માલદેવજીએ પાલણપુરથી માંડી દિલ્હી અને આગરાની તળેટી લગી પોતાનું રાજ્ય જમાવી લીધું, અને તેણે હુમાયુ શાહને મદદ આપવાનો ઇકિરાર કરી મારવાડમાં બોલાવ્યા. હુમાયુ શાહ ૧૫૯૯ માં જેસલમેર થઇને જોધપુર નજીક આવી પહોંચ્યા હતા દરમ્યાન શેરશાહે રાવ-માલદેવજીને ગુજરાત સર કરાવવાની લાલચ આપીને હુમાયુ શાહને કેદ કરી લેવાનો હુકમ આપ્યો. એ વાતની ખબર છુપા જાસૂસો મારફત હુમાયુ શાહને મળી કે તે તુરત સિંધ ભણી પાછા જતા રહ્યા અને રસ્તામાં જતાં ઉમરકોટની નજીક સંવત ૧૫૯૯ ના કાર્તિક સુદી ૪ ના રોજ અકબર શાહનો જન્મ થયો.

વીરમજી મંડૂ ગયા; પણ ત્યાંના બાદશાહ મલ્લુખાંથી વીરમજીને કશી મદદ અપાઇ શકી નહીં, જેથી વીરમજી તેમની પાસેથી થોડી ઘણી હાથખર્ચી લેઇ પાછા રણથંભોર આવ્યા અને ૪૦૦ સ્વારો સહિત આગરામાં શેરશાહની હજૂર ગયા તો ત્યાં વીકાનેરના રાવ જેતસીના કુંવર ભીમસિંહજી વગેરે પ્રથમથી જ રાવ માલદેવજી ઉપર ફરિયાદ કરવા આવી ચુક્યા હતા. તેમની સાથે વીરમજી મળી જઇ બાદશાહને રાવ માલદેવજી ઉપર ચડાઇ કરવાની સલાહ આપી.

જ્યારે શેરશાહ જોધપુર ઉપર ચઢાઇ લઇ ગયા ત્યારે માલદેવજી ૮૦૦૦૦ સ્વારો સહિત અજમેર અગાડી લડાઇ લેવા સ્હામે આવ્યા.

એ જોઈ બાદશાહ પસ્તાવા લાગ્યો એથી વીરમજીને શાહે કહ્યું-"તમો કહેતા હતા કે માલદેવજીને વાત કરતાંની સાથે ભગાડી દઇશ; પણ એ તો ભારે જોરથી લડવાનો મુકાબલો કરવા તૈયાર છે તો હવે શું કરવું?"

વીરમજીએ કહ્યું-"એના રોપ રૂઆબથી હેબકી જવાનું નથી; પણ હું તેજ વખત લાવી આપને ખાત્રી કરાવી દઇશ; માટે આપ હીમ્મત રાખી બેસો." ઇત્યાદિ કહી પોતાના કુંવર જયમલને જમાનત તરીકે શાહને સોંપી શાહની પાસેથી કેટલાક હજાર ફિરોજિયો (મ્હોરો) લઇ ૪ કોસ દૂર પડેલા રાવજીના લશ્કરમાં તે મ્હોરો વેચવાને માટે મોકલાવી. તે વખતે તે મ્હોરની કીમત ૧૫ રૂપિયાની હતી છતાં વીરમજીના માણસે ૧૭-૧૭ રૂપિયામાં વેચી દેવાનું જણાવતાં સારો નફો મળવાની લાલચે તે બધી મ્હોરો ત્યાંના વ્યાપારીઓએ ખરીદી લીધી.

ત્યારબાદ વીરમજીએ બાદશાહ પાસેથી બે મુન્સી માંગી લઈ તેમની પાસેથી ૧૦૦ ફરમાન માલદેવજીના સરદારોના નામનાં લખાવી લીધાં અને તે ફરમાન દરેક ઉમદા ઢાલની ગાદીમાં દાખલ કરી સીવડાવી લીધાં. તે પછી મ્હોરો ખરીદનાર લાલચુ વ્યાપારીઓને બોલાવી લાલચ આપી તે ૧૦૦ ઢાલો સુપર્દ કરી, તેમજ જે જેના નામનું જેમાં ફરમાન દાખલ કરેલું હતું તે તેનાં નામ લખી તે નામ વાળાનેજ તે ઢાલ માગે તે કીમતે આપી દેવાની ભલામણ કરી.

વ્યાપારીઓએ તેમજ કર્યું. ઢાલો ઉમદા અને લડાઇમાં તેની ઘણી જરૂર હોવાથી સરદારોએ પાણીને મૂલે મળતી ઢાલો ખરીદી લીધી.

આ પ્રમાણે કર્યા પછી વીરમજીયે પોતાનો માણસ માલદેવજી પાસે મોકલ્યો અને કહેવરાવ્યું કે-"મારી જમીન આપે છિનવી લીધી છે તેના લીધે હું તો બાદશાહશ્રીની પાસે ગયો છું; પણ આપના સરદારો બાદશાહશ્રીથી કેમ મળી ગયા છે અને તેઓએ ઘણી મ્હોરો લાંચ પેટે લીધી છે, તથા તેઓ કાવત્રું કરવા ધારે છે તે તેમની ઢાલોની ગાદીમાં રહેલી ચીઠ્ઠીઓ તપાસી જોતાં ખાત્રી મળશે."

આ વાત સાંભળતાંજ માલદેવજીનું માથું ફરી ગયું અને તેજ વખત બજારમાં આદમી મોકલી તપાસ કરાવ્યો તો હજારો મ્હોરો શરાફોની દુકાનોમાંથી નીકળી, તેમજ જોવાના બ્હાનેથી ઢાલો મંગાવી તપાસી જોઈ તો દરેક ઢાલની ગાદીમાંથી તે તે નામોની

ચીઠ્ઠીઓ નીકળી. ચીઠ્ઠીમાં લખેલું હતું કે-' અમો તમારા માટે ઇનામ મોકલ્યું છે; પણ તમોએ માલદેવજીને પકડાવી દેવાનો જે ઇકરાર કર્યો છે તે તુરત પૂર્ણ કરો.'

ચીઠ્ઠી વાંચતાંજ રાવ માલદેવજીને પોતાના લશ્કરમાં ફૂટ થયાની ખાત્રી પડી ગઇ, જેથી તેજ વખતે પોતાનો બચાવ કરવા કોઇ ન જાણે તેવી રીતે છડી સ્વારીથી કૂચ કરી તે સિવાણાના ડુંગરાઓમાં જતા રહ્યા. પરંતુ રાઠોડ જેતા ને કુંપાજી વગેરે મોટા મોટા સરદાર કે જે તે ફરેબથી બિલકુલ બેમાલૂમ હતા તેમણે પોતાની બદનામી દૂર કરવાને માટે રજપૂતાઇની શરમથી રાતમાં બાદશાહની લશ્કરી છાવણી ઉપર ઓચિંતો હલ્લો કરી તૂટી પડયા અને હજારો પઠાણોનો રોળ વાળી પોતે મહાન્ બહાદુરી સાથ કામમાં આવી ગયા. (આ લડાઇ મેડતા પ્રગણે જેતારણની સરહદ ઉપર સંવત ૧૬૦૦ ના પોષ શુદી ૧૧ ના રોજ થઇ હતી.)

તે પછી બાદશાહ ફતેહ કરી અજમેરમાં પોતાનું થાણું બેસારી મેડતામાં વીરમજીનો કબજો કરાવી જોધપુર જઇ પહોચ્યા, અને ફોજ મોકલી રાવ જેતસીના પુત્ર કલ્યાણમલ્લને વીકાનેરની રાજગાદી (માલદેવજીના માણસોને હઠાવી) સોંપાવી દઇ, જોધપુર સર કરી આગરા તરફ આવ્યા.

વીરમજી વિક્રમ સં. ૧૬૦૦ના ફાગણ મહીનામાં મરણ પામ્યા એથી ત્યાંની ગાદી પર તેમના પુત્ર જયમલ્લ બેઠા.

વિક્રમ સં. ૧૬૦૨ માં શેરશાહ પણ બિહિસ્તનશીન થયા (મરી ગયા.) જેથી રાવ માલદેવજીએ પઠાણોને મારી હઠાવી મારવાડમાંથી કહાડી મૂક્યા, અને સંવત ૧૬૧૦ માં શેરશાહના શાહજાદા સલીમશાહનું પણ મરણ થયું જેથી રાવ માલદેવજીએ અજમેર પણ ફતેહ કરવા માટે ફોજ મોકલી; પરંતુ રાણા ઉદયસિંહે ત્યાં પ્રથમથીજ પોતાનો અમલ કરી લીધો હતો.

રાવ માલદેવજીએ જયમલ્લજીને પોતાની હજૂર હાજર રહેવા હુકમ મોકલ્યો; પણ તેમ કરવા જયમલ્લજીએ સાફ ના કહી, અને રાવજી તરફથી લશ્કર મોકલવામાં આવ્યું હતું તેને સંવત ૧૬૧૧ ના વૈશાખમાં લડીને ભગાડી દીધું.

રાવ માલદેવજીએ ફરી કુંવર ચંદ્રસેનજીની સરદારી હેઠળ આષાઢ વદ ૧૩ ના રોજ લશ્કર મોકલી મેડતાને ઘેરી લેવરાવ્યું,

જેથી જયમલ્લજીએ પણ અંત થતાં લગી લડવું એજ મુકરર કરી લીધું હતું. પણ તે દરમ્યાન રાણા ઉદયસિંહજી પરણવા માટે વીકાનેર પધારતા હતા તે ત્યાં આવી પહુચ્યા અને જયમલ્લજીને સમજાવી પોતાની સાથે લઇ ગયા, એથી મેડતામાં બિન હરકતે રાવજીનો (માલવદેવજીનો) અમલ થઇ ગયો.

એ સાલમાં હુમાયૂશાહે કાબુલ તરફથી આવી ફરી દિલ્લીનું તખ્ત સલીમશાહના પુત્ર મોહમ્મદશાહ પાસેથી લઇ લીધું, અને સંવત ૧૬૧૧ માં અકબરશાહ તખ્તપર બિરાજ્યા.

શેરશાહના મોટા અમીર હાજીખાં પઠાણે અલવર તરફથી આવી રાણાજીના કબજામાંથી અજમેર છોડાવી પોતાના કબજામાં લીધું. જેથી રાવ માલદેવજીએ ૧૬૧૩ માં હાજીખાં ઉપર ફોજ મોકલી. એટલે હાજીખાંએ રાણા ઉદયસિંહજીની મદદ માંગી જેથી ૧૫૦૦૦ સ્વારો સહિત રાણાજી આવી પહોંચતાં રાયની ફોજ હટી ગઇ.

આ સમયમાં જયમલ્લજીએ રાણાજીની મદદથી મેડતામાં પાછો પોતાનો અમલ કાયમ કર્યો. દરમ્યાન રાણાજીને અને હાજીખાંને અણબનાવ થઇ ગયો, જેથી હાજીખાંપર રાણાજીએ ચડાઇ કરી. હાજીખાંએ માલદેવજીની મદદ માગી જેનાલીધે રાવજીએ ૧૭૦૦ સ્વાર મદદમાં મોકલ્યા અને પોતે પણ જોધપુરથી રવાના થઇ જેતારણમાં આવ્યા.

૧૬૧૩ ના ફાગણ વદ ૯ મંગળવારના રોજ લડાઇ થઇ તેમાં હાજીખાંની જીત થઇ, એ સબબથી માલદેવજીએ ફાગણ શુદી ૧૩ ના રોજ મેડતે પહોંચી જયમલ્લજીના મહેલ પડાવી તે જગોએ હળ ખેડાવી ખેતી કરાવી ત્યાં માલકોટ બંધાવવો શરૂ કર્યો.

હાજીખાંની ફતેહ થયાની ખબર અકબરશાહને પહોંચી કે તુરત તેના પર ફોજ મોકલાવી, જેથી હાજીખાંએ માલદેવજીનું શરણ માંગ્યું, એ ધ્યાનમાં લઇ તેને જેતારણ બોલાવી લીધો; પરંતુ બાદશાહી ફોજ ત્યાં પણ આવી પહોંચી, એટલે હાજીખાંએ ગુજરાત ભણીનો રસ્તો પકડયો. (જેતારણ લૂંટી ફોજ પાછી ચાલી ગઇ.)

સંવત ૧૬૧૬માં માલકોટ તૈયાર થયો ત્યારે રાવજીએ અરધું મેડતા જયમલ્લજીના ભાઇ જગમાલને સોંપી દીધું અને અરધું ખાલસા કર્યું, તથા મેડતાનું નામ નવાનગર રાખ્યું.

જયમલજી રાણાજીની આપેલી બેદનોરની જાગીરમાં રહેતા હતા ત્યાં રાવજી માલદેવજીએ ફોજ મોકલી ત્યાંથી તેમને કહાડ્યા. એથી રવાના થઇ અજમેર તરફ પધારતાં અકબરશાહને ડીડવાણા મુકામે મળી જયમલજીએ પોતાની હકીકત રોશન કરી. જેથી બાદશાહે મિરજા શરફુદીન સાથે ૧૦૦૦ સ્વાર મોકલી જયમલજીને મેડતા સોંપાવા માટે તજવીજ કરાવી.

રાવજીની તરફથી મેડતાના હાકીમ રાઠોડ દેવીદાસે માલકોટમાં રહી તે ફોજ સ્હામે મુકાબલો કર્યો; પરંતુ પાછળથી રાવજીના ફરમાનને લીધે સુલેહ કરવાની ફરજ પડતાં લડાઇ બંધ કરી, મિરજાએ એવી શરતથી સુલેહને કબુલ રાખી કે–' પહેર્યે કપડેથી માલ અસબાબ છોડીને મેડતા સ્વાધીન કરી ચાલ્યા જવું.'

જો કે જગમાલજીએ તો તેજ પ્રમાણે કર્યું; પણ દેવીદાસે માલ અસબાબ બાળી નાખી પછી પેહર્યે કપડે ચલી નીકલવા માંડયું એ જોઇ જયમલજીએ મિરજાને કહ્યું–"જુઓ, દેવીદાસ આપના હુકમને અપમાન સાથે બેટાડી રસ્તે પડયો છે, તે આયંદે પણ નુકસાન પહોંચાડશે." આ સાંભળી મિરજાંએ દેવીદાસની પુંઠ પકડી. જેથી દેવીદાસે પાછા ફરી બડી બહાદુરીથી યુદ્ધ મચાવ્યું, અને અંતે કામ આવી નામને અમર કર્યું.

મિરજાંએ ૧૬૧૯ ના ચૈત્ર સુદી ૧૫ ના રોજ મેડતામાં અમલ કાયમ કરી પછી નાગોર ગયો. ત્યાં જયમલજીને અને મિરજાંને કોઇ વાત પરથી અણબનાવ થઇ ગયો જેથી જયમલજી તેનો સાથ છોડી ઉદયપુર જતા રહ્યા.

૧૬૧૯ ના કાર્તિક શુદિ ૯ ના રોજ માલદેવજીનો દેહાન્ત થયો એટલે જોધપુરની ગાદિપર રાવ ચંદ્રસેનજીનો અમલ થયો. તેમની પાસેથી અકબર શાહે ફોજ મારફત ૧૫૨૨ માં જોધપુર છોડાવી લીધું.

સંવત ૧૬૨૪ માં અકબર બાદશાહે બીજી વખત ચીતોડનો કિલ્લો સર કરવાને માટે ભારે હલ્લા કર્યા હતાં. એ વખતે રાણો ઉદેસિંગ તો માત્ર નામનોજ નિર્વીર રાણો હતો, કહેવાય છે કે તે તો પોબારાજ ગણી ગયો હતો; છતાં વીરાધિવીર સરદારો પોતાની લીલાભૂમિ ચીતોડનું રક્ષણ કરવા પાછા પડયા નહીં; કેમકે ચીતો-

લીધે લડયાજ કર્યું. પણ દૈવની વિપરીતતાથી રાણીની આંખમાં એક તીક્ષ્ણ તીર આવીને ભોંકાયું; પરંતુ ધન્ય છે રાણીને કે તેણીએ તેજ તીરને તુરતજ આંખમાંથી ખીંચી કહાડી તે તીરનો ઘા શત્રુ સન્મુખ કર્યો. છતાં તે તીરના લોઢામાંનો કંઇક હિસ્સો આંખમાં રહી જવા પામ્યો હતો. એટલામાં તો એક બીજું તીર ગર્દનમાં આવી ભોંકાયું, તેને પણ રાણીએ ખીંચી કહાડયું; તથાપિ વેદના વધી પડતાં તે લોહીની અવિચ્છિન્ન ધારા વહેવાથી આંખ્યે અંધારાં આવ્યાં ને આયુષ્યની મર્યાદા નજીક આવી જાણી દરમ્યાન એક સ્વામીભક્ત સરદારે રાણીને વિનવ્યું કે–"જો આપની આજ્ઞા હોય તો આપને યુદ્ધભૂમિથી બહાર લઇ જાઉં!"

રાણી બોલી—"જો કે આ સમય શત્રુથી હારેલ છિયે; તો પણ મારી પ્રતિષ્ઠા મારાજ હાથમાં છે. સંસારમાં થોડા જીવનના નિમિત્ત રણમાંથી પીઠ બતાવી પાછા જવારૂપ અપયશની ગાંસડી બાંધવી દુરસ્ત નથી. અપકીર્ત્તિના જેવું બીજું એકે અપમાન કયું કહેવાય છે? જો તું મારો સાચો સ્વામીભક્ત હોય તો એ કામ ઉતાવળથી કર કે એક બરછી મારા કાળજામાં જોરથી ભોંકી પ્રાણને પરલોક તરફ પાઠવી દે કે જેથી હું આત્મઘાતના પાપથી બચી જઉં. એ કામ તારાથીજ થઇ શકે તેમ છે. લે જલ્દી કર. વિલંબ કરવાનો વખત નથી."

આ હૃદયભેદક વાણીને સાંભળી સરદાર આંસુ ગેરવવા લાગ્યો અને અત્યંત નમ્રતા પૂર્વક વિનવવા લાગ્યો કે–"મહારાજા! સ્વામિની! આ આપનો હાથી બહુજ શીઘ્રગામી છે, જો હુકમ આપો તો ઘણીજ જલ્દીથી રક્ષિત સ્થળે લઇ ચાલું."

રાણીએ જોયું કે–"શત્રુસેનાએ ચોમેરથી ઘેરી લીધેલ છે જેથી કદાચ પકડાઇ ન જાઉં તો ઠીક; કેમકે યવન મારા શરીરનો અંત સમય સ્પર્શ કરે તો મારા જીવન પર્યંતના સાચવેલા સતીત્વમાં તેટલો પણ પરપુરૂષના સ્પર્શનો અપવાદ આવી જાય. તેના સ્પર્શ થવા કરતાં તો મરવું એજ બહેતર છે!" એમ ધારી તુરત પોતાની કમરમાંથી બરછીને ખીંચી બળપૂર્વક છાતીમાં મારીને પવિત્ર પ્રાણને પવિત્રતા પૂર્ણ પ્રભુધામ માર્ગનો પ્રવાશી કર્યો.

* જ્યારે મુસલમાનોએ રૂમી ઇસાઇ બાદશાહ પાસેથી રૂમની રાજધાની છીનવી લીધી હતી ત્યારે તે બાદશાહે પણ શત્રુના હાથમાં

પકડાઇ પડવાની દેહસતથી પોતાના એક વ્હાલા સેવકને જે વચન કહ્યાં હતાં તે વચનો રાણી દુર્ગાવતીએ પોતાના સરદારને કહેલાં હતાં. પરંતુ તે સેવકે સ્વામીની આજ્ઞા માની સ્વામીને મારી પોતે પણ મરી ગયો હતો, અને આ સરદાર સ્વામીને ન મારતાં સ્વામીનીના મૃતક શરીરની ઉપર પોતાનું શરીર પણ ત્યાગી સયશનો ભાગી થયો. સંસારમાં અપ્રતિષ્ઠા થવાની અપેક્ષાએ તો મરવું એજ સર્વોત્કૃષ્ટ છે એવી પરંપરાને લીધે બેઉ જીવે તેમ કર્યું; પણ પીઠ બતાવી નહીં !

સ્ટીમેન સાહેબ લખે છે કે—" (જ્યાં તે વીરરાણી મરણ પામી) તે પર્વતમાં દુર્ગાવતીની પવિત્ર સમાધીના જોવાથીજ તેણી વીરાંગનાનું સ્મરણ થઇ આવે છે. જ્યાં તે યુદ્ધ થયું હતું ત્યાં પથ્થરના બે સ્તંભ ઉભા કરેલા છે તે રાણીની સમાધીની પાછળજ છે. લોકો કહે છે કે એ બે એનાં ઢોલ હતાં; પણ ઇશ્વરની અકળ લીલાથી હાલ તે પત્થર બની ગયેલ છે. વળી એવું પણ કહેવાય છે કે અરધી રાતના વખતે તેમનો ભયંકર શબ્દ વીરોની સમાધીના સમીપ થયાં કરે છે. જેઓ પ્રવાસી ત્યાં થઇને પંથ પસાર કરે છે તેઓ ત્યાં આદરપૂર્વક રાણી દુર્ગાવતીની સમાધીના ઉપર એ પહાડમાં થતા ચમકતા બિલોરી પત્થરના કકડા ચડાવે છે. જ્યારે મેં એ સમાધીને જોઈ ત્યારે મને રાણીની વીરતાનું સ્મરણ થઈ આવ્યું અને મારૂં ચિત્ત—હૈયું ભરાઈ ગયું. ત્યાંની રીતિ મુજબ મેં પણ એક બિલોરનો કકડો તે સમાધી ઉપર ચઢાવ્યો હતો અને તેણીના ગુણોનું વર્ણન કર્યું હતું."

વાંચનાર ! ખરી હકીકત ઉપર વિદેશી ગુણગ્રાહી ઇંગ્રેજોનું પણ ચિત્ત કેવું લીન થાય છે તે તરફ ધ્યાન આપો અને તમો તે દાખલા ઉપરથી પોતાના દેશના વીરરત્નોના ગુણાનુવાદને યાદમાં લાવી વીરતામાં લીન રહો !

ધર્મવીરસતી રૂપવંતી.

વિક્રમની સત્તરમી શતાબ્દીની અંદર માળવા પ્રદેશ પૈકી ઉજ્જયનથી પંચાવન માઇલને છેટે આવેલી કાળીનદિના કિનારા પર

વસેલ સારંગપુરમાં સતી રૂપવંતીનો જન્મ કમીન કુળમાં થયો હતો; છતાં સુસંગતી અને અંતરમાં રહેલા પૂર્વસંચિત સદ્‌ગુણી પ્રવાહને લીધે તે ગીત નૃત્યાદિથી ગુજર ચલાવનારી ગુણિકા હોઈ પ્રતિવ્રત ધર્મપરાયણતાને સ્વીકારેલ હતું. એ અનંતાનંત ધન્યવાદ રૂપ ગુણવડે તે રૂપવંતી વિશેષ રૂપવંત ન હતી; તથાપિ તેણીના ઉદાર ચરિત્રવડે અમર નામનાવંત નીવડી હતી, જેથી વાજબહાદુરે તે ગુણોથી મોહ પામી તેણીને પોતાની બેગમ્ બનાવી હતી. બિના એવી છે કેઃ—

તે વાજબહાદુર રૂપવંતીના ઉત્તમ ગુણી સ્વભાવને લીધે એટલો તો તેણીના પ્રેમ ઉપર લુબ્ધ હતો કે તેણીના વિના પળભર પણ જૂદો રહી શકતો ન હતો, અને તે બેઉના જોડી ગાઢપ્રેમી સારસની જોડીની પેઠે સાથેને સાથે રહેતી હતી. તથા રાજકાજ છોડી રૂપવંતીના આનંદવિલાસમાંજ ગરકે બની વાજબહાદુર સ્વજન્મને ધન્ય માનતો હતો. તેમજ તેણીને રહેવા માટે ખાસ મહેલ બંધાવ્યો હતો જેનું ખંડિયર હજુ લગણ પણ તે વાતનું સ્મરણ કરાવ્યા કરે છે. એ બેઉનાં સ્થૂળ શરીર ભિન્ન જણાતાં હતાં; પરંતુ સૂક્ષ્મ શરીર અભિન્ન હતાં; કેમકે નિષ્કપટ સત્ય પ્રેમ હતો ત્યાં પછી ભિન્નતા હોયજ ક્યાંથી ? ! રૂપ ગુણ અવસ્થા વ્યવસ્થા વગેરેમાં બેઉ સમાન હોય તો તેઓની દોસ્તી દીર્ઘસમય લગી જેવી ને તેવીજ યશાળી રહી શકે છે. તે બેઉ ગાવા બજાવવામાં કવિતા રચવામાં અને પ્રેમપોથી પઢવામાં પ્રવીણ હતાં જેથી યુગલ જોડી પ્રશંસનીય થઈ રહી હતી

દંપતિની દઢપ્રેમગ્રંથી જોડાયા પછી સાત વર્ષે એટલે કે સંવત ૧૬૧૬ માં અકબરશાહની વૃદ્ધિ પામેલી રાજતૃષ્ણાને લીધે કિંવા ભાગ્યદેવીની અદેખાઈને લીધે સરદાર અહમદખાં દિલ્લીથી લશ્કર સહિત સારંગપુર ઉપર ચડાઈ લઈ આવ્યો. એ જાણી વાજબહાદુરે તેની સ્હામે લડાઈ લેવા માટે પોતાનું લશ્કર એકઠું કર્યું; તથાપિ શત્રુસેનાની સ્હામે વાજબહાદુરના નહી જેવી સંખ્યાની સેના ટક્કર લેવા સમર્થ થઈ નહીં જેથી આખર રણભૂમિનો ત્યાગ કરી વાજ-બહાદુર સહિત પોતાના પ્રિયજનોનું કશું પણ રક્ષણ ન કરતાં તેને ગુપ્ત પ્રદેશનું શરણ લેવું પડ્યું. આમ થવાથી નહી જેવા પરિશ્રમ-વડે તે વિભાગ ખજાના વગેરે સહિત અહમદખાંને હાથ આવ્યો.

રૂપવંતીના સંબંધમાં ઇતિહાસકારોએ ભિન્ન ભિન્ન લેખ રજુ કરેલા છે; પણુ તે બધાની મતલબ મળતાપણુંજ ધરાવનારી છે. તથાપિ તેઓ બધા લેખો પૈકી ખફીખાંનો લેખ વિશેષ પ્રમાણુવંત હોવાથી તેને અત્ર માન આપવાની જરૂર છે. અને તેનું કથન એ છે કે:—

વાજબહાદુરે જ્યારે હારીને ગુપ્ત પ્રદેશનું શરણુ લીધું ત્યારે સતી રૂપવંતી અહમદખાંને હાથ સપડાઇ પડી. તેણીએ જોયું કે—"આ દુષ્ટ મારા કાલાવાલાં વગેરે કશાથી પણુ દયા લાવી મને જતી કરે તેમ નથી અને પત્થરસમાન કઠોર હૃદયમાં દયાનો અંશ ઉત્પન્ન થાય તેમ નથી. એ તો ઉલટો મુજ દુખિયારીને અનેક કલેશ આપીને સતાવે છે, અને યથાર્થ પ્રેમીનું એને જરા પણુ ભાન નથી; માટે એને લલચાવી લપટાવી મારા શીળરત્નને સાચવી લઉં." એમ ધારી જ્યારે કોઇ રીતે કશું ન માન્યું ત્યારે તેણીએ અહંમદખાંને છેવટે અતિકલેશિત અંતઃકરણુથી તેની દુષ્ટ ઇચ્છા પૂર્ણુ કરવાનું સ્વીકારી નિયતસમય પર આવવાનો વાયદો સાચવવા વિનવ્યું.

અહંમદખાં તેણીના રૂપ ગુણુ ઉપર ફિદા હતો જેથી તે વાયદાથી પોતાના જીવનને ધન્ય માનતો સુંદર વસ્ત્રાલંકાર સુગંધી યુક્ત બનીઠની હરસાપૂર્વક રૂપવંતીના મહેલમાં જવા તૈયાર થયો.

તેમજ રૂપવંતી પણુ બની ઠની મુખ ઉપર એક ઝીણો રૂમાલ ઓઢી પલંગ પર અંતિમ પ્રભુસ્મરણુ કરી અનંતનિદ્રામાં લીન થઇ હતી. એ વાતની દાસીને પણુ ખબર ન હોવાથી તે પણુ તેણીને અહંમદખાંની વાટ જોતી સૂતેલીજ માનતી હતી. થોડા વખતમાં મિયાં અહમદખાં મહાન્ પ્રસન્નતાપૂર્વક ઝુલતા ફૂલતા હસતા મનેચ્છા પૂર્ણુ કરવાના ઇરાદાએ ત્યાં આવી પહોંચ્યા. એથી દાસી, રૂપવંતીને જગાડવા માંડી; પરંતુ જે હમેશને માટે અચલ નિદ્રામાં ગર્ક થઈ હોય તે શી રીતે જાગૃત થાય ? ! જ્યારે દાસીના જગાડવાથી તે ન જાગી ત્યારે તેણીએ તેણીનું મ્હોં ઉઘાડીને નિહાળ્યું તો તે નિર્જીવ જણાઇ શરીર ઠંડું થઇ ગયું હતું એથી ઝેર ખાઇ આ દુનિયાને છેલ્લા સલામ કરી કૂચ મુસાફરીવંત બનેલી જાણી મિયાંસાહેબને અત્યંત ઉદાસી થતાં પરાણે પ્રીત કરવાથી થતી હાની તથા સત્ય પ્રેમીઓના સત્ય પ્રેમબંધનના નિયમોનું તે વખતે ભાન થયું; પણુ બાજી હાથથી ગયા પછી શું કામનું ? !

. વાજબહાદુર ઉપર રૂપવંતીનો સત્ય પ્રેમ હોવાથી તેનો વિયોગ

થતાં તેણીએ જીવનને કુર્બાન કર્યું; પણ પોતાના પતિવિના અન્ય પતિની સાથે અને તે પણ પતિના શત્રુની સાથે ઐશ્કમાં ચકચૂર થઈ જીવવું પસંદ કર્યું નહીં; કેમકે તે જીવન નિર્લજ્જતા–ધિ:કારતા નીચતા પૂર્ણ તેણીએ જાણ્યું હતું જેથી તે પતિના વિયોગે પ્રાણનો વિયોગ કરી અમરનામી થઇ સ્વર્ગમાં રહેવું સ્વીકાર્યું !

સતી રૂપવંતી અને મિશ્ર દેશની રાણી કલોપેટ્રાનોનો ઇતિહાસ ઘણા અંશે મળતો આવે છે; પરંતુ રૂપવંતીમાં એ વિશેષતા હતી કે પતિભક્તિ, સત્ સ્વભાવ અને સત્યતા અવર્ણનીય હતાં. યુનાન દેશની સ્ત્રી સૈફોથી રૂપવંતીની નિસ્સંદેહ પણે ઘણી ખરી રીતિ પ્રીતિ કૃતિ મળતી છે. એ બેઉ સ્ત્રીઓ બુદ્ધિમાં–કાવ્ય રચવામાં–પતિપર પ્રેમભાવ દર્શાવવામાં અને પતિના ઉપર તન મન ધન વારી દેવામાં સમાન હતી, એટલું જ નહીં પણ પતિવિયોગમાં પ્રાણ ત્યાગ કરવામાં પણ સમાન હતી. એમની કવિતાઓ આજ સુધી પ્રસિદ્ધ છે. રૂપવંતીની બનાવેલી રાગ રાગિણિયો માળવા પ્રાંતમાં વિશેષપણે ફેલાયલી છે. જો કે તે સંબંધી કોઇ સ્વતંત્ર ગ્રંથ જોવામાં આવતો નથી; તો પણ રાસધારી વગેરે રસિક લોકો રૂપવંતીનાં ગાયનો સંભળાવી શ્રોતાઓનાં ચિત્તરંજન કરે છે. તે ગાયનોની ભાષા શુદ્ધ માળવી છતાં પ્રેમરસથી ભરપૂર હોઇ અત્યંત હૃદયદ્રાવક છે. કહેવાય છે કે નીચેનો દોહરો રૂપવંતી છેલ્લી ઘડીએ કહી મરણને શરણ થઇ હતી.

તુમ બિન જિયરા રહત હત, માંગત હૈ સુખરાજ;
રૂપવંતી દુખિની ભઇ, બિના બહાદુરબાજ !

ધર્મવીર સતી સોનરાણી.

ઉક્ત સતિ શિરોમણિ ક્ષત્રીઆણી વિક્રમની સત્તરમી શતાબ્દીમાં જન્મી હતી; પરંતુ તે કોની પુત્રી હતી અને તેણીનું કયા ગામમાં જન્મસ્થળ હતું તે જાણવામાં આવ્યું નથી. માત્ર એટલું જ જાણવામાં આવ્યું છે કે તે બુંદીકોટાના હાડા રાજા ચાંપરાજજીની રાણી હતી અને તેણીના શીળરત્નની સત્ય પરીક્ષા અકબરશાહ ઝવેરીની હજૂર થઇ હતી તે નીચે મુજબ છે:—

અકબરશાહના અમલમાં દરેક રજવાડાઓને છ છ મહીના

લગી દિલ્લીના તખ્તની હજૂર હાજરી આપવી પડતી હતી, અને તે રાજ્યમંડળીજ પોતાના સભાસદ તરીકે નિર્માણ થતી હતી.

ચાંપરાજ હાડાની સ્ત્રી સોનદેવી મહા વિચારવંત, બુદ્ધિમતિ તથા સત્ય ધર્મપરાયણતા સાથ ધૈર્ય, સાહસ અને યુક્તિવંત હતી. તેમજ સતી સ્ત્રીઓને ઉદાહરણ લેવા રૂપ અથવા સ્ત્રી જાતિને એક શિક્ષા આપવાને શિક્ષકરૂપ હતી. તથા નૃત્ય ગાન કળા વગેરેમાં પણ તે નિપુણ હતી. તે દેવી પતિવ્રત પાળવામાં પણ તે તીવ્ર સંકલ્પવાળી હતી. પતિ વશ કરવાનું વશિકરણ મંત્ર પતિવ્રત વિના અન્ય એકે પણ સત્ય નથી એમ તેણીએ નિશ્ચય કર્યો હતો અને તેણીએ સ્ત્રી શિક્ષાનો ઉત્તમ અભ્યાસ કર્યો હતો. પોતાના ઉત્તમ રૂપ ગુણો રૂપી વશ્યપ્રયોગથી પતિને વશ કરી લીધેલ હતો, એથી તે દંપતિ વચ્ચે સ્નેહરજ્જુની ગ્રંથી મજબૂત બંધાયલી હતી. એ સબબના લીધે તે બેઉ એક બીજાથી જૂદાં પડયે વિયોગ સહન થઇ શકવા સમર્થ ન હતાં. તો પણ બાદશાહની તહેનાતમાં ગયા વિના તો ચાલે તેમજ ન હતું, એથી પોતાની વારી આવ્યે દિલ્લી હાજર થવાનો ચાંપરાજને હુકમ મળ્યો.

હુકમ મળવાથી બેઉના જીવને ઘણોજ ખેદ થયો; પણ જ્યાં અન્ય ઇલાજ નહીં ત્યાં પછી લાચાર. એથીએક બીજાના હૃદયમાં વ્યાકુળતા વધી પડી અને દેવીને છેવટ નિરૂપાયે રૂમાલ તથા કટારી એ વસ્તુ દર્શનરૂપ આપી ચાંપરાજે દિલ્લીનો માર્ગ લીધો.

પતિના પધાર્યા પછી પતિયે આપેલી બેઉ ચીજો હરદમ પાસેજ રાખી સોનદેવી હારલ પક્ષીના જીવન જડીરૂપ લાકડાના કકડાની પેઠે પોતાનો પ્રાણાધાર સમજવા લાગી; કેમકે તે બેઉ વસ્તુ ચાંપરાજને વિશેષ પ્રિય હોવાથી તેના પ્રેમના રજકણોથી તે બન્ને વસ્તુઓ ભરપૂર હોવાને લીધે સોનરાણીને સજાતીય પ્રાણ સંબંધી પોષણ મળવું ચાલુ રહેતું હતું.

પતિના વિયોગ સમય તેણીએ માત્ર સાદાં સ્વેત વસ્ત્ર પરિધાન કર્યાં. સૂક્ષ્મશૃંગાર ધારણ કર્યાં. પ્રાણસ્થિર રાખવાને માટે કિંચિત્ ભોજન (નિરસ) વસ્તુનો ઉપયોગ કરવો શરૂ રાખ્યો હતો અને સખીવર્ગ સાથે પણ ઘણીજ થોડી વાતચીત કરવી યોગ્ય માની હતી. મતલબમાં વિષય વાસનાને વધારનાર તમામ પદાર્થનો ત્યાગ કરી તેણીએ સાત્વિક પદાર્થોપરજ નિર્વાહ કરવા માંડયો અને પતિની

છબીનું પૂજન કર્યા પછીજ અન્ન જળ લઇ શિવાયનો વખત માત્ર વૈરાગ્યવૃત્તિ–ઉદાસીન દશામાંજ ગુજારી લેવો મુકરર કર્યો હતો, તેમજ રાજકાજનાં પણ કેટલાંક કામો પોતાની સત્તામાં રાખી રૈયતને સુખશાંતિ મળવામાં ધ્યાન આપ્યું હતું; જેથી પ્રધાન પણ તેણીનીજ સમ્મતી લઇ સઘળો વ્યવહાર ચલાવતો હતો.

એક દિવસ દિલ્હીની અંદર અકબરશાહની સભામાં પાદશાહે રાજ્યમંડળીને પૂછ્યું કે આપણી સભામાં બેઠેલા રાજા–રાણા–રજપૂત–અમીર ઉમરાવ અને સરદારોમાંથી કોઇના ઘરમાં પતિવ્રતા સ્ત્રી છે ? જો હોય તો જાહેર કરો; પરંતુ તે વાતની સાબેતી કરી દેવી પડશે. માટે જેને પોતાની સ્ત્રીના સદાચાર સંબંધી પૂર્ણ વિશ્વાસ હોય તોજ જાહેર થજો."

આવો પ્રશ્ન કર્યા છતાં થોડો વખત વીતી ગયો તથાપિ કોઇ કંઇ બોલ્યું નહી, જેથી શાહે કહ્યું–" બધા સભાસદોને મૌન ધારણ કરેલા જોઇ સ્પષ્ટપણે અનુમાન થાય છે કે–કોઇને પોતાની સ્ત્રીના સદાચારની ખાત્રી નથી. આના લીધે હું બહુજ દિલગીર છું કે આટલા બધા સરદારોમાં કોઇના ઘરમાં કોઈ સતી સ્ત્રી નથી ! ? શું હિંદુ મુસલમાન તમામ અપવિત્ર થઈ ગયા છે ! ! "

બાદશાહનાં આવાં વચન સાંભળી બુંદીકોટાનો ચાંપરાજ હાડો ક્રુધિત થઇ ઉભો થયો અને અદબ પૂર્વક કહેવા લાગ્યો કે–" જહાંપનાહ ! આપને એમ કદિ વિચાર લાવવાનો નથી કે ન બોલવાથી બધાના ઘરમાં અસતીઓ છે. હજુ લગી સ્ત્રીઓમાં તેવો અનાચાર–અંધકાર પ્રવૃત્ત થયેલ નથી. તેવી નામોશી વાળી વધૂ–પૂત્રી–માતા–ભગિની–આદિને તુરત તરવારનેજ તાબે કરવાનો રિવાજ છે."

ચાંપરાજનાં આવાં વચન સાંભળતાંજ ખુદ બાદશાહ તથા અન્ય સભાસદ અમીર ઉમરાવ વગેરે તમામ વિસ્મયતા સાથ સંકોચને સ્વાધીન થયા. દરમ્યાન ઈર્ષ્યાગ્નિનાં જવલંત વેગદાર શેરબેગે ઉઠી નામદારને અરજ કરી કે–" હજૂર સલામત ! પરીક્ષા કર્યા વિના સોનું ને પીતળ સમાન જ જણાય છે માટે જ્યાં લગી કસોટી થવાનો સમય ન આવે ત્યાં લગી તો દરેક સ્ત્રી સતીજ છે. જ્યારે કસોટી થતાં સો ટચનું સોનું નિકળે ત્યારે માલમ પડે કે આ કંચન છે. જેમ સોનાની પરીક્ષા નવસાદર ખાર અને સોનાગેરૂજ કરી

શકે છે, તેમ સતીપણાની પરીક્ષા વ્યભિચારી અને કષ્ટ એ બેજ કરી શકે છે. માટે હું તો હાડાજીના વચનની જાતેજ ખાત્રી કરવા માગું છું."

શેરબેગની વાત સાંભળી બાદશાહ ફરમાવ્યા—"શેરબેગ ! તમે આ વાત કહી બુંદીકોટાના મહારાજની પ્રતિષ્ઠા ઉપર હુમલો કર્યો છે તથા અપમાન પણ કર્યું છે. એ માટે કદિ જો એવું સાબિત ન કરી શકશો કે હાડાજીની સ્ત્રી સતી નથી તો તમારૂં માથું ધડથી જુદું કરવામાં આવશે." આવું નીતિભરિત શાહનું કથન સાંભળી અન્ય સકળ સભાસદોએ ઝિલ્લેઆલમને ધન્યવાદ આપ્યા.

શેરબેગ બોલ્યો કે—"જો હું એવું સાબિત કરી આપું કે એમની સ્ત્રી અસતી છે તો એ પોતાનું માથું હજૂરને સ્વાધીન કરશે?"

આ વાકય સાંભળતાંજ ચાંપરાજે તુરત એ વાત સ્વીકારી લીધી. એથી સરદાર શેરબેગે બાદશાહને પ્રાર્થના કરી ચાંપરાજને ક્યાંય ખસવા ન દેવાની બંધી કરાવી પોતે બુંદીકોટાની તરફ રવાના થયો, અને થોડાજ દિવસોમાં તે બુંદીકોટે પહોંચી ત્યાં છળ પ્રપંચની સતરંજ રમવા લાગ્યો. કોકશાસ્ત્રમાં કોકદેવે જે દૂતિ વર્ણવી છે તે ધ્યાન લઇ પોતાની પ્રપંચ રચનાને સફળ કરવા લાગ્યો. એટલે કે—હજામડી, દરજણ, માલણ, અતીતાણી, ધોબણ, કુંભારણ, ગોલણ, મહીયારણ, નાચનારી, બુઠ્ઠી અને દાસી એ બધીઓ સંદેશા લઇ જવા લાવવામાં અને બીજાના ઘરમાં વગર હરકતે પેશી બુરો કે સારો સ્વાર્થ સાધવામાં હુંશિયાર હોય છે. એથી શેરબેગે એક માલણને ધનથી અને અન્ય લાલચો વડે લલચાવી તેણીને પોતાની વિચારણા પાર પાડવાની ભલામણ કરી.

માલણ પણ પોતાની ચાલાકી વડે પુષ્પરચિત પદાર્થો લઇ સોનદેવી હજૂર પહોંચી અને દાણો ચાંપી જોયો; પરંતુ કોઇ રીતે દાળ ગળે તેમ ન લાગવાથી તેણીએ રાણી સોનદેવીની ફૂઇજીનો ઠાઠ રચી શેરબેગના નોકર ચાકર વાહન સહિત રાત્રે શહેર બ્હારના બગીચામાં ઉતારો લીધો અને પ્રાતઃકાળે સોનરાણીને કહાવ્યું કે—"ચાંપરાજ દિલ્લી પધાર્યા છે એવા મને સમાચાર ન મળવાથી હું અહીં આવી હતી; પરંતુ હવે તે રાજધાનીમાં નથી એથી પાછી ચાલી જઉં છું. તે આવે ત્યારે મારો સંદેશો કહેજો કે તમારી ફૂઇ આવ્યાં હતાં."

જ્યારે સોનદેવીને આ પ્રમાણે સમાચાર મળ્યા ત્યારે તે વિચારવા લાગી કે-"મારે ફઇજી તો છે જ નહીં; છતાં આ ફઇજીની સગાઇ શી રીતે નીકળી છે ! તેમ કોઇ બીજા સંબંધીના મ્હોંએથી પણ મારે ફઇજી છે એવું સાંભળવામાં પણ આવ્યું નથી. હોય, કદિ કોઇ દૂરની સગાઇના નાતાથી ફઇજી થતાં હશે ! તો પણ તેમનો સત્કાર તો કરવો જ યોગ્ય છે. તેમ ન કરવામાં આવે ને કદાચ સગાઇ નિકળે તો મારી અસભ્યતા ગણાય; માટે સત્કાર વાસ્તે તાકીદે પ્રબંધ કરવો ઘટે છે."

આ પ્રમાણે નિશ્ચય કરી દાસી મારફત અધિકારીને બોલાવી ફઇજીને સન્માનપૂર્વક મહેલમાં લાવવા આજ્ઞા આપી સોનદેવી અન્ય પ્રબંધમાં જોડાઇ. કર્મચારિયે વાહન દાસ દાસી વગેરેના ઠાઠવડે ફઇબાનું સન્માન જાળવી તેમને આદરપૂર્વક શહેરમાં લાવ્યાં.

ફઇબા તો ઘણાજ અગત્યના કામને લીધે થોડોજ વખત રોકાવાની વિચારણા શરૂવાતથીજ અમલમાં લાવવાની રચના જાહેરમાં લાવ્યાં હતાં જેથી જૂદા મહેલમાં ઉતારો લેવાની જરૂર ન જણાતાં શુદ્ધાંત:કરણવાળી સોનબાઇ રાજમહેલની દેવડી લગી સ્હામે જઈ અત્યાગ્રહ પૂર્વક પોતાના મહેલમાં લાવવાની પ્રસન્નતા બતાવી ફઇજીને આનંદિત કરવા ઉત્સુક થઇ. ફઇજીને તો 'ભાવતું હતું ને વૈદે કહ્યું-' એટલે પછી બાકી શી રહી ? જેનું કામ તેનેજ ત્યાં મુકામ એટલે પછી તમામ હામ પૂર્ણ થવાનો લાગ મળ્યો જેથી આનંદનો પાર રહ્યો નહીં; તથાપિ ત્રણ દિવસ જ રહેવાની ખુશી જણાવી-તેણીએ રાજરીતિ મુજબ વર્ત્તન અમલમાં આણ્યું.

સોનદેવીએ રાજવળાની રીતિમાં ખામી ન હોવાથી 'આ આપણાં સગાં તો હશેજ' એમ માની લીધું. કેમકે ભલાં મનુષ્યો 'આપ એવોજ સંસાર સમજે છે' એથી તેણી સતી પુનીતાને તો આખું જગત પુનીતજનભરિત ભાસતું હતું. એ સબબના લીધે ફઇજીની સારી પેઠે મહેમાનગતિ કરી વિશેષ દિવસ રહેવાને આગ્રહ કર્યો; પરંતુ તેણીએ તે વખતે વિશેષ ન રહેવાનાં કારણો બતાવી હવે પછી મારા ભત્રીજાના આવ્યા પછી ફરી અવશ્ય આવીશ એવું વચન આપ્યું. આમ હોવાથી મહેલના સર્વ ભાગની રચના બતાવી તથા તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરવામાં મન દીધું.

બીજે દિવસે જળવિહારની રચના રચવામાં આવી હતી તે

સ્થળે કૃદ્દજી અને ભત્રીજાવહૂ જઈ ચડ્યાં અને તેને જોતાંજ કૃદ્દજીએ તે જળકુંડમાં સ્ત્રીઓના રિવાજ મુજબ વસ્ત્રરહિત ન્હાવાની ઇચ્છા જાહેર કરી તથા પોતાની સાથે તેવીજ સ્થિતિમાં ન્હાવાનો સોનદેવીને પણ અતિ આગ્રહ કર્યો.

પતિના વિયોગ સમય તેવા કુંડમાં નગ્નસ્થિતિથી ન્હાઇ આનંદ મેળવવો અનુચિત છે વગેરે સતીધર્મપ્રણાલિકા જાળવવાની સોનદેવીએ પ્રાર્થના કરી; પરંતુ સતીધર્મ તરફ અસતી ધર્મપરાયણ કુટની શાનું ધ્યાન આપે? તેણીની તો તેમ કરવામાં એજ પૉલીશી હતી કે તેવી સ્થિતિમાં સોનદેવીના ગુપ્ત અંગોપાંગમાં તિલ મસ લાખવા વગેરેનું જે કંઈ ચિન્હ હોય તે જોઇ લેવાની ખાયસ હતી. એથી તેણીએ તે જિદ્દ મૂકી નહીં; છતાં સોનદેવીએ ના કહી કે તરત મ્હોં ચડાવી ચાલતી થવા લાગી. એ જોઇ કરેલી સેવાભક્તિપર પાણી ફરવા જેવું જણાતાં સોનદેવીએ કહ્યું કે–" આપ ગુસ્સે થઇ રીસાઇ જાઓ માં, હું ન્હાઉં છું; પરંતુ બેઅદબી માફ કરશો કે હું નિર્વસ્ત્ર નહીં પણ મહીન વસ્ત્ર પહેરીને ન્હાઇશ." એ સાંભળી તેણીએ પણ તેમજ કર્યું અને બેઉ જણી બારીક વસ્ત્ર પહેરી જળસ્નાન કર્યું. તેમજ મહીન વસ્ત્ર યુક્ત ન્હાઇને બ્હાર આવ્યા બાદ બદમાશ કૃદ્દજીએ ગુપ્ત અંગોપાંગનાં જાણવા–જોવા જોગ જે ચિન્હો હતાં તે જાણી–જોઈ લીધાં. પશ્ચાત્ ભોજન જમી આનંદ પૂર્વક દિવસ વ્યતીત કર્યો.

ત્રીજે દિવસે જ્યારે જવાની તૈયારી કરી ત્યારે સતી પાસેથી પતિની પ્રેમભેટ રૂપ રૂમાલ અને કટાર માટે કૃદ્દજીએ માંગણી કરી; પણ તે પ્રાણાધાર ચીજો આપવાની ના પાડી કે તુરત તેણી ગુસ્સો લાવી ચાલવા લાગી. એ જોઇ પવિત્ર મનની મહાસતીએ તેણીની નારાજી દૂર થવા તે ચીજો આપવાની પણ કબૂલત આપી, અને તે બેઉ ચીજો કપટી કૃદ્દજીના સ્વાધીન કરી; એટલે તે આશીષ દેતી દેતી રવાના થઇ પંથે પડી, અને શેરબેગને મળી અંગોપાંગનાં ગુપ્ત ચિન્હ, રૂમાલ, કટાર વગેરે પ્રાપ્ત થવાની હકીકત કહી બેઉ ચીજો સ્વાધીન કરી ઉત્તમ નિવાજશ પૂર્વક માલણ વિદાય થઇ.

આ પ્રમાણે ધારેલી કપટધારણા પાર પડતાં શેરબેગના હૃદયમાંથી આનંદ ઉભરાઇ ચાલ્યો અને હસતો મલકાતો મૌજ કરતો

દિલ્લી ભણી વિદાય થયો, તથા તાકીદે ચાંદની ચોકવાળા દિલ્લી શહેરમાં પહોંચી આનંદરંગમાં રંગાયો.

બીજે દિવસે તે અકબરશાહના દરબારમાં ગયો અને જેમ મિ. કોલંબસે જે પ્રસન્નતાથી અમેરિકાની શોધ મેળવી ત્યાંની અમૂલ્ય ચીજો હાથ કરી પોતાના મહારાજાની હજુર ભેટરૂપ રજુ કરી હતી, તેમ કટાર ને રૂમાલ રજુ કરી તમામ દરબારિયો અને રાજા મહારાજાઓની તરફ મુંછો પર તાર દઇ શેરબેગે જોવા માંડયું.

અકબરશાહે બેઉ ચીજો નિહાળી શેરબેગ મિયાંને પ્રશ્ન કર્યો કે—" કેમ મિયાં ! આ શું છે ? "

મિયાં બોલ્યા—" હજૂર ! એ ચાંપરાજ હાડાજીએ દિલ્લી આવતી વખત જે પોતાની સ્ત્રીને બે નિશાની રૂપ આપી હતી તે ચીજો તેણીએ મારા ઉપર ખાસ મહેરબાની રૂપે મહોબતની નિશાનીમાં મને ઇનાયત કરી છે તો હાડાજીને પુછતાં માલુમ પડશે કે એ ચીજો કોની છે ? "

શાહે શાંત ચિત્તથી હાડાજી પ્રત્યે પૂછયું—" કેમ હાડાજી ! આ ચીજો આપની છે ? શું શેરબેગનું કહેવું બરોબર છે ? "

હાડાજીએ કહ્યું—" જી જહાંપનાહ ! આ બેઉ ચીજો તો મારી જ છે ! એમાં જરા સંદેહ નથી; પરંતુ કયાં નથી થઇ શકતું કે ચોરી યા કપટથી આ ચીજો હાથ કરી ન શકાય ! "

એટલું સાંભળતાંજ શેરબેગ રાતો પીળો થઇ બોલ્યો—" હજૂર ! એ પોતાની એબ છુપાવવાની ખાતર ચોર અને દગાબાજ બનાવે છે. ચુપ રહેવાની જ જરૂર છે; છતાં બકબકાટ કરવો એ નકામો છે. જો એ મિજાજ રાખે છે તો લાચારીથી આ સ્થળે બેશર્મ થઇ હું જાહેર કરૂં છું કે—એમની સ્ત્રીના ડાબા સાથળ ઉપર મોટું કાળું લાખવું છે. હવે આપ નામદાર જ ઇન્સાફ કરો કે મેં ચાંપરાજજીની સ્ત્રીને બેહુર્મત કરેલ છે કે નહીં ! "

ચાંપરાજ આ વાત સાંભળતાંજ લજ્જિત થઇ ગયો, એ જોઇ શેરબેગને આગળ બોલતો અટકાવી શાહે ચાંપરાજની તરફ પ્રતિજ્ઞા પૂર્ણ કરવાની નિગાહ સાથ જોઇ કહ્યું—"કેમ ઠાકોર સાહેબ ! પ્રતિજ્ઞા માટે શું વિચાર છે ? "

ચાંપરાજ ખરો ક્ષત્રી પુત્ર હતો જેથી પ્રતિજ્ઞા ભંગ કરે તેવો

હતો જ નહીં, જેથી તુરત પ્રતિજ્ઞા પાળવા તૈયાર થયો; પરંતુ એવી નીચ સ્ત્રીને યોગ્ય શિક્ષા દેવાની જરૂર હોવાને લીધે સ્વદેશ જવાની વિચારણાને પૂર્ણ થવા હાદાજીએ કંઇક મુદ્દતની મહેતલ માગી.

પ્રતિસ્પર્દ્ધિએ જાહેર કર્યું કે–" એ નાસી છુટવા માંગે છે માટે જવું હોય તો ભલે જાય; પણ એમના બદલામાં કોઇ બીજો માથું આપવાની જમાનત આપે તો જવાની રજા આપવી યોગ્ય છે."

ચાંપરાજે એક મહીનાની મહેતલ માંગી કહ્યું કે–" જો હું મુદત સર નહીં આવીશ તો નામદારના ચોરને પૃથિવી પણ સંગ્રહવાની નથી; માટે વિશ્વાસ રાખી રજા આપવી ઘટે છે. હું મરવાથી બીહું તેવો કાયર રજપૂત નથી."

આમ કહ્યું છતાં તે વાત કબુલ થઈ નહીં. એ જોઇ ચાંપરાજનો સત્ય મિત્ર પહાડસિંહ સરદાર તૈયાર થઈ શાહનશાહને વિનતી કરવા લાગ્યો કે–" પરવરદગાર ! જો ચાંપરાજજી મુદત સર હાજર ન થાય તો એમના માથાના બદલામાં મારૂં માથું જામીનીમાં હાજર રહેશે." આ પ્રમાણે જામીનદાર મળતાં ચાંપરાજને સ્વવતન જવાની છૂટી મળી, અને મિત્રનો ઉપકાર-આભાર માની ચાંપરાજ બુંદી ભણી રવાના થયો.

જે દિવસે ચાંપરાજ બુંદી પહોંચ્યો તે દિવસે તેની જન્મગાંઠ હતી તેથી સોનરાણી પતિની વર્ષગાંઠનો ઉત્સવ માની ઉત્તમ ઉપચાર યુક્ત પૂજન કરતી હતી. દરમ્યાન ચાંપરાજ અચાનક તેણીની સ્હામે આવી લાલ નેત્ર કરી કઠોર વચનપ્રહાર સહિત આપેલ રૂમાલ તે કટાર માગવા લાગ્યો. એ જોઈ રાણી પવનઝપટથી થરથરતા પીંપળ પત્રની પેઠે ધ્રુજવા લાગી અને હાથ જોડી બોલી કે–

" જેસલમેરથી આપનાં ફઈ પધાર્યાં હતાં તે અત્યંત આગ્રહ કરી પોતાના પુત્ર માટે તે બેઉ ચીજ લઇ ગયાં છે."

આવું સાંભળતાંજ ચાંપરાજ અત્યંત ક્રોધાવેશમાં આવી કહેવા લાગ્યો કે–" દુષ્ટા ! અધમ નારી ! શું બ્હાનાં બતાવે છે ? તું નથી જાણતી કે મારાં ફઇ તો કેટલાંએ વર્ષથી ગુજરી ગયેલાં છે ? નીચ વ્યભિચારિણી ! શું બનાવટ કરીને ઉત્તર આપે છે ? મેં તારા સત્યની ખાતર વિશ્વાસપૂર્વક દિલ્હીની કચેરીમાં માથું આપવાની પ્રતિજ્ઞા કરી તેનું આ ફળ મળ્યું ? તને અને તારી માતા આદિને

ધિ:કાર છે! તું સ્ત્રી જાતી અબળા છે એથી જીવતી જવા દઉં છું નહીં તો હાલને હાલ બેહાલ સાથ તારા ટુકડે ટુકડા કરી દેત!"

બસ આટલું જ બોલી ઉત્તર સાંભળ્યા વિનાજ ચાંપરાજ ત્યાંથી ચાલતો થયો, એથી સોનરાણી મૂર્છાને વશ થઇ ધરણી પર ઢળી પડી કે દાસિયોએ શીતળ ઉપચારવડે તેણીને મૂર્છા રહિત કરી.

શુદ્ધિમાં આવતાં સોનદેવી ધીરજ સાથે શોચવા લાગી કે-"કદાચ કપટરચના વડે એ કામ થયું હશે! હશે ગમે તે હો; પરંતુ પ્રથમ પ્રાણનાથના પ્રાણ બચે તેવી તજવીજ કરવાની ઘણી જરૂર છે. પણ તે માટે કયો ઉપાય તુરત ફળદાયક છે?" વગેરે વગેરે શોચતાં એ નિશ્ચયપર આવી કે-"ફક્ત બે ચાર દાસીઓ સહિત તાકીદે દિલ્લી જવું, અહીં કોઇને કંઇ ખબર પાડવી નહી. ત્યાં ગયા પછી જે ઉપાય તાત્કાળિક સિદ્ધિદાતા જણાશે તે ઉપયોગમાં લેવાશે." આ નિશ્ચય સહિત ચુપચાપ દાસિયો સહિત તેણીએ દિલ્લીનો માર્ગ લીધો, અને નાથના પહોંચતાં અગાઉ સાંઢણી મારફત દિલ્લી પહોંચી એક ખાનદાન હિંદુ ઉમરાવને ત્યાં મુકામ કર્યો.

ચાંપરાજના આવ્યાની મુદત વીતી જવાથી જામીનદાર પાહાડસિંહને ફાંસીએ લટકાવાની તૈયારી કરવાની આજ્ઞા થઇ ચુકી હતી, અને તે વાત પણ દિલ્લીમાં ફેલાઇ ગઈ હતી કે-'આવતી કાલે ચાંપરાજના જામીનદાર પહાડસિંહને ચાંપરાજના ન આવી પહોચવાને લીધે ફાંસી દેવામાં આવનાર છે.' પાહાડસિંહ પણ મિત્રના માટે પોતાનું મસ્તક બદલામાં આપી ક્ષણભંગુર જગતમાં અમર નામના મેળવવામાં કટિબદ્ધ હતો. અને કર્યું પણ તેમજ.

પ્રાતઃકાળે ઇષ્ટદેવનું પૂજન કરી મિત્રાદિને મળી મૌજમજાની સાથે સુંદર વેશ સહિત ફાંસીને માંચડે ચડયો અને પ્રભુસ્મરણ કર્યા બાદ સર્વને નમન કરી મિત્રતાનું ઉત્તમોત્તમ ઉદાહરણ આપવા રેશમની મીણપાયેલી દોરી પણ ગળામાં આરોપણ કરી દીધી. દરમ્યાન દોડતે ઘોડે એક રજપૂતે આવી પહોચી દૂરથી 'સબૂર ફાંસી ન આપશો' એવો અવાજ આપ્યો. એથી પહાડસિંહની જે ઉદાહરણ આપવાની આશા હતી તે નિરાશાને ભેટી પડી; કેમકે તે સ્વાર ખુદ ચાંપરાજ જ હતો, અને ચાંપરાજ આવી પહોંચવાથી પહાડસિંહને માંચડાપરથી નીચે ઉતાર્યો. પાહાડસિંહના ચરણોમાં ચાંપરાજે નમન કર્યું અને વિલંબ થયાને માટે ક્ષમા માંગી.

ચાંપરાજના આવી પહોંચ્યાથી દિલ્લીપતિ પણ પ્રસન્ન થયા અને તેના ક્ષત્રીયપણાની સત્યતા ઉપર ખુશી બતાવી થોડો સમય ફાંસી ન ચડાવાની વિચારણા જણાવી આનંદ પામ્યા.

'अणी चूक्युं सो वर्ष जीवे' ए कहेवत प्रमाणे चांपराजने फळ मळ्युं एटले के सोनदेवीए मूळथी कचेरीमां शुं वात थइ, चांपराजे शुं प्रतिज्ञानुं बंधन व्होर्युं अने सती सोनने कोणे असतीनुं आळ अपाव्युं वगेरे वगेरे बाबतथी वाकेफ थइ ए विचार निश्चय साथ अमलमां आण्यो अने जे अमीरने त्यां तेणीए उतारो लीधो हतो तेने एवी अरज करी के–"हुं चांपराज हाडाजीनी गानारी छुं. सरकारे तेमने फांसी देवानी आज्ञा करेली छे तेथी दिल्ली दर्बारमां एक दिवस गायन नृत्य करी बतावा इच्छुं छुं माटे बादशाह हजूरथी मने ते परवानगी मेळवी आपवा तस्दी लेवी योग्य छे."

अमीरे ते वात स्वीकारी, अने नामदार जहांपनाहने ते अर्ज रोशन करी एटले शाहे तेम करवानी परवानगी आपी, एथी सोनदेवी प्रसन्न थइ.

नियम प्रमाणे सभा भरवामां आवतां सोनदेवी गायकनो साज सजी दासीओ साथ दरबारमां पहोंची मुजरो करी हुकम मळतां गान तान नृत्यादि करवा लागी. चांपराजे तेने ओळखी अने तेने गुस्सो पण एटलो बधो आव्यो के जो बीजुं स्थळ होत तो जानथी मारी नाखत; परंतु शाहना दरबारमां शुं करे तेम हतुं. गुस्सो आववानुं कारण तो एज के मारी इज्जत गुमावी प्राण गुमाववानुं निदान थइ, छतां बेशरम बनी दरबारमां नाचवा आवी छे ए अंतमां मने नामोशीनी अंदर उमेरो करवानो ज प्रकार छे.

प्रथम कहेवामां आवी गयुं छे के सोनदेवी गायन नृत्य कळामां सारी पेठे निपुण हती, माटे अहीं एटलुं ज कहेवानी जरूर छे के तेणीए सभा समक्ष एवा एवा रागोना आलापो तान पलटा साथ छेडया के जेथी सभाने चित्रवत् बनावी दीधी हती. एक तो मनहर रूपवंत –खानदान कुळनी–गुणवंत–सुकंठी अने रंभा–उर्वशीनुं पण मान टाळे तेवी नमूनेदार नवयौवना हती; छतां वळी गायन नृत्यादिकळामां प्रवीण, त्यां पछी बादशाहनुं ने अन्य प्रेक्षकोनुं चित्त तेणीना रूप गुणमां आसक्त थाय तो तेमां नवाइ पण शी? शाह जे जोइए ते आपवा तैयार थया.

तान पूर्ण थया पछी बादशाहनी प्रसन्नता तेणीना मुख उपर जे प्रकाश नाखती हती तेने प्राप्त करी छोटीबांजी (सोनराणी)

મૃદુ ને મધુર વચન યુક્ત મર્યાદા સહ વિનવવા લાગી કે-" નેકનામ-મદાર આલમપનાહ! આપ બક્ષીસ આપવા પ્રસન્ન છો તો એજ ઈચ્છું છું કે આ દરબારમાં મિર્જા શેરબેગજી જે હાજર છે તે એક વખત મારા મહારાજની રાજધાનીમાં પધાર્યા હતા અને મારે ત્યાં રહ્યા હતા, તેમજ મારી સાથે સુખ પૂર્વક આનંદ મેળવ્યો હતો. તેના બદલામાં એમણે મને અરધા રૂપિયા આપ્યા છે અને બાકીના અરધા આપ્યા વગર અહીં આવતા રહ્યા છે, તો તે બાકીના રૂપિયા અપાવી દેવા પરવર્શી કરશોજી."

આ વાત સાંભળતાં જ મિયાં શેરબેગના તો હોશ જ ઉડી ગયા અને ગુસ્સા ભરેલા વિચારથી બોલ્યો કે-" આ જે કહે છે તે બધી વાત ખોટી છે. હું એ વાતમાં કશું જાણતો નથી."

નાયકાએ કહ્યું-" જરા ખુદાનો ડર રાખી દરબારમાં બોલવું વ્યાજબી છે."

શેરબેગ બોલ્યો-" પણ કયે કમબખતે તમારૂં મ્હોં પણ જોયું છે? તમારી ને મારી મુલાકાત જ ક્યાં થઇ છે! પ્રથમ એક બીજાને ઓળખાણ જ નથી તો પછી મિલાપ કે પ્રેમબંધનની વાતજ શી?"

ગાનારી બોલી-" વાહ મિયાંજી વાહ! આવી આપની ભલમનસાઇ! હવે આપ શા માટે ઓળખો! કેમકે ઓળખાણુ રાખો તો ઘરના છાપરાનું છાજ પણ પારકું થઇ પડે. ખેર, હવે દામ આપવા ગળચવાં ગણ્યે દહાડો નહીં વળે. જ્યારે આવું કરવું હતું ત્યારે મારે ત્યાં શા માટે આવ્યા હતા! માટે બધી ચાલાકી ને પાજીપણું છોડી પૈસા ગણી આપો."

આ પ્રમાણે વાત સાંભળતાં બાદશાહને પણ ખાત્રી થઇ ગઇ કે-' આની બદદાનત છે.' એમ માની શેરબેગને શાહે ધમધમાવ્યા. એથી મિયાં સાહેબ હદપાર ધભરાયા અને કુરાનેશરીફ ઉપાડી સોગંદ ખાવા તૈયાર થઇ ગયા એટલે તે વાત નૃત્યકીએ સ્વીકારી લીધી. તથા તે બોલી કે—

" જો શેરબેગ મિયાં સભાસમક્ષ કુરાનેશરીફ ઉપાડી કસમ ખાય કે-' હું આ સ્ત્રીને ઓળખતો નથી, તથા એણીનું મ્હોં સુધાં પણ મેં જોયું નથી અને એની મુલાકાતથી બિલકુલ અજાણ છું તો હું મારા પૈસા ઝૂલ કરી દઉં."

વાતનો ભેદ ન સમજતાં મિર્ઝા સાહેબે તુરત તેમજ કર્યું. એટલે તુરત સોનરાણીએ મ્હોં ફેરવી દાસી પાસેથી અંતરપટ લઇ મ્હોં પર નાખી કુલીન સ્ત્રીની પેઠે ઉભી રહી શાહને આશીશ આપી.

આ દેખાવ દેખતાંજ રાજસભા અત્યંત વિસ્મિત થઇ. તે સતી સુંદરીએ મુક્ત કંઠથી પોતાના આવવાનો તથા નૃત્યગાયન કરી શેરબેગની ખાત્રી સંબંધીનો તમામ વૃત્તાન્ત સર્વ સમક્ષ સંભળાવ્યો, એથી સર્વનાં ચિત્ત પ્રસન્નતા પામ્યાં. માત્ર શેરબેગના પ્રાણ ઉડી જવાની તક શોધતા હતા; કેમકે કસોટી કસતાં સોનેરી ઝલક વાળા પીતળની પરીક્ષા થઇ ગઇ. સોનું પીતળ સમાન પીળાં છતાં કસોટીએ પીતળ શી રીતે ટકી શકે ? ! આમ થતાં સોના પીતળની પારખ પડી અને સભાપતિ તથા સભાસદોના મુખથી સોનરાણી માટે ધન્યવાદ અને શેરબેગ માટે ફિટકારના શબ્દ પ્રકટ થયા. નીતિ નિપુણ અકબરશાહે સોનરાણીને પુત્રી સમાન માની તેણીનો શુભ સત્કાર કર્યો. શેરબેગને ફાંસી અપાવી, હાડાજી તથા પહાડસિંહને શાબાસી આપી, તથા ચાંપરાજને તે દિવસથી જન્મપર્યંત દિલ્હીમાં હાજર રહેવાની માફી બક્ષી, અને દંપતિને સત્કાર પૂર્વક સ્વરાજ્ય ભણી જવાની વિદાયગીરી આપી.

આ પ્રમાણે થવાથી ચાંપરાજે પોતાની પ્રિયાની વિલક્ષણતા, પ્રેમ અને સતીત્વતા જોઇ પ્રથમ કરતાં વિશેષ પ્રેમભાવ બતાવી કઠોર શબ્દ પ્રહાર માટે દિલગીરી દર્શાવી, તથા તે પછી પહાડસિંહ મિત્રનો અત્યંતાભાર માની દંપતિ આનંદસહ બુંદીકોટે સિધાવ્યાં. ધન્ય છે એવાં દંપતિને કે જેણે પોતાના ધર્મમાં પ્રાણાંત લગી દૃઢતા કાયમ રાખી !

વીરસતી ચંદ્રાવતી.

વિક્રમની સત્તરમી સદીમાં રામપુરના ભાટીરાવની કુંવરી અને ઇડરના રાવ વીરમદેવની ધર્મપત્નિ ચંદ્રાવતી વિદ્યમાન હતી અને તેણીની સતીત્વ ધર્મ સાથે વીરતાની કસોટી આ પ્રમાણે થઇ હતી કેઃ—

એક વખત દશહરાને દિવસે શમડી પૂજન કરી રાજા વીરમદેવે એક મસ્તાન પાડાનો વધ કરી પરાક્રમને સતેજ કરવાપર ઘા કર્યો; પરંતુ તે ઘાથી પાડો લોહીલત્તાણ થયા છતાં હાથમાંથી નાશી છૂટયો અને ગામ ભણી વળ્યો.

બતાવેલો પાડો દશહરાને દિવસે ગામમાં જાય તો નિષેધ છે એવું તે સમયના લોકોને વ્હેમ ઠસેલું હતું, એથી વીરમદેવ તથા અન્ય સરદારો તે પાડાની પાછળ પડ્યા અને અંતે વીરમદેવે વધ કર્યો.

એ પરાક્રમના હર્ષમાં હરખાતે હૈયે ગાજતે વાજતે વિજયપૂર્વક વીરમદેવે ઇડરમાં પ્રવેશ કર્યો અને તે પાડાવધના વિક્રમની વાત બે ચાર વાર ફૂલાઇ રાણી ચંદ્રાવતી અગાડી કહી. જેથી રાણી ચંદ્રાવતીએ ભોળે ભાવે કહ્યું કે-"નાથ! એવા પાડાને મારવામાં આપે ઘણું પરાક્રમ દર્શાવ્યું છે; પણ થળ પ્રદેશના પાડા જેવાનો વધ કરવો હોય તો જરા આપને પણ પાણી ઉતરે તેવા મસ્ત પાડા હોય છે."

આ ઉપરથી વીરમદેવને એમ લાગ્યું કે-"મારા પરાક્રમને રાણીએ ન વખાણતાં પોતાની જન્મભૂમિના પાડાની પ્રશંસા કરી મારૂં હતવીર્યપણું સૂચવ્યું; માટે તે દેશના પાડાનો વધ કરી બતાવ્યા પછીજ એણીને બોલાવવી યોગ્ય છે." એવો અર્થ લઇ વીરમદેવે કહ્યું-"ભાટિયાણીજી! જ્યારે હું તેવા પાડાનો વધ કરી બતાવીશ ત્યારેજ તમારા મહેલને પગથિયે પગ દઇશ; માટે હાલને હાલ તમો તમારે પિયર ચાલ્યાં જાઓ અને કહેવા મુજબ સમય દેખાડો."

પતિનું આવું બોલવું સાંભળી પ્રતિપ્રાણાએ આર્જવ વચન કહી તેવાં વાક્યો પર ગુસ્સો ન રાખવા વિનવ્યું; તથાપિ રાજાનું મન રોષરહિત થયું નહીં, એથી ચંદ્રાવતી તેજ ક્ષણે રથ જોડાવી પોતાના પિયર ભણી પરવરી, અને ત્યાં જઇ સદ્ધર્મ શીળ સંયુક્ત દિવસો વ્યતીત કરવા લાગી, તથા મારા સ્હેજ સાજના બોલથી પતિને થયેલા સંતાપને કેવા પ્રકારે શમન કરવો વગેરેની વિચારણામાં લીન રહેવા લાગી.

કુલીન સતી સુંદરીઓની રીતિજ છે કે પતિએ અબોલાવ્રત લીધેલું જોતાં તેઓ મહાપરિતાપ પામે છે, તેમજ સ્નેહ સંબંધનો પુનીત નિયમ પણ એજ છે કે—

"તજ છાસઠ છત્તીસકો, તેસઠ મુખ રહિયૈ;
જો ચતુરાં પ્રીતિ ચહો તો, ઇણ વાયક વહિયૈ. ૧
એક તાણે એક ઢીલ દે, તુટે ન કાચો તાર;
તાણત તાણત તૂટહી, લોહા સાંકળ સાર. ૨

ગુણ ઔગુણ સુખ દુખ ગિણ્યાં, કસર ન આવે કેમ;
રંગ એક જિણરો રહે, સોઈ પરિપક્વ પ્રેમ । ૩

મતલબ એજ કે (૬૬) છાસઠનો આંક આવો હોય છે કે એકની પાછલ એક જવા સરખો એટલે કે એક સ્નેહી રીસાઇને જાય કે બીજો તેને મનાવા તેની પાછળ જાય. તે રીસાવા મનાવા વાળી પ્રેમની રીતિને તજી દેવી, તેમજ (૩૬) છત્રીશના આંક જેવી રીતિ અર્થાત્ એક આમ મ્હોં ફેરવીને બેસે કે બીજું તેમ મ્હોં ફેરવી બેસી અબોલા લે કે બબડ્યા કરે તેવી પ્રેમપ્રણાલિકા પણ તજવા યોગ્ય છે માટે હે ચતુર મનુષ્યો! જો પ્રીતિની સુરીતિ અંગીકાર કરી સુનામના મેળવવા ચાહતા હોતો (૬૩) ત્રેસઠના આંકની પેઠે સ્હામી સ્હામે મ્હોં કરી સ્નેહ ભરી રસીલી વાતો કરી વખત વીતાવો. એમ પહેલા દોહરાનો હેતુ છે.

બીજા દોહરાનો એ મતલબ છે કે–એક મનુષ્ય એક વસ્તુને તાણવા લાગે છે કે બીજા મનુષ્યે તે વસ્તુને ન ખીચતાં તરત ઢીલી મૂકવી; તો તેમ કરવાથી તુરત તૂટનારો સૂતરનો કાચો તાંતણો પણ તૂટવા પામતો નથી. પરંતુ જો બન્ને જણ ખીંચવા માંડે તો લોઢાની સાંકળ પણ તૂટી જાય છે. માટે જે વખતે એક સ્નેહી કોઇ વાતની હઠ પકડે કે ગુસ્સો લાવી ઇતરાજી બતાવે તો તુરત બીજા સ્નેહીએ તે તરફ નરમ દોરી સાથ લક્ષ દઇ કાતનારીના તૂટી જતા તાતણાની પેઠે તુરત અનુસંધાન કરી લેવું કે જેથી સ્નેહસંધાન કાયમ રહે છે; પણ જો બેઉ તિતાલી મિજાજના મળે તો ચકમક ખરી જ્વાળા પ્રકટાવી પ્રેમને દગ્ધ કરી મૂકે છે. માટે સ્નેહ કે સગાસંબંધમાં હમેશ નરમ ગરમ રહેવું એજ ડહાપણ છે!

ત્રીજા દોહરામાં એજ મતલબ છે કે–ગુણ–અવગુણ–સુખ અને દુઃખના સમયનો અનુભવ મળે તો પણ સ્નેહ જોડ્યા પછી જરા પણ તેવા કારણોને લઇ પ્રેમમાં કસર–ન્યૂનતા ન આવવા દેતાં એક જ રંગથી પ્રીતિ નિભાવે તેજ પરિપક્વ–સાચો પ્રેમ ગણાય છે. નહી કે એક સમય એવા તો ગટપટ વાળા બની બીજા વખતે સ્હામા મળ્યે નજર ચોરે તેવા પતંગિયા રંગ જેવા બની પ્રેમને વગોવે તેવા આજ કાલના નામના ગણાતા લ્હેરી લાલ જેવા રંગી કહેવરાવી પછીથી લાલમાંથી કાળા રંગવાળા બની બેસી ખાનાખરાબીથી બેરે છે, તેવાઓને સતકોટિ ધિઃકાર–ધિટકાર–લ્યાનત છે !!! કેમકેઃ—

પ્રેમ પંથના ગ્રંથને, ભણ્યા વિના નર નાર;
પ્રેમપંથમાં પગ ધરે (તો), નક્કી ગણાય ગમાર!

કાયદાની પરીક્ષામાં પાસ થયા વિના વકીલ બેરીસ્ટર અથવા અમુક વિદ્યાકળામાં પ્રવીણ થયા વિના વિદ્યાકળા કૌશલ્યતાની પદી ધરાવે તે તદ્દન હાંસીને પાત્ર ગણાય છે. તો પછી પ્રેમપરીક્ષાની શિક્ષાનો ચાંદ મેળવ્યા વિના પ્રેમની દિક્ષા અંગીકાર કરી પ્રેમીનો ફાંકો ધરાવે તે શી રીતે શોભારૂપ મનાય ?

વીરમદેવ પ્રેમના પંથનો પ્રશંસનીય પ્રવાસી ન હતો જેથી સ્હેજ વાતમાં પ્રિયાની સાથે ખુમારી ખાઇ બેઠો હતો; પરંતુ પ્રેમપોથી પઢી પૂર્ણ પ્રવીણ બનેલી ચંદ્રાવતી સતી તે ખુમારી તરફ હલકી ખાસિયત બતાવે તેવી ન હતી. તેણી ઉંચી ખાસિયતને અનુસરી પતિના મનમાંથી ખટક નિર્મૂળ થઈ પુનઃ પૂર્વ કરતાં વિશેષ પ્રેમ ઝળકી પૂર્ણ પ્રશંસા પાત્ર થાય તેવો લાગ ખોળતી હતી.

તદનંતર એક પાડાને ખૂબ રાતબ ખવરાવી મસ્ત બનાવી દશહરા નજીક આવતાં તેણીએ પતિદેવને પત્ર લખી તે સાંઢણી સ્વાર સાથે ઇડર મોકલી વિનવ્યું કે–" થળના પાડા જોવાની ઇચ્છા હોય તો કૃપાની રાહે અત્ર પધારવા તસ્દી લેશોજી. અત્રે દશરાહ ઉપર તેવા પાડાની ગમ્મત કરવામાં આવે છે, જેથી આપશ્રીનું ધારવું પૂર્ણ થતાં દાસી તરફ દયાદ્દષ્ટિ થવાનો સમય પ્રાપ્ત થાય." વગેરે વગેરે વિદિત કર્યું. અને તે પત્ર સાંઢણી સ્વાર મારફત વીરમદેવજીને પહોંચતાંજ તેમણે રામપુર જવાની તરત તૈયારી કરી.

જ્યારે ઇડરથી રવાના થઈ પંથ પસાર કરતાં રામપુર ત્રીશ માઇલને છેટે રહ્યું ત્યારે પોતાના આવ્યાની ખબર આપવા એક સ્વારને રામપુર મોકલ્યો, જેથી બાદીરાવ ઇડરના રાવજીની સરભરા કરવા વગેરેનો યોગ્ય બંદોબસ્ત કરવા લાગ્યો.

થોડા વખત અગાઉ રામપુરનો દશોંદી ચારણ કોઇ કાર્ય પ્રસંગે ઇડર ગયો હશે, તે વખતે રાવ વીરમદેવ તરફથી તેનું સન્માન નહી સચવાયું હશે તેથી તે મનમાં અંટસ રાખી વીરમદેવનું લાગ મળ્યે પૂરેપૂરૂં અપમાન કરવાની તક ખોળતો હતો. દરમ્યાન વીરમદેવના આવવા સંબંધી સમાચાર તેના જાણવામાં આવતાં તેણે રાવના આવવાના સાંકડા માર્ગમાં રામપુરની લગભગ તે મસ્તાની

પાડાને અને એક ભયંકર સિંહને (એક પછી એકને) વીરમદેવજી સ્હામે તે પાડા અને વાઘના પાળકને ઉંધાચત્તા હુકમ સંભળાવી છૂટા મૂકાવી દીધા.

રાણી ચંદ્રાવતી પત્રોત્તર મળવાથીમુદ્દત પહોંચતાં પતિ વીરમદેવજીના પધારવાની માર્ગપ્રતિક્ષા જોતી મહેલના ઝરોખામાં બેઠી હતી તેવામાં દૂરથી ઘોડો દોડાવતા પોતાના નાથને આવતા દીઠા અને નાથની સ્હામે નેળીઆમાં મસ્તાન પાડો ને પછી ત્રાપ મારતો જતો સિંહ પણ ધસતો તેણીની જોવામાં આવ્યો. એ જોઇ પ્રતિવ્રતા વીરપતિન એકદમ આવેશપૂર્ણ તરવાર બરછી ધારણ કરી તુરત મહેલ નીચે ઉતરી દોડાવતે ઘોડે નાથની વ્હાર કરવા સ્હામે ગઇ.

વીરમદેવજીએ પાડાને આવતો જોઇ પોતાના મનમાં ધાર્યું કે "મારૂં પુરૂષાર્થ જોવા આને છૂટો મૂકયો હશે, ખેર ગમે તેમ હોય; પણ એને ઠાર મારી મારા જાનને બચાવું." એમ ધારી તેજક્ષણે તાતીતેગથી એકજ ઘાએ મસ્તાની પાડાને પૂરો કરી નાખ્યો. એટલામાં તો વિફરેલા સિંહને સ્હામે આવતો જોયો; પરંતુ તેને પોતાની નજીક આવતાં પહેલાં તો વીરબાળા ચંદ્રાવતીએ આવી પહોંચી સિંહને ભાલા વતે વીંધી ઠાર કર્યો. એ જોઈ વીરમદેવજી તેણીને ભેટી અત્યાનંદ પામ્યા. પણ પોતાની ઉપર પોતાના સાળાએ આવું પ્રાણ સંકટ નાખ્યાની શંકાને લીધે તેમને ઘણો ગુસ્સો ચડતાં પાછા ફરી બે માઇલ ઉપરના એક ગામમાં વિશ્રામ લીધો.

જ્યારે રામપુરના રાવને વીરમદેવજીના પાછા ફરવાના સમાચાર મળ્યા ત્યારે તે રાવજીને ભેટવા માટે તે ગામ આવ્યો અને પાછા ફરવાનું કારણ પૂછતાં વીરમદેવજીએ આવેલી શંકા જણાવી જેથી રાવે તેથી તદન અજાણપણું બતાવી દિલ દુભાયા બાબતની ક્ષમા માંગી એટલે વીરમદેવજી રામપુર ગયા, અને તે પછી રાવે પાડા અને સિંહને છૂટા મૂકયાની તપાસ કરાવી તો તે દશોંદી ગઢવીનું કૃત્ય જાહેર થયું. એ જાણી તેને ઘણોજ ઓળંભો આપ્યો. અને યાચક હોવાથી યોગ્ય નસીહતે પહોંચાડયો. રંગે ચંગે રાવજી ત્યાં એક માસ રહ્યા બાદ પોતાની પ્રાણપ્રિયાને લઇ બુંદીના રાજાને નમાવી પાછા ઇડર ગયા અને નિર્મલ પ્રેમ સહ દંપતિ આનંદપૂર્વક કાળક્રમણ કરવા લાગ્યા.

થોડા વખત પછી વીરમદેવજી ગંગાજીની યાત્રા કરવા ગયા

હતા, ત્યાંથી પાછા વળતાં જયપુરમાં પરણાવેલી પોતાની ઓરમાઇ બહેનના આગ્રહથી કાંઇક સમય ઘણી સાવચેતીથી રહ્યા; કેમકે તેણીના ભાઇને વીરમદેવજીએ મારી નાખ્યો હતો તેનો વખતે બદલો વાળે તેવો તેમને ભય હતો તેના લીધે તુરત ઇડર જવાની રજા મેળવી; પરંતુ જતી વખત એક પોશાક તેણીએ ભાઇને આપ્યો હતો. તે પોશાક જ્યારે ઇડરવાડાની સરહદમાં ભીલોડા ગામે આવી પહોંચ્યા ત્યારે નિર્ભયપણે પહેર્યો કે તરત તે ઝેરીપોશાકથી પોતાના શરીરમાં ઝેર વ્યાપતાં ભીલોડાના દરવાજા અગાડીજ વીરમદેવજીનું મરણ નિપજ્યું, તથા તે દરવાજા આગળની ટેકરી ઉપર તેમને તેમના માણસોએ અગ્નિસંસ્કાર કર્યો. તે માઠા સમાચાર ઇડરમાં રાણી ચંદ્રાવતીજી તથા બીજી રાણીઓને મળતાં તે તેમની પછવાડે સતી થઇ પોતાના લગ્નસંબંધના પ્રેમનિયમને પ્રશંસા પાત્ર કર્યો. પ્રિય પાઠક વર્ગ !

> બોલ્યા પાળે બોલ તેજ જન તારીફ લાયક,
> બોલ્યા પાળે બોલ તેજ જન શુભ સુખદાયક;
> બોલ્યા પાળે બોલ તેજ જન પૂર્ણ પ્રતાપી,
> બોલ્યા પાળે બોલ તેજ જન સત્ય મિલાપી;
> નિત બોલી વચન જે પાળશે તે જગવિદિત થશે સદા,
> નિત બોલી વચન નહિ પાળશે તે નિંદાશે સર્વદા !

ધર્મવીર સતી સોમકુંવરબા.

આ પુનીતા સતીનો જન્મ શકપ્રવર્તક વીરવિક્રમાદિત્યની સત્તરમી શતાબ્દીમાં ઇડરના રાવળ નારણદાસના કુંવર ઇશ્વરદાસના મહેલમાં થયો હતો, અને તેણીનાં લગ્ન વઢવાણની રાજ્યસ્થાપના કરનાર મકવાણા-ઝાલા રાજોજીની સાથે થયાં હતાં. તથા સતીત્વની ગરીમામાં તેણીની બિના આ પ્રમાણે છે કે;—

જ્યારે ઇડરના રાવ વીરમદેવજી ઓરમાનભાઇ રાયસિંહ અને પોશિનાના ઠાકોરને મારી નાખ્યાના પ્રાયશ્ચિત નિવારણાર્થ દ્વારકાજી ગયા હતા ત્યાંથી પાછા વળતાં રાણિયો સહિત હળવદ આવ્યા ત્યારે હળવદના રાજસાહેબ અમરસિંહજીએ તેમનો સત્કાર કર્યો.

તથા રાજસાહેબ સહિત સતીની છત્રિયો જોતા વીરમદેવજી હવા ખાતા હતા તે વખતે હળવદપતિને ઇડરના રાવે પુછ્યું કે-" આ સતીની છત્રિયો બધી રાજ-રાણીઓની છે ?" રાજસાહેબે જવાબ આપ્યો." એ તો મોચીની બીઓ સતી થઇ છે તેમની છત્રિયો છે." રાવે ફરીને પૂછ્યું-" ત્યારે રાજવાડાની સતીઓની છત્રિયો ક્યાં છે ?" રાજસાહેબે કહ્યું-" મારા કુટુંબમાં એકે પણ સતી થઇજ નથી તો પછી છત્રિ ક્યાંથી હોય ?" રાવે કહ્યું-" એ દોષ બંધાવેલા રાજ્યમહેલની જમીનનો જ હશે; માટે જ્યાં મોચીઓના ઘર છે તે સતીત્વના રજકણો ભરિત ભૂમિમાં રાજ્યમહલ બંધાવો." રાજસાહેબે કહ્યું-" તેમ પણ કહી જોવું તોપણ કોઇ સતી થઇ નહીં." રાવે કહ્યું " ત્યારે આપના વંશમાં કોઇ ખરી રજપૂતાણી વેરે પરણેલ જ નહીં હશે, માટે મારીબહેનને આપના વંશમાંપરણાવીશ."

આ પ્રમાણે વાતચિત થયા પછી તેમના વંશમાં હાલ કોણ યોગ્ય કુંવર છે તેનો તપાસ કર્યો અને પૃથિરાજના કુંવર રાજોજીને હુશીઆર જાણી તેમને સોમકુંવરબાના વિવાહ સંબંધી શ્રીફળ આપ્યું.

જ્યારે વિવાહ દિવસ નિરધારવામાં આવ્યો ત્યારે રાજોજી ઇડર પરણવા ગયા અને રંગે ચંગે પરણી સતી સુંદરી સોમકુંવરબા સહવર્તમાન બદલી જઇ રહ્યા. તે પછી પોતાના પિતાના હિસ્સામાં વઢવાણ મળેલું હતું તેમાં તેણે આસપાસનો પ્રદેશ જીતી સંવત ૧૫૮૫ માં પોતાની રાજ્યગાદી સ્થાપી, અને સારા પુરૂષાર્થ યુક્ત ૧૩ વર્ષ રાજ્ય કરી તે ૧૫૯૯ માં દેવલોક પામ્યા એથી સતી સોમકુંવરબા તેમની સ્થૂળ દેહને ખોળામાં રાખી ભસ્મીભૂત થઇ સતી પદની ભાગિયણ થઈ.

સોમકુંવરબા સ્વભાવે શાંત, પતિભક્તિ પરાયણ અને મહાન્ પ્રમાણિક હતી અને દરેક કાર્યમાં પતિને મદદ આપી આનંદમાં રાખનારી હતી. એ સતીનો પાળિયો શ્રી રાઠોડ માતાના નામથી તથા તેમના લેખથી ઓળખાતો હજુલગણ પણ વિદ્યમાન છે. અને તેણીની મૂર્તિ પણ દુખિયારી રાણકદેવડીના દહેરા પાસેના દેરાની અંદર કાયમ છે, જેને વારપર્વના રોજ રાણીના સરખો પોશાક અલંકાર વગેરે પહેરાવી તેણીના વંશવાળા પૂજન કરે છે, એ સઘળો મહીમા તેણીના પુનીત સતીત્વનોજ છે. એજ માટે કહેવામાં આવ્યું છે કે—

જે કુળમાં જન્મે સતી, તે કુળ ધન્ય મનાય;
જેમાં પ્રકટે નહિ સતી, ધિક ધિક તેજ ગણાય !

ધર્મવીર સતી દેવમતી.

મજકુર સતી વિક્રમના સત્તરમા સૈકામાં વિંધ્યાચલ પરના અસાવગઢમાં સૂર્યવંશી શિશોદિયા રાણા લીમજીને ત્યાં જન્મી હતી, અને તેણીનાં લગ્ન અલીમોહનના હાકેમ રાજા રાયસિંહજી વેરે થયાં હતાં. તથા તેણીની શીળકસોટી આ પ્રમાણે થઈ હતી,—

સતી દેવમતી પોતાના રૂપ ગુણ અને ઉદાર ચરિત્રથી પતિને એહદ પ્યારી થઈ જીવનધનરૂપ નીવડી હતી, જેથી તેણીનો પતિ તેણીને પળવાર પણ જુદી થવા દેતો ન હતો. તેમજ દેવમતિના પિતાને પણ એ એકની એક કુંવરી હોવાથી તેણીને તે વારંવાર પિયર બોલાવા ઇંતેજારી ધરાવતો હતો અને ઘણી વખત તેડાં મોકલ્યાં છતાં તેણીને તેણીના પતિએ રજા આપી ન હતી તેથી તેણીએ પિયર ભણી ઓશીકું પણ કર્યું ન હતું.

આમ હોવાને લીધે લીમજીરાણે પોતાના પુત્રોને કહ્યું કે—"ગમે તેમ થાય; પણ દેવમતિને એકવાર અહીં લઇ આવો." આ વિચારણામાં પોતાના પાંચ પુત્ર પૈકી ભાઉસિંહ શામિલ થયો અને એ કામ પાર પાડવાનું તેણે બીડું ઝીલ્યું. તેમજ તુરત તે મોટા લશ્કર સહિત અલીમોહન જઇ પહોંચી રાયસિંહજીને પોતાની વિચારણા દર્શાવી. એટલે પ્રથમ તો રાયસિંહજીએ શ્રીમતી રાણી દેવમતિને મોકલવાની ના પાડી, પણ પછીથી અત્યાગ્રહ જોયો એટલે એક દાસીને રાણીનો પોશાક પહેરાવી ભાઉસિંહ પાસે મોકલી. આથી ભાઉસિંહે પોતાની કરેલી મશ્કરી ધ્યાનમાં લઇ જુદીજ ખટપટ આદરી. અને ખાનગી રીતે દેવમતિની પાસે દાસી મોકલી કહાવ્યું કે—

તમે પોતાના છત્રના કથનમાં પ્રવર્ત્તો છો એથી ઉભયકુળ ઉજાસનાર જાણી અમો ઘણાજ આનંદિત થઇયે છિયે અને પતિની આજ્ઞાને શિરોધાર્ય કરવી એ સુકુલીન સ્ત્રીઓનું સદ્વર્ત્તન છે; પરંતુ મારે તાકીદે ઘેર જવાની જરૂર છે માટે ફક્ત બે કલાકની ફુરસદ સાથે મળવા આવવા જરૂર આવી વાતચીતનો આનંદ આપશો જ. જ્યારે મારા અહીં આવ્યા છતાં પણ ચાર આંખ્યોનો મેળો કે વાતચીતનો ઓરિયો ન વીતે ત્યારે આપણ ભાઇ બહેનના ગાઢ સંબંધમાં કેવું કહેવાય તેનો જરા ખ્યાલ કરી અવસ્ય આવશો જ."

દેવમતિએ જ્યારે આ પ્રમાણે બાઇની વિચારણા જાણી ત્યારે તેણીએ ભાઇને મળવા જવાનું વિચારી મુકરર વખત તે દાસી મારફત જણાવી ભાઇને શાંતિ આપી અને સમય સ્વાધીન થતાં ભાઇને મળવા આતુર રહેલી સતી દેવમતી ભોળે ભાવે ભાઇના મુકામે જઇ પહોંચી.

ભાઉસિંહ તો બહેનને અવાસગઢ જ લઇ જવાની ખટપટમાં હતો જેથી બહેન જેવી આવી તેવીજ તેણીને કંઇ પણ વાતચીત

ન કરતાં તાબડતોબ સાથે લઇ ચાલતો થયો. બહેને તેમ ન કરવા બહુ વાનાં કર્યાં છતાં ભાઇયે માન્યું નહીં અને "ઘણી જીદ કરીશ તો તને પણ ઠાર મારીશ; કેમકે તારા પતિયે મારૂં સખ્ત અપમાન કર્યું છે, માટે એકવાર તો એને પાણી ઉતરાવીશ." આવો જવાબ મળતાં સતી દેવમતી પતિને કહ્યા વિના આવા તે સંબંધી પૂર્ણ પશ્ચાતાપ પામી વિયોગથી વિહ્વલતાને પાત્ર થઇ; પરંતુ પરવશ થયા પછી ઉપાય શો અને તે પણ રસ્તામાં શું કરવું ?

જ્યારે રાયસિંહજીને ભાઉસિંહના પ્રપંચની જાણ પડી ત્યારે પત્નિનો તો તેમ ન કરવા પૂર્ણ ભરોંસો હતો જેથી તેણીના પર જરા પણ ગુસ્સો આવ્યો નહી; પરંતુ સાળા પર અત્યંત ગુસ્સો આવ્યો જેના લીધે સેના તૈયાર કરાવી તેણે તેની પુંઠ પકડી, અને તેની જાણ ભાઉસિંહને થઇ એટલે પાકા બંદોબસ્ત સાથ બહેનને અવાસગઢ પહોચતી કરાવી પોતે બહનેવીની સામે લડવા તૈયાર થઇ રહ્યો; અને ભેટ થતાં તરવારની તાળીઓ પડી તેમાં સોમચંદ ને રાયચંદ સરદારો ઘાયલ થયા; પણ તે લડાઇમાં ભાઉસિંહની જીત થઇ રાયસિંહે રણમાંથી પીઠ બતાવી પોબારા ગણ્યા. ભાઉસિંહ ક્ષેમપૂર્વક અવાસગઢ જઇ પહોંચ્યો.

આમ રકઝકને લીધે મામલો ખરાબ થઇ ગયો હોવાથી દેવમતીએ સાસરે જવાની વારંવાર રજા માગી; પરંતુ લીમજીરાણે પોતાની હયાતી લગી તેણીને સાસરે ન જવા દેવાની વિચારણા જાહેર કરી જેના પરિણામમાં દેવમતીએ પોતાનું મ્હોં જોવું તથા પિયરનું સગપણ માંડી વાળવાનું ધારી પિતાને દંપતિના પડાવેલા વિયોગની સજા માટે તેને ધર્મદ્વારમાં મોકલાવ્યાનો બંદોબસ્ત કર્યો, તથા પરસ્પર લડાલડી થવાથી આખા કુટુંબમાં સળો દાખલ થવાનો વખત આવતાં રાણાને પદભ્રષ્ટ થવું પડ્યું અને આખર વિષપ્રયોગને શરણ થઇ મરણને વ્હોરવું પડયું.

આમ થતાં દેવમતી પતિની હજૂર જઇ પહોંચી તેણીએ બનેલી બિના રોશન કરી, જેથી સસરાદિને ગુન્હાની આપેલી પૂરી સજાથી તથા કુટુંબ ક્લેશથી ઘર કરી બેઠેલી ખાનાખરાબી વગેરે જાણી પોતાના પરાજયનો યોગ્ય દંડ મળ્યો માની રાયસિંહ આનંદ પામ્યો.

વાંચનાર ! પતિના પ્રેમ અને પતિવ્રત પરાયણતાની રીતિભંગના લીધે સતી દેવમતીએ પિતા વગેરેનો પણ સંગ છોડી માયા તોડી પ્રિયતમ સાથેજ લગની જોડી એજ તેણીની ઉત્તમ કસોટી છે. માતાપિતા ભાઇ પ્રિયતમથી વિયોગ પડાવી પતિવિમુખ કરાવા ઉદ્યમ આદરે તો તે સ્હામે પતિવ્રતાએ યોગ્ય ઉપાયો ઉપયોગમાં લેઇ પતિભક્તિ પરાયણ થવુંજ યોગ્ય છે.

પ્રથમ ભાગ સમાપ્ત.